॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ભક્ત ચરિતમ્

ભાગ-૧



-: પ્રકાશક :-

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ

ભક્ત ચરિતમ્

ભક્ત ચરિતમ્

ભાગ-૧

-: લેખક :-

સાધુ યજ્ઞવલ્લભદાસ

-: પ્રકાશક :-

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
(SGVP), અમદાવાદ

ભક્ત ચરિતમ્ ભાગ-૧

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
(SGVP), અમદાવાદ

આવૃત્તિ : પ્રથમ (૨૫ ડિસેમ્બર, ૨૦૧૫, સર્વજીવહિતાવહ ૧૧૧૧ કુંડી
મહાવિષ્ણુયાગ)

કિંમત : રૂા. ૮૦/-

પ્રાપ્તિસ્થાન : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ડ્રાઈવઈન રોડ,
મેમનગર, અમદાવાદ-પ૨
ફોન : (૦૭૯) ૨૭૯૧ ૨૫૯૧, મો. ૯૮૨૫૨ ૧૦૦૯૬

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્, (SGVP), અમદાવાદ
ફોન : (૦૨૭૧૭) ૨૪૨ ૧૪૧, મો. ૯૮૨૫૨ ૧૦૦૩૮

E-Mail : gurukul@sgvp.org
www. swaminarayangurukul.org

મુદ્રક : હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા.લી., અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૪૨ ૧૦૦૮, મો.૯૮૨૫૮ ૫૦૫૫૯

સૌજન્ય :
પિતાશ્રી વલ્લભભાઈ ખોડાભાઈ ગજેરા
માતુશ્રી પાર્વતીબેન વલ્લભભાઈ ગજેરાની પ્રેરણાથી
હસ્તે. સુપુત્ર વિપુલભાઈ ગજેરા વગેરે સમસ્ત પરિવાર, અંકલેશ્વર

પ્રકાશકીય

માણસનું જીવન જ્ઞાન અને શીલથી શોભે છે, સત્તા અને સંપત્તિથી નહીં.

ચારિત્ર્ય ગુમાવનાર માણસ જીવનમાં બધું ખોઇ બેસે છે. ચરિત્ર વગરનું જ્ઞાન સૌરભ વગરના પૂષ્પ જેવું હોય છે. ભારતમાં ચતુરોની નહીં ચારિત્ર્યવાન માણસોની પાલખીઓ ઉપડી છે.

જીવનનો ગુણવૈભવ માણસને ગૌરવ બક્ષે છે. 'જીવનથી જીવન ઘડાય છે' એ ન્યાયે આપબળે ઊંચા સ્થાને પહોંચેલી વ્યકિતના ગુણોને આત્મસાત કરી જીવનવૈભવ મેળવવો જોઇએ.

સાધના માર્ગે ચાલી રહેલા મુમુક્ષુઓના જીવનશણગાર માટે સૌથી પ્રબળ સહયોગી સાધન હોય તો તે છે, ભગવાનને પામી ગયેલા ભક્તોનું જીવન.

ભારતવર્ષનો ઈતિહાસ સિદ્ધો, જોગીઓ, જતિઓ, સંતો અને સતીઓની જીવનગાથાઓથી ભરપૂર છે. એમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસો અને એમના એકાંતિક ભક્તોના જીવનચરિત્રો આગવી ભાત પાડે છે.

સામાન્ય રીતે મોક્ષનો માર્ગ અતિ કઠણ ગણાય છે. ઉપનિષદોએ આ માર્ગને 'તલવારની ધાર ઉપર ચાલવા જેવો માર્ગ' કહ્યો છે, પરંતુ નવાઈની વાત એ છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસો અને એમના એકાંતિક ભક્તો પાસે આત્યંતિક કલ્યાણના ટૂંકા માર્ગની રહસ્યમય ચાવીઓ હતી, જેને પરિણામે સાધારણમાં સાધારણ જીવ પણ આત્યાંતિક કલ્યાણને અર્થાત્ અક્ષરધામને સરળતાથી પામી જતાં હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ભક્તખજાનામાં અનેક ગૃહસ્થ ભક્તો હતા કે જેમણે પોતાનું તમ-મન-ધન પોતાના ઈષ્ટદેવને અર્પણ કરી વિદેહી જનક જેવી સ્થિતિ પ્રાપ્ત કરી હતી.

એવા કેટલાંક ભક્તોના જીવનપ્રસંગો 'ભક્ત ચરિતમ્ ભાગ-૧' માં લખાયા છે.

આ જીવનચરિત્રો મુમુક્ષુઓને સાધનામાર્ગમાં ઉપયોગી થશે.

- સ્વામી માધવપ્રિયદાસ

પ્રસ્તાવના

આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ પુરુષોત્તમ પ્રગટી રે...
અમૃતના સિંધુ ઉલટ્યા રે, રંગડાની વાળી છે રેલ, પુરુષોત્તમ પ્રગટી રે...

વિરાટ નારાયણે એક પગે ઉભા રહી દ્વિપરાર્ધકાળ સુધી પુરુષોત્તમ નારાયણને આ બ્રહ્માંડમાં પધારવા પ્રાર્થના કરી, ત્યારે એ અક્ષરધામના અધિપતિ આ બ્રહ્માંડમાં પધાર્યા.

ઓરડામાં રહેલું અનંતકાળનું અંધારું એક દીવાની જ્યોત માત્રથી દૂર થાય છે, એમ પુરુષોત્તમ નારાયણના પ્રાગટ્ય માત્રથી ભારતવર્ષમાં વ્યાપેલા ઘોર કળીકાળનું જોર ઘટવા લાગ્યું. દૈવી અને મુમુક્ષુ જીવોના હૃદયમાંથી કાળ, કર્મ અને માયાનું જોર ઘટવા લાગ્યું. આસુરી અને અહંકારી જીવોના હૃદયમાં પડેલા આસુરી તત્ત્વો બળવા લાગ્યા.

પુરુષોત્તમ નારાયણના દર્શન તો ઠીક પણ તેમના સ્વરુપનો વિચાર માત્ર દુર્લભ હતો એ પુરુષોત્તમ નારાયણ દૈવી-આસુરી સહુ કોઈ જીવોની આગળ પ્રત્યક્ષ થયા. જીવોને જન્મ-મરણના ભયંકર ચક્રવાતમાંથી મુક્તિ અપાવી, પંચ વિષયના રાગને નિર્મૂળ કર્યા. છતે દેહે પોતાના અક્ષરધામના અનંત અને અપાર સુખના ભોક્તા બનાવ્યા. જે મુક્તિને પામવા યોગીઓ હજારો અને લાખો વર્ષ સાધના કરે ત્યારે મળે તો મળે ! એ મુક્તિને પુરુષોત્તમ નારાયણે સરળ, સુગમ અને સહજ રીતે આ લોકના જીવોને પ્રાપ્ય બનાવી.

અનંત બ્રહ્માંડોના અધિપતિ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વી ઉપર પધાર્યા ત્યારે એમની સાથે અનેક મુક્તો પણ પધાર્યા. રાજાધિરાજની સેવામાં જોડાવા એ મુક્તોમાંથી કોઈ સાધુ થયા તો કોઈ ગૃહસ્થ થયા. કોઈ વૃક્ષ-વેલી થયા તો કોઈ પશુ થયા. જેવો પ્રતાપ એ પુરુષોત્તમ નારાયણનો હતો, તેવો જ એ મુક્તોમાં પણ હતો, છતાં આ પૃથ્વીવાસીઓની પેઠે સામાન્ય થઈને રહ્યા.

એ મુક્તોમાં તપ, ત્યાગ, સેવા, ધગશ, શ્રદ્ધા, ભક્તિ, મુમુક્ષુતા, ખપ જેવા અનંત કલ્યાણકારી ગુણો હતા. તેઓમાં પોતાના ઈષ્ટદેવ પ્રત્યેની નિષ્ઠા, આત્મબુદ્ધિ, નિર્દોષબુદ્ધિ, આજ્ઞા પાલનની તત્પરતા વગેરે ગુણો અજોડ હતા. તેઓએ પોતાનું તન, મન અને ધન પોતાના સ્વામીને અર્થે ન્યોછાવર કરી દીધુ હતું. માટે જ ભગવાન શ્રી સ્વામિનારાયણ એ ભક્તોને વશ વર્તતા, તેમને આધીન થઈ રહેતા અને તેમના સંકલ્પો સિદ્ધ કરતા.

ભક્ત થવું ઘણું સરળ છે, પણ ભક્તપણું નિભાવવું ઘણું કઠણ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના એ ભક્તોની જે કસોટી કરી, તે કસોટીમાંથી તેઓ અત્યંત ધીર-ગંભર બની પાર ઉતર્યા હતા. મોટા મોટા રાજ્યના રાજાઓ હતા, છતાં સંપત્તિમાં લોભાયા કે છલકાયા નહોતા. વિષયોની મધ્યે રહેવા છતાં એમને વિષયો સ્પર્શ્યા નહોતા. મોટા મોટા યોગીઓને પણ દુર્લભ એવી સામર્થી હોવા છતાં ભૂલ્યે પણ એને ક્યારેય પ્રગટ કરી નહોતી. અનેક લોભામણા વાતાવરણમાં કેવળ પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો જ એક માત્ર આશરો કરી, એમની રુચિમાં પોતાનું જીવન ખપાવી ગયા. આમ એ ભક્તોએ પોતાનું ભક્તપણું સિદ્ધ કરી બતાવ્યું હતું.

એ ભક્તો તો શ્રીહરિની મરજીમાં એમનું જીવન જીવી ગયા, પરંતુ આપણું શું ? આપણું જીવન કેવું છે ? આપણે શું કરીએ છીએ ? આપણે શું કરવું જોઈએ ? આપણે કેવા છીએ ? આપણે કેવા હોવા જોઈએ ? વગેરે પ્રશ્નોના ઉત્તર તો જ આપણને મળે જો આપણે એ ભક્તોના જીવનને જાણીએ, માણીએ અને અનુભવીએ. જીવનમાં ડગલે અને પગલે એ ભક્તોના જીવનને વાગોળતા રહીએ અને સિંહાવલોકન કરતા રહીએ. તો આપણને જાણ થાય કે ક્યાં આપણે અને ક્યાં એ !

જીવન પરિવર્તન, ધ્યેયશુદ્ધિ કે જીવનશુદ્ધિ માટે પુરુષોત્તમ નારાયણના એ ભક્તોના જીવન આપણા માટે ખરેખર દીવાદાંડી સમાન બની રહે. એ ભક્તચરિત્રોને આપણે કેવળ કથા કે ઈતિહાસ ન સમજીએ. ખરી રીતે તો ભક્તચરિત્રો આપણાં જીવનમાં અંધકારને દૂર કરી અજવાળા પાથરનારા ખરા પથદર્શક છે, માયાથી આવરીત દ્રષ્ટિને દિવ્યતા બક્ષનાર છે, જન્મ-મરણના રોગને મૂળમાંથી છેદનાર છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

ભક્ત થાવું ભગવાનના, છે જો કઠણ કામ,
સુખ સર્વે સંસારનાં, કરવા જોઇએ હરામ...

ખરા ભક્ત થવું કઠણ કામ છે, પરંતુ જેઓ ખરી રીતે એવું જીવન જીવી ભગવાનને પામી ગયા છે, એવા ભક્તોના જીવનને આપણી દ્રષ્ટિ સામે રાખીએ અને એ પ્રમાણે અનુસરીએ તો એ જે માર્ગે ગયા છે એ માર્ગ આપણને પણ પ્રાપ્ત થાય.

અહીં 'ભક્તચરિતમ્' પુસ્તક દ્વારા એવા જ શ્રીજીના પ્યારા અને શ્રીજી જેમના પ્રાણ હતા એવા ભક્તોનું જીવન આલેખવા પ્રયત્ન કર્યો છે. એ ભક્તોના જીવનને લખવું એ આપણા સામર્થ્યની વાત નથી, છતાં નાનકડો પ્રયાસ કર્યો છે. લખવું તો અઘરું હતું, પણ પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની સતત પ્રેરણા અને માર્ગદર્શનને લીધે આ ભક્ત ચરિતમ્ ભાગ-૧ તૈયાર થયો છે. આશા છે કે આ ભક્તોના જીવનચરિત્રો મુમુક્ષુઓને જરૂર સાધનાપંથે પ્રેરણાદાયી થશે.

આ ભક્ત ચરિત્રો સંપ્રદાયના મૂળ ગ્રંથો જેવા કે આદર્શ ભક્તગાથા, શ્રીહરિચરિત્રચિંતામણિ, ભક્તચિંતામણિ, હરિલીલામૃત, તદ્રુપાનંદસ્વામીની વાતો, અક્ષરાનંદ સ્વામીની વાતો જેવા ગ્રંથોમાંથી સંકલિત કરી અહીં સરળ ભાષામાં રજૂ કર્યા છે.

આ ચરિત્રોના સંકલન તથા લેખનમાં ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને શાસ્ત્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર શ્રી જેરામભાઈ દુધાત્રાએ ખૂબ જ સહયોગ આપ્યો છે. એમનો હૃદયથી આભાર માનું છું.

પ.ભ. શ્રીરમણીકભાઈ રૂપારેલીયા તથા પ.ભ. જનકભાઈ ઠક્કરે પ્રુફરીડીંગની સેવા ભારે શ્રદ્ધા અને ખંતથી કરી છે. આ ઉપરાંત આ લેખનમાં સંતો-ભક્તો તથા વિદ્યાર્થીઓનો સહયોગ મળ્યો છે, એ તમામનો હું આભાર પ્રગટ કરું છું.

આ ચરિત્રો વાંચી, વિચારી એ પ્રમાણે જીવન જીવવાની સતત પ્રેરણા મળતી રહે એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના સાથે... જય શ્રી સ્વામિનારાયણ

- સાધુ યજ્ઞવલ્લભદાસ

૦૧. ભક્તરાજ દાદા ખાચર	૧૧
૦૨. પર્વતભાઈ (અગતરાઈ)	૭૭
૦૩. મયારામ ભટ્ટ (માણાવદર)	૧૦૧
૦૪. ગોવર્ધનભાઈ (માંગરોળ)	૧૨૪
૦૫. આણંદજી સંઘેડિયા (માંગરોળ)	૧૩૯
૦૬. સુરાખાચર (લોયા)	૧૫૦
૦૭. માંચાખાચર (કારિયાણી)	૧૮૯
૦૮. અલૈયાખાચર (ઝીંઝાવદર)	૨૦૪
૦૯. સોમલા ખાચર (બોટાદ)	૨૪૧
૧૦. જીવા ખાચર (સાળંગપુર)	૨૬૩
૧૧. દરબાર શ્રી ઝીણાભાઈ (પંચાળા)	૨૮૨
૧૨. હેમરાજ શાહ (સુંદરિયાણા)	૩૦૭
૧૩. આંબા શેઠ (ગઢાળી)	૩૨૩

અનુક્રમણિકા

૧૪. ભાલચંદ્ર શેઠ (સુરત)	૩૪૭
૧૫. ગણેશ શેઠ (ઊના)	૩૬૧
૧૬. વેરાભાઈ (ઉપલેટા)	૩૭૩
૧૭. નાજા જોગિયા	૩૮૭
૧૮. પૂંજા ડોડિયા (પાણવી)	૪૦૮
૧૯. નાથભક્ત (વડોદરા)	૪૧૬
૨૦. શેઠ શ્રી ભગાદોશી (બોટાદ)	૪૩૬
૨૧. મૂળજી શેઠ (મેમકા)	૪૫૨
૨૨. દામોદરભક્ત (અમદાવાદ)	૪૭૧
૨૩. વિષ્ણુદાસ (ડભાણ)	૪૮૩
૨૪. કાશીદાસ (બોચાસણ)	૪૯૩
૨૫. જીવા જોશી (જેતપુર)	૫૦૪

અનુક્રમણિકા

૧ ભક્તરાજ દાદા ખાચર

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ ભૂમંડળ પરના પ્રાગટ્યનો હેતુ અનેક જીવોનું કલ્યાણ કરવાનો હતો. યુગોથી સાધના કરતા યોગભ્રષ્ટ આત્માઓને ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની સાથે દેશદેશાંતરમાં દેહ ધરાવ્યા હતા. છપૈયાથી ગઢપુર સુધીની સેંકડો માઈલની યાત્રા દરમિયાન લોહચુંબકમાં લોઢું ખેંચાય એમ અનંત જીવો ભગવાન શ્રી સ્વામિનારાયણ તરફ ખેંચાયા હતા અને એમને પાર ઊતાર્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ભારતવર્ષની યાત્રા બાદ ગુજરાતની ધરતીને ત્રીસ વર્ષ સુધી પાવન કરી. આ ત્રીસ વર્ષ દરમિયાન મહાગુજરાતના કચ્છ, કાઠિયાવાડ, સોરઠ, પાંચાળ, નાઘેર, ઝાલાવાડ, ચરોતર વગેરે પ્રદેશોના ગામોમાં શ્રીહરિએ વિચરણ કરી અનેક જીવોનાં મનોરથો સફળ કર્યાં અને અક્ષરધામના અધિકારી બનાવ્યા. એમાં પણ કાઠિયાવાડની ભૂમિને ભગવાન શ્રી સ્વામિનારાયણે વિશેષ ફળદ્રુપ બનાવી.

સૌરાષ્ટ્ર પ્રદેશમાં કાઠી દરબારોનું વર્ચસ્વ. કાઠી પ્રજા ભારે શૂરવીર. કાઠી દરબારોના વર્ચસ્વને લીધે સૌરાષ્ટ્રનું નામ જ કાઠિયાવાડ થઈ ગયું. કાઠિયાવાડને ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનું નિવાસસ્થાન બનાવ્યું અને એ પણ કાઠીઓના ઘરને જ.

કાઠીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિતો બન્યા. એમના હાથમાં રહેતી તલવારનું સ્થાન માળાઓએ લીધું, હોકાનું સ્થાન પૂજા-પાઠે લીધું. મુખમાં નામસ્મરણ અને સંતસમાગમ કાઠીઓના આભુષણ બન્યા. એ કાઠીઓ ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણની જાદુગરી મૂર્તિની એવી અનોખી જાદુઈ અસર થઈ, કે તેઓ પ્રાતઃસ્મરણીય બની ગયા. શાસ્ત્રોમાં ક્યારેય ન સાંભળ્યા હોય એવા એકાંતિક ભક્તોની ખેતી કાઠિયાવાડમાં થઈ.

કાઠિયાવાડમાં પધરામણી

ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધૂરાને ધારણ કરી એને લગભગ ત્રણ-ચાર વર્ષ જેવો સમય થયો છે. વિચરણ કરતાં કરતાં શ્રીજી મહારાજ સૌપ્રથમવાર સરધાર પધાર્યા છે. સમાચાર મળતા જ કારિયાણીના માંચા ખાચર પોતાના ઈષ્ટદેવનું દર્શન કરવા સરધાર પહોંચ્યા અને કારિયાણી પધારવાનું આમંત્રણ પાઠવ્યું. માંચા ખાચરના ભાવને જોઈ ભગવાન શ્રી સ્વામિનારાયણે કારિયાણી પધારવાનું વચન આપ્યું.

ગઢપુર દરબાર એભલ ખાચર માંચા ખાચરના અનન્ય મિત્ર હતા. પ્રિય વસ્તુ મળે, તો મિત્રો પરસ્પર વહેંચે, એ ન્યાયે માંચા ખાચરના મનમાં હતું કે, 'મને પ્રગટ ભગવાન મળ્યા છે, ત્યારે એ અલૌકિક પ્રાપ્તિ મારા મિત્ર એભલ ખાચરને પણ થાય, તો એનો જન્મારો પણ સુધરી જાય !' આવા વિચાર સાથે માંચા ખાચર ગઢપુર પહોંચ્યા. એ સમયે એભલ ખાચર રામાયણની કથાનું શ્રવણ કરી રહ્યા હતા. એભલ ખાચર સ્વભાવે ઉદાર અને ભોળા હતા. તેઓને ભગવદ્ કથાશ્રવણમાં ભારે પ્રીતિ હતી, તેથી તેઓ મહારાજા પરીક્ષિતનો અવતાર ગણાતા.

પોતાના પ્રિય મિત્ર માંચા ખાચરને આવેલા જોઈને એભલ ખાચરને અત્યંત આનંદ થયો. બન્ને મિત્રો એકબીજાને બાથમાં લઈને મળ્યા. પ્રસંગોપાત ચાલી રહેલ રામાયણની કથાના અનુસંધાને એભલ ખાચરે માંચા ખાચરને પ્રશ્ન કર્યો, "દરબાર ! શાસ્ત્રોમાં એવું સાંભળ્યું છે કે, પૃથ્વી ઉપર અધર્મ વધે ત્યારે ભગવાન અવતાર ધારણ કરે છે. અત્યારે ચારે બાજુ અધર્મના રાફડા ફાટ્યા છે, તો શું આજે ક્યાંય ભગવાન પ્રગટ્યા હશે ?"

એભલ ખાચરની વાત સાંભળી માંચા ખાચરના ચહેરા ઉપર ચમક આવી. પોતે જે વાત કરવા આવ્યા હતા તે જ પ્રશ્ન પોતાના મિત્રે પૂછ્યો તેથી તેમને આશ્ચર્ય

થયું અને કહ્યું, "દરબાર ! ભગવાન પ્રગટ્યા હશે એમ નહીં, હાલમાં પ્રગટી ચૂક્યા છે !"

માંચા ખાચરના મુખેથી ભગવાન પ્રગટ્યાની વાત સાંભળતા જ એભલ ખાચરનું હૈયું વિશેષ જાણવા માટે ઉત્સુક થયું. એમણે કહ્યું, "દરબાર ! તમે શું વાત કરો છો ?"

માંચા ખાચર કહે, "નરેશ ! ભૂત-ભવિષ્યની વાત નથી, વર્તમાનકાળની વાત છે. બોલતાં-ચાલતાં ભગવાન હાલમાં સરધારમાં બિરાજે છે. હું એમનાં દર્શન કરીને જ અહીં આવ્યો છું !"

એભલ ખાચરે કહ્યું, "દરબાર ! તમે ક્યાંક ખોટા તો નથી પડતા ને ! ઘણા લોકો પોતાના ગુરુને ભગવાન કહેતા હોય છે, એમ તમે પણ તમારા ગુરુને ભગવાન કહેતા હો એવું લાગે છે ! હું ગુરુ અંગે નથી પૂછતો, સ્વયં ભગવાનની વાત કરું છું."

માંચા ખાચરે કહ્યું, "દરબાર ! હું પણ માત્ર ગુરુની વાત નથી કરતો, ગુરુરૂપે અવતરેલા ભગવાનની વાત કરું છું ! દરબાર ! સાધુ અથવા તો સદ્‌ગુરુને ભગવાન કહેવા, એ તો લોકવ્યવહાર છે. આદર ખાતર સદ્‌ગુરુ માટે ભગવાનનો શબ્દપ્રયોગ થઈ શકે છે, પરંતુ ભગવાન સ્વયં સદ્‌ગુરુરૂપે અવતરે એ વાત જ સાવ અલગ છે. હું જેમની વાત કરું છું તે માત્ર ગુરુ નથી, ભગવાન સ્વયં ગુરુનું રૂપ ધરીને પૃથ્વી ઉપર પધાર્યા છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણના ભગવાનપણાને સિદ્ધ કરનારા અન્ય કારણોને જણાવતા માંચા ખાચરે કહ્યું, "દરબાર ! સામુદ્રિક શાસ્ત્રમાં લખ્યું છે, કે ભગવાન જ્યારે અવતાર ધારણ કરે ત્યારે એમનાં શરીરમાં કેટલાંક લોકોત્તર ચિહ્નો હોય છે. મેં મારી નજરે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં શરીરમાં રહેલાં આ દિવ્ય ચિહ્નોનાં દર્શન કર્યાં છે. એ હજારો જીવને સમાધિ કરાવે છે. ગોલોક, વૈકુંઠ વગેરે દિવ્ય ધામોનાં દર્શન કરાવે છે અને પોતપોતાનાં ઈષ્ટદેવનાં પણ દર્શન કરાવે છે. સેંકડો મોટા મોટા સિદ્ધ સંતોએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં નામે ભેખ લીધો છે અને એમના ગુલામ થઈને રહે છે. એભલ બાપુ ! આવા મહાન સંતો જેની આંખને ઈશારે નાચે એને ભગવાન ન કહેવાય તો શું કહેવાય ?"

માંચા ખાચરની સત્યનિષ્ઠા અને વિવેકબુદ્ધિ ઉપર સર્વને ભરોસો હતો. એમની

વાત સાંભળી સમસ્ત એભલ પરિવારના અંતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રગટ ભગવાન છે એવો દૃઢ નિશ્ચય થઈ રહ્યો હતો. હવે એ સર્વેનાં મન પ્રગટ ભગવાનનાં દર્શન માટે ઝંખવા લાગ્યાં.

એભલખાચરે પૂછ્યું, ''બાપુ ! તમારી વાત અમને સાચી લાગે છે, પણ અમારે એ ભગવાનનાં દર્શન કરવાં હોય તો ?''

માંચા ખાચર કહે, ''ભગવાન શ્રી સ્વામિનારાયણ થોડા દિવસોમાં કારિયાણી પધારવાના છે. એ અમારે ઘરે પધારશે એટલે તરત હું આપને કારિયાણી તેડાવીશ.''

માંચા ખાચર થોડો સમય ગઢપુરમાં રોકાઈ કારિયાણી આવ્યા, પણ એભલ ખાચરના પરિવારના હૃદયમાં હરિદર્શનની અમાપ પ્યાસ જગાડતા ગયા.

કારિયાણીમાં પધરામણી

થોડા દિવસો પછી ભગવાન શ્રી સ્વામિનારાયણ કારિયાણી પધાર્યા અને માંચા ખાચરના દરબારગઢમાં ઉતારા કર્યા. કારિયાણીમાં એ સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણના ઘણા આશ્રિતો હતા. માંચા ખાચર ઉપરાંત એમના ભત્રીજા વસ્તા ખાચર, વસ્તા ખાચરના પત્ની સીતબાઈ, રામ ખાચર, વેલો ખાચર, માતરો ધાધલ, કણબી વીરદાસ, રાઘવ, સુથાર લાલજી, લાધો દરજી, જેરામ લુહાર, હિરો દલવાડી વગેરે અનેક ભક્તજનો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા.

કારિયાણીમાં મહારાજ ઘણા દિવસો રોકાયા અને ધામધૂમથી વસંતોત્સવ કર્યો. ઉત્સવમાં દેશદેશાંતરના હજારો હરિભક્તો ભેગા થયા હતા. માંચા ખાચરે ગઢપુરથી એભલ ખાચરને પણ સપરિવાર કારિયાણી તેડાવ્યા હતા.

ઉનાળાની તપેલી ધરતી જેમ વરસાદની રાહ જોતી હોય, એમ એભલ ખાચરનો સમસ્ત પરિવાર મહારાજનાં દર્શનની રાહ જોઈ રહ્યો હતો. માંચા ખાચરનું આમંત્રણ મળતાં એભલ ખાચર પોતાના સમસ્ત પરિવાર સાથે કારિયાણી આવ્યા હતા. મહારાજની અલૌકિક મૂર્તિનાં દર્શન કરતાં જ સર્વ પરિવારજનોનાં નેત્ર કૃતાર્થ થયાં; સર્વના હૈયામાં અત્યંત ટાઢક થઈ ગઈ. મહારાજનાં દર્શન કરતાં કરતાં એમનાં નેત્રોમાંથી અશ્રુઓની ધારા વહી રહી હતી; જાણે સાગરથી વિખૂટી પડેલી સરિતાઓ પાછી સાગરમાં સમાઈ રહી હતી.

વસંતોત્સવ પૂર્ણ થયો, જતી વખતે એભલ ખાચરે બે હાથ જોડી ગદ્ગદભાવે

મહારાજને વિનંતી કરી, “મહારાજ ! ગઢપુરની ધરતી વર્ષોથી આપના ચરણરજની રાહ જૂવે છે. કૃપા કરી આપ ગઢડા પધારો અને અમારાં આગણાં પાવન કરો.”

એભલ ખાચરનો ભાવ જોઈને મહારાજ કહે, “દરબાર ! અમારું પ્રાગટ્ય જ તમ જેવા ભક્તોના ભાવ પૂરા કરવા થયું છે. આપનું આમંત્રણ સ્વીકારી અને થોડા દિવસમાં અવશ્ય ગઢપુર આવીશું અને હુતાશનીનો સમૈયો પણ ત્યાં જ કરીશું.”

મહારાજનાં વચનો સાંભળી એભલ પરિવારના અંતરમાં આનંદનો પાર ન રહ્યો. મહારાજની આજ્ઞા લઈ એભલ ખાચર ગઢપુર પધાર્યા અને મહારાજનાં આગમનની કાગડોળે રાહ જોવા લાગ્યા.

ગઢપુરમાં ઐતિહાસિક આગમન

કારિયાણીમાં વસંત મહોત્સવ પૂર્ણ થયો. ગામમાં પાણીની ભારે તંગી વર્તાતી જોઈ મહારાજે અહીં તળાવ ગળાવવાની શરૂઆત કરી. સંતો-ભક્તો સાથે માથે માટીનાં તગારા ઉપાડી મહારાજે અનેક લોકોને પ્રેરણા આપી. તળાવ ગળાવા માંડ્યું. કામ બરાબર ચાલતું થયું એટલે મહારાજે ગઢપુર તરફ જવાની તૈયારી કરી.

વિક્રમ સંવત્ ૧૮૬૧ની સાલ હતી. ફાગણ માસ હતો; શુક્લ પક્ષ હતો; એકાદશીનો મંગલ દિવસ હતો. સદ્ગુરુ રામાનંદ સ્વામીના અંતર્ધાન બાદ આશરે ત્રણેક વર્ષ પછી ભગવાન શ્રી સ્વામિનારાયણની ગઢપુર ખાતે ઐતિહાસિક પધરામણી થઈ રહી હતી. એ સમયે મહારાજની ઉંમર માત્ર ચોવીસ વર્ષની હતી.

એભલ ખાચર અને એમના પરિવારનો પ્રેમ ભગવાન શ્રી સ્વામિનારાયણને અહીં ખેંચી લાવ્યો હતો. આ પૂરોએ પરિવાર ભારે પ્રેમી અને ભક્તિપરાયણ હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વાગત માટે એભલ ખાચરે આખું નગર શણગાર્યું. ગઢપુર કારિયાણીથી પાંચ ગાઉનાં અંતરે આવેલું છે. મહારાજ ગઢપુરના સીમાડે આવ્યા એટલે એભલ ખાચર અને એમના ભાઈ જીવા ખાચર મહારાજના સ્વાગત માટે સામા આવ્યા. ઢોલના તાલે, શરણાઈના સૂરે અને બહેનોના મધુર કંઠે રેલાતાં ગીતો સાથે મહારાજનું સામૈયું કર્યું અને દરબારગઢમાં પધરાવ્યા.

ગઢપુર આગમન બાદ થોડા દિવસો મહારાજ જીવા ખાચરના ઘરે રોકાયા હતા અને ત્યાં જ ફૂલદોલનો ઉત્સવ કર્યો હતો. ત્યાર બાદ મહારાજ એભલ

ખાચરના ઘરે આવ્યા. મહારાજના અલૌકિક સામર્થ્યમાં સહુ પરિવારજનો ડૂબી ગયા હતા. આ પરિવાર જાણે મહારાજની સેવા અને ભક્તિ કરવા જ પ્રગટ્યો હતો ! મહારાજની પહેલી જ પધરામણી વખતે સહુને ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો હતો અને ધન-ધામ સહિત મહારાજનાં ચરણોમાં સમર્પિત થઈ ગયો હતો.

એભલ ખાચરનો પરિવાર

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે એભલ ખાચરના સમસ્ત પરિવારની ભક્તિ, શ્રદ્ધા અને સમર્પણ અજોડ હતા. એભલ ખાચરને બે પત્નીઓ હતા. સુરપ્રભા અને સોમાદેવી. સુરપ્રભા કારિયાણીના હતા અને સોમાદેવી બોટાદના હતા. સુરપ્રભાને ચાર દીકરીઓ થઈ હતી - જીવુબા, લાડુબા, નાનુબા અને પાંચુબા. સોમાદેવીને એક પુત્ર થયો હતો, જેનું નામ ઉત્તમ હતું. લાડમાં બધા એને ‘દાદો’ કહીને બોલાવતા હતા.

એભલ ખાચરની પુત્રીઓ જીવુબા, લાડુબા વગેરે પ્રેમ, ધ્યાન અને જ્ઞાનની દષ્ટિએ શ્રેષ્ઠ યોગિનીઓ જેવું જીવન જીવતા હતા. એમણે સંસારના સુખ હરામ કરી, આજીવન સાંખ્યયોગનાં વ્રત લીધાં હતાં. તેઓ નાની ઉંમરે જીવનમુક્ત દશાને પામ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી જીવુબા અને લાડુબાને નિરાવરણ દષ્ટિ પ્રાપ્ત થઈ હતી, પરિણામે ભગવાન શ્રી સ્વામિનારાયણ ગમે તે પ્રદેશમાં વિચરણ કરતા હોય તો પણ આ બહેનો ગઢપુરમાં બેઠા બેઠા એમનાં દર્શન કરી શકતા હતા; એટલું જ નહીં એમના જોગમાં આવેલા અનેક બહેનોને પણ આવી ઉત્તમ દશા પ્રાપ્ત થઈ હતી.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભક્ત સમુદાયમાં મોખરાનું નામ કોઈ લેવાતું હોય તો તે છે દાદા ખાચર. દાદા ખાચરનો જન્મ આષાઢી સંવત ૧૮૫૭ના પોષ વદિ છઠને દિવસે થયો હતો.

સમર્પણ અને સમજણની સાક્ષાત મૂર્તિ એટલે દાદા ખાચર. પ્રેમનો ઘૂઘવતો દરિયો અને ગંભીરતાનું સરોવર એટલે દાદા ખાચર. દાદાખાચરની તો વાત સાવ અનોખી જ હતી. તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય સેવક હતા. ભગવાન શ્રી કૃષ્ણની પાસે જેમ અર્જુન હતા, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે દાદાખાચર હતા.

દરબાર એભલ ખાચરે પોતાનાં ધન, ધરા અને ધામ ભગવાન શ્રી

સ્વામિનારાયણને ચરણે ધરી દીધાં હતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણે એભલ ખાચરના પરિવારજનોની ભારે કસોટીઓ પણ કરી હતી, પરંતુ આ પરિવાર એ કસોટીઓમાં સોળવલા સુવર્ણ જેવો શુદ્ધ નીવડ્યો હતો. ગઢપુરવાસીઓના નિર્મળ પ્રેમને લીધે ભગવાન શ્રી સ્વામિનારાયણને ગઢપુર સાથે અનોખો નાતો બંધાયો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વર્ણીવેશે સાત વર્ષ સુધી વનવિચરણ કર્યું હતું. લોજ પધાર્યા બાદ પણ એમનું વિચરણ અવિરત ચાલુ હતું. સમસ્ત એભલ પરિવાર તથા ગઢપુરવાસીઓના પ્રેમને આધીન થઈને ભગવાન શ્રી સ્વામિનારાયણે તીર્થભૂમિ ગઢપુરમાં કાયમી નિવાસ કરવાનું સ્વીકાર્યું હતું અને ગઢપુરને ભાગવતધર્મ પ્રવર્તનનું કેન્દ્ર બનાવ્યું હતું. ક્યાંય એક ગોદોહન માત્ર સ્થિર નહીં થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢપુરમાં ત્રીસ-ત્રીસ વર્ષ સુધી નિવાસ કર્યો હતો. પ્રવાસી દેશ-દેશાંતરમાં ફરીને ઘરે આવે, વેપારીઓ વેપાર કરીને ઘરે આવે, પંખી ફરીફરીને માળે આવે, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ દેશ-દેશાંતરમાં વિચરણ કરીને પાછા ગઢપુર પધારતા.

ઝઘડાનું સમાધાન

એક વખત શ્રીજી મહારાજ ચરોતરમાં વિચરણ કરવા પધાર્યા હતા અને ગઢપુરમાં દાદા ખાચરને એભલ ખાચર સાથે કાંઈ બોલાચાલી થઈ, તેથી દાદાખાચર તથા તેમની ચાર બહેનો રિસાઈને ઘર છોડીને ચાલી નીકળ્યા. ચાલતી વખતે પટારામાંથી એંશી રૂપિયાની કોથળી તથા માર્ગે જતાં તેમની ભેંશો ચરતી હતી ત્યાંથી એક સારી દુઝણી ભેંશ સાથે લીધી. ચાલતા ચાલતા સાંજ પડી, રલિયાણ આવ્યું એટલે ત્યાં રાત રહ્યા.

આ બાજુ સાંજે ભેંશોનું ખાંડુ ચરાવવા ગયેલા ભરવાડે પાછા આવીને એભલ ખાચરને કહ્યું, ‘‘બાપુ ! દાદો આપણી એક ભેંશ લઈ ગયો.’’ તે સાંભળી એભલ ખાચર ભરવાડને કહે, ‘‘સાથે પાડી ન લઈ ગયા ? હવે જા અને આ પાડી મેલી આવ, નહીંતર ભેંશ દોહવા નહીં દે અને છોકરાં દૂધ વિના શું ખાશે ?’’ પછી ભરવાડ રાતે જઈ પાડી મેલી આવ્યો.

સવારે પાંચે જણ કોઈના ગાડામાં બેસી ગામ ગોખલાણે ગયા અને ત્યાં રહેવા લાગ્યા. આ બાજુ ચરોતરમાં ગયેલા મહારાજને સમાચાર મળતા તેઓ

તરત ગોખલાણે આવ્યા. મહારાજને જોઈ પાંચે ભાઈ-બહેનો રડવા લાગ્યા. મહારાજે સમજાવીને શાંત પાડ્યા.

બહેનોએ મહારાજ માટે થાળ કર્યો અને જમાડ્યા. બીજે દિવસે મહારાજ દાદા ખાચરને કહે, “દાદા ! અમારાથી અહીં ઝાઝું નહીં રહેવાય, કારણ કે અમે અહીં રહીએ તો મે'માન આવે એને તમારે જમાડવા પડે, સારસંભાળ રાખવી પડે. તમારી પાસે એક તો ધન પણ નથી ને ઉપરથી વધુ ખર્ચ તમને કેમ પોસાય ?”

દાદા ખાચર કહે, “મહારાજ ! ચાલતી વખતે ઘરેથી એંશી રુપિયા લીધા હતા, તે ખાતાં ખાતાં હવે બાર રૂપિયા વધ્યા છે. તેમાંથી તમારી અને દર્શને આવનારાની સંભાળ રાખીશું, માટે તમે અમારી સાથે રહો.”

મહારાજ કહે, “અમારે દર્શને કાઠીઓ આવે, તેને દૂધ-ચોખા અને સાકર ખવરાવવા પડે. તે બાર રૂપિયે શું થાય ?”

આમ વાતો કરતા હતા ત્યાં લાડુબાએ આવીને જમવા બેસવાનું કહ્યું. મહારાજ જમવા બેઠા. તે વખતે એક દેવી જેવી લાગતી દશ વર્ષની કન્યા હાથમાં રૂપાની થાળી લઈને આવી. તેમાં સવાસો રુપિયા અને તુલસીપત્ર નાખેલું હતું અને શ્રીજી મહારાજ જમતા હતા ત્યાં આવીને ઊભી રહી.

તે જોઈ મોટીબા તથા લાડુબા એકબીજા સામું જોવા માંડ્યાં. ત્યારે મહારાજ બોલ્યા જે, “શું જોવો છો ? એ તમારા માટે છે, લઈ લો.” પછી લાડુબાએ તે બાઈના હાથમાંથી થાળી લઈ લીધી એટલે એ બાઈ અદૃશ્ય થઈ ગયા.

પછી મહારાજ કહે, “આટલા રૂપિયા વાપરો. ત્યાં સુધીમાં હું તમને ગઢપુરભેગા કરીશ.”

પછી મહારાજે સુરા ખાચરને તોડાવ્યા અને કહ્યું, “તમે ગઢપુર જાઓ ને એભલ ખાચરને સમજાવો.” સુરાખાચર ગોખલાણેથી ગઢપુર આવ્યા. ગઢપુરની સીમ આવી એટલે સુરા ખાચરે નાટકનો આરંભ કર્યો. ગામના પાદરથી ઘોડી દોડાવી, દરબારગઢમાં આવ્યા એટલે ઘોડી પરસેવે પલળી ગઈ અને પોતે પણ પરસેવેથી પલળી ગયેલા. જેવો દરબારગઢમાં ઘોડીએ પ્રવેશ કર્યો કે તરત સુરા ખાચર પોક મેલીને રડવા લાગ્યા.

અચાનક કોઈની પોકનો અવાજ આવ્યો એટલે એભલ ખાચર તથા બીજા ઘરના સભ્યો ભેગા થઈ ગયા. બહાર આવીને જૂએ તો સુરા ખાચર હતા. એભલ

ખાચરે સુરા ખાચરને ઘોડીયેથી હેઠા ઊતાર્યા અને પૂછ્યું, "શું થયું છે ? કેમ આટલું બધું રડો છો ? કંઈક વાત તો કરો."

એભલ ખાચરને આમ અખળાતા જોઈ સુરા ખાચરને પોતાનું આ ભજવાઈ રહેલું નાટક રંગ લાવી રહ્યું હોય એવું લાગ્યું. સુરા ખાચર ઓસરીની કોરે ફસડાઈને કહે, "માઠા સમાચાર સાંભળી લોયેથી એકદમ આવ્યો છું."

એભલ ખાચરની અકળામણ વધતી જતી હતી અને સુરા ખાચર વાત લંબાવ્યે જતા હતા અને મનમાંને મનમાં મલકાતા જતા હતા. એભલ ખાચર કહે, "બાપુ ! તમે થોડી વાત તો કરો કે શું થયું છે ?"

સુરા ખાચરે પોતાના રૂદનનો અવાજ થોડો વધાર્યો અને રડતા રડતા કહે, "બાપુ ! અનર્થ થઈ ગયો."

"પણ શું થયું છે એ તો કહો."

"બાપુ ! કોઈકે દાદાને......."

"પણ શું થયું મારા દાદાને... જરા વાતનો ફોડ તો પાડો ?"

"દાદાને.... દાદાને... કોઈકે મારી નાખ્યો...."

સુરા ખાચરના આટલા શબ્દો સાંભળી એભલ ખાચર ઉપર જાણે આભ ફાટી પડ્યું. તેઓ અતિ આકુળ વ્યાકુળ થઈ ગયા અને સુરા ખાચરની સાથે પોકે પોકે રડવા લાગ્યા. રડતા રડતા સુરા ખાચરને કહે, "સુરાબાપુ ! તમે દાદાને ગમે ત્યાંથી ગોતી લાવો, એમના વગર હું નહીં જીવી શકું."

સુરા ખાચર કહે, "પણ બાપુ ! હું દાદાને લાવું ક્યાંથી ?"

"તમે ગમે તે કરો, પણ મારા દાદાને પાછો લઈ આવો..."

એભલ ખાચરના આટલા શબ્દો સાંભળી સુરાબાપુએ પોતાનું નાટક સંકેલ્યું. આંખમાંથી પડતા ખોટા આસુડાંને પાઘડીના છેડે કરીને લૂછ્યા અને એભલ ખાચરને કહે, "સારું લ્યો, તો હું દાદાને ગોતીને લાવું છું." એમ કહીને સુરા ખાચર પાછા ઘોડી ઉપર સવાર થયા અને દરબારગઢની બહાર નીકળી ગયા.

સુરાખાચર ગઢપુરથી ગોખલાણે આવ્યા. બનેલી વાત મહારાજને કહી સંભળાવી. દાદા ખાચરને તથા ચારે બહેનોને લઈ ગઢપુર આવ્યા. દાદાને જોઈ એભલ ખાચરના શરીરમાં જીવ આવ્યો અને સુરા ખાચરને કહ્યું, "બાપુ ! તમે આજે મને મારું જીવન આપ્યું." પછી બીજે દિવસે મહારાજ પણ ગઢપુર

પધાર્યા. આ રીતે મહારાજે સુરા ખાચર દ્વારા બાપ-દીકરા વચ્ચે થયેલ અણબનાવનું સમાધાન કરાવ્યું.

એભલ ખાચરનો અક્ષરવાસ

ગઢપુરને ભગવાન શ્રી સ્વામિનારાયણે ન માત્ર કાઠિયાવાડનું, પરંતુ સમસ્ત સત્સંગનું કેન્દ્ર બનાવ્યું હતું. સત્સંગમાં એક કાવ્ય પંકિત પ્રસિદ્ધ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, **ગઢડું મારું હું ગઢડાનો, નથી કે'દિ મટવાનો...**

ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા તેમના સંતોનું અનેક ગામડાંઓ અને શહેરોમાં સતત વિચરણને લીધે કાઠિયાવાડના અનેક ગામડાંઓના ગામધણી દરબારો, કાઠીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા. આ કાઠી દરબારો હોકા-હોકલી, અફીણ વગેરે વ્યસનોમાં ગળા સુધી ડૂબ્યા હતા, ધાડપાડુનો ધંધો કરતા અને જાણે મંથરા જીભ ઉપર બેઠી હોય એમ ગાળો અને અપશબ્દો જીભના ટેરવે રહેતા. આ બધા કાઠીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણને શરણે થયા એટલે તેઓના બધા ફેલ છૂટી ગયા. પરિણામે પોતે વ્યવહારે અને કૌટુંબિક રીતે સુખી થયા અને બિચારી આમજનતાએ પણ ભારે શાંતિના શ્વાસ લીધા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સત્સંગે કરીને કાઠિયાવાડમાં ગઢપુરની આસપાસના અનેક ગામો જેવા કે ગઢાળી, ઉગામેડી, માંડવધાર, ખોપાળા, કમિયાળા, ગોલીડા, ઝમરાળા, બરવાળા, નીંગાળા, રોહિશાળા, પીપળીયા, કેરાળા, કરમડ, ખસ, બગડ, બળોલ, બાબરા, હાથસણી, જસાપર, મીણાપર, ભેંસજાળ, સુંદરિયાણા વગેરે સેંકડો ગામોમાં ન માત્ર દરબારો પરંતુ અઢારેય આલમમાં સત્સંગની સુગંધ પ્રસરી ચૂકી હતી.

આ અનોખા પૂન્યના કાર્યમાં કોઈ નિમિત્ત બન્યા હોય તો તે હતા એભલ ખાચર. ભગવાન શ્રી સ્વામિનારાયણ સંવત્ ૧૮૬૧માં ગઢપુર પધાર્યા. અહીંના રોકાણ દરમિયાન એભલ ખાચર તથા જીવા ખાચરના ઘરે મહારાજે નિવાસ કર્યો. આ બન્ને પરિવારે મહારાજની અને સંતો-ભક્તોની નિઃસ્વાર્થ સેવાનો અનેરો લ્હાવો લીધો. મહારાજની સાથે રહેતા સંતો, ભક્તો ઉપરાંત સંતોની મોટી ફોજ, દેશદેશાંતરથી મહારાજના દર્શને આવતા ભક્તજનો વગેરે અનેક લોકોની સેવા કરવી એ ભારે શ્રદ્ધા માગી લે તેવું કામ હતું. ક્યારેક દેશકાળ સારા ન હોય ત્યારે પણ આવડા મોટા ઘસારામાં આ પરિવારના કોઈ સભ્યનું

મન એ સેવામાંથી ડગ્યું નહોતું.

શ્રીજી મહારાજ ગઢપુર પધાર્યા એને દસ વર્ષ જેવો સમય થઈ ગયો હતો. વર્ષોવર્ષ થતાં ફૂલદોલ, રંગોત્સવ, રામનવમી, દીપાવલી, અન્નકુટ વગેરે ઉત્સવોમાં એભલ ખાચર અને એમના પરિવારે શ્રદ્ધા અને ખંતથી ખૂબ સેવાઓ કરી હતી. આ દસ વર્ષ દરમિયાન મહારાજે પણ અનેકવાર આ પરિવારને રાજ તરફથી આવેલી તેમજ કૌટુંબિક આપત્તિઓમાંથી છોડાવ્યા હતા.

એભલ ખાચરનું શરીર હવે વૃદ્ધ થઈ ગયું હતું. તેમના પુત્ર દાદા ખાચરની ઉંમર હજુ ચૌદ વર્ષની જ હતી. નાના દાદાની સમજણ હજુ ગરાસ સંભાળવા જેવી થઈ નહોતી, તેથી એભલ ખાચરને થોડી ચિંતા રહ્યા કરતી. પરંતુ એ ચિંતા પણ એભલ ખાચરે મહારાજને સોંપી દીધી હતી.

સંવત ૧૮૭૦, કારતક મહિનો ચાલી રહ્યો છે. એક દિવસ એભલ ખાચરનાં શરીરે વધારે કસર વર્તતી હતી. શરીર તાવથી ધગધગતું હતું. એ સમયે એભલ ખાચરની બીમારીના સમાચાર મળતાં જ મહારાજ તેમના ઓરડે પધાર્યા. મહારાજને જોઈ એભલ ખાચર ઊભા થયા અને મહારાજનું કાંડું પકડી ઘોડશાળમાં લઈ ગયા. ઘોડશાળના એક ખૂણામાં હાથ ચીંધી એભલ ખાચર કહે, “મહારાજ ! મેં મારી મરણમૂડી અહીં દાટી છે. લગભગ સાઠ હજાર રૂપિયા રોકડા છે. મારા પરિવારમાંથી કોઈને નથી બતાવ્યા તે તમને કહું છું અને મારા દાદાની સોંપણી પણ તમને કરું છું.”

આમ વાત કરી ફરી એભલ ખાચર મહારાજને પોતાના ઓરડે લઈ આવ્યા. તેમણે બે હાથ જોડી મહારાજને પ્રણામ કર્યા અને બોલ્યા, “મહારાજ ! હવે આ શરીર ઝાઝું રહેશે નહીં, માટે મારા મનમાં બધા સંતોનાં દર્શન કરવાની ઈચ્છા છે.”

એભલ ખાચરની વાત સાંભળી મહારાજે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે સંતોને સત્વરે એભલ ખાચરના ઓરડે બોલાવ્યા. સર્વે સંતો આવ્યા એટલે એભલ ખાચર ઊભા થયા. મહારાજ અને સંતોને પ્રણામ કર્યા, ચંદન-પુષ્પથી મહારાજ સહિત સંતોની પૂજા કરી, ભાવે સહિત સજળનેત્રે દર્શન કર્યાં.

એ સમયે જીવા ખાચર પણ એભલ ખાચરની ખબર પૂછવા આવ્યા. સમાચાર પૂછી જીવા ખાચરે એભલ ખાચરનો હાથ પકડી કહ્યું, “ભાઈ ! દાદાની

કોઈ પણ પ્રકારની ચિંતા કરશો નહીં, એમની સર્વ સંભાળ અમે રાખીશું. એ સિવાય બીજી કોઈ ભલામણ કરવી હોય તો કહો.''

જીવા ખાચરની વાત સાંભળી એભલ ખાચર કહે, ''મને દાદાની કોઈ ચિંતા નથી, એમની ચિંતા તો મેં ક્યારનીયે મહારાજને સોંપી દીધી છે. અનંત બ્રહ્માંડોના ધણી સ્વયં મારા પુત્રની રક્ષામાં છે, ત્યારે હવે બીજી મારે શું ચિંતા હોય ?''

એભલ ખાચરની સમજણભરી વાત સાંભળી મહારાજ મંદ મંદ હસવા લાગ્યા અને એભલ ખાચરના માથા ઉપર હાથ મૂકી બોલ્યા, ''દરબાર ! દાદો તો મારો પુત્ર છે અને આ દરબારગઢ મારું ઘર છે. અમે હમેશ એમની રક્ષામાં છીએ. હવે તમારે કોઈ પ્રકારની ચિંતા કરવી નહીં.''

મહારાજે કહેલ અભય વચનને સાંભળી એભલ ખાચરને શાંતિ થઈ. હવે પોતાને દેહ છોડવાનો સમય નજીક આવી ગયો છે, એમ જાણી જાતે પલંગેથી હેઠા ઉતર્યા અને જમીન ઉપર બેઠા. પલાંઠી વાળી મહારાજનાં દર્શન કર્યાં અને આંખો મીંચી ધ્યાન કરવા લાગ્યા. ધીમે ધીમે શ્વાસ છૂટવા લાગ્યા, શરીર ઠંડું પડવા લાગ્યું, શરીરની કાંતિ વધવા લાગી અને માખણમાંથી મોવાળો નીકળે એમ એભલ ખાચર પોતાનો દેહ છોડી શ્રીહરિના ધામમાં સિધાવ્યા.

મહારાજે એભલ ખાચરની સર્વે ઉત્તરક્રિયા દાદા પાસે કરાવી. દાદા ખાચરે પણ ઘણી ઉદારતા દાખવી બ્રાહ્મણો જમાડ્યા, ગાયોનાં દાન દીધાં, સારી એવી દક્ષિણાઓ આપી.ગઢપુરમાં નિવાસ કરતા સંતો-ભક્તોને પણ એક મહિના સુધી વિવિધ પકવાનો જમાડી તૃપ્ત કર્યા.

દાદા ખાચરને નોકરીએ રાખ્યા

વિ.સં. ૧૮૭૦માં ગઢપુરપતિ એભલ ખાચર અક્ષરવાસી થયા પછીની વાત છે. એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણે દાદા ખાચરની અણધારી પરીક્ષા લીધી.

મહારાજે દાદા ખાચરને કહ્યું, ''દાદા ! અમે કહીએ એમ કરીશ ?''

દાદા ખાચર કહે, ''અરે મહારાજ ! તમે કહો ને શું ન થાય !''

મહારાજે કહે, '' તો દાદા ! તારો બધો ગામગરાસ તારા આ બહેનો જીવુબા અને લાડુબાને નામે કરી દે.''

મહારાજની આજ્ઞા થતા જ દાદાખાચરે કોઈ પણ જાતના ઘાટ-સંકલ્પ વિના તામ્રપત્રમાં લખનારને બોલાવ્યો અને બધો જ ગામગરાસ બહેનોનાં નામે લખી તેમને સોંપી દીધો.

ત્યારે મહારાજ કહે, “દાદા ! હવે તમે શું કરશો ?”

દાદા ખાચર કહે, “મહારાજ ! આવડી મોટી પૃથ્વીમાં અનેક જીવો પેટ ભરી જીવે છે, એમ હું પણ ક્યાંક પેટ ભરાય એટલું ગોતી લઈશ. કોઈની નોકરી કરીશું એટલે અમારે બે માણસને પેટનું પણ મળી રહેશે અને આશરો પણ મળી રહેશે.” એમ કહી દાદા ખાચર જવાની તૈયારી કરવા લાગ્યા.

પછી મહારાજે બહેનોને કહ્યું, “લાડુબા ! તમે તો બાઈમાણસ અને પાછો ગરાસિયાનો દેહ, તે તમારો બધો વ્યવહાર કોણ કરશે ?

બહેનો કહે, “મહારાજ ! અમને કોઈ સારો વિશ્વાસપાત્ર માણસ ગોતી આપજો, એ અમારો વ્યવહાર સંભાળશે.”

મહારાજ કહે, “ તો પછી આ તમારા ભાઈ દાદાને જ નોકરીએ રાખો, એ તમારો વ્યવહાર સંભાળશે.” અને દાદા ખાચરને કહ્યું, “દાદા ! જો તમારે નોકરી જ કરવી હોય તો તમારા બહેનોની જ કરોને ! એમને પણ આ બધો વ્યવહાર સંભાળે એવા વિશ્વાસુ માણસની જરૂર છે.”

બહેનોને મહારાજની લીલાનું રહસ્ય સમજાતું નહોતું. એ તો જેમ મહારાજ કહે એમ કર્યે જતા હતા. એમણે દાદાને નોકરીએ રાખ્યા અને બધો વ્યવહાર સોંપ્યો.

આમ એક વરસ જેટલો સમય પસાર થઈ ગયો. એક દિવસ ભગવાન શ્રી સ્વામિનારાયણે લાડુબા તથા જીવુબાને કહ્યું, “બહેનો ! તમે તો ત્યાગી થયા છો, સાંખ્યયોગ લઈને બેઠા છો, ઘરસંસાર માંડ્યા નથી, તમારે વળી આ ગામગરાસની માથાકૂટ શા માટે કરવી ? માટે ગામગરાસ તમારા ભાઈને પાછો સોંપી દો.”

બન્ને બહેનોએ કોઈ જાતનો સંકલ્પ કર્યા વિના ગરાસ પાછો દાદા ખાચરને સોંપી દીધો.

આમ મહારાજે એભલ ખાચરના પરિવારનું અંગ તપાસ્યું અને રાજીપો વરસાવ્યો.

આકરી કસોટી

ભક્ત અને ભગવાનનો સંબંધ અનોખો છે. ભગવાન ભક્તને વધારે ને વધારે કસે છે અને ભક્ત વધારે ને વધારે કસાતો જાય છે. જેમ હીરાને ઘસતા તે વધારે ચળકે, એમ જ ભક્ત પણ ભગવાનની કસોટીની સરાણે ઘસાઈ ચળકી ઊઠતો હોય છે. ભક્તનું હૃદય ફૂલ જેવું તો હોય જ છે, પણ ભગવાનની કસોટી અને નબળા દેશ-કાળ એમાં સુગંધ પૂરવાનું કામ કરતા હોય છે.

અહીં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના એકાંતિક ભક્ત દાદા ખાચરનો સંબંધ પણ અનોખો છે. શ્રીહરિ દાદા ખાચરની વારે વારે કસોટીઓ કરે છે, પણ દાદા ખાચર હમેશા એ કસોટીઓમાંથી પાર ઊતર્યા છે.

એક દિવસ ભગવાન શ્રી સ્વામિનારાયણે દાદા ખાચર અને એમના બહેનોની આકરી કસોટી કરી. મહારાજે દાદા ખાચરને બોલાવ્યા અને કહ્યું, "દાદા ! આ દરબારગઢ કોનો છે ?"

દાદા ખાચર કહે, "મહારાજ ! કેમ પૂછવું પડ્યું ? અમારાથી કાંઈ ભૂલ થઈ ?"

મહારાજ કહે, "ના દાદા ! અમે તો ખાલી એમ જ પૂછીએ છીએ, કહો જોઈએ."

દાદા ખાચર કહે, "મહારાજ ! સર્વ લોકના નાથ તમે છો, ત્યારે આ દરબારગઢ પણ તમારો જ હોય ને ! અમે તો તમારા સેવક છીએ અને થાય એટલી સેવા કરીએ છીએ."

"તો દાદા ! આ દરબારગઢ અને ગામગરાસ કેમ તમે તમારા નામે રાખ્યા છે ?" મહારાજે કહ્યું.

દાદાખાચર કહે, "અરે મહારાજ ! અમારે તો તમારી પ્રાપ્તિમાં અમને અનંત ભુવનોની સમૃદ્ધિ મળી ચૂકી છે; આ જે કંઈ છે એ આપનું છે; એમના માલિક તમે છો અને અમે તમારા સેવક છીએ."

ભક્તના સમર્પણનો તાગ માપતા મહારાજે કહ્યું, "તો, દાદા ! આ દરબારગઢ અને ગામગરાસનો અમારા નામે દસ્તાવેજ કરી આપો."

દાદા ખાચરે પળનોય વિલંબ કર્યા વિના કારભારી હરજી ઠક્કરને બોલાવ્યા. તામ્રપત્ર મંગાવ્યું અને મહારાજનાં નામના દસ્તાવેજ કરી તામ્રપત્રમાં લખી આપ્યો.

દાદા ખાચરે એ તામ્રપત્ર મહારાજનાં ચરણે મૂક્યો અને કહ્યું, “મહારાજ ! તમારું તમને અર્પણ !”

મહારાજે તામ્રપત્ર હાથમાં લીધો અને વાંચતા વાંચતા કહ્યું, “પણ દાદા ! તમે તમારા બહેનોને પૂછ્યું ?”

મહારાજના આ શબ્દો દૂર બેઠેલા બહેનોએ સાંભળ્યા અને એ ત્યાંથી જ બોલ્યા, “મહારાજ ! એમાં અમને શું પૂછવાનું ? દાદાએ જે કર્યું છે એ બરાબર જ છે !”

દાદા ખાચર, એમના બહેનો અને સમસ્ત પરિવારજનોનું આ અદ્‌ભૂત અને અજોડ સમર્પણ જોઈ મહારાજ મનમાં ભારે પ્રસન્ન થયા, પરંતુ આટલેથી ન અટકતા મહારાજે આ પરિવારની વધારે અને કલ્પી ન શકાય એવી આકરી કસોટી શરૂ કરી.

મહારાજે કહ્યું, “દાદા ! હવે આ સઘળી સ્થાવર-જંગમ સંપત્તિ અમારી થઈ. આ દરબારગઢના અમે માલિક થયા, માટે હવે આના ઉપર તમારો કોઈ અધિકાર નથી. અમે તમને આદેશ આપીએ છીએ કે, તમે બધા હમણાં ને હમણાં પહેરેલે કપડે ઘરબહાર નીકળી જાવ !”

એભલ ખાચરના પરિવારની જગ્યાએ બીજો કોઈ મહારાજની આ આજ્ઞાને સાંભળે, તો આવા સમયે શું થાય ?!.. એ પરિવાર સિવાયના જે આ વાત સાંભળે એ પણ મહારાજને કેવા ધારે ? આ બધી બાબતની કલ્પના કરવી જ દુષ્કર છે ! પરંતુ આ તો દરબાર એભલ ખાચરનો પરિવાર હતો. મહારાજનો આદેશ થતા પૂરો પરિવાર કોઈ જાતના તર્ક-વિતર્ક વિના પહેરેલે કપડે અને ઉઘાડા પગે ઘરબહાર નીકળી ગયો.

દાદા ખાચર, બધાં બહેનો અને ઘરના અન્ય સભ્યો ગઢપુરની બહાર નીકળ્યા. આંખોમાંથી આંસુડાઓની ધારો વહી રહી છે. ઘડીએ ઘડીએ પાછળ જોઈ મહારાજને સંભારે છે અને ડૂસકાં મેલાઈ જાય છે. દરબારગઢમાંથી કાઢ્યા એનું નહીં પણ મહારાજથી વિખૂટા પડવાનું દુઃખ એમના માટે અસહ્ય છે. પગપાળા ક્યારેય ન ચાલેલા અને હમેશા ઓઝલમાં રહેલા બહેનો થોડું ચાલ્યા ત્યાં થાકી ગયા. કોમળ પગમાં અનેક કાંટા-કાંકરા વાગ્યા છે અને તરસ પણ ભારે લાગી છે. ત્યાં રાધાવાવ આવી. હાથ-પગ ધોયા અને પાણી પીધું. એકબીજાને સાંત્વના આપતા

અને પગમાં વાગેલા કાંટા કાઢતા બધા શોકાતુર હૈયે બેઠા.

એ સમયે લોયા દરબાર સુરા ખાચર ગઢપુર આવતા હતા. તેઓ પણ રાધાવાવે પહોંચ્યા. દાદા ખાચર, બધા બહેનો અને અન્ય સભ્યોને આમ વિના ઓઝલે અને ઉઘાડા પગે જોઈ સુરા ખાચરને આશ્ચર્ય થયું. તેમણે બધી વિગત પૂછી. બનેલો પ્રસંગ જાણી સુરા ખાચરે કહ્યું, "હું પાછો ન ફરું ત્યાં સુધી તમે બધા અહીં જ બેસજો." એમ કહી સુરા ખાચર મારતે ઘોડે દરબારગઢમાં આવ્યા.

મહારાજ લીંબવૃક્ષ નીચે બેઠા હતા. પ્રાગજી દવે કથા વાંચતા હતા. થોડા સંતો અને હરિભક્તો મહારાજના દર્શન કરતા કરતા કથા સાંભળતા હતા. સુરા ખાચર ઘોડા ઉપરથી નીચે ઊતર્યા અને બાપ દીકરાને વઢતો હોય એમ માંડ્યા વઢવા, "મહારાજ ! આવું તમને શું સુઝ્યું ? તમે આમ નમેરા કેમ થયા ? આ ફૂલ જોવા છોકરાઓને આમ તરછોડાય ? તમે ભગવાન થઈ શરણાગતોને આમ તરછોડશો, તો તમારો ભરોસો કોણ કરશે ? એ બિચારાઓને વગર વાંકે આમ ઘરમાંથી કાઢી મૂકનારા તમે ભગવાન છો કે...? તમારું ભક્તવત્સલપણાનું બિરુદ ક્યાં ગયું ?"

ધૂંઆપૂંઆ સુરા ખાચરની વાત સાંભળી મહારાજ તદ્દન અજાણ હોય એમ બોલ્યા, "પણ દરબાર ! થયું છે શું ? પહેલા વાત તો કરો !"

મહારાજનો આ પ્રકારનો પ્રશ્ન સાંભળી સુરા ખાચર વધારે આક્રોશમાં આવ્યા અને કહે, "શું વાત કરે... શું તમે નથી જાણતા ? ઓલા છોકરાઓ રાધાવાવે રડતા બેઠા છે. એમની તમને જરાયે દયા ન આવી ? આમ તે કાંઈ એમના જ ઘરમાંથી કાઢી મેલાય ?"

સુરા ખાચરના તીખા શબ્દોને વચ્ચેથી જ રોકતા મહારાજે કહ્યું, "અરે હા દરબાર ! અમને તો એ વિચાર પણ ન આવ્યો ! એ બિચારા સાવ નોંધારા ક્યાં જાય ? અમારાથી મોટી ભૂલ થઈ ગઈ, નહીં ?" એમ કહી મહારાજે એક પાર્ષદને એભલ પરિવારને પાછો બોલાવવા મોકલ્યો.

પાર્ષદ બોલાવવા આવ્યા એટલે બધા દરબારગઢમાં આવ્યા. મહારાજ સામે ગયા, દાદા ખાચરને પ્રેમથી ભેટી પડ્યા અને બોલ્યા, "દાદા ! તમને બધાને ધન્ય છે. આટલી આકરી કસોટીમાં પણ તમારી શ્રદ્ધા ડગી નહીં. તમે અમારી કસોટીમાંથી ખરા પાર ઉતર્યા. અને દાદા ! અમે તો સાધુ છીએ, અમે આ

ગામગરાસને શું કરીએ ? તમે તમારો ગામગરાસ પાછો સંભાળી લ્યો.''

દાદા ખાચર બે હાથ જોડી કહે, ''મહારાજ ! આ બધું તો આપનું આપેલું હતું અને અમે આપને અર્પણ કર્યું, એમાં કાંઈ નવાઈની વાત નથી. હવે આ ગામગરાસનું આપને જે કરવું હોય તે કરો.''

દાદની વાત સાંભળી મહારાજ અત્યંત રાજી થયા અને બોલ્યા, ''દાદા ! અમારે આ ગામગરાસને શું કરવા ? આ ગામગરાસનો વહીવટ અમારી આજ્ઞાથી તારે જ સંભાળવાનો છે.''

ત્યારબાદ શ્રીહરિએ ઉપસ્થિત સર્વ દરબારો તરફ દૃષ્ટિ કરી અને બોલ્યા, ''દરબારો ! તમારામાંથી ઘણાને મનમાં હતું કે મહારાજ દાદા ખાચરને આટલા વશ કેમ થઈ ગયા છે ! એનો ઉત્તર દેવા માટે જ અમે આ આકરી કસોટી કરી હતી, બાકી તો જેમના રોમેરોમ અનંત બ્રહ્માંડો ફરે છે એવા અમારે તમારા આ ધૂળમાટીના ગામગરાસને શું કરવા છે?''

બલિરાજાના બલિદાનને પણ ટપી જાય એવા દાદા ખાચરના સમર્પણ પાસે બધા દરબારો ઝાંખા પડ્યા. દાદાના સમર્પણે સર્વની આંખો ઉઘાડી દીધી. સર્વના મસ્તક એભલ પરિવારને વંદી રહ્યા.

દાદા ખાચરના દરબારગઢના ઓરડાઓ આજે પણ આ અનોખા સમર્પણની ગાથાઓ ગાતા ગાતા જેમના તેમ ઊભા છે. દાદા ખાચર, એમના બહેનો અને દાદાનો દરબારગઢ ઈતિહાસમાં અમર થઈ ગયા !

મનની ધારણા પડાવી

સાધનામાર્ગમાં મુમુક્ષુને સૌથી વધારે અડચણરૂપ હોય, તો તે છે પોતાનું જ મન. દુન્યવી બધી જ કસોટીઓમાંથી પાર પડી જનારો મુમુક્ષુ ક્યારેક પોતાના જ મનની સામે હારી જતો હોય છે. મનમાં બાંધેલી ધારણા એ જ મુમુક્ષુને મોટું બંધન છે અને મનની ધારણાથી મુક્ત થવું એ જ મુક્તિ છે. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને એ જ કહે છે કે, 'તું તારી મનની ધારણાઓ મૂકી દે અને મારા વચનને અનુસર, એમાં જ તારું કલ્યાણ છે.' માટે ભગવાનને પણ મનનું ધાર્યું મૂકે એ જ મુમુક્ષુ ગમે છે. ગમે તેવો તપસ્વી હોય, ત્યાગી હોય, વૈરાગી હોય, જ્ઞાની હોય કે સેવા-ભક્તિ કરતો હોય, પણ જો એ મનધાર્યું કરતો હોય તો એમના ઉપર ભગવાનનો ખરો રાજીપો ઊતરતો નથી.

શ્રીજી મહારાજે એક દિવસ દાદા ખાચરની મનની ધારણાઓ માપવા અનોખી લીલા કરી. દાદા ખાચરના દરબારગઢના ઉગમણા બારના ઓરડાઓનું ચણતરકામ ચાલી રહ્યું હતું. કડિયાઓ સવારથી દિવાલ ચણતા હતા. સાંજ પડતા તો માથોડી દિવાલ ચણાઈ ગઈ હતી. એ સમયે મહારાજ ફરતા ફરતા ત્યાંથી નીકળ્યા. એમણે ચણાઈ રહેલી દિવાલ તરફ જોયું અને દેખરેખ રાખતા દાદા ખાચરને કહ્યું, "દાદા ! આ દિવાલ ત્રાંસી ચણાય છે, માટે પડાવી નાખો."

મહારાજની આજ્ઞા થઈ એટલે કોઈ જાતની શંકા વગર, દિવાલને જોયા વગર દાદાખાચરે દિવાલ પડાવી નાખી. બીજા દિવસે કડિયાઓએ ફરી આખો દિવસ ચણતર કામ કર્યું. સાંજનો સમય થયો એટલે પાછા મહારાજ ત્યાંથી પસાર થયા અને ઈદવાલ સામે જોઈને બોલ્યા, "દાદા ! તમે દિવાલ તો ચણાવો છો, પણ એ ઓળીંભે નથી, વાંકી-ચૂકી છે; માટે પડાવી નાખો." દાદા ખાચરે ફરી દિવાલ પડાવી નાખી.

ત્રીજો દિવસ થયો. કડિયાઓ આવ્યા. પાછી દિવાલ ચણવાનું ચાલુ થયું. સાંજ પડી. માથોડા સુધી દિવાલ ચણાઈ ગઈ. ત્યાં મહારાજ આવ્યા, ખોટો ઢોંગ કરતા કરતા દિવાલ તપાસી અને દાદા ખાચરને કહ્યું, "દાદા ! હજુ ઈદવાલ કાટખૂણે નથી, માટે પડાવી નાખો." દાદાખાચરે કોઈ જાતની શંકા-કુશંકા કર્યા વગર ત્રીજે દિવસે પણ દિવાલ પડાવી નાખી.

હવે દિવાલ ચણનારા કડિયાઓ કંટાળ્યા હતા, પણ કશું બોલી ન શક્યા. દરબારગઢના બીજા લોકો જે આ રોજનો તાલ જોઈ રહ્યા હતા એમને થતું હતું કે, 'મહારાજ આ શું કરાવી રહ્યા છે ?' કેટલાકને થતું હતું કે, 'મહારાજ જ્ઞાનવાર્તા મેલીને આ કડિયાકામમાં ક્યાં પડ્યા !' કેટલાકને થતું કે, 'મહારાજને વળી ચણતરમાં શું ખબર પડે ?' પરંતુ દાદા ખાચરની વાત ન્યારી હતી. ત્રણ-ત્રણવાર દિવાલ પડાવી છતાંય એમના મનમાં કોઈ જાતનો ખોટો ઘાટ નહોતો થયો.

દાદા ખાચરની આવી અડગ શ્રદ્ધા જોઈને અંતર્યામી મહારાજ બોલ્યા, "દાદા ! અમારો આ કારણ વગરનો ખોટો ખેલ જોઈને તને મનમાં કાંઈ થાતું નથી ?"

દાદાએ કહ્યું, "મહારાજ ! અમે તો આપના ચાકર છીએ. આપ આજ્ઞા કરો એ અમારે તો શિર સાટે. અમારે તો કોઈપણ રીતે આપને રાજી કરવા છે !"

દાદાખાચરના વચન સાંભળી મહારાજ ખૂબ પ્રસન્ન થયા અને બોલ્યા, “દાદા ! દિવાલ તો નિમિત્ત હતી, અમે તો તારું મન વાંચી રહ્યા હતા. અમારે દિવાલ નહોતી પડાવવી, અમારો આશય તો મનની ધારણાઓની દિવાલો તોડવાનો હતો.” ભગવાન શ્રી સ્વામિનારાયણની કસોટીની રીત અનોખી હતી. દાદાખાચર આવી તો અનેક કસોટીઓમાં સારધાર પાર ઊતર્યા હતા. એટલે તો આજે સ્વામિનારાયણ સંપ્રદાયમાં દાદાખાચરનું નામ મોખરે છે; વચનામૃતનાં પાને પાને એમનું નામ છે.

સ્વ-સ્વરૂપની ઓળખાણ

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને દાદા ખાચરનો સંબંધ અલૌકિક હતો. આ સંબંધમાં ક્યારેક પિતા-પુત્રનો ભાવ તો ક્યારેક ભક્ત અને ભગવાનનો ભાવ, ક્યારેક રક્ષક અને શરણાગતનો ભાવ તો ક્યારેક ભાઈ-ભાઈનો સંબંધ. અરે ! ક્યારેક તો માતા અને પુત્ર વચ્ચે હોય એવા નિર્બાધ પ્રેમનાં દર્શન થતાં. એમ અવારનવાર મહારાજ અને દાદા ખાચર વચ્ચે વિવિધ સંબંધોનાં દર્શન થતા.

એકવાર મહારાજ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતો સાથે રાધાવાવ પધાર્યા. એક આંબાના વૃક્ષ નીચે સંતોએ મહારાજ માટે આસન તૈયાર કર્યું, તે ઉપર મહારાજ બિરાજમાન થયા. સામે સંતો પણ બેઠા.

એ સમયે સચ્ચિદાનંદ સ્વામી તાજી અને કાચી ચાર કેરી લઈ આવ્યા અને મહારાજ આગળ મેલી. મહારાજે કેરીઓ હાથમાં લીધી અને બોલ્યા, “સ્વામી ! કેરીઓ તો બહુ સરસ થઈ છે. ધોઈને સુધારો તો જમીએ.”

સચ્ચિદાનંદ સ્વામીએ કેરીઓને ધોઈ, ખમણીથી ઝીણી સુધારી, ઉપર મીઠું નાખી કેરીની ખટાશ કાઢી અને મહારાજ આગળ મૂકી. ત્યારે મહારાજ કહે, “સ્વામી ! આમાં ગળપણ હોય તો ભારે સ્વાદ આવે.”

સાથે ગોળ કે ખાંડ હતા નહીં, તેથી સચ્ચિદાનંદ સ્વામીએ એક પાર્ષદને ગામમાં મોકલ્યા અને ગળપણ મંગાવીને કેરીના છૂંદામાં મેળવ્યું અને પાત્ર મહારાજને આપ્યું. મહારાજ એમાંથી થોડો છૂંદો જમ્યા. જેમ સારી ખાધાની વસ્તુ જોઈ માને પોતાનું બાળક યાદ એમ એમ મહારાજને છૂંદો જમી દાદા ખાચર યાદ આવ્યા અને બોલ્યા, “સંતો ! આ કેરીઓ તો દાદા ખાચર જમે એવી છે.”

મહારાજે દાદા ખાચરને યાદ કર્યા એટલે પેલા પાર્ષદ તેમને બોલાવી લાવ્યા. દાદા ખાચર આવ્યા, મહારાજને પગે લાગ્યા અને કહે, "હા મહારાજ ! મને યાદ કર્યો ?"

મહારાજ કહે, "દાદા ! તમને ખટાશ ઉપર રુચિ સારી છે કાં ?"

દાદા ખાચર કહે, "હા મહારાજ ! મને ખાટી વસ્તુ વધારે ભાવે." પછી મહારાજે દાદા ખાચરને પોતાની પાસે બેસાર્યા અને અતિ હેત દર્શાવતા થકા કેરીનો છૂંદો પોતે જમવા લાગ્યા ને દાદાખાચરને પણ જમાડવા લાગ્યા. એ રીતે બધો છૂંદો બન્ને સાથે જમ્યા. થોડીવાર થઈ ત્યાં તો દરબારગઢમાંથી થાળ આવ્યો. મહારાજ જમવા બેઠા અને દાદા ખાચરને પણ સાથે બેસાડ્યા. થાળમાં આવેલી વિવિધ વાનગીઓ પોતે જમતા જાય ને દાદાખાચરને જમાડતા જાય. ક્યારેક ક્યારેક સાથે આવેલા સંતોને પણ પ્રસાદી આપે. આમ સારી રીતે જમીને મહારાજે ચળુ કર્યું.

મહારાજ જમીને મંચ ઉપર બેઠા. બપોરનો સમય થઈ ગયો હતો એટલે થોડીવાર સંતો સાથે વાતો કરી અને પછી પોઢી ગયા. મહારાજે શરીર લાંબું કર્યું એટલે દાદા ખાચર મહારાજનાં ચરણ દાબવા માંડ્યા. થોડીવારમાં મહારાજને નિદ્રા આવી ગઈ અને દાદા ખાચરને પણ મહારાજના પગ દબાવતા દબાવતા નિદ્રા આવવા લાગી અને ઝોલા ખાવા લાગ્યા. એવામાં દાદાખાચરનું માથું મહારાજનાં ચરણને અડ્યું, એથી તેને નિદ્રામાં અક્ષરધામનાં દર્શન થયાં. અનંત મુક્તોએ સહિત મહારાજને દિવ્ય સિંહાસન ઉપર બેઠેલા જોયા. અનંત સૂર્યના તેજ જેટલું એ અક્ષરધામનું શીતળ-શાંત તેજ જોઈ દાદા ખાચરને ભારે આશ્ચર્ય થયું.

દાદા ખાચર અક્ષરધામનાં દર્શન કરી રહ્યા હતા ત્યાં મહારાજ જાગ્યા. દાદાને સૂતેલા જોઈ મહારાજે એમને જગાડ્યા અને પૂછ્યું, "દાદા ! તમને શું દેખાણું ?" ત્યારે દાદા ખાચર કહે, "અરે મહારાજ ! આજે તો હું ધન્ય થઈ ગયો. જે સ્વરૂપ અક્ષરધામમાં બિરાજે છે એ જ તમે સાક્ષાત અહીં પણ બિરાજો છો." આમ દાદા ખાચર પોતાને થયેલો અનુભવ કહેતા. ત્યાં મહારાજ કહે, "દાદા ! જ્યાં અમારો જન્મ છે, ત્યાં તમારો પણ જન્મ છે. અમે છીએ ત્યાં તમે છો. જેમ તમને અક્ષરધામમાં અમે દેખાણા તેમ તમે પણ ત્યાં છો ને અમે આંહી છીએ તો તમે પણ આંહી છો. દાદા ! આજ સુધી તમે અમને એ રીતે સમજતા નહોતા, તેથી

તમને અક્ષરધામનાં દર્શન કરાવ્યાં.''

ત્યારે દાદા ખાચરે હાથ જોડીને કહ્યું, ''હા મહારાજ ! હું તમને એવા નહોતો જાણતો, હવેથી આવી રીતે જ સમજીશ.''

આમ વાતો ચાલતી હતી ત્યાં સચ્ચિદાનંદ સ્વામી પાકી આઠ કેરીઓ લાવ્યા ને મહારાજની આગળ મૂકી. ત્યારે મહારાજ કહે, ''સ્વામી ! કેરીઓ સુધારો.'' ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ કેરીઓ સુધારી મહારાજને આપી. મહારાજ એક ચીર પોતે જમે અને બીજી દાદા ખાચરને આપતા જાય. એ રીતે ચાર કેરી પોતે જમ્યા ને ચાર કેરી દાદા ખાચરને જમાડી.

મહારાજની આ લીલા જોઈ બ્રહ્માનંદ સ્વામી બોલ્યા, ''બાપ-દીકરો બે એકલા કેરીઓ જમ્યા, અમને કોઈને ન આપી તે પંક્તિભેદ થયો કહેવાય અને શાસ્ત્રોમાં પંક્તિભેદનો બહુ મોટો દોષ કહ્યો છે !''

ત્યારે મહારાજ કહે, ''સ્વામી ! અમે પંક્તિભેદ ક્યાં કર્યો ? આ રહ્યા ગોટલાં !'' એમ કહીને મહારાજે ત્રણ ગોટલાં નિત્યાનંદ સ્વામીને આપ્યાં, ત્રણ ગોટલાં બ્રહ્માનંદ સ્વામીને આપ્યાં અને બે ગોટલાં ચૈતન્યાનંદ સ્વામીને આપ્યા.

પછી મહારાજ ઘોડીએ સવાર થઈને ગામ તરફ ચાલ્યા. દાદા ખાચર અને સંતો ગાડામાં બેઠા. રસ્તામાં નિત્યાનંદ સ્વામીએ દાદાખાચરને પૂછ્યું, ''દાદા ! તમે અને મહારાજ છાની છાની વાતો કરતા હતા તે શું હતું ?'' ત્યારે દાદા ખાચરે પોતાને સ્વપ્નમાં દેખાણું હતું તે વાત કહી. તે સાંભળીને સૌ રાજી થયા.

ગઢડું મારું... હું ગઢડાનો

ઉનાળાની ભયંકર ગરમી પડી રહી હતી. એ ગરમીમાં ઉઘાડા પગે વિચરણ કરતા અખંડાનંદ સ્વામીને શરીરે ગરમી ચડી. પેટમાં ભારે દુઃખાવો ઉપડ્યો હતો. વારંવાર શૌચ જવાને લીધે સ્વામીનું શરીર અત્યંત દુર્બળ થઈ ગયું હતું. સાથે ઔષધ-ઉપચારની કોઈ વ્યવસ્થા ન હતી, તેથી સાથેના સંતો એમને લઈને ગઢપુર આવી રહ્યા હતા. સ્વામીથી ચલાતું નહોતું, તેથી સંતો સ્વામીને ઝોળીમાં નાખી લાવતા હતા. માથા ઉપર સૂર્યનો તાપ, પગ તળે ધગધગતી ધરતી અને પાછું વજન ઉપાડવાને લીધે સાથેના સંતો પણ થાકી ગયા હતા.

હવે આગળ ચાલવું બધા માટે દુષ્કર હતું, તેથી રસ્તાને કાંઠે એક ઘટાદાર વૃક્ષ નીચે બધા સંતો બેઠા હતા અને અખંડાનંદ સ્વામીની થઈ શકે એટલી સેવા

કરતા હતા. એવા સમયે ત્યાંથી એક વેલડું નીકળ્યું. એ વેલડું દાદા ખાચરનું હતું. તેમાં જીવુબા અને લાડુબા બેઠા હતા. તેઓ કારિયાણી ગયા હતા, તે ત્યાંથી પાછા ગઢપુર આવી રહ્યા હતા.

જીવુબાએ દૂરથી વૃક્ષ નીચે બેઠેલા સંતોને જોયા. ગઢડા નજીક હોવા છતાં સંતો આવા તડકામાં અહીં કેમ બેઠા છે ? તે જાણવા વેલડું હાંકનારને જીવુબાએ કહ્યું, "ભાઈ ! જાઓ તો, તપાસ કરો કે સંતો અહીં કેમ રોકાણા છે !"

ગાડું હાંકનાર સંતો પાસે આવ્યો. સંતો પાસેથી ખબર મેળવ્યા કે અખંડાનંદ સ્વામી બીમાર છે, માટે એ અહીં રોકાયા છે.

ખેડૂએ પાછા ફરી કહ્યું, "બા ! આ તો અખંડાનંદ સ્વામી છે. સ્વામીને ગરમી લાગી ગઈ છે અને ઝાડા થઈ ગયા છે; ચાલી શકાય એટલી શરીરમાં શક્તિ રહી નથી, તેથી સંતો સ્વામીની સેવા કરે છે."

જીવુબાએ પેલા ખેડૂને કહ્યું, "તું જા અને સ્વામીને આ વેલડામાં સૂવાડી દે. અમે ચાલતા ગઢડા પહોંચી જાશું."

ગાડું હાંકનારે સંતોને વાત કરી કે, "બા કહેવડાવે છે કે સ્વામીને વેલડામાં સુવડાવી દો. અમે ચાલતા પહોંચી જશું." એમ કહી ખેડૂએ સ્વામીને વેલડામાં બેસવાનો આગ્રહ કર્યો, પણ સ્વામી માન્યા નહીં.

સ્વામીના મનમાં થયું, 'એ દરબારી દીકરીઓ ક્યારેય આવા તડકામાં પગે ચાલ્યા ન હોય અને પાછું મારા શરીર ઉપર મારું નિયંત્રણ રહ્યું નથી. મળમૂત્રથી કપડાં બગડે, વેલડાનાં પાથરણાં બગડે.'

એકબાજુ વિવેકશીલ સંત હતા, બીજી બાજુ ભક્તિમંત જીવુબા હતા. જીવુબાને જેટલા ભગવાન વ્હાલા હતા, એટલા જ ભગવાનના સંતો-ભક્તો વ્હાલા હતા. એમણે પોતાનાં ધન-ધરા-ધામ સર્વસ્વ ભગવાન અને ભગવાનના ભક્તને અર્થે અર્પણ કરી રાખ્યું હતું.

ખેડૂએ જીવુબાને સ્વામી ના પાડે છે એમ કહ્યું, ત્યારે જીવુબાએ પોતાના સમ દઈને સ્વામીને વેલડામાં સૂવાડ્યા. વેલડું ગઢપુરના માર્ગે રવાના થયું. બહેનો હાથમાં માળા લઈ વેલડાથી થોડે દૂર ચાલતા રહ્યા.

હવે વાત એમ હતી કે, વેલડામાં નવીનકોર અઢાર રજાઈઓ પાથરેલી હતી. કારિયાણીમાં દાદાખાચરનું મોસાળ હતું. મામાએ આ રજાઈઓ ભાણીબાને

ભેટ આપી હતી. નવીનકોર રજાઈઓ બગડી રહી હતી. સ્વામી મનમાં કોચવાઈ રહ્યા હતા, પરંતુ બહેનોને તો અંતરમાં સંતની સેવાનો અવસર મળ્યો એનો આનંદ હતો. સહજભાવે ગઢપુરની રાજકુંવરીઓને પગે ચાલવાનો અભ્યાસ ઓછો હોય, ઉપરથી માથે તાપ તપી રહ્યો હોય, છતાં બહેનોનાં અંતર આનંદથી ઉભરાઈ રહ્યાં હતાં.

વેલડું ગઢપુર પહોંચ્યું. જીવુબાએ પાર્ષદોને બોલાવી સ્વામીને સાધુઓની ધર્મશાળામાં લેવરાવ્યા અને ઔષધ-ઉપચારો શરૂ કરાવ્યા, બીજી બાજુ બહેનોએ બગડેલી બધી જ રજાઈઓ જાતે ધોઈ, તડકે સૂકવી.

એ સમયે મહારાજ ગઢપુરમાં જ બિરાજમાન હતા. મૂળજી બ્રહ્મચારીએ મહારાજને સ્વામીની માંદગીના સમાચાર આપ્યા. મહારાજ તૂર્ત જ સ્વામીને દર્શન દેવા સાધુની ધર્મશાળામાં પધાર્યા. મહારાજે સ્વામીના મસ્તક પર હાથ મેલ્યો. મહારાજના સ્પર્શથી સ્વામીને સર્વ પ્રકારે શાંતિનો અનુભવ થયો. માંદા સંતની સેવા કરનારા સેવકો ઉપર મહારાજ ખૂબ જ રાજી થયા.

અક્ષરઓરડીએ પરત જતાં મહારાજની દૃષ્ટિ સૂકાઈ રહેલી નવી નકોર રજાઈઓ ઉપર પડી. મહારાજે સાથે ચાલતા સેવકને પૂછ્યું, “આટલી બધી નવી રજાઈઓ કેમ ધોવી પડી ?”

સેવકે મહારાજને બધી વિગત જણાવી. ગઢપુરપતિની રાજકુંવરીઓએ પોતાના સંતની નીચી ટેલચાકરી કરી, એ સાંભળી મહારાજ અત્યંત રાજી થયા. એમનાં નેત્રમાં હર્ષના અશ્રુ છલકાયાં.

મહારાજને પોતાના સેવક થાય એ કરતાંય સેવકના સેવક થાય એ એમને ખૂબ જ ગમે છે. જીવુબા અને લાડુબાની આ સેવા વિષે સાંભળી મહારાજ ભાવવિભોર થઈ ગયા અને તેથી જ મહારાજના મુખમાંથી ‘ગઢડું મારું... હું ગઢડાનો...’ શબ્દો સરી પડતા હતા.

ગઢપુરમાં મંદિરનું નિર્માણ

ભગવાન શ્રી સ્વામિનારાયણે અમદાવાદ, ભૂજ, વડતાલ, જૂનાગઢ, ધોલેરા વગેરે ગામોમાં ભવ્ય મંદિરો બાંધ્યાં અને તેમાં પોતાના હાથે મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. ઠેર ઠેર બંધાઈ રહેલા મંદિરોને જોઈ એભલ ખાચરના પરિવારજનો દાદા ખાચર તથા લાડુબા, જીવુબા વગેરેએ પણ મહારાજને ગઢપુરમાં મંદિર કરવાનું

વચન માગી લીધું.

હવે મહારાજને ગઢપુરમાં મંદિર કરવું છે. સારી જગ્યાની શોધમાં છે. ગઢડામાં ચોતરફ મહારાજે તપાસ કરી અને એક વિશાળ જગ્યા પસંદ કરી, પણ એ જમીન જીવા ખાચરની માલીકીની હતી. મહારાજે જીવા ખાચરને વાત કરી ત્યારે ઈચ્છા ન હોવા છતાં ના ન પાડી શક્યા અને સુખેથી મંદિર કરવાની રજા આપી. મહારાજ જીવા ખાચર ઉપર ખૂબ રાજી થયા.

બીજે દિવસે મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીયે ઢોલિયા ઉપર બિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ સંતો-ભક્તોની સભા ભરાઈને બેઠી હતી. એ સમયે જીવોખાચર પણ આવ્યા અને મહારાજને પગે લાગીને સભામાં બેઠા.

જીવા ખાચરને જોઈ મહારાજ બોલ્યા, "અ પૃથ્વી ઉપર જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર રહે ત્યાં સુધી અમારી ઉપાસનાનું પ્રવર્તન થતું રહે એ માટે અમે મોટા મોટા મંદિરો બાંધ્યા છે અને દેવો પધરાવ્યા છે. હવે અમે ગઢપુરમાં પણ મંદિર બનાવીશું. બાપુ જીવા ખાચરે એ મંદિર માટે પોતાની જમીન પણ આપી છે, એટલે ટૂંક સમયમાં કામ પણ શરુ થશે."

મહારાજની વાત સાંભળી સર્વ સંતો-ભક્તો અત્યંત રાજી થયા અને જીવા ખાચરના સમર્પણને વધાવવા લાગ્યા. ત્યારે જીવા ખાચર કહે, "મહારાજ ! મંદિર કરવાનો સામાન મંગાવ્યો ?"

ત્યારે મહારાજ કહે "બાપુ ! પહેલા તે જગ્યાનો લેખ કરી આપો, પછી સામાન મંગાવીએ." એમ કહી મહારાજે લાધા ઠક્કરને લેખ લઈ આવવાનું કહ્યું. લાધા ઠક્કર આવ્યા એટલે મહારાજે કહ્યું "જીવા ખાચર ! આ લેખ ઉપર સહી કરો."

ત્યારે જીવા ખાચરે કહે "મહારાજ ! આજ લેખ કરવો રહેવા દ્યો, કાલે કરશું." એમ કહી જીવા ખાચર બીજી વાતે ચઢી ગયા અને એક કલાક સુધી વાતને ગોળ ગોળ ફેરવી મહારાજને પગે લાગીને જતા રહ્યા.

બીજે દિવસે મહારાજ તે જ ઓરડે સભા કરીને બિરાજમાન થયા હતા. જીવા ખાચર આવ્યા અને મહારાજને દંડવત કરી સભામાં બેઠા. જીવા ખાચરને જોઈ લાધા ઠક્કર પણ કાગળ લઈ આવ્યા અને મહારાજને પગે લાગીને બેઠા.

ત્યારે મહારાજે કહ્યું, ‘‘જીવાખાચર ! કાલે લેખ કરવાનું કહ્યું હતું તે આજ લેખ ઉપર સહી કરો.’’ ત્યારે જીવા ખાચરે જાણે મધમાં જીભ બોળી હોય એમ મીઠે સાદે કહે, ‘‘અરે મહારાજ ! જીવો બોલે એમાં ફેર ન પડે. એક વાર મેં એ જમીન કૃષ્ણાર્પણ કરી પછી કાગળમાં શું લીટા તાણવા ?’’

ત્યારે લાધા ઠક્કર કહે, ‘‘બાપુ ! તમે મહારાજના ખરા ભગત છો, પણ આગળ જતા પરિવારમાં કંઈ સમજણ ફેર થઈ તો ?’’ લાધા ઠક્કરની ઝીણી ટકોર જીવા ખાચરનું મુખ કાળું કરતી ગઈ. જીવા ખાચર થોડીવાર તો કંઈ બોલ્યા નહીં પણ પછી કહે, ‘‘અરે મહારાજ ! અમે તમારા ભગત, અમારા છોકરાઓ તમારા ભગત, પછી સમજણફેર થવાની તો ક્યાં વાત જ આવે છે ?’’

‘‘અરે બાપુ ! સમજણની વાત જવા દ્યો, ન કરે નારાયણ અને કાલ સવારે કોઈનું મન બગડ્યું, ત્યારે શું કરવું ? આ તો કળિયુગ છે !’’ લાધા ઠક્કરે થોડા કડક અવાજે કહ્યું.

ત્યારે જીવા ખાચર કહે, ‘‘ભણું, દરબારમાં સૌને પૂછી જોઈને કાલે લેખ કરશું, આજ રહેવા દ્યો.’’ એમ કહીને એ ઊઠ્યા અને જતા રહ્યા.

પછી લાધા ઠક્કરે મહારાજને કહ્યું ‘‘કેમ મહારાજ ! જીવાખાચર જેમ ગાડાનું પૈડું ફરે એમ બોલ્યે ફરે છે. શું એ લેખ કરી આપે એવું તમને જણાય છે ?’’ ત્યારે મહારાજ કહે, ‘‘જણાય તો છે, પણ કાલે જોઈએ, શું જવાબ આપે છે !’’

બીજે દિવસે જીવા ખાચર આવ્યા ત્યારે મહારાજે કહ્યું, ‘‘જીવા ખાચર ! હવે લેખ કરો. તમે કાલે કહેતા હતા જે આવતી કાલે કરી આપશું.’’ ત્યારે જીવાખાચર કહે ‘‘મહારાજ ! બીકબકોર હોય ત્યારે અમારે કામમાં આવે એવી એ જમીન છે, માટે મંદિર તમે બીજે ઠેકાણે કરો.’’ એમ મંદિર કરવાની ના પાડી અને મહારાજને પગે લાગીને જતા રહ્યા. મહારાજ પણ સભાને ઊઠવાની આજ્ઞા કરીને અક્ષરઓરડીયે પધાર્યા.

ત્યાં સભામાં બેઠેલા બોટાદના સોમલા ખાચર અને ભગા દોશી અક્ષર ઓરડીએ આવ્યા. એમણે મહારાજનો મંદિર કરવાનો તીવ્ર સંકલ્પ જાણેલો એટલે એમણે મહારાજને કહ્યું, ‘‘મહારાજ ! તમે બોટાદ પધારો, તમે કહો તેટલી અને તમે કહો ત્યાં મંદિર કરવા જમીન આપીએ.’’ ત્યાં સુરા ખાચર આવ્યા. એમણે મહારાજને કહ્યું, ‘‘તમે લોયે મંદિર કરો ને ત્યાં તમે કહો તેટલી જગ્યા આપીએ.’’

એ જ સમયે કારિયાણીવાળા વસ્તા ખાચર આવ્યા. તેમણે પણ કહ્યું, “મહારાજ ! તમે કારિયાણી પધારો અને ત્યાં મંદિર કરો. અમે તમે જેમ કહો તેમ કરી આપીયે.” તેવામાં સારંગપુરથી જીવા ખાચર આવ્યા. તેમણે પણ બહુ તાણ કરીને કહ્યું, “મહારાજ ! અમારું ગામમાં બધી જ રીતે મંદિર કરવનું અનુકુળ છે, માટે સારંગપુરમાં મંદિર કરો તો સારું.” ત્યારે મહારાજ કહે, ‘ચાલો આપણે સારંગપુર જઈએ.’ એમ કહીને ગાડું મંગાવી અને મહારાજ ગાડા ઉપર બેઠા.

ગાડું ચાલતું થયું. મહારાજ મંદિર કરવાની જગ્યા જોવા સારંગપુર જઈ રહ્યા છે, એ વાત જાણી લાડુબાએ સુરા ખાચર, સોમલા ખાચર વગેરે ભક્તોના નામ લઈ દાદા ખાચરને કહ્યું, “તમે બેસી શું રહ્યા છો ? ઓલા બધા મહારાજને લઈને જાય છે. એ તેમને ગામ મંદિર કરાવશે અને મહારાજ પણ અહીંથી જતા રહેશે.”

તે સમયે દાદા ખાચરે એક જ લૂગડું પહેરેલું. લાડુબાની વાત સાંભળી તે દોડ્યા અને મહારાજનું ગાડું હજુ દરવાજા સુધી પહોંચ્યું હતું, ત્યાં જઈ ગાડા આગળ રસ્તામાં સૂઈ ગયા. હાંકનારે ગાડું ઊભું રાખ્યું. ગાડું ઊભું રહ્યું એટલે મહારાજ કહે, “કેમ ગાડું ઊભું રાખ્યું ?” ત્યારે ગાડું હાંકનારો કહે, “મહારાજ ! દાદાખાચર આગળ આવીને રસ્તામાં સૂતા છે.”

ત્યારે મહારાજ કહે, “કોઈ છે કે નહિ..? એને પગે ઝાલીને રસ્તામાંથી ફગાવી નાખો. અમારે જવાનું મોડું થાય છે.” મહારાજની આવી કઠોર વાણી સાંભળી દાદાખાચર ચોધાર આંસુએ રડવા લાગ્યા. રસ્તામાંથી ઊભા થઈ, બે હાથ જોડી આજીજી કરતા મહારાજ પાસે આવ્યા અને મહારાજને બાથ ભરીને રોતાંરોતાં કહ્યું, “મહારાજ ! તમારી મરજી હોય તો ગઢ ઉપર મંદિર કરાવો, કારણ કે એ જમીનમાં પણ મારો ભાગ છે. તે સરકારમાં લડીને મારા ભાગની જમીન ઉપર મંદિર કરાવીએ; અને એમ ન કરવું હોય તો આ દરબારગઢ તમારો જ છે. અહી જ્યાં તમારી મરજી પડે અને અનુકૂળતા આવે ત્યાં ત્યાં મંદિર કરાવો.”

દાદા ખાચરને રડતા જોઈ મહારાજની સાથેના ભક્તોને ભારે દયા આવી. સોમલા ખાચરે દાદાખાચરને છાના રાખ્યા અને મહારાજને કહ્યું, “મહારાજ ! અત્યારે જેમ દાદા ખાચર રાજી થાય તેમ કરો. અમારા ગામમાં પછી મંદિર કરાવીશું. દાદા ખાચર અને આ બહેનોને કોચવીને અમારે તમને નથી લઈ જવા.”

ત્યારે મહારાજે ગાડું પાછું વળાવ્યું. દરબારગઢમાં પધાર્યા અને પછી દક્ષિણાદા બારના પાંચુબાવાળા ઓરડા પડાવી, મુહૂર્ત જોવરાવીને મહારાજે પોતાને હાથે મંદિરનું ખાતમુહૂર્ત કર્યું.

કલ્યાણનું દ્વાર મંદિર

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની કાયમી નિવાસભૂમિ ગઢપુરમાં મંદિર નિર્માણનો આરંભ કરાવ્યો. આ મંદિરનું કામ સ્વયં મહારાજની દેખરેખમાં ચાલવા લાગ્યું. જ્યાં સુધી મંદિરનું કામ ચાલ્યું, ત્યાં સુધી મહારાજ બનતા સુધી વિચરણમાં ન જતા અને સતત દેખરેખ રાખી કામ કરાવતા.

મંદિર નિર્માણમાં ભારે શ્રમયજ્ઞ ચાલતો. મહારાજે પ્રકરણ ચલાવ્યું હતું કે, 'સંતો-ભક્તો-પાર્ષદો તમામ જ્યારે ઘેલા નદીએ નાહીને પાછા વળે, ત્યારે જેનાથી જેવડો ઉપડે એવડો પથ્થર માથે લેતો આવવો અને એ પથ્થર મંદિરના પાયામાં નાખવો.'

આમ સંતો-હરિભક્તો રોજેરોજ પથ્થર લાવવા લાગ્યા. સ્વયં મહારાજ પણ પોતાનાં માથા ઉપર પથ્થર લેતા. એ જોઈ સંતો-ભક્તોનો ઉત્સાહ વધી જતો અને મંદિર નિર્માણનું કામ જોશમાં ચાલતું.

એ સમયે મહારાજે ઘોષણા કરી હતી કે, 'મંદિરના આ પાયામાં એક પથ્થર નાખશે એને પણ અમે અમારા ધામમાં તેડી જઈશું.'

કહેવાય છે કે, એક કુસંગી ડોશીમાએ કૂતરાને મારવા નાનો પથ્થર ફેંક્યો, પરંતુ એ પથ્થર કૂતરાને ન વાગતા દડતો દડતો પાયામાં જઈ પડ્યો. એ એક નાની કાંકરીના પ્રતાપે ભગવાન શ્રી સ્વામિનારાયણે ડોશીમાના અંતકાળે દર્શન દીધા હતા અને ધામમાં તેડી ગયા.

ગઢપુર મંદિર થઈ રહ્યું છે, એ જાણીને સમસ્ત સત્સંગમાં આનંદ-ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતું. દૂર દૂરથી ભક્તજનો સેવા કરવા માટે આવતા હતા. ક્યારેક ક્યારેક કડિયાને પગાર ચૂકવવામાં પૈસાની ભારે ખેંચ પડતી. આવા સમયે દાદા ખાચર તથા પરિવારના અન્ય સભ્યો સર્વસ્વ સમર્પણ કરવા તત્પર રહેતા. બહેનો પોતાનાં ઘરેણાંઓ આપી દેતા, તો દાદા ખાચર કોઈ પણ જાતની વ્યવહારની ચિંતા કર્યા વગર મહારાજનાં વચને પોતાની જાત ઘસી નાખતા.

કટોકટીના પ્રસંગે એભલ ખાચરના પરિવારનું મહારાજ પ્રત્યેનું સમર્પણ

જોઈ ભલભલા સંતો તથા ભક્તો આશ્ચર્યથી મોઢામાં હાથ નાખી જતા અને મનોમન વંદી પડતા.

મૂંઝવણ ટાળી

વિશાળ મંદિરનું કામ ચાલતું હતું. પથ્થરનું ઘડતર અને ચણતર સારી રીતે ચાલતું હતું. સંતો તથા દેશદેશના ભક્તજનો તન-મન-ધનથી થાય તેટલી સેવાઓ કરતા હતા.

મંદિરનું નિર્માણ સારી રીતે થાય એ માટે મહારાજ સારામાં સારો પથ્થર દૂર દૂરથી મંગાવતા હતા, ચૂનાને સારી રીતે પીસી ઉપયોગમાં લેવડાવતા હતા અને પથ્થરોને ઘડનારા અને ઘડેલા પથ્થરોનું ચણતર કરનારા કારીગરોને ઊંચા પગારે રોક્યા હતા. સર્વે સાધન-સામગ્રી લાવવામાં અને કારીગરોના પગાર ચૂકવવામાં સારા એવા પૈસાની જરૂર પડતી. આ ઉપરાંત દરબારગઢમાં રહેતા સંતો-ભક્તો તથા દર્શને આવતા ભક્તોની રહેવા-જમવાની કાયમી વ્યવસ્થામાં પણ સારું એવું ધન વપરાતું હતું.

હવે દાદા ખાચરનું પરગણું માત્ર છ ગામનું. એ આવકમાંથી આ બધી વ્યવસ્થા કરવી એ અશક્ય હતું. પૈસાની ભારે ખેંચ રહેતી. ક્યારેક ક્યારેક તો કડિયાઓને પગાર ચૂક્તે કરવાના પણ પૈસા ખૂટી પડતા. પૈસા ભેગા કરવાના તમામ ઉપાયો કરવા છતાં કોઈ માર્ગ ન મળતો, ત્યારે દાદા ખાચરને મનમાં ભારે મૂંઝવણ રહેતી.

દાદા ખાચરની મૂંઝવણને મહારાજ પારખી ગયા હતા. એક દિવસ મહારાજે દાદાને પાસે બોલાવ્યા અને કહ્યું, “દાદા ! તમે અમને કેવા જાણો છો ?”

દાદા ખાચર મહારાજની સામે જોઈ કહે, “અરે મહારાજ ! તમે તો સાક્ષાત લક્ષ્મીપતિ પુરુષોત્તમ નારાયણ છો.”

“તો દાદા ! તમે નાહકની ચિંતા કેમ કરો છો ?” એમ કહી મહારાજે દાદા ખાચરને મંદિર સામી આંગળી ચીંધી અને કહ્યું, “જૂઓ...”

દાદા ખાચરે સામાન્ય પથ્થર-ચૂનામાંથી બની રહેલા મંદિરની જગ્યાએ આખું સુવર્ણનું મંદિર જોયું. સુવર્ણનું મંદિર જોઈ દાદા ખાચરની આંખો પહોળી થઈ ગઈ અને મહારાજને કહ્યું, “અરે મહારાજ ! હવે તો આમ જ રહેવા દ્યો !”

મહારાજ કહે, “દાદા ! હું ધારું તો આવા અનેક મંદિર જમીનમાંથી ઊભા કરું, પણ આપણે તો અનેક જીવોની સેવા લેવી છે અને એમનું કલ્યાણ કરવું છે.

માટે તમે નાહકની ચિંતા ન કરો અને અમારા વિશ્વાસે કામ કર્યે રાખો.''

મહારાજની વાત સાંભળી દાદા ખાચરને થતી તમામ ચિંતા ટળી ગઈ અને ઉત્સાહમાં આવી મંદિરનું કામ કરાવવા લાગ્યા.

મૂર્તિ-પ્રતિષ્ઠા

મહારાજની દેખરેખમાં એક બાજુ મંદિરનું નિર્માણ ચાલુ હતું, તો બીજી બાજુ શ્રી ગોપીનાથજી મહારાજની મૂર્તિ ઘડવાનું કામ પણ ચાલુ હતું. નારાયણજી સુથાર મૂર્તિ ઘડવાનું કાર્ય કરતા અને મહારાજ સ્વયં બાજુમાં બેસીને દેખરેખ રાખતા.

જેવું સર્વોપરી મંદિર બની રહ્યું હતું, એવી જ સર્વોપરી મૂર્તિ બનાવવાનું મહારાજે વિચારેલું. નારાયણજી સુથાર મહારાજનાં ચરણારવિંદ, હસ્તારવિંદ, મુખારવિંદ અને વક્ષઃસ્થળ વગેરે એક એક અંગનું માપ લેતા જતા અને એ જ માપ પ્રમાણે ગોપીનાથજીની મૂર્તિ ઘડતા જતા.

આખરે મંદિર અને મૂર્તિ નિર્માણનું કામ પૂર્ણ થયું. બે માળનું બંગલાઘાટનું સુંદર મંદિર જાણે અક્ષરધામમાંથી ઊતરી આવ્યું હોય એવું ભાસવા માંડ્યું. ગોપીનાથજીની મૂર્તિ પણ ભારે રમણીય અને મનોહર તૈયાર થઈ. મહારાજની ઊંચાઈ સવા ચોસઠ તસુ અર્થાત્ આશરે પાંચ ફૂટ, ચાર ઈંચ હતી. શ્રી ગોપીનાથજી મહારાજની મૂર્તિ પણ એટલી જ ઊંચી, સાંગોપાંગ સપ્રમાણ અને રમણીય થઈ. નખશિખ સુંદર મૂર્તિ નિહાળીને મહારાજ નારાયણજી સુથાર ઉપર ખૂબ જ રાજી થયા, સરપાવ આપ્યો અને મૂર્તિ સામે જોઈ બોલ્યા, ''આ મૂર્તિમાં અમે અખંડ નિવાસ કરીને રહીશું અને ભક્તોના મનોરથ પૂર્ણ કરીશું.''

વિક્રમ સંવત્ ૧૮૮૪ આસો સુદ-૧૨ના રોજ મહારાજે હજારો સંતો-ભક્તોની હાજરીમાં ભારે ધામધૂમ સાથે શ્રી ગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા કરી હતી. આ સમયે દાદા ખાચર અને એમના પરિવારનો આનંદ હૈયામાં સમાતો નહોતો. ઉત્સવમાં પધારેલા સંતો-ભક્તોની દેખરેખમાં કોઈ ખામી રહેવા દીધી ન હતી. બહેનોએ સ્વયં વિશાળ અન્નકૂટ તૈયાર કર્યો હતો.

મંદિરના મધ્ય ખંડમાં ભગવાન શ્રી ગોપીનાથજી, કહેતા શ્રીકૃષ્ણ અને રાધાજીની મૂર્તિઓ પધરાવવામાં આવી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વપ્રથમ ગઢપુરમાં નાનકડા ઓરડામાં વિક્રમ

સંવત્ ૧૮૬૨, ફાગણ વદી બીજના મંગલ દિવસે ભગવાન શ્રી વાસુદેવનારાયણ પધરાવ્યા હતા. ભગવાન શ્રી વાસુદેવનારાયણની એ મૂર્તિ ગોપીનાથજી મહારાજના મંદિરના આથમણા ખંડમાં પધરાવવામાં આવી. સાથે સાથે ધર્મદેવ અને ભક્તિમાતાની મૂર્તિ પણ ત્યાં જ પધરાવી.

ભારત સૂર્યપૂજકોનો દેશ છે. સૂર્યને સાક્ષાત્ નારાયણ માનવામાં આવે છે. દરરોજ સવારે ભારતીયો જલાંજલિ અર્પીને સૂર્યનારાયણનું પૂજન કરે છે. ગઢપુરની ચારે બાજુનો પાંચાળ પ્રદેશ કાઠી-દરબારોનો પ્રદેશ ગણાય છે. કાઠી-દરબારોનો સૂર્યવંશ સાથે સંબંધ છે. તેઓ પ્રાચીનકાળથી સૂર્યની પૂજા કરતા રહ્યા છે. ભગવાન સ્વામિનારાયણે ગઢપુરમાં બંધાવેલ ગોપીનાથજી મહારાજનાં મંદિરનાં ઉગમણા ખંડમાં સૂર્યનારાયણ પધરાવીને સૂર્ય-પૂજા પ્રત્યે પોતાનો આદર વ્યક્ત કર્યો છે. પ્રાચીન સમયમાં ગઢપુર દ્વારિકાનું શાખાનગર ગણાતું. બળદેવજીની સાથે ભગવાન શ્રી કૃષ્ણ અનેકવાર આ સ્થળે વિહાર માટે પધારતા. આ વાતને લક્ષ્યમાં રાખીને ભગવાન શ્રી સ્વામિનારાયણે સૂર્યનારાયણની સાથોસાથ શ્રી કૃષ્ણ, બળદેવજી અને રેવતીજીને પણ પધરાવ્યા.

ગોપીનાથજીના થાળ

ગઢપુરમાં ગોપીનાથજી મહારાજ તથા અન્ય દેવોની ધામધૂમથી પ્રતિષ્ઠા થઈ. પૂજારી નિત્ય મૂર્તિમાં પ્રગટપણાનો ભાવ રાખી સેવા-પૂજા કરવા લાગ્યા. એક દિવસ મહારાજે દાદા ખાચરને કહ્યું, “દાદા ! મંદિરમાં ગોપીનાથજી દેવની પ્રતિષ્ઠા થઈ. હવે તેમની નિરંતર સારી પેઠે સેવા થતી રહે, થાળ ધરાવાતા રહે એવી વ્યવસ્થા કરવી પડશે.”

ત્યારે દાદા ખાચર કહે, “મહારાજ ! તમે જેમ કહો તેમ કરું.”

પછી મહારાજ કહે, “દાદા ! હું કહું તેટલી જમીન ગોપીનાથજી મહારાજને અર્પણ કરો.” પછી શ્રીજી મહારાજ દાદા ખાચર તથા બીજા પાર્ષદોને સાથે લઈ રાધાવાડીએ પધાર્યા. અહીં મહારાજ ઉઘાડા પગે ખેતરમાં ચાલ્યા. તે ફરતા ફરતા ઉગામેડીના મારગે આવીને ઉભા રહ્યા અને કહ્યું, “દાદા ! આટલી જમીન ગોપીનાથજીને આપો.”

પછી દાદા ખાચરે એ બસો વીઘા જેટલી જમીન ગોપીનાથજી મહારાજને કૃષ્ણાર્પણ કરી. તે વખતે ગામ સુંદરીયાણાના પૂંજા શેઠ શ્રીજી મહારાજની સાથે

હતા. તે મહારાજ ઉઘાડા પગે ચાલ્યા હતા તે પગલે પગલેથી ચરણરજ પોતાની પાઘડી છોડી એમાં ભરી લીધી.

પછી મહારાજ દરબારમાં પધાર્યા ત્યારે લાડુબા બોલ્યા જે, “મહારાજ ! ક્યાં પધાર્યા હતા ?”

મહારાજ કહે, “દાદાખાચરે ગોપીનાથજીના થાળમાં બસો વીઘા જમીન આપી.”

ત્યારે લાડુબા કહે, “મહારાજ ! દાદાએ પોતાની સારી જમીન હતી તે ગોપીનાથજીને આપી, તે હવે એના ઢોર ક્યાં ચરશે ? માટે એમાંથી થોડીક જમીન દાદા ખાચરને ખાતે રહેવા દ્યો.”

પછી મહારાજે દાદા ખાચરે અર્પણ કરેલી જમીનમાંથી થોડી જમીન પાછી આપી. આ રીતે મહારાજનાં એક વચને દાદા ખાચરે પોતાનો કોઈ પણ પ્રકારનો વિચાર કર્યા વિના મહારાજે કહી તેટલી જમીન ગોપીનાથજી મહારાજને અર્પણ કરી.

દાદા ખાચરનાં લગ્ન

એભલ ખાચરનો અક્ષરવાસ થયો એને ઘણા વર્ષો થઈ ગયા છે. હવે દાદા ખાચર ઉંમરલાયક થયા એટલે એમના વિવાહની વાત ચાલવા લાગી. એક દિવસ દાદા ખાચરના માતુશ્રી સોમબા મહારાજ પાસે આવ્યા અને પ્રાર્થના કરતા કહ્યું, “મહારાજ ! દાદો હવે પરણવાલાયક થયો છે. જો આપની આજ્ઞા હોય તો એમના માટે કન્યાની શોધ કરાવું.”

મહારાજ કહે, “સોમબા ! તમે બહુ સારી વાત કરી. અમને પણ અંતરમાં રહ્યા કરે છે કે હવે દાદાના લગ્ન થાય તો સારું. માટે તમે સારી કન્યાની શોધ કરાવો, આપણે જલ્દી દાદાના લગ્ન લેવા છે.”

મહારાજ અને સોમબા પોતાનાં લગ્નની વાત કરે છે, એ જાણી દાદા ખાચર ઘણું કોચવાણા. સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની જેમના ઉપર દૃષ્ટિ પડે એમના વિકાર માત્ર તણાઈ જતા હોય, ત્યારે આ તો દાદા ખાચર હતા. સતત મહારાજનું સાનિધ્ય હતું, મોટા મોટા રજવાડા અને ગામગરાસ મૂકીને ત્યાગી થઈ ગયેલા સાધુઓનો સંગ હતો. અરે ! ગૃહસ્થાશ્રમમાં રહ્યા થકા પણ જનક જેવા નિર્લેપ ભક્તોની સાથે રહેતા દાદા ખાચર પોતાના વિવાહની વાત સાંભળી કેમ

રાજી થાય ? એ તો તરત ગયા સોમબા પાસે અને કહ્યું, "બા ! જો તમે મારું ભલું ઈચ્છતા હો તો મારા લગ્નની વાત પડતી મૂકો. મારે તો આ સંતોની સાથે રહી ભજન-ભક્તિ કરવા છે અને થાય એટલી મહારાજની સેવા કરવી છે. મારે સંસારની માયામાં પડવું નથી, માટે મારા લગ્નની વાત કરશો જ નહીં."

સોમબા તરત મહારાજ પાસે આવ્યા અનેકહ્યું, "મહારાજ ! દાદો લગ્ન કરવાની ના પાડે છે. એ તો હઠ લઈને બેઠા છે કે મારે પરણવું જ નથી."

મહારાજ કહે, "સોમબા ! તમારા કુળમાં બધા જગતથી ઉલટા પ્રવાહે ચાલનારા જનમ્યા છે. બધા જ મુક્તો છે. લોકો લગ્નની વાટ જોઈને બેઠા હોય છે, જ્યારે અહીં પરાણે પરણાવવા પડે છે ! માયાના પ્રવાહમાં તમારો પરિવાર તણાયો નથી એ જ એમનું મુક્તપણું છે."

મહારાજે દાદા ખાચરને બોલાવ્યા અને લગ્નની વાત કહી. ત્યારે દાદા ખાચર કહે, "મહારાજ ! જો આવા ફાસલામાં મને બાંધવો હતો તો સત્સંગનો રંગ શા માટે છાંટ્યો ? તમારી પાસે આવનારા મુમુક્ષુઓને તમે સાધુ થવાની વાત કરો છો અને મને સંસારના ગાળિયામાં પગ નાખવાનું કહો છો ! મને એ હરગીજ મંજૂર નથી."

હજારો જીવોને સંસાર છોડાવનારા અને સંસારીઓને પણ ત્યાગી બનાવનારા શ્રીજી મહારાજ માટે દાદા ખાચરને સમજાવવાનું કામ મુશ્કેલ હતું, પરંતુ અંતે મહારાજે દાદાને સમજાવતા કહ્યું, "દાદા ! તમે અમને કેવા જાણો છો ?"

દાદા ખાચર કહે, "મહારાજ ! તમે તો અક્ષરધામના અધિપતિ પૂર્ણપુરુષોત્તમ નારાયણ છો."

"તો દાદા ! અમારું કહ્યું માનો. તમે લગ્ન કરો. તમે એભલબાપુના કુળદીપક છો. એ દીવો મારે ઓલવવા દેવો નથી. એમની જ્યોત મારે સદાય પ્રગટેલી રાખવી છે. દાદા ! તમે તો અંબરીષ અને વિદેહી જનક જેવા છો. તમારું કુળ અહીંથી જ અટકે એવું મારે થવા દેવું નથી. માટે તમારે લગ્ન કરવા જ પડશે. અમે તમને વચન આપીએ છીએ, કે તમે સંસારમાં રહ્યા થકા નિર્લેપ રહેશો. તમે સંસારમાં રહેશો, પણ સંસાર તમને સ્પર્શી નહીં શકે."

મહારાજની આજ્ઞા થતા દાદા ખાચરના નેત્રમાં આંસુ આવી ગયા. એમણે મનમાં વિચાર્યું, કે જો હવે મહારાજની આજ્ઞા નહીં પાળું તો અસુર કહેવાઈશ.

માટે કમને પરણવાની હા પાડી.

દાદાની હા સાંભળી સર્વે પરિવારજનો રાજી થયા. સોમબા, જીવુબા, લાડુબા વગેરે પરિવારજનો દાદા માટે સારી કન્યાની શોધ કરવા લાગ્યા. અંતે શોધ પૂરી થઈ. બોટાદ ગામના માતરા ધાધલની ગુણવાન અને રૂપવાન સુપુત્રી કુમુદાબાઈ સાથે દાદા ખાચરના વિવાહ લેવાયા. નવપરણિત યુગલે મહારાજના આશીર્વાદ લીધા અને એમનો સંસાર શોભી ઊઠ્યો.

મારું વેલડું હાંકો તો પરણું !

દાદા ખાચર પરણ્યા, ઘણા વર્ષો ગયાં પણ એમને કોઈ સંતાન થતું ન હતું, એટલે જીવા ખાચર દાદા ખાચરના ગરાસ ઉપર ડોળો માંડીને બેઠા હતા. નવાઈની વાત એ હતી કે જીવા ખાચરનો પૂરોયે પરિવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અસાધારણ ભક્તિથી ભર્યો હતો. જીવા ખાચર પોતાના જ પરિવારમાં એકલા પડી ગયા હતા, પરંતુ લોભ અને ઈર્ષ્યા એનો પીછો છોડતા ન હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાસમર્થ હતા. હજારો લોકોના મનનાં મનોરથો એમણે પૂર્ણ કર્યાં હતાં, પરંતુ દાદાખાચરે ક્યારેય ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે સંતાનની કામના કરી ન હતી. એમની નિષ્કામ ભક્તિ અને નિષ્ઠા અજોડ હતા.

આખરે દાદા ખાચરના બહેનો જીવુબા અને લાડુબાથી રહેવાયું નહિ. એમણે મહારાજને વિનંતી કરી, "મહારાજ ! દાદા ખાચરને કોઈ સંતાન નથી. ગઢપુરનો વારસદાર કોણ થશે ? એની સર્વને ચિંતા છે, માટે આપ દાદાખાચરને ત્યાં દીકરો થાય એવા આશીર્વાદ આપો."

ભગવાન શ્રી સ્વામિનારાયણે આશીર્વાદ આપવાને બદલે જૂદો જ માર્ગ ચીંધ્યો. એમણે કહ્યું, "બહેનો ! દાદા ખાચર જો બીજું લગ્ન કરે, તો એમને ત્યાં દીકરો થાય !"

મહારાજની મરજી સાંભળી સૌએ મળીને દાદા ખાચરને ખૂબ સમજાવ્યા, પણ દાદાખાચર કોઈ રીતે બીજું લગ્ન કરવા તૈયાર થતા ન હતા. પ્રગટ ભગવાન શ્રીહરિની મૂર્તિનું ધ્યાન, ભજન, સ્મરણ અને સેવન એમાં જ એને આનંદ હતો. દાદા ખાચરને તો પહેલું લગ્ન પણ કરવું ન હતું, પરંતુ મહારાજે આજ્ઞા કરી એટલે માંડ માંડ લગ્ન માટે તૈયાર થયેલા.

દાદાખાચર બીજાં લગ્ન માટે કોઈ રીતે ન માન્યા, ત્યારે જીવુબા-લાડુબા વગેરે સર્વેએ મહારાજને વિનંતી કરી, "મહારાજ ! આપ આજ્ઞા કરશો, તો જ દાદો માનશે."

ભગવાન શ્રી સ્વામિનારાયણે દાદાખાચરને પ્રથમ તો સમજાવી જોયા અને આખરે આદેશ કર્યો કે, "તમારે બીજાં લગ્ન તો કરવા જ પડશે."

મહારાજની આજ્ઞા થઈ એટલે દાદાખાચર ના ન કહી શક્યા, પરંતુ એમણે એક ગજબની શરત મૂકી. એમણે કહ્યું, "મહારાજ ! જાનમાં મારું વેલડું તમે હાંકો અને મારી જાનમાં સાધુઓ જોડાય, તો જ મારે પરણવા જવું, નહીંતર નહીં."

ભગવાન શ્રી સ્વામિનારાયણે મંદ મંદ હાસ્ય સાથે દાદાખાચરની માગણીને માન્ય રાખી. અર્જુનના રથને ભગવાન શ્રી કૃષ્ણે હાંક્યો હતો, એ જ રીતે દાદા ખાચરની વેલ્યને શ્રીજી મહારાજે હાંકી.

સાધુઓથી કોઈ ગૃહસ્થની જાનમાં જવાય નહિ, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણે દાદા ખાચરને પ્રસન્ન કરવા માટે મોટા મોટા ત્યાગી-વૈરાગી સાધુઓને પણ જાનમાં જોડ્યા !

દાદા ખાચરની માગણીનો મર્મ અનોખો હતો. 'જીવનરૂપી રથને હાંકનારા ભગવાન હોય અને ઉત્તમ સંતોનો સંગ હોય, તો એ જીવનરથ મનુષ્યદેહના પરમ લક્ષ્યને અવશ્ય પ્રાપ્ત કરે.'

દાદા ખાચરના બીજાં લગ્ન રાજુલા પાસેના ભટવદર ગામે નાગપાલ વરુની દીકરી જશુબાઈ સાથે થયેલાં અને એમને ત્યાં બાવા ખાચર તથા અમરા ખાચર નામે બે પુત્રોનો જન્મ થયેલો. દાદાખાચરના લગ્નની કથાનું રોચક વર્ણન સંપ્રદાયના ગ્રંથોમાં ઉપલબ્ધ છે.

સાધુઓની ધર્મશાળાનું નિર્માણ

એક દિવસ સંધ્યા વખતે મહારાજ ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીયે બિરાજમાન હતા. સાથે મોટી સંખ્યામાં સંતો-ભક્તો પણ ઉપસ્થિત હતા. વાસુદેવનારાયણની આરતી-ધૂન કરી રહ્યા પછી સૌ સંતો મહારાજને પગે લાગીને સભામાં બેઠા.

એ વખતે ચોમાસાનો સમય હતો. ધીમો ધીમો વરસાદ પડતો હતો. ત્યારે મહારાજે સંતોને પૂછ્યું, "તમે રાત્રે ક્યાં રહો છો ?" સંતો કહે, "મહારાજ ! ઘેલાનદીના પટમાં રહીએ છીએ. ઘેલાની રેતી અને ઠંડા વાયરાને લીધે ઠીક રહે છે. કોઈક સાધુઓ પીપળાવાળી વાડીયે, કોઈક લક્ષ્મીવાડીએ અને કોઈક વળી દુકાનોના ઓટે પડ્યા રહે છે."

સંતોનો જવાબ સાંભળી મહારાજે સભામાં ચારેકોર દૃષ્ટિ ફેરવી અને બોલ્યા, "સંતો ! તમે અમારા માટે ઘર છોડ્યા અને તમારા માટે રહેવા મકાન નથી ? આવા ચોમાસાના સમયમાં નદીના પટમાં ને બજારમાં રહો છો, તે જીવજંતુઓનું જોખમ કેટલું રહે !" પછી દાદાખાચરને બોલાવ્યા અને કહ્યું, "દાદા ! સાધુને રહેવાની જગ્યા નથી, તે જ્યાંત્યાં પડ્યા રહે છે, માટે કાંઈક રહેવાની વ્યવસ્થા થાય તો સારું."

દાદા ખાચર કહે, "મહારાજ ! મારા આ ચારેય ઓરડાઓ તમારા જ છે, એમાં સાધુઓને રાખો."

મહારાજ કહે, "પણ દાદા ! સાધુઓ ઓરડામાં રહેશે તો તમે ક્યાં રહેશો ?" ત્યારે જેમણે સાધુઓને પોતાના સાચા સગા માન્યા છે એવા દાદા ખાચર કહે, "અરે મહારાજ ! અમારી શીદ ચિંતા કરો છો ? અમે ઓરડાઓની પાછળની જગ્યામાં રહેશું." પછી મહારાજે સાધુને પૂછ્યું, "તમને આ જગ્યા ઠીક પડશે ?" ત્યારે સાધુઓ કહે, "અમને રહેવાનું તો ઠીક પડે, પણ મહારાજ ! દાદા ખાચરને ઘરમાં અવરજવરમાં અગવડ પડે. બાઈમાણસોએ સાધુઓને લીધે હેરાન થવું પડે, એવું અમારે નથી કરવું."

ઘણા વિચારવલોણાં ચલાવ્યાં, પણ સાધુઓને રહેવાનું સારું સ્થાન ન દેખાણું એટલે મહારાજે કહ્યું, "સંતો ! તમે રાત્રે વિચારજ્યો કે તમારે ક્યાં રહેવું છે, પછી તમને જેમ ઠીક પડશે તેમ કરીશું." એમ કહીને મહારાજ અક્ષરઓરડીયે પધાર્યા અને પોઢી ગયા. બીજે દિવસે સવારમાં નિત્યવિધિ કરી મહારાજ શ્વેત વસ્ત્ર ધારણ કરી, ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીયે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. તે વખતે સર્વે સંત-ભક્તો મહારાજને પગે લાગીને બેઠા. હરિભક્તોએ મહારાજનું હાર પહેરાવી પૂજન કર્યું. પ્રાગજી દવેએ થોડીવાર ભાગવતની કથા વાંચી. કથા પૂરી થયા પછી મહારાજે સંતોને પૂછ્યું, "તમને સાધુઓને કાલે રહેવાની જગ્યા

વિષે કહ્યું હતું, તેનો શો વિચાર કર્યો ?''

ત્યારે સંતો કહે, ''મહારાજ ! લક્ષ્મીબાગમાં પાણીની વ્યવસ્થા સારી છે અને ત્યાં મર્યાદા પણ જળવાઈ રહે, જો ત્યાં રહેવાનું ગોઠવાય તો ઠીક થાય.'' સંતોનો જવાબ સાંભળી મહારાજે દાદા ખાચરને કહી ઘોડી મંગાવી. દાદા ખાચર ઘોડી ઉપર સામાન મંડાવી લાવ્યા એટલે સંતો-ભક્તો સાથે મહારાજ લક્ષ્મીવાડીયે પધાર્યા.

લીંબડાના વૃક્ષ નીચે ઊભા રહી મહારાજે દાદા ખાચરને પૂછ્યું, ''દાદા ! અહીં સાધુઓ માટે ધર્મશાળા કરવી છે, તો કઈ જગ્યાએ કરીશું ?'' ત્યારે દાદા ખાચર કહે, ''અરે મહારાજ ! એમાં મને શું પૂછવાનું ? સંતોને જ્યાં યોગ્ય લાગે ત્યાં ધર્મશાળા કરીએ.'' ત્યારે સર્વે સંત કહે, ''મહારાજ ! અમને જગ્યામાં ન ખબર પડે, આપની જ્યાં મરજી હોય ત્યાં કરો.'' ત્યારે દાદા ખાચર કહે, ''મહારાજ ! આ વૈરાગી સંતો કંઈ બોલશે નહીં, આપણે નિત્યાનંદ સ્વામીને પૂછીએ, એ જરૂર જગ્યા બતાવશે.''

મહારાજે સ્વામીને જગ્યા વિશે પૂછ્યું એટલે સ્વામીએ હાલમાં મંદિર છે તેથી દક્ષિણાદી કોર જગ્યા બતાવી. પછી મહારાજ કહે, ''સ્વામી આગળ ચાલે અને નિશાન કરતા જાય.'' ત્યારે નિત્યાનંદ સ્વામી આગળ ચાલ્યા અને ધર્મશાળા કરવાના નિશાન કર્યાં. પછી સ્વામી કહે, ''હવે જ્યારે મૂહુર્ત આવે ત્યારે પાયો ગળાવજો.''

તે વખતે મહારાજ ઘોડીયેથી હેઠા ઊતર્યા અને કહ્યું, ''લાવો કોદાળી.'' કોઈ કોદાળી લાવ્યા એટલે તે હાથમાં લઈને મહારાજે સાત ફેરી ટચકા કરીને પાયો ગાળવાનું મૂહુર્ત કર્યું. પછી સાધુ બધા મળીને પાયો ખોદવા માંડ્યા. ત્યારે મહારાજ કહે, ''પાણી જોશે તે વાડીયેથી ધોરીયો કરીને લાવો.'' પછી ધોરીયેથી પાણી લાવ્યા, પણ ગારો કરવા પાવડો ન મળે, તેથી મહારાજે કહ્યું, ''હાથ એ પાવડા.''

પછી સૌ ગારો કરવા માંડ્યા અને દિવાલ પણ ચણવા માંડ્યા. તે થોડીવારમાં સૌ સંતો-ભક્તોએ મળી ઉગમણો કરો વેંત જેટલો ચણી નાખ્યો અને દક્ષિણ દિશાનો કરો ચણવાની તૈયારી કરવા માંડ્યા અટલે મહારાજ કહે, ''હવે આટલું રાખો,

બીજું કામ પછી કરજો.'' એમ કહી મહારાજ ઘોડીયે સવાર થઈને સૌ સાથે દરબારમાં પધાર્યા. સમય જતા તે ધર્મશાળા પૂરી થઈ ત્યારે સાધુઓ તેમાં રહેતા.

ઓરડો ખાલી કરાવ્યો

એક દિવસ શ્રીજી મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીયે ઢોલિયા ઉપર બિરાજમાન હતા. મહારાજની આગળ કથા વંચાતી હતી. સંતો-ભક્તો મહારાજના અનિમેષ દર્શન કરતાં કરતાં કથાનું શ્રવણ કરી રહ્યા હતા. દર્શને આવતા ભક્તો હાર-તોરા વગેરે સામગ્રીઓ વડે મહારાજનું પૂજન કરતા હતા. જેણે કરીને મહારાજના કંઠમાં ગુલાબના હાર, પાઘ ઉપર પીળા ફૂલોના તોરા અને હાથમાં ગજરો શોભી રહ્યા હતા.

એવા સમયે અચાનક મહારાજ ઊભા થયા અને દાદા ખાચર રહેતા હતા તે ઓરડા પાસે ગયા અને ઉંબરામાં ઊભા ઉભા ઓરડામાં દાદા ખાચરના ઘરના અને બીજા બહેનો બેઠા હતા તેમને સંબોધીને કહે, ‘‘આ ઓરડાઓમાં અમારા સાધુને ઉતારા આપવા છે, માટે તમે બધા અત્યારે જ તમારી ઘરવખરી લઈ બહાર નીકળો અને ઓરડા ખાલી કરી દ્યો !'' અને બહાર સભામાં બેઠેલા સંતો તથા પાળાને કહે, ‘‘તમે બધા ઓરડામાં આવો. આ પટારા, વાસણ, ઢોલિયા આદિક સામાન બીજા ઓરડામાં લીયો.'' એમ કહીને મહારાજ પાછા ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા.

મહારાજનું આ ન સમજાય એવું વર્તન જોઈ સભામાં બેઠેલા મુક્તાનંદ સ્વામીથી ન રહેવાયું. તેઓએ મહારાજને કહ્યું, ‘‘મહારાજ ! દાદો ખાચર દરબાર કહેવાય, તેમનો ઉતારો વારે વારે ફેરવાવો એ સારું ન લાગે.''

ત્યારે મહારાજ કહે, ‘‘સ્વામી ! અમે એમનો ઉતારો નથી ફેરવાવતા, એમનાં અંતઃકરણમાં પડેલી ધારણાઓને ફેરવીએ છીએ; અને એ પણ ખરા ખપવાળા છે, તે અમે જે જે વચન કહેતા ગયા તેમ તેમ તે કોઈ પણ પ્રકારનો મનમાં સંશય કર્યા વિના કરતા ગયા. અને સ્વામી ! હું દુર્વાસાનો પણ ગુરુ છું. તે કોઈ અમને એક દિવસ પણ સત્સંગમાં રાખી શકે તેમ નથી, પણ આ એભલ ખાચરના પરિવારે વર્ષોથી અમને બાંધી રાખ્યા છે. જીવુબાઈ, લાડુબાઈ, દાદોખાચર અને એમનાં ઘરનાં મનુષ્યો, તેમણે કોઈ દિવસ અમારાં વચનમાં સંશય કર્યો નથી. એમણે

ઘરબાર ને ગરાસ સર્વ અમારાં નામે કરી મેલ્યાં છે. જેમ પાણી વગર માછલું તરફડે એમ એ અમારા વિના તરફડી જીવ કાઢી નાખે એવા છે. એમના વર્તમાનની સારધારતા અને અમારામાં દૃઢ વિશ્વાસને કારણે અમે તેમના ઘરે રહ્યા છીએ ને અમે એને વશ થયા છીએ.''

અહીં મુક્તાનંદ સ્વામી સાથે આમ વાતો ચાલતી હતી અને ત્યાં દાદા ખાચરના ઓરડામાંથી બધો સામાન બહાર નીકળતો હતો. તે જોઈ મહારાજ ફરી ઊભા થયા અને પાળાઓને કહી બહાર કાઢેલો સામાન પાછો એ જ ઓરડામાં મૂકાવ્યો. આ રીતે મહારાજ વારંવાર દાદા ખાચર અને એમના પરિવારજનોની કસોટી કર્યે રાખતા.

તીર્થવાસીઓ માટે ઓરડો આપ્યો

એકવાર શ્રીજી મહારાજ ઘેલા નદીમાં ના'વા પધાર્યા. સાથે થોડા સંતો અને હરિભક્તો પણ હતા. ચોમાસાનો સમય હોવાથી નદીમાં નિર્મળ નીર વહી રહ્યાં હતાં. મહારાજ સંતો-ભક્તો સહિત જળલીલા કરી રહ્યા હતા. એ સમયે દ્વારિકાની યાત્રાએ નીકળેલા કોઈક સાધુ નદીને કાંઠે કરગઠિયા વીણી રસોઈ કરવા માટે અગ્નિ પ્રગટાવવા મથી રહ્યા હતા. ફૂંક મારી મારી માંડ અગ્નિ પ્રગટે, ત્યાં વરસાદના થોડા છાંટા પડે અને પાછો અગ્નિ ઓલવાઈ જતો હતો.

આ દૃશ્ય મહારાજની નજરમાં આવ્યું. સાધુની અકળામણ જોઈ મહારાજનાં કરુણાભર્યા હૃદયમાં કરુણાના નિર્મળ નીર વહેવા લાગ્યાં અને બાજુમાં ઊભેલા જીવાખાચરને કહ્યું, "દરબાર ! પેલો બિચારો સાધુ રસોઈ કરવા માટે કેટલી માથાકૂટ કરે છે !''

જીવા ખાચર કહે, "હા મહારાજ ! પણ આ વરસાદ ક્યાં અગ્નિ પ્રગટવા દે છે.'' "બાપુ ! આપણું આ ગઢડું શહેર કહેવાય અને પાછું દ્વારિકાના માર્ગમાં આવે. અહીં અવારનવાર અનેક તીર્થયાત્રાળુઓ નીકળતા રહે છે. જો એમના માટે એકાદો ઓરડો કરાવો તો સારું. એ બિચારા બહુ દુઃખી થાય છે તે એમને અનુકુળતા રહેશે.''

મહારાજની ઓરડો કરવાની વાત સાંભળી જીવોખાચરે મોઢું લંઘાઈ ગયેલા રીંગણા જેવું કર્યું અને કહે, "મહારાજ ! એવા બાવલિયા તો ઘણાય રઝળતા ફરતા હોય, એમના માટે ઓરડા કરવાના ખોટા ખર્ચા શું કામ કરવા !''

જીવા ખાચરનો જવાબ સાંભળી મહારાજ કાંઈ બોલ્યા નહીં. પાણીની બહાર નીકળી કોરાં વસ્ત્રો પહેરી સીધા દાદા ખાચરના દરબારગઢમાં આવ્યા. ઉગમણાબારના ઓરડાની ઓસરીએ સભા કરીને બિરાજમાન થયા. સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી ભાગવતની કથા વાંચતા હતા. એ સમયે ખેતરે ગયેલા દાદા ખાચર આવ્યા અને મહારાજને પગે લાગી સભામાં બેઠા.

કથા પૂરી થઈ એટલે મહારાજે દાદા ખાચરને કહ્યું, "દાદા ! આજ અમે નદીયે ના'વા ગયા હતા. ત્યાં એક તીર્થે નીકળેલા સાધુ નદીને કાંઠે રસોઈ કરતો હતો, પણ વરસાદને લીધે પેટાવેલો અગ્નિ વારેવારે ઓલવાઈ જતો હતો. તે રસોઈ કરવામાં એને ભારે મુશ્કેલી પડતી હતી. માટે દાદા ! એવા યાત્રાળુ તો કેટલાય આવતા હશે. એમના માટે એકાદો ઓરડો હોય, તો એમને બધી રીતે સારું રહે."

મહારાજની વાત સાંભળી દાદા ખાચર કહે, "મહારાજ ! નવો ઓરડો કરવો એનાં કરતા આ મારો રહેણાંકનો ઓરડો તીર્થવાસીના ઉતારા માટે રાખો."

ત્યારે મહારાજ કહે, "પણ દાદા ! તમારો ઓરડો આપી દેશો તો તમે ને તમારા ઘરનાં મનુષ્ય ક્યાં રહેશો ?"

દાદા ખાચર કહે, "મહારાજ ! હું સાધુ ભેગો રહીશ ને મારા ઘરનાં મનુષ્ય જીવુબા ભેગાં રહેશે."

દાદાખાચરનું આવું વચન સાંભળી મહારાજે જીવાખાચર સામું જોયું અને કહે, "જૂઓ જીવાખાચર ! તમને મેં કહ્યું ત્યારે તમે કેવો ઉત્તર આપ્યો અને આ દાદાખાચરે કેવો વિનયથી ઉત્તર આપ્યો. એ મારે વચને પોતાને રહેવાનો ઓરડો આપવા તૈયાર થઈ ગયા. તમને એમ રહ્યા કરે છે ને કે મહારાજ આખો દિવસ 'દાદો દાદો' શું કામ કરે છે ? આ એનો જવાબ છે. દાદાએ અમારાથી અધિક કશું નથી રાખ્યું અને અમે પણ દાદાથી મોટા કોઈને નથી જાણ્યા !" મહારાજની વાત સાંભળી જીવા ખાચરનું મોઢું શરમથી ઝૂકી ગયું અને કોઈ ઉત્તર આપવા જેવું ન રહ્યું.

દાદા ! તું ખરો ભક્ત

દાદાખાચરના દરબારમાં ઘણા વરસથી ફૂલી ડોશી કામ કરતી હતી. ડોસો નાની ઉંમરમાં મૃત્યુ પામેલો એટલે દાદા ખાચરે દરબારગઢમાં કામે રાખેલી. દાદાના ગઢમાં કામ કરતા દસેક વરસ થઈ ગયેલા. ત્રણે ટાઈમ ખાવા

અને સૂવા મળી રહે, એથી વિશેષ બીજું તેને શું જોઈએ ?

એક દિવસ દરરોજના ક્રમ પ્રમાણે ફૂલી ડોશી સવારમાં દાદા ખાચરનો ઓરડો સાફ કરતી હતી. એ વખતે પટારા ઉપર ચારસો રૂપિયાની કોથળી જોતાં જ એનું મન ઠેકડે ચડ્યું. ધન જોતાં તો મુનિવરનાં મન પણ ચળે, એમાં આ બિચારી પામર ડોશીનું મન શીદ હાથ રહે? ઓરડામાં કોઇ હતું નહીં, ચારેબાજુ જોઇ કોઇ દેખે નહીં એ રીતે ડોશીએ કોથળી કેડ્યમાં ભરાવી. સાવરણી ખૂણામાં મેલી, કોથળી ઉપર સાડલાનો છેડો બરાબર આડો ઢાંક્યો અને ઉતાવળા પગે ડેલીથી સરકીને ઊભી બજારે ચડી. સૂરજનાં કિરણ ધરતી માથે પથરાતાં તો હમણાં સીમાડો વટી જઈશ એમ વિચારી પૂરી શક્તિ વાપરી ચાલ્યે જતી હતી.

દરબારગઢમાં દાદા ખાચર પૈસાની કોથળી ગોતવા લાગ્યા. ક્યાંય પત્તો ન લાગ્યો. તપાસ કરતાં ખબર પડી કે ફૂલી ડોશી અને કોથળી બન્ને નથી, એટલે જરૂર એ ડોશી જ લઈને જતી રહી છે. આ વાતની મહારાજને ખબર પડી એટલે મહારાજ પણ પૈસા ગોતાવા લાગ્યા.

આ બાજુ ડોશી ગઢપુરને સીમાડે પહોંચી પણ એથી આગળ ન વધી શકી. સીમાડા બહાર પગલાં ન પડ્યાં, આંખે અંધાપો આવ્યા જેવું થયું. પાંચ-દશ ડગલાં ઉત્તરમાં ચાલે, પાંચ-દશ ડગલા પૂર્વમાં ચાલે, બે ડગલાં દક્ષિણમાં ચાલે ને ફરી પશ્ચિમ તરફ વળે. એમ આંધળાની જેમ ઘૂમરે ચડી. એકાદ કલાક સુધી આમને આમ સીમાડાની અંદર જ ભટક્યા કરે, બહાર નીકળાણું જ નહીં. અંતે થાકીને પાછી દરબારગઢમાં આવી.

ડોશીએ પ્રવેશ કર્યો એટલે દરબારગઢમાં ગણગણાટ થવા લાગ્યો. ઝીણી ઝીણી વાતો સાંભળી પોતાની ચોરી પકડાઇ ગઇ છે એ જાણી ગઇ. મહારાજ પણ ઓસરીની કોરે ડોશી સામે જોઇ બેઠા હતા. આ દૃશ્ય જોઇ ડોશી મહારાજની સામે નીચું ઘાલીને ઊભી રહી.

મહારાજ કહે, “એલી ડોસી ! આવું ચોરીનું ભૂંડું કામ કરતા તને શરમેય ન આવી ?”

મહારાજના કડકાઈભર્યાં વચન સાંભળી ડોસી તો કાપો તો યે લોહી ન નીકળે એવી સ્થિતિમાં પથ્થર જેવી જડ બનીને જમીનમાં ખાંભી ખોડાઈ હોય તેમ ઊભીઊભી થરથર કાંપતી રહી. તેને કાંઈ બોલવાની પણ શુદ્ધબુદ્ધ ન રહી.

બસ તેના હોઠેથી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... નામ અને આંખમાંથી આંસુડાની ધારો વહેતી હતી.

મૂઢ બનીને ઊભેલી ડોશીને જોઈ મહારાજે દાદા ખાચરને કહ્યું, "દાદા ! જોઈ શું રહ્યા છો, તમારા રૂપિયાની ચોરી કરનારીને મારો."

"અરે મહારાજ ! આ ડોસી તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ નામનું ભજન કરે છે, તેને મારાથી કેમ મરાય ?"

"અરે દાદા ! તમેય મૂરખ જેવી વાત કરો છો, તમારા દરબારમાં આવા કુટેવવાળા માણસો હોય તેના પર ધ્યાન ન રખાય ? આજે આ ડોસીએ કર્યું, કાલ બીજું કો'ક કરશે ત્યારે ? માટે અમે કહીએ છીએ તેમ કરો, તેને પાંચ-દસ કોરડા મારો, તેને શિક્ષા કરશો તો તે ખો ભૂલી જાય અને બીજા કોઈની આવું કરવાની હિંમત ન ચાલે."

દાદા ખાચર કહે, "હે મહારાજ ! આ ડોશીને તો કુમતિ સૂઝી તે રૂપિયા લીધા. પણ મારો દીકરો માર્યો હોત તોએ તે સ્વામિનારાયણનું ભજન કરે છે, તેથી મારો હાથ તેને મારવા માટે ન ઊપડે ! હું તો તેને પગે લાગું છું." એમ કહી દાદાએ બે હાથ જોડી ફૂલીબાઈને પગે લાગ્યા.

ફૂલીબાઈ તો ડૂસકું મેલીને શ્રીજી મહારાજના ચરણમાં ઢળી પડી. તેની આંખમાંથી પસ્તાવાના ચોધાર આંસુનાં ઝરણાં વહેતાં થયાં.

દાદા ખાચરનું વચન સાંભળી મહારાજે પોતાના ગળામાં ફૂલનો હાર હતો તે દાદા ખાચરને પહેરાવીને ભેટી પડતા કહ્યું, "ધન્ય ધન્ય દાદા, તું ખરો ભક્ત છો !"

જન્મ-મરણનો રોગ ટાળ્યો

ભારતીય સંસ્કૃતિમાં અનાદિકાળથી સંતોનો ખૂબ જ મહિમા રહ્યો છે. પશ્ચિમની સંસ્કૃતિ વિજ્ઞાનની છે, તો પૂર્વની સંસ્કૃતિ સાધુ-સંતોની છે.

ભારતમાં એક એવો સમય આવ્યો કે જ્યારે સાચા સાધુઓનું દર્શન દુર્લભ થયું હતું. એવા વખતે ભગવાન શ્રી સ્વામિનારાયણે સનાતન ધર્મના સંતબીજની રક્ષા કરી અને વૈદિક સંત-પરંપરા સમાજને આપી. ઘોર કળિકાળના પ્રભાવે જ્યારે સંતબીજ વિકાસની ક્ષમતાઓ ગુમાવી રહ્યું હતું, ત્યારે જ ભગવાન શ્રી સ્વામિનારાયણે વિશાળ સમુદાયમાં આદર્શ સંતો તૈયાર કર્યા અને ભારતીય

સંસ્કૃતિનાં મૂળ સમાન સંતબીજોને સાચવી લીધાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુ થવું એ સરળ વાત નહોતી. એ સંતોને આકરી કસોટીમાંથી પસાર થવું પડતું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતોના આત્મબળને મજબૂત કરવા માટે વિવિધ કસોટીઓ કરતા હતા, વારે વારે નિયમ ફેરવતા રહેતા હતા. છતાં પરબ્રહ્મના સ્વરુપરસને ચાખી ગયેલા એ સાધુઓ ભગવાન શ્રી સ્વામિનારાયણનો કેડો છોડતા નહોતા. કેટકેટલીય મુશ્કેલીઓ વેઠીને પણ એમણે પોતાની સાધુતા સાચવી રાખેલી.

એ સમયે કોઈ મોટા મોટા રજવાડા છોડીને આવ્યા હતા તો કોઈ ગામગરાસ. કોઈ મોટા પ્રકાડ પંડિતો હતા તો કોઈ મોટા કવિઓ. કોઈ મોટાં મંદિરના મહંતો, પૂજારીઓ કે મઠાધિપતિઓ હોવા છતાં ભગવાન શ્રી સ્વામિનારાયણના દાસના પણ દાસ થઈને વર્તતા. અરે ! પૂર્વે થઈ ગયેલા અવતારો જેટલું પોતામાં સામર્થ્ય હોવા છતાં તે છૂપાવીને તેઓ અનેક અપમાનો સહેતા.

માટે જ ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં સંતોનો અપાર મહિમા સમજતા અને કહેતા, **‘એવા સંત છે તેના ચરણની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ અને તેને દુઃખવતા થકા મનમાં બીએ છીએ અને તેનાં દર્શનને પણ ઈચ્છીએ છીએ.’ એ સંતોનો યથાર્થ મહિમા અન્ય લોકો પણ જાણે એ માટે મહારાજ વિવિધ ચરિત્રો કરતા.**

એકવાર ગઢડામાં દાદા ખાચરની દીકરી માંદી પડી હતી. ઘણા ઉપચાર કર્યા છતાં સારું નહોતું થતું, તેથી પરિવારના સભ્યો સહેજે સહેજે અકળાતા રહેતા.

મહારાજ એ અકળામણને જાણી ગયા. મહારાજે દાદા ખાચરની દીકરીને સાજી કરવાનો અને પાતાના સાધુઓનો મહિમા દેખાડવા અનોખો ઉપાય શોધ્યો.

બપોરના ભોજનનો સમય થયો હતો. દરબારગઢના ચોકમાં સંતોની પંક્તિ પડી હતી. પીરસનારા સંતો તૈયારીઓ કરી રહ્યા હતા. એ સમયે મહારાજ પણ ફેંટ વાળી સંતોને પીરસવા પધાર્યા. મહારાજ પીરસવા આવ્યા, એ જોઈ સંતો ખૂબ રાજી થયા.

મહારાજે ચૂરમાના લાડુની ચોકી બે સંતો પાસે ઉપડાવી અને પોતે પંગતમાં પીરસવા લાગ્યા. બીજા સંતો રોટલી, શાક વગેરે પીરસવા લાગ્યા. બધું પીરસાઈ ગયું એટલે મહારાજે તાળી પાડી અને કહ્યું, “સંતો ! આજે અમે પાંચવાર પક્તિમાં

પીરસવાના છીએ, બધા પેટ મોટા કરીને ખૂબ જમજો.''

મહારાજની વાત સાંભળી સંતો ભારે રાજી થયા અને માંડ્યા જમવા. એ સમયે મહારાજે ફરી તાળીઓ પાડી અને કહ્યું, ''સાંભળો સંતો ! હવે હું આ ખાલી તાંસળી લઈને તમારી પાસે આવું છું. તમારે પોતપોતાના પત્તરમાંથી એક એક કોળિયો આમાં નાખવાનો છે.''

એમ કહી મહારાજ સંતોની પંક્તિમાં ગયા. સંતોએ પોતાનાં પત્તરમાંથી કોળિયો કોળિયો તાંસળીમાં નાખ્યો. આખી પંક્તિમાં ફર્યા ત્યાં તાંસળી ટોચ સુધી ભરાઈ ગઈ. મહારાજ એ તાંસળી લઈ ઓસરીમાં ગયા. પોતે તેમાંથી બે ગ્રાસ પોતાના મોઢામાં મૂક્યા. આ દૃશ્ય જોઈ બધા સંતોના મુખમાંથી શબ્દો નીકળ્યા, ''હાં હાં મહારાજ ! તમે આ શું કરો છો ?''

મહારાજ કહે, ''સંતો તમે નિરાંતે જમો. આ પ્રસાદી તો ભવ-બ્રહ્માને પણ દુર્લભ છે.'' એમ કહી મહારાજે એ પત્તર દાદા ખાચરના ઘરનાને આપ્યું અને કહ્યું, ''લો, આ પ્રસાદી છોડીને ખવરાવો એટલે એનો તાવ જાય અને જન્મ-મરણનો રોગ પણ જાય.''

આ રીતે મહારાજ સ્વયં સંતોનો મહિમા સમજતા અને અવારનવાર વ્યક્ત પણ કરતા.

એ જ રીતે એકવાર દાદા ખાચરની ઘોડી માંદી હતી. તે વખતે મહારાજે એક કુંડી પાણીની ભરાવી અને બધા સંતોને એ પાણીમાં પગનો અંગૂઠો બોળવાનું કહ્યું. મહારાજની આજ્ઞા પ્રમાણે સંતોએ એ પાણીમાં પોતાના અંગૂઠો બોળ્યો. ત્યારે મહારાજે પોતે એ પાણીમાંથી બે અંજળી પીધું અને પછી કહ્યું, ''આ ચરણામૃત માંદી ઘોડીને પાઓ, એટલે એનો રોગ પણ જશે અને એનું કલ્યાણ પણ થાશે !'

રૂપિયા હજારનું દાન !

એક વખતની વાત છે. દાદા ખાચરના દરબારગઢમાં ગંગાજળીયા કૂવા પાસે રામપ્રતાપભાઈનો ઉતારો હતો. ઉત્તરાયણનો પવિત્ર દિવસ હોવાથી કોઈક બ્રાહ્મણે રામપ્રતાપભાઈના ઓરડાની પાસે આવીને 'પુણ્ય પર્વણી...!' એમ કહ્યું. ઉત્તરાયણના દિવસે દાનનો ખૂબ મહિમા હોય તેથી પેલા બ્રાહ્મણનો અવાજ સાંભળી સુવાસિનીબાઈ તરત બહાર આવ્યા. સુવાસિનીબાઈને બહાર આવેલા જોઈ બ્રાહ્મણે

દાનની માગણી કરી. એટલે સુવાસિનીબાઈ કહે, “ભાઈ ! અમે તો પરદેશી છીએ, અમારી પાસે આપવા જેવું કશું નથી તે તમને શું આપીએ ?”

સુવાસિનીબાઈનો આ જવાબ અક્ષર ઓરડીમાં બેઠેલા મહારાજ સાંભળી ગયા. તે તરત બહાર આવ્યા અને દાદા ખાચર પાસે જઈને કહ્યું, “દાદા ! હજા રૂપિયા લાવો.”

તે વખતના હજાર રૂપિયા એટલે આજના લાખો રૂપિયા થાય. મહારાજે આટલી મોટી રકમ માગી ત્યારે દાદા ખાચરના મનમાં કોઈ જાતનો સંકલ્પ પણ ન થયો. એમણે તો પટારામાંથી રૂપિયાની કોથળીઓ કાઢી અને મહારાજને આપી.

મહારાજ કહે, “દાદા ! કોથળીઓ ઉપાડો અને ચાલો મારી સાથે.”

દાદાખાચર તો દાસાનુદાસ થઈને મહારાજની પાછળ રૂપિયાની કોથળીઓ ઉપાડીને ચાલતા થયા. રામપ્રતાપભાઈના ઓરડે આવ્યા અને ઓસરીમાં રૂપિયાની કોથળીઓ મૂકાવી. મહારાજને પોતાના ઓરડે આવેલા જોઈ સુવાસિનીબાઈ બહાર આવ્યા. ત્યારે મહારાજ કહે, “દીદી ! લ્યો આ હજાર રૂપિયા અને બ્રાહ્મણને આપો દાન.”

તે વખતે દાદા ખાચરને મનમાં એમ પણ ન થયું જે ‘દાન-પુણ્ય નિમિત્તે પાંચ-દશ રૂપિયા હોય, પણ હજાર રૂપિયાનું થોડું દાન થાય ? શું મહારાજ ! આટલા બધા રૂપિયાનું દાન કરાવશે ?’

દેવતાઓને જમાડ્યા

એકવાર શ્રીજી મહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડા નીચે ઢોલિયા ઉપર બિરાજમાન હતા. મહારાજે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને મોગરા-ચમેલીના હાર તથા તોરાના શણગાર કર્યા હતા. મહારાજની આગળ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિક સંતો તથા દાદા ખાચર, સોમલા ખાચર આદિક હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

સવારનો સમય હતો. ધીમો ધીમો ઠંડો પવન વાતો હતો. એવામાં અચાનક લીંબતરુ ઉપર હજારો પક્ષીઓ આવીને બેસવા માંડ્યા અને વિવિધ અવાજો કરી વાતાવરણ સંગીતમય બનાવી દીધું. આટલા બધાં પક્ષીઓને એકસાથે સામટા આવેલા જોઈ સર્વ સભાજનો આશ્ચર્ય પામી ચારેકોર જોવા લાગ્યા.

એ સમયે મહારાજ કહે, "દાદા ખાચર ! આ પક્ષીઓ દાણા માગે છે."

ત્યારે દાદાખાચર કહે, "આપો મહારાજ !"

પછી મહારાજ કહે, "દાણાના સૂંડલા ભરી લાવો."

દાદાખાચર કહે, "મહારાજ ! કેટલા લાવું ?"

મહારાજ કહે, "પંદર-વીસ મણ દાણા લાવો."

મહારાજની આજ્ઞા થઈ એટલે દાદા ખાચર અનાજ ભરવાના કોઠારમાં ગયા. જુવારની કોઠીઓ ભરી હતી તેનાં સાણા ખોલી નાખ્યા અને પોતાના માણસોને કહ્યું, "આમાંથી ટોપલા ભરી ભરી મહારાજ પાસે લઈ જાઓ." એ રીતે વીસ મણ જુવાર થાય એટલી જુવારના ટોપલા ભરાવી મહારાજ પાસે મોકલાવ્યા.

જુવારના ટોપલા આવ્યા એટલે મહારાજ ગોપીનાથજીના મંદિર પાછળ ગોખ છે ત્યાં પાળા પાસે નિસરણી ઉભી કરાવી અને મહારાજ નિસરણી ઉપર ચડી ગોખમાં ચડ્યા. પાસે જુવારના ટોપલા લઈને પાળાઓ ઉભા હતા, તેમાંથી ખોબા ભરી ભરીને મહારાજ લીંબડા ઉપર દાણા નાખવા માંડ્યા ને પક્ષીઓ ખાવા માંડ્યાં. તે મહારાજ ખોબો ભરીને જેટલી જુવાર ઉડાડે એમાંથી એક દાણો પણ નીચે ન પડે, પક્ષીઓ બધા જ દાણા ઉપરથી જ ઝીલી લે. એવી રીતે મહારાજે વીસ મણ જુવાર પોતાના હાથે ઉડાડી, તે સર્વે પક્ષી એ જુવાર જમી, પાછા આકાશ માર્ગે ચાલ્યાં ગયાં.

પક્ષીઓ ઊડી ગયા પછી આ અદ્‌ભૂત નજારો નિહાળનારા સંતો-ભક્તોએ મહારાજને પૂછ્યું, "મહારાજ ! એ પક્ષી કોણ હતાં ?'

ત્યારે મહારાજ કહે, "એ તો દેવતાઓ તથા મુક્તો અમારી પ્રસાદી જમવા આવ્યા હતા."

આ રીતે મહારાજનાં એક વચને દાદા ખાચર પોતાની સંપત્તિને વાપરવામાં થોડો પણ ખચકાટ અનુભવતા નહીં. માટે મહારાજ વારે વારે સભામાં કહેતા, "ભક્તો ! ઘણાને મનમાં ઘાટ સંકલ્પ થયા કરે છે, કે મહારાજે ગઢપુરને પોતાની નિવાસભૂમિ કેમ બનાવી છે ? તો આવા પ્રસંગોમાં એનો ઉત્તર સમાયેલો છે. અભયરાજાના પૂરાએ પરિવારના અંતરમાં અમારા પ્રત્યે દૃઢ અનુરાગ છે એટલા માત્રથી અમે અહીં નથી રહ્યા, આ પૂરો પરિવાર જેટલો અમારો મહિમા સમજે છે એટલો જ અમારા સંતો-હરિભક્તોનો મહિમા સમજે છે. જેવી અમારી સેવા

કરે છે, એટલી જ અમારા સંતો-ભક્તોની કાળજી રાખે છે. દાદાના દરબારગઢમાં રોજ આટલા આટલા સંતો અને ભક્તોની અવરજવર રહે છે; આ પરિવારજનો એ બધાનો ભાવથી આદર-સત્કાર કરે છે, રોટલા કરીને જમાડે છે, કદિવસ કહાણું મોઢું કરતા નથી અને ઉપરથી અમારી ઈચ્છા પ્રમાણે ધન-ધાન વાપરવામાં પણ કશી ખોટ આવવા દેતા નથી.''

અડધી હજામતે દોટ

એક વખત સવારના સમયે મહારાજ અક્ષરઓરડીમાં વિરાજમાન હતા. કાંઈક કામ પ્રસંગ આવ્યું એટલે મહારાજે દાદા ખાચરને સાદ કર્યો, ''દાદો ક્યાં ?''

એ સમયે દાદા ખાચર ડેલીયે હજામત કરાવતા હતા. તે અડધી હજામત થઈ હતી અને અડધી બાકી હતી. મહારાજનો સાદ સાંભળી દાદા ખાચરે હજામને કહ્યું, ''હજામત કરવી રાખ્ય ! મહારાજ બોલાવે છે. બાકીનું કામ પછી કરજે.''

પછી પોતે માથે લુગડું વીંટીને અક્ષરઓરડીએ આવ્યા. ત્યારે મહારાજ કહે, ''દાદા ! ક્યાં હતો ?''

દાદા ખાચર કહે, ''મહારાજ ! હું હજામત કરાવતો હતો.''

મહારાજ કહે, ''હજામત પૂરી કરાવીને આવ્યા ?''

''ના, મહારાજ ! અડધી હજામત બાકી છે. તમે સાદ કર્યો એટલે હું આવ્યો.''

બાજુમાં બેઠેલા ભક્તોને મહારાજ કહે, ''જોને, અમારો કેટલો વિશ્વાસ છે, તે અમે બોલાવ્યા તે હજામત પડતી મૂકીને આવ્યા !''

અમે અહીં નિરંતર રહેશું

ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે, 'નિર્માની ભક્તમાં જેવા રૂડા ગુણ આવે છે, એવા માનીમાં નથી આવતા.' માન બહુરૂપિયા જેવું છે, એને જાતજાતના વેષ ધરતાં આવડે છે. માત્ર સત્તા અને સંપત્તિનું જ અભિમાન હોય એમ નથી, પોતામાં રહેલા સદ્‌ગુણોનું પણ માન આવે છે. ત્યાગીમાં ત્યાગ રૂપે, તપસીમાં તપ રૂપે, દાનીમાં દાન રૂપે, ધ્યાનીમાં ધ્યાન રૂપે અને જ્ઞાનીમાં જ્ઞાન રૂપે માન પ્રવેશે છે.

ભક્તિ કરતો હોય તો ભક્તપણાનું પણ માન આવે છે ! માટે જ શ્રીજી મહારાજ પોતાના ભક્તોની ક્યારેક ક્યારેક ભક્તપણાની આકરી ચકાસણી કરતા, તો ક્યારેક કસોટી કરી થોડા ઘણાં પણ ઊગેલા માન-અભિમાનના કાંટાનું છેદન કરતા.

એકવાર શ્રીજી મહારાજે દાદા ખાચર પાસે બે હજાર રૂપિયા માગ્યા. દાદા ખાચર પાસે હાલ એટલા બધા રૂપિયા નહોતા એટલે એમણે કહ્યું, ‘‘મહારાજ ! સવારે આપીશ.’’

દાદા ખાચરે રૂપિયા સમયે આપ્યા નહીં એટલે મહારાજ ઠાવકું મોંઢુ કરી અક્ષરઓરડીમાં જઈ પોઢી ગયા અને વહેલી સવારના ચાર વાગ્યાના સમયે અનોખું ચરિત્ર આદર્યું. હજુ તો સંતો-ભક્તો સૂતા હતા એ સમયે પોતે રીસાઈને ચાલવા લાગ્યા. શરીર ઉપર માત્ર સફેદ ધોતી, ખેસ અને ઉઘાડા પગે દરબારગઢની ડેલી તરફ જતા જોઈ સેવામાં રહેલા બ્રહ્મચારીએ મહારાજને પૂછ્યું, ‘‘મહારાજ ! આટલા વહેલા અને પાછા એકલા કઈ બાજુ જાઓ છો ?’’

બ્રહ્મચારીએ ટોક્યા એટલે છણકો કરતા મહારાજ કહે, ‘‘અમે જઈએ છીએ અને એય પાછા સદાને માટે આ ગઢપુર છોડીને !’’

‘‘પણ મહારાજ ! બધાને જાગવા તો દ્યો, બધાની રજા લઈને તમે નિરાંતે જજો.’’

બ્રહ્મચારીની વાતને મહારાજે કાને ન ધરી અને ડેલી ટપી પોતે ઉઘાડા પગે બજાર ભણી ચાલવા લાગ્યા. મહારાજનું ઉગ્ર સ્વરૂપ જોઈ બ્રહ્મચારીને કંઈક નવું થઈ રહ્યું હોવાના એંધાણ આવ્યા એટલે તેઓ તરત દરબારગઢમાં ગયા અને દાદા ખાચરને જગાડ્યા. દાદા ખાચર ઓરડાની બહાર આવ્યા એટલે બ્રહ્મચારીએ મહારાજ ગઢપુર છોડીને જઈ રહ્યાના સમાચાર આપ્યા.

અચાનક મહારાજને જતા રહ્યાના સમાચાર સાંભળી દાદા ખાચર થોડીવારતો રુંઢમૂઢ થઈ ગયા. શું કરવું એની કાંઈ ગતાગમ ન પડી, પરંતુ બીજી જ ક્ષણે કોઈ પણ જાતનો વિચાર કર્યા વિના પોતે પણ ઉઘાડા પગે મહારાજની પાછળ દોડવા લાગ્યા.

હજુ મહારાજ થોડા દૂર ગયા હતા ત્યાં દોડતા દોડતા દાદા ખાચર મહારાજને આંબી ગયા અને મહારાજના બન્ને પગે બાઝી પડ્યા.

ત્યારે મહારાજે દાદા ખાચરને કેડ્યેથી ઝાલ્યા અને જેમ દડાને ફેંકે એમ

ફેંકી દઈ પોતે આગળ ચાલવા લાગ્યા. દાદા ખાચર ઊભા થયા અને ફરીથી દોડી મહારાજના પગ પકડી લીધા. મહારાજે દાદા ખાચરને બે હાથે ઉપાડી બજારની એક કોરે જેમ અનાજના કોથળાનો ઘા કરે એમ ઘા કરી દીધો અને પાછા આગળ ચાલવા લગ્યા.

સામેની દીવાલ સાથે અથડાવાથી દાદા ખાચરને તમ્મર ચડી ગયા. એક તો અંધારું હતું જ અને પાછું મૂઢ માર પડવાથી આંખે વધારે અંધારા આવવા લાગ્યા. ફરી દાદા ખાચર જેમ-તેમ કરીને ઊભા થયા અને દોડી મહારાજના પગે વળગી પડ્યા. મહારાજ આમ વારે વારે દાદાને ફેંકી દીયે અને દાદા ખાચર ફરી ફરી ઊભા થઈ મહારાજને વળગી પડે. એવામાં મહારાજે દાદા ખાચરને ધક્કો માર્યો તે તેઓ એક પથ્થર સાથે અથડાયા. આ વખતે વધારે વાગવાથી દાદા ખાચર ઊભા ન થઈ શક્યા, તેથી પોક મેલી રડવા લાગ્યા.

મહારાજ તો આગળ ચાલ્યે જતા હતા. તે દાદા ખાચરના રડવાનો અવાજ સાંભળી પાછું વાળી જોયું, તો દાદા થરથર કંપતા હતા અને ઊભા થવાનો પ્રયત્ન કરતા હતા પણ ઊભા થઈ શકતા નહોતા. આ દૃશ્ય જોઈ મહારાજને દયા આવી તેથી પાછા વળ્યા. દોડી દાદા ખાચરને ઊભા કર્યા અને છાતીમાં દાબીને બોલ્યા, ‘‘દાદા ! દાદા ! હવે રડો મા. અમે હવે તમારે ત્યાં નિરંતર રહેશું.’’ એમ કહીને મહારાજે દાદા ખાચરને ઊભા કર્યા અને બન્ને જણા પાછા દરબારમાં આવ્યા.

આ બાજુ દરબારમાં મહારાજ જતા રહ્યા છે એ વાતની જાણ થઈ એટલે ભારે કોલાહલ શરુ થઈ ગયો હતો અને બધા બાઈઓ-ભાઈઓ અને સંતો ભેગા થઈ શું થયું તેની તપાસ કરતા હતા. ત્યાં મહારાજ અને દાદા ખાચર આવ્યા. દાદા ખાચરને વાગ્યું હતું એટલે મહારાજે તેમને વાસુદેવના ઓરડાની ઓસરીએ બેસાર્યા અને પોતે પણ બાજુમાં બેઠા.

બધા સંતો-ભક્તો ટોળે વળી મહારાજ પાસે આવ્યા એટલે મહારાજે લાડુબા તથા મોટીબાને બોલાવીને બધી હકીકત કહી અને બોલ્યા, ‘‘અમારે અહીં રહેવું નહોતું, પણ દાદાએ બહુ પ્રયાસથી રાખ્યા ને જવા દીધા નહીં. તેથી હવે તો અમે એમને વશ થઈને આ દરબારગઢમાં જ રહેશુ.’’ એમ કહીને મહારાજે દાદા ખાચર ઉપર બહુ રાજીપો દર્શાવ્યો.

ઊંચી સમજણ

એકવાર શ્રીજી મહારાજ વડતાલ જવાની તૈયારી કરતા હતા. ભગુજી માણકી ઘોડીને તૈયાર કરીને લાવ્યા એટલે મહારાજ એના ઉપર સવાર થયા. સાથે આવનારા ભક્તો પોતપોતાના ઘોડા ઉપર સવાર થયા.

એ વખતે દાદા ખાચર ક્યાંય દેખાયા નહીં એટલે મહારાજ બોલ્યા, "દાદા ખાચર કેમ દેખાતા નથી ? એ પણ આપણી સાથે આવવાના છે."

એ વખતે દાદા ખાચર ખભે સામાનનો ખડિયો લઈ ઉગમણા બારના ઓરડાની ઓસરીની કોરે ઊભા હતા.

થોડીવાર થઈ પણ દાદા ખાચર ઘોડો લઈ આવ્યા નહીં એટલે ફરી મહારાજે પૂછ્યું જે, "દાદો ક્યાં ?"

મહારાજની અકળામણ જોઈ દાદા ખાચરના મામા ઘેલા ધાધલ સાથે હતા, તે બોલ્યા જે, "મહારાજ ! દાદો તો આવવા તૈયાર છે, પણ એ શેની ઉપર બેસે ?"

મહારાજ કહે, "દાદાને દશ ઘોડા છે, તે એમાં અમને પૂછવાનું થોડું હોય !"

ઘેલો ધાધલ કહે, "પણ મહારાજ ! આ બાજુ તો જુઓ, દાદા ખાચરના બધા ઘોડાઓ ઉપર તો આ બધા પાર્ષદો ચઢી બેઠા છે."

પોતાના દરબારગઢમાં પોતાના દસ ઘોડા હોવા છતાં, જ્યારે પોતા માટે એક પણ ઘોડો નહોતો, તો પણ દાદા ખાચર મોંઢામાંથી બોલ્યા નહીં જે અમારી ઘોડી ઉપર પાર્ષદ ચડ્યા છે.

પછી મહારાજે જોયું તો પાર્ષદો ઘોડા ઉપર ચડ્યા હતા અને દાદા ખાચર ઓસરીની કોરે ઊભા હતા. આ દૃશ્ય જોઈ મહારાજ ખૂબ રાજી થયા. મરક મરક હસ્યા અને એક પાર્ષદને હેઠા ઊતરવાની આજ્ઞા કરી. પછી દાદા ખાચર એ ઘોડા ઉપર બેઠા અને સૌ સવાર ચાલતા થયા.

દાદા ખાચરનો પક્ષ

ભક્ત ભગવાનને વશ રહે છે એ વાત તો સહુના જાણ્યામાં હોય, પણ સ્વયં ભગવાન ભક્તને વશ થઈ રહેતા હોય એવી વાતો તો ભાગ્યે જ ક્યાંક જોવા મળે.

એભલ ખાચરના દરબારગઢમાં આ વાત પ્રત્યક્ષ જોવા મળતી. દરબારગઢના દરેક સભ્યોના પ્રેમને વશ થઈ ભગવાન શ્રી સ્વામિનારાયણ એક પળ પણ એમનાથી અળગા ન થતા અને સદા રક્ષા કાજે સજાગ રહેતા.

એક દિવસ ગામ વસોના ગિરધરભાઈ પાટીદાર તથા સિંજીવાડાના જગરૂપ બારોટ; બન્ને જણ મહારાજનાં દર્શન માટે ગઢપુર આવ્યા. મહારાજ અક્ષરઓરડીમાં ઢોલીયા ઉપર બિરાજમાન હતા. મુક્તાનંદ સ્વામી તથા બીજા થોડા સંતો અને ભક્તો પણ ઉપસ્થિત હતા. એ સમયે બન્ને ભક્તો આવ્યા અને દર્શન કરી મહારાજ પાસે બેઠા.

ગિરધરભાઈએ પોતાને રહેવા માટે હવેલી કરાવી હતી. તે પોતાને એવો સંકલ્પ હતો જે શ્રીજી મહારાજ તથા સંતોને નવી હવેલીમાં પધરાવવા અને વાસ્તુ કરાવવું. એવા સંકલ્પ સાથે મહારાજને આમંત્રણ આપવા ગઢપુર આવ્યા હતા. ગિરધરભાઈએ મહારાજને કહ્યું, “મહારાજ ! હમણાં આપ ઘણા દિવસથી વસો પધાર્યા નથી અને અમે રહેવા માટે નવી હવેલી પણ કરાવી છે, તો આપ વસો પધારો અને નવી હવેલીનું વાસ્તુ કરાવો.”

મહારાજ કહે,“ગિરધરભાઈ ! હમણાં નહીં આવી શકાય, ગોપીનાથજીનું મંદિર થાય છે તે અહીં હાજર રહેવું પડે.”

મહારાજની વાત સાંભળી ગિરધરભાઈ કહે, “મહારાજ ! તમે મારે ઘેર શાના આવો ? તમે તો દાદા ખાચરમાં બંધાઈ ગયા છો !”

ગિરધરભાઈની મર્મભરેલી વાત સાંભળી મહારાજનો ચહેરો થોડો ઝાંખો થઈ ગયો. ગિરધરભાઈ ઉપર ઝીણી નજક કરી મહારાજ કહે, “ગિરધરભાઈ ! અમે વર્ષોથી સત્સંગમાં રહ્યા છીએ, આજ સુધી તમારી છત અમારે શા કામમાં આવી ? તમે કોઈ દિવસ મારા સંતને પાણી ગાળવા ગળણું પણ આપ્યું નથી અને આ દાદા ખાચર મને સર્વસ્વ અર્પણ કરીને બેઠા છે. તેની ભેંશુનાં દૂધ, તેની ગાયુંનાં દૂધ તથા દહીં તે મારા અર્થે તથા મારા સંતને અર્થે વાપરે છે. એમના સમર્પણ સામે તમારા સમર્પણનો વિચાર કર્યો ?”

મહારાજના કડકાઈભર્યા વચન સાંભળી ગિરધરભાઈ બહુ જ દિલગીર થઈ ગયા અને નીચું જોઈ ભોં ખોતરવા લાગ્યા. એ જોઈ તરત મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, “મહારાજ ! ગિરધરભાઈ બહુ જ સારા હરિભક્ત છે અને તેમણે નવી

હવેલી કરાવી છે. તેમાં તમને તથા સંતોને પધરાવીને રસોઇ દેવી છે ને તમારી પૂજા કરવી છે. તે પછી તેઓ રહેવા જશે. માટે તમે વસો પધારો તો સારું.''

મુક્તાનંદ સ્વામીની વાત સાંભળી મહારાજ કહે, ''બહુ સારું, સ્વામી ! ગિરધરભાઈને ત્યાં વસોમાં જઈ તેમને રાજી કરીશું.''

આ રીતે મહારાજે દાદા ખાચર વિશે મર્મમાં બોલાયેલાં વચનોનો વળતો જવાબ આપી પોતાના ભક્તનું ગૌરવ વધાર્યું.

અમને દાદાની ચિંતા છે !

ચોમાસાની અંધારી મધ્યરાત્રિનો સમય હતો. ગાજવીજ સાથે સાંબેલાધાર વરસાદ પડી રહ્યો હતો. સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું. એ સમયે મહારાજે હમીર ખાચરને દાદા ખાચરના સમાચાર પૂછ્યા એટલે એમણે કહ્યું, ''મહારાજ ! વરસાદ પણ ખૂબ છે અને દાદા ખાચરનું શરીર પણ ધગધગે છે.''

ખબર મળતાં મહારાજ લીલા રંગની છત્રી લઈ દાદા ખાચરને જોવા બહાર આવ્યા. મહારાજે સાધુઓની ધર્મશાળામાં આવી જોયું તો થોડા સાધુઓ ભણી રહ્યા હતા અને મુક્તાનંદ સ્વામી ભજન કરતા હતા. મહારાજને જોઈ મુક્તાનંદ સ્વામી ઊભા થઈ મહારાજ પાસે આવ્યા અને બોલ્યા, ''મહારાજ ! વરસાદ ખૂબ વરસે છે અને ઘેલા નદીમાં ભારે પૂર આવ્યું છે, તે કાંઠા તોડી પાણી વહે છે.''

મહારાજ કહે, ''સ્વામી ! અમને અત્યારે નદીની ચિંતા નથી, દાદાને તાવ છે એની ચિંતા છે !''

મુક્તાનંદ સ્વામી કહે, ''હું દાદાને જોવા જાઉં છું, તમે આરામ કરો.''

મહારાજ કહે, ''અમે પણ આવીએ છીએ.''

પછી મહારાજ અને મુક્તાનંદ સ્વામી દાદા ખાચરના ઓરડે આવ્યા. મહારાજને આવેલા જોઈ દાદા ખાચર ઊભા થવા ગયા પણ મહારાજે ઊભા થવા ન દીધા અને બાજુમાં બેસી ગયા. મુક્તાનંદ સ્વામીએ દાદા ખાચરનો હાથ ઝાલી નાડી જોઈ અને કહ્યું, ''મહારાજ ! હમણાં તાવ તો નથી.''

ત્યારે મહારાજ કહે, ''દાદા ! કાંઈ જમશો ?''

દાદા ખાચર કહે, ''ના મહારાજ ! રાત્રે ન ખવાય.''

મહારાજ કહે, ''માંદાને કોઈ નિયમ ન હોય.'' એમ કહી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, ''રાબ બનાવી અમારા જમવાના કટોરામાં લઈ આવો.'' સ્વામી

રાબ બનાવી લાવ્યા એટલે મહારાજે પોતાના હાથે દાદા ખાચરને રાબ પાઈ અને અક્ષર ઓરડીએ પધાર્યા.

દાદાના ઘરની સંભાળ

શ્રીજી મહારાજ દરબારમાં વિરાજમાન હતા. ચોમાસાનો સમય હતો, તે વરસાદ બહુ જ વરસતો હતો. અતિશય પવન અને વરસાદ હોવાથી દાદા ખાચરના ઓરડામાં ચૂવા પડતા હતા, તે જોઈ જસુબાઈ મહારાજ પાસે આવ્યા અને કહ્યું, "મહારાજ ! ભારે વરસાદ પડવાને કારણે મારા ઓરડામાં ચૂવા પડે છે, તેથી મારી માંડ્ય પલળે છે."

જસુબાઈની વાત સાંભળી મહારાજ એકદમ આસનેથી ઊઠ્યા અને બાજુમાં બેઠેલા નાજા જોગિયાને કહ્યું જે, "નાજા ! જલ્દી નીસરણી લાવ." એમ કહી મહારાજ તરત જસુબાઈના ઓરડામાં આવ્યા અને પડતા ચૂવાના સ્થાન જોવા લાગ્યા.

આ બાજુ નાજા જોગિયા નીસરણી લેવા ગયા પણ વરસતા વરસાદમાં કંઈ હાથ આવ્યું નહીં, તેથી તે પાછા આવ્યા અને મહારાજને કહ્યું, "મહારાજ ! નીસરણી મળતી નથી."

ત્યારે મહારાજ નાજા જોગિયાને કહે, "તું મારા ખભા ઉપર પગ દઈને ઉપર ચડ અને આ પડતા ચૂવા ઝડપથી બંધ કર."

નાજા જોગિયાને મહારાજના ખભા ઉપર પગ દેવાની હિમત ન ચાલી. મહારાજની અકળામણ જોઈને નાજા જોગિયાને લાગ્યું કે, મહારાજ વધારે રાહ જોઈ નહીં શકે. તેથી તેઓ તરત દોડતા ગયા અને થોડીવારમાં નીસરણી ગોતીને લાવ્યા અને ચૂવા બંધ કર્યા ત્યારે મહારાજને શાંતિ થઈ.

આ રીતે મહારાજ દાદા ખાચરની તથા તેના ઘરની દરેક પ્રકારે દેખરેખ રાખતા.

ખળાનું રક્ષણ

દાદાખાચરના પરમ સદ્‌ભાગ્ય એ હતા કે ભગવાન શ્રી સ્વામિનારાયણ દાદાખાચરના સંરક્ષક હતા. એની પાછળનું મૂળ કારણ દાદાખાચરની શ્રદ્ધા, નિષ્ઠા અને સમર્પણ હતા.

દાદાખાચર અને ભગવાન શ્રી સ્વામિનારાયણ વચ્ચે ભક્ત અને ભગવાનનો દિવ્ય સંબંધ હતો.

ગઢપુર દરબાર એભલખાચરના ભાઈ જીવાખાચર ગઢપુરના ગરાસમાં ભાગીદાર હતા. તેઓ મોંઢાના મીઠા હતા, પરંતુ એમના હૈયામાં દાદા ખાચર પ્રત્યે ભારોભાર ઈર્ષ્યા ભરી હતી.

તેઓ કોઈ ન જાણે તે રીતે દાદાખાચરના ગરાસને પડાવી લેવા માટે અવારનવાર પેંતરા રચતા રહેતા હતા, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણે ભારે કુનેહપૂર્વક દર વખતે દાદાખાચરની રક્ષા કરી હતી.

દાદાખાચર પ્રત્યેની ઈર્ષ્યાને લીધે જીવાખાચરે ભગવાન સ્વામિનારાયણને મારી નાખવા સુધીના પ્રયાસ કર્યા હતા, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણની અલૌકિક શક્તિના પ્રભાવે તેઓ ફાવ્યા નહોતા.

એક વખત દાદા ખાચરના ખેતરમાં અનાજ પાકીને તૈયાર થઈ ગયેલ અને એનો ઢગલો ખળામાં કર્યો હતો, પરંતુ એ અનાજ જીવા ખાચર લેવા દેતા નહોતા. એ સમયે મહારાજ કાર્તિકી પૂનમનો ઉત્સવ કરવા વડતાલ પધાર્યા હતા. મહારાજ વડતાલથી પાછા ગઢપુર આવ્યા ત્યારે લણીને તૈયાર થઈ ગયેલું અનાજ ખળામાં પડેલું જોયું, તેથી મહારાજે દાદા ખાચરને પૂછ્યું, “દાદા ! હજુ ખળાં કેમ પડ્યાં છે ?”

બે હાથ જોડી દાદા ખાચર કહે, “મહારાજ ! એવી તમારી મરજી હશે.”

મહારાજ કહે, “દાદા ! શું વાત કરો છો ? મારી મરજી એવી હોય કે માગશર મહિના સુધી તારાં ખળાં પડ્યાં રહે ?”

દાદા ખાચર કહે, “હા મહારાજ ! તમારી મરજી સિવાય આ જગતમાં તરણું પણ પોતાની રીતે હલી શકતું નથી, તો આ તો ખળામાં પડેલા અનાજની વાત છે !”

આ રીતે દાદા ખાચર અને મહારાજનો સંવાદ ચાલે છે, ત્યાં જીવા ખાચરને મહારાજ આવ્યાની ખબર પડી એટલે એ દર્શન કરવા આવ્યા. જીવા ખાચર પગે લાગી મહારાજ પાસે થોડીવાર બેઠા, પછી ઊભા થઈ ચાલવા લાગ્યા. એટલે મહારાજે એમને પૂછ્યું, “જીવા ખાચર ! ક્યાં જાઓ છો ?”

જીવા ખાચર કહે, “ભાવનગર ઘરકામે જાઉં છું.”

મહારાજ કહે, “તમે ઘરકામ માટે જતા નથી, તમે તો દાદાનું વાંકું બોલવા જાઓ છો.”

મહારાજ અંતરનું જાણી ગયા એટલે જીવા ખાચરને થોડો થડકો લાગ્યો, પણ એ કળાવા દીધો નહીં અને કહે, “અરે મહારાજ ! તમે આવું કા બોલો ? દાદો તો મારો દીકરો કહેવાય. એનું થોડું વાંકું બોલું ?”

મહારાજ પણ આજે જીવા ખાચરને ચારે બાજુથી ઘેરવા માગતા હોય એમ કહે, “બાપુ ! તમે મને શું જાણો છો ?”

જીવા ખાચર કહે, “મહારાજ ! તમને હું સાક્ષાત પુરુષોત્તમ નારાયણ ભગવાન જાણું છું.”

મહારાજ કહે, “તમે મને ભગવાન પણ જાણો છો અને પાછું મારી પાસે કપટ પણ રાખો છો ? હું તમારો ખેલ જાણું છું. તમે આજે ભાવનગર જશો, રાજાને મળી એમની પાસે અમારું અને દાદાનું વાંકું બોલશો. પણ દરબાર ! રાજાનું અંતઃકરણ કોઈ ફેરવી નાખશે તો...?”

મહારાજે આપેલો સંકેત જીવા ખાચર સમજી ન શક્યા. એ તો પોતે મનમાં ધારેલું પાર પાડવા ભાવનગર ઉપડ્યા. ભાવનગર આવી વજેસિંહ દરબારને મળ્યા અને દરબારને કહ્યું, ‘દરબાર ! તમારા રાજ માથે સંકટ આવ્યું છે. સ્વામિનારાયણ હમણાં ગુજરાતમાંથી આવ્યા છે અને સાથે યુધ્ધમાં કુશળ બસો માણસો પણ લાવ્યા છે. દાદા ખાચરની જાયદાદ ઉપર એમની દાનત બગડી છે અને હમણાં તો ખળા ઉપર પણ કબજો કરીને બેઠા છે, તે લેવાય દેતા નથી. માટે તમે મારી સાથે હથિયારબંધ પચાશ પોલીસ મોકલો તો તેમનાથી ગઢપુરનું નામ લેવાય નહીં.

જીવા ખાચરને એમ કે મારી વાત સાંભળી દરબાર તરત જ મને પચાસ પોલીસ આપશે. પરંતુ થયું કંઈક એનાથી ઉલટું જ. જીવા ખાચરની વાત સાંભળી વજેસિંહ આકુળવ્યાકુળ થઈ ગયા અને બોલ્યા, “શું વાત કરો છો દરબાર ! સ્વામિનારાયણ બસો માણસો સાથે આવ્યા છે ? કહેવાય છે કે સ્વામિનારાયણ તો ભગવાન છે અને યોધ્ધાઓ પણ લાવ્યા છે તે મારી ઉપર હુમલો કરે તો મારું ખોબલા જેટલું રાજ્ય જાય. માટે દરબાર ! સ્વામિનારાયણ સાથે મારે વેર બાંધવું નથી. ભલે એ ગઢડું લઈ જતા !”

વજેસિંહની વાત સાંભળી જીવા ખાચર તો સ્તબ્ધ થઈ ગયા. થોડીવાર તો

બાપુ શું બોલે છે એનો પાતાના કાનને વિશ્વાસ પણ ન આવ્યો. પોતે ઊંડા વિચારોમાં ખોવાઈ ગયા. ત્યાં વજેસિંહ બોલ્યા, “એલા છે કોઈ અહીં હાજર ? તત્કાળ બે સવારને બોલાવો, મારે સ્વામિનારાયણને કાગળ પહોંચાડવો છે.”

એમ કહી દરબારે કાગળ લખી આપ્યો ને સ્વારને કહ્યું, ‘તમે તત્કાળ ગઢડા જાઓ અને સવાર સુધીમાં આ કાગળ સ્વામિનારાયણને પહોંચાડો.’

સ્વારો કાગળ લઈ ચાલતા થયા એટલે વજેસિંહે જીવા ખાચરને કહ્યું, “બાપુ ! સ્વામિનારાયણ બહુ સમર્થ છે, એમની સામે બાથ ન ભીડાય. માટે મેં તો લખ્યું છે કે, એમને ગઢડામાં જે કરવું હોય એ કરે. રાજ તરફથી કોઈ ખટપટ નહીં થાય.”

બાપુની વાત સાંભળી જીવા ખાચરની સ્થિતિ ભારે ક્ષોભજનક થઈ પડી. એ તો ઉલમાંથી ચૂલમાં પડ્યા. હવે શું કરવું ? એનું કાંઈ સૂઝ્યું નહીં, એટલે એ પણ પાછા વળ્યા.

આ બાજુ ગઢડામાં મહારાજે રાત્રે લાધા ઠક્કર તથા દાદા ખાચરને બોલાવ્યા અને કહ્યું, “આપણે સવારમાં ખળાં ભરવા જવાં છે, તે વહેલો થાળ કરાવજો અને દાણા ભરવાના વાસણો અને ગાડાંઓ તૈયાર કરો. ગામના ખેડૂને સમાચાર મોકલાવી દ્યો એટલે એ પણ તૈયાર રહે.”

મહારાજની વાત સાંભળી લાધા ઠક્કર બોલ્યા, “મહારાજ ! એક તો જીવા ખાચરે ખળા ઉપર વીસ પોલીસ બેસાર્યા છે અને બીજા ચાલીશ સવારમાં લઈને આવશે. તે ખળા કેમ લેવાશે ?”

મહારાજ કહે, “લાધા ! એ ચિંતા ન કરો. અત્યારે બધી તૈયારીઓ કરવા માંડો.”

મહારાજના વચને દાદા ખાચરે ખળા ભરવા જવાની તમામ તૈયારી કરવા માંડી.

સવારે ચાર વાગે મહારાજ જાગ્યા. નિત્યક્રિયા કરી મહારાજ આથમણા બારના ઓરડાની ઓસરીએ આવીને બેઠા અને લાડુબાને કહ્યું, “દહીં અને સાકર લાવો. આજે માંગળીક કરવાં છે.”

લાડુબા દહીં-સાકર લઈ આવ્યા. મહારાજ જમ્યા અને થાંભલાને ઓઠીંગણ દઈને ચાકળા ઉપર વિરાજમાન થયા. તે વખતે બે ઘોડેસ્વાર આવ્યા. મહારાજને

પગે લાગી કાગળ આપ્યો. કાગળ હાથમાં લઈ મહારાજે લાધા ઠક્કરને કહ્યું, “આ કાગળ વાંચો.”

પછી લાધા ઠક્કરે કાગળ વાંચી સંભળાવ્યો અને મહારાજ સંતો, પાર્ષદો અને હરિભક્તોને લઈ ખળાં ભરવા સીમમાં પધાર્યા. પછી જેવી જેની નીપજ હતી તે પ્રમાણે સૌના ખળામાં મહારાજ પોતે ગયા અને એ પ્રમાણે અનાજ ભરાવવા માંડ્યું.

દાદા ખાચર ઉપર જ્યારે આ કષ્ટ આવ્યું અને ઘરમાં દાણા ખૂટ્યા ત્યારે મહારાજને ઘણા એમ કહેતા કે, ‘મહારાજ ! આપણે હવે અહીંથી જવું જોઈએ, જેથી દાદાને ભીડો ઓછો થાય.’ ત્યારે મહારાજ એમને કહેતા, “દુઃખમાં દાદાને છોડીને જઈએ તો કૃતઘ્ની કહેવાઈએ, માટે અમે તો અહીં જ રહેશું.”

આ પ્રસંગની મર્મ ભરેલી વાત શ્રીજી મહારાજે વચનામૃતમાં લખી છે જે, ‘દાદા ખાચરને થોડું જ આપત્કાળ જેવું આવ્યું હતું, તો પણ જેનું અંતઃકરણ જેવું હતું તેવું સૌને જણાયું છે.’

ગોવાળિયાઓનો પરાજય

ભગવાન શ્રી સ્વામિનારાયણના લીધે દેશ દેશાતંરમાં દાદા ખાચરની ખ્યાતિ વધી રહી હતી. દાદાના વખાણ સાંભળી જીવા ખાચરના પેટમાં ઈર્ષાની આગ ધગધગતા લાવાની જેમ ઉકળી રહી હતા. દાદા ખાચરને નીચા દેખાડવાના ઘણા પ્રયત્નો કરવા છતાં તેમનો વાળ વાંકો થતો ન હતો. કારણ એક જ હતું, કે એમની રક્ષામાં સાક્ષાત્ ભગવાન હતા.

અંતે જીવા ખાચરના મગજમાં એક રાક્ષસી વિચાર જાગ્યો. દાદા ખાચરને પ્રસિદ્ધિ અપાવનારા ભગવાન શ્રી સ્વામિનારાયણનું જ જો કાસળ કાઢી નાખવામાં આવે, તો દાદા તો ચપટીમાં ચોળાઈ જાય અને દાદાનો ગરાસ હું એકલો ભોગવું. એવા વિચાર સાથે જીવા ખાચરે માંડવધારના બે ભરાડી ગોવાળિયાઓ સાથે મંત્રણા કરી મહારાજ તથા દાદા ખાચરને મારવાનું કાવતરું ઘડ્યું.

જીવા ખાચરની મંત્રણાનું કામ ચાલુ થયું. માંડવધારના જેઠો ગોવાળિયો અને મેરામણ ગોવાળિયાએ દાદા ખાચરના ગરાસનું માંડવધાર ગામ કબજે કરી લીધું અને દાદા ખાચર સાથે વેર બાંધ્યું. મહારાજ અને દાદા ખાચરને મારવાના ઘણા પેંતરા કર્યા પણ એમનો એકેય લાગ ફાવ્યો નહીં. છેવટે

સ્વામિનારાયણને પતાવી દેવા બે હજાર જેટલા ભરાડીઓને ભેગા કર્યા અને આજે રાત્રે જ સ્વામિનારાયણને પકડી લેવા અને દાદા ખાચરનો ગરાસ પડાવી લેવો, એવું નક્કી થયું.

આ વાતની મહારાજને ખબર પડતા મહારાજે સ્વયં હથિયારો બાંધ્યા અને ભગુજી, નાજા જોગીયા વગેરે ચાર-પાંચ પાર્ષદોને સાથે લીધા. અંધારું થયું એટલે મહારાજનું નાનું લશ્કર માંડવધારના ધૂળિયા માર્ગે ચાલતું થયું.

માંડવધાર પહોંચ્યા, ત્યાં પહેલો પ્રહર વીતી ચૂક્યો હતો. મહારાજે ગામમાં પ્રવેશ કર્યો અને સીધા જ્યાં આ ગોવાળિયાઓ ભેગા થઈ યોજના બનાવતા હતા ત્યાં આવ્યા. મહારાજે ઘરના ઝાંપામાં પ્રવેશ કર્યો. ફળિયામાં એક ગાડું પડ્યું હતું, ગાડાંની ઉંધને ઊંચી કરી જોરથી પછાડી એટલે તોપનો ગોળો ફૂટ્યો હોય એવો અવાજ થયો. અવાજ સાંભળી ભેગા થયેલા ભરાડીઓ ઝબકી ગયા. ત્યાં મહારાજે મ્યાનમાંથી તલવાર બહાર કાઢી અને પડકાર કર્યો, "ક્યાં ગયા અમને પકડનારા, બહાર નીકળો !"

મહારાજનો પડકારો સાંભળી ઘરમાં બેઠેલા ટોળાને એમ લાગ્યું કે સ્વામિનારાયણ મોટું સૈન્ય લઈને આવ્યા છે, સાથે તોપગોળા અને બંધુકું લાવ્યા છે, તે આજે તો આપણી બરાબરની ખબર લેશે. માટે જીવ બચાવી ભાગો અહીંથી. તે બધા માંડ્યા ભાગવા, કોઈ મહારાજને પકડવા ઊભો રહ્યો નહીં.

એ દિવસ પછી ક્યારેય એ ગોવાળિયાઓએ ગઢપુર સામે કે દાદા ખાચરના ગરાસ સામે મીટ માંડીને પણ જોયું નહીં. આ રીતે મહારાજે પોતાના અલૌકિક સામર્થ્યે કરી દાદા ખાચરની રક્ષા કરી.

જીવા ખાચરની અવળાઇ

દાદા ખાચરને પજવવામાં વારંવાર મળતી નિષ્ફળતામાંથી જીવા ખાચર કોઈ શીખ ગ્રહણ કરતા નહોતા, પરંતુ હારેલો જુગારી વધારે રમે એ ન્યાયે દાદા ખાચરની રક્ષામાં સ્વયં ભગવાન છે એ જાણ્યા છતાં જીવા ખાચર વધારે ને વધારે મોટાં કારસ્તાન કર્યે જતા હતા.

આ વખતે જીવા ખાચરે દાદા ખાચરને મરાવી નાખવાનો વિચાર કર્યો હતો. એ માટે એમણે તોફાની બે હજાર માણસો એકઠા કર્યા હતા અને હુમલો કરવાની વેતરણમાં હતા. આ વાત જ્યારે મહારાજે જાણી કે તુરત જ દાદા ખાચરની પાસે

ગયા અને કહ્યું, "દાદા ! હમણાં તમારા માથે મોટું વિઘન છે, માટે તમો સારંગપુર જાઓ ને હું અહીંયા રહી બધું થાળે પાડું."

મહારાજની વાત સાંભળીને દાદા ખાચર કહે, "મહારાજ ! તમને છોડીને મારે ક્યાંય જવું નથી અને તે ઠીક પણ ન કહેવાય. જો તમને છોડીને જાઉં તો લોકમાં મારી નિંદા થાય, કે પોતે ડરીને ભાગી ગયા અને ભગવાનને ભીડામાં નાખતા ગયા. અને વળી મહારાજ ! અમે રહ્યા ક્ષત્રિયો, તે શત્રુઓ સામે લડવું તે અમારો ધર્મ છે. તેથી શત્રુઓ સાથે લડવા ઈચ્છું છું, પણ ભાગીને બીજે સંતાવાની ઈચ્છા નથી."

દાદા ખાચરનું કહ્યું સાંભળી મહારાજ કહે, "ભલે, યુધ્ધ થાય તેની ચિંતા તમારે ન કરવી. તમારે તો મારી આજ્ઞા પ્રમાણે વરતવું. તમે આજ સારંગપુર જાઓ, પછી હું તમને જ્યારે અહીં બોલાવું ત્યારે આવવું." એમ કહીને રાઠોડ ધાધલની સાથે દાદા ખાચરને સારંગપુર મોકલ્યા.

પછી મહારાજે દાદા ખાચરની જે કાંઈ મિલકત હતી તે બળદ ગાડાઓમાં ભરી રાતોરાત હરિભક્તો દ્વારા બીજે ઠેકાણે મોકલાવી દીધી. ઘરના બીજા સભ્યોને શૂરવીર પાર્ષદોની ચોકી વચ્ચે દરબારગઢમાં જ બંધ કરી દીધા અને પોતાની પાસે રહેલા અન્ય શૂરવીર ભક્તો અને પાર્ષદોને કહ્યું, "ભક્તો ! આજે ખરાખરીનો ખેલ થવાનો છે. તમે હથિયાર લઈને તૈયાર રહેજો, કારણ કે ગમે ત્યારે હુમલો થઈ શકે છે."

એમ કહી પાર્ષદોને બંદૂકો બંધાવી, હરિભક્તોને તલવાર, ભાલા, કટાર વગેરે અપાવ્યાં અને મહારાજે કચ્છ વાળ્યો, કેડ બાંધી અને પોતાના દેશમાં સૈનિકો જે રીતે માથે ફેંટો બાંધે એ રીતે ફેંટો બાંધ્યો, કેડે જમૈયો ને કટાર ધારણ કર્યા, ઢાલ તથા બાણનો ભાથો પીઠ ઉપર બાંધ્યા અને હાથમાં ધનુષ્ય ધારણ કર્યું. આ રીતે મહારાજે લડવૈયાનો વેશ ધારણ કર્યો અને નૃસિંહ ભગવાનના ભયંકર સ્વરૂપની પેઠે શોભવા લાગ્યા.

થોડા પાર્ષદો તથા સારંગપુરના જીવા ખાચર વગેરે ભક્તો હથિયાર ધારણ કરીને મહારાજની રક્ષામાં ઊભા રહ્યા. થોડા પાર્ષદો તથા ભક્તો ઊંચે સ્થાને ચઢી બહારની હલનચલન મહારાજને કહેવા લાગ્યા. તે જ સમયે શત્રુઓએ લક્ષ્મીવાડીમાંના શેરડીનો વાઢ ઊભો હતો તેને સળગાવ્યો, તેથી આકાશ કાળા

ધુમાડાના ગોટાથી ભરાઈ ગયું. મહારાજે મેઘજી તથા હસનને વાડીએ મોકલ્યા અને ત્યાંની હકીકત જાણી લાવવા કહ્યું.

મેઘજી અને હસન લક્ષ્મીવાડીએ જઈને જૂવે છે તો બધું જ બળીને ખાખ થઈ ગયું હતું. તેઓએ પાછા આવી મહારાજને સમાચાર આપ્યા. તે સાંભળી મહારાજની આંખો લાલચોળ થઈ ગઈ અને ક્રોધને લીધે શરીર કંપવા લાગ્યું. હમણાં જીવા ખાચરનું આવી બનશે એવું લાગતું હતું, તેવામાં જીવા ખાચરના દીકરી અમૂલાબાઈ તથા અમરીબાઈ મહારાજ પાસે આવ્યા અને કહ્યું, "મહારાજ ! આ કામ કરાવનાર અમારા પિતા જ છે, તમે એમને યોગ્ય દંડ જરૂર આપો."

એટલામાં દાદા ખાચરના ફોઈ સોમાબાઈ મહારાજ પાસે આવ્યા અને વિફરેલી સિંહણ ઘૂરકે એમ ત્રાડ નાખીને બોલ્યા, "મહારાજ ! તમારી પાસે કોઈનું ચાલે તેમ નથી. તમે ધારો તો સંકલ્પે કરીને એ બધાનો નાશ થઈ જાય અને તમારે એમ ન કરવું હોય તો મને આજ્ઞા કરો. હું આ આખા બ્રહ્માંડનો નાશ કરી શકું, તો જીવા ખાચર શી ગણતરીમાં ?"

સિંહણ જેવું સોમાબાઈનું વિકરાળ સ્વરૂપ જોઈ મહારાજ કહે, "સોમાબાઈ ! તમે ચંડિકાનું રૂપ ધારણ કરો ને હું નૃસિંહનું રૂપ ધારણ કરું. પછી આપણે બન્ને શત્રુઓના ટોળામાં કૂદી પડીએ અને કચ્ચરઘાણ કાઢી નાખીએ."

મહારાજની વાત સાંભળી સોમાબાઈએ માથે તથા મુખે કેશર-ચંદનનો લેપ ચોપડ્યો અને આખે શરીરે કંકુ તથા ગુલાલનો છંટકાવ કર્યો, હાથમાં સાંબેલું લીધું. મહારાજે પણ પોતાના હાથમાં ધનુષ્ય-બાણ ધારણ કર્યાં અને લડવા તૈયાર થઈને બન્ને દરવાજા બહાર નીકળ્યા.

દરવાજેથી થોડે દૂર દુશ્મનોનું ટોળું ઊભુ હતું. મહારાજે તેમની સામે ભયંકર ગર્જના કરી. સિંહ ગર્જના કરે અને હરણીઓના ગર્ભ સ્રવી જાય એમ મહારાજની ગર્જના તથા નૃસિંહ જેવો ભયંકર વેશ જોઈ-સાંભળી સામે ઊભેલા સર્વે ભારે ત્રાસ પામ્યા અને સામે મારવા દોડ્યા.

વિરોધીઓનું સૈન્ય સામું આવતું જોઈ મહારાજની પાસે ઊભેલા સોમલા ખાચર, સુરા ખાચર, ઘેલો ધાધલ વગેરે શૂરવીરો હાથમાં હથિયારો લઈ શત્રુ સામા દોડ્યા. તે જોઈ શત્રુપક્ષમાં અફરાતફરી મચી ગઈ. તેવામાં એક મુસલમાન

મહારાજનું નિશાન લઈ બંદૂકનો ભડાકો કરવા જતો હતો, તે બંદૂક ફાટી. જાણે તોપનો ગોળો ફૂટ્યો હોય એવા ધડાકા સાથે મુસલમાન ફરતા અગ્નિના ગોટા વછૂટ્યા. એને લીધે એની મૂંછ અને દાઢી સળગી. તે જોઈને શત્રુપક્ષના માણસો ભય પામ્યા અને પોતપોતાનાં હથિયારને ત્યાંજ પડતા મેલી નાઠા. વિકરાળ રૂપ ધરીને આવેલા સોમાબાઈ એ ભાગતાં સૈન્યની વચ્ચે પડ્યા અને પોતાના હાથમાં રહેલા સાંબેલાથી એક એકને મારવા લાગ્યા.

યુધ્ધની બાજી પોતાના હાથમાંથી સરતી જોઈ વીહો ગઢવી, કુરજી તથા આલો ગોવાળિયો એ ત્રણ જણ મળીને મહારાજ પાસે આવ્યા અને યુધ્ધ બંધ કરવાની પ્રાર્થના કરવા લાગ્યા. મહારાજે તે લોકોને કરગરતા જોઈ શત્રુઓનો કચ્ચરઘાણ કાઢતા પાર્ષદો તથા હરિભક્તોને પાછા બોલાવ્યા અને યુધ્ધ બંધ રખાવ્યું.

પછી મહારાજે સોમાબાઈને કહ્યું જે, “તમે દાદા ખાચરના દરબારગઢની રક્ષા કરો, અમે હમણાં આવીએ છીએ.”

દસ સવારો તથા પચાસ હથિયારધારી પાર્ષદો સાથે મહારાજ ઘોડીએ ચઢી જીવા ખાચરના દરબારમાં પધાર્યા. જીવા ખાચર બીકના માર્યા ઓરડાને અંદરથી બંધ કરી સંતાઈ ગયા હતા. તેથી મહારાજે ઊંચા સ્વરથી કહ્યું, “જીવાબાપુ ! દાદાને મારવાનું આ કામ તમે જ કરાવ્યું છે, છતાં હું તમને જીવતા જવા દઉં છું, કારણ કે અમૂલા અને અમરી તે બેઉ મારાં એકાંતિક ભક્ત છે. નહિતર આ તીક્ષ્ણ તલવારથી તમારા કટકા કરી નાખત.”

આ પ્રકારે કહીને મહારાજ પાળાઓએ સહિત લક્ષ્મીવાડીએ પધાર્યા ને ત્યાંથી સારંગપુર પધાર્યા.

આ બાજુ શત્રુપક્ષના જે લોકો દાદા ખાચરની સામે લડવા આવ્યા હતા એ તમામને ભારે ઝાડા થયા, તે વારંવાર લોટે જવાથી શરીર નીચોવાઈ ગયાં અને ભારે ત્રાસ પામ્યા.

દાદા ખાચરના પુત્રો

એક વખત મહારાજ લક્ષ્મીવાડીએ બેઠક છે, ત્યાં વિરાજમાન હતા. તારા મધ્યે ચંદ્ર શોભતો હોય એમ મહારાજની ફરતે સંતો અને હરિભક્તો વીંટળાઈને બેઠા હતા. મહારાજ હળવે હળવે હરિકથા વહાવતા હતા. એ સમયે જ્યાં સભા

ભરાઈને બેઠી હતા ત્યાં દોડતા દોડતા લક્ષ્મીરામ દેરાશ્રી આવ્યા અને જાણે મોટો ખજાનો જડ્યો હોય અને જેવો હરખ હોય એવા હરખમાં મહારાજને વધામણી આપતા કહ્યું, "મહારાજ ! દાદા ખાચરને ત્યાં દીકરાનો જન્મ થયો...!"

શુભ સમાચાર સાંભળી મહારાજને આનંદનો પાર ન રહ્યો. તરત જ પોતાના કંઠમાં વીજળીની જેમ ચમકતી પાંચસો રુપિયાની ઉતરી પહેરી હતી તે લક્ષ્મીરામને આપી અને કહે, "આજે અમારો ખૂબ મોટો સંકલ્પ હતો તે પૂરો થયો છે, માટે દાદાને કહો અમે દરબારગઢમાં આવીએ છીએ અને આજે આખા ગામને રાજી કરવું છે."

આ રીતે મહારાજે દાદા ખાચરને ત્યાં પુત્ર થયાના સમાચાર જાણી, પોતાનો રાજીપો દેખાડ્યો. પછી દાદા ખાચરના એ પુત્રનું નામ બાવા ખાચર રાખવામાં આવ્યું.

★ ★ ★ ★ ★

ઉનાળાની સવારનો સમય હતો. મહારાજ ઉગમણાબારના ઓરડાની ઓસરીયે વિરાજમાન હતા. શ્વેત ધોતી અને શ્વેત ખેસ પહેર્યાં હતાં. કંઠમાં મોગરાનો હાર મહેંકતો હતો. એ સમયે કોઈ હરિભક્ત કેરીઓ લાવ્યા હતા, તે મહારાજ જમતા હતા.

ત્યાં ગોઠણિયાભર ચાલતા ચાલતા બાવા ખાચર મહારાજ બેઠા હતા ત્યાં આવ્યા અને મહારાજ પાસે બેસી ગયા. કેરી જમતા મહારાજને ટગર ટગર જોતા બાવા ખાચરને મહારાજે પોતે જમતા હતા તે પ્રસાદીની કેરીઓ આપી અને પોતાના હાથે જમાડવા માંડ્યા. આમ ઘણીવાર સુધી મહારાજે બાવા ખાચરને કેરીઓ જમાડી, એટલે બાવા ખાચરના માતુશ્રી જસુબાઈએ મહારાજને કહ્યું, "મહારાજ ! નાનાં છોકરાંને બહુ કેરીયું જમાડો છો, તે એને વાવળી થાશે."

મહારાજ કહે, "જસુબાઈ ! બાવા ખાચરને કશું નહીં થાય અને મોટા થઈને કેરીઓ પર જ રહેશે."

પછી બાવા ખાચર મોટા થયા ત્યારે કેરીના સમયમાં તેઓ કેવળ કેરીઓ જ જમતા.

★★★★★

બાવા ખાચર અતિ ભાગ્યશાળી હતા. એમને મહારાજના ખોળામાં રમવાનો અવસર મળ્યો હતો. મહારાજ પણ બાવા ખાચર ઉપર ભારે હેત દર્શાવતા. મહારાજ જ્યારે દાદા ખાચરના દરબારગઢમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હોય, ત્યારે બાવા ખાચર ગોઢણિયાભર ચાલતા ચાલતા પાસે આવતા, ઢોલિયો ઝાલીને ઊભા થાતા અને મહારાજના ચરણને પકડવા હાથ લાંબો કરતા. એ વખતે મહારાજ પોતાનું જમણું ચરણારવિંદ લાંબું કરતા, એટલે બાવા ખાચર મહારાજનાં ચરણારવિંદનો અંગૂઢો મોંઢામાં લઈ એમાંથી જાણે અમૃતની ધારાઓ વહેતી હોય એમ ધાવતા.

થોડા મોટા થયા પછી બાવા ખાચર સવારના બ્રાહ્મ મુહૂર્તે મહારાજ જ્યારે અક્ષરઓરડીમાં પૂજા કરવા બેસતા, ત્યારે મહારાજને પ્રદક્ષિણા ફરતા. આ રીતે દાદા ખાચરની અનન્ય ભક્તિ બાવા ખાચરમાં પણ ઊતરી આવી હતી.

★★★★★

મહારાજ સ્વધામ પધાર્યા ત્યારની વાત છે. ચૂડા ગામનો હરિશંકર નામનો બ્રાહ્મણ ભગવાન સ્વામિનારાયણનો વેશ કાઢતો, ગામોગામ ફરી ઉપદેશ આપતો અને લોકોને ભરમાવતો.

એક દિવસ એ ગઢડા આવ્યો અને કહે, “મારે ગોપીનાથજીનાં દર્શન કરવા જવું છે.”

આ વાતની જ્યારે અમરા ખાચરને ખબર પડી ત્યારે તેઓ ઢાલ-તલવાર બાંધીને દરવાજે બેઠા અને હરિશંકરને કહેડાવ્યું જે, “તું મંદિરમાં આવ્ય અને તારા બે કટકા ન થાય તો મારો બાપ દાદા ખાચર નહીં ! અને જો ગામમાં પણ દેખાણો તો પણ જીવતો નહીં છોડું.”

અમરા ખાચરના આવા સમાચાર સાંભળી હરિશંકરને ભારે બીક લાગી અને તરત જ ગામ છોડીને ભાગી ગયો.

હવે અમારું કોણ ?

ભગવદ્પાદ્ શંકરાચાર્યજીએ બહુ ટૂંક સમયમાં વૈદિક ધર્મનું પુનઃ સ્થાપન કર્યું હતું, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે માત્ર ત્રીસ વર્ષના ટૂંકા ગાળામાં ભાગવત ધર્મના સ્થાપનનું ભગીરથ કાર્ય પૂર્ણ કર્યું હતું. અનેક અવરોધો, વિરોધો વચ્ચે પણ એમણે નિર્ભયતાથી ધર્મપ્રચાર કર્યો હતો.

મહારાજને હવે લાગી રહ્યું હતું કે, 'મારું અવતાર કાર્ય પૂર્ણ થયું છે.' હવે એમણે આ લોક છોડીને સ્વધામ-ગમનનો સંકલ્પ કર્યો અને શરીરે મંદવાડ ગ્રહણ કર્યો. મહારાજને માંદા જાણી દેશદેશથી અનેક ભક્તો મહારાજના દર્શને આવવા લાગ્યા હતા.

ધામમાં જતાં પહેલા મહારાજ સૌના હૈયામાં ધીરજ બંધાવવા માગતા હતા. એમણે સંતો-ભક્તોની વિશાળ સભા ભરી અને કહ્યું, "હે ભક્તો ! આ ધરતી ઉપર કોઈ કાયમ રહેતું નથી. મોટા મોટા રામ-કૃષ્ણાદિક જેવા ભગવાનના અવતારો પણ અવતારકાર્ય પૂર્ણ થયે પોતાપોતાનાં ધામમાં પધાર્યા છે. અમે પણ અનંત જીવોના આત્યંતિક કલ્યાણ માટે જે કરવું ઘટે તે બધું પૂર્ણ કરી લીધું છે, માટે અમે પણ અમારા અક્ષરધામમાં જશું."

મહારાજની વાત સાંભળી સભામાં સન્નાટો છવાઈ ગયો. સહુના હૃદયમાં ઊંડો ઊંડો ધ્રાસકો પડ્યો. આંખોમાંથી આંસુડાઓ વહેવા લાગ્યાં, કેટલાક સંતો-ભક્તો તો બેભાન થઈ ઢળી પડ્યા. આખી સભા જાણે શોકના દરિયામાં ડૂબી ગઈ !

ભક્તોની આવી દશા જોઈ મહારાજનાં અંતરમાં થયું કે, 'આ બધા ભક્તજનો હેતના દરિયા જેવા છે. મારા વિરહમાં આમાંથી ઘણા જીવી નહીં શકે અને આત્મહત્યાઓ કરશે.' આવું ન થાય માટે મહારાજે કહ્યું, "ભક્તો ! સાંભળો ! અમારી પાછળ જે કોઈ શરીર ત્યાગશે, તે ગુરુદ્રોહી અને વચનદ્રોહી ગણાશે, એને હું અક્ષરધામમાં પ્રવેશવા નહીં દઉં. તમે બધા એક પછી એક આવીને અમારાં ચરણને સ્પર્શ કરી સમ ખાઓ, કે તમે અમારી પાછળ આત્મહત્યા નહીં કરો."

બધા જ સંતો-હરિભક્તોએ શ્રીજી મહારાજનાં ચરણસ્પર્શ કરી સોગંદ ખાધા અને બોલ્યા, "મહારાજ ! અમે વિરહની વેદના વેઠતા રહીશું, પણ તમારી મરજી નહીં લોપીએ. અમારી વિનંતી એટલી જ છે કે અમને તમારી પાછળ બહુ વધારે સમય જીવતા રાખશો નહીં."

મહારાજ કહે, "ભક્તો ! સમય આવ્યે અમે તમને અમારી પાસે બોલાવી લઈશું, માટે ધીરજ રાખજો, શોકાતુર થશો નહીં." મહારાજે સાંત્વનાના શબ્દોથી સંતો-ભક્તોને મહાપરાણે ધૈર્ય ધરાવ્યું.

એ વખતે સભામાં ઉપસ્થિત દાદા ખાચર મહારાજ પાસે આવ્યા અને

મહારાજના ખોળામાં માથું મૂકી પોક મૂકી રડવા લાગ્યા. મહારાજે દાદા ખાચરના માથા ઉપર હાથ મેલ્યો અને છાના રાખ્યા.

આંખોમાંથી વહેતી આંસુડાઓની ધારાઓને બન્ને હાથે લૂછતા લૂછતા અને હીબકા ભરતા ભરતા દાદા ખાચરે મહારાજને કહ્યું, “મહારાજ ! તમે ચાલ્યા જાઓ, પછી મારું કોણ....?”

મહારાજ કહે, “દાદા ! શોક કરો મા. છતે દેહે તમારી ખબર રાખી છે, તેના કરતા અમે ધામમાંથી વધારે ખબર રાખીશું. અમે તમારા પિતા થઈને રહ્યા છીએ અને હમેશા રહીશું. માટે તમે નચિંત થાઓ.”

મહારાજના સાંત્વનાભર્યા શબ્દો સાંભળી દાદા ખાચરને ભારે આશ્વાસન મળ્યું.

મહાપ્રયાણ

વિક્રમ સંવત્ ૧૮૮૬ જેઠ સુદી દશમીનો દિવસ હતો. સવારના લગભગ સાડા દસ વાગ્યાનો સુમાર હતો. શ્રીજી મહારાજની અક્ષર ઓરડીએ સંતો-હરિભક્તો ભારે અને ભાંગેલા હૈયે ભેગા થયા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે ધરતીને ગાયના છાણથી લીંપાવી ઉપર દર્ભ પથરાવ્યા, પછી એ લીંપેલી ધરતી ઉપર પોતે સ્વસ્તિક આસને વિરાજમાન થયા. નેત્રો મીંચી સ્વ-સ્વરૂપમાં વૃત્તિ જોડી દીધી. એ જ સમયે એમનાં શરીરમાંથી દિવ્ય પ્રકાશ રેલાયો.

સેંકડો સંતો-હરિભક્તો ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય દેહોત્સર્ગ લીલા નજરોનજર નિહાળી રહ્યા હતા. અવકાશમાં અનંત અક્ષરમુક્તો શ્રીહરિનું સ્વાગત કરી રહ્યા હતા.

શ્રીહરિએ સ્વતંત્રપણે અંતર્ધાનલીલા સ્વીકારી હતી. ગઢપુરમાં કરુણ વિરહસાગરે માઝા મૂકી હતી. ચારે બાજુ હૈયાફાટ આક્રંદ થઈ રહ્યાં હતાં.

યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ ભારે ધૈર્યપૂર્વક અંતિમ વિધિની તૈયારીઓ કરાવી. ગઢપુરની લક્ષ્મીવાડીએ ભગવાન શ્રીહરિનાં શ્રીવિગ્રહને અગ્નિસંસ્કાર કરવાની વ્યવસ્થા કરવામાં આવી. ગોપાળાનંદ સ્વામીએ ચિતાથી થોડે દૂર ફરતા વાંસડાની મજબૂત વાડ્ય કરાવી હતી અને મજબૂત પાર્ષદોને ફરતા ગોઠવી દીધા હતા, કે જેથી કોઈ ચિતામાં ન પડે.

દાદા ખાચરથી મહારાજનો આ વિરહ સહેવાય તેમ નહોતો. એ દોડીને ચિતામાં પડવા ગયા. ગોપાળાનંદ સ્વામીએ જોરથી દાદા ખાચરનો હાથ પકડી લીધો અને બોલ્યા, “હાં ! હાં ! દાદા શું કરે છે ? મહારાજને મૂવા માને છે ? સામે આંબાની બેઠકે જા, મહારાજ તારી રાહ જૂએ છે.”

સ્વામીએ બે સંતોને આજ્ઞા કરી, “દાદાનો હાથ પકડી બેઠકે લઈ જાઓ.”

લક્ષ્મીવાડીની આ બેઠકે આંબાના ઝાડ નીચે ભગવાન શ્રી સ્વામિનારાયણ અવારનવાર સભા ભરીને બેસતા. જેવા દાદા ખાચર બેઠકે આવ્યા, એ જ સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ દિવ્ય સ્વરૂપે સભા ભરીને બિરાજમાન હતા. મહારાજનાં દર્શન કરતાં જ દાદા ખાચરના આશ્ચર્યનો પાર ન રહ્યો.

મહારાજે વ્હાલથી મીઠા સ્વરે દાદાને આવકરતાં કહ્યું, “દાદા ! અમને મૂવા માનીશ નહીં. અમારું આવવું અને જવું એ તો લીલામાત્ર છે. અમે ભક્તોને માટે સત્સંગમાં સદૈવ પ્રગટ છીએ.” આટલું કહી મહારાજ દાદાને ભેટ્યા, ગુલાબનો હાર પહેરાવી ધીરજ આપી.

અગ્નિસંસ્કાર કરી સહુ ભારે હૈયે દરબારગઢમાં આવ્યા. કોણ કોને ધીરજ આપે એ મોટો પ્રશ્ન છે, પણ ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુ સંતો હૃદયને કઠોર કરી સહુને સાંત્વના આપે છે. જેમ જેમ દિવસો જતા જાય છે તેમ તેમ શાસ્ત્રના નિયમ પ્રમાણે રઘુવીરજી મહારાજ તથા અયોધ્યાપ્રસાદજી મહારાજ પિંડદાન આદિ ક્રિયાઓ કરાવે છે. દાદા ખાચર, સુરા ખાચર, ભગા દોશી વગેરે ભક્તો મહારાજના તેરમાની તૈયારીઓ કરે છે. જેમ જેમ સમાચાર મળતા જાય છે તેમ તેમ હજારો ભક્તો સંઘ લઈને ગઢડામાં આવે છે, એ તમામની રહેવા-જમવાની વ્યવસ્થા દાદા ખાચર વગેરે કરે છે.

મહારાજની દ્વાદશી-ત્રયોદશી વગેરેની વિધિઓ થઈ. હજારો બ્રાહ્મણોને ભારે દાન અપાયાં. હજારો ભક્તોને ભોજન કરાવ્યાં અને ધીમે ધીમે સહુ છૂટા પડ્યા.

દાદા ખાચરનો અક્ષરવાસ

મહારાજ સ્વધામ પધાર્યા બાદ દાદા ખાચરે વિરહમાં ઝૂરી ઝૂરી પોતાનો દેહ સૂકવી મેલ્યો છે. આંખોમાંથી સતત અશ્રુધારાઓ વહેતી રહે છે. નથી ખાવું ભાવતું કે નથી સૂવું ગમતું. જગતના સર્વે સંબંધો નાશવંત લાગે છે.

મુક્તાનંદ સ્વામી વગેરે સંતો મહારાજનો વિરહ ઓછો થાય એ માટે સતત ચરિત્રોનું શ્રવણ કરાવે છે. ચરિત્રો સાંભળી દાદા ખાચરને પણ મહારાજના વિયોગનું દુ:ખ હળવું થાય છે. એવામાં મુક્તાનંદ સ્વામી પણ મહારાજનાં ધામમાં પધારતા ફરી દાદા ખાચર વિરહસાગરમાં ડૂબી જાય છે.

પછી તો મુક્તાનંદ સ્વામીના શિષ્ય આધારાનંદ સ્વામીએ મહારાજના જન્મથી માંડીને અંતર્ધાન થયા, ત્યાં સુધીની તમામ લીલા વિસ્તારથી સંભળાવી અને દાદા ખાચરને ભારે સાંત્વના મળી.

મહારાજનાં ચરિત્રોનું શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરતા, મહારાજનાં સ્વરૂપનું ધ્યાન કરતાં દાદા ખાચર મહારાજની ઈચ્છા પ્રમાણે રહી ભજન કરવા લાગ્યા. આમને આમ ત્રેવીસ વર્ષ પસાર થઈ ગયા. છેવટે સંવત ૧૯૦૯ ના પોષ વદી છઠ્ઠના રોજ દાદા ખાચરે માનુષી તનુ છોડ્યું અને દિવ્ય તનુ ધારણ કરી મહારાજની સાથે અક્ષરધામ પધાર્યા અને સત્સંગના ઈતિહાસમાં અમર થઈ ગયા.

૨ પર્વતભાઈ (અગતરાઈ)

ભગવાન શ્રી સ્વામિનારાયણના અવતરણનો મુખ્ય હેતુ હતો - ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહિમાએ સહિત ભક્તિ તેમજ શરણાગતિરૂપ પંચાંગ ભાગવત ધર્મની સ્થાપના કરવી. આ શુભ કાર્યની શરૂઆત ભગવાન શ્રી સ્વામિનારાયણે સોરઠ દેશથી કરી હતી. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સોરઠના સત્સંગનું વિશિષ્ટ સ્થાન છે. ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામીએ સોરઠને ઉદ્ધવ સંપ્રદાયનું કેન્દ્ર બનાવ્યું હતું. સોરઠના લોજ ગામે નીલકંઠવર્ણીએ ઐતિહાસિક વિશ્રાંતી લીધી હતી.

સોરઠમાં અનેક મહાન મુક્તો થયા. જેમાં માણાવદરના મયારામ ભટ્ટ, પીપલાણાના નરસિંહ મહેતા, આખાના સમાધિનિષ્ઠ લાડકીબાઈ, પંચાળાના ઝીણાભાઈ દરબાર, અગતરાઈના પર્વતભાઈ અને ભીમભાઈ, ખોરાસાના રાજા ડાંગર, મઢડાના જેઠા મેર, માંગરોળના સમાધિનિષ્ઠ ગોવર્ધનભાઈ અને આણંદજી સંઘેડિયા, વંથલીના કલ્યાણભાઈ, ઉપલેટાના લાલાભાઈ વગેરે સુપ્રસિદ્ધ છે.

સોરઠનો સત્સંગ શ્રદ્ધા, શૂરવીરતા અને દાતારીથી ભરેલો છે. સમય જતાં સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ આ સોરઠી સત્સંગમાં સમજણનું અમૃત ઘોળ્યું હતું અને સોરઠના સત્સંગને ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વોપરી મહિમાના રંગથી રંગી દીધો હતો.

સોરઠના ભક્તજનોની વાત આવે એટલે પ્રથમ નામ પર્વતભાઈનું યાદ આવે. ગરવા ગિરનારની પવિત્ર ગોદમાં રમતા અગતરાઈ ગામના એ ખેડૂત ભક્તે

જીવનપર્યન્ત ભગવાન શ્રી સ્વામિનારાયણની મરજી અને અરજીમાં રહી પોતાનું સમગ્ર જીવન ભક્તિમય બનાવી, સત્સંગની સેવામાં સમર્પણ કરી દીધું હતું. એમાં પણ એમની નિર્મોહી સ્થિતિ તો કંઈક અલૌકિક હતી.

પર્વતભાઈ રામાનંદ સ્વામીના અનન્ય અને નિષ્ઠાવાન શિષ્ય હતા. રામાનંદ સ્વામીને જ ઈશ્વર માની એમની જ ભક્તિ કરતા. રામાનંદ સ્વામી ધામમાં સિધાવ્યા બાદ મુક્તાનંદ સ્વામીની સમજણપૂર્વકની વાતો અને મુક્તાનંદ સ્વામીનો સહજાનંદ સ્વામી પ્રત્યેની દૃઢ ભક્તિને જોઈ પર્વતભાઈ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અનન્ય નિષ્ઠાથી જોડાયા હતા.

ધ્યાન, ભજન અને સેવાપરાયણ એમનું જીવન હતું. ગૃહસ્થાશ્રમમાં રહી બધો વ્યવહાર કરવા છતાં જનકવિદેહીની માફક પર્વતભાઈના હૃદયમાં સંસારનો કોઈ મોહ કે બંધન અડ્યા નહોતા. પર્વતભાઈને ઘરે મોટી ખેતી હતી. ગાયો-ભેંસોના દૂઝાણાંનો પાર નહોતો. વ્યવહારે સુખી હતા. આબરૂદાર ઘર હતું, છતાં સંસાર-વ્યવહારમાં તેઓ નિર્લેપભાવે વર્તતા હતા.

પર્વતભાઈને મહારાજની આજ્ઞા સિવાય કોઈ કર્તવ્ય નહોતું, મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ જોઈતું નહોતું, મહારાજના ભક્તો સિવાય કોઈ સગા નહોતા. મહારાજ કેમ રાજી થાય ? એ જ એક તાન હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિનું ધ્યાન કરતાં કરતાં એમને નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી. નવાઈની વાત એ હતી કે, આવી યોગીઓ જેવી ઉત્તમ સ્થિતિ હોવા છતાંય તેઓનું જીવન એટલું સીધું-સાદું હતું, કે કોઈને ખ્યાલ પણ ન આવે કે આ સામાન્ય ખેડૂના ખોળિયામાં કેટલો ઊંચો આત્મા રમી રહ્યો છે !

કૂકડાનાં બચ્ચાં ને કણબીનાં છોકરાં ભૂખે ન મરે

"કોઈને દુઃખીઓ રે દેખી ન ખમાય, દયા આણી રે..."

શ્રીજી મહારાજનો સ્વભાવ પરદુઃખહારી હતો. દુઃખી જીવને જોઈ મહારાજ પણ દુઃખી થઈ જતા. એ સમયે ગરીબ માણસો તથા તીર્થયાત્રીઓ માટે મહારાજ લોજ, માંગરોળ, પીપલાણા વગેરે ગામોમાં સદાવ્રતો ચલાવતા. જે કોઈ અન્નાર્થી આ સદાવ્રતોમાં આવતો, તે ક્યારેય ખાલી હાથે પાછો ન જતો.

આ સદાવ્રતોનું પોષણ હરિભક્તોના સમર્પણ અને સહયોગથી થતું. કોઈ સદાવ્રતોમાં અન્ન-વસ્ત્રની જરૂર પડતી ત્યારે આજુબાજુના ગામોમાં વસતા હરિભક્તો દ્વારા તરત સગવડ થઈ જતી.

એક વખત લોજ ગામમાં ચાલતા સદાવ્રત માટે અનાજની જરૂર પડી. શ્રીજી મહારાજ અને મુક્તાનંદ સ્વામી અનાજની વ્યવસ્થા કરવા અગતરાઈ ગયા અને પર્વતભાઈને વાત કરી.

મહારાજની વાત સાંભળી પર્વતભાઈ ઘરે કોઈ પ્રસંગ આવ્યો હોય એવા હરખમાં આવી ગયા. મહારાજ અને મુક્તાનંદ સ્વામીને લઈ પર્વતભાઈ અનાજ સંઘરવાના ઓરડામાં ગયા. ઓરડામાં સોળ કળશી અનાજની દશ કોઠીઓ ભરી હતી તે બતાવી અને કહ્યું, “મહારાજ ! આ રહ્યું અનાજ, તમારે બીજે ક્યાંય ગોતવા જવાની જરૂર નથી. હમણાં આ બધું જ અનાજ ગાડાંમાં ભરી લોજ રવાના કરું છું !”

મહારાજ અને મુક્તાનંદ સ્વામી સાથે વાત કરતા કરતા પર્વતભાઈએ કામ કરનારા માણસોને કહી ગામમાંથી ગાડાં મંગાવ્યા. ગાડાં આવ્યા એટલે ઘરમાં હતું તે બધું જ અનાજ હોંશે હોંશે ગાડાંઓમાં ભર્યું અને લોજ રવાના કર્યું.

પર્વતભાઈની આવી ઉદાર ભાવનાને જોઈ મહારાજ ખૂબ રાજી થયા અને કહ્યું, “અરે પર્વતભાઈ ! તમે તો બધી કોઠીઓ ખાલી કરી નાખી ! છોકરાંઓ સારું થોડું અનાજ તો રાખો !”

પર્વતભાઈ કહે, “મહારાજ ! અનાજ તો પાછું પાકશે, પણ તમ જેવા લેનારા પાછા થોડા મળશે ?”

“પણ પર્વતભાઈ ! એ તો હજુ આવતી મોસમમાં પાકશે ને ? અત્યારે શું કરશો ? માટે એક વર્ષ ચાલે એટલું તો અનાજ રાખવું જોઈએ ને ?”

“ના મહારાજ ! અમે તો દાણા ઉછીના લઈ વરહ પસાર કરી દેશું. આ બધું તમોએ આપ્યું છે ને તમને પાછું આપવાનું છે, એમાં કંઈ મોટી વાત છે ? આ લોકમાં અમારું કંઈજ નથી, બધું તમારું જ છે મહારાજ !”

મહારાજે ફરી આગ્રહ કર્યો, “પર્વતભાઈ ! થોડું-ઘણું રાખી લો.”

મહારાજની વાત સાંભળી હસતા હસતા પર્વતભાઈ કહે, “મહારાજ ! કીડીથી માંડી કુંજર સુધીના જીવોનું પોષણ કરનારો ભગવાન મારા જેવા સામાન્ય

કણબીને ઘરે અનાજ લેવા આવે અને હું દેવામાં પાછો પડું તો તો મારાથી બીજો મોટો કયો અભાગિયો ? અને હા મહારાજ ! રહી વાત અમારી, તો કૂકડાના બચ્ચાં અને કણબીના છોકરા ભૂખે ન મરે, એ તો ઉકરડા ઉથામીને પણ પેટ ભરી લે !''

પર્વતભાઈનો જવાબ સાંભળી મહારાજ અને મુક્તાનંદ સ્વામીને ખૂબ આનંદ થયો. મનોમન આશીર્વાદ આપતા બન્નેએ વિદાય લીધી.

મૂર્તિનું મહા સુખ !

ગઢપુરમાં દાદાખાચરનો દરબાર સાક્ષાત અક્ષરધામ તુલ્ય જણાય છે. અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ સ્વયં શ્રીજી મહારાજ તથા અક્ષરધામના મુક્તોનો અહીં કાયમી નિવાસ છે. સવારથી માંડી રાત્રિપર્યંત કથા-વાર્તા, ધૂન-ભજનનો દિવ્ય જ્ઞાનયજ્ઞ-ભક્તિયજ્ઞ ચાલ્યા રાખે છે. દેશદેશથી અનેક મુમુક્ષુઓ પધારી આ વાતાવરણના રંગે રંગાઈ દેવતાઓને પણ દુર્લભ સેવા-ભક્તિયોગનો અલૌકિક લ્હાવો લે છે.

એક વખત સમૈયા પ્રસંગે પર્વતભાઈ તેમના ધર્મપત્ની સાથે શ્રીજી મહારાજનાં દર્શન કરવા ગઢપુર પધાર્યા હતા, ભક્તરાજ મયારામ ભટ્ટ પણ સાથે હતા.

વહેલી પરોઢથી મધ્યરાત્રિ સુધી દાદાના દરબારમાં કથા-ભજનની છોળ્યો ઊડતી. સવારના ચાર વાગે ત્યાં તો સ્નાનાદિક ક્રિયાઓમાંથી પરવારી સંતો-ભક્તો દ્વારા બોલાતાં પ્રભાતિયાં, કીર્તનો તથા પ્રકરણોના સુમધુર અવાજથી દરબારગઢ ગૂંજતો થઈ જાતો.

સૂર્ય ઉદય થાય એટલે શ્રીજી મહારાજ સભામાં પધારે. ગવૈયા સંતો દ્વારા કીર્તનો ગવાય, મહારાજ અને સંતો-ભક્તો વચ્ચે જ્ઞાનવાર્તા થાય, પરસ્પર પ્રશ્નોત્તરી ચાલે, દર્શને પધારેલા ભક્તો મહારાજનું તથા સંતોનું પૂજન કરે. આમ દશેક વાગ્યે સભા પૂરી થાય એટલે સૌ પોત-પોતાના ભાગમાં આવેલી સેવામાં લાગી જાય. સભામાં કોઈને કોઈ સદ્‌ગુરુ સંતો દ્વારા કથાવાર્તાનો દોર ચાલ્યા જ કરે. બપોરે ઠાકોરજી જમાડ્યા પછી ફરી બધા સભામાં પધારે અને કથા-કીર્તન થાય. ઠાકોર જાગ્યા પછી નમતી સાંજે કથાવાર્તા શરૂ થાય. મોટા સંતો જ્ઞાનામૃતનું પાન કરાવે. આરતિ, સ્તુતિ, ધૂન, કીર્તન અને કથાવાર્તા થયા પછી રાત્રિના અગિયાર વાગ્યા સુધી સંતો કીર્તનોની ધૂન લગાવે.

આવા ભક્તિભીના મંગળમય દિવ્ય વાતાવરણમાં પર્વતભાઈ પોતાનું દેહભાન ભૂલી ધ્યાન-ભજનમાં લીન થઈ જતા. રાત્રિ-દિવસ એકબાજુ બેસી રહે અને ભજન કર્યા રાખે. રોજ સંતો ભક્તો પોતપોતાની સગવડ ને સમય પ્રમાણે જમવા જાય, પરંતુ પર્વતભાઈને આસન છોડતા કોઈ જૂવે નહિ.

ભક્તો અંદર-અંદર ચર્ચા કરે કે, 'પર્વતભાઈ જમવા જાય છે કે નહિ ?'

કોઈ કહે, 'જતા જ હશેને ! એમના ધર્મપત્નિ સાથે જમી લેતા હશે ! કાં તો મયારામ ભટ્ટને ત્યાં જમી લેતા હશે.'

કોઈએ મયારામ ભટ્ટને વાત કરી કે, "ભટ્ટજી ! પર્વતભાઈ મુખ્ય રસોડે જમવા નથી આવતા, તો શું તમારે રસોડે જમે છે ?"

ભટ્ટજી કહે, "ના ના, પર્વતભાઈ મારી સાથે નથી જમતા. લગભગ એમનાં પત્ની સાથે જમતા હશે."

મયારામ ભટ્ટે ખાત્રી કરવા પર્વતભાઈના ધર્મપત્નિને પૂછ્યું, "બહેન ! ભગત તમારી સાથે જમે છે ?"

પર્વતભાઈના ધર્મપત્ની કહે, "ના, ભટ્ટજી, મને એમ કે ભગત તમારે રસોડે અથવા મહારાજની સાથે જમતા હશે."

ભટ્ટજી કહે, "ના બહેન ! મારી સાથે નથી જમતા."

આમ જ્યાં વાતો ચાલે છે, ત્યાં સભાનો સમય થયો. મહારાજ સભામાં પધાર્યા અને ઢોલિયે વિરાજમાન થયા. મયારામ ભટ્ટ સભામાં આવ્યા અને મહારાજને પૂછ્યું, "મહારાજ ! પર્વતભાઈ હમણાં તમારી સાથે જમતા લાગે છે !"

મહારાજ કહે, "ના, ના ભટ્ટજી ! એ અમારી સાથે નથી જમતા. એમના પત્ની સાથે જમતા હશે, એમને પૂછો."

મયારામ ભટ્ટ કહે, "મહારાજ ! તેમની પાસે પણ નથી જમતા, એમને એમ કે ભગત તમારી પાસે જમતા હશે."

પછી મહારાજે સભામાં બેઠેલા પર્વતભાઈને પૂછ્યું, "પર્વતભાઈ ! તમે ક્યાં જમો છો ?"

પર્વતભાઈ કહે, "મહારાજ ! તમારી મૂર્તિનું મહાસુખ મૂકીને અન્ન શું ભાવે ? તમારા દર્શનથી હૃદયમાં એવી તૃપ્તિ ને શાંતિ રહે છે કે અન્ન-જળ તો યાદ

પણ નથી આવતાં. અને વળી આ પવિત્ર સંતોના મુખની અમૃતવાણી સાંભળીને જ તૃપ્ત થઈ જવાય છે.''

પર્વતભાઈની વાત સાંભળી મહારાજ અત્યંત રાજી થયા અને બોલ્યા, ''મૃત્યુના ભયે પરીક્ષિત રાજાએ સાત દિવસ સુધી અન્નજળનો ત્યાગ કરી ભગવાનની કથા સાંભળી હતી. પરંતુ પર્વતભાઈ તો સર્વ રીતે નિર્ભય છે, છતાં આજ સાત-સાત દિવસથી અન્નજળ લીધા નથી. માટે પર્વતભાઈની સ્થિતિ રાજા પરીક્ષિત કરતાં પણ ઉત્તમ છે.''

બધા સંતો-ભક્તો પર્વતભાઈની આવી ઉચ્ચ સ્થિતિ જોઈને આશ્ચર્ય પામ્યા. પછી તો પર્વતભાઈ જ્યાં સુધી ગઢપુર રહ્યા, ત્યાં સુધી શ્રીજી મહારાજે એમને પોતાના થાળની પ્રસાદી જમાડી.

ખેતરનું રખોપું

અગતરાઈના આજુબાજુના વિસ્તારમાં પર્વતભાઈ એક મોટા ખેડૂત કહેવાતા. અગતરાઈ, માણાવદર અને કાલવાણી આ ત્રણેય ગામોમાં પર્વતભાઈની ખેતી હતી. ઈષ્ટદેવની કૃપાથી પર્વતભાઈનો વ્યવહાર સારો હતો.

સદ્‌ગુરુ રામાનંદ સ્વામી લોજ, માંગરોળ, કાલવાણી વગેરે ગામોમાં સદાવ્રતો ચલાવતા. આ સદાવ્રતોમાં જ્યારે પણ અન્નની જરૂરત ઊભી થતી, ત્યારે પર્વતભાઈ ત્યાં અન્ન પહોંચાડતા.

આ સદાવ્રતો ઉપરાંત ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા ચોરાશીઓ થતી. આ ચોરાશીઓમાં પણ પર્વતભાઈની ખૂબ મોટી સેવાઓ રહેતી. આમ પર્વતભાઈની સેવા અને ભગવાન શ્રીહરિ પ્રત્યેની એમની નિષ્ઠા અજોડ હતી.

એક સમયની વાત છે. ગઢડામાં મોટો સમૈયો હતો. આ સમૈયાનો લાભ લેવા તથા મહારાજનાં દર્શન કરવા પર્વતભાઈને ગઢડા જવું હતું. ખેતરમાં ઘઉંનો પાક તૈયાર થઈ ગયો હતો. પર્વતભાઈને પાકની ચિંતા કરતા મહારાજના દર્શનની તાલાવેલી વધારે હતી.

લણણીનો સમય એટલે ખેડૂતો માટે સોનાનો સમય કહેવાય. પાક તૈયાર થઈ ગયો હોય. પાકને તૈયાર કરવામાં ખેડૂતોએ રાત્રિ-દિવસ મહેનત કરી હોય છે.

પર્વતભાઈ તૈયાર પાક રેઢો મેલી મહારાજનાં દર્શને ગઢપુર જવા નીકળી ગયા.

આ બાજુ રેઢી વાડી જોઈ ચાર-પાંચ ચોર લોકો ઘઉંનો પાક ચોરવા વાડીમાં ઘૂસ્યા. નધણિયાતી વાડી અને હિલોળા લેતો પાક જોઈ ચોરલોકો તો આનંદમાં આવી ગયા. દાતરડાં અને ચોફાળો લઈ ચોરોએ એક ખૂણેથી ઘઉંની ડૂંડીઓ લણવાનું શરૂ કર્યું. ડૂંડીઓ લણતા જાય અને ચોફાળમાં ઢગલો કરતા જાય અને વગર મહેનતે તૈયાર મળેલ માલનો ઢગલો જોઈ મોંઢાં મલકાવતા જાય.

પોતાના એકાંતિક ભક્તના ખેતરમાં આમ ચોર આવી પાક લણી જાય તે મહારાજને કેમ પોસાય ! થોડો સમય ચોરોએ ઘઉં લણ્યા, ત્યાં મહારાજ દિવ્ય સ્વરૂપે પર્વતભાઈના ખેતરની રક્ષામાં પહોંચી ગયા. પેલા ચોરો તો પોતાની મસ્તીમાં ઘઉં લણતા હતા, ત્યાં અચાનક ચોરોના વાંહામાં કોરડા વિંઝાયા

આમ અચાનક વાંસામાં કોરડા પડતાં ચોર લોકો તો ગભરાઈ ગયા. એકબીજાને કહેવા લાગ્યા, 'એલા મને કોઈ વાંહામાં કોરડા મારે છે !' બીજો કહે, 'હા, મને પણ કોઈ મારે છે !' ત્રીજો કહે, 'નક્કી અહીં ભૂત થતું લાગે છે, માટે અહીંથી રહેવા દ્યો આપણે બીજે ખૂણેથી ડૂંડીઓ કાપીએ.'

આમ વાતો કરતા કરતા અને વાંહા ખંજવાળતા ખંજવાળતા તેઓ ખેતરના એક ખૂણેથી નીકળી બીજા ખૂણે પ્રવેશ કર્યો.

બીજે ખૂણે જઈ જ્યાં ઘંઉની ડૂંડીઓ કાપે, ત્યાં પાછા વાંહામાં કોરડા તડોતડ વાગે. આ આકાશમાંથી વરસતો માર ચોરોથી ખમાણો નહીં એટલે એ લોકો તો ખેતરની વાડ ઠેકી ગભરાઈને બહાર નીકળી ગયા.

ખેતરની બહાર નીકળી એકબીજાને કહેવા લાગ્યા, "એલા ભાઈ ! ભાગો અહીંથી ! આ પર્વતભાઈનું ખેતર રેઢું નથી. આનું રખોપું તો એના ભગવાન સ્વામિનારાયણ પોતે રાખે છે !" એમ કહી મુઠિયું વાળી ભાગ્યા.

માનસી પૂજા

ભગવાન શ્રીહરિની મૂર્તિમાં મનને નિમગ્ન કરવાના ઘણા સરળ અને સહજ ઉપાયો સંપ્રદાયમાં પ્રચલિત છે, જેમાં માનસીપૂજા એક ઉત્તમ પ્રકાર છે. મહારાજ વચનામૃતમાં કહે છે, "ભગવાનમાં અતિ સ્નેહે કરીને કરેલી માનસીપૂજા તથા પ્રત્યક્ષપૂજા બન્ને સમાન છે."

માનસી પૂજાનો અર્થ છે, માનસભાવે કલ્પેલી સામગ્રીથી પરમાત્માની પૂજા કરવી. ગહન ધ્યાનની યાત્રાનો આરંભ માનસી પૂજાથી થાય છે.

જેવું પ્રત્યક્ષપૂજાનું મહાત્મ્ય છે, તેવું જ મહાત્મ્ય માનસીપૂજાનું છે. જેનું સાક્ષાત્ ઉદાહરણ પર્વતભાઈ છે.

પર્વતભાઈને હમેશા પાંચ વખત માનસીપૂજા કરવાનો નિયમ હતો, તેથી ગમે તેવું કામ હોય તો પણ સમય થાય એટલે બધાં કામ છોડી એક બાજુ બેસી માનસી પૂજા કરી લે.

એક વખત ચોમાસાના સમયમાં પર્વતભાઈ ખેતરમાં સાંતી હાકતા હતા. વરસાદ પડે એવું વાતાવરણ હોવાથી કામ જલ્દી પુરૂ કરવાનું હતું. એવામાં માનસીપૂજાનો સમય થયો. સાંતી બંધ રાખી, એક બાજુ બેસી માનસીપૂજા કરવાનો સમય ન હતો, એટલે સાંતી ચલાવતા-ચલાવતા માનસીપૂજા કરવા લાગ્યા.

'આવો પધારો મહારાજ ! આ બાજોઠ ઉપર બિરાજો.' મહારાજને બાજોઠે બેસાડી થાળીમાં બાજરાનો રોટલો અને કટોરામાં ભેંસનું દહીં પ્રેમથી જમાડવા લાગ્યા. પર્વતભાઈના હૃદયનો ભાવ સ્વીકારવા ભગવાન શ્રીહરિ માનસીપૂજામાં જમાવા પધાર્યા.

એક બાજુ સાંતી ચાલી રહ્યું હતું, બીજી બાજુ બળદની રાસ પકડી પાછળ ચાલતા ચાલતા પર્વતભાઈ માનસી પૂજા કરી રહ્યા હતા. પર્વતભાઈની આંખો મીંચાયેલી હતી, દેહ દેહના કામમાં પરોવાયેલ હતું અને મન માનસી પૂજામાં મગ્ન હતું. સામાન્ય માનવીના મગજમાં ઊતરે નહીં એવી આ નવાઈ ભરેલી વાત હતી.

સાંતીએ ચાલતા બળદો પોતાના માલિકના ડચકારા ન સાંભળવાથી ધીમી ગતિએ ચાલવા લાગ્યા. બાજુનું સાંતી ચલાવતા ખેડૂતની નજર પર્વતભાઈ ઉપર પડી. એને એમ કે પર્વતભાઈ ઝોલાં ખાય છે, એમ માની પર્વતભાઈને સાવધાન કરવા માટે એણે ધીરે રહી પાછળથી પરોણી અડાડી.

અચાનક પરોણીનો સ્પર્શ થયો એટલે માનસી પૂજામાં વિક્ષેપ થયો, વૃત્તિની એકાગ્રતા તૂટી, આંખો ઊઘડી ગઈ. હાથમાંથી થાળી અને કટોરો છટકી ગયા. દહીં અને રોટલો ઢોળાઈ ગયું ને સાંતી દહીંવાળુ થઈ ગયું.

સાથી તો આશ્ચર્યથી આ જોઈ રહ્યો. એને થયું કે, 'આ બાજરાનો રોટલો

અને દહીં અચાનક ક્યાંથી આવ્યા ?' એમણે પર્વતભાઈને પૂછ્યું, "પર્વતભાઈ ! અહીં દહીં ક્યાંથી ?"

પર્વતભાઈ કહે, "ભાઈ ! હું માનસીપૂજામાં ભગવાનને દહીં-રોટલો જમાડતો હતો, ત્યાં તમે અચાનક લાકડી અડાડી તેથી હું ઝબકી ગયો અને હાથમાંથી દહીં-રોટલો ઢોળાઈ ગયું."

પર્વતભાઈની વાત સાંભળી પેલો ખેડૂત આશ્ચર્ય પામ્યો અને સાથે સાથે દિલગીર પણ થયો. પોતે આવા ભક્તરાજની માનસીપૂજામાં વિઘ્ન કરી અપરાધ કર્યો છે, એવા ભાવથી પર્વતભાઈની માફી માગી.

આ રીતે વિશુદ્ધ ને દિવ્યતાથી ભગવાનની માનસીપૂજા કરીએ, તો પ્રભુ તે બધું પ્રત્યક્ષની માફક અંગીકાર છે.

ચોવીસ અવતારોનાં દર્શન

એક વખત પર્વતભાઈ ગાડું લઈ ખેતર જઈ રહ્યા હતા. ગાડું હાંકતા હાંકતા મહારાજનાં સ્વરૂપનું ચિંતન કરતા જતા હતા.

મહારાજે પૂર્વે ધરેલા રામકૃષ્ણાદિક અવતારોની લીલાઓ સંભારતા સંભારતા પર્વતભાઈને અચાનક વિચાર આવ્યો કે 'મહારાજે કૃષ્ણાવતાર ધર્યો, રામાવતાર ધર્યો, વામનાવતાર ધર્યો, એ બધા અવતારોનું સ્વરૂપ તો સમજાય છે પણ મહારાજે જે નૃસિંહ અવતાર ધર્યો હતો એ કેવો હશે ? અડધા માણસના રૂપમાં અને અડધા સિંહના રૂપમાં ભગવાન કેવા લાગતા હશે ?'

પર્વતભાઈ આવો વિચાર કરે છે, એ જ સમયે એમને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દિવ્ય દર્શન થયાં. મહારાજે હસીને કહ્યું, "પર્વતભાઈ શું વિચાર કરો છો ?"

આમ અચાનક મહારાજનો અવાજ સાંભળી પર્વતભાઈ ચારે બાજુ નીરખવા લાગ્યા. સામે દૃષ્ટિ કરી ત્યાં મહારાજ આકાશમાં ઊભા હતા. મહારાજનાં દર્શન થયા એટલે પર્વતભાઈ ગાડા ઉપરથી ઊતરી દંડવત કરવા લાગ્યા.

મહારાજે પર્વતભાઈને દંડવત કરતા રોક્યા અને પૂછ્યું, "પર્વતભાઈ ! શું સંકલ્પો કરતા હતા ?"

પર્વતભાઈ કહે, "એ તો મહારાજ ! હું એમ સંકલ્પો કરતો હતો કે તમે જે નૃસિંહ અવતાર ધર્યો હતો તે સ્વરૂપ કેવું હશે ?"

"લ્યો પર્વતભાઇ ! એમાં શું ! કરો દર્શન." એમ કહી મહારાજે પોતાના સ્વરૂપમાંથી એક પછી એક ચોવીસેય અવતારો પ્રગટ કર્યા.

ચારેબાજુ ચોવીસ અવતારો અને વચ્ચે મંદ મંદ હસતું મહારાજનું સ્વરૂપ. આ અલૌકિક દર્શન કરી પર્વતભાઇ તો ભાવવિભોર થઇ ગયા. આંખમાંથી આંસુડાની ધાર વહેવા માંડી. પ્રેમપૂર્વક દરેક અવતારોનું દર્શન કરવા લાગ્યા. આમને આમ ઘણીવાર સુધી દર્શન કર્યાં.

થોડીવાર થઇ એટલે દરેક અવતારો પાછા મહારાજનાં સ્વરૂપમાં સમાવા માંડ્યા. દરેક અવતારો લીન થયા પછી મહારાજ પણ અદૃશ્ય થઇ ગયા.

ઘરના ધણી ઘેર આવે, પછી ચાકરને શી ચિંતા ?

મહારાજ વિચરણ કરતાં કરતાં કાઠી દરબારો સાથે જૂનાગઢ પધાર્યા હતા. સુરાખાચર, સોમલાખાચર વગેરે દરબારો સાથે મહારાજ ગોષ્ઠિ કરતાં હતાં. ત્યાં કાઠીઓ અંદરોઅંદર વાતો કરવા લાગ્યા કે, 'મહારાજ સભામાં વારે વારે ઓલા સોરઠના પર્વતભાઇના વખાણ કરે છે, તે ઈ છે કોણ ?'

આમ જ્યાં વાતો ચાલતી હતી ત્યાં મહારાજે પૂછ્યું, "એલા દરબારો ! શું વાતો કરો છો ?"

ત્યાં સુરા ખાચર બોલ્યા, "ભણ્યું મહારાજ ! તમે ઘણી વખત ક્યો છો કે સોરઠ દેશમાં અમારા પર્વતભાઈ જેવો કોઈ સત્સંગી નહીં. એ ભારે પ્રેમી ભક્ત છે !"

મહારાજ કહે, "હા કાઠીઓ ! પર્વતભાઈ જેવી પ્રેમભક્તિ હજી સુધી અમે જોઈ નથી !"

સોમલા ખાચર કહે, "મહારાજ ! અમે ઘર-બાર, વ્યવહાર છોડીને આ તમારી વાંહે વાંહે ફરીએ. તમે કો' ઈ પ્રમાણે વર્તીએ, આ કાંઈ ઓછો પ્રેમભાવ છે !"

મહારાજ હસીને કહે, "કાઠીઓ ! એ વાત સાચી, પણ તોય પર્વતભાઈ જેવા તો કોઈ નહીં."

ત્યાં કોઈ કાઠી કહે, "મહારાજ ! તો પછી અમને એ પ્રેમીભક્તનાં દર્શન કરાવો."

મહારાજ કહે, "ચાલો, થાવ તૈયાર અને જઈએ આપણે અગતરાઈ."

મહારાજની વાત સાંભળી બધા કાઠીઓ ઘોડા પલાણી પર્વતભાઈને મળવાની જિજ્ઞાસા અને ઉત્સાહ સાથે મહારાજ સાથે અગતરાઈ તરફ ચાલતા થયા.

આ બાજુ પ્રેમીભક્ત પર્વતભાઈને ખબર પડી કે મહારાજ પધારે છે. સમાચાર મળતાં જ પર્વતભાઈના અંતરનો આનંદ છલકવા લાગ્યો. ગામના બધા હરિભક્તોને ભેગા કરી સામૈયું લઈને મહારાજનું સ્વાગત કરવા સામા આવ્યા. દૂરથી મહારાજનાં દર્શન થતાં પર્વતભાઈ આનંદમાં નાચવા લાગ્યા અને આંખોમાંથી નેહ વરસવા લાગ્યા. સંઘ નજીક આવ્યો એટલે દોડી પર્વતભાઈ મહારાજને દંડવત કરવા લાગ્યા.

પર્વતભાઈને દંડવત્ કરતા જોઈ મહારાજ માણકીએથી નીચે ઊતર્યા અને પર્વતભાઈને ઊભા કરી પ્રેમથી ભેટ્યા. પર્વતભાઈએ મહારાજનું હાર-તોરા કરી સ્વાગત કર્યું, સહુ કાઠીઓને ફૂલડે વધાવ્યા અને વાજતે-ગાજતે મહારાજને પોતાને ઘરે પધરાવ્યાં.

માણકીએથી મહારાજ હેઠા ઊતર્યા એટલે પર્વતભાઈએ હૂંફાળા પાણીથી મહારાજના હાથ-પગ ધોયા. પ્રેમથી અંગો લૂછી મહારાજને ચોકમાં ઢાળેલ ઢોલિએ વિરાજમાન કરી પોતે પણ મહારાજની સામે બેસી ગયા અને એકાગ્ર ચિત્તથી મહારાજના દર્શન કરવા લાગ્યા.

કાઠીઓની સરભરામાં કોઈ આવ્યું નહીં તેથી તેઓ અકળાવા લાગ્યા અને મહારાજને કહે, "મહારાજ ! તમે તો પર્વતભાઈની પ્રેમભક્તિના બહુ જ વખાણ કરતા હતાં, ભણ્યું અહીં તો કોઈ અમારી સંભાળ પણ લેતું નથી. એ પર્વત કેવો છે ? અમને દેખાડો તો ખરા ?"

મહારાજ હસીને કહે, "પર્વતભાઈ ! તમારે ઘેર મહેમાન આવ્યા ને તમે કેમ બેસી રહ્યા છો ? આ દરબારોની સરભરા તો કરો ! એમના ઘોડા બંધાવો, એમના ઉતારાની વ્યવસ્થા કરો."

મહારાજની વાણી સાંભળી પ્રેમીહૃદય બોલ્યું, "ઘરના ધણી ઘેર આવે પછી ચાકરને શી ચિંતા ?"

પર્વતભાઈની વાત સાંભળી મહારાજ બોલ્યા, "જૂઓ કાઠીઓ ! આમણે તો અમને જ ઘરના ધણી માન્યાં છે, પોતે તો મહેમાન તરીકે આ ઘરમાં રહે છે ! છે ને ખરા અમારા ભક્ત !"

"ઠીક ત્યારે પર્વતભાઈ ! અમને બધી વસ્તુ બતાવો તો ખરા જેથી આ કાઠીઓની વ્યવસ્થા થાય."

પર્વતભાઈ મહારાજને ઘરમાં લઈ ગયા અને બધી સામગ્રીઓ બતાવતા કહે, "જૂઓ મહારાજ ! આ ઘીના ડબ્બા ભર્યા છે; આ સામેની ત્રાંબાની કોઠીઓમાં ખાંડ, સાકર ને ગોળ છે; અને આ ગોળામાં ઘઉં-ચણાના લોટ ભરેલા છે; તેમાંથી જેટલું જોઈએ તેટલું છૂટથી વાપરો."

સુરાખાચર હળવી ટિખળ કરતા બોલ્યા, "એ પટેલ એ....! આ બધું અમારું તો થયું, પણ અમારા ઘોડાઓનું શું ?"

હરખતે હૈયે પર્વતભાઈ કહે, "અરે બાપુ ! ઘોડા માટે સામેના વાડામાં ઘાસના પૂળા અને જુવાર છે અને આ બાજરાની કોઠીઓ ભરેલી છે તેમાંથી ઘોડાને ચંદી આપો."

પર્વતભાઈનું આવું વર્તન જોઈ કાઠીઓ પરસ્પર વાતો કરવા લાગ્યા, "ભણું સોમલા ! કણબો કેવા ઢોંગ કરે છે. કહે છે કે હું ચાકર છું, એમ કહીને આળહુનો પીર બધી સગવડ કરવાને બદલે મહારાજની સામે જઈ બેઠો."

ત્યાં બીજા કાઠી બોલ્યા, "હા-હા આપા ! એ... આપણે એની બરાબર પરીક્ષા લેવી સે હોં ! એટલે કેવાક પ્રેમીભક્ત સે ઈ ખબર પડે."

પછી કાઠી દરબારોએ કોઠારિયામાં જઈ કોઠીઓના સાણાં ખોલી નાખ્યાં, તેથી બાજરાના મોટા મોટા ઢગલા થઈ ગયા. આખા પાવરા ભરીભરીને ઘોડાને જોગાણ આપ્યું, વાડામાંથી લીલવણી ઘાસની ભારીઓ લઈ આવ્યા અને ઘોડા આગળ રેલમછેલ કરી દીધું, ઘોડાઓને છૂટા મૂકી દીધા. આમ પર્વતભાઈની પરીક્ષા લેવા કાઠીઓ જેમતેમ વરતવા લાગ્યા.

કાઠીઓને એમ, કે આ જોઈને હમણાં પર્વતભાઈ ગુસ્સે થાશે. પરંતુ પર્વતભાઈ ઉપર આની કોઈ અસર થઈ નહીં, તેઓ તો આનંદથી આ દૃશ્ય જોઈ રહ્યા.

થોડીવાર થઈ ત્યાં મહારાજ ઘોડા બાંધવાની જગ્યામાં પધાર્યા. ત્યાં બાજરાના ઢગલા તથા ઘાસના પૂળાને જેમતેમ વેરવિખેર પડેલા જોઈને મહારાજે પૂછ્યું, "સુરાખાચર ! આ શું કર્યું ?"

સુરાખાચર કહે, "મહારાજ ! ઈ તો ભણું ઘોડાનું જોગાણ છે. આ તો ઘોડાને

ખાવાની મજા પડે એટલે ઢગલા કર્યા છે.''

મહારાજ થોડા આકરા શબ્દોમાં બોલ્યા, ''સુરા ! તમે તમારે ઘેર આમ કરો છો ?''

''અરે મહારાજ ! ભણું ઘરે આમ ઘોડાને જોગાણ આપીએ તો તો મરી જાઈએને ! ઘેર તો માંડ બે-ત્રણ શેર બાજરો આપીએ. અહીં તો આ પર્વતભાઈનો પ્રેમ છે ને બાપ !''

''હવે ડાહ્યાડમરા થાવ મા, આ બધો બાજરો કોઠીમાં ભરી દો.'' એમ કહી મહારાજે કાઠી દરબારોના હાથે જ બાજરો કોઠીમાં પાછો નખાવ્યો.

પછી મહારાજ વાડામાં ગયા. ત્યાં તો છૂટા ઘોડા ઘાસને ખૂંદે ! આ જોઈ મહારાજ કહે, ''સુરા-સોમલા ! આ તમારા ઘોડા શું કરે છે ?''

સુરાખાચર કહે, ''મહારાજ ! ઈ ભણું અમણા ઘોડા ચાલ્યા બઉ, તે એમ છૂટા હોય તો જ ખાય છે.''

''કાઠીઓ ! આ કોઈ વિવેક કહેવાય? ખાય થોડું ને બગાડ ઝાઝો એ કેમ પોસાય ? તમારા ઘરે આમ કરતા હશોને, કેમ ? ઘેર બે પૂળા ખાઈ જાય પછી બે પૂળા નાખો છો એ ખ્યાલ છે ને ? માટે ઘોડાને ખીલે બાંધી દો ને આ ઘાસ જેમ હતું તેમ પાછું ખડકી દો. પર્વતભાઈએ અમને ઘરનાં ધણી માન્યા છે, માટે એમનું જરા પણ નુકસાન નહિ થવા દઈએ.''

છૂટું ચૂરમું ને ધારે ઘી

કાઠીદરબારો સહિત શ્રીજી મહારાજ પોતાના ઘરે પધાર્યા છે, ત્યારે પર્વતભાઈને અંતરમાં આનંદ સમાતો નથી. સ્વયં મહારાજ અને આ ભક્તોની સેવામાં કોઈ કસર ન રહે, તે માટે પર્વતભાઈ સતત ખડેપગે સેવામાં હાજર છે. પોતાના ઘરે ઘણા ચાકરો હોવા છતાં મહારાજ અને ભક્તોની બધી જ સેવા પોતે જાતે કરે છે.

બીજા દિવસની સવારે મહારાજ અને કાઠીઓને ગરમાગરમ ઘીમાં ઝબોળેલા બાજરાના રોટલા અને ભેંસના દૂધના શિરામણ કરાવ્યા. બપોરના ભોજન માટે કાઠિયાવાડી છૂટા ચૂરમાની રસોઈ કરાવી અને ઉત્તમ ભેંસોનું તાજું ઘી ગરમ કરી તૈયાર રાખ્યું.

બપોરનું ટાણું થયું એટલે મહારાજને બાજોઠ ઉપર જમવા બેસાડ્યા. પર્વતભાઈ અને એમના ધર્મપત્નિએ મહારાજને પ્રેમથી જમાડ્યા.

મહારાજ જમીને ઊભા થયા એટલે કાઠીઓની પંક્તિ પડી. સહુને ત્રાંસાની મોટી ત્રાંસળિયો આપવામાં આવી. કાઠીઓ મોટા પેટ કરીને પીરસાવાની વાટ જોવા લાગ્યા અને માંડ્યા મોટે મોટેથી ધૂન કરવા.

પર્વતભાઈ પંગતમાં પીરસવા નીકળ્યા. સહુને ખોબે ખોબે ચૂરમુ ને ખાંડ પીરસી.

પછી પર્વતભાઈએ મહારાજના હાથમાં ઘીની ત્રાંબડી આપીને કહ્યું, "મહારાજ ! ધારે ઘી પીરસો, ધાર પાછી ખેંચો તો મારા સમ છે."

મહારાજ કહે, "પણ ધારે અડધું ઘી નીચે ઢોળાશે, પર્વતભાઈ !"

"ભલે ઘી ઢોળાય બાપ ! આપના જેવા ઘી ઢોળનારા આ બ્રહ્માંડમાં ક્યાંય નોમળે અને આપની આજ્ઞામાં રહી અખંડ સેવા કરનારા આવા મહામુક્તો મારે ઘેર ક્યાંથી ? માટે આજ તો મન મૂકીને ખૂબ જમાડો."

તો બીજી તરફ કાઠીઓએ પણ ખાનગીમાં એવું નક્કી કરેલું કે મહારાજ જેટલું ઘી પીરસે તેટલું પીરસવા દેવું પણ ના પાડવી નહીં.

મહારાજ પંક્તિમાં પીરસવા પધાર્યા. કાઠીઓની ત્રાંસળીઓ ઘીથી છલકાવી દીધી. ઘી નીચે ઢોળાય તોપણ ધાર ખેંચે નહીં. આ રીતની શ્રીજી મહારાજની લીલા જોઈને પર્વતભાઈ પ્રેમમગ્ન થઈ તાળિયો પાડતા જાય અને નાચતા જાય. આજુબાજુમાં ઊભેલા ભક્તોને કહેતા જાય, "ઓ હો.. હો.. મારે વાલે આવી લીલા ક્યારેય નોતી કરી. આજે આ ચાકર ઉપર કેટલી કરુણા કરી !"

આ રીતે પર્વતભાઈનો પ્રેમ, ઉદારતા, મહિમા અને શ્રદ્ધા જોઈને કાઠીઓ એક-બીજાને કહેવા લાગ્યા, "એ આપાઓ ! પર્વતભાઈ જેવું આપણાથી થવાય નહીં હોં ...!"

સુરાખાચર કહે, "હા આપાઓ ! 'પર્વત તો પર્વત' બીજા ચળાયમાન થાય, પણ આ પર્વતભાઈ ચળાયમાન થાય નહીં હોં... મહારાજ હરવખત વખાણ કરતા હતા, ભણ્યું તેવો જ આ પર્વતભાઈ છે !"

આ રીતે કાઠી દરબારોના મનમાં પર્વતભાઈ પ્રત્યે ખૂબ મહિમા વધ્યો.

અડધી રાત્રે રમૂજ

એકવાર મહારાજ કાઠી દરબારો સાથે અગતરાઈ પધાર્યા હતા. ચોમાસાનો સમય હતો. વરસાદ વરસતો હતો. પર્વતભાઈના પત્નીએ ગરમાગરમ રસોઈ બનાવી મહારાજ તથા સહુ દરબારોને જમાડ્યા. આખા દિવસની મુસાફરીથી સહુ થાકી ગયા હતા, તેથી જમીને પોઢવાની તૈયારી કરતા હતા.

પર્વતભાઈએ મહારાજ માટે ઓસરીમાં ઢોલિયો ઢાળી સરસ ગાદલું પાથરી આપ્યું. મહારાજ ઢોલિયા ઉપર પોઢી ગયા.

કાઠીદરબારોએ વારફરતી જાગવાનો વારો કાઢ્યો હતો, કારણ કે મહારાજને રાત્રે કંઈ જરુર પડે તો તરત મળી જાય.

મધ્યરાત્રિનો સમય થઈ ગયો હતો. કાઠીઓ વારાફરતી જાગતા હતા. તે સમે વરસાદ થોડો થોડો વરસતો હતો. તેવામાં એક કૂતરી આવી અને મહારાજને ખાટલે ચડીને પગ પાસે ગોટો વળીને બેસી ગઈ.

ત્યાં જે કાઠીનો વારો હતો તેણે કૂતરીને હડકારીને કાઢી મૂકી. થોડીવાર થઈ ત્યાં ફરી પાછી આવી અને ઢોલિયે બેસી ગઈ. તેથી ચોકીવાળા કાઠીએ કૂતરીને લાકડી મારી, લાકડી બરાબરની વાગવાથી કૂતરી બાઉકારા કરતી ભાગી ગઈ.

કૂતરીનો બાઉકારો સાંભળીને મહારાજ જાગી ગયા અને વઢવા લાગ્યા, “એ કૂતરાને કોણે માર્યું ? આ વરસાદ વરસે છે તેથી આંહી કોરામાં આવીને બેસે, તેમાં તમારું શું લઈ જાય છે ? માટે હવે આવે તો કોઈ મારશો મા.” એમ કહી મહારાજ પાછા પોઢી ગયા.

થોડીવાર થઈ ત્યાં માતરા ધાધલનો જાગવાનો વારો આવ્યો. તે જાગતા હતા તેવામાં તે જ કૂતરી પાછી આવી અને તે જ જગ્યાએ ગોટો વળીને બેસી ગઈ. આ જોઈ માતરા ધાધલને કૂતરીને મારવાનું મન થયું, પણ મહારાજની બીકે થોડો સંકોચ થતો હતો. પરંતુ રહેવાણું નહીં એટલે તેમણે ઘોડાનું ચોકડું લૂગડામાં સંતાડીને તે કૂતરીને માર્યું, તેથી બાઉકારા કરતી ભાગી ગઈ. કૂતરીનો અવાજ સાંભળી મહારાજ વઢશે એ બીકથી માતરા ધાધલ ખોટા ઢોંગ કરતા સૂઈ ગયા અને નસકોરા બોલાવવા લાગ્યા.

મહારાજ જાગી ફરી વઢવા લાગ્યા અને પૂછ્યું કે, “કોણે માર્યું ?”

મહારાજના પ્રશ્નનો ઉત્તર કોઈએ આપ્યો નહીં તેથી પર્વતભાઈ જાગ્યા

અને મહારાજને કહ્યું, “મહારાજ ! એમાં કાઠિયોનો વાંક નથી, કારણ કે કૂતરી આવીને આમ તમારા ઢોલીએ બેસી જાય એ થોડું હાલે ? એને શિક્ષા કરવી તો પડે ને ?”

મહારાજ કહે, “સારુ, પણ જૂઓને આ કાઠીભાઈ કેવા કળાદાર છે, બિચારી કૂતરીને મારીને નસકોરા બોલાવવા માંડ્યા છે !”

ત્યારે માતરા ધાધલ કહે, “હે મહારાજ ! મેં તેને કાંઈ માર્યું નથી, ફક્ત લૂગડું માર્યું હતું.”

આ સાંભળી મહારાજ હસવા લાગ્યા અને કહ્યું, “માળા કાઠી ! લૂગડામાં ઘોડાનું ચોકડું હતું એનું કાંઇ નહીં !”

મહારાજની વાત સાંભળી સૂતેલા કાઠીઓ પણ જાગી ગયા અને હસવા લાગ્યા.

દાસના પણ દાસ

સત્તા-સંપત્તિ અને સિદ્ધિઓ મળવી સહેલી છે, પચાવવી કઠણ છે. સત્તા-સંપત્તિ અને સિદ્ધિઓને લીધે ભલભલાના અંતરમાં અહંકાર આવી જતો હોય છે.

પર્વતભાઈએ પોતાની સિદ્ધિઓને પચાવી જાણી હતી. આટલી ઊંચી સ્થિતિ હોવા છતાંય પર્વતભાઈ સાધારણ સેવકની જેમ જીવતા હતા.

ભક્તિમાર્ગમાં દાસત્વભક્તિનું ભારે મહત્ત્વ છે. અહંકારને શ્રીફળની જેમ વધેરી નાખવાની હિંમત હોય, એ ભક્ત જ દાસત્વભક્તિ કરી શકે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે, “ભગવાનનો રાજીપો જેવો નિર્માની સેવક ઉપર થાય છે, તેવો બીજા ઉપર થતો નથી.”

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં બિરાજમાન હતા. કાઠી દરબારો ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શને આવી રહ્યા હતા.

આજે ભગવાન શ્રી સ્વામિનારાયણ આ બધા ભક્તોની અનોખી પરીક્ષા લઈ રહ્યા હતા. જે કોઈ આવે એને મહારાજ પ્રશ્ન કરતા હતા, “દરબાર ! તમે દાદા ખાચરના ગોલા થશો ?”

દરબારોનો લગભગ એક સરખો ઉત્તર હતો, “મહારાજ ! અમે તમારા ગોલા થઈએ, પરંતુ દાદા ખાચરના ગોલા અમારાથી ન થવાય !”

એવામાં પર્વતભાઈ આવ્યા. મહારાજે એમને પૂછ્યું, “પર્વતભાઈ ! તમે

દાદા ખાચરના ગોલા થશો ?''

પર્વતભાઈએ કહ્યું, ''મહારાજ ! હું જરૂર દાદાનો ગોલો થઈશ.''

મહારાજે હસીને કહ્યું, ''પણ પર્વતભાઈ ! આ અમારા ગોલા થવાની વાત નથી, દાદા ખાચરના ગોલા થવાની વાત છે ! ''

પર્વતભાઈએ કહ્યું, ''મહારાજ ! અમે આખી જિંદગી બૈરા-છોકરાના ગોલાપા કરીએ જ છીએ ! એના કરતા દાદા ખાચર જેવા ભક્તના ગોલા થવાનું મળે, એ તો અમારાં સદ્‌ભાગ્ય ગણાય ! ભક્તના ગોલાપા ક્યાંથી ?'' પર્વતભાઈની વાત સાંભળીને મહારાજ અત્યંત રાજી થયા.

ઢોલિયાના સત્સંગી

શ્રીજી મહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબતરુની છાયામાં ઢોલિયા પર બેઠા હતા. શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. માથે શ્વેત પાઘ બાંધી હતી. કાને ફૂલોના તોરા લટકતા હતા. પગે અને હાથે ફૂલોના ગુચ્છના બાજુબંધ બાંધ્યા હતા. સામે હરિભક્તો સંતોની સભા ભરાઈને બેઠી હતી.

મહારાજે સૌને પૂછ્યું, ''તમે ઢોલિયાના સત્સંગી છો કે સત્સંગીના સત્સંગી છો ?''

શ્રીજી મહારાજને ઢોલિયા પર બેઠેલા જોતા કેટલાકે ઉતાવળીયો નિર્ણય કરતાં કહ્યું, ''મહારાજ, અમે તો ઢોલિયાના સત્સંગી છીએ.''

મહારાજે કહ્યું, ''ખૂબ સરસ. હવે જે ઢોલિયાના સત્સંગી હોય તે ઢોલિયા પાસે આવીને બેસો.''

મહારાજની આજ્ઞા થતા સહુ થોડીવાર સભામાંથી ઊભા થઈ ઢોલિયા ફરતા વીંટળાઈ ગયા.

સભામાં છેલ્લે પર્વતભાઈ રહ્યા. એ તો જ્યાં બેઠા હતા, ત્યાં જ એમને એમ એકલા દૂર બેસી રહ્યા.

મહારાજે તેમને કહ્યું, ''કેમ પર્વતભાઈ ! તમે ઢોલિયાના સત્સંગી નથી ?''
''ના મહારાજ ! હું તો સત્સંગીનો સત્સંગી છું.''

એ સાંભળી મહારાજ ઢોલિયા ઉપરથી ઊતરી અને પર્વતભાઈ પાસે જઈ બેઠા.

હરિભક્તો આંખો પહોળી કરી આ દૃશ્ય જોઈ રહ્યા. એક ભક્તે ઊભા થઈ

હાથ જોડીને કહ્યું, "કેમ મહારાજ ! એમ કેમ કર્યું ?"

મહારાજ કહે, "એ તમારો ઢોલિયો તમારી સામે છે. તમે સૌ તેના સત્સંગી છો એટલે ત્યાં બેસો. અમે તો આ પર્વતભાઈની જેમ સત્સંગીના સત્સંગી છીએ, એટલે અહીં આવીને બેઠા છીએ."

મહારાજના કહેવાનો મર્મ સહુને સમજાણો. પોતાની સમજણ ઉપર શરમ આવી અને પર્વતભાઈની સમજણનો સર્વને ગર્વ થયો. સમજતાં જ સૌની સમજણ પણ ફરી ગઈ.

પાછી બેઠક બદલાઈ. સૌ પોતપોતાનાં સ્થાને પાછા આવી બેસી ગયા.

આમ મહારાજે નાની એવી વાતમાં કેવડી મોટી સમજણ પોતાના ભક્તોને કરાવી !

હરિજનને ઘેર બેઠાં તીરથ

એક સમયે સોરઠ પ્રદેશનો સંઘ ચાર ધામની યાત્રાએ જતો હતો. પર્વતભાઈના પુત્ર મેઘજીએ પણ આ સંઘ સાથે ચાર ધામની યાત્રાએ જવાનું વિચાર્યું.

મેઘજી સંઘ સાથે જવા નીકળ્યો. રસ્તામાં કારિયાણી ગામ આવ્યું. સંઘ રાત્રિનિવાસ કરવા અહીં રોકાયો. ત્યાં મેઘજીને ખબર મળ્યા કે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અહીં બિરાજે છે, એટલે મેઘજી સ્વામીનાં દર્શન કરવા આવ્યો.

મેઘજીને આમ અચાનક આવેલો જોઈ સ્વામીએ પૂછ્યું, "મેઘજી ! આ બાજુ કેમ આવવાનું થયું ?"

મેઘજી સ્વામીના ચરણોમાં માથું મૂકતા કહે, "સ્વામી ! હું ચાર ધામની યાત્રાએ જાઉં છું, માટે મને આશીર્વાદ આપો."

સ્વામી કહે, "બહુ સારું, સવારે નીકળતા પહેલા અહીં થઈને જજો."

સ્વામીનાં દર્શન કરી મેઘજી ઉતારે ગયો. સંઘના સર્વ માણસો જમી પોઢી ગયા.

સવારે જાગી મેઘજી તળાવે સ્નાન કરવા આવ્યો. સ્નાન કરી બહાર નીકળ્યો ત્યાં એમને આકાશમાં કોઈ અલૌકિક દશ્ય દેખાયું. હજારો દૈવી પુરુષો વિમાનોમાં બેસી જઈ રહ્યા હતા. મેઘજી મનમાં વિચારે છે કે 'આટલા બધા આ દૈવી પુરુષો ક્યાં જતા હશે ?'

ત્યાં એ બધા વિમાનો આકાશમાં થોભી ગયા એટલે મેઘજીએ તેમને પૂછ્યું,

"તમે કોણ છો ?"

ત્યારે તે બધા દેવો વતી એક દેવે જવાબ આપ્યો, "અમે બધા અડસઠ તીર્થો છીએ અને તમારા પિતાશ્રી પર્વતભાઈનાં દર્શન કરીને પાછા આવીએ છીએ. લોકો અમારી પાસે આવે છે, સ્નાન-દર્શન કરે છે અને પોતાનાં પાપો મૂકતા જાય છે. તમારા પિતાશ્રી જેવા ભક્તોનાં દર્શન કરીને, એ જે જળમાં સ્નાન કરે છે એ જળમાં સ્નાન કરીને અમારી પાસે ભેગાં થયેલા એ પાપોથી અમે મુક્ત થઈએ છીએ."

દેવની વાત સાંભળી મેઘજીને અતિ આશ્ચર્ય થયું. તે તરત જ ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યો અને બનેલી ઘટના વર્ણવી.

સ્વામી કહે, "મેઘજી ! પુરુષોત્તમ નારાયણના સંબંધે તારા પિતાની આ ઉચ્ચ સ્થિતિ થઈ છે, માટે તારે ક્યાંય યાત્રાએ જવાની જરુર નથી. તારા પિતાનાં દર્શનમાં જ સર્વ તીર્થનાં દર્શન આવી જાય છે, માટે પાછો વળ્ય અને તારા પિતાની સેવા કરવા માંડ્ય."

સ્વામીની વાત સાંભળી મેઘજી પોતાના પિતાનો મહિમા સમજ્યો અને તીર્થે જવાનો સંકલ્પ માંડી વાળી ઘરે પાછો ફર્યો.

પુત્રવધૂએ કણું કાઢ્યું

અગતરાઈમાં પર્વતભાઈના દીકરા મેઘજીભાઈના વિવાહ કર્યા ત્યારે શ્રીજી મહારાજ સંતો, કાઠીઓ તથા સત્સંગી ભાઈ-બહેનો સાથે પધાર્યા હતા અને સોળ દિવસ સુધી રોકાયા હતા.

આ સમયે પર્વતભાઈએ મહારાજ તથા સંતો-હરિભક્તોને ખૂબ જ પ્રેમથી સાચવ્યા હતા.

એક સમયની વાત છે. પર્વતભાઈના આંગણામાં મહારાજ સંતો-ભક્તો સહિત સભા ભરીને બેઠા હતા. મહારાજના મુખેથી વહેતો જ્ઞાનગંગાનો પ્રવાહ પર્વતભાઈ સહિત સહુ ઝીલી રહ્યા હતા. બાઈઓની સભામાં બાઈઓ તથા મેઘજીના પત્ની પણ મહારાજનાં દર્શન કરતા કરતા કથા સાંભળી રહ્યા હતા.

એ જ સમયે પવનની એક લહેરખી આવી. લહેરખીને લીધે થોડી ધૂળ તથા રજકણો ઊડ્યાં. એમાંથી એક મોટું કણું મહારાજની આંખમાં પડ્યું.

કણું પડવાથી મહારાજને આંખમાં બળતરા થવા લાગી, આંખમાંથી પાણી પડવા લાગ્યું.

સભામાં બેઠેલામાંથી ઘણાએ કણું કાઢવા પ્રયત્નો કર્યા પણ કોઈથી કણું નીકળ્યું નહીં, જેથી બધા સંતો-ભક્તો બેબાકળા થઈ ગયા.

ત્યાં બહેનોની સભામાંથી મેઘજીભાઈના પત્નીએ કહેડાવ્યું કે, “મને કણું કાઢતા આવડે છે, જો મહારાજ કહે તો હું કાઢી દઉં.”

વાત મહારાજને કરી, એટલે મહારાજ બહેનોની સભામાં ગયા. બહેનોએ મહારાજને ઢોલિએ બેસાર્યા. મેઘજીભાઈના પત્નિએ બે હાથે મહારાજનું મુખારવિંદ પકડી ધીમે કરીને પોતાથી આંખ વડે કુશળતાપૂર્વક કણું કાઢી આપ્યું.

આંખમાંથી કણું નીકળી જતા મહારાજને ખૂબ જ રાહત થઈ. મહારાજ પર્વતભાઈના પુત્રવધૂ ઉપર ખૂબ જ રાજી થયા.

હવે શોક શેનો ?

એક વખત મયારામ ભટ્ટ મહારાજનાં દર્શન કરી માણાવદર પરત પધારી રહ્યા હતા. મહારાજે એક કાગળ લખીને ભટ્ટજીને આપ્યો અને કહ્યું કે, “આ કાગળ પર્વતભાઈને આપજો.”

ભટ્ટજી અગતરાઈ આવ્યા, કાગળ પર્વતભાઈને આપ્યો અને કહ્યું, “મહારાજે આપને આ કાગળ મોકલાવ્યો છે.”

મહારાજનો કાગળ આવ્યાની વાત સાંભળી પર્વતભાઈ રાજી રાજી થઈ ગયા. ઝડપથી કાગળ ખોલી આનંદમાં ને આનંદમાં કાગળ વાંચવા લાગ્યા.

કાગળ વાંચી તૂર્ત જ એક થેલીમાં પૂજા અને પહેરવાનાં વસ્ત્રો ભર્યા અને ગઢડા જવા તૈયાર થઈ ગયા.

આમ એકાએક પર્વતભાઈને તૈયાર થતા જોઈ મયારામ ભટ્ટ કહે, “પર્વતભાઈ ! આ તમારો દીકરો ખાટલાવશ છે, બહુ જ માંદો છે અને અંતકાળ જેવું છે. એને આવી સ્થિતિમાં મૂકીને બહારગામ જવું એ યોગ્ય ન કહેવાય !”

ત્યારે પર્વતભાઈ કહે, “ભટ્ટજી ! તમે આ કાગળ લાવ્યા, તેમાં મહારાજ લખે છે કે ‘કાગળ મળતા સર્વ ક્રિયાઓનો ત્યાગ કરી તત્કાળ ગઢડે આવજો.’ માટે હવે એક ઘડી પણ અહીં રહેવાય નહીં.” એમ કહી પર્વતભાઈ પૂજાની થેલી લઈ ચાલી નીસર્યા.

પર્વતભાઈ મનમાં હરખાતા હરખાતા ઝડપથી ચાલી રહ્યા છે, મનમાં એ વાતનો આનંદ છે કે હવે થોડા સમયમાં મહારાજનાં દર્શન થશે. મહારાજનાં દર્શનની તાલાવેલી અને સ્વામિનારાયણ મહામંત્રનું રટણ કરતા કરતા જઈ રહ્યા છે, ત્યાં પાછળ કોઈ દૂર દૂરથી સાદ પાડતું હોય તેવું લાગ્યું. પર્વતભાઈએ ઊભા રહી પાછળ જોયું તો એક માણસ, 'પર્વતભાઈ !ઊભા રહો' 'પર્વતભાઈ ! ઊભા રહો' એમ સાદ પાડતો અને દોડતો આવી રહ્યો હતો.

પોતાનાં નામનો સાદ સાંભળી પર્વતભાઈને મનમાં થયું કે 'છોકરાની સ્થિતિ વધારે ગંભીર હશે, અગર તો દેહ ત્યાગ કર્યો હશે.' એમ ધારી મઘવતી નદીને કિનારે કપડાં-પૂજા બાજુ પર મૂકીને પેલા માણસની વાટે બેઠા.

ત્યાં એ માણસ આવી પહોંચ્યો. એમણે હાંફતા હાંફતા સમાચાર આપ્યા, "પર્વતભાઈ ! આપના પુત્રનું અવસાન થયું છે, માટે આપ ઘરે પાછા ચાલો."

પર્વતભાઈ કહે, "ભાઈ ! જે થવાનું હતું તે થઈ ગયું, હવે હું ઘેર આવું એથી કંઈ અર્થ સરે તેમ નથી, સૌ મળી અગ્નિસંસ્કાર કરી લેજો. મારે તો ગઢડા જવું પડશે !"

"પણ પર્વતભાઈ ! આખો પરિવાર શોકમાં ડૂબી ગયો છે, તમે આવો તો બધાને હૈયે ધરપત રહે."

"જો ભાઈ ! માયાનાં બંધનમાંથી જીવાત્મા છૂટી ભગવાનનાં ધામમાં ગયો, તેથી તેનો શોક કરવાનો ન હોય. માટે સૌને કહેજો, કોઈ પ્રકારનો શોક ન કરે અને ભગવાનનું ભજન કરતા કરતા બધી વિધિ કરે."

આમ કહી માણસને વળાવ્યો, નદીમાં સ્નાન કરી પર્વતભાઈ ગઢડે પહોંચ્યા. મહારાજને દંડવત્ પ્રણામ કર્યા અને મહારાજના ઢોલિયા પાસે બેસી ભાવથી મહારાજનાં દર્શન કરવા લાગ્યા.

ત્યારે મહારાજ કહે, "પર્વતભાઈ ! તમારો દીકરો માંદો હતો તે એને સારુ થયું ?"

પર્વતભાઈ બે હાથ જોડી કહે, "મહારાજ ! હવે તો બહુ જ સારું થયું છે. તે કાલે જ તમારાં ધામમાં સિધાવ્યો છે. તમારા ધામમાં જઈ અલૌકિક મહાસુખને ભોગવશે, હવે એને આ સંસારના વૈતરા નહીં કરવા પડે !"

મહારાજ કહે, "પર્વતભાઈ! દીકરો ગુજરી ગયો તેનો તમને શોક નથી?"

ત્યારે પર્વતભાઈએ કહ્યું, 'મહારાજ ! ખાટલાનો પાયો ભાંગી ગયો હોયે તેને ખરખરો કરવો પડે, કારણ કે જંગલમાં લાકડું લેવા જવું પડે ને સુતારનીય ગરજ પડે. પરંતુ આ સંસારના પ્રવાહો તો સ્વભાવિકપણે ચાલ્યા કરે છે, એમાં કોઈ આવે તો કોઈ જાય. હવે એમાં શોક શું કરવો ?!!'

આ રીતની પર્વતભાઈની સમજણને જોઈ મહારાજ અતિ પ્રસન્ન થયા અને સભામાં બેઠેલા કાઠીઓને કહ્યું, "દરબારો ! જૂઓ આ અમારા પર્વતભાઈ. જ્યારે તમારી આવી સમજણ થશે, ત્યારે અમારી ખરી પ્રસન્નતા પ્રાપ્ત થશે." આમ કહી મહારાજે પર્વતભાઈ ઉપર ખૂબ પ્રસન્નતા વરસાવી. સભામાં બેઠેલા સહુ કોઈને પર્વતભાઈની આવી શ્રેષ્ઠ સમજણ જોઈ અતિ આશ્ચર્ય થયું.

પર્વતભાઇના ઇષ્ટદેવ

થોડીવાર થઈ ત્યાં મુકુંદ બ્રહ્મચારી એક મોટા કટોરામાં શેરડીના માંદળિયા કરીને મહારાજ માટે લઈને આવ્યા. બ્રહ્મચારીએ મહારાજને કટોરો આપ્યો અને કહ્યું, "મહારાજ ! એક હરિભગત તમારા માટે આ સરસ શેરડી લાવ્યા છે, તે જમો."

મહારાજ બ્રહ્મચારીના હાથમાંથી શેરડીના માંદળિયાનો કટોરો લઈ જમવા માંડ્યા. થોડા માંદળિયા જમ્યા પછી મહારાજે પર્વતભાઈને નજીક બોલાવી પ્રસાદીના થોડા માંદળિયા આપ્યા અને કહ્યું કે, "તમે આ પ્રસાદી જમો."

ત્યારે પર્વતભાઈ કહે, "મહારાજ ! મારાથી આ પ્રસાદી નહીં જમાય !"

મહારાજ કહે, "કેમ પર્વતભાઈ ! તમારાથી કેમ નહીં જમાય ?"

પર્વતભાઈ કહે, "મહારાજ ! જ્યાં સુધી મારા ઈષ્ટદેવ શેરડી ન જમે ત્યાં સુધી મારાથી કેમ જમાય ?"

મહારાજ કહે, "તમારા ઈષ્ટદેવ ? એ વળી કોણ છે ?"

"મહારાજ ! આ સંતો છે એ અમારા ઈષ્ટદેવ છે. તમે આ સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી, સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી આદિ સંતોને કોઈ પણ ગળી ચીજ નહીં ખાવાનું નીમ આપ્યું હોવાથી મારાથી આ શેરડીના માંદળિયા ખાઈ શકાય તેમ નથી. એટલે જો તમે એમને ગળી ચીજો ખાવાની છૂટ આપો તો જ આપની પ્રસાદી મારાથી લેવાશે."

પર્વતભાઈની સાધુ પ્રત્યેની પ્રીતિ જોઈ મહારાજ ખૂબ પ્રસન્ન થયા.

મુક્તાનંદસ્વામી આદિ સંતોને બોલાવી મહારાજે બધા સંતોને નિયમ છોડાવી શેરડીની પ્રસાદી આપી. સંતો જમ્યા પછી પર્વતભાઈ શેરડી જમ્યા. આ રીતે પર્વતભાઈને સંબંધીઓ કરતા સાધુમાં અધિક પ્રીતિ, માહાત્મ્ય, વિશ્વાસ અને શ્રદ્ધા હતા.

સાચી સમજણ

એક વખતની વાત છે. પર્વતભાઈ ખેતરની વાડ સમી કરી રહ્યા હતા. હાથમાં કુહાડી લઈ બાવળના ઝરડા કાપતા હતા. ત્યાં અચાનક કુહાડી હાથમાંથી છટકીને પગ ઉપર આવી. કુહાડી પગ ઉપર એવી રીતે પડી કે જોડો કપાઈ ગયો પણ પગ બચી ગયો.

પર્વતભાઈ તૂર્ત જ નીચે બેસી વિચાર કરવા લાગ્યા, 'આજે મહારાજે મારી રક્ષા કરી. જો આ કુહાડી જોડાને ચીરતી પગમાં લાગી હોત, તો એક મહિનાનો ખાટલો ભોગવત ત્યારે માંડ સાજો થાત. મહારાજે બહુ દયા કરી દુઃખ દૂર કર્યું, માટે હવે એક મહિનો કથા-વાર્તા સાંભળી ભજન કરવું.'

આમ વિચાર કરતા કરતા પર્વતભાઈ ઘરે આવ્યા. ઠાકોરજી જમાડી ખાટલા ઉપર બેઠા. બેઠા બેઠા તેઓ વિચાર કરે છે કે, 'જો ઘરે રહીને ભજન કરીશ તો વ્યવહાર નડશે. ભજનમાં વ્યવહાર વિઘ્ન કરે એવું કરવું નથી, માટે ગઢપુર જઈ શ્રીજી મહારાજની સેવામાં એક મહિનો ગાળું.'

આમ નક્કી કરી પર્વતભાઈ તૈયાર થઈ ઘરેથી નીકળ્યા. ગામની બહાર નીકળ્યા ત્યાં સામે મયારામ ભટ્ટ મળ્યા. પર્વતભાઈને તૈયાર થઈને જતાં જોઈ ભટ્ટજીએ પૂછ્યું, "પર્વતભાઈ ! તૈયાર થઈ કઈ બાજુ ચાલ્યા ?"

"ગઢપુર મહારાજનાં દર્શને જવું છે, ભટ્ટજી !"

ભટ્ટજી કહે, "પણ પર્વતભાઈ ! અત્યારે તો ગઢપુરમાં કોઈ ઉત્સવ-સમૈયો નથી, વળી અહીં તમારે ખેતીની મોસમ ચાલે છે. તો પછી આમ અચાનક જવાનું કોઈ કારણ ?"

"તમારી વાત સાચી ભટ્ટજી ! ગઢપુરમાં અત્યારે કોઈ સમૈયો નથી, પણ મહારાજની ચિઠ્ઠી મળી છે કે તમે તત્કાળ આવો, માટે જાઉં છું."

ભટ્ટજીને મનમાં વિચાર થયો કે, 'મહારાજને સોરઠ પ્રદેશનું કંઈ પણ કામ હોય તો પહેલા મને પત્ર લખે. આ વખતે એવું તે શું કામ હશે કે પર્વતભાઈ ઉપર

જ પત્ર લખ્યો ?' એમ વિચાર કરી ભટ્ટજી કહે, "ભલે પર્વતભાઈ ! દર્શન કરી આવો."

પર્વતભાઈ ગઢપુર ગયા. મહારાજનાં સાનિધ્યમાં એક માસ રહ્યા. શ્રીજી મહારાજ અને સદ્‌ગુરુ સંતોની સેવા-સમાગમનો અલભ્ય લાભ લીધો.

એક મહિનો વીત્યો, ત્યાં મયારામ ભટ્ટ ગઢપુર આવ્યા.

મહારાજનાં દર્શન કરી ભટ્ટજી સભામાં બેઠા. પર્વતભાઈને સભામાં બેઠેલા જોઈ ભટ્ટજી બોલ્યા, "મહારાજ ! એવું તે શું ઉતાવળું કામ હતું કે મને સેવાનો લાભ ન મળ્યો ને પર્વતભાઈને તમે પત્ર મોકલીને તેડાવ્યા ?"

મયારામ ભટ્ટની વાત સાંભળી મહારાજ બોલ્યા, "ભટ્ટજી ! અમે કોઈ પત્ર મોકલી પર્વતભાઈને બોલાવ્યા નથી ! આ રહ્યા પર્વતભાઈ, પૂછી જૂઓ ?"

ભટ્ટજીએ પર્વતભાઈ સામું જોયું એટલે પર્વતભાઈ બોલ્યા, "માફ કરજો ભટ્ટજી ! વાત એમ છે કે ઝાડવા કાપતાં કુહાડી પગમાં વાગતા-વાગતા રહી ગઈ. જો કુહાડી પગમાં વાગી હોત તો એક માસનો ખાટલો થાત. મહારાજે એ મારી રક્ષા કરી, એ મહારાજની ચિઠ્ઠી નહિ તો શું કહેવાય ?"

ભટ્ટજી તો પર્વતભાઈની આવી ઊંચી સમજણ જોઈ આશ્ચર્યમાં પડી ગયા.

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિનું ધ્યાન-ભજન કરતા કરતા પર્વતભાઈએ કોઈ અલૌકિક સ્થિતિ કેળવી હતી. સામાન્ય ખેડૂના ખોળિયાને જોઈને કોઈને ખ્યાલ પણ ન આવે કે સીધા-સાદા અને સરળ જીવન જીવનારા આ પુરુષના ખોળિયામાં સિદ્ધ યોગીઓ કરતા પણ ઉત્તમ અને ઊંચો આત્મા રમી રહ્યો છે !

3 મયારામ ભટ્ટ (માણાવદર)

શાસ્ત્રોમાં કહ્યું છે કે જેમ ચિંતામણિમાં સર્વ પ્રકારનું સુખ રહેલું છે, તેમ શાસ્ત્રોક્ત ધર્મમાં નિરંતર સુખ રહેલું છે. જ્યારે મનુષ્યમાં ધર્મ અને ચારિત્ર્ય પ્રધાન હતા, ત્યારે જગતમાં સુખ અને શાંતિનું સામ્રાજ્ય હતું, કારણ કે જ્ઞાનના ગંજ કરતાં ચારિત્ર્યની ચપટી અધિક છે. ચારિત્ર્યશીલ, શાંત સ્વભાવવાળા, ધર્મનિષ્ઠ ભક્તો ભલે કદાચ વિદ્વાન કે વ્યવહારકુશળ ન હોય, પરંતુ તેઓનું જીવનદર્શન જ મુમુક્ષુઓનાં જીવનને પ્રેરણાદાયી અને ધન્ય બનાવી દેતું હોય છે.

આવી અતિ ઉચ્ચ સ્થિતિને પામેલા એકાંતિક, ધર્મનિષ્ઠ અને સેવાભાવી ભક્તરત્ન હતા માણાવદરના મયારામ ભટ્ટ.

દૃઢ પ્રતિજ્ઞા

સોરઠ પ્રદેશનું નાનું, રૂડું અને રળિયામણું માણાવદર નવાબી શહેર. અહીંના ભક્તરાજ મયારામ ભટ્ટ સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીના મુખ્ય શિષ્ય હતા. મયારામ ભટ્ટે પોતાના ગુરુને ભગવાન સમજી સેવેલા. ગુરુની આજ્ઞા અને રુચિ પ્રમાણે જ વર્તવું એવું એમનું અંગ હતું. ધર્મનિષ્ઠ, નૈતિકતા, સત્સંગ, સેવા જેવાં મૂલ્યો એમનાં જીવનના શણગાર હતા. એટલે જ તો નાની વયમાં વિધુર (ઘરભંગ) થવા છતાં ગુરુકૃપાથી જરા પણ વિહ્‌વળ બન્યા ન હતા.

નાની ઉંમરે ઘરભંગ થવાથી ઘરના સભ્યો ફરી પરણાવવાનો આગ્રહ કરવા

લાગ્યા. સંબંધીઓનો આગ્રહ મયારામ ભટ્ટના નિશ્ચયને ડગાવી નહોતો શક્યો, પરંતુ જ્યારે ઘરના સભ્યોનું દબાણ અતિ વધી ગયું ત્યારે ભટ્ટજી કહે, "તમારી વાત સાચી, પરંતુ મારા ગુરુ રામાનંદ સ્વામીને પૂછીને જવાબ દઈશ."

ભટ્ટજી સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીને પોતે ફરી વાર પરણે કે નહીં તેવું પૂછવા લોજ આવ્યા. અહીં રામાનંદ સ્વામી ભક્તોને જ્ઞાનોપદેશ આપી રહ્યા હતા. સ્વામીના મુખમાંથી ગંભીર નાદે વાક્‌ધારા વહી રહી હતી. ગુરુની અમૃતવાણીના પ્રવાહમાં સ્નાન કરવા ભટ્ટજી પ્રણામ કરી સભામાં પાછળ જ બેસી ગયા.

અંતર્યામી ગુરુએ શિષ્યના મનની વાત જાણી લીધી અને કથામાં સાંખ્યની છણાવટ કરતાં કહ્યું, "ભક્તો! સંસારના સુખો શિયાળ-બગામણાં બોર જેવાં છે. જે જૂએ છે તે લલચાય છે અને ખાય છે તે પસ્તાય છે! અમારે મતે તો મનુષ્યદેહે કરીને વિષયોની આસક્તિ છોડી, પરમેશ્વરમાં પ્રીતિ કરવી એ જ સાર છે. ભગવાનનાં અલૌકિક સુખને છોડી, સંસારના તુચ્છ સુખ માટે કોઈ પરણે એમાં અમારી રુચિ નથી. માંડવે જાન જતી હોય અને વરરાજો જો અમારી રજા લેવા આવે તો અમે એને કહીએ, હજી સમય છે, હેડ્યબેડીમાં પગ નાખવાને બદલે પાછો વળી જા! કોઈ વરરાજો લગ્નની ચોરીમાં ચાર ફેરા ફરી રહ્યો હોય ને ત્રીજો ફેરો પૂરો કરી અમને પૂછે કે 'હવે આ ચોથો ફેરો પૂરો કરું?' તો અમે કહીએ કે, 'હજી સાવધાન થઈ જા! વરવા જેવા તો એક વનમાળી છે, બાકી આ ફેરા તને લખચોરાશીના ફેરામાં ભટકાવી દેશે. અમારી તો એવી રુચિ છે કે આ જીવાત્મા જગતની મોહજાળ છોડી ભગવાનમાં જોડાય, કોઈ મુમુક્ષુ લગ્નપ્રસંગે ત્રણ ફેરા ફર્યો હોય ત્યારે અમને પરણવાનું પૂછે અને મારું માને તો અમે ચોથો ફેરો ફરવા ન દઈએ."

ગુરુનો આટલો સંકેત શિષ્ય માટે પૂરતો હતો. ગંગાના પ્રવાહની જેમ વહેતી સ્વામીની આ વાતે ભટ્ટજીના અંતરને પખાળ્યું અને મનના તરંગોને શાતા પમાડી. ભટ્ટજીએ ત્યાં જ બેઠા બેઠા નિશ્ચય કર્યો, "સ્વામીએ આજે મને ઉદ્દેશીને જ વાત કરી છે. મારે હવે કંઈ પૂછવું નથી અને જીવનભર બ્રહ્મચર્યવ્રત પાળી, સત્સંગની સેવા કરવી છે." એવી દૃઢ પ્રતિજ્ઞા લઈ ઘરે આવ્યા.

અંતરના આશીર્વાદ

સમય પસાર થતો રહ્યો. મયારામ ભટ્ટે સ્વામીની રુચિ નથી એમ જાણીને બીજું ઘર કરવાનું માંડી વાળ્યું અને ઈશ્વર આરાધનામાં મન પરોવવા માંડ્યા, પરંતુ સ્ત્રીના ઘાટ સંકલ્પે બ્રાહ્મણનો કેડો છોડ્યો નહીં. મનની મૂંઝવણ ટળી નહીં. હરિભજનમાં ઊઠતા અવરોધ મયારામ ભટ્ટથી સહેવાતા નહોતા.

એક વખત રામાનંદ સ્વામી માણાવદર પધાર્યા હતા. એ સમયે બળેવનું પર્વ હતું. ગામના બ્રાહ્મણો લોકોને રાખડી બાંધતા હતા. મયારામ ભટ્ટ પણ સદ્‌ગુરુ રામાનંદ સ્વામીને રાખડી બાંધવા આવ્યા. સ્વામીએ હસીને હાથ લંબાવ્યો અને બોલ્યા, “બાંધ્ય બ્રાહ્મણ ! રાખડી બાંધ્ય !”

મયારામ ભટ્ટે રાખડીના મિષે હેતનાં બંધનથી સ્વામીને બાંધ્યા. રામાનંદ સ્વામી મંદ મંદ હસીને મર્મમાં બોલ્યા, “મયારામ ! બ્રાહ્મણ પાસે મફતમાં રાખડી ન બંધાવાય ! તેં મને રાખડી બાંધી એટલે મારે તને કંઈક દક્ષિણા આપવી પડશે. માટે માગ્ય...માગ્ય... તારે શું જોઈએ છીએ ?” સદ્‌ગુરુનાં હૈયામાં આજે મોજ ચડી હતી.

મયારામ ભટ્ટ બોલ્યા, “સ્વામી ! મારે કશું જોઈતું નથી. તમારા આશીર્વાદથી ખાવા રોટલો મળી રહે છે. બસ, આપ રાજી રહો.”

રામાનંદ સ્વામી કહે, “મારે તને કંઈક આપવું તો છે, પણ નાશવંત એવું ધન કે પદાર્થ નથી આપવું, પરંતુ એવું કંઈક આપું કે જે અનંત કાળ સુધી રહે.”

મયારામ ભટ્ટના અંતરમાં ક્યારેક વાસનાનું વાવાઝોડું ઊઠતું હતું. મયારામ ભટ્ટનાં અંતરની ઝંખના હતી, કેમેય કરીને આ વાવાઝોડું શાંત થાય. એનાં અંતરમાં બીજી કોઈ અભિલાષા ન હતી. મયારામ ભટ્ટની વાણીમાં એમનાં અંતરની આ અભિલાષા અને વેદના બન્ને છલકી રહ્યા હતા. ભગવાન જેવા સદ્‌ગુરુ ભટ્ટના ભાવને કળી ગયા હતા. તેમણે કરુણાસભર નયને મયારામ ભટ્ટની સામે જોયું અને કહ્યું, “મયારામ ! તને સ્ત્રી સંબંધી ઘાટ સંકલ્પ બહુ પીડે છે ?”

મયારામ ભટ્ટે દીન સ્વરે ટૂંકો પણ નિખાલસ જવાબ દીધો, “હા સ્વામી !”

જેમ વાછરડાંને જોઈને ગાયને પારસો વળે, એ જ રીતે ઉત્તમ મુમુક્ષુ જોઈને સદ્‌ગુરુ વરસી પડે છે. આવું જ કંઈક મયારામ ભટ્ટ અને સદ્‌ગુરુ રામાનંદ સ્વામી વચ્ચે આજે થઈ રહ્યું હતું.

મહાસમર્થ સંત સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ આજે આ બ્રાહ્મણ ઉપર પોતાનું અમોઘ ઐશ્વર્ય વરસાવવાનો નિર્ધાર કરી લીધો હતો. એમણે પાસેના થાંભલાને આંગળી ચીંધી અને બોલ્યા,‘‘મયારામ ! જો આ થાંભલાને સ્ત્રીનો ઘાટ થાય, તો આજથી તને સ્ત્રીનો ઘાટ થાય ! જેવા નરનારાયણ ઋષિ નિષ્કામી છે, તેવો તું નિષ્કામી થઈશ !’’

પુરાણોમાં અનેક તપસી ઋષિમુનિઓની કથાઓ પ્રસિદ્ધ છે. તેઓ તપ કરી કરીને રાફડા થઈ ગયા; પંચાગ્નિ તાપી તાપીને કાયાઓ સૂકવી નાખી; વર્ષો સુધી ઠંડાં જળમાં સમાધિઓ લગાવી; જાતજાતની સિદ્ધિઓ મેળવી, પરંતુ સ્ત્રીની વાસનાથી મુક્ત થઈ શક્યા નહીં ! જ્યારે અહીં સમર્થ સંતના વચને ગજબનો ચમત્કાર સર્જાયો ! બસ, ત્યારનો દિવસ અને આજની ઘડી. મયારામ ભટ્ટના અંતરમાંથી સ્ત્રીના ઘાટ-સંકલ્પમાત્ર ટળી ગયા. અંતરના અવરોધ શાંત થવાથી મયારામ ભટ્ટનું હૈયું પરમ ટાઢક અનુભવવા લાગ્યું.

સમર્થ સદ્‌ગુરુની કૃપાથી વગર અષ્ટાંગયોગ સાધ્યે મયારામ ભટ્ટની સ્થિતિ ઉત્તમ યોગી જેવી બની ગઈ. સદ્‌ગુરુનું સાચું સામર્થ્ય શિષ્યના મનના સંકલ્પ-વિકલ્પને શાંત કરવામાં છતું થતું હોય છે; સાંસારિક સુખ-સંપત્તિની આશિષો આપવામાં નહીં. પરંતુ આ વાતનો મર્મ તો અધ્યાત્મપંથના પ્રવાસી કોઈ વિરલા જ જાણી શકે છે.

સહજાનંદી રંગે રંગાયા

સદ્‌ગુરુ રામાનંદસ્વામીના અક્ષરવાસ પછી ભગવાન શ્રી સ્વામિનારાયણ માંગરોળમાં સમાધિ પ્રકરણ ચલાવતા હતા. અનેક લોકોની કદી ન દીઠી ન સાંભળી હોય એવી સ્થિતિ જોઈ ભલભલા અચંબામાં પડી જતા હતા.

યોગાભ્યાસ કર્યો હોય કે ન કર્યો હોય, નર હોય કે નારી હોય, બાળક હોય કે વૃદ્ધ હોય, હિંદુ હોય કે મુસલમાન હોય, ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વને સમાધિઓ કરાવતા. માત્ર મનુષ્યોને નહીં, પશુ-પંખીઓને પણ સમાધિ કરાવતા. માત્ર એકને નહીં, એક સાથે અનેકને સમાધિઓ કરાવતા. પાત્ર-કુપાત્ર જોયા સિવાય સમાધિઓ કરાવતા હતા.

આ સમાધિમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ જે તે દેવી-દેવતાઓના ઉપાસકોને પોતપોતાના ઈષ્ટદેવનો સાક્ષાત્કાર કરાવતા; અનેક દિવ્ય વિભૂતિઓ, દિવ્ય લોકનાં દર્શન કરાવતા. ભગવાન શ્રી સ્વામિનારાયણનું સમાધિ પ્રકરણ ન માની શકાય એટલી હદે અદ્‌ભૂત હતું. આ સમાધિ પણ ક્ષણિક ન હતી. કોઈને બે કલાક, કોઈને ચાર કલાક અને કોઈને અનેક દિવસો સુધી સમાધિ થતી. સમાધિમાં ગયેલા લોકોના દેહના અનાજના કોથળાના થપ્પા લાગે એમ ઉપરાઉપરી થપ્પા થતા.

લોકો ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા કરાવાતી સમાધિ સાચી છે કે ખોટી, તે તપાસવા દૂર દૂરથી આવતા. એની અનેક પ્રકારે કસોટીઓ લેતા, પણ કોઈ એ સમાધિનો તાગ મેળવી શકતા નહીં.

સમાધિની વાત ઊડતી ઊડતી મયારામ ભટ્ટના કાને પડી. ભટ્ટજી સમાધિના પારખાં લેવા એક દિવસ માંગરોળમાં શ્રીજી મહારાજ સમાધિ કરાવતા હતા ત્યાં આવીને બેઠા. મહારાજ સભામાં કથા કરી રહ્યા હતા. થોડા લોકો કથા સાંભળતા હતા તો થોડા ચત્તાપાટ સૂતા હતા. જે સૂતા હતા તેઓની સ્થિતિ મરણ પામ્યા હોય એવી લાગતી હતી. ન તો તે હલતા જણાતા હતા કે ન શ્વાસ લેતા જણાતા હતા. મયારામ ભટ્ટ આ બધા દૃશ્યો ફાટી આખે જોઈ રહ્યા હતા.

થોડીવાર થઈ ત્યાં પોતાનાં નાડી-પ્રાણ ખેંચાવા લાગ્યા, જીવાત્મા ઊંડો ઊતરવા લાગ્યો. પોતાના અંતરાત્મામાં થતા ફેરફારની અનોખી અનુભૂતિ અનુભવી ભટ્ટજીને મનમાં ભય લાગ્યો. તેઓ તરત સભામાંથી ઊભા થયા અને બાજુમાં કૂવો હતો તેમાંથી પાણી સીંચી મોઢું ધોવા લાગ્યા.

ભટ્ટજીને આમ અચાનક સભામાંથી ઊભા થયેલા જોઈ મહારાજ કહે, “ભટ્ટજી ! કેમ ઊઠ્યા ? સભામાં બેસો !”

મહારાજની આજ્ઞા થતા ભટ્ટજી સભામાં બેઠા પણ થોડા દૂર. થોડીવાર થઈ ત્યાં પાછો એ જ અનુભવ થવા લાગ્યો. આમ ત્રણ-ચાર વખત બન્યું એટલે ભટ્ટજી સભા છોડી બહાર જતા રહ્યા.

ભટ્ટજીના મનમાં સંશયનું વાવાઝોડું ફૂંકાવા લાગ્યું. શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું. તેઓ વિચારવા લાગ્યા કે, ‘ગુરુ રામાનંદ સ્વામી તો આવું કંઈ કરાવતા નહીં, બધા સુખેથી ભજન કરતા હતા. આ નવા બ્રહ્મચારીએ તો સત્સંગમાં આવી

નવા ફેરફારો કરી નાખ્યા. સત્સંગની રીતો જ બદલી નાખી. યોગસાધના તો મોટા-મોટા ઋષિઓને પણ દુર્લભ હોય અને આ જેને તેને સમાધિ થઈ જાય તે કેમ માની શકાય ?' આવા વિચારો સાથે ભટ્ટજી સૂનમૂન થઇ એક ખૂણામાં બેઠા હતા.

આમને આમ વિચારોનું વાવાઝોડું ભટ્ટજીને મુક્તાનંદ સ્વામીને મળવા ભૂજ લઈ ગયું. મુક્તાનંદ સ્વામીને મળી મહારાજ દ્વારા ચલાવવામાં આવેલ સમાધિપ્રકરણના તરકટની વાત કરી. સમાચાર મળતા મુક્તાનંદ સ્વામી ભારે દુઃખી દુઃખી થઈ ગયા. એમના મનમાં થયું, 'અરે ! નીલકંઠે આ શું માંડ્યું છે ? આટલો સમય એમની સાથે રહ્યા; એમને આવા નહોતા ધાર્યા.' આમ વિચારીને તેઓ એક શિષ્યને સાથે લઈને ઉતાવળી ગતિએ સોરઠ પધાર્યા.

મહારાજ એ સમયે મેઘપર ગામે બિરાજતા હતા. મુક્તાનંદ સ્વામી મેઘપર પહોંચ્યા. મહારાજ મુક્તાનંદ સ્વામીને સદ્‌ગુરુ રામાનંદ સ્વામી જેટલો જ આદર આપતા હતા. એમણે એકદમ ઊભા થઈને ભારે આદરથી સ્વામીને સત્કાર્યા, ઔપચારિક કુશળ પ્રશ્ન થયા. મુક્તાનંદ સ્વામીના શબ્દોમાં પહેલા જેવી ઉષ્મા કે અમી ન હતા. તેઓ ભારે અસ્વસ્થ જણાતા હતા. આ શાંતમૂર્તિ સંતને ભક્તોએ ક્યારેય આવા અકળાયેલા જોયા ન હતા.

મેઘપરની સભામાં ટાંકણી પડે, તોય સંભળાય એવી શાંતિ પથરાયેલી હતી. સભામાં બેઠેલા સર્વને થતું હતું કે, 'આજે નક્કી કંઈક નવા-જૂની થશે !' મહારાજ સ્વામીની અકળામણનું રહસ્ય જાણતા હતા. આવા પવિત્ર સંત કુરાજી રહે એ એમને મંજૂર ન હતું. મુક્તાનંદ સ્વામીના હૃદયના બંધને ખોલવા માટે અવસર આપતા હોય, એમ એમણે વાતની શરૂઆત કરી, "સ્વામી ! તમે આજે આટલા અસ્વસ્થ કેમ છો ?"

મહારાજના આ શબ્દોએ સ્વામીની અકળામણના બંધ તોડી નાખ્યા. ઘણા સમયથી એકઠી થયેલી એમની પીડા આકરા વાક્‌પ્રવાહના રૂપમાં વહેવા લાગી. "શું આ સમાધિના નાટક માંડ્યા છે ? સદ્‌ગુરુ રામાનંદ સ્વામી ગયા એટલે કોઈનો ભય ન હોય એમ સ્વચ્છંદી થઈ ગયા ! શું તમે એમ માનો છો કે હવે તમને કહેનાર કોઈ નથી ? આવા દંભ-પાખંડ છોડો અને સીધી રીતે ઉદ્ધવ સંપ્રદાયનું પ્રવર્તન કરો, એમાં જ ગુરુદેવનો રાજીપો છે."

મહારાજે મુક્તાનંદ સ્વામીનું હૈયુ હળવું થવા દીધું. પછી ધીરે રહીને મર્મમાં

બોલ્યા, “સ્વામી ! અમે કોઈને સમાધિઓ કરાવતા નથી પણ કોણ જાણે શું થાય છે ? લોકો અમારી પાસે આવે છે અને સમાધિઓ થઈ જાય છે. સ્વામી ! આ બધો તો સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનો પ્રતાપ છે, અમારો નહીં.”

મુક્તાનંદ સ્વામી બોલ્યા, “બ્રહ્મચારી ! તમે આવી વાતો ઉપજાવી કાઢવાનું બંધ કરો !”

મુક્તાનંદ સ્વામીએ હજુ આ વાક્ય પૂરું કર્યું ન કર્યું, એ સમયે કચ્છથી સ્વામીની સાથે આવેલા સંતદાસજીને સમાધિ થઈ ગઈ. મુક્તાનંદ સ્વામી આ દૃશ્ય આશ્ચર્યથી જોઈ રહ્યા, પરંતુ અત્યારે એમનું ચિત્ત વાસ્તવિકતાને સ્વીકારી શકે એટલું સ્વસ્થ નહતું. એમને તો એમ જ થયું કે, ‘નીલકંઠે આ સાધુ ઉપર પણ ભૂરકી નાખી છે.’

થોડીવાર પછી સાધુ સમાધિમાંથી જાગ્યા અને રામાનંદ સ્વામીનો સંદેશો મુક્તમુનિને સંભળાવ્યો. મુક્તમુનિ આ બધું માનવા તૈયાર ન હતા. એમને થયું, ‘આ બધું કલ્પિત છે, ગોઠવી રાખેલું છે !’

અંતર્યામીભાવે સ્વામીના વિચારો વાંચી મહારાજ મંદ મંદ હસ્યા પણ કાંઈ બોલ્યા નહીં. એ મૌનમાં ઈશારો હતો કે, “સ્વામી ! આ સાધુ તો હજુ તમારી સાથે કચ્છથી હાલ્યા આવે છે. અમે તેમને મળ્યા પણ નથી, તો ગોઠવી રાખવાની વાત જ ક્યાંથી આવે ?”

મુક્તાનંદ સ્વામીની મૂંઝવણ હવે વધી ગઈ. તેઓ કંઈ નક્કી નહોતા કરી શકતા. પછી મહારાજ સંતો-ભક્તોએ સહિત મેઘપરથી કાલવાણી પધાર્યા. મહારાજે મુક્તમુનિને પણ સાથે લીધા. કાલવાણીમાં બપોરના ભોજન બાદ સૌએ વિશ્રાંતિ લીધી. મુક્તાનંદ સ્વામીને ઉદાસીનતા ઘેરી વળી હતી, એટલે આરામ હરામ થઈ ચૂક્યો હતો. બપોર પછી ભગવાન શ્રી સ્વામિનારાયણ ભક્તજનોના સમુદાય સાથે કીર્તન-ઉત્સવ કરતા કરતા ગામની બહાર નદીએ સ્નાન કરવા પધાર્યા.

મુક્તમુનિ જળપાત્ર ભરીને બહિર્ભૂમિ જવા માટે ખાખરાનાં વનમાં ચાલ્યા. તેઓ ભારે વેદના ભરેલા હૈયે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીને સંભારી રહ્યા હતા. એ જ સમયે અચાનક દિવ્ય પ્રકાશનો પૂંજ પ્રગટ્યો. એ જ્યોતિર્પૂંજને વિશે મંદ મંદ હસતા હસતા રામાનંદ સ્વામી ઊભા હતા.

સદ્‌ગુરુના દિવ્ય દર્શન થતાં જ મુક્તાનંદ સ્વામીએ એકદમ દોડીને રામાનંદ

સ્વામીના પગ પકડી લીધા અને ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યા. મુક્તમુનિનું હૈયું હળવું થયું ત્યારે રામાનંદ સ્વામી બોલ્યા, ''મુક્તાનંદ ! કેમ આટલા બધા દિલગીર થાઓ છો ?''

મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''સ્વામી ! આ તમે કેવા યુવાન અને મનમુખી બ્રહ્મચારીના હાથમાં અમને સોંપી ગયા ? એણે તો ઉદ્ધવ સંપ્રદાયમાં ઉથલપાથલ મચાવી છે ! અસલ રીત પડતી મેલીને દંભ તેમજ પાખંડને રવાડે ચડી ગયા છે. સમાધિ કરાવવાના નાટક માંડ્યા છે.''

સ્વામી હસીને બોલ્યા, ''મુક્તાનંદ સ્વામી ! અમે કેટલા કેટલા સંકેત કર્યા, છતાં હજુ તમે નીલકંઠ બ્રહ્મચારીને ઓળખી ન શક્યા ! નીલકંઠ સાધારણ નથી, એ સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છે અને અમારા જેવા તો કેટલાય એમના સેવકો છે. એ સાધારણ યોગી નથી, એ યોગેશ્વર છે. સમાધિ કરાવવી એ તો એમને રમત વાત છે !''

મુક્તાનંદ સ્વામી આશ્ચર્યચકિત નયને સદ્‌ગુરુ રામાનંદ સ્વામી પ્રત્યે જોવા લાગ્યા અને બોલ્યા, ''સ્વામી ! તમે સાચી વાત કરો છો ?''

રામાનંદ સ્વામીએ કહ્યું, ''મુક્તમુનિ ! સદ્‌ગુરુનાં વચનમાંય વિશ્વાસ નથી બેસતો ! તમારું મન આટલું બધું આળુ કેમ થઈ ગયું છે ? છોડો બધા સંશય અને નીલકંઠને શરણે થઈ જાવ.''

સદ્‌ગુરુનાં દિવ્ય દર્શનથી અને એમના શબ્દોથી મુક્તમુનિના અંતરમાં અજવાળાં થઈ ગયાં; સંશયના જાળાં ભેદાઈ ગયાં; તેમનું રોમેરોમ આનંદથી નાચવા માંડ્યું; દેહદશા વિસરાઈ ગઈ; ભાવસમાધિમાં લીન થયા. રામાનંદ સ્વામી અદૃશ્ય થયા બાદ થોડા સમયે તેઓ ભાવસમાધિમાંથી બહાર આવ્યા. હવે એમના હૈયામાં અને મુખ ઉપર આનંદ મા'તો ન હતો.

સ્વામીએ નદીમાં સ્નાન કર્યું, કોરા વસ્ત્રો પહેર્યાં, વગડામાં ખીલેલાં સુગંધી પુષ્પો વીણી ચાદરની ખોઈમાં ભર્યા અને આશ્રમમાં પાછા આવ્યા. સ્વામીએ જાતે ફૂલોની માળા પરોવી, જાતે ચંદન ઘસ્યું. મહારાજ સ્નાન કરીને પાછા ફર્યા એટલે મુક્તાનંદ સ્વામીએ મહારાજને રામાનંદ સ્વામીની ગાદીએ બેસાડ્યા, ચંદનની અર્ચા કરી, પ્રેમથી ગૂંથેલ પુષ્પની માળા પહેરાવી અને અંતરની ઊર્મિઓમાંથી પ્રગટેલી આરતીનું ગાન કરતાં કરતાં આરતી ઊતારી અને મુક્તાનંદ સ્વામીએ

સહજાનંદ સ્વામીનું અનન્ય શિષ્યત્વ ગ્રહણ કર્યું.

આ બધું નજરે જોઈ મયારામ ભટ્ટને થયું, 'મુક્તાનંદ સ્વામી જેવા સમર્થ સંત જેનાં શિષ્ય બને તે સહજાનંદ સ્વામી જરૂર અનંત કોટિ બ્રહ્માંડના આધાર પુરુષોત્તમ નારાયણ હોય.' એમ માની પોતે પણ સહજાનંદી રંગે રંગાયા.

પ્રભુ ભૂલાય એવો વ્યાપાર શું કામનો ?

એક વખત મયારામ ભટ્ટ અને તેમના નાના ભાઈ ગોવિંદરામ બન્ને ભાઈઓને વિચાર થયો કે આપણે વ્યવહારે થોડું નબળું છે તો કંઈક ધંધો કરીએ. રાત્રિના પોતાના નિત્યનિયમોમાંથી પરવારી બન્નેભાઈ ધંધાની ચર્ચા કરવા બેઠા.

ગોવિંદરામ કહે, "મોટાભાઈ ! અનાજનો વ્યાપાર જાણીતો છે, એટલે એ ઠીક રહેશે. થોડી મૂડીમાં રોકાણ બાદ કરતાં આટલો નફો તો જરૂર મળશે."

"ગોવિંદરામ ! અનાજનો ધંધો તો સારો છે, પણ આ ધંધામાં હિંસા બહુ થાય તે કેમ પોસાય ?" મયારામ ભટ્ટે ચિંતિત હૃદયે કહ્યું.

ગોવિંદરામ કહે, "તો પછી ભાઈ ! ઘી, તેલ વગેરે રસનો વ્યાપાર કરીએ.'

મયારામ ભટ્ટ કહે, "ના,ના. એ આપણને નહીં ફાવે."

"તો આપણે કાપડનો વેપાર કરીએ, તો કેમ રે'શે ?"

મયારામ ભટ્ટ કહે, "ગોવિંદરામ ! પણ એ તો બ્રાહ્મણ માટે નિષિદ્ધ છે અને વળી કાપડમાં આપણને અનુભવ નથી જેથી અજાણ્યા ધંધામાં પડાય નહીં." આ રીતે દરેક ધંધાના ગુણદોષના અને નફા-તોટાના વિચાર કરતા કરતા સવારના ચાર વાગી ગયા અને કૂકડો બોલ્યો.

મયારામ ભટ્ટ કહે, "ગોવિંદરામ ! આ શું થયું ?"

"ભાઈ ! સવારના ચાર વાગ્યા."

મયારામ ભટ્ટ કહે, "ગોવિંદરામ ! વ્યાપાર કરવાની હજુ વાત કરીએ છીએ ત્યાં આખી રાત્રિ મહારાજનું ભજન ભૂલ્યા તો પછી માલ ઘરમાં આવશે અને વેપાર ચાલુ થાશે ત્યારે શું થશે ? અત્યારે જે રીતે ધ્યાન, ભજન અને સેવા થાય છે તે વ્યાપાર કરીશું તો શું થશે ? માટે મહારાજના ધ્યાન-ભજનમાં હાનિ પહોંચાડે એવો લાભ ગમે તેવો કેમ ન હોય ? આપણે ન જ જોઈએ. જેનાથી કાયમ માટે સુખ મળતું રહે અને જન્મમરણથી રહિત થઈ જઈએ એ જ ખરો લાભ અને વેપાર છે."

એમ દૃઢ નિશ્ચય કરી બન્ને ભાઈઓએ નિર્ણય લીધો કે, 'પ્રભુ ભૂલાય એવો વ્યાપાર શું કામનો ?'

ઉત્તમ સેવક

સદ્‌ગુરુ રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી મયારામ ભટ્ટે પોતાનું સમગ્ર જીવન ભગવાન સ્વામિનારાયણનાં ચરણે સમર્પિત કરી દીધું અને ખડે પગે અખંડ સેવામાં લાગી ગયા.

મહારાજ દ્વારા લખાયેલા પત્રોને ગામોગામ પહોંચાડવાની મુખ્ય સેવા મયારામ ભટ્ટની હતી. શ્રીજી મહારાજનો પત્રવ્યવહાર તથા યજ્ઞો, ઉત્સવો કે સમૈયાઓના સંદેશાઓ, કોઈ સંતો તથા હરિભક્તોને લખેલા પત્રોને જે તે જગ્યાએ પહોંચાડવાની સેવા મયારામ ભટ્ટને સોંપવામાં આવતી. મયારામ ભટ્ટ આ સેવા એટલી તત્પરતા અને નિષ્ઠાથી કરતા કે ગુજરાતની કોઈ પણ જગ્યાએ મહારાજનો સંદેશો અત્યંત ઝડપથી અને કોઈ પણ ખર્ચ વગર પહોંચી જતો.

જ્યારે શ્રીજી મહારાજ વર્ણીવેશે લોજ પધાર્યા, ત્યારે પત્રવ્યવહારની સૌ પ્રથમ સેવા મયારામ ભટ્ટે કરી હતી.

મયારામ ભટ્ટે ફક્ત સાત જ દિવસમાં નીલકંઠવર્ણી અને સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ લખેલા પત્રો લઈ સદ્‌ગુરુ રામાનંદ સ્વામીને ભૂજ પહોંચાડ્યા હતા અને રામાનંદ સ્વામીએ લખેલા પત્રો બીજા સાત દિવસમાં પાછા લોજ પહોંચાડ્યા હતા.

શ્રીજી મહારાજનાં કોઠારી તરીકે મૂળજી શેઠ સેવા બજાવતા હતા. તેઓ ઊપજ-ખર્ચનું નામું રાખતા તથા શ્રીજી મહારાજ પાસે આવતી ભેટ સોગાદો સાચવતા. શ્રીહરિને તેમના ઉપર વિશ્વાસ હતો, પરંતુ પાછળથી મૂળજી શેઠ ઉપર લોકો જાતજાતનાં આક્ષેપો કરતા તે મૂળજી શેઠને ન ગમતું. એક દિવસ એમણે મહારાજને કહ્યું, "મહારાજ ! લોકો મારા વિશે જેમ તેમ બોલે છે. મારી ઉપર તમારી વસ્તુઓ આઘાપાછી કરવાના આક્ષેપ થાય છે, માટે મને કોઠારીપણાની સેવામાંથી રજા આપો."

શ્રીજી મહારાજે મૂળજી શેઠની વાત સાંભળી કોઠારી પદેથી છૂટા કર્યા અને એ સ્થાને મયારામ ભટ્ટની નિમણૂક કરી. મયારામ ભટ્ટનું સાદગી અને નિર્માનીભર્યું

જીવન સહુ કોઇને આકર્ષતું. સહુ એમને નિર્દોષતાની મૂર્તિરૂપે જોતાં. શ્રીજી મહારાજ પ્રસન્ન થઈને કંઈ આપે તો તેનો સ્વીકાર કરતા અને તરત તે પદાર્થ બીજાને આપી દેતા, પણ પોતે સંગ્રહ ન કરતા.

શ્રીજી મહારાજ જ્યારે મોટા મોટા યજ્ઞો કરાવતા, ત્યારે યજ્ઞની તમામ સામગ્રીની દેખરેખ તથા તે સામગ્રી પવિત્ર છે કે નહીં તેની ખાતરી કરવાની સેવા મયારામ ભટ્ટને સોંપાતી. યજ્ઞ સમયે પધારેલા બ્રાહ્મણોની સેવામાં ક્યાંય કચાશ ન આવે તેની જવાબદારી પણ મયારામ ભટ્ટને સોંપાતી. ડભાણ-જેતલપુર વગેરેના યજ્ઞોમાં એમણે ઘણી ઉત્તમ સેવા બજાવી હતી.

મયારામ ભટ્ટ અત્યંત વિનયી હતા. ક્યારેય કોઈ મુહૂર્ત કાઢવાનું હોય તો શ્રીજી મહારાજ એમને કહેતા કે, "ભટજી ! ટીપણું કાઢો અને મુહૂર્ત જોઈ આપો." એટલે મયારામ ભટ્ટ પોતાની દક્ષિણી પાઘડીમાંથી ટીપણું કાઢે અને શ્રીજી મહારાજને કહે, "મહારાજ ! આપ જે વર્ષ, માસ, પક્ષ, તિથિ, નક્ષત્ર, ઘડી વગેરેને પવિત્ર માનો તે પવિત્ર થઈ જાય છે, એટલે તમે જે દિવસ અને સમય નક્કી કરો એનાથી રૂડું કોઈ પણ મુહૂર્ત હોઈ શકે નહીં, કારણ કે આપ તો અનંત કોટિ બ્રહ્માંડના પતિ છો." મયારામ ભટ્ટના આવાં વચનો સાંભળી શ્રીજી મહારાજ સ્મિત ફરકાવતા, પણ મુહૂર્ત માટે તો જે સમય મયારામ ભટ્ટ કહે તે સમય જ નક્કી કરતા.

માણાવદરમાં મહારાજની પધરામણી

શ્રીજી મહારાજનું વિચરણ સતત ચાલતું રહેતું. મયારામ ભટ્ટને મનમાં વિચાર થતો કે મહારાજ ગુજરાતમાં ઠેર ઠેર વિચરણ કરી અનેક જીવોનો ઉદ્ધાર કરે છે, તો મારા માણાવદરમાં પધારી નગરજનોને પોતાનાં દર્શનનો લાભ ન આપે ?

એક દિવસ મયારામ ભટ્ટે મહારાજને પોતાનાં ગામમાં પધારવાનું ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું. મયારામ ભટ્ટના આમંત્રણથી શ્રીજી મહારાજ માણાવદર આવવા તૈયાર થયા. મહારાજ પોતાના ઘરે પધારવાના છે, એ જાણી મયારામ ભટ્ટ હરખઘેલા થઈ ગયા. એમનાં અંતરમાં આનંદનો મહાસાગર ઉમટ્યો. આખા નગરમાં બધાને ખબર કરી દીધા કે અમારા ભગવાન શ્રી સ્વામિનારાયણ આપણાં નગરમાં પધારવાના છે. મયારામ ભટ્ટ મહારાજનાં સ્વાગતની તડામાર તૈયારી કરવા લાગ્યા. મહારાજની સાથે અનેક સદ્‌ગુરુ સંતો તથા મોટા મોટા ભક્તજનો

પધારશે અને આખું નગર પાવન કરશે, એવા વિચાર સાથે જ મયારામ ભટ્ટનું હૈયું નાચવા લાગ્યું. એ સમયે માણાવદરમાં નવાબી રાજ હતું. મયારામ ભટ્ટ રાજા-મહારાજાઓ સાથે સંબંધ બાંધવાની તથા આવો સંબંધ જાળવવાની કળામાં હોશિયાર હતા. માણાવદરના નવાબ સાથે ભટ્ટજીને સારો સંબંધ હતો. ભટ્ટજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણ માણાવદરમાં પધારવાના છે, એ વાત નવાબને કરી.

નવાબ પૂર્વના દૈવી જીવ હતા. એમને મયારામ ભટ્ટના ખુદા અમારાં નગરમાં પધારવાના છે, એ જાણી મહારાજના સ્વાગત માટે પોતાનું લશ્કર તથા લશ્કરી બૅન્ડવાજા મોકલ્યા અને સમગ્ર નગર શણગારવાનો હુકમ આપ્યો.

મહારાજ સંતો-ભક્તો સાથે માણાવદર પધાર્યા. લશ્કરે બેન્ડવાજાના સૂરો સાથે શ્રીજી મહારાજની સવારીનું સ્વાગત કર્યું. નવાબ પોતે મહારાજનું સ્વાગત કરવા હાથી ઉપર વિરાજમાન થઈ આવ્યા. મહારાજની સવારી નજીક આવી એટલે નવાબ નીચે ઊતર્યા અને મહારાજની આગળ ભારે અદબથી કુરનીસ બજાવી સ્તુતિ કરી અને કહ્યું, “આપ સ્વયં ખુદા કહેવાઓ છો ત્યારે અમારા ગુનાઓને ક્ષમ્ય ગણશો. અમારા રાજ્યમાં પધારી આપે અમોને પાવન કર્યા છે.”

નવાબ દ્વારા મહારાજનું સ્વાગત થયું. ત્યાર બાદ મહારાજની સવારી નગરમાં સૌને દર્શન આપવા પધારી. નગરજનોએ ઘરે ઘરે તોરણો બાંધ્યા હતા. શેરીઓ પતાકાઓથી શણગારવામાં આવી હતી. ઠેર ઠેર નગરજનો સુવર્ણમહોરો, આભૂષણો, વસ્ત્રો આદિક અનેક મૂલ્યવાન ચીજો અર્પણ કરી મહારાજનું પૂજન કરતા હતા. સાથેના સંતો તથા ભક્તજનોના ભજન-કીર્તન અને જયનાદના ઘોષથી વાતાવરણ દિવ્ય બની રહ્યું હતું. આમ વાજતેગાજતે મહારાજની સવારી મયારામ ભટ્ટના ઘરે પધારી.

ભટ્ટજીને આજે તો સોનાનો સૂરજ ઊગ્યો હતો. અનેક બ્રહ્માંડોના અધિપતિ આજે એક ગરીબ બ્રાહ્મણના ઝૂંપડે પધાર્યા હતા. મયારામ ભટ્ટે મહારાજને ઢોલિયા ઉપર બિરાજમાન કર્યા. મહારાજની ષોડશ ઉપચારથી પૂજા કરી અને વિવિધ પ્રકારનાં ભોજનો તૈયાર કરી ભાવપૂર્વક જમાડ્યા. શ્રીજી મહારાજની સાથે ઘણા સંતો તથા કાઠી દરબારો આવ્યા હતા, તેમને યથાયોગ્ય ઉતારા કરાવ્યા અને તેઓને પણ ભાવથી જમાડ્યા. મહારાજ તથા સંતો-ભક્તો થોડા દિવસ અહીં રોકાયા.

બેગમને દર્શન કરાવ્યાં

મયારામ ભટ્ટના ખુદા આપણા નગરમાં પધાર્યા છે, તે જાણી નવાબના બેગમે મયારામ ભટ્ટ ઉપર સંદેશો મોકલ્યો કે, 'અમે તો જનાનખાનામાં ઓઝલ પાળીએ છીએ પણ અમારે તમારા ખુદાના દર્શન કરવાં છે, તો તમે તેની વ્યવસ્થા કરી આપો.'

મયારામ હતા વ્યવહારકુશળ. એમણે બેગમ સાહેબાને મહેલની અમુક બારીએ અમુક સમયે બેસવા અને ત્યાંથી શ્રીજી મહારાજનાં દર્શન કરવા કહ્યું.

આ બાજુ મયારામ ભટ્ટે ગામના મોચીને બોલાવ્યો. મોચી આવ્યો એટલે શ્રીજી મહારાજ માટે ચાંચવાળી તથા ચાલતી વખતે ચૂં..ચૂં.. અવાજ થાય એવી મોજડી બનાવવા કહ્યું. મયારામ ભટ્ટના કહેવા પ્રમાણે મોચીએ સરસ મોજડી તૈયાર કરી. મોજડી તૈયાર થઈ ગઈ એટલે મયારામ ભટ્ટે મહારાજને એ મોજડી પહેરાવી અને પગમાં બરાબર ફીટ થાય અને ડંખે નહિ તે માટે નવી મોજડી પહેરીને મહારાજને બેગમ સાહેબાના મહેલની બારી નીચેના માર્ગ ઉપર આંટા મારવા જણાવ્યું.

મહારાજે મયારામ ભટ્ટના કહેવા પ્રમાણે ઘણો સમય એ રસ્તા પર આંટા માર્યા. ઉપરથી મોતીઓનાં તોરણોની આડશમાંથી બેગમ સાહેબા તથા જનાનખાનાની તમામ ઓરતોએ શ્રીજી મહારાજનાં સંતોષ થાય એટલા સમય સુધી દર્શન કર્યાં.

ચાવીને ખાય એ વિમુખ !

એક સમયે શ્રીજી મહારાજ કાઠી સવારો સાથે અચાનક માણાવદર ગામમાં મયારામ ભટ્ટને ત્યાં આવી પહોંચ્યા. મહારાજને આમ અચાનક પોતાનાં ઘરે પધારેલા જોઈ મયારામ ભટ્ટને આનંદ આનંદ થઈ ગયો.

મહારાજ માટે થાળ તૈયાર કરાવવા બ્રાહ્મણોને બોલાવ્યા અને કહે કે 'મહારાજ તથા ભક્તોને ચોખા રાંધીને જમાડો.' હવે બન્યું એમ કે એક કોઠીમાં વીણવાનાં બાકી હોય એવા ચોખા ભરેલા હતા. રસોઈ કરનારે ભૂલથી એ જ ચોખા રાંધી ભાત તૈયાર કર્યો.

પ્રથમ શ્રીજી મહારાજને થાળ જમવા બેસાર્યા. મયારામ ભટ્ટ ભાવથી

મહારાજને પીરસવા લાગ્યા. મહારાજને ભોજનમાં ભાત સાથે ઘણી કાંકરીઓ આવી, પરંતુ મયારામ ભટ્ટનો ભાવ જોઈ મહારાજ કંઈ બોલ્યા નહીં.

મહારાજને થયું, 'આ કાંકરાવાળી ખીચડી કાઠીઓ જમશે, તો આ ગરીબ બ્રાહ્મણની ઠેકડી ઉડાવશે.' આવું ન થાય માટે મહારાજે એક અનોખો ઉપાય વિચાર્યો.

મહારાજે જમી લીધું પછી બધા કાઠી દરબારો જમવા બેઠા, પાત્રમાં ભોજનસામગ્રી પીરસાઈ ગઈ. બરાબર એ જ સમયે મહારાજ પંક્તિમાં પધાર્યા અને બોલ્યા, "દરબારો ! આજે પ્રકરણ ફરે છે."

'પ્રકરણ' શબ્દ સાંભળે એટલે બધાના કાન ચમકે ! બધાને થાય કે, 'આજે મહારાજ આપણને નવા નિયમની બેડીયે બાંધશે. આજે મહારાજ કયું પ્રકરણ ફેરવશે ?' એ સાંભળવા માટે સર્વેએ કાન સરવા કર્યા.

મહારાજ બોલ્યા, "આજે જમતા જમતા જે ચાવે એ વિમુખ !"

આ નવતર પ્રકરણ સાંભળી બધાને આશ્ચર્ય થયું, પણ જ્યારે ખીચડી ખાવા બેઠા ત્યારે ખ્યાલ આવ્યો કે, 'મહારાજે આવું પ્રકરણ શા માટે ફેરવ્યું છે ?'

કાઠીઓ ખીચડી જમતા જાય, દાંતમાં કાંકરા કચડ કચડ થાતા જાય, પણ જો બોલે તો વિમુખ થાય ! મહારાજના ભક્તોને બધુંય પોસાય એમ હતું, પણ મહારાજથી વિમુખ થવું કોઈ રીતે પરવડે તેમ ન હતું; કારણ કે મહારાજ તો એમના જીવનપ્રાણ હતા. કાઠી દરબારો ખીચડી ખાતા જાય, આંખથી સનકારા કરતા જાય, મૂંછોમાં હસતા જાય, પણ 'ખીચડીમાં કાંકરા છે,' એવું તો બોલી શક્યા નહિ, કારણ કે જો બોલે તો વિમુખ ગણાય.

આ બાજુ આટલા બધા કાંકરાવાળી ખીચડી ખાવી કેમ ? અને આજે તો મહારાજ પણ આગ્રહ કરી કરી ખીચડી પીરસાવ્યે જતા હતા અને ખીચડીમાં ઘી છલકાવ્યે જતા હતા. ખીચડીના કાંકરાઓ કાઠીઓની ભોજનની મજા મારી નાખતા હતા. કહેવાય નહિ અને સહેવાય નહિ, એવી આ વાત હતી ! આખરે સુરા ખાચરે મારગ શોધ્યો અને બોલ્યા, "મહારાજ ! અમારે દરબારોમાં ખીચડી હાર્યે છાશ ખાવાનો રિવાજ છે, ઘી ઘણુંય થયું હવે છાશ પીરસાવો !"

સુરા ખાચરની વાત સાંભળી રમૂજની લહેર પ્રસરી. મહારાજે હસતાં હસતાં બધાને ખીચડી ભરેલી તાંસળીમાં છાશ પીરસાવી. સુરા ખાચરે સાનથી ખીચડીમાં

હાથ ફેરવી રાબડું કરવાનો ઈશારો કર્યો. દરબારોએ છાશ અને ખીચડીનું રાબડું કર્યું, રાબડામાં કાંકરા ધીરે ધીરે તળિયે બેઠા, દરબારોએ માંડ માંડ ભોજન પૂરું કર્યું.

બાજરો લણ્યો

એક વખત મહારાજ સંતો તથા કાઠી દરબારો સાથે પંચાળાથી માણાવદર પધારતા હતા. સાથે મયારામ ભટ્ટ પણ હતા. રસ્તામાં મયારામ ભટ્ટનું ખેતર આવ્યું એટલે મહારાજે પૂછ્યું, "ભટ્ટજી ! આ ખેતર કોનું છે ?"

મયારામ ભટ્ટ કહે "મહારાજ ! એ ખેતર તો અમારું છે."

ત્યારે મહારાજ કહે, "ખેતરનો બાજરો તો પાકી ગયો છે, લણવો નથી ?"

ભટ્ટજી કહે, "હા મહારાજ ! લણવો તો છે, પણ હું તમારી સાથે ફરું અને ગોવિંદરામ આખો દિવસ તમારા ધ્યાનમાં બેસી રહે છે, માટે ટાણું નથી મળતું."

મહારાજ કહે, "જે અમારું ધ્યાન કરે એનું ધ્યાન અમારે રાખવું." એમ કહી મહારાજે મયારામ ભટ્ટની પાસે ગામમાંથી દાતરડાં મંગાવ્યા. સંઘમાં જેટલા સંતો તથા કાઠીઓ હતા તેમને સર્વને મહારાજે એક એક દાતરડું આપી બાજરો વાઢવા કહ્યું. મહારાજ પોતે પણ એક દાતરડું લઈ બાજરો વાઢવા લાગ્યા. થોડો સમય થયો ત્યાં બધો બાજરો વઢાઈ ગયો અને ડૂંડાનો ઢગલો કરી દીધો.

બાજરાનો ઢગલો જોઈ મહારાજે કહ્યું, "ભટ્ટજી ! લો બાજરો વઢાઈ ગયો, હવે ઘરમાં લેવડાવી લેજો."

આમ મહારાજ પોતાના ભક્તનું સર્વ પ્રકારે ધ્યાન રાખે છે.

ઉદાર દિલમાં નીતિમત્તાનો વાસ

એક વખત કોઈ સત્સંગી બાઈ પગમાં પહેરવાનું સોનાનું કડલું (પગમાં પહેરવાનું ઘરેણું) મયારામ ભટ્ટને ત્યાં સાચવવા મૂકી ગયેલ. માયારામ ભટ્ટે કડલું પટારામાં ગાદલા-ગોદડાં વચ્ચે મૂકી દીધું.

આ વાતને બે-ત્રણ વર્ષ વીતી ગયા. પેલી બાઈ તેનું કડલું લેવા આવી નહીં. ભટ્ટજી પણ આ વાત તદ્દન વીસરી ગયા. એક દિવસ ભટ્ટજીએ કંઈક લેવા પટારો ખોલ્યો. પટારાના ગાદલા ઊંચા-નીચા કરતી વખતે વચ્ચેથી પેલું કડલું નીકળ્યું. કડલાંને જોતા જ તેમને યાદ આવ્યું કે પેલી બાઈ આ મૂકી ગઈ હતી. પરંતુ એક

કડલું દીઠું તેથી પોતાને વિચાર આવ્યો કે, એક કડલું ન હોય, પગમાં પહેરવા માટે જોડી જ હોય. નક્કી બીજું કડલું મારાથી ક્યાંક મૂકાઈ ગયું છે. પેલી બાઈ અચાનક આવીને માગશે તો હું શું કહીશ ?

આમ વિચારમાં ને વિચારમાં તેઓ બેબાકળા થઈ ગયા. આખું ઘર ફંફોળ્યું, પણ કંઈ મળ્યું નહીં. એટલે એમણે પોતાના ઘરમાં થોડું સોનું પડ્યું હતું તે અને થોડા રૂપિયા ઉમેરી તેવું જ બીજું કડલું સોની પાસે તૈયાર કરાવી બન્ને પટારામાં રાખી દીધા. હવે ભટ્ટજીને નિરાંત થઈ.

થોડો સમય જતાં પેલી બાઈ પોતાનું કડલું લેવા આવી. ભટ્ટજીએ પટારામાંથી બે કડલાં કાઢી બાઈ પાસે મૂક્યાં અને કહ્યું, "લ્યો તમારા કડલાં."

બે કડલાં જોઈને બાઈએ કહ્યું, "ભટ્ટજી ! મેં તો એક જ કડલું આપ્યું હતું, આ તો બે છે !"

બાઈની વાત સાંભળી ભટ્ટજીને મનમાં થયું, આ અભણ બાઈ ભૂલી ગઈ લાગે છે. ભટ્ટજી કહે, 'ના,ના. એક કડલું થોડું કોઈ આપી જાય ! ઘરેણું તો જોડમાં જ હોય, તમે ભૂલી ગયા લાગો છો !'

પેલી બાઈ કહે, "ના, ના. ભટ્ટજી ! મેં તો તમને એક જ કડલું સાચવવા આપ્યું હતું, આ બીજું મારું નથી."

ભટ્ટજીને એમ કે, બાઈ એક દાગીનો મને પધરાવવા માગે છે. પણ પોતે મનમાં દૃઢ કરીને બેઠા હતા કે, હું ભલે બ્રાહ્મણ હોઉં પણ હરામનું તો લેવું જ નથી. બેમાંથી એકેય પાછા પડતા નહોતા. ભટ્ટજી આપવા માગતા હતા અને પેલી બાઈ લેવા માગતી નહોતી.

આખરે ભટ્ટજીએ પારખું કરવા બાઈને એના દીકરાના સોગંધ દીધા.

પેલી બાઈ કહે, "મારા દીકરાનાં સોગંદ છે, કે મેં તમને એક જ કડલું આપ્યું હતું, બીજું કડલું તો મારી પાસે જ છે."

બાઈએ સમ ખાધા પછી જ ભટ્ટજીને વિશ્વાસ બેઠો. બાઈ પોતાનું એક કડલું લઈ ઘરે ગઈ.

આ રીતે મયારામ ભટ્ટનાં દિલમાં સદાય નીતિમત્તાનો વાસ હતો. ભગવાનની કૃપાથી સ્ત્રી-દ્રવ્ય વગેરે કોઈ પણ માયિક પદાર્થના પ્રસંગમાં આવવાં છતાં ક્યારેય તેઓ બંધન પામતા નહીં.

મહારાજનું ફૂલેકું

એક સમયે મહારાજ અગતરાઈમાં વિરાજમાન હતા. મયારામ ભટ્ટ તથા તેમના ભાઈ ગોવિંદરામ મહારાજની સાથે હતા, પણ તેઓ કોઈ ઊંડા વિચારમાં રાચતા હોય એવું જણાતું હતું. મહારાજની નજરે બન્ને ભાઈઓની ચિંતાને પકડી પાડી અને મયારામ ભટ્ટને પૂછ્યું, “મયારામ ! શું ઊંડા વિચારમાં પડી ગયા છો ?”

મયારામ ભટ્ટે કહ્યું, “મહારાજ ! માણાવદરથી મારો ભાઈ ગોવિંદરામ આવ્યો છે. એના દીકરા નારણને જનોઈ દેવી છે, પણ નાણાંનો જોગ થતો નથી એટલે એની ચિંતા થાય છે.’

મહારાજે પૂછ્યું, “ભટ્ટજી ! તમારે જનોઇ દેવાય ત્યારે શી શી વિધિઓ કરવામાં આવે ?”

મયારામ ભટ્ટે કહ્યું, “મહારાજ ! જેને જનોઈ દેવામાં આવે, તેનું પ્રથમ ગામમાં ફૂલેકું કાઢવામાં આવે !”

શ્રીજી મહારાજને આ ‘ફૂલેકું’ શબ્દનો અર્થ સમજાયો નહીં. એમણે પૂછ્યું, “મયારામ ! આ ફૂલેકું એટલે શું ?”

“મહારાજ ! આ ફૂલેકામાં વરઘોડો કાઢવામાં આવે. જેને જનોઈ દેવાની હોય, તે બટુકને શણગારીને ઘોડા ઉપર બેસાડવામાં આવે; ઢોલ અને ત્રાસાના મંગળ વાદ્યો સાથે એમને ગામમાં ફેરવવામાં આવે; રસ્તામાં સગાં-સંબંધીઓ અને ગામના લોકો બટુકને આશીર્વાદ આપે; એના હાથમાં નારિયેળ અને નાણાં મૂકે; બટુકની મા લૂણ ઊતારે. આમ આખા ગામમાં ફરતું ફૂલેકું પાછું પોતાનાં ઘરે આવે.”

મહારાજ કહે, “ભટ્ટજી ! આ તો બહુ સારો રિવાજ છે. અમે જ્યારે જનોઈ લીધી, ત્યારે અમારું ફૂલેકું નીકળ્યું નહોતું. તો આજે મારું અને આ ગોવિંદરામનાં દીકરાનું અગતરાઈમાં ફૂલેકું કાઢીએ.”

મહારાજની વાત સાંભળી ભક્તોએ ફૂલેકાંની તૈયારીઓ કરી. ઢોલ, ત્રાંસા, શરણાઈ વગાડનારાઓને તેડાવવામાં આવ્યા. શ્રીજી મહારાજે વિવિધ શણગાર સજ્યા. ગોવિંદરામના નારણને પણ શણગારવામાં આવ્યો. ગામની બધી બ્રાહ્મણ સ્ત્રીઓને બોલાવવામાં આવી. ઢોલી ઢોલ વગાડવા લાગ્યા અને શરણાઈવાળા

શરણાઈ વગાડવા લાગ્યા.

સૌથી આગળ ઢોલ અને શરણાઈવાળા ચાલ્યા. એમની પાછળ શ્રીજી મહારાજ માણકી ઘોડીએ ચડી ચાલ્યા અને પાછળ નારણ ઘોડે ચઢી ચાલ્યો. સ્ત્રીઓ ફૂલેકાનાં ગીતો ગાવા લાગી. પુરુષો અબીલ-ગુલાલ ઉડાડતા અને નાચતા સાથે ચાલવા લાગ્યા. નાનાં નાનાં છોકરાઓને તો નાચવાની ભારે મોજ ચઢી.

ફૂલેકું આકળ વધી રહ્યું હતું. લોકો મહારાજને વધાવતા જતા હતા. એવામાં નારણની મા નારણના લૂણ ઊતારવા આવી. મહારાજે તેને કહ્યું, 'પહેલાં અમારા લૂણ ઉતારો, પછી નારણનાં લૂણ ઊતારજો.'

બાઈએ મહારાજની લૂણ ઊતાર્યા અને મહારાજે એક અલૌકિક લીલા શરુ કરી. મહારાજની આ લીલાની પાછળનું ધ્યેય પોતાના દરિદ્ર ભગતનું દારિદ્ર કાઢવાનું હતું.

ફૂલેકું ગામમાં ફરતું ફરતું પર્વતભાઈના ઘરે આવ્યું. પર્વતભાઈ મહારાજને વધાવવા આવ્યા. મહારાજે કહ્યું, ''પર્વતભાઈ ! આજે અમારું ફૂલેકું નીકળ્યું છે, તો અમને ભેટ આપો અને આ નારણને પણ ભેટ આપો. પણ રોકડા આપવા હોય તો મને આપજો અને નારિયેળ આપવું હોય તો આ નારણને આપજો.''

મહારાજની વાત સાંભળી સૌને આશ્ચર્ય થયું, પણ કોઈ કાંઈ બોલ્યું નહીં.

પર્વતભાઈએ મહારાજને પૂષ્પે વધાવ્યા, પોખણાં લીધા, લૂણ ઊતાર્યું અને બસો રૂપિયાની કોથળી અર્પણ કરી. નારિયેળ નારણને આપ્યું અને ઢોલ અને શરણાઈનાં સૂર સાથે ફૂલેકું આગળ વધ્યું. પછી તો ફૂલેકાંનો વરઘોડો આખા ગામમાં ફર્યો. જે કોઈ વધાવવા આવે તેને મહારાજ એમ જ કહે, ''રોકડા આપવા હોય તો મને આપજો અને નારિયેળ આપવું હોય તો આ નારણને આપજો.''

મહારાજને સૌ વધાવે, રૂપિયા તથા સારા પદાર્થો મહારાજ પાસે ભેગા થાય અને નારિયેળ નારાયણ પાસે. આ દૃશ્ય જોઈ નારણની મા મનમાં મનમાં દાઝ્યે રાખે કે, 'માંડ ફૂલેકાંમાં બે પૈસા મળે એમ હતા, એ પણ મહારાજે લઈ લીધા !'

આ રીતે મહારાજનું અને નારણનું ફૂલેકું વાજતેગાજતે આખા ગામમાં ફર્યું. ગામના લોકોએ હોંશેહોંશે મહારાજનાં ફૂલેકાંને વધાવ્યું અને વધામણીમાં રૂપિયા પણ ઘણા આવ્યા. ફૂલેકું ગામમાં ફરી રહ્યું. સહુ પાછા ઉતારે આવ્યા. મહારાજે

સાથે રહેલા સેવકને બોલાવ્યો અને જે કાંઇ વધામણીમાં આવ્યું હતું તેનો પાસે ઢગલો કરાવ્યો. રૂપિયાની ગણતરી કરી તો એક હજાર થયા. મહારાજે રૂપિયાની એ કોથળી હાથમાં લીધી અને નારણને નજીક બોલાવ્યો અને બોલ્યા, "ભક્તો ! આજે અમારું ફૂલેકું ગામમાં ફર્યું એટલે અમારો સંકલ્પ પૂરો થયો, પણ જનોઈ તો નારણની છે. માટે અમારે પણ નારણના ફૂલેકાંને વધાવવું છે." એમ કહી મહારાજે નારણના હાથમાં નારિયેળ અને હજાર રૂપિયાની થેલી વધામણીમાં આપી અને મયારામ ભટ્ટને કહ્યું કે, "મયારામ ! હવે તમારા ભત્રીજાને જનોઈ આપો અને મોટો ઉત્સવ કરો."

આ દૃશ્ય જોઈ દૂર ઊભેલી નારણની માની આંખોમાંથી આંસુડાઓની ધારાઓ વહી. એમને કરુણાસાગર મહારાજનો અનેરો મહિમા સમજાયો અને પોતાની જાતને ઠપકો આપતી, મહારાજનાં અપલક નયને દર્શન કરતી રહી.

અવળાની અવળાઇ

યુવાન મયારામ ભટ્ટ રૂપે આકર્ષક હતા. સહેજે સહેજે એમનાં રૂપ તરફ સહુની આંખો ખેંચાતી. જેવી આકર્ષક અને સુંદર મયારામ ભટ્ટની કાયા હતી, એવું જ એમનું હૃદય સદ્ગુરુની કૃપાથી નિર્મળ અને નિર્દોષ થયું હતું. એકાંતમાં પણ જો કદાચ કોઈ સ્ત્રીનો યોગ થાય, તો પણ તેમાં નિર્લેપ રહેવાની એમના મનની દૃઢતા હતી. પણ એ નિર્દોષ અને નિર્મળ હૃદયને સામાન્ય સંસારી કેમ સમજી શકે ?

એક સમયની વાત છે. મયારામ ભટ્ટ અને અન્ય હરિભક્તો માણાવદરથી સંઘ લઈ મહારાજનાં દર્શન કરવાં ગઢપુર જઈ રહ્યા હતા. સંઘમાં થોડા ભાઈઓ અને થોડી બાઈઓ હતી. ઉનાળાનો સમય હતો. આકાશમાંથી ધોમધખતો તાપ વરસી રહ્યો હતો. કોઈ પગપાળા તો કોઈ ઘોડા ઉપર જઈ રહ્યા હતા.

મયારામ ભટ્ટ ઘોડા ઉપર બેસી મહારાજને અખંડ સંભારતા સંભારતા પંથ કાપી રહ્યા હતા. એવા સમયે સંઘમાં ચાલનાર એક યુવાન બાઈની તબિયત બગડી. ગરમી લાગવાથી એ બાઈની સ્થિતિ આગળ ચાલી શકાય તેવી રહી ન હતી. એક બાઈને લીધે આખા સંઘને રોકાવું પડે એવું હતું, એટલે મયારામ ભટ્ટે એ બાઈને પોતાના ઘોડા ઉપર બેસાડી અને પોતે પગપાળા આગળ ચાલવા લાગ્યા.

મયારામ ભટ્ટ ઘોડાની લગામ પકડી ચાલી રહ્યા હતા. થોડો પંથ કપાણો,

ત્યાં એક આધેડક ઉંમરની અવળચંડી બટકબોલી બાઈ મયારામ ભટ્ટ પાસે ચાલતી ચાલતી આવી અને બડબડ કરતા બોલી, 'છેને ખરેખરો કળિયુગ ! જુવાન બાઈને પટ કરતા પોતાના ઘોડે બેસાડી દીધી, અમારા જેવા ગઈઢાનો કોણ ભાવ પૂછે...?'

મયારામ ભટ્ટ તે ડોશીનો મર્મ સમજી ગયા, પરંતુ એ સમયે કંઈ બોલ્યા નહીં. ગઢડા જઈ મહારાજનાં દર્શન કર્યાં અને મનોમન પ્રતિજ્ઞા લીધી કે, 'આજ પછી કોઈ પણ સંજોગોમાં સ્ત્રીઓની સાથે ક્યારેય ચાલવું નહીં. જો સાથે ચાલીએ, તો આવા સંજોગો ઊભા થાયને !'

આમ મયારામ ભટ્ટે પોતાનાં બ્રહ્મચર્ય વ્રતને દૃઢ કરનારી ઉત્તમ પ્રતિજ્ઞા લીધી.

દીનાનાથની દરિદ્રતા

આમોદ ગામનાં દીનાનાથ ભટ્ટ પ્રકાંડ પંડિત હતા. ચાર વેદ અને અઢાર પુરાણોનો એમણે ખૂબ સારો અભ્યાસ કર્યો હતો. એમાં પણ ભાગવત પુરાણના અઢારેય સ્કંધ એમને કંઠસ્થ હતા. સંસ્કૃત કાવ્યરચનામાં એમની ભારે કુશળતા હતી. વિદ્વત્ સમાજમાં એમની વિદ્વત્તાનું ભારે સન્માન થતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોનો સમાગમ પ્રાપ્ત થવાથી તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા. જેવા વિદ્વાન હતા, એવા જ એ ભક્ત પણ હતા. મહારાજનો ખૂબ મહિમા સમજતા. અવારનવાર મહારાજનો સમાગમ કરવા પધારતા અને વેદ-પુરાણની ભારે ભારે ચર્ચાઓ કરતા.

એક દિવસ અજુગતી ઘટના ઘટી. એક માની સંતનું માન ન જળવાતા તેઓ મહારાજને છોડી ચાલી નીકળ્યા. એ સંતનો ભેટો દીનાનાથજી સાથે થયો અને દીનાનાથના કાનમાં કુસંગના વાક્યો પડ્યા, "દીનાનાથ ! તમે કાંઈ વાચ્યું ? હમણાં મહારાજે શિક્ષાપત્રી લખી છે, તેમાં ગૃહસ્થ ભક્તોના ઉલ્લેખમાં મયારામ ભટ્ટનું નામ લખ્યું છે. એક અભણ મયારામ ભટ્ટનું નામ લખ્યું અને સર્વ શાસ્ત્રોના જ્ઞાતા એવા તમારું નામ ન લખ્યું, તે તમારામાં શું ખામી દેખાણી હશે ?"

કાચા કાનમાં કુસંગના શબ્દો પડ્યા અને વિદ્વાન દીનાનાથના પેટમાં વિદ્વત્તાનો ગોટો ચડ્યો. 'હું કેવો મોટો વિદ્વાન અને શિક્ષાપત્રીમાં મારું નામ નહીં અને અભણ મયારામનું નામ લખાયું ? આને કેવા ભગવાન અને કેવી સમજણ કહેવાય ?'

ભાગવતના અઢાર હજાર શ્લોક, ચાર વેદની ઋચાઓ અને પુરાણોની કથાઓના જાણકાર દીનાનાથ આજે કુસંગને લીધે ખરેખરા દીન થઈ ગયા. શાસ્ત્રોમાં વિહાર કરનારાને આજે માનરૂપી અજગરે ભરડો લીધો. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના સાધુઓના દર્શન-સમાગમ છૂટી ગયા. એમનું મન અર્ધ બળેલાં કાષ્ઠની જેમ ધૂંધવાવા લાગ્યું. મહારાજ પ્રત્યે મનમાં અનેક તર્ક-કુતર્ક જાગવા લાગ્યા. આમને આમ ઘણો સમય પસાર થઈ ગયો. એક દિવસ દીનાનાથ ભટ્ટની દીકરી જમુનાને બ્રહ્મરાક્ષસ વળગ્યો. ભૂતોમાં બ્રહ્મરાક્ષસ વધારે બળિયો કહેવાય. સર્વ વિદ્યાનો ભણેલો વાસનિક બ્રાહ્મણ મરીને બ્રહ્મરાક્ષસ થાય. એ જેને વળગે એની ખો કાઢે. જમુનાને બ્રહ્મરાક્ષસ વળગ્યો, તે આખું ઘર હેરાન-પરેશાન થઈ ગયું. જમુનાનું તોફાન એટલું વધી ગયું કે એને સાચવવાનું ભારે થઈ પડ્યું. ઘરમાં ખાવા પીવાની વસ્તુઓ પડી હોય એમાં મળ-મૂત્ર, હાડ-માંસ નાખી અપવિત્ર કરે; પોતાના અને બીજાના પહેરલાં કપડાં ફાડી નાખે; ગામમાં જઈ નાના નાના છોકરાઓને માર મારે, ગારામાં નાખી દે; ઢોર-ઢાંખર બાંધ્યા હોય એને છોડી દે; ભરબજારે નીકળે અને જેમતેમ બોલી વર્તન કરે; ન કોઈને સુખે સૂવા દે, ન ખાવા દે, ન પીવા દે. દીનાનાથજીનું ઘર તો હેરાન થતું હતું જ, સાથે સાથે જમુનાએ આખું ગામ પણ માથે લીધું હતું. બધા એનાથી તોબા પોકારી ગયા.

ભટ્ટજીએ દીકરીને સારી કરવા ખૂબ ઉપાયો કર્યા; કેટલીએ માનતાઓ માની; ભૂવા-ભારાડીઓને બોલાવી મંત્ર-તંત્રના જાપ કરાવ્યા; અનેક પ્રકારની વિધિઓ કરાવી; દોરા-ધાગા પે'રાવ્યા પણ બ્રહ્મરાક્ષસ કેડો મેલતો નો'તો.

હવે શું કરવું...? કોઈ ઉપાય જડતો નહોતો. બધા ભારે મૂંઝાયા હતા. એવામાં કોઈ સત્સંગીએ દીનાનાથ ભટ્ટને સમજાવ્યા કે, "ભટ્ટજી ! જ્યારે કોઈ છત્ર શરણું ન આપે, ત્યારે શ્રીહરિના છત્ર હેઠે જવું જોઈએ. તમે મહારાજ પાસે જાવ. મહારાજ તો અત્યંત કૃપાળુ છે, દયાસાગર છે. તમારા ગુના માફ કરશે અને તમારી દીકરીનું સારું કરશે."

દીન થયેલા દીનાનાથજી માટે હવે બીજો કોઈ રસ્તો નહોતો. ન છૂટકે પુરુષોત્તમ નારાયણની સાથે બાંધેલું માનનું પોટલું છોડવું પડ્યું અને પગ તળે કચડવું પડ્યું. ભારે પગે અને સંકોચાતા મને દીનાનાથ ભટ્ટ વડતાલ આવ્યા.

મહારાજને બે હાથ જોડી પ્રાર્થના કરી, "હે મહારાજ ! હે દીનાનાથ ! કૃપા કરો. મારા ઘરે પધારો અને આવી પડેલી મુશ્કેલીમાંથી ઉગારો. મારી દીકરી જમુનાને બ્રહ્મરાક્ષસ વળગ્યો છે, તે અમારું જીવવું હરામ થઈ ગયું છે. કંઈક દયા કરો પ્રભુ !" આમ બોલતાં બોલતાં દીનાનાથજીએ મહારાજના ખોળામાં માથું ઢાળી દીધું અને પોક મેલી રડવા લાગ્યા.

મહારાજ તો કરુણાનિધાન છે. પોતાના આશ્રયે આવેલાને ક્યારેય છોડતા નથી. ગમે તેમ કરીને પણ પોતાના ભક્તના યોગ અને ક્ષેમનું વહન કરે છે. મહારાજે પોતાના પ્રેમાળ હાથ દીનાનાથના મસ્તક ઉપર મેલ્યા અને કહ્યું, "અરે ભટ્ટજી ! બ્રાહ્મણને વળી ભૂત થોડું વળગે ? અને તમે તો વેદ-પુરાણના જ્ઞાતા છો. તમારા જેવા વિદ્વાનના ઘરે ભૂત થોડું આવે ?"

મહારાજના શબ્દોનો મર્મ દીનાનાથ સમજતા હતા. પોતાની ભૂલ એને સમજાઈ રહી હતી. દુઃખી હૃદયે દીનાનાથ બોલ્યા, "બાપ ! બ્રાહ્મણ તો છું, પણ અનાથ છું. દયા કરી મારી દીકરીની રક્ષા કરો, પ્રભુ ! રક્ષા કરો."

મહારાજને માટે બ્રહ્મરાક્ષસને ભગાડવો રમતની વાત હતી, પણ એમને અહીં બે કામ કરવાના હતા. એક પોતાના ભક્તનો મહિમા દેખાડવો હતો અને બીજું દીનાનાથ ભટ્ટના અહંકારને ઓગાળી એમની પામરતાના દર્શન પણ કરાવવા હતા. તેથી મહારાજે કહ્યું, "ભટ્ટજી ! તમારી દીકરીમાં પ્રવેશેલા બ્રહ્મરાક્ષસને જો કાઢવો જ હોય તો આ મયારામ ભટ્ટને તમારા ઘરે તેડી જાઓ, તે બહુ સમર્થ છે. તેમનાં દર્શન કરવા માત્રથી જ તમારી દીકરીને વળગેલો બ્રહ્મરાક્ષસ ભાગી જશે અને એમને સારું થઈ જશે."

મહારાજના કહ્યા પ્રમાણે દીનાનાથ મયારામ ભટ્ટને તેડી આમોદ આવ્યા. સવારનો સમય હતો. નિત્યપૂજા કરવા મયારામ ભટ્ટે સ્નાન કર્યું; ધોયેલાં વસ્ત્રો ધારણ કર્યા; પૂજા કરવા ઓસરીમાં બેઠા; સામે જમુનાને બેસાડી. જેમ જેમ ભટ્ટજી ઊંડા ઊતરતા ગયા, તેમ તેમ જમુનાના ખોળિયામાં રહેલો બ્રહ્મરાક્ષસ રાડો પાડવા લાગ્યો, 'હું બળું છું, બળું છું. મારાથી અહીં રહેવાતું નથી, હવે હું જાવ છું, પાછો ક્યારેય પણ નહીં આવું.'

આમ રાડો પાડતો બ્રહ્મરાક્ષસ જમુનાનું ખોળિયું છોડી જતો રહ્યો. જમુનાનું શરીર શાંત થયું. મયારામ ભટ્ટના દર્શન કર્યા અને નિત્યક્રિયામાં જોડાઈ ગઈ.

દીનાનાથ ભટ્ટ આ દૃશ્ય ચાર આંખે જોઈ રહ્યા હતા. જે કામ મંત્ર-તંત્ર, કામણ-ટૂંમણ, વિધિ-વિધાનથી ન થયું તે કેવળ મયારામ ભટ્ટનાં દર્શન કરવા માત્રથી થઈ ગયું હતું. હૃદયમાં મયારામ ભટ્ટ પ્રત્યે ગુણ આવતાં જ માનનો પડદો હટી ગયો. દીનાનાથ ભટ્ટ મયારામ ભટ્ટના પગમાં પડી ગયા અને બોલ્યા, “ભક્તરાજ ! મને માફ કરો. આપની સ્થિતિ અલૌકિક છે, જેને હું ઓળખી ન શક્યો. મારી દીકરીને વળગેલા બ્રહ્મરાક્ષસ સાથે મને વળગેલું વિદ્વત્તાનું ભૂત પણ આપે આજે કાઢી નાખ્યું. મારાથી થયેલા અપરાધોને ક્ષમ્ય ગણજો.”

મયારામ ભટ્ટે દિનાનાથ ભટ્ટને ઊભા કર્યા અને કહ્યું, “અરે દીનાનાથજી ! મારામાં કંઈજ નથી, આ બધી ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપા સમજો. તેમના સંકલ્પ વિના એક પાંદડુંય હલવાને સમર્થ નથી. તેઓ અનંત કોટિ બ્રહ્માંડના ધણી છે અને અનેક અવતારોના અવતારી છે. માટે એમના આશ્રયે જનાર ક્યારેય દુઃખી ન થાય. મારા પગ છોડો અને શ્રીહરિનાં ચરણો પકડો. સર્વે સુખ ત્યાં રહ્યા છે.”

આવા હતા મયારામ ભટ્ટ. નખશિખ ઊજળી પ્રતિભા અને નિર્માનીપણાની મૂર્તિ; સત્સંગમાં દઢ મમત્ત્વ અને નિષ્કામ સેવાયોગ. અજાતશત્રુ મયારામ ભટ્ટના આવા સદ્‌ગુણોને લીધે જ તો શ્રીજી મહારાજે સમગ્ર ગૃહસ્થ સત્સંગીઓના એક આદર્શ પ્રતિનિધિ તરીકે શિક્ષાપત્રીમાં એમનું નામ લખ્યું,

“गृहस्थाश्च मयाराममभट्टाद्या ये मदाश्रयाः ।”

ધર્મનિષ્ઠ ભક્તરત્ન મયારામ ભટ્ટનાં જીવનને અનુસરી આપણાં હૃદયકમળને નિર્ગુણ કરી શ્રીજી કૃપાના પાત્ર બનીએ.

૪ ગોવર્ધનભાઈ (માંગરોળ)

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ધ્યાનનિષ્ઠ મહાપુરુષો ઘણા થયા. કેવળ ત્યાગીઓ જ નહીં, પરંતુ ગૃહસ્થોમાં પણ ઠેર-ઠેર ઉત્તમકોટિના અનેક ધ્યાની ભક્તો થયા. એમાંના એક હતા ધ્યાની ભક્ત ગોવર્ધનભાઈ.

ગોવર્ધનભાઈ દેહમાં રહેવા છતાં જનક રાજાની પેઠે દેહભાવથી મુક્ત હતા. સંસારમાં રહેવા છતાં પણ ગોવર્ધનને સંસારના કોઈ વિકારો સ્પર્શ્યા નહોતા, તેઓ જળકમળવત્ નિર્લેપ હતા.

ગોવર્ધન યોગભ્રષ્ટ જીવ હતા. ભગવાન શ્રીસ્વામિનારાયણની પ્રાપ્તિથી એમની યોગસાધના પૂર્ણ થઈ હતી. તેઓના હૃદયમાં અખંડ હરિદર્શન થતું હતું.

ભક્ત-ભગવાનનું પ્રથમ મિલન

નીલકંઠ વર્ણી માંગરોળ બંદર પધાર્યા. માંગરોળમાં એક પુરાતની વાવ હતી, જે વાવ ગોધાવાવ તરીકે પ્રસિદ્ધ હતી. નીલકંઠે વાવને કિનારે ઉતારો કર્યો.

સ્નાનાદિથી પરવારી નીલકંઠ વજાસને વિરાજમાન થયા હતા. એ જ સમયે લગભગ વર્ણીરાજ જેટલી જ વયનો એક યુવાન ગોધાવાવે આવ્યો. યુવાનનું નામ ગોવર્ધન હતું. જ્ઞાતિએ વણિક હતો અને સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનો મુખ્ય શિષ્ય હતો. સદ્‌ગુરુના સેવનથી એમનું અંતઃકરણ હિમાલયમાં વહેતાં નિઝરણાં જેવું નિર્મળ થયું હતું.

સોમનાથથી દ્વારકા જવાનો માર્ગ માંગરોળથી પસાર થતો હતો, એટલે આ માર્ગે અનેક સંત-મહાત્માઓ નીકળ્યા જ કરતા હતા.

ગોવર્ધને અનેક સંતો-મહંતોના દર્શન કર્યા હતા, પરંતુ નીલકંઠની છટા કંઈક અનોખી જ હતી. નીલકંઠ વર્ણીની તપથી કૃશ, પાતળી સોટી જેવી તેજસ્વી મૂર્તિએ ગોવર્ધનના મનને હરી લીધું. લોહચુંબકથી લોખંડ ખેંચાય, એમ ગોવર્ધન નીલકંઠ વર્ણીની પાસે આવીને બેસી ગયો.

ગોવર્ધનના મુખ ઉપર નિર્દોષતા નીતરતી હતી, આંખો પારદર્શક હતી, અંતરના નિર્મળ ભાવો એની આંખોમાં વાંચી શકાતા હતા. જુવાન ઉંમર હોવા છતાંય આ યુવાનના મુખ ઉપર માયાના કોઈ ભાવ કળાતા નહોતા.

નીલકંઠને આ યોગભ્રષ્ટ જીવ ભારે નિરાળો લાગ્યો. નીલકંઠે ગોવર્ધનની સામે જોઈને મંદ સ્મિત કર્યું.

આ ભલાભોળા યુવાને નીલકંઠને હાથ જોડીને કહ્યું, ‘‘બ્રહ્મચારીજી ! ક્યાંથી પધારો છો ?’’

નીલકંઠે મર્મમાં કહ્યું, ‘‘અનિર્દેશથી.’’

ગોવર્ધન કાંઈ સમજ્યો નહિ, એણે બીજો પ્રશ્ન કર્યો, ‘‘આપનું નામ ?’’

વર્ણીરાજે ઉત્તર વાળ્યો, ‘‘નીલકંઠ વર્ણી.’’

ગોવર્ધને ફરીને પૂછ્યું, ‘‘વર્ણીજી ! ભોજન કરશો ?’’

નીલકંઠે કહ્યું, ‘‘જો કાંઈ તૈયાર હોય તો લઈ આવો.’’

આનંદઘેલો ગોવર્ધન ઊભો થયો, થોડીવારમાં સુખડી અને ગાંઠિયા લઈ પાછો આવ્યો.

નીલકંઠે આશ્ચર્યથી ગોવર્ધનને પૂછ્યું, ‘‘આટલી વારમાં સુખડી-ગાંઠિયા ક્યાંથી ?’’

ગોવર્ધને હાથ જોડીને કહ્યું, ‘‘બ્રહ્મચારીજી ! આજે મારા ફઈ પૂતળીબાઈનું કારજ છે, એટલે જમણવારમાં આ સુખડી અને ગાંઠિયા બનાવેલા છે. આપ જેવા તપસ્વી જમે, તો મારી ફઈના જીવનું સારું થાય.’’

નિર્દોષ યુવાનના હૈયાનો ભાવ જોઈને નીલકંઠ સુખડી અને ગાંઠિયા જમવા લાગ્યા અને બોલ્યા, ‘‘યુવાન ! તારું નામ શું ?’’ ગોવર્ધને કહ્યું, ‘‘બ્રહ્મચારી ! મારું નામ ગોવર્ધન છે, જ્ઞાતિએ વણિક છું.’’

નીલકંઠ વર્ણીએ પૂછ્યું, "ગોવર્ધન ! તારા ફઈ હાલમાં ક્યાં છે એની તને ખબર છે ?"

ગોવર્ધને કહ્યું, "બ્રહ્મચારી ! મરી ગયેલાના જીવની ગતિ મારા જેવો પામર જીવ કઈ રીતે જાણી શકે !"

નીલકંઠે કહ્યું, "ગોવર્ધન ! તારી ફઈ મર્યા પછી ક્યાં ગઈ છે, એ તારે જાણવું છે ?" ઉત્કંઠાવશ ગોવર્ધને કહ્યું, "જણાવો તો બહુ સારું."

નીલકંઠે કહ્યું, "ગોવર્ધન ! તારી ફઈ મરીને નરકે ગઈ છે અને કુંભીપાકમાં જમના દૂતોના હાથે માર ખાય છે !"

માથે વીજળી પડી હોય એમ ગોવર્ધન આંચકો ખાઈ ગયો ! નીલકંઠની વાત એને મનાતી નહોતી.

ગોવર્ધન બોલ્યો, "અસંભવ, બને જ નહીં. મારી ફઈ સમર્થ સદ્‌ગુરુ રામાનંદ સ્વામીની શિષ્યા હતી, તે કુંભીપાકમાં કેમ જાય ?"

નીલકંઠે હસીને કહ્યું, "મને હતું જ કે, તું નજરે જોયા વિના નહીં માને !" આટલું કહેતાની સાથે જ નીલકંઠે ગોવર્ધનની સામે મીટ માંડી, કોણ જાણે શું થયું ? ગોવર્ધનનાં નાડી-પ્રાણ ખેંચાવા લાગ્યા, એનું શરીર ધબ દઈને ધરતી ઉપર પડી ગયું.

નીલકંઠે ગોવર્ધનને સમાધિ કરાવી હતી ! ભયંકર વિટંબણાવાળા માર્ગે પસાર થતો ગોવર્ધનનો આત્મા કુંભીપાક નરકે પહોંચ્યો ! અહીં હજારો પાપી જીવ યમયાતના ભોગવી રહ્યા હતા અને કારમી ચીસો પાડી રહ્યા હતા. ગોવર્ધને પોતાની ફઈ પૂતળીને પણ કુંભીપાકની પીડા ભોગવતી જોઈ.

પૂતળીની દૃષ્ટિ ગોવર્ધન ઉપર પડી. એણે પોકાર કર્યો, "એ ગોવર્ધન ! મને અહીંથી બહાર કાઢ્ય, બહાર કાઢ્ય !"

ફઈનો આર્તનાદ સાંભળી ગોવર્ધને ફઈને ઉગારવા પ્રયાસ કર્યો, પરંતુ યમના દૂતોએ ગોવર્ધનને ફાવવા ન દીધો અને નીલકંઠે ગોવર્ધનને સમાધિમાંથી જગાડ્યો.

યમયાતનાને સંભારીને થરથર ધ્રૂજતા ગોવર્ધને હાથ જોડીને કહ્યું, "વર્ણીરાજ ! આપની વાત સાચી નીકળી !"

આટલું કહી ગોવર્ધને વર્ણીરાજને વિનંતીના સ્વરમાં કહ્યું, "વર્ણીરાજ ! મારા

મનમાં સવાલ ઊઠે છે, મારી ફઈ રામાનંદ સ્વામીની શિષ્યા હતી, છતાં કુંભીપાકે કેમ પડી ?''

સર્વજ્ઞ નીલકંઠે ગોવર્ધનને કહ્યું, ''તારી ફઈએ ભયંકર ગુરુદ્રોહ કરેલો છે. રામાનંદ સ્વામી સદાવ્રતો ચલાવે છે. કોઈ ઉદાર ભક્તજને રામાનંદ સ્વામીને સદાવ્રતમાં વાપરવા માટે સુવર્ણ મહોરો આપી હતી. રામાનંદ સ્વામીએ ભારે વિશ્વાસથી એ સુવર્ણ મહોરો તારી ફઈને સાચવવા માટે આપી હતી. સમય પસાર થયો. તારા ફઈની દાનત બગડી. રામાનંદ સ્વામીએ સુવર્ણ મહોરો પાછી માગી ત્યારે તારી ફઈ ફરી ગઈ અને કહ્યું, 'એ તો મેં તમને ક્યારનીય પાછી આપી દીધી છે.' સદ્‌ગુરુ રામાનંદ સ્વામી ઊંડો શ્વાસ લઈ ગયા. પુતળી આવો વિશ્વાસઘાત કરશે, એવી એમને કલ્પના નહોતી. કરુણામૂર્તિ સંત કશું બોલ્યા નહીં અને વાત પૂરી કરી. પરંતુ અંતર્યામી નારાયણથી તારી ફઈએ કરેલું પાપ સહન ન થયું. આમાં એક તો ગુરુનો વિશ્વાસઘાત હતો, બીજું ધર્મદ્રવ્ય ઓળવી લેવાનું મહાપાપ હતું. પરિણામે પૂતળી કુંભીપાકની સજા ભોગવે છે.''

ગોવર્ધને હાથ જોડીને કહ્યું, ''વર્ણીરાજ ! કૃપા કરો અને મારી ફઈની મુક્તિનો માર્ગ બતાવો.''

કરુણામય નીલકંઠે કહ્યું, ''તું પાછો સમાધિમાં જા, મારા વતી ધર્મરાજને વિનંતી કર. ધર્મરાજ તારી ફઈને મુક્ત કરશે.''

નીલકંઠે ગોવર્ધનને સમાધિ કરાવી. ગોવર્ધનનો આત્મા ધર્મરાજની સભામાં ઉપસ્થિત થયો. ધર્મરાજે ગોવર્ધનનું સ્વાગત કર્યું. ધર્મરાજે ગોવર્ધનને ધર્મ અને શરણાગતિનો મર્મ સમજાવ્યો. નીલકંઠનાં વચને પુતળીના આત્માને કુંભીપાકથી મુક્ત કર્યો.

ગોવર્ધન સમાધિમાંથી જાગ્યો. પૂતળીનો આત્મા પણ સૂક્ષ્મ દેહે એની સાથે હતો.

નીલકંઠે પૂતળીના આત્મા સામે કરુણાદૃષ્ટિ કરી મીઠો ઠપકો આપ્યો અને કહ્યું, ''તું હવે બદ્રિકાશ્રમમાં જા, ત્યાં તપ કર, તારા પાપનું પ્રાયશ્ચિત્ત કર. પ્રાયશ્ચિત્ત પૂર્ણ થયે તને ફરીથી ભારતભૂમિમાં જન્મ મળશે, સત્સંગનો જોગ થશે અને તારું કલ્યાણ થશે.'' નીલકંઠના આ અલૌકિક પ્રભાવને જોઈને ગોવર્ધનનું મસ્તક ઝૂકી ગયું.

સાત સમુદ્રના દર્શન

એક વખત નીલકંઠવર્ણી મુક્તાનંદ સ્વામીની સાથે કોઈ કામ પ્રસંગે માંગરોળ પધાર્યા હતા. અહીં ગોવર્ધનભાઈના ઘરે ઉતારો કર્યો હતો.

ગોવર્ધનભાઈના બીજા ફઈ હકુબાઈ કરીને હતા. તેમણે કહ્યું, “ગોવર્ધન ! તમે સમુદ્રસ્નાન કરી આવો, ત્યાં સુધીમાં હું રોટલા તૈયાર કરું છું.”

ફઈની વાત સાંભળી મુક્તાનંદ સ્વામી, વર્ણી તથા ગોવર્ધનભાઈ ત્રણે જણ સમુદ્રસ્નાન કરવા ગયા.

સમુદ્રમાં મોટા મોટા મોજાં ઉછળતા હતા. ત્રણે જણ ધીમે ધીમે પગલાં માંડતા પાણીમાં ઊતરી રહ્યા હતા. સામેથી આવતા મોજાંને નીરખતા જતા હતા. એવામાં એક મોટું મોજું આવ્યું. એ મોજાંનું પાણી છાતી સુધી પહોંચે એટલું ઊંચું હતું. જેવું મોજું નજીક આવ્યું એટલે નીલકંઠવર્ણીએ પોતાની પાસે ઊભેલા ગોવર્ધનભાઈને જોરથી ધક્કો માર્યો. ગોવર્ધનભાઈ પડી ગયા. મોજાંનું વળતું પાણી એમને સાથે લેતું ગયું.

મુક્તાનંદ સ્વામીએ આ દૃશ્ય જોયું, પરંતુ મંદ મંદ હસતા વર્ણીને તેઓ કઈ કહી શક્યા નહીં અને પાણીમાં ગોવર્ધનભાઈને શોધવા લાગ્યા.

ગોવર્ધનભાઈ પાણીમાં ગયા એનો અર્ધો કલાક થઈ ગયો. ઘણી શોધ કરી, પણ ક્યાંય દેખાતા નહોતા. જેમ જેમ સમય પસાર થતો જતો હતો, તેમ તેમ મુક્તાનંદ સ્વામીની ચિંતા અને અકળામણ વધતી જતી હતી.

મુક્તાનંદ સ્વામીની અકળામણ જોઈ વર્ણીએ સાવ અજાણ બની પૂછ્યું, “સ્વામી ! શું થયું ?”

વર્ણીનો પ્રશ્ન સાંભળી મુક્તાનંદ સ્વામીના નિર્મળ હૃદયમાં ક્રોધની લગારેક ચટકી ચડી. ભારે અકળાતા હૈયે તેઓ બોલ્યા, “શું થયું એટલે ?તમે આ ડોશીના જુવાન દીકરાને સમુદ્રમાં ધક્કો મારી વહાવી દીધો અને પાછા પૂછો છો કે શું થયું ? હવે મારે એ ડોશીને જવાબ શું દેવો ?’

સ્વામીની અકળામણભરી વાત સાંભળી વર્ણીને હસવું આવતું હતું. તેઓ માંડ માંડ હસવું રોકી બોલ્યા, “સ્વામી ! એમ થોડું કોઈ સમુદ્રમાં વયું જાય. ગોવર્ધન આટલામાં જ ક્યાંક હશે. તમે સાદ પાડો એટલે એ આવશે.”

મુક્તાનંદ સ્વામીએ વર્ણીનો ઘણો પ્રતાપ જોયો હતો. તેથી વર્ણીનાં વચનમાં

વિશ્વાસ રાખી, સમુદ્ર બાજુ મુખ રાખી તેઓએ ગોવર્ધનના નામના ઘણા સાદ કર્યા, પણ ગોવર્ધનભાઈ ક્યાંય દેખાણા નહીં.

હવે મુક્તાનંદ સ્વામીની અકળામણ વધતી જતી હતી. વર્ણીને ઠપકો આપવાથી કંઈ વળે એમ નહોતું. શું કરવું તેની કંઈ ખબર પડતી નહોતી.

મુક્તાનંદ સ્વામીની દશા જોઈ વર્ણીને દયા આવી. એમણે સ્વામીને કહ્યું, "સ્વામી ! એ જે જગ્યાએ ઊભો હતો ત્યાં જઈને તમે સાદ પાડો, એટલે ગોવર્ધન પાછો આવશે."

વર્ણીની વાત સાંભળી મુક્તાનંદ સ્વામી એ જગ્યાએ ગયા અને ગોવર્ધનના નામના સાદ પાડવા લાગ્યા. એટલામાં પાણીમાંથી માછલું છલાંગ મારે એમ ગોવર્ધનભાઈ સમુદ્રમાંથી છલાંગ મારી બહાર નીકળ્યા.

ગોવર્ધનને જોઈ મુક્તાનંદ સ્વામીનો ચહેરાનો ભાવ તરત જ બદલાઈ ગયો. ચિંતાની રેખાઓ ઊડી ગઈ અને પ્રસન્નતા લહેરાવા લાગી. તરત જ મુક્તાનંદ સ્વામી ગોવર્ધનભાઈ પાસે ગયા અને પૂછ્યું, "એલા ગોવર્ધન ! તું સમુદ્રમાંથી આવે છે, તારા વસ્ત્રો કોરાં છે અને હસતો હસતો આવે છે, તે ક્યાં ગયો હતો ?"

ગોવર્ધનભાઈ કહે, "સ્વામી ! હું સાત સમુદ્ર જોઈને આવું છું." એમ કહી ગોવર્ધનભાઈએ સાતે સમુદ્રની અલગ અલગ રચનાઓ વિસ્તારથી કહી સંભળાવી. ગોવર્ધનભાઈની વાતો સાંભળીને મુક્તાનંદ સ્વામીને ખૂબ જ આશ્ચર્ય થયું. પછી સહુ ગામમાં આવ્યા અને રોટલા જમ્યા.

ખરા સત્સંગી

એક વખત બ્રહ્માનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી સત્સંગ વિચરણ કરી મહારાજનાં દર્શને ગઢપુર પધાર્યા. મહારાજ સભામાં વિરાજમાન હતા. બન્ને સંતો મહારાજનાં દર્શન કરી સભામાં બેઠા. મહારાજ સંતોને વિચરણના સમાચાર પૂછવા લાગ્યા. મહારાજે પૂછ્યું, "સંતો ! સત્સંગ કેવોક થઈ રહ્યો છે ?"

મુક્તાનંદ સ્વામી કહે, "મહારાજ ! તમારી કૃપાથી અનેક લોકો તમારો આશરો ગ્રહણ કરી રહ્યા છે અને સત્સંગ પણ સારો થઈ રહ્યો છે."

મહારાજ કહે, "સંતો ! સત્સંગ તો ઘણો થયો, પણ ખરેખરા સત્સંગી કેટલા થયા ?" બ્રહ્માનંદ સ્વામી કહે, "મહારાજ ! ખરેખરા સત્સંગી પણ ઘણા થયા છે."

મહારાજ કહે, "સ્વામી ! તમે કેવા સત્સંગી છો ?"

મહારાજનો પ્રશ્ન સાંભળી બન્ને સંતો આશ્ચર્ય થયું. તેઓ કહે, "અરે મહારાજ ! અમે પણ તમારા ખરેખરા સત્સંગી છીએ."

મહારાજ કહે, "જો તમે ખરેખરા સત્સંગી થયા હો, તો કહો કે જ્યારે તમે વિચરણમાં હતા ત્યારે અમે ક્યાં ક્યાં ગયા હતા ? શું કરતા હતા ?"

મુક્તાનંદ સ્વામી કહે, "મહારાજ ! અમે હજુ એવા સત્સંગી તો નથી થયા."

ત્યારે મહારાજ કહે, "અમારા ખરેખરા સત્સંગી તો ગોવર્ધનભાઈ તથા પર્વતભાઈ છે. એ જેવા બીજા ઘણા ઓછા, કારણ કે તેઓ અમને ત્રણે અવસ્થામાં નિરંતર દેખે છે."

મહારાજના વચનો સાંભળી મુક્તાનંદ સ્વામી કહે, "હે મહારાજ ! ત્રણે અવસ્થામાં તમને દેખી શકાય એવા સત્સંગી કેમ થવાય ?"

મહારાજ કહે, "સંતો ! ત્રણે અવસ્થામાં અમારાં સ્વરૂપને દેખવું તે ઘણું કઠણ છે. માયાથી ઉપજેલા તમામ માયિક ભાવો ટાળી, ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી પર, પોતાને બ્રહ્મરૂપ માની અમારી મૂર્તિને અખંડ ધારી રાખે, ત્યારે એવી સ્થિતિ થાય છે. જ્યારે એવી સ્થિતિ થાય ત્યારે ગોવર્ધનભાઈ અને પર્વતભાઈ જેવા સત્સંગી થવાય."

મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ ભાવથી એ બન્ને ગૃહસ્થ ભક્તોને મનોમન વંદન કર્યા અને એવા સત્સંગી થવાના સંકલ્પો કર્યા.

હસ્તે સ્વામિનારાયણ...!

એક દિવસ મુક્તાનંદ સ્વામી વિચરણ કરતા કરતા સંતમંડળ સાથે માંગરોળ પધાર્યા. ભક્તરાજ આણંદજી સંઘેડિયાના ઘરે સંતોએ ઉતારા કર્યા. અહીં મુક્તાનંદ સ્વામી ઘણા દિવસ રોકાયા અને હરિભક્તોને કથાવાર્તાથી સુખ આપ્યું.

જ્યારે સ્વામી માંગરોળથી વિદાય લઈ રહ્યા હતા, ત્યારે આણંદજીભાઈ સંતોને વળાવવા ગામના પાદર સુધી આવ્યા. અહીં આણંદજીભાઈએ સ્વામીને કહ્યું, "સ્વામી ! ગોવર્ધનભાઈએ વેપાર ચાલુ કર્યો છે."

મુક્તાનંદ સ્વામીને આણંદજીભાઈની વાત સાંભળીને આશ્ચર્ય થયું અને પૂછ્યું, "શું વાત કરો છો ? ગોવર્ધનભાઈ અને વળી વેપાર ? અમને મનાતું નથી."

"હા સ્વામી ! ચાર હજારનો માલ લાવ્યા છે, દુકાન કરી વેપાર માંડ્યો છે. પરંતુ જે માણસો સામાન લેવા આવે તેને ઉધાર આપે અને હસ્તે સ્વામિનારાયણ... હસ્તે સ્વામિનારાયણ.. આવું નામું માંડે છે !"સ્વામી કહે, "શું વાત કરો છો આણંદજીભાઈ ? ભગતને સમજાવો તો ખરા, પછી પૈસા કોની પાસે લેવા જશે ?"

આણંદજીભાઈ કહે, "સ્વામી ! સગા-સંબંધી ખૂબ સમજાવે છે, પણ શું કરીએ ? વ્યવહારની રીત બિલકુલ સમજતા જ નથી !" સ્વામી કહે, "સારુ, હું મહારાજને વાત કરું છું. મહારાજ કંઈક રસ્તો કાઢશે !"

એમ કહી મુક્તાનંદસ્વામી માણાવદર પધાર્યા. મહારાજ પણ માણાવદરમાં મયારામ ભટ્ટના ઘરે વિરાજમાન હતા. મુક્તાનંદ સ્વામીએ મહારાજને વાત કરતા કહ્યું, "મહારાજ ! ગોવર્ધનભાઈએ વ્યાપાર માંડ્યો છે, પણ બધો વ્યવહાર બગાડી નાખ્યો છે. 'હસ્તે સ્વામિનારાયણ... હસ્તે સ્વામિનારાયણ...' એવું નામું માંડીને બધાને સામાન ઉધાર આપે છે. ચોપડામાં નામ-ઠામ કાંઈ લખતા નથી, તે નોંધ વગર કોની પાસે પૈસા માગશે ?"

મહારાજ કહે, "મુક્તાનંદ સ્વામી ! ગોવર્ધનભાઈએ વ્યવહારની બધી ચિંતા તજી દીધી અને જવાબદારી અમારા માથે નાખી છે, તો તો હવે તેની ચિંતા અમે કરીશું."

આ રીતે મહારાજે પોતાના ધ્યાની ભક્તની વ્યવહારિક ચિંતા પણ દૂર કરી.

ગોવર્ધન અને અમે એક જ છીએ !

એક વખત ગોવર્ધનભાઈ મહારાજનાં દર્શન કરવા વડતાલ પધાર્યા હતા. અનેક ભક્તો મહારાજની પૂજા કરવા વિવિધ સામગ્રીઓ લઈને આવતા હતા અને મહારાજની પૂજા કરતા હતા. ત્યાં કોઈ સત્સંગી શ્રીજી મહારાજની પૂજા કરવા માટે ચંદનનો મોટો વાટકો ભરીને લાવ્યા.

તે ભક્તે ચંદનનો વાટકો મહારાજ આગળ મૂક્યો. મહારાજે ગોવર્ધનભાઈને કહ્યું, "ગોવર્ધન ! આ ચંદનમાં પગ બોળ્ય."

મહારાજની આજ્ઞા થઈ એટલે ગોવર્ધનભાઈ તો ઊભા થયા. કોઈ પ્રકારનો વિચાર કર્યા વિના વાટકામાં પગ બોળ્યા.

ત્યાં તો સભામાં બેઠેલા કાઠી દરબારો મંડ્યા મોટેથી રાડો પાડવા, "અરે ગાંડા ગોવર્ધન ! તેં તો મહારાજની પૂજાનું ચંદન બગાડ્યું ! મહારાજ તમે પણ ખરી

લીલા કરો છો હોં ! અને આ ગાંડો ગોવર્ધન કંઈ વિચારેય કરતો નથી !''

દરબારોની વાત સાંભળી મહારાજ કહે, ''કાઠીઓ ! તમે બધા છાનામાના બેસો. આમાં તમને કાંઇ ખબર ન પડે. ગોવર્ધનને અમારી મૂર્તિ વિના બીજું સર્વે નાશવંત થઈ ગયું છે. ગોવર્ધન અને અમે એક જ છીએ.'' આમ કહી મહારાજે ફરી ગોવર્ધનભાઈને કહ્યું, ''ગોવર્ધન ! આ ઢોલિયા ઉપર બેસ.''

''ભલે મહારાજ !'' એમ કહી ગોવર્ધનભાઈ ઢોલિયા ઉપર બેઠા અને એય પાછા મહારાજ તરફ વાંસો વાળીને...!

ત્યાં તો કાઠીઓ મોટેથી માંડ્યા રાડો પાડવા. ''એ...એ...એય ગોવર્ધન ! માળા પાપના પૂળા ! આમ હામો બેસ હામો. ભણ્યું બાપના ઢોલિયે ક્યાં બેહી ગ્યો. આમ જો તો ખરો, મહારાજને આડ્ય થાય છે.''

''કાઠીઓ શાંત થાઓ, એને કાંઈ આડ્ય જ નથી. ગોવર્ધન ! હવે સૂઈ જા.'' મહારાજની વાત સાંભળી ગોવર્ધનભાઈ મહારાજના ઢોલિયા ઉપર લાંબા પગ કરીને સૂઈ ગયા.

ગોવર્ધનભાઈ સૂઈ ગયા એટલે મહારાજ સભામાં બેઠા હતા તે સૌને કહે, ''લ્યો, સર્વે ગોવર્ધનના પગ દાબો.''

મહારાજની આજ્ઞા થઈ એટલે શરમેધરમે સૌ કાઠીઓ ગોવર્ધનભાઈના પગ દાબવા લાગ્યા. સાથે સાથે મુક્તાનંદ સ્વામી પણ પગ દબાવવા માંડ્યા.

આ જોઈ સર્વે કાઠીઓ કહે, 'એ.. એ ગોવર્ધન ગાંડા ! એ હવે તો હઈદ થાય સે. આ મુક્તાનંદસ્વામી જેવા મોટા સાધુ તારા પગ દાબેસે ઈતો જો !'

કાઠીઓની વાત સાંભળી મહારાજ કહે, ''કાઠીઓ ! આ ભક્તની સ્થિતિને સમજો, એને ક્યાં કાંઈ ખબર છે ? એ તો એક અમારી મૂર્તિને જ દેખે છે, મૂર્તિ વિના એને બીજું કંઈ જ ભાસતું નથી !''

આમ મહારાજની મૂર્તિમાં મગ્ન રહેનાર ભક્તરાજ હતા ગોવર્ધનભાઈ.

સાકર અને મીઠું બેઉ સરખા !

મહારાજ અને ગોવર્ધનભાઈની આ લીલામાં કાઠી દરબારોને કઈ ગતાગમ પડતી નહોતી. તેઓને તો ગોવર્ધનભાઈ ગાંડા લાગતા હતા અને ભારે અવગુણ આવી રહ્યો હતો.

મહારાજે વિચાર્યું કે, આ કાઠીઓને ગોવર્ધનની સાચી સ્થિતિના દર્શન

કરાવવા પડશે. એવા વિચાર સાથે સભામાં ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને મહારાજ કહે, "અમારા આ ગોવર્ધનને તો સાકર અને મીઠું બેય સરખા !"

મહારાજની વાત સાંભળી સૌ કાઠીઓ એક બીજા સામું જોઈ રહ્યા અને માંડ્યાં વાતો કરવા, "ભણ્યુ આપા ! કાંય સાકર અને મીઠું સરખું થતું હઈશે. એ... આપા ! ઈતો વાતું થાય. આ ઘડીએ ખવડાવીએ તો ખબર પડે."

ત્યાં બીજા કાઠી બોલ્યા, "તૈ શું, મીઠું ખાવું એ શું આ વાણિયાભાઈનું ગજું સે."

મહારાજ અંતર્યામીપણે બધાનો સંશય જાણીને બોલ્યા, "ભક્તો ! વડાગરું મીઠું અને સાકર મંગાવો. અમારે તમને સાચા ભક્તનો પરિચય કરાવવો છે."

મહારાજે એક થાળીમાં સાકર અને બીજી થાળીમાં વડાગરું મીંઠુ મંગાવ્યું. બન્ને થાળીઓ ગોવર્ધનભાઈ પાસે મૂકી.

મહારાજ કહે, "ગોવર્ધન ! આ સાકર અને મીઠું ખાઓ."

"ભલે મહારાજ ! જેવી આપની આજ્ઞા." એમ કહી ગોવર્ધનભાઈ પ્રતિલોમ વૃત્તિ કરી, થાળીમાંથી એક મૂઠ્ઠી સાકર ને એક મુઠ્ઠી મીઠું ખાવા લાગ્યા.

ભક્તો વિચાર કરવા લાગ્યા કે કેટલુંક ખવાશે, બહુ બહુ તો બબ્બે મૂઠ્ઠી ખવાશે.

ત્યાં તો ગોવર્ધનભાઈ થાળીમાં રહેલું બધું મીઠું ને સાકર ખાઈ ગયા, છતાં મોંઢા ઉપરની એક પણ રેખા બદલી નથી.

પછી મહારાજ બોલ્યા, "જૂઓ ભક્તો ! આ ગોવર્ધનને સાકર અને મીઠું બન્ને તૂલ્ય થઈ ગયાં છે ને ?"

બધા ભક્તો ગોવર્ધનભાઈની આવી અલૌકિક સ્થિતિ જોઈને આશ્ચર્ય પામ્યા અને સહુને ગોવર્ધનભાઈનો ખરેખરો મહિમા સમજાણો.

દુર્વાસા ઋષિ જેવું અસંગીપણું

એક વખત પ્રાતઃકાળે વડતાલમાં ગોમતીજીને કાંઠે મહારાજ સભા કરીને બિરાજમાન હતા.

એ વખતે વહેલી સવારે ખંભાતના એક હરિભક્ત સુતરફેણીની માટલી લાવ્યા. મહારાજ પાસે મૂકી અને કહ્યું, "મહારાજ ! આ સુતરફેણી જમો."

મહારાજે સુતરફેણીની માટલી સામું જોયું અને બોલ્યા, "સુતરફેણી ખૂબ

સરસ છે. આજ તો અમને આ ગોવર્ધન જમાડે, તો એને હાથે જમીએ.''

એ સમયે ગોવર્ધનભાઇ ન્હાવા જતા હતા. એક હાથમાં દાતણ અને બીજા હાથમાં પાણીનો લોટો હતો. મહારાજની દૃષ્ટિ ગોવર્ધનભાઈ ઉપર પડી. મહારાજે ગોવર્ધનભાઈને કહ્યું, ''ગોવર્ધન ! અહીં આવો. આ સુતરફેણી અમને જમાડો.''

ત્યાં કોઈ બોલ્યું, ''પણ મહારાજ ! ગોવર્ધનભાઈ તો હજુ દાતણ કરે છે, ન્હવાનું પણ બાકી છે. તો આપ જમો.''

મહારાજ કહે, ''ના અમારે તો આજે ગોવર્ધનના હાથનું જ જમવું છે.''

''એ ગોવર્ધન..!''

''જી મહારાજ !'' દાતણ કરતા કરતા ગોવર્ધનભાઈ બોલ્યા.

''અમને આ સુતરફેણી જમાડો !''

''ભલે મહારાજ !'' એમ કહી ગોવર્ધનભાઈ કોગળા કરી હાથ-મોઢું ધોઈ મહારાજ પાસે આવી, માટલીમાંથી સુતરફેણી થાળીમાં કાઢી અને જમવા મંડ્યા. હરિભક્તો વિચારે કે ગોવર્ધનભાઈને છે જરાય વિવેક ! મહારાજને જમાડવાને બદલે પોતે થાળી ભરી સુતરફેણી જમે છે.

ગોવર્ધનભાઈ થાળી ખાલી થાય એટલે પૂછે, ''મહારાજ ! હજુ સુતરફેણી જમશો ?''

મહારાજ કહે, ''હા ગોવર્ધન ! હજુ થોડી સુતરફેણી જમીશું.''

મહારાજ એમ કહે એટલે ગોવર્ધનભાઇ માટલીમાંથી સુતરફેણી કાઢે અને પોતે જમવા માંડે. આમને આમ ગોવર્ધનભાઇ દશ શેર સુતરફેણી જમી ગયા. ''હવે રાખો રાખો, અમે ધરાઈ ગયા ગોવર્ધન ! હવે થોડી સુતરફેણી તમે ખાઓ.'' મહારાજે કહ્યું

ગોવર્ધનભાઇ કહે, ''અરે મહારાજ ! મેં તો હજુ દાતણેય કર્યું નથી. દાતણ ને સ્નાન કરી પૂજાપાઠ કરીશ. ત્યાર પછી જમીશ !''

ભક્ત અને ભક્તવત્સલનો પ્રેમ તથા એકતાનો તાગ માપી શકતો નથી.

ત્યાં બ્રહ્મચારીએ આવીને મહારાજને કહ્યું, ''મહારાજ ! થાળ તૈયાર છે, જમવા પધારો.''

મહારાજ કહે, ''બ્રહ્મચારી ! આજ તો ગોવર્ધને અમને સુતરફેણી ખૂબ જમાડી છે, હવે ભૂખ નથી. અને હા... એમ કરો, આ ગોવર્ધનને તમારે ચોકે લઈ

જઈ અમારો થાળ જમાડી દેજો.''

ગોવર્ધનભાઈ નાહીધોઈ પૂજા-પાઠ કરી બ્રહ્મચારીને ચોકે ખૂબ જમ્યા.

આ છે ભક્ત અને ભગવાન સાથેની એકતા. જેમ દુર્વાસા ઋષિ બધી ગોપીઓનાં થાળ શ્રીકૃષ્ણ પ્રભુની સાથે એકાત્મભાવથી જમી ગયા હતા, તેમ અહીં બુદ્ધિની સમજમાં ન આવી શકે એવી અલૌકિક સ્થિતિ ગોવર્ધનભાઈની હતી.

સેવામાં શેષનારાયણ

એક વખત ગોવર્ધનભાઈ જન્માષ્ટમીનો સમૈયો કરવા માંગરોળથી ગઢડા જવા નીકળ્યા. માર્ગમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો હતો. ચારે બાજુ જળ-બંબાકાર. નદી-નાળા, વોંકળાં બે કાંઠે વહે. આવા સમયે ઉઘાડે પગે કાંટા, કાંકરા અને ગારો ખૂંદતા ગોવર્ધનભાઈ એક મોટી નદીને આરે આવી પહોંચ્યા.

સાંજનો સમય થઈ ગયો હતો. વાદળઘેરા વાતાવરણને લીધે અંધારું સારું જામ્યું હતું. નદીમાં ખૂબ પૂર આવેલું હતું. આગળ જવાનો રસ્તો ક્યાંય દેખાતો નહોતો. ઉપર આકાશ અને નીચે જળબંબાકાર ધરતી સિવાય કંઈ નજરે પડતું નહોતું.

ગોવર્ધનભાઈ આખો દિવસ ચાલી ચાલીને ખૂબ થાકી ગયા હતા. આખો દિવસ વરસાદમાં પલળવાથી શરીર જકડાઈ ગયું હતું. આગળ જવાનું શક્ય નહોતું એટલે રાત્રિ રોકાણ અહીં જ કરવું પડે એમ હતું. થોડે દૂર એક બાવળ દેખાણો એટલે ગોવર્ધનભાઈએ વિચાર કર્યો, 'વરસાદ ચાલુ છે, અત્યારે આગળ જવાય એવું લાગતું નથી. માટે આ બાવળ નીચે રાત્રિ વિતાવી સવારે આગળ ચાલીશ.'

બાવળ નીચે જઈ એક પથ્થરનું ઓશીકું ગોઠવી ગોવર્ધનભાઈ લાંબા થઈ સૂતા. આકાશમાંથી વરસાદ પડવાનો ચાલુ હતો, પણ આખા દિવસના ખૂબ થાકને લીધે ગોવર્ધનભાઈને તરત નિંદર આવી ગઈ.

આ બાજુ ભક્તવત્સલ શ્રીહરિને પોતાના ભક્તની ચિંતા થઈ. મહારાજે શેષનારાયણને રક્ષામાં મોકલ્યા. મહારાજની ઈચ્છાથી શેષનારાયણ આવ્યા. તેઓ ગોવર્ધનભાઈનાં શરીર ઉપર ફેણનું છત્ર બનાવી આખી રાત્રિ ઊભા રહ્યા. ગોવર્ધનભાઈ ઉપર પાણીનું એક બિંદુ પણ પડવા દીધું નહીં. સવાર થતાં પોતાની ફેણ સંકેલી ગોવર્ધનભાઈને નમસ્કાર કરી શેષનારાયણ જતા રહ્યા.

ગોવર્ધનભાઈ સ્નાન, પૂજા-પાઠ કરી ચાલતા થયા. ગઢપુર આવી મહારાજને દંડવત્પ્રણામ કરી પગે લાગ્યા એટલે મહારાજે કહ્યું, “કેમ ગોવર્ધનભાઈ ! વરસાદે બહુ હેરાન કર્યા કાં ! નદીમાં બહુ પુર આવેલું ?”

“હા મહારાજ ! પછી રાત્રિ રસ્તામાં જ વીતાવી. વરસાદ બહુ હતો પણ...”

“પણ તમારી રક્ષા શેષનારાયણે કરી એમ જ ને ?”

“હા મહારાજ ! વરસાદ વરસાવનારાય તમે ને અમારી રક્ષા કાજે શેષનારાયણને મોકલનારાય તમે...!”

ત્રિકમ માળીને સમાધિ

ભગવાન શ્રી સ્વામિનારાયણના ભજનના પ્રતાપથી ગોવર્ધનભાઈ સમાધિનિષ્ઠ થયા હતા. તેઓ ત્રણેય અવસ્થામાં ભગવાનની મૂર્તિનાં પ્રત્યક્ષ દર્શન કરી શકતા, ધારે તેટલી વાર સમાધિમાં રહી શકતા અને શ્રીજીમહારાજની આજ્ઞાથી બીજાને પણ સમાધિ કરાવી શકતા.

એક દિવસની વાત છે. કોઈ ઉત્સવ પ્રસંગે માંગરોળ ગામના સર્વ સત્સંગીઓને ગોવર્ધનભાઈએ પોતાનાં ઘરે ધૂન-કીર્તન કરવા માટે એકત્રિત કર્યા હતા. સહુ ધૂન-ભજન-કથાવાર્તા કરી રહ્યા હતા. એમાં પ્રસંગોપાત સમાધિની વાત નીકળી; એટલે કોઈએ ગોવર્ધનભાઈને કહ્યું, “ગોવર્ધનભાઈ ! મહારાજની કૃપાથી તમે બીજાને સમાધિ કરાવી શકો છો; તો અત્યારે આ સભામાંથી કોઈકને સમાધિ કરાવો, તો અમને બધાને ખબર તો પડે કે સમાધિ કેમ થાય !”

સર્વ ભક્તજનો આગ્રહ કરવા લાગ્યા એટલે એક ત્રિકમ નામના માળી સારા સત્સંગી હતા, ગોવર્ધનભાઈએ તેમને સમાધિ કરાવી અને મોકલ્યા સીધા શ્રીજીમહારાજનાં દર્શન કરવા.

એ વખતે શ્રીજી મહારાજ ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં સભા કરીને બિરાજમાન હતા. આગળ પરમહંસો તથા હરિભક્તોની સભા ભરાઈને બઠી હતી. સંતો-ભક્તો ચાતકની જેમ મહારાજની સામે જોઈ રહયા હતા. શ્રીજી મહારાજ ઢોલિયા ઉપર ઉગમણી બાજુ મુખ કરીને વિરાજમાન હતા. અંગે સર્વ જરિયાની વસ્ત્રો પહેર્યાં હતાં. એક બાજુ મશાલ પ્રગટાવવા સારું વાળંદ મશાલ સમી કરી રહ્યો હતો... આ રીતે ત્રિકમ માળીએ સમાધિમાં શ્રીજી મહારાજનાં દર્શન કર્યાં.

આ બાજુ ગોવર્ધનભાઈએ સહુને દૂરના ઓરડામાં લઈ જઈને દાદાખાચરના

દરબારનું આ તમામ વર્ણન કરી બતાવ્યું અને કહ્યું, “ત્રિકમ માળી સમાધિમાંથી જાગે, ત્યારે તમે તેને પૂછી જોજો કે તે સમાધિમાં શું જોયું ?”

ત્રિકમ માળી સમાધિમાંથી જાગ્યો એટલે સહુએ પૂછ્યું, “તું સમાધિમાં ગયો ત્યારે મહારાજ કઈ બાજુ બેઠા હતા અને કેવાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં ? સભાની આસપાસ શું થતું હતું ? તે બધી વાત કર.”

ત્રિકમ માળીએ જે પ્રમાણે ગોવર્ધનભાઈએ પ્રથમથી વાત કહી હતી તે પ્રમાણે કહ્યું, તે સાંભળીને બધા સત્સંગીઓ બહુ આશ્ચર્ય પામ્યા.

સોની મહાજનને સમાધિ

માંગરોળની નજીકમાં એક શીલ નામનું ગામ આવેલું છે. ગોવર્ધનભાઈના સમાગમથી આ ગામના સોનીનો એક છોકરો સત્સંગી થયો હતો. ગોવર્ધનભાઈ તેમને વાતો કરવા શીલ વારંવાર આવતા.

એક દિવસની વાત છે. ગોવર્ધનભાઈ સોનીના છોકરાને વાતો કરવા તેમના ઘરે આવેલા. ગોવર્ધનભાઈ ઓસરીમાં બેઠેલા અને સોનીનો છોકરો સામે બેઠો હતો. ગોવર્ધનભાઈ છોકરાને મહારાજના મહિમાની વાતો કરતા હતા ત્યાં તેના પિતા આવ્યા, તે પણ ગોવર્ધનભાઈની વાતો સાંભળવા બેસી ગયા.

ગોવર્ધનભાઈના મુખેથી ઉપદેશ ને ધર્મ-નિયમની કેટલીક સારી વાતો સાંભળીને છોકરાના પિતાને સત્સંગનો ગુણ આવ્યો. તેમણે કહ્યું, “મેં સાંભળ્યું છે કે તમને સમાધિ થાય છે અને તમે બીજા માણસોને પણ સમાધિ કરાવો છો. તો મારા આ દીકરાને સમાધિ કરાવી ભગવાનનાં દર્શન ન કરાવો ?”

સોનીની વાત સાંભળી ગોવર્ધનભાઈએ તે છોકરાને સમાધિ કરાવી. તે છોકરાને સમાધિમાં શ્રીજી મહારાજ પાસે ગઢડા મોકલ્યો. એ સમયે મહારાજ હિંડોળે હીંચકતા હતા. થોડી વાર થઈ ત્યાં મૂળજી બ્રહ્મચારીએ આવીને કહ્યું કે, “મહારાજ ! જમવા પધારો, થાળ તૈયાર છે.”

બ્રહ્મચારીની વાત સાંભળી મહારાજ વાસુદેવનારાયણને ઓરડે જમવા પધાર્યા. બ્રહ્મચારીએ મહારાજને બાજોઠ ઉપર બિરાજમાન કર્યા. મહારાજ થાળમાં પૂરી, શાક, દાળ, ભાત, પાપડ વગેરે જમે છે. મહારાજ જમે છે અને એ છોકરો મહારાજનાં દર્શન કરે છે. છોકરો દર્શન કરતો હતો ત્યારે મહારાજે તેને પૂછ્યું, “કેમ સોની મહાજન ! તારે જમવું છે ?”

ત્યારે છોકરો કહે, ''ના મહારાજ ! હું તો જમીને આવ્યો છું.''

આ બાજુ ગોવર્ધનભાઈએ જે છોકરાને સમાધિ કરાવી છે, તેની મા પાણી ભરવા ગયેલી. પાણી ભરીને તે ઘરે આવી તો પોતાનો છોકરો ચત્તોપાટ પડેલો. આ દૃશ્ય જોઈ છોકરાની મા એકદમ ગભરાઈ અને માંડી મોટેથી રાડો પાડવા, 'અરે ! મારા છોકરાને આ શું થઈ ગયું ? કોઈ જૂવો તો ખરા !' એમ બોલતી બોલતી રડવા લાગી.

ગોવર્ધનભાઈ કહે : ''બાઈ ! તમે જરા પણ ગભરાશો નહિ, તમારા દીકરાને સમાધિ કરાવી છે. અત્યારે તે ગઢડા ગયો છે. ત્યાં મહારાજ જમે છે તેનાં દર્શન કરે છે. મહારાજે તેને જમવાનું પૂછ્યું પણ તેણે ના પાડી. હું તમારા દીકરાને જગાડું ત્યારે તમે એને આ બધી વાત પૂછીને ખાતરી કરજો.''

પછી ગોવર્ધનભાઈએ છોકરાને સમાધિમાંથી જગાડ્યો, ત્યારે તેના બાપે પૂછ્યું, ''તેં સમાધિમાં જે જે જોયું હોય, તે સર્વ વાત કહી સંભળાવ.''

પછી છોકરાએ ગઢડામાં જે જે જોયું હતું તથા મહારાજે જમવાનું પૂછ્યું હતું, તે સર્વ વાત કહી સંભળાવી. તે સાંભળીને તેનાં માતા-પિતા વગેરે સૌ સંબંધીઓ અતિશય રાજી થયા.

આમ ગોવર્ધનભાઈ સત્સંગમાં બ્રાહ્મી સ્થિતિને પામ્યા હતા. તેમને સંસાર-વ્યવહારમાં કોઈપણ પ્રકારનો રસ નહોતો. સંસારની અનેક ઉપાધિઓ વચ્ચે પણ તેઓ છતે દેહે અક્ષરપદને પામી ગયા હતા !

૫ આણંદજી સંઘેડિયા (માંગરોળ)

પરિશ્રમ વિના ધ્યેયને પમાતું નથી. સાધના વગર સિદ્ધિ મળતી નથી. તપ્યા વગર ચળકાતું નથી. સત્તા, સંપત્તિ કે સિદ્ધિ મેળવવા માટે સહન કરવું પડે, તપવું પડે, પરિશ્રમ કરવો પડે.

બીજાની મહાનતાનાં દર્શન કરી એ મેળવવાની ઝંખના જાગે છે, પણ એ મેળવવા માટેની સાધના કરવામાં મનને કઠણાઈ પડે.

સમુદ્રનો તાગ મેળવવા મરજીવા થવું પડે. સમુદ્રતટ પર રેતીમાં આંટા મારનારને રેતી, શંખલા, છીપલા કે કોડી જ પ્રાપ્ત થાય. મોતી તો એને મળે જે મઝધારમાં જવાનું સાહસ કરે.

ભગવાનને મેળવવાનો માર્ગ મરજીવા જેવો છે. જેટલો સરળ છે એ માર્ગ, એટલો જ કઠણ પણ છે. ખરી શ્રદ્ધા, નગદ નિષ્ઠા અને ભભકતી ભક્તિ વિના પરમાત્માને પમાતા નથી.

એવી જ શ્રદ્ધા, નિષ્ઠા અને ભક્તિથી ભરેલા ભક્ત હતા માંગરોળના આણંદજી સંઘેડિયા.

ભક્તિનિષ્ઠ ભક્ત

આણંદજીભાઈ રામાનંદ સ્વામીના અનન્ય શિષ્ય હતા. મુક્તાનંદ સ્વામી, પર્વતભાઈ, આણંદજીભાઈ, મયારામ ભટ્ટ, લાલજી સુથાર વગેરેએ નક્કી કરેલ કે, રામાનંદ સ્વામી સિવાય બીજા કોઈને ભગવાન માનવા નહીં.

સમય જતાં મુક્તાનંદ સ્વામીને રામાનંદ સ્વામીએ દર્શન આપી સર્વોપરી મહારાજનો નિશ્ચય કરાવ્યો. મુક્તાનંદ સ્વામી હવે મન-કર્મ-વચને સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહી સત્સંગની સેવા કરવા લાગ્યા. મહારાજને સર્વોપરી ભગવાન માની તેમનું ભજન કરવા લાગ્યા.

એક દિવસ મહારાજ માંગરોળમાં વિરાજમાન હતા. પોતાના નખ વધી ગયા હતા એટલે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, "સ્વામી ! જૂવો તો, અમારા નખ બહુ વધી ગયા છે. તમને નખ લેવાનું સારું ફાવે છે, તો અમારા નખ લઈ દો."

મહારાજની વાત સાંભળી મુક્તાનંદ સ્વામીને આનંદ થયો. સ્વામી તો ભારે અહોભાવથી મહારાજના નખ લેવા માંડ્યા. મુક્તાનંદ સ્વામીને આટલા અહોભાવથી મહારાજના નખ લેતા જોઈ આણંદજીભાઈને થયું, 'મુક્તાનંદ સ્વામી આજ તો રામાનંદ સ્વામી કરતાં પણ વધારે હેતથી આ સહજાનંદ સ્વામીના નખ લે છે, તે તેમનો નિશ્ચય ફર્યો કે શું ?'

આણંદજીભાઈ આમ વિચાર કરતા હતા ત્યાં મુક્તાનંદ સ્વામીએ મહારાજ પાસે લોજ જવાની રજા માગી. મહારાજની રજા લઈ મુક્તાનંદ સ્વામી લોજ જવા નીકળ્યા. સાથે સાથે આણંદજીભાઈ પણ ચાલ્યા. રસ્તામાં સ્વામીને ઊભા રાખી આણંદજીભાઈએ પૂછ્યું, "સ્વામી ! આજ તો મને મનમાં સંકલ્પ-વિકલ્પો ખૂબ થાય છે."

સ્વામી કહે, "કેમ આણંદજીભાઈ ! શું થયું ?"

"સ્વામી ! આજે મેં તમને આ સહજાનંદ સ્વામીની અહોભાવથી સેવા કરતા જોયા એટલે મને એમ લાગે છે કે, રામાનંદ સ્વામીમાંથી તમારી નિષ્ઠા ડગી કે શું ?"

સ્વામી કહે, "આણંદજી ! એવું નથી. આ સહજાનંદ સ્વામી છે એ જ સર્વોપરી ભગવાન છે. રામાનંદ સ્વામી જેવા કેટલાય મુક્તો તેમની સેવામાં હાજરાહજૂર રહે છે, એ મેં મારી નજરે જોયું છે. માટે ભગવાન તો આ સહજાનંદ સ્વામી એક જ છે. તું પણ આવો નિશ્ચય કરી એમનું ભજન કરવા માંડ."

"પણ સ્વામી....! એમાં મારું કલ્યાણ બગડે તો ?"

સ્વામી કહે, "તો....એ પાપ મારા માથે, જા."

મુક્તાનંદ સ્વામીની આવી રણકાભરી વાત સાંભળી આણંદજીભાઈ પણ મહારાજના મહાત્મ્યના મહાસાગરમાં મહાલવા લાગ્યા. 'સ્વામિનારાયણ' મહામંત્રનું ભજન કરવા લાગ્યા. આ રીતે સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક ભક્તિનિષ્ઠ ભક્તરત્નનો ઉદય થયો.

અતિ નિર્માનીપણું

આણંદજીભાઈ અતિ નિર્માની ભક્ત હતા.

એક દિવસ મહારાજ આણંદજીભાઈના સંઘેડે આવ્યા. મહારાજ આજુબાજુમાં બધું નિરિક્ષણ કરવા લાગ્યા. નિરિક્ષણ કરતા કરતા મહારાજે આણંદજીભાઈને પૂછ્યું, "આ શું છે ?"

આણંદજીભાઈ કહે, "મહારાજ ! એને ટાચકા કહેવાય, એ નાનાં છોકરાનાં પારણે લટકાવવા કે ઝુંમરમાં લટકાવવા કામ આવે."

મહારાજે ભક્તની પરીક્ષા લેવાની ચાલુ કરી. મહારાજ કહે, "આણંદજીભાઈ ! અમારી એક આજ્ઞા છે, પાળશો ?"

"પ્રભુ ! આજ્ઞા કરો, જરૂર પાળીશ."

"પણ જો જો હોં, લોકલાજ નડે તેવી છે."

"અરે પ્રભુ ! લોકલાજ મેલી તમ કારણે, હવે શેની આડ પ્રભુ !"

"તો જૂવો, આ તમારી દુકાનમાં ટાચકા છે, તેની પગની ઘૂંટી સુધી લાંબી માળા બનાવી પહેરો."

"ભલે પ્રભુ, એમાં શું ?"

"એટલું જ નહીં આણંદજીભાઈ ! આ માળા ડોકમાં નાંખી આખા માંગરોળમાં ફરી આવો."

"પણ મહારાજ ! કોઈ મને આવું કરવાનું કારણ પૂછશે, તો શું કહેવું એ તો કહો !"

"તમારે કહેવાનું કે, "અમારા ગુરુની આજ્ઞા છે."

"સારું પ્રભુ." એમ કહી ટાચકાની વિચિત્ર લાગતી માળા પહેરી ભગવાનનાં વચને નીકળી પડ્યા અને શહેરમાં તથા દરબારગઢમાં ફરી આવ્યા.

પાછા આવી મહારાજને દંડવત કરવા લાગ્યા. મહારાજે ઊભા થઈ ભેટીને

પ્રસન્નતા વરસાવતા કહ્યું, “વાહ આણંદજીભાઈ વાહ. તમે ખરા ભક્ત છો. બીજાથી આમ થાય નહિ, જરૂર લોકલાજ આડી આવે. ધન્ય છે તમારા નિર્માનીપણાને.”

સત્સંગનો ખરો ખપ

આણંદજીભાઈ સત્સંગનાં ખરા પ્યાસી હતા. મહારાજ માંગરોળ પધારે, ત્યારે આખી રાત્રિ સત્સંગ ચાલે. સત્સંગમાં આણંદજીભાઈ આખી રાત્રિ જાગે અને વાતો સાંભળે. રાત્રિનું જાગરણ થયું હોય એટલે દિવસે સૂઈ રહે.

એક દિવસ મહારાજ આણંદજીભાઈને ઘરે પધાર્યા અને એમના પત્નીને પૂછ્યું, “રાજબાઈ ! આણંદજીભાઈ ઘરે છે ?”

“અરે મહારાજ ! એ તો એ સૂતા... આખી રાત તમારી વાતો સાંભળે છે ને દિવસ આખો કામ-કાજ છોડી સૂતા રહે છે. એને કંઈક સમજાવો તો સારું. કાંઈ ધંધો કરતા નથી, તે છોકરાં શું ખાશે ?”

“એમ વાત છે ? તો પછી આજે સાંજે સત્સંગમાં આવવા દ્યો.” એમ કહી મહારાજ ઉતારે પધાર્યા.

રાત્રિએ આણંદજીભાઈ વાતો સાંભળવા બેઠા. મહારાજ કહે, “એય આણંદજી ! ઉપાડ તારું આસન અહીંથી ને ઘરે જઈ સૂઈ જા.”

“પણ બાપ, મારો કંઈ ગુનો ? કંઈ ભૂલ-ચૂક હોય તો કહો.”

“તારો ગુનો એ કે આખો દિવસ કામકાજ કર્યા વગર સૂતો રહે છે. કામકાજ વગર તો તમારા છોકરાં ભૂખે મરે ને ? માટે જાવ સત્સંગ નથી કરવો, સૂઈ જાવ ને દિવસના કામ-કાજ કરો.” “અરે બાપ ! સત્સંગ તો મારો ખોરાક છે. ખોરાક વગર તો કેમ જીવાશે !”

“તો સાંભળો, રાત્રિ વાતો સાંભળો, પણ દિવસે સૂવું નહીં અને કામ કરવું. આ શરત મંજૂર હોય, તો જ વાતો સાંભળવા બેસો.”

“સારું મહારાજ ! આપ જેમ કહો તેમ કરીશ.”

રાત્રિ આખી કથા સાંભળી, બીજા દિવસે સૂતા નહીં ને ફરી રાત્રે વાતો સાંભળવા બેઠા. થોડીવાર થઈ ત્યાં ઝોલાં આવવા માંડ્યા.

મહારાજ કહે, “આણંદજીભાઈ ! ઝોલાં આવે છે ?”

“હા મહારાજ ! આખો દિવસ સૂતો નથી તો જરા આવી ગયું હશે, માફ કરજો.”

"વાતો સાંભળવી અને ઝોલાં ખાવા એ બેઉ કેમ ચાલે ? માટે ઊભા થાઓ, ખીંતીએ ચોટલી બાંધો અને ઊભા ઊભા માળા ફેરવો."

"જેવી આજ્ઞા પ્રભુ," એમ કહી તુરત જ મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તી માળા ફેરવવા લાગ્યા.

થોડી વાર થઇ ત્યાં ઊભા ઊભા આણંદજીભાઇ ઝોલાં ખાવા લાગ્યા.

મહારાજ કહે, "ભક્તો ! એની ઊંઘ એમ નહીં ઊડે, ટાઢા પાણીના માટલા લાવી એની માથે રેડો. "

કોઇએ કહ્યું, 'અરે પ્રભુ ! શિયાળાની ઠંડી છે, બિચારા થીજી જાહે.'

"ભલે થીજે, અમારે તો આણંદજીભાઈની નિંદ્રા જડમૂળથી કાઢવી છે, માટે જલ્દી ઠંડાં પાણીના ઘડા મંગાવો."

ભક્તો મહારાજની આજ્ઞાથી ઠંડાં પાણીના ઘડા લાવ્યા અને આણંદજીભાઈ ઉપર રેડ્યા.

આણંદજીભાઈ તો ધ્રૂજતા ધ્રૂજતા 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ભજન કરવા લાગ્યા. જરા પણ અકળાયા કે શરમાયા વગર ભીને કપડે આખી રાત મહારાજની વાતો સાંભળી.

સવારે મહારાજ ખૂબ રાજી થયા ને કહ્યું, "ખરા સત્સંગના ખપવાળા તો આ આણંદજીભાઈ છે."

પ્રારબ્ધ બદલ્યું

આણંદજીભાઈનો વ્યવહાર નબળો હતો, એથી એમણે મુંબઈ જઈ કંઈક ધંધો કરવાનું વિચાર્યું. મુંબઇ જવાનું નક્કી કરી તેઓ મહારાજનાં દર્શને આવ્યા.

આણંદજીભાઇ મહારાજનાં દર્શન કરી સભામાં બેઠા ત્યાં અંતર્યામી પ્રભુ બોલ્યા, "આણંદજી ! ક્યાં જવું છે ?"

આણંદજીભાઇ કહે, "મહારાજ ! વ્યવહાર થોડો નબળો છે, માટે કંઈક ધંધો કરવાનું વિચાર્યું છે. ઘણા લોકો કમાવા મુંબઈ જાય છે અને ઘણું કમાઈને આવે છે, તે મને થયું કે હું પણ જાઉં."

મહારાજ કહે, "આણંદજીભાઈ ! કાલે અમે નાહીને ચાલ્યા આવતા હતા, ત્યાં એક સફેદ કપડાં અને પગમાં નવા પગરખાં પહેરેલ એક પુરુષ સામે મળ્યો. એણે બે હાથ જોડી અમને નમસ્કાર કર્યા અને કહ્યું, 'મહારાજ ! સારા આશીર્વાદ

આપો કે મારું કાર્ય સિદ્ધ થાય.'

અમે એમને પૂછ્યું, “તમે કોણ છો અને ક્યાં જાઓ છે ?”

તેણે કહ્યું, “હું આણંદજી સંઘેડિયાનું પ્રારબ્ધ છું અને મુંબઈ જાવ છું.”

અમોએ કહ્યું, “પણ તું શા માટે મુંબઈ જાય છે ?”

તેણે કહ્યું, “આણંદજીભાઈ માટે મુંબઈમાં ખોરી જુવાર તૈયાર કરવા જાઉં છું. મુંબઈમાં તો એ ન મળે ને ?”

“તો બોલો, ત્યાં જઈ શું કરશો આણંદજીભાઈ ? તમારું પ્રારબ્ધ તમારી પહેલા મુંબઈ પહોંચી ગયું છે. અહીં પણ તમે જુવાર જમો છે અને ત્યાં પણ તમારે જુવાર જ જમવી પડશે ! તો હવે તમારે શું કરવું છે ?”

તેજીને ટકોરો બસ ! આણંદજીભાઈ મહારાજનાં ચરણોમાં બેસી ગયા અને બોલ્યા, “મહારાજ ! તમે કહો તેમ કરું. હવે મારે ક્યાંય જવું નથી. ત્યાં જઈનેય છાશ ને રોટલો જ મળવાનો હોય, તો અહીં શું ખોટું છે. અહીં તમારાં દર્શન તો મળશે !”

મહારાજે કહ્યું, “આણંદજીભાઈ ! અહીં જ રહો, ક્યાંય જવું નથી. તમારો નિર્વાહ હવે અહીં સુખેથી ચાલશે.”

આમ મહારાજની આજ્ઞા થતા આણંદજીભાઈ માંગરોળમાં જ રહ્યા.

શાસ્ત્રો કહે છે કે ભગવાન કે ભગવાનના એકાંતિક સંતની કૃપા વરસે, તો ગમે તેવું કઠણ પ્રારબ્ધ હોય તે પણ બદલાઈ જાય છે.

આણંદજીભાઈ ઉપર સાક્ષાત્ અનંતકાટિ બ્રહ્માંડના અધિપતિ એવા ભગવાન સ્વામિનારાયણની અસીમ કૃપા હતી, તો પછી પ્રારબ્ધની શી તાકાત !

આણંદજીભાઈનું પ્રારબ્ધ નબળું હતું. એમનું પ્રારબ્ધ સારું કરવા મહારાજે એમની આકરી કસોટી કરી.

એક દિવસ રાત્રિનો સત્સંગ ચાલતો હતો. મહારાજ કથા કરી રહ્યા હતા. ઘણા ભક્તો કથા સાંભળતા હતા. આણંદજીભાઈ પણ સભામાં બેઠા હતા. કથાને રોકી મહારાજે આણંદજીભાઈ સામે જોયું અને બોલ્યા, “આણંદજી ! આજથી તારી ઘરવાળીને મેલ્ય કાં અમને મેલ્ય.”

અચાનક આવેલા આવા આકરાં વચનને સાંભળી આણંદજીભાઈને થોડીવાર શું કહેવું એની ગમ ન પડી. પછી બે હાથ જોડી કહે, “મહારાજ ! ઘરવાળીનો

ત્યાગ કરું તો રોટલા કોણ ઘડી આપે ? અને પ્રભુ તમારો ત્યાગ કરું તો કલ્યાણ કોણ કરે ?''

આ વાત સાંભળી મહારાજ ઊભા થઈ ગયા ને કહ્યું, ''જોયું ભક્તો ! આ આણંદજી અમારું માનતો નથી. હવે અમે અહીં નહીં રહીએ.''

''નહીં નહીં મહારાજ ! આવું ન કરો. અમને છોડી તમે ન જાઓ.'' રડતાં રડતાં આણંદજીભાઈ મહારાજના પગમાં પડી ગયા અને કાલાવાલા કરવા લાગ્યા.

મહારાજ પોતાનો પગ છોડાવી જતા જતા સભામાં બેઠેલા હરિભક્તોને કહ્યું, ''ભક્તો ! આજ પછી આ આણંદજીને મંદિરમાં પેસવા દેવા નહીં. અને જો મંદિરમાં આવે તો 'હડ્ય કૂતરી, હડ્ય કૂતરી' એમ કહી તિરસ્કાર કરજો. આ અમારી આજ્ઞા છે.'' એમ કહી મહારાજ માંગરોળ છોડી જતા રહ્યા.

આવા ટાણે ભગવાનને પણ ઠપકો આપવાનું મન થાય કે આવા નિર્માની ને આજ્ઞાપાલક ભક્તની આવી આકરી કસોટી ? પણ એ તો આપણી પામર બુદ્ધિના પામર વિચારો છે, ભક્તનો મહિમા અને ભક્તિથી યુક્ત બુદ્ધિ નહીં.

'વાહ પ્રભુ વાહ, તારી આ જીવ ઉપર કેટલી કરુણા કે હજુ પણ મારામાં કાંઈક માનનો કોટો રહી ગયો હશે, એ ટાળવા તમોએ ભક્તોને આ આજ્ઞા કરી છે. મહારાજ જે કાંઈ કરે તે અમારા હિતમાં જ કરે.' આવું વિચારી આણંદજીભાઈ રોજ મંદિરે જાય અને ભક્તો 'હડ્ય કૂતરી, હડ્ય કૂતરી' કહી અપમાન કરે, મંદિરમાંથી કાઢી મૂકે. આણંદજીભાઈ મંદિરના પગથિયે બેસે, તો ત્યાંથી પગના ઠેબા મારી બા'ર કાઢે. આણંદજીભાઈ મંદિરની ખડકી પાસે ઊભા રહી દર્શન, આરતી, ધૂન-ભજન કરે અને દર્શને આવેલા ભક્તોનાં જોડાં સાફ કરે. અપમાનો મૂંગે મોંઢે સહન કરે. ભક્તો તો મહારાજની આજ્ઞાનું પાલન કરે છે એમ વિચારી કોઈનો અવગુણ ન લે.

આમને આમ છ મહિના વીતી ગયા. છ મહિના પછી મહારાજ પાછા માંગરોળ પધાર્યા. આણંદજીભાઈને સમાચાર મળતાં તેઓ તરત મહારાજના દર્શન કરવા આવ્યા. જ્યાં તેઓએ મંદિરમાં પ્રવેશ કર્યો, ત્યાં હરિભક્તો કહેવા માંડ્યા 'હડ્ય કૂતરી, હડ્ય કૂતરી.'

આ સાંભળી મહારાજ કહે, ''ભક્તો ! આવું કોને કહો છો ?''

''મહારાજ ! પેલા આણંદજીભાઈને. તમારી આજ્ઞાથી અમે એને અહીં

પેસવા દેતા નથી. રોજ અપમાન કરી અહીંથી કાઢી મેલીએ છીએ.''

આવું સાંભળી મહારાજની આંખમાં પાણી ભરાઇ ગયા. પોતે ઊભા થયા, આણંદજીભાઇ પાસે ગયા અને બોલ્યા, ''આવો આણંદજીભાઈ ! આવો.''

આણંદજીભાઈ તો દોડીને મહારાજનાં ચરણોમાં ઢગલો થઈ ગયા. મહારાજે એમને ઊભા કર્યા અને ભેટી પડ્યા. ભક્ત અને ભગવાનની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા.

આણંદજીભાઈએ ડૂમા ભરાયેલા અવાજે કહ્યું, ''મહારાજ ! આ જીવ ઉપર આટલી દયા ?''

મહારાજ કહે, ''હા આણંદજી ! તારી શ્રદ્ધાની ટેકે તું જીતી ગયો. તારો આવતો જન્મ કૂતરાનો આવવાનો હતો, એ અમે આ કસોટીથી ટાળ્યો.'' આ રીતે ભગવાને નિર્માની ભક્તનું પ્રારબ્ધ બદલ્યું.

રાજીપાના અધિકારી

મહારાજે વર્ણિવેશે ખૂબ યોગસાધના કરેલી. અષ્ટાંગ યોગની સાધનાઓ, ઊંચામાં ઊંચી શરીર શોધનની કઠિન પ્રક્રિયાવાળી સાધનાઓ મહારાજે સિદ્ધ કરેલી. એવી જ એક સાધના આણંદજીભાઈના ઘરે રહી મહારાજે કેટલોક સમય કરેલી. એ સાધનામાં મહારાજ ભોજનમાં ફક્ત તમતમતાં તીખાં લવિંગીયા મરચાં ને મીંઢી આવળ જમતા.

આણંદજીભાઈ અને તેમનાં ધર્મપત્નિ રાજબાઈ મહારાજની સેવા કરતા. મહારાજને આવું તીખું ભોજન કરતાં જોઈ બન્નેના પેટમાં લાળ ઉપડતી. તેઓને અંતરમાં ભારે દુઃખ થતું. એકવાર આણંદજીભાઈએ મહારાજને પૂછ્યું, ''મહારાજ ! અમે એક લવિંગીયું મરચું ખાઈએને તોય સાત પેઢી યાદ આવી જાય, ને તમે રોજ આટલા લવિંગીયા મરચાં, એ પણ મીંઢી આવળ સાથે કઈ રીતે જમી શકો છો ?''

ત્યારે મહારાજે વનવિચરણ વખતની યોગસાધનાની ઘણી-ઘણી વાતો કરી અને કહ્યું, ''આણંદજીભાઈ ! જૂવો આ સીસમની ધ્યાનપાવડી. આ ધ્યાનપાવડી માનસપુરનાં સત્રધર્મા નામના રાજાએ અમને ધ્યાન કરવા માટે આપી હતી. આજે અમે તમારા ઉપર ખૂબ રાજી થયા છીએ, કારણ કે અમારી યોગસાધનામાં તમે ખૂબ સેવા કરી છે. જેથી આ ધ્યાન પાવડી તમને રાજીપાનાં ફળરૂપે આપીએ છીએ.'' એમ કહી મહારાજે ધ્યાનપાવડી આણંદજીભાઈને આપી.

નોંધ :- આ ધ્યાનપાવડી જૂનાગઢ મંદિરમાં પ્રસાદીની વસ્તુઓના સંગ્રહમાં મોજૂદ છે.

એક વખત શ્રીજી મહારાજ રાજી થઈ આણંદજીભાઈને કહે, "આણંદજીભાઈ ! અમારી પાસે એક લાલજીની મૂર્તિ છે, તે તમને પૂજવા માટે આપવી છે."

ભાવવિભોર થઈ ભક્ત બોલ્યા, "અરે મહારાજ ! તમારી ઘણી કૃપા, પરંતુ લાલજીની નિત્ય સેવા, પૂજા, થાળ વગેરે જોઈએ તેવા અમારે ગૃહસ્થથી થઈ શકે નહીં !" મહારાજ કહે, "ભક્તરાજ ! એની ચિંતા કરશો નહીં, અમે તમને કહીએ તેમ કરો."

"આજ્ઞા કરો પ્રભુ."

"જૂવો આણંદજીભાઈ ! આ લાલજી તો તમારા જેવા ભક્તના ભાવના ભૂખ્યા છે. લાલજીને રોજ સવારમાં નવરાવી, ચંદન-પુષ્પ ચડાવી ફક્ત સાકર ધરશો, તો પણ છપ્પનભોગનાં ભોજનનો ભાવ સ્વીકારશે."

મહારાજે રાજી થઈ આણંદજીભાઈને લાલજી આપ્યા. આણંદજીભાઈએ જીવનપર્યંત એ લાલજીની સેવા-પૂજા કરી.

નોંધ :- આ લાલજીની મૂર્તિ પણ જૂનાગઢ મંદિરમાં છે, જે એમની દીકરીએ મંદિરમાં અર્પણ કરેલ.

અનોખી ભેટ

આણંદજીભાઈ જ્ઞાતિએ સુથાર હતા અને ઉત્તમ નકશીકાર હતા. પરંતુ કામકાજ ન મળવાને કારણે આણંદજીભાઈને ઘણી ગરીબાઈ ભોગવવી પડતી હતી. પોતાના ભક્તની આ વ્યાવહારિક કસર ટાળવા મહારાજે સરસ યુક્તિ કરી.

મહારાજે એક દિવસ આણંદજીભાઈને પૂછ્યું, "આણંદજી ! તમને કાંઈ કારીગરી આવડે ખરી ?"

"હા મહારાજ ! સુથારનો દીકરો છું, મારા બાપદાદાની નકશીકામની કારીગરી મારામાં પણ ઊતરી છે. હું સારું એવું નકશીકામ કરી શકું."

"તો એક કામ કરો, એક ઉત્તમ નકશીકામવાળો હિંડોળો તૈયાર કરો."

મહારાજની આજ્ઞા થઈ એટલે આણંદજીભાઈ પોતાની આવડત વાપરવા લાગ્યા અને હિંડોળાખાટનું નિર્માણ કરવા લાગ્યા. અદ્‌ભૂત કોતરણીવાળો હિંડોળો

તૈયાર થયો. એમાં એવી કળા ગોઠવી કે ચાવી આપે એટલે એની મેળે હિંડોળો ચાલ્યા કરે.

હીંડોળાખાટ જોઇ મહારાજ રાજી થયા અને કહ્યું કે, "આ હિંડોળાખાટ નવાબને ભેટ આપો. નવાબ રાજી થઈ કંઈ માગવાનું કહે તો ઘર માટે જમીન માગજો, પૈસા નહીં."

"ભલે મહારાજ ! જેવી તમારી આજ્ઞા," એમ કહી આણંદજીભાઈ હિંડોળાખાટ લઈ નવાબ પાસે ગયા અને હિંડોળાખાટ ભેટ આપી.

હિંડોળાની કારીગરી જોઈ નવાબસાહેબ ભારે ખુશ થયા અને કહ્યું, "આવા સારા કારીગર મારા શહેરમાં રહે છે, એ ખૂબ આનંદની વાત છે. બોલો આણંદજીભાઈ ! આજે અમે પ્રસન્ન છીએ, તમારે જે જોઈએ તે કહો."

આણંદજીભાઈએ વિચાર્યુ કે મહારાજે જમીન માગવાનું કહ્યું છે, તો જમીન જ માગું. આણંદજીભાઈને વિચારતા જોઇ નવાબ કહે, "કેમ ભાઈ ! શું વિચારો છો ? સંકોચ કરશો નહીં, જે માગો તે આપવા તૈયાર છું."

આણંદજીભાઈ કહે, "નવાબ સાહેબ ! તમારાં નગરમાં રહીએ છીએ તેથી કિંમત થોડી લેવાય ? પણ મારી એક અરજ છે. જો આપ રાજી થયા હો તો મારે આશરા માટે થોડી જમીન જોઈએ છીએ, એ મળે તો રે'વા ઘર બાંધી લઉં."

તુરત જ નવાબે કારભારીને હૂકમ કરી સો ચોરસ હાથ જમીન ભરી આપી.

આણંદજીભાઈએ એ જમીન ફરતી વાડ કરી કબજો વાળી લીધો. પછી મહારાજને આ વાત જણાવી.

મહારાજ કહે, "હવે એ જમીન ઉપર પાયો ખોદવાની શરુઆત કરો, પણ જો જો રાત્રિનાં જ ખોદજો."

મહારાજની આજ્ઞા પ્રમાણે આણંદજીભાઇ રાત્રિના સમયે પાયો ખોદવા માંડ્યા. પાયો ખોદતા જમીનમાંથી દ્રવ્યનો એક મોટો ચરુ નીકળ્યો. તે લઈ આણંદજીભાઇ મહારાજ પાસે આવ્યા અને મહારાજને તે ચરુ દેખાડ્યો.

મહારાજ કહે, "જૂવો, તમારાં ઘરમાં જૂની તાંબડી હોય, તો તેમાં રૂ. ૫૦૦ ભરી નવાબને ભેટ કરી આવો."

મહારાજની આજ્ઞાથી રૂ.૫૦૦ તાંબડીમાં ભરી નવાબ પાસે ગયા ને ભેટ ધરી. નવાબ કહે, "આણંદજી સુથાર ! આ શું લાવ્યા ?"

"નવાબ સાહેબ ! આપશ્રીએ મને આપેલ જમીનમાંથી નીકળેલ આ દ્રવ્ય છે, જે તમને આપવા આવ્યો છું."

"નહિ નહિ આણંદજી ! હું નહીં લઉં, કારણ કે તમારી જમીનમાંથી નીકળેલું છે તેમાં તમારો જ હક્ક ગણાય. માટે પાછું લઈ જાઓ."

નવાબે એ ન લેતા આણંદજીભાઈ ચરુ લઈ મહારાજ પાસે આવ્યા.

ત્યારે મહારાજ કહે, "આ ધનની એક સોનાની ઉતરી ઘડાવી, નવાબના દીકરાને પહેરાવી આવો." આણંદજીભાઈ કહે, "પણ મહારાજ ! બેગમસાહિબા મને પૂછશે તો હું શું કહું ?" "તમે કહેજો કે હું તમારો ધર્મનો ભાઈ છું. મારા ભાણેજ માટે આ નાની એવી ભેટ લાવ્યો છું."

મહારાજની ઈચ્છા પ્રમાણે આણંદજીભાઈ સોનાની ઉતરી કરાવી કુંવરને પહેરાવી. બેગમ આટલી સરસ ભેટ મેળવી ખૂશ થયા. બેગમે આણંદજીભાઈને પૂછ્યું, "તમે કોણ છો અને ક્યાંથી આવો છો ?"

"બેગમ સાહેબા ! હું માંગરોળમાં જ રહું છું. પેલો ચાવીવાળો હિંડોળો પણ મેં જ ભેટમાં આપ્યો છે."

"તમારી ભેટ ખૂબ સરસ છે, આના બદલામાં તમારે કાંઈ જોઈએ છે ?"

આણંદજીભાઈ કહે, "હા સાહેબા ! મને નવાબ સાહેબે જમીન આપી છે પણ એનો પાકો લેખ નથી કરી આપ્યો. જો એ મળી જાય તો સારું."

બેગમ કહે, "તમે બપોરે આવજો, તમારું કામ પૂરું થઈ જશે."

બેગમે નવાબને વાત કરી લેખ તૈયાર કરાવડાવ્યો. આણંદજીભાઈ બપોરે આવ્યા, અટલે બેગમે જમીનનો પાકો લેખ એમના હાથમાં આપ્યો.

લેખ લઈ આણંદજીભાઈ મહારાજ પાસે આવ્યા અને મહારાજને વંચાવ્યો.

મહારાજ કહે, "આણંદજી ! આજથી તમારું પ્રારબ્ધ બદલાયું સમજો. ખોદવાનું શરૂ કરો." ખાડા ખોદતાં ઘણું દ્રવ્ય નીકળ્યું. એ ધનમાંથી આણંદજીભાઈએ ત્રણ માળની મોટી હવેલી બનાવી. ધીમે ધીમે વ્યવહાર પણ સારો થયો અને ગામમાં આણંદજીભાઈ આબરૂદાર શ્રીમંત ગણાવા લાગ્યા.

૬ સુરાખાચર (લોયા)

અધ્યાત્મ માર્ગે ચાલતો મુમુક્ષુ જેટલી વહેલી નિર્દોષતા મેળવે છે, તેટલી તેમની પ્રગતિ વિશેષ થાય છે. છળ, કપટ, ઈર્ષા, રાગ, દ્વેષ વગેરે દુર્ગુણોવાળી વ્યક્તિને અધ્યાત્મ માર્ગે ઘણાં વિઘ્નો છે.

શાસ્ત્રો અને મહાપુરુષો પણ કહે છે કે, નિર્દોષ થયા પછી જ ભગવદ્‌ભક્તિની સફળતા તથા પ્રભુમાર્ગનો અલૌકિક આનંદ મેળવી શકાય છે. આવા જ નિર્દોષતાના સ્વરૂપ સમા હરહમેશ અલૌકિક આનંદમાં રાચતા ભક્ત હતા લોયા ગામના કાઠી દરબાર સુરા ખાચર.

કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા

સૌરાષ્ટ્રના ગોહિલવાડ પ્રદેશમાં આવેલું નાનકડું અને રળિયામણું લોયા ગામ. આ ગામના ગામધણી હતા કાઠી દરબાર સુરા ખાચર. એમની પાસે લોયા અને નાગડકા એમ બે ગામના ગિરાસ. બે ગામના ગામધણી હોવા છતાં તેમની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ મળ્યા પહેલા તેઓ ભારે ભારાડી હતા, ધાડપાડુનો ધંધો કરતા. આ ધંધો એમને બાપદાદાના વારસામાંથી પ્રાપ્ત થયો હતો. કુસંગીઓના સંગથી સુરા ખાચર હોકા, અફીણ, લૂંટફાટ, જૂગટું વગેરેમાં ડૂબેલા રહેતા. સાથીઓ સાથે ગામ ભાંગવા જતા અને લૂંટફાટ ચલાવતા હતા. એમની

ડેલીએ ડાયરો ભરાતો, અફીણ ઘૂંટાતા, કસૂંબા-પાણી થતાં. ગરાસમાં આવતી બધી જ સંપત્તિ વ્યસનોમાં બરબાદ થઈ જતી. એટલું જ નહીં, કુસંગમાં વધારાનું કરજ પણ થઈ જતું અને માથે કરજનો બોજો લઈને ફરતા.

ઘણીવાર ઘરનો વ્યવહાર ચલાવવો કઠણ પડતો. કોઈ કોઈવાર તો પોતાના જ ગામના વેપારી વાણિયા કુંવરજીને ત્યાંથી ઉછીની જુવાર લાવીને ખાતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સત્સંગી થયા પછી સુરા ખાચરે દારૂ, માંસ, ચોરી વગેરે બધા જ ફંદ છોડી દીધા હતા, ઉત્તમ હરિભક્ત થયા હતા અને તેમનો વ્યવહાર પણ ખૂબ જ સારો થયો હતો. ધીરે ધીરે કુસંગમાંથી સત્સંગ તરફ વળ્યા અને વ્યસનો છૂટવા લાગ્યા. જે સંપત્તિ ફેલફતૂર કે વ્યસનોમાં વેડફાઈ જતી, તે સંપત્તિ પોતાના કુટુંબનિર્વાહમાં વપરાવા લાગી, સાથે સાથે આબરૂ અને માનસિક સુખશાંતિ પણ પ્રાપ્ત થઈ.

આ એક જ સુરા ખાચરની વાત નથી, ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયેલા મોટા ભાગના લોકોની આ જ કથા હતી.

એટલે જ તો સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, ‘‘કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા.’’

સુરા ખાચર સત્સંગી થયા પછી વ્યવહારે બહુ જ સુખી થયા ને ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ભક્ત થયા. ભગવાન શ્રી સ્વામિનારાયણનું તાન આશ્રિતોને માત્ર મોક્ષ આપવાનું જ ન હતું, પરંતુ તેઓ આ લોકમાં વ્યવહારે સુખિયા થાય એવું હતું.

ધર્મ પાળવાની દૃઢ પ્રતિજ્ઞા

સુરા ખાચર ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત થયા અને મહારાજના અંતરંગ સખામંડળમાં સ્થાન પામ્યા હતા.

સુરા ખાચર ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા, ત્યારે એમની યુવાન ઉંમર હતી. તેઓ પરણેલા હતા, એમના પત્નીનું નામ શાંતાબા હતું. એમને એક પુત્ર હતો, નામ નાથા ખાચર હતું. તેઓ શરીરે ભારે સ્થૂળ હતા. જેવુંતેવું ઘોડું તો એનો ભાર પણ ઉપાડી ન શકે !

સુરા ખાચરને હજુ તાજો સત્સંગ થયેલો. એવામાં શ્રીજી મહારાજ લોયા પધાર્યા. રોજ સવાર-સાંજ સભા થાય. શ્રીજી મહારાજ જ્ઞાનોપદેશ કરી ભક્તોને

સુખ આપે. સુરા ખાચર આદિ ભક્તો પણ રોજ પોતપોતાનાં કામમાંથી પરવારી સમયસર સત્સંગમાં પહોંચી જાય.

સવારે સભામાં સુરા ખાચર મોડા આવ્યા અને શરમાતા શરમાતા સભામાં બેસી ગયા. આજે સુરા ખાચર ભારે ઉદાસ જણાતા હતા. હાસ્યરસના બેતાજ બાદશાહને આવા ઉદાસ ચહેરે જોઈને મહારાજે પૂછ્યું, "સુરા ખાચર ! હમણાં થોડા દિવસથી તમે કેમ દેખાતા નથી ? અને આજે આટલા બધા ઉદાસ કેમ છો ?"

સુરા ખાચર ઠાવકું મોઢું રાખીને બોલ્યા, "મહારાજ ! મારે તો હમણાં ઉપાધિનો પાર નથી. એક બાજુ ખેતર ખેડવાની મોસમ ચાલે છે અને બીજી બાજુ રાતે ગધનો મારા બે બળદ કોઈ લઉગો (લઈ ગયો), એટલે ખેતર ખેડવાનું કામ પણ વધારે પડ્યું છે."

સુરા ખાચર ગંભીર વાત કરે તો પણ બધાને રમૂજભરી જ લાગે. બળદ ચોરાયાની વાત સાંભળી મહારાજે સુરા ખાચરને આશ્વાસન આપતા કહ્યું, "ઓહો..હો... સુરા ખાચર ! તો તો આજે વાડીએ કોશ બંધ રહ્યો હશે કાં ? ભારે કરી."

"ભણ્યું મહારાજ ! એમાં ચિંતા હેની ? મારા બે બળદ કોઈ લઉગો, તો મેં કોઈના ચાર બળદ ઉપાડી લાવ્યો ને બે કોશ ચાલતા કર્યા. ભણ્યું એમાં ને એમાં આખી રાઈત જાગ્યો છું બાપ."

મહારાજ ઠપકો દેતા બોલ્યા, "સુરા ખાચર ! તમો ચોરી ન કરવાનું વર્તમાન ચૂક્યા. હવે તો તમે અમારા હરિભગત થયા. દારૂ, માટી, ચોરી, અવેરી નહિ કરવાના અમારા વર્તમાન ધાર્યા અને હવે તમે અમારા હરિભગત થઈને ચોરી કરશો ? તમને અમારી આજ્ઞા લોપવાનું પાપ લાગશે."

સુરા ખાચર નિખાલસભાવે હસતા હસતા કહે, "ભણ્યું મહારાજ ! મારા બળદ લઉગો એને ઠપકો દોને ? પહેલા એ વર્તમાન ચૂક્યો, પછી ભણ્યું આ સુરો ! માટે ખરી રીતે મારો વાંક કાંઉનો ?"

સુરા ખાચરની વાત સાંભળી સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું.

પછી મહારાજ સુરા ખાચરને સમજાવતા કહે, "સુરા ખાચર ! તમો અમારા શિષ્ય થયા છો, માટે ધર્મના નિયમો તમારે બરાબર પાળવા જોઈએ."

સુરા ખાચર દિલગીરી સાથે કહે, "મહારાજ ! ક્ષમા કરજો, હજુ હું તો

કાચો-પોચો ઘડો છું, ઘડવાનો તમારે છે બાપ !''

સુરા ખાચરની અરજીભરી વાત સાંભળી મહારાજ કરુણાભર્યા વચને કહે, ''સુરા ખાચર ! આજથી ધર્મ પાળવાની પ્રતિજ્ઞા લો. દારુ, માંસ અને ચોરી ત્યજવી, વ્યભિચાર ન કરવો, વટલવું નહિ ને વટલાવવું નહીં. આ પાંચે મુખ્ય નિયમો તથા કોઈની નિંદા ન કરવી, કોઈના ઉપર જૂઠું કલંક ન મૂકવું, આત્મઘાત ન કરવો, વિમુખના મુખે કથાવાર્તા ન સાંભળવી તથા વિધવા સ્ત્રીનો સ્પર્શ ન કરવો આ બધા નિયમો માથા સાટે જીવનભર પાળવા.''

મહારાજની કરુણાદૃષ્ટિ અને અમૃતસમી વાણીથી સુરા ખાચરના અંતરમાં પડેલા દોષો બળી ગયા અને ધર્મ પાળવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી.

મહારાજ ખૂબ રાજી થયા. ત્યાર પછી સુરા ખાચર અત્યંત નિર્માનીપણે પ્રત્યેક નિયમ ખૂબ ખંતથી બરાબર પાળવા લાગ્યા અને એકાંતિક ભક્ત બન્યા.

રસના ઈન્દ્રિય સાથે યુધ્ધ

જીવનમાં શાંતિ પ્રાપ્ત કરવી એ મનુષ્ય જીવનનું મુખ્ય ધ્યેય છે, પરંતુ એ સંયમી જીવનથી પ્રાપ્ત થાય છે. એમાં પણ બધા સંયમોમાં ઈન્દ્રિયોનો સંયમ મુખ્ય છે.

અને એમાંય જ્યાં સુધી રસના ઈન્દ્રિય જિતાણી નથી ત્યાં સુધી બીજી ઈન્દ્રિયો જિતવા છતાં જિતેન્દ્રિય થવાતું નથી. જ્યારે રસના ઈન્દ્રિય જિતાય છે ત્યારે જ સર્વ ઈન્દ્રિયો જિતાય છે. માટે જ ભગવાન શ્રી સ્વામિનારાયણે રસના ઈન્દ્રિયને જિતવા ઉપર ખાસ આગ્રહ રાખ્યો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સંતો-ભક્તોને ખૂબ જ જમાડ્યા છે અને એ પણ ક્યારેય ન દીઠી હોય તેવી વાનગીઓ ! જમાડવાની સાથે સાથે નિઃસ્વાદી વર્તમાન પણ એટલું જ કડક થઈ પળાવ્યું છે.

એક વખત મહારાજ લોયા પધાર્યા હતા. મહારાજને કોઈએ વાત કરી કે, ''મહારાજ ! સુરા ખાચર ભક્ત ખરા, પણ સ્વાદિયા બહુ છે. જમતા-જમતા વારંવાર વસ્તુ માગ્યે રાખે અને ઘરના માણસોને ખડે પગે રાખે છે.''

આ વાતની દૃઢતા કરવા શ્રીજી મહારાજે સુરા ખાચરના ધર્મપત્નિ શાન્તાબાને પૂછ્યું, ''શાન્તાબા ! દરબારને સત્સંગનો રંગ તો બરાબર છે ને ?''

શાન્તાબા કહે, ''મહારાજ ! ધર્મ તો બરાબર પાળે છે, પણ સવારે

શિરામણ ટાણે, બપોરે છાશું ટાણે અને રાત્રિએ વાળુ ટાણે કંઈક ધમાલ થઈ પડે છે.''

મહારાજ કહે, ''શું વાત કરો છો ? એવું તો શું કરે છે સુરા ખાચર ? જે હોય તે અમોને કહો.''

શાન્તાબા કહે, ''મહારાજ ! દરબાર જમતા જાય ને બોલતા જાય 'શાક ખારું છે, છાશ ખાટી છે. આ મોળું છે, આ કાચું છે. અથાણાં તો ગૂડો, ખાટું નહીં, ગોળકેરીનું લાવોને !' આ રીતે રોજ ત્રણે ટાણે કંકાસ થયા કરે છે. હવે તો એના કંકાસથી કંટાળી જવાય છે. પ્રભુ ! આપ કંઈક દયા કરો તો દરબારનો સ્વાદ ઓછો થાય.''

મહારાજ કહે, ''તમે ચિંતા કરશો નહીં, થોડા દિવસમાં બધું બરાબર થઈ જશે. અમે જરૂર તેનો ઉપાય કરીશું.'' એમ શ્રીજી મહારાજે સત્સંગના રંગેથી રંગાયેલા ઉચ્ચકોટિના મુક્તાત્મા શાન્તાબાને આશ્વાસન આપ્યું.

થોડા સમય પછી અષાઢ સુદ એકાદશી (નિયમી એકાદશી) આવી. સવારમાં મહારાજ સભા કરી બેઠા છે. મહારાજની આજ્ઞાથી ભક્તો પોત-પોતાની મેળે એક પછી એક ચાતુર્માસના નિયમો ધારણ કરી રહ્યા છે.

પછી સુરાખાચર બોલ્યા, ''દયાળુ ! મને કંઈક નિયમ આપો.''

મહારાજ કહે, ''તમને યોગ્ય લાગે તે નિયમ લો.''

સુરાખાચર કહે, ''ના પ્રભુ ! આપ જે કહો તે નિયમ પાળીશ.''

મહારાજ કહે, ''અમો જે નિયમ આપીએ, તે તમે ચોક્કસ પાળશો ?''

સુરાખાચર નિર્માનીપણે બોલ્યા, ''હા પ્રભુ ! જરૂર પાળીશ.''

મહારાજ પ્રસન્નતાથી બોલ્યા : ''સુરા ખાચર ! અમારે તમને એક જ નિયમ આપવો છે અને તે એ છે કે તમારે જમતી વખતે મૌન રહેવું, બોલવું નહીં.''

સુરા ખાચર કહે, ''મહારાજ ! ભણ્યું અમે રહ્યા ગૃહસ્થ, તે જમતા જમતા અનેક વસ્તુ જોઈતી હોય. મીઠું, મરચું, અથાણાં, પાપડ, ચટણી, દાળ, શાક આ બધામાં કંઈને કંઈ દેતા ભૂલી જાય, તે બોલવું તો પડે ને મૂંગા રહીયે તો તો ભાણું લાજે ને બાપ !''

મહારાજ કહે, ''સુરા ખાચર ! ભગવાનના ભક્તોએ મનનું ધાર્યું મૂકી દેવું.

ઈન્દ્રિયોને બહુ લાડ લડાવવા નહીં અને આ જીભને ગમે તેટલો સ્વાદ ભોગવાવો, છતાં ક્યારેય તૃપ્ત થશે નહીં, માટે સ્વાદમાંથી આસક્તિ ટાળવી. દૃઢ મનોબળ અને ઉત્સાહથી નિયમો લઈએ અને શ્રદ્ધાથી પાળીએ તો સર્વ પ્રકારે સુખ-શાંતિ પ્રાપ્ત થાય.''

મહારાજનાં વચનમાં વિશ્વાસ રાખી સુરા ખાચર બોલ્યા, ''મહારાજ ! આપનું વચન માથા સાટે પાળવા આ સેવક તૈયાર છે.'' એમ કહી 'જમતી વખતે ન બોલવાનો' નિયમ ધારણ કર્યો.

પણ સુરા ખાચર પાકા બહુ. 'પાણી પહેલા જ પાળ બાંધી દીધી.' ઘરે પહોંચી ઓસરીનો પડથાર ચડતા ચડતા ઊંચે અવાજે અંદર બધા સાંભળે તે રીતે કહે, ''એ... હાંભળ્યું ! ભણ્યું મહારાજે આપાને આકરો નિયમ આપ્યો સે, કે જમતા જમતા બોલવું નહીં. એટલે આજથી આપો મૂંગો રહેશે. પણ આપાને મીઠો, મરચો જોશે, આપાને ચટણી-પાપડ-અથાણાં જોતો હશે, માટે એ બધો આપાની થાળી પાંહે હાજર રાખવો.'' આમ સુરા ખાચર પ્રથમથી જ રોજ બધું માગી લેતા.

આ વાતની મહારાજને ખબર પડી કે હજુ સુરા ખાચરનો સ્વાદ ઓછો થયો નથી અને ઘરના માણસોને હેરાન પણ એટલા જ કરે છે.

એક દિવસ સુરા ખાચર ગઢપુર દર્શન કરવા આવ્યા ત્યારે મહારાજ કહે, ''સુરાખાચર ! અમે સાંભળ્યું છે કે તમે જમતા પહેલા જ બધું બમણું માગી લો છો ?''

સુરા ખાચર હસતા હસતા કહે, ''મહારાજ ! ઘરના માણસોને ભણવું તો પડેને કે મને તમે નિયમ આપ્યો છે ? જમતા જમતા મંગાશે નહીં, કહ્યા સિવાય એ અબૂઝ માણસોને શે ખબર પડે ? એટલે અગાઉથી જ ભણી દેતો છું, મહારાજ !''

સુરા ખાચરની વાત સાંભળી મહારાજને મનમાં હસવું આવ્યું. મનમાં થયું, આ કાઠી આમ નહીં સમજે. પછી મહારાજ સુરા ખાચર આદિ કાઠી ભક્તોને સ્વાદમાંથી આસક્તિ ટાળવા સરળ ઉપાયો શોધી કાઢતા.

ચાવીને ખાય તે વિમુખ

સૌરાષ્ટ્રના સિંહ સમાન ક્ષત્રિયોને ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પ્રેમના જાદુથી વશ કર્યા હતા. તેઓ ઘરબાર, ગામ-ગરાસ છોડીને ભગવાન શ્રી

સ્વામિનારાયણની પાછળને પાછળ પડછાયાની જેમ ફરતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાર્ષદ થઈને ફરવું એ સહેલી વાત ન હતી. એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા લેવાતી આકરી કસોટીઓમાંથી પસાર થવાનું રહેતું.

એક વખત મહારાજ સોરઠમાં વિચરણ કરવા જઈ રહ્યા હતા. સુરા ખાચર આદિ કાઠી દરબારોને સાથે આવવાની આજ્ઞા કરી અને કહ્યું, ‘‘આપણે પગપાળા જવાનું છે, કોઈએ ઘોડા સાથે લેવાના નથી.’’

શ્રીજી મહારાજ સોમલા ખાચર, સુરા ખાચર, અલૈયા ખાચર, નાજા જોગિયા, માતરા ધાધલ વગેરે પંદરેક કાઠીભક્તો અને ભગુજી, રતનજી આદિ પાર્ષદોને સાથે લઈ સોરઠ દેશને પાવન કરવા પધાર્યા.

સોરઠના ભક્તોની સમજણ, મહિમા અને ભક્તિ અનેરા હતા. મહારાજ તો પધાર્યા જ છે, સાથે સાથે આ કાઠીભક્તોને પણ સાથે લાવ્યા છે, તે જાણી સોરઠના ભક્તોને બેવડો આનંદ થતો. મહારાજ જ્યાં પધારે ત્યાં દરબારોની પણ આગતા-સ્વાગતા થાય. નિત્ય નવી રસોઈઓ બને. નિત્ય ઊઠીને નવા ગામમાં જવાનું અને ભક્તોના ભાવ સ્વીકારવાના. આ બધામાં કાઠીઓને તો મજા પડી ગઈ.

મહારાજ પણ જ્યાં જવાનું હોય ત્યાં સારી રસોઈ કરવાનું અગાઉથી જ કહેવડાવી દે. મહારાજની આજ્ઞાથી ગામોગામના ભાવિક ભક્તો સંઘને દૂધ-ચોખા ને સાકર જમાડતા અને ભક્તો પણ ચોરણાની નાડીઓ ઢીલી કરીને ગળા સુધી જમતા.

આમ એક મહિનો બધા કાઠી દરબારોને મહારાજે દૂધપાક, પૂરી, બાસુંદી, દહીં, ભાત, માખણ વગેરે ખૂબ પેટ ભરીને જમાડ્યા. આ એક મહિનામાં તો દરબારોના શરીર ઝગારા મારવા લાગ્યા. શરીરનું વજન દોઢું થઈ ગયું.

એક માસને અંતે શ્રીજી મહારાજ માણાવદર મયારામ ભટ્ટને ત્યાં પધાર્યા.

મહારાજે ભટ્ટજીને કહ્યું, ‘‘ભટ્ટજી ! આજે ભક્તોને ચોખા રાંધીને જમાડો.’’

હવે બન્યું એમ કે એક કોઠીમાં વીણવાનાં બાકી હોય એવા ચોખા ભરેલા હતા. મહારાજ માટે રસોઈ બનાવવાના આનંદમાં મયારામ ભટ્ટને કાંઈ ખબર રહી નહીં અને ભૂલથી એ જ ચોખા રાંધી ભાત તૈયાર કર્યો.

પ્રથમ શ્રીજી મહારાજને થાળ જમવા બેસાર્યા. મયારામ ભટ્ટ ભાવથી મહારાજને પીરસવા લાગ્યા. મહારાજને ભોજનમાં ભાત સાથે ઘણી કાંકરીઓ આવી, પરંતુ મયારામ ભટ્ટનો ભાવ જોઈ મહારાજ કંઈ બોલ્યા નહીં.

મહારાજને થયું, 'આ કાંકરાવાળી ખીચડી કાઠીઓ જમશે, તો આ ગરીબ બ્રાહ્મણની ઠેકડી ઉડાવશે.' આવું ન થાય માટે મહારાજે એક અનોખો ઉપાય વિચાર્યો.

મહારાજે જમી લીધું પછી બધા કાઠી દરબારો જમવા બેઠા, પાત્રમાં ભોજનસામગ્રી પીરસાઈ ગઈ. બરાબર એ જ સમયે મહારાજ પંક્તિમાં પધાર્યા અને બોલ્યા, "દરબારો ! આજે પ્રકરણ ફરે છે."

'પ્રકરણ' શબ્દ સાંભળે એટલે બધાના કાન ચમકે ! બધાને થાય કે, 'આજે મહારાજ આપણને નવા નિયમની બેડીયે બાંધશે. આજે મહારાજ કયું પ્રકરણે ફેરવેશે ?' એ સાંભળવા માટે સર્વેએ કાન સરવા કર્યા.

મહારાજ બોલ્યા, "આજે જમતા જમતા જે ચાવે એ વિમુખ !"

આ નવતર પ્રકરણ સાંભળી બધાને આશ્ચર્ય થયું, પણ જ્યારે ખીચડી ખાવા બેઠા ત્યારે ખ્યાલ આવ્યો કે, 'મહારાજે આવું પ્રકરણ શા માટે ફેરવ્યું છે ?'

કાઠીઓ ખીચડી જમતા જાય, દાંતમાં કાંકરા કચડ કચડ થાતા જાય, પણ જો બોલે તો વિમુખ થાય ! મહારાજના ભક્તોને બધુંય પોસાય એમ હતું, પણ મહારાજથી વિમુખ થવું કોઈ રીતે પરવડે તેમ ન હતું; કારણ કે મહારાજ તો એમના જીવનપ્રાણ હતા. કાઠી દરબારો ખીચડી ખાતા જાય, આંખથી સનકારા કરતા જાય, મૂછોમાં હસતા જાય, પણ 'ખીચડીમાં કાંકરા છે,' એવું તો બોલી શક્યા નહિ, કારણ કે જો બોલે તો વિમુખ ગણાય !

આ બાજુ આટલા બધા કાંકરાવાળી ખીચડી ખાવી કેમ ? અને આજે તો મહારાજ પણ આગ્રહ કરી કરી ખીચડી પીરસાવ્યે જતા હતા અને ખીચડીમાં ઘી છલકાવ્યે જતા હતા. ખીચડીના કાંકરાઓ કાઠીઓની ભોજનની મજા મારી નાખતા હતા. કહેવાય નહિ અને સહેવાય નહિ, એવી આ વાત હતી ! આખરે સુરા ખાચરે મારગ શોધ્યો અને બોલ્યા, "મહારાજ ! અમારે દરબારોમાં ખીચડી હાર્યે છાશ ખાવાનો રિવાજ છે, ઘી ઘણુંય થયું, હવે છાશ પીરસાવો !"

સુરા ખાચરની વાત સાંભળી રમૂજની લહેર પ્રસરી. મહારાજે હસતાં હસતાં

બધાને ખીચડી ભરેલી તાંસળીમાં છાશ પીરસાવી. સુરા ખાચરે સાનથી ખીચડીમાં હાથ ફેરવી રાબડું કરવાનો ઈશારો કર્યો. દરબારોએ છાશ અને ખીચડીનું રાબડું કર્યું, રાબડામાં કાંકરા ધીરે ધીરે તળિયે બેઠા, બધા કાઠીઓ જરાય દાંત હલાવ્યા સિવાય તાંસળીમાં છાશ અને ભાત ભેળાં કરી સીધેસીધું જ ગળી ગયા અને ઓડકાર ખાઈ, ચળું કરી ઊભા થયા.

મહારાજ કહે, “કેમ સુરા ખાચર ! હમણાં તો રોજ દૂધપાક જમતા હતા, આજ છાશ ને ખીચડી ગટગટાવી ગયા, તો શું જીભે ના પાડી ?”

“ભણ્યું બાપ ! હાલી હાલીને એવા થકાવ્યા’તા કે ખીચડી તો શું પાણાય પચી જાય !”

ત્યારે મહારાજ હસતા હસતા બોલ્યા, “કાઠીઓ ! આજે તમારે પાણા જ પચાવવાના છે, કારણ કે ખીચડીમાં કાંકરા રહી ગયેલા હતા, જેથી તમને ચાવીને ખાવાની ના પાડી. અને વળી તમે ક્યાંક ભટ્ટજીની મશ્કરી કરો તો ભટ્ટજીને દુઃખ થાય.”

સુરા ખાચર કહે, “વાહ ભટ્ટજી વાહ ! ભણ્યું તમારો ભાવ ગજબનો હોં. તમે તો કાંકરાની રસોઈ દીધી.” એમ કહી હાસ્યરસની હેલી વહેવડાવી.

ખોરી જારના રોટલા

બીજે દિવસે પંચાળાના ઝીણાભાઈ દરબારના આગ્રહને માન આપી શ્રીજી મહારાજ પંચાળા પધાર્યા. ઘણા દિવસોથી દૂધપાક, પુરીની રસોઈ જમતા કાઠીઓનો વધી ગયેલો રસાસ્વાદ અને તગતગતું શરીર જોઈ ભગવાન શ્રી સ્વામિનારાયણે પંચાળામાં એમની રસાસક્તિને નાથવાનો નિર્ણય કર્યો.

પંચાળામાં સભા ભરી જ્ઞાનવાર્તા કરતા કરતા મહારાજ બોલ્યા, “ઝીણાભાઈ ! અમે અહીંયા આવ્યા તો છીએ, પણ તમારે જો અમને અહીં વધારે રોકવા હોય તો અમારી એક શરત છે !”

ઝીણાભાઈએ હાથ જોડીને કહે, “અરે મહારાજ ! તમે અહીં જ રહો. આ બધું તમારું છે અને તમને મનફાવે તેમ કરો. તમારી બધી શરતો મંજૂર છે !”

મહારાજ બોલ્યા, “આ અમારા કાઠી દરબારો રોજ અમારી સાથે ફરે છે અને મેવા-મીઠાઈ જમી જમીને શરીર ઝગારા મારતા થયા છે !”

મહારાજની વાતની માંડણી સાંભળી દરબારોના મન ઊંચા થવા માંડ્યા. તેઓના મનમાં લોચા વળવા માંડ્યા કે 'નક્કી આ બાપો પાછો પ્રકરણ ફેરવવાનો થયો !'

મહારાજે વાત આગળ વધારતા કહ્યું, "ઝીણાભાઈ ! હવે અમારા પાર્ષદોને મેવા-મીઠાઈ ભાવે એમ નથી, માટે તમે જો ખોરી જારના રોટલા કરાવો, તો જ અમે અહીં રોકાઈએ."

સુરા ખાચરથી બોલાઈ ગયું, "મારી નાખ્યા મારા બાપાએ ! આ કેવો ભગવાન ભટકાણો !"

ઝીણાભાઈએ મહારાજને હાથ જોડીને કહ્યું, "મહારાજ ! આવા મોંઘેરા મહેમાન મારે ઘરે આવે અને ખોરી જારના રોટલા ખવડાવું, તો મારી આબરૂના ધજાગરા થાય !"

મહારાજે સ્હેજ પણ રાહત આપ્યા સિવાય કહ્યું, "ખોરી જારના રોટલા ખવડાવશો, તો જ અમે અહીં રહેશું, નહિતર કાલે ચાલતા થઈ જઈશું !"

ઝીણાભાઈને મને-કમને મહારાજની વાત સ્વીકારવી પડી. દરબારોના મોંઢાં લંઘાઈ ગયેલાં રીંગણાં જેવાં થઈ ગયાં ! સુરા ખાચર આંખ ઉપર હાથનું નેજવું માંડી ઉપર, નીચે, ચારે બાજુ જોવા માંડ્યા. મહારાજે મંદ મંદ હસતાં હસતાં પૂછ્યું, "સુરા ખાચર ! શું જૂઓ છો ?"

સુરા ખાચર ઠાવકું મોંઢું રાખી બોલ્યા, "મહારાજ ! હું જોઉં છું કે જો કોઈ બીજો ભગવાન હોય, તો એની પાસે જતો રહું. આ ખોરી જારના રોટલા ખવડાવે એવા ભગવાનની હાર્યે શું રહેવું ?" સુરા ખાચરની વાત સાંભળી બધા હસવા માંડ્યા.

મહારાજ હસતા હસતા કહે, "સુરા ખાચર ! તો તમને ક્યાંય બીજો ભગવાન દેખાણો ?"

સુરા ખાચર કહે, "મહારાજ ! એ જ મોટી ઉપાધિ છે ને ! ચારે બાજુ જોયું, પણ ક્યાંય બીજો ભગવાન દેખાતો નથી !"

મહારાજ કહે, "તો હવે શું કરશો ?"

સુરો ખાચર કહે, "બીજું શું થાય ? કલ્યાણનો ખપ છે એટલે ખોરી જાર ખાઈને પણ તમારાં ચરણમાં પડ્યા રહીશું."

સુરા ખાચરને વેણે વેણે સભા હળવી ફૂલ થઈ રહી હતી. મહારાજે ખોરી જારના રોટલા કરાવ્યા અને પંક્તિમાં પોતે જાતે પીરસ્યા.

મહારાજની સાથે ફરનારા આ બધા દરબારો સુખી હતા, ગામધણીઓ હતા, જાગીરદારો હતા. એમણે ખોરી જાર ક્યારેય ખાધી ન હતી. ખોરી જારનો રોટલો એમના મોંઢામાં કેમેય કરીને જાતો ન હતો. બધા પરાણે પરાણે ખાવાનો પ્રયાસ કરતા હતા. કોઈ કોઈ તો રોટલો સૂંઘી સૂંઘીને પાછો થાળીમાં મૂકી દેતા હતા. ત્યાં તો મહારાજ બોલ્યા, ‘‘આજ તો અમે પણ તમારી સાથે ખોરી જારનો રોટલો જ જમીશું.’’

મહારાજે રોટલો મંગાવી પ્રેમથી જમવાનું શરૂ કર્યું, પછી દરબારો ક્યાં જાય ? એ પણ મને-કમને ખોરી જારના રોટલા ખાવા લાગ્યા. મહારાજે હસીને પૂછ્યું, ‘‘કેમ સુરા ખાચર ! રોટલો ભાવે છે ને ? ’’

સુરા ખાચર મોંઢું બગાડતા કહે, ‘‘મહારાજ ! કાલે માણાવદરના બ્રાહ્મણની ખીચડીએ પેટને લોઢા જેવું કરી નાખ્યું છે, હવે આ રોટલો અંદર જશે એટલે બધું સરખું થઈ જશે !’’

સુરા ખાચરની વાત સાંભળી પંક્તિમાં બેઠેલા બધા ખડખડાટ હસી પડ્યા.

આમને આમ બે-ચાર દિવસ પસાર થયા. સુરા ખાચરે અલૈયા ખાચરને કહ્યું, ‘‘ભણ્યું અલૈયા ! કંઈક કાઠીકળા કરવી પડશે, નહિતર તારો આ બાપ જારના રોટલા ખવડાવી ખવડાવીને મારી નાખશે. આપણે તો ધાર્યું’તું પંચાળાના દરબાર ઝીણાભાઈને ત્યાં જઈશું અને મેવા-મીઠાઈની મોજ માણીશું, પણ આ બાપે તો ખોરી જારને રોટલે ચડાવ્યા !’’

આમ વાતો કરતા કરતા બેય જણાએ યુક્તિ વિચારી લીધી. બીજે દિવસે પંક્તિ થઈ. ખોરી જારના રોટલા પીરસાયા. મહારાજ જાતે માથે ઊભા રહીને પીરસાવી રહ્યા હતા.

એવામાં અલૈયા ખાચરે લાકડાનો નાનો ટૂકડો લઈ મોંઢામાં નાખ્યો. પડખે બેઠેલા સુરા ખાચરે મહારાજને સાદ કર્યો, ‘‘મહારાજ ! આ અલૈયાને વિમુખ કરો.’’

મહારાજ કહે, ‘‘કેમ ?’’

સુરા ખાચર કહે, ‘‘મહારાજ ! ભણ્યું અલૈયો સ્વાદ કરતો સાં ! રોટલાની

હાર્યે લાકડાનું અથાણું ચાવતો સાં !''

મહારાજ હસીને કહે, ''અલૈયા ખાચર ! કેમ સ્વાદ કરો છો ?''

અલૈયો ખાચર મોઢામાં લાકડાનો ટૂકડો નાખતા નાખતા બોલ્યા, ''મહારાજ ! આ રોટલો કેમેય ગળે ઊતરતો નથી, એટલે લાકડાના ટૂકડાથી ધક્કો મારી ગળા હેઠે ઊતારું છું !''

અલૈયા ખાચરની વાત સાંભળી મહારાજ હસવા માંડ્યા. તેઓ કાઠીકળાને સમજી ગયા. એમણે તરત જ ઝીણાભાઈને બોલાવ્યા અને કહ્યું, ''ઝીણાભાઈ ! હવે જુવારનું પ્રકરણ બંધ થાય છે, આવતી કાલે આપણે સારામાં સારી દૂધપાકની રસોઈ કરીને બધાયને જમાડવાના છે.''

ઝીણાભાઈ તો રાજીના રેડ થઈ ગયા. મહારાજની વાત સાંભળીને દરબારોને પણ આનંદ થયો કે, 'હાશ ! આ જાર બલા ગઈ !'

ઝીણાભાઈ ભારે હોંશથી ભાતભાતની રસોઈ કરાવી, મહારાજ તેમજ કાઠી દરબારોને જમાડવા લાગ્યા.

આ રીતે સુખી જીવન જીવનારા મોટા મોટા દરબારોને શુદ્ધ કરવા, સ્વભાવ-પ્રકૃતિ ટાળવા માટે તેઓની સાથે મહારાજ પોતે ઘણા દિવસો ખોરી જારના રોટલા અને કાંકરા વાળી ખીચડી જમ્યા.

ગાજરડા મારા વેરી રે...

સોરઠ પ્રદેશ ફરી મહારાજ કાઠી ભક્તો સાથે ગઢપુર પાછા આવતા હતા. માર્ગમાં કોઈ ગુણબુદ્ધિવાળા વૈરાગી બાવાએ બધાને મિષ્ટભોજન જમાડ્યા.

મહારાજ કહે, ''ભક્તો ! હવે આગળ ચાલવાનું નથી, આજે રાત્રિરોકાણ અહીં જ કરીશું, માટે બરાબર જમજો.''

સુરા ખાચર આદિ કાઠી ભક્તો મહારાજના કહેવાથી ખૂબ જમ્યા, કારણ કે છેલ્લા ઘણા દિવસોથી ખોરી જારના રોટલા જ મળતા હતા અને હવે તો જમીને આરામ કરવાનો હતો, એટલે કોઈએ જમવામાં મણા રાખી નહીં.

જમ્યા પછી તૂર્ત જ મહારાજે આજ્ઞા કરી, ''ભક્તો ! તૈયાર થાવ, અહીંથી ચાલવું છે.''

પેટ ફાટી જાય એટલું જમ્યા પછી ચાલવાનું કહ્યું, એટલે સુરા ખાચરને ફેર ચડવા માંડ્યા. એમણે છૂપી રીતે બે ઘોડા મંગાવ્યા. એક મહારાજ માટે ને એક

પોતા માટે.

હરિભક્તો બાજુના ગામમાંથી બે ઘોડા લઈને આવ્યા. ઘોડા જોતાં જ મહારાજ કહે, "આ ઘોડા કોણે મંગાવ્યા ?"

સુરાખાચર સમજી ગયા કે વારો ચડશે. એટલે તુર્તજ વાતને ફેરવતા કહે, "એલ્યા બોલો બોલો ! કોણે મંગાવ્યા ? જાઓ પાછા લઈ જાવ, અહીં ક્યાં કોઈને ઘોડા જોઈએ છે !" એમ કહી ઘોડા પાછા મોકલી દીધા.

પછી મહારાજ ઉતાવળી ચાલે ચાલવા માંડ્યા. કાઠીઓ તો દોડ્યે ન પહોંચે, એ બધા તો 'મહારાજ ! ઊભા રહો, ઊભા રહો એટલું બધું જમ્યા છીએ કે ચલાતું નથી.' એમ બૂમો પાડતા જાય.

મહારાજ પાછા ફરી કહે, "જે પાછળ રહી જશે તેને કાલે ઉપવાસ કરવો પડશે !"

સુરાખાચરનું મોટું શરીર અને પાછી ચાલવાની ટેવ નહીં, એટલે તે ધીમે ધીમે હાંફતા હાંફતા હાલ્યા આવે અને બીજા કાઠીઓને રાડ્યો નાખી કહેતા આવે, "એલા કાઠાઓ ! ધીમે હાલો, હું પાછળ રહી ગયો. ઊભા રીયો, ઊભા રીયો, મારે કાલે ઉપવાસ કરવો પડશે !"

મહારાજ તો જાણે કશું સાંભળતા જ ન હોય એ રીતે બધા કાઠીઓને ઝીંઝાવદર સુધી દોડાવ્યા ને સાંજે અલૈયા ખાચરના દરબારમાં પધાર્યા.

સુરા ખાચર માંડ માંડ ઢસડાતા પગે ઉતારે પહોંચ્યા. આવીને ઓસરીની કોરે બેસી ગયા અને કહે, "અલૈયા ! હવે જલ્દી જમવાની વ્યવસ્થા કરો, ભણ્યું આપો ભૂખ્યો થયો સે."

થોડીવારમાં રસોઈ તૈયાર થઈ. મહારાજ માટે બાજોઠ ઢળાયા. મહારાજ જમવા પધાર્યા. એક બાજોઠ ઉપર મહારાજ બિરાજ્યા અને બીજા ઉપર થાળ રાખ્યો. મહારાજની સાથે સાથે ભક્તોની પણ પંક્તિ પડી.

પેટમાં કૂદતા હનુમાનજીને શાંત કરવા દરેક કાઠીઓ ઝડપથી પંક્તિમાં બેસી ગયા. ત્યાં મહારાજ બોલ્યા, "કાઠીઓ ! આજથી પ્રકરણ બદલ્યું છે."

પ્રકરણનું નામ સાંભળતા જ સુરાબાપુના પેટમાં ફાળ પડી. એમને થયું આ બાપ હરખું ખાવા દે તો સારું ! ત્યાં બન્યું પણ એવું જ. મહારાજ પ્રકરણની વાત કરતા બોલ્યા, "ભોજન ભાતભાતના પીરસવામાં આવશે, પણ હવે નિયમ એ

છે કે જ્યારે ભોજન પીરસાતું હોય ત્યારે કોઈએ આંખ ખોલવાની નથી. અમે જય બોલાવીએ, ત્યારે બંધ આંખે જ થાળીમાં હાથ નાખવાનો અને જેનો હાથ જે સામગ્રી ઉપર પડે એ એક જ સામગ્રી જમવાની રહેશે ! મીઠાઈમાં હાથ પડે તો મીઠાઈ ! શાકમાં હાથ પડે તો એકલું શાક ! દાળમાં હાથ પડે, તો એકલી દાળ ! સંભારામાં હાથ પડે તો માત્ર સંભારો !''

માતરો ધાધલ બોલ્યા, ''અલૈયા ! મારી નાંખ્યા. માંડ મેવા-મીઠાઈનો મેળ પડ્યો, ત્યાં આપણો દિ' ઊઠ્યો, આ બાપાએ પ્રકરણ ફેરવી નાખ્યું !''

સુરા ખાચર કહે, ''મારા બાપ ! તમે જેમ ક્યો તેમ, પણ હવે જલદી પીરસાવો. ભૂખ બહુ લાગી છે, ભણ્યું કાંઈક તો પેટમાં જાહે !''

બધા જમવા બેસી ગયા. આંખો મીંચી માનસી કરે છે. થાળીઓ પીરસાઈ ગઈ. મહારાજ કહે, ''ચાલો થાળીમાં હાથ મૂકો.''

એવામાં બન્યું એવું, સુરા ખાચરે આંખ મીંચી થાળીમાં હાથ નાખ્યો, ત્યાં હાથમાં ખાલી ગાજરનું અથાણું આવ્યું. સુરા ખાચરે ગાજરું હાથમાં લીધું અને આમ તેમ ફેરવતા ફેરવતા બોલી ઊઠ્યા, ''મહારાજ ! મારે તમને એક કીર્તન સંભળાવવું છે.''

મહારાજ સહિત બધાની દૃષ્ટિ સુરા ખાચર તરફ મંડાણી. મહારાજે કહ્યું, ''બોલો સુરા ખાચર !''

સુરા ખાચર અષ્ટમપષ્ટમ કડીઓ જોડી જાડા ધોંસરા જેવા સાદે બોલવા લાગ્યા.

''ગાજરડા મારા વેરી રે, તેં પૂર્વ ભવનું વેર વાળ્યું.
હે ગાજરડા ! મેં તારો ક્યો બાપ માર્યો'તો,
હે ગધના ગાજરડા ! આટલા બધામાંથી હું જ તને હાથમાં આવ્યો ?
હે ગાજરડા ! તારું નખ્ખોદ જાજો.''

જમવાનું એક બાજુ રહી ગયું અને બધા સુરા ખાચરના આ અદ્‌ભૂત કીર્તનના આનંદમાં હસી હસીને બેવડ વળી ગયા. મહારાજ હસતા હસતા બોલ્યા, ''સુરા ખાચર ! તમે તો ભારે કીર્તન જોડ્યું. તમારો કંઠ પણ 'ગધના'ને શરમાવે તેવો છે.''

મહારાજે ગધના શબ્દ વાપર્યો, એટલે ફરીથી બધા ખડખડાટ હસી પડ્યા.

સુરા ખાચર કહે, ''મહારાજ ! સાદ જેવો હોય તેવો, પરંતુ સાંભળીને તમે

બધા રાજી થયા ને ?''

મહારાજ કહે, ''અમે ખૂબ રાજી થયા.''

સુરા ખાચર કહે, ''જો રાજી થયા હો તો હું માગું ઈ આપો.''

મહારાજ હસીને કહે, ''તમારે આ પ્રકરણ બંધ જ કરાવવું છે ને ?''

સુરા ખાચર હસીને કહે, ''મહારાજ ! હવે તમે ભગવાન ખરા, ભણ્યું તમે મારા મનની વાત ભણી દીધી.''

મહારાજે કહ્યું, ''સુરા ખાચરના આ અદ્‌ભૂત કીર્તનની મોજમાં આપણે આ પ્રકરણ બંધ કરીએ છીએ !''

આમ કહી મહારાજે અલૈયા ખાચરને કહ્યું, ''અલૈયા ! હવે તમે આ દરબારોને ભાવતાં ભોજન જમાડો.''

આટલું કહી મહારાજ બોલ્યા, ''દરબારો ! અમારે તમને આ રીતે પ્રકરણો ફેરવીને હેરાન કરવાનો હરખ નથી, પણ તમે બધા ખૂબ સ્વાદિયા છો એટલે અમારે તો તમારો સ્વાદ છોડાવવો છે.''

સુરા ખાચર બોલ્યા, ''છોડાવજો બાપા, છોડાવજો ! પણ ધીરે ધીરે છોડાવજો. એક હાર્યે નહિ, નહિ તો મરી જાહું.'' વળી પાછા બધા હસી પડ્યા. મહારાજે આ પ્રકરણ અહીં પૂરું કર્યું.

આ રીતે સુરાખાચર નિર્દોષભાવે હસાવી મહારાજને રાજી કરતા.

ભગવાનપણું મોંઘું પડ્યું

શ્રીજી મહારાજના ફક્ત એક કાગળથી અઢાર સદ્‌ગૃહસ્થો પરમહંસ થયેલા, એમાં એક સુરાખાચર પણ હતા. મહારાજની આજ્ઞાથી પાછા ગૃહસ્થાશ્રમ પધાર્યા, પરંતુ ત્યારપછી જીવનભર બ્રહ્મચર્ય પાળ્યું હતું.

આ સમયે સુરાખાચરની ઉંમર છવીસ વર્ષની હતી અને શાંતાબાની ઉંમર બાવીસ વર્ષની હતી. ઘરે નાથા ખાચર અને વલુબાઈ એ બે નાનાં બાળકો હતાં. ઘરમાં રહેવા છતાં ઘર સુરા ખાચરને સ્પર્શી શક્યું નહોતું. તેમની સ્થિતિ જનક રાજા જેવી હતી.

ઘરે પાછા ફર્યા પછી સુરા ખાચર વધારે સમય મહારાજ સાથે જ વિતાવતા. મહારાજની સાથે વિચરણમાં હોય, સમૈયા-ઉત્સવોમાં હાજર હોય અથવા મહારાજને જ લોયા લઈ જાય અને આનંદોત્સવ કરાવે. મહારાજ પણ પોતાના

અલૌકિક ઐશ્વર્ય દ્વારા ભક્તોને અલૌકિક સુખ આપે.

ક્યારેક ક્યારેક ભગવાન પોતાનાં ઐશ્વર્યનો એક અંશ પોતાના ભક્તને પણ આપે, જેથી અનેક મુમુક્ષુઓનું પોષણ થાય અને સત્સંગના રંગે રંગાય.

એ વખતે મહારાજે કચ્છના કાળા તળાવના રવજી સુતાર, મુસ્લિમ ભક્ત શેખજી, ઝીંઝાવદરના કાઠી દરબાર અલૈયા ખાચર આ બધા ભક્તોને પોતાનું થોડું ઐશ્વર્ય આપેલ, જેમાં અલૈયા ખાચર મોખરે હતા. તેમને મહારાજે પોતાની છડી આપી હતી. આ છડીનો એક છેડો જેને અડાડે તેને સમાધિ થતી અને બીજો છેડો અડાડે એટલે સમાધિમાંથી જાગતા, સાથે સાથે તેના મનની વાત પણ જાણી શકતા. મહારાજે આવું ઐશ્વર્ય આપી અલૈયા ખાચરને દેશ ફરવા મોકલેલા. સાથે વીશ પાર્ષદો પણ મોકલ્યા હતા. તેમાં એક સુરા ખાચર હતા.

અલૈયા ખાચર અનેક પ્રદેશોમાં ફરે, પોતા પાસે રહેલું ઐશ્વર્ય વાપરે, જેથી અનેક લોકો આકર્ષાય. આ લોકોને અલૈયા ખાચર સત્સંગની વાતો કરે, પ્રગટ ભગવાનનો નિશ્ચય કરાવે. પરંતુ ધીમે ધીમે એમાં પરિવર્તન આવવા માંડ્યું. અલૈયા ખાચર ખૂબ મનાવા-પૂજાવા લાગ્યા. વિવિધ પ્રકારની પૂજાઓ, થાળ, ઢોલિયા વગેરે ગ્રહણ કરવા લાગ્યા.

અલૈયા ખાચરનું આ બધો ભોગ-વિલાસ જોઈ સુરા ખાચરને પણ મનમાં થયું, 'ભણ્યું ! આ અલૈયો તો ભગવાન થઈ પૂજાય છે, તો મેં કેમ નહીં.''

એક વખત દેશદેશાંતર ફરી સુરા ખાચર મહારાજ પાસે આવ્યા ને થોડી રમૂજ કરતા કહ્યું, ''ભણ્યું મહારાજ ! અલૈયો તો ઢોલિયા ઉપર ચડીને ભગવાન થઈને બેસે અને અમારે હેઠે બેસવું પડે. તે એવું ભગવાનપણું અમને એક દિવસ તો આપો ?''

મહારાજ હસતા હસતા કહે, ''સુરા ખાચર ! ભગવાન થવામાં માલ નથી. એ તો કઠિન થઈ પડે એવું આકરું કામ છે.''

સુરાખાચર કહે, ''અરે મહારાજ ! ભલે જે થાવું હોય તે થાય, પણ એકવાર ભગવાન થવું છે, ભગવાનપણાનો સ્વાદ ચાખવો છે. પછી ભલેને તમે ભગવાનપણું લઈ લો, પણ એકવાર ભગવાન થયા તો કહેવાઈએ !''

મહારાજ કહે, ''ઠીક ત્યારે, તમને પણ એક દિવસ ભગવાન થવાનો લાભ આપીશું.''

થોડા સમય પછી કાઠી ભક્તો સાથે મહારાજ ગઢડાથી કારિયાણી જઈ રહ્યા હતા. ત્યાં કેટલાક અડબંગ બાવાઓ સામે મળ્યા. તે સ્વામિનારાયણ ભગવાનને લૂંટવા ગઢડા આવી રહ્યા હતા.

વાત એમ બની હતી કે એ કડધીંગ જેવા બાવા કારિયાણીમાં રહેતા એક સાત્ત્વિક બાવાને હેરાન-પરેશાન કરતા હતા. ત્યારે તેમણે કહ્યું, ‘‘મને ગરીબને મારીને તમને શું મળશે ? તમારે જો ધન-દોલત જોઈતી હોય, તો તમારી સિદ્ધાઈ ગઢડાવાળા સ્વામિનારાયણને બતાવો. એમની પાસે અઢળક સંપત્તિ છે.’’

આમ વાત સાંભળી બાવાઓ કહે, ‘‘કહાં રહતે હૈ સ્વામિનારાયણ ?’’

પેલો બાવો કહે, ‘‘ગઢડા રહે છે, ત્યાં જાવ અને એને વશ કરો.’’

‘‘ઐસી બાત હૈ !’’ એમ કરી બાવાની જમાત ગઢડે આવવા નીકળી.

દૂરથી રજવાડી પોશાક પહેરી માણકી ઉપર અસ્વાર થઈ મહારાજને તથા સાથેના કાઠીઓને આવતા જોઈ, ખાખી બાવાઓએ સાથે ચાલતા કોઈ વટેમાર્ગુને પૂછ્યું, ‘‘એ સબ કોંન આ રહે હૈ ?’’

વટેમાર્ગુ કહે, ‘‘એ તો સ્વામિનારાયણનો સંઘ આવી રહ્યો છે.’’

એક ખાખીબાવો કહે, ‘‘અચ્છા એ તો ઠીક હુઆ. સ્વામિનારાયણ રાસ્તે મેં હી મિલ ગયે. અબ તો ઉન્હેં ઠીક કરેંગે.’’

મહારાજ નજીક આવતા ખાખી બાવો માણકી પાસે આવીને કહે, ‘‘તુમ સ્વામિનારાયણ હો ? ભગવાન હો કે ઘૂમતે હો ?’’

મહારાજ સમજી ગયા કે, આનો ઈરાદો કંઈક જુદો જ છે. તો આજ સુરા ખાચરને જ લાભ આપવા દ્યો. એમ વિચારી મહારાજ કહે, ‘‘દેખો મહાત્મા ! પેલા પાછળ મોટા પાઘડાવાળા અને બધાથી જાડા આવે છે ને, એ સ્વામિનારાયણ છે. અમે તો એમના સેવક છીએ !’’

બાવાઓ પાછળ આવતા સુરા ખાચર પાસે ગયા. સુરા ખાચરના વાંહામાં ચિપિયો અડાડીને કહે, ‘‘તુમ સ્વામિનારાયણ હો ? ભગવાન બન બૈઠે હો ? નીચે ઊતરો, હમ તુમકો દેખ લેતે હૈ.’’ એમ કરી બધા બૂમાબૂમ કરવા લાગ્યા.

સુરા ખાચર સમજી ગયા કે ‘આને મહારાજે મોકલ્યા લાગે છે. મહારાજ અને બધા ભક્તો તો આગળ નીકળી ગયા છે, હવે શું કરવું ? હું ગાફલાઈ રાખીશ તો વારો ચડી જાહે.’ એમ વિચાર કરતા મનમાં એક યુક્તિ ઘડી કાઢી.

સુરા ખાચર કહે, "અરે મહાત્માઓ ! શાંત થાઓ, ક્રોધ ન કરો. મારે કાંઈ ભગવાન થવાનો મોહ નથી. હું તો રાહ જોઈ રહ્યો છું કે કોઈ આપના જેવા પવિત્ર મહાત્મા મળી જાય તો મારું બધું ભગવાનપણું તેને સોંપી દઈ તેનો શિષ્ય થઈ જાઉં. માટે તમારામાં જે મોટેરો હોય તેને મારી પાસે મોકલો. હું ખાનગીમાં એમને ભગવાન થવાનો મંત્ર આપી દઉં, જેથી એ ભગવાન થઈ જાય."

બાવાઓએ એનો જે ગુરુ હતા તેમને બતાવ્યા અને કહ્યું, "આ અમારા ગુરુ છે. એમને ભગવાન થવાનો મંત્ર આપી દો."

સુરા ખાચર કહે, "એમ ! બહુ સારું, મારા તો નસીબ ઉઘડી ગયા. આવો બાપુ, અહીં આવો. હજી નજીક આવો. મારે તમારા કાનમાં મંત્ર બોલવો પડશે, કારણ કે આ ભગવાન થવાનો મંત્ર છે. જો બીજો કોઈ સાંભળી જાય તો એ પણ ભગવાન બની જાય, માટે પાંહે આવો, પાંહે."

સુરા ખાચર ઘોડી ઉપર બેઠા હતા એટલે બાવો પાસેની ટેકરી ઉપર ચડી સુરા ખાચરના મોંઢા પાસે કાન ધરીને ઊભો રહ્યો. સુરા ખાચરે બાવાનું માથું પકડી પોતાની બગલમાં જોરથી દબાવી દીધું અને ઘોડીને બે સોટી જોરથી મારતા જ ઘોડી ચાર પગે પૂર જોશમાં ઉપડી. બાવો તો બિલાડાના બચોલિયાની જેમ બગલમાં લટકી રહ્યો.

તેના ચેલાઓ બૂમાબૂમ કરી પાછળ દોડ્યા, પણ સુરા ખાચરને પકડી શક્યા નહીં. મારતે ઘોડે મહારાજ પાસે પહોંચી ગયા. બાવાની અવદશા જોઈ મહારાજને દયા આવી એટલે સુરા ખાચરને કહ્યું, "સુરા ખાચર ! છોડી દો બાપડાને છોડી દો. મૂંઝાઈને મરી જશે !"

સુરા ખાચરે 'જા ગુલકુંના' એમ કહી બગલમાંથી છોડ્યો. તે જેમ ઝાડ ઉપરથી પાકેલ ફળ પડે, એમ બાવો નીચે પડ્યો. પછી તો બધાએ પોતપોતાની ઘોડીઓ દોડાવી અને કારિયાણી આવી પહોંચ્યા. બાવો કકળાટ કરતો પડ્યો રહ્યો.

મહારાજ સુરા ખાચરને કહે, "કેમ સુરા ખાચર ! ભગવાન થવામાં કેવી મજા આવી ?"

સુરા ખાચર કહે, "અરે ભણ્યું બાપ, થોડી ગાફલાઈ રાખી હોત તો ખાખીઓ મને નિરાંતે પૂરો કરી દેત."

મહારાજ કહે, "પણ અમે તો તમને ભગવાન કર્યા હતા !"

ભણ્યું મહારાજ, "આવું ભગવાનપણું તો ભારે પડે હોં."

પછી તો મહારાજ અને સુરાખાચર સહિત બધા સખાઓ એ પ્રસંગને સંભારતા થકા ખૂબ હસ્યા.

નિર્દોષ હાસ્યની રેલમછેલ

સુરા ખાચર હાસ્યરસનો ખજાનો હતા. એને વેણે વેણે હાસ્ય વરસતું રહેતું. એમાંય સુરો ખાચર અને બ્રહ્માનંદ સ્વામી ભેગા થાય, ત્યારે તો પાતાળમાંથી પાણીનાં ઝરણાં ફૂટે એમ હાસ્યરસના ફૂવારા છૂટતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ સહિત આખી સભા હાસ્યરસમાં તરબોળ થઈ જતી. સુરા ખાચરની રમૂજવૃત્તિ મહારાજને કાયમ પ્રસન્ન રાખતી.

એક વખત શ્રીજી મહારાજ ઉદાસ થઈને બેઠા હતા. સંતો વિવિધ પ્રકારના વાંજિત્રો વગાડી ધૂન-કીર્તન કરતા હતા. એ સમયે સુરા ખાચર સભામાં આવ્યા. મહારાજનાં દર્શન કરી સભામાં બેઠા, પણ મહારાજ કંઈ બોલ્યા નહીં.

સુરા ખાચર ઊભા થઈ સભાને સંબોધતા કહે, "ભણ્યું ધૂન-કીર્તન બંધ કરી આ આપાની કથા હાંભળો."

સુરા ખાચરનો પડકારો થયો એટલે સંગીત બંધ થયું અને બધા સંતો-ભક્તોએ સુરા ખાચરની વાત સાંભળવા કાન સરવા કર્યા.

સુરા ખાચર કહે, "ભણ્યું, બધાય કાન દઈને હાંભળજો હોં ! એ આગળના વખતમાં અમારા બાપદાદાઓ ધાડ પાડવા ગયેલા. લૂંટફાટ કરી પાછા ઘેર આવતા હતા, ત્યાં રસ્તામાં એક ગામ આવ્યું. એ ગામમાં પણ એક મકાનમાં ધાડ પાડી, પણ ત્યાં ઝાઝું કાંઈ મળ્યું નહીં."

"ઈ ઘરમાં એક બકરી બાંધેલી ને એક બાઈ સૂતેલી. તે જોઈ અમારા વડવાઓએ વિચાર કર્યો કે આપણે કોઈ દૂઝણું નથી અને ઘરનું પરચુરણ કામકાજ કરે એવું કોઈ માણહ પણ નથી. પછી અમારા આપાએ એક કાંકરે બે પંખી માર્યા."

ત્યાં કોઈ બોલ્યું, "પણ સુરા આપા ! ત્યાં ક્યાં પંખી હતા ?"

સુરા ખાચર કહે, "થોડી શાંતિ રાખો બાપ, ઉતાવળા થાવ મા. હું બધું હમજાવું છું."

સુરા ખાચરે ફરી પોતાની વાતનો તાર સાંધ્યો, "પછી અમારા આપાએ હળવેક રહીને તલવારથી બકરીનો પાછળનો અડધો ભાગ કાપી લીધો અને પેલી

બાઈનો ઉપલો ભાગ કાપી લીધો. પછી તે બેઉ ભાગ જોડીને પાટો બાંધી દીધો અને તેને ઘેર લઈ આવ્યા. પછી આપાને જ્યારે કસૂંબા ઉપર દૂધ પીવું હોય ત્યારે બકરીને દોહી લે એટલે બકરી દૂધની દોણી ભરી દ્યે અને ઉપરનો ભાગ બાઈમાણસનો હતો તે ઘરનું બધું કામ કરે. આથી અમારા આઈને પણ બહુ સુખ થઈ ગયું !''

''આમ અમારા આપાની અક્કલ-હોશિયારીથી ઘરમાં દૂઝાણું અને કામ કરનાર બાઈ એ બન્નેની ભારે સગવડ થઈ ગઈ હતી. જો કે આયજ તો એ બકરીય વૈ ગઈ અને બાઈ પણ વૈ ગઈ ને અમારા આપાઓય વયા ગયા, પણ હજી એ આપાઓ કોઈને ખોળિયે આવે તૈંયે ઈ બકરીનું દૂધ માગે છે ! બોલો હવે ઈ ક્યાંથી કાઢવું ?''

આ વાત સાંભળી શ્રીજી મહારાજ ખૂબ હસી પડ્યા ને સુરા ખાચરને કહે, ''તમને વાતો જોડતા ભારે આવડે છે હોં !''

આ રીતે સુરા ખાચર નિર્દોષ હાસ્યરસની રેલમછેલ વરસાવી મહારાજને ખૂબ રાજી કરતા.

સખાભક્તિ હાસ્યરસ

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ સખાભાવની ભક્તિમાં રમૂજ કરીને મહારાજને અનેક વખત હાસ્યરસમાં નવડાવ્યા છે. એ જ રીતે સુરા ખાચર પણ મહારાજ સાથે દાસ હોવા છતાં બહુધા સખા તરીકે રહી મહારાજને રમૂજની વાતો કરી આનંદ ઉપજાવતા.

એક વખત શ્રીજી મહારાજ દાદા ખાચર, ઝીણાભાઈ, સુરા ખાચર વગેરે ઘણા ભક્તજનો સાથે રાત્રિના સમયે આનંદથી બેઠા હતા.

ત્યારે સુરા ખાચર કહે, ''સાંભળો મહારાજ ! એક ગરાશિયો હતો. બધાથી બહુ મોટો. હોકા, બીડી, અફીણ વગેરે વ્યસનમાં ઘરવખરી વેચાઈ ગયેલ, જેથી વ્યવહારે સાવ નબળો પડી ગયેલો. ઘરમાં કોઈ કામ કરે એવું રહ્યું નહોતું, એટલે પોતે જાતે જ કરે. પણ દરબાર કહેવાય અને સૌ આખો દિવસ 'બાપુ બાપુ' કરે એટલે બધા જૂએ એમ કામ કરવામાં શરમ આવે. માટે દરબાર મોટા ભાગનું કામ રત્રિના જ પતાવી દ્યે.''

''એક વખત દરબાર રાત્રિના સમયે હોકો ભરવાની તમાકુ અને અફીણ

ખાંડવા બેઠો. રાત્રિ બહુ વીતી ગઈ ને ખાંડતા ઉડેલી તમાકુ અને અફીણના નશાથી બાપુને ઘેન ચડ્યું. તે ત્યાંને ત્યાં ઢળી પડ્યો. મોટી પાઘડી બાંધી હતી તે બાજુમાં પડી ગઈ ને ઊંઘમાં ને ઊંઘમાં પાઘડીમાં પેશાબ થઈ ગયો. પાઘડીમાં ટોપી હતી તે પાણકોરાની હતી, કેટલાય દિવસથી ધોવાયેલી નહીં, તેથી મેલી થઈ ચામડા જેવી થઈ ગયેલ, જેથી પેશાબ પાઘડીમાં ભરાયેલો રહ્યો.''

થોડીવાર પછી બાપુ જાગ્યા, ઘેનમાંને ઘેનમાં આંખ ખોલી એટલે સામે પાઘ જોઈને કહે, ''એલા ટપુડા ! અહીં બગલો કોણે માર્યો છે ?''

''અરે બાપુ ! ઈ તો તમારી પાઘડી છે. રાઈતે બગલો ક્યાંથી હોય ?''

''લે એમ છે ! ભણ્યુ મને એમ કે બગલો છે. એમ કહી પાઘડી ઉપાડી માથે મૂકી ત્યાં તો બાપુ નાહી રહ્યા.''

મહારાજ હસતા હસતા કહે, ''એ દરબાર તમે તો નહોતા ને ?''

સુરા ખાચર કહે, ''ભણ્યું બાપ ! મારી વાત કાઉં કરું ?'' એમ કહી બધાને ખૂબ હસાવ્યા. આ રીતે સુરા ખાચર સખાભક્તિમાં હાસ્યરસ વહેવડાવી મહારાજને ખૂબ રાજી કરતા.

મારા દીકરા, બધા તણાઈ ગયા...

મહારાજ ઉપરનો પ્રસંગ સાંભળી ને બોલ્યા, ''સુરા ખાચર ! આ વાતમાં કંઈ મજા ન આવી, આજે તો તમારા બાપદાદાઓ કેવા પ્રતાપી હતા ? એની વાતો કરો.''

સુરા ખાચર ભારે ગંભીર થઈ ગયા. એની નકલી ગંભીરતા પણ બધાને હાસ્ય ઉપજાવનારી હતી. કૃત્રિમ ગંભીરતા સાથે સુરા ખાચર બોલ્યા, ''મહારાજ ! અમારા બાપદાદાના પ્રતાપની વાત જ જવા દો. ઈ તો મારા દીકરા બધાય ધાડપાડુનો ધંધો કરતા.''

'મારા દીકરા' શબ્દ સાંભળતાં જ સભા ખડખડાટ હસવા માંડી. મહારાજ હસતા હસતા બોલ્યા, ''સુરા ખાચર ! તમે વાત તમારા બાપદાદાની કરો છો અને એને 'મારા દીકરા' કહો છો !''

સુરા ખાચર કહે, ''મહારાજ ! તમારે એવું ઝીણું ઝીણું ન જોવું, અમે તો જાડા માણહ કહેવાઈએ. અમારી બોલી પણ એવી જાડી જ હોય. લ્યો હવે મૂળ

વાત સાંભળો.''

''એક દિ' અમારા બાપદાદા ધાડ પાડવા ગયા. પચ્ચીસ-ત્રીસ અસ્વારો સાથે હતા. ધાડ પાડી માલમત્તા ભેગી કરી નીકળ્યા, ત્યાં વાંહે વા'ર ચડી. અમારા બાપદાદા ઘોડા ખેલાવવામાં ભારે કુશળ, એણે એવા ઘોડા દોડાવ્યા કે ગધેડીના વા'રવાળા વાંહે રહી ગયા.''

સુરા ખાચરને વેણે વેણે હાસ્યરસ વરસી રહ્યો હતો. સુરા ખાચર બોલ્યા,''મહારાજ ! અમારા બાપદાદા ઘોડા દોડાવ્યે જતા હતા, સાંજનું ટાણું થવા આવ્યું હતું. એવામાં ભોગાવા જેવી નદી આડી આવી. નદીમાં પાણી સાવ ઓછું અને કાદવ વધારે. સંધ્યાને અજવાળે કાદવમાં પાણીનો ભાસ થતો હતો. આગલા અસ્વારે કાદવને પાણી માની ઘોડાને નદીમાં નાખ્યો, ત્યાં તો ઘોડો કાદવમાં ગોઠણ સુધી ખૂંતી ગયો.''

''ઘોડાને ખૂંતેલા જોઈ ઈ આડા કાઠીના દીકરાને થયું, 'ભારે કરી ! પાણી છે નહિ અને ઘોડું તો કાદવમાં ખૂંત્યું. હવે વાંહ્યલા અસવારો મારી મજાક કરશે. આમ વિચારતા વિચારતા એને એક યુક્તિ સૂઝી આવી અને નિર્ધાર કર્યો કે, 'હવે જો હું બધાયના ઘોડા ન ખૂંતાડું તો કાઠીનો દીકરો નહિ.''

આટલું કહી સુરા ખાચર બોલ્યા, ''મહારાજ ! પછી તો માળો ઈ આપો ઘોડા ઉપર બેઠો બેઠો ત્રો... ત્રો... કરવા માંડ્યો.''

પશુઓને પાણી પાતા હોય ત્યારે ગામડાના લોકો ત્રો...ત્રો... શબ્દ વાપરતા હોય છે. ''ત્રો.....ત્રો.... ! સાંભળીને વાંહ્યલા અસ્વારોને થયું કે, 'આપા ઘોડી પાય છે.' એમ ધારીને વાંહ્યલા અસ્વારે ઘોડુ નાંખ્યું તો એનુંય ઘોડુ ખૂંત્યું !''

''પેલા આપાએ સાનમાં સમજાવ્યું, તુંય ત્રો....ત્રો.. .! કરવા માંડ્ય, નહિતર બેયની રેવડી થશે ! કાઠીનો દીકરો સાનમાં સમજી ગયો અને એય પણ ત્રો...ત્રો...! કરવા માંડ્યો !''

''પછી તો મહારાજ ! એક પછી એક બધા આવતા ગયા, ઘોડા ખૂંતતા ગયા તોય બધા ત્રો...ત્રો... ! કરતા ગયા અને 'ગધના' બધાય ખૂંતી ગયા !''

એક તો રમૂજ ભરેલી વાત અને એમાં પાછો 'ગધનો' શબ્દ આવ્યો એટલે આખી સભા હસી હસીને લોટપોટ થઈ ગઈ.

મહારાજ પણ મોં આડો રૂમાલ દઈને ખડખડાટ હસતા હસતા બોલ્યા,

"સુરા ખાચર ! તમે તો ભારે કરી. તમે વાત તમારા બાપદાદાની કરો છો, એકવાર તમે એને 'દીકરા' કીધા અને હવે 'ગધના' સુધી પહોંચ્યા ! તમારા બાપદાદા 'ગધના' તો તમે કેવા ?" સભામાં પાછો હાસ્યરસ રેલાઈ રહ્યો.

સુરા ખાચર બોલ્યા, "મહારાજ ! તમે ભગવાન સાચા, પણ અમારી કાઠીની ભાષાનો મરમ તમને ન સમજાય !"

"મહારાજ ! અમારી કાઠીની નાતમાં 'ગધનો' કહેતા આવડી જાય, એટલે ઈ સોળેય સોપારા ભણી ગયો કહેવાય ! પછી એને ભણવા માટે કાશીએ ન જવું પડે."

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણના દરબારમાં સુરાખાચરની હાજરી હાસ્યરસ રેલાવતી રહેતી. સુરા ખાચરની ત્રો..ત્રો... ! ની વાત સાંભળી મહારાજે સંતો અને ભક્તોને કહ્યું, "ભક્તજનો ! સુરા ખાચરની વાત ભલે રમૂજની હોય, પણ એનો મર્મ ભારે છે. આ સંસારમાં સર્વે ત્રો..ત્રો.. ! કરતા કરતા જ માયાના કાદવમાં ખૂંતે છે. બાપો પરણ્યા પછી દુઃખી દુઃખી થઈ જાય, છતાંય ત્રો...ત્રો... ! કરીને એના છોકરાને પરણાવે !"

"ઈ છોકરો પાછો ત્રો...ત્રો...! કરીને એના છોકરાને પરણાવે ! આમ આ ત્રો...ત્રો...! ની પરંપરામાં જે ફસાય તે બધા જ ખૂંતતા જાય ! કોઈ વિરલ વ્યક્તિ જ એવી હોય છે કે જે આવા ત્રો..ત્રો...માં ફસાતા નથી અને એના જીવનનું ઘોડું માયાના કાદવમાં ખૂંતતું નથી. માયામય સંસારમાં રહેવા છતાંય માયાના બંધન જેને બાંધી શકે નહિ, એવા એકાંતિક ભક્તો અને સંતો અમને ખૂબ વ્હાલા છે."

સુરા ખાચરની રમૂજભરી વાત ઉત્તમ ઉપદેશ માટેનું નિમિત્ત બની ગઈ.

વળી મહારાજ કહે, "સુરા ખાચર ! આવી તે કાંય વાત હોય ? કોઈક સારી વાત કરોને ?

સુરા ખાચર કહે, એ છેલ્લી વાત સાંભળી લો...

"હું ને મારો ઠાકોર, જગત આખું કાણું,
ઠાકોર બેઠા પારણે, ને હું દોરી તાણું."

"જૂવો ! આ સ્વામિનારાયણ એ સર્વોપરી ભગવાન છે અને એમ જે ન કહે એ ગધ્યનો (ગધેડીનો). ન સાંભળે ઈ પણ ગધ્યનો. વાત થઈ પૂરી ને મારું દુઃખે

છે માથું. જાઓ સૂઈ જાઓ હવે.''

આમ કહી બધાને ખૂબ હસાવ્યા અને રાજી કર્યા.

ઢોંગી બાવાનું કપટ ખોલ્યું

એક વખત શ્રીજી મહારાજ ગઢપુરથી વડતાલ તરફ જતા હતા. સાથે પાર્ષદો તથા કાઠી દરબારો હતા. એક ગામની સીમમાં રસ્તાને કાંઠે જ પથ્થર ઉપર એક બાવો આંખો મીંચી સાવ નગ્ન અવસ્થામાં બેઠો હતો.

એ બાવો ઢોંગી હતો. કોઈ વટેમાર્ગુને દૂરથી આવતા જૂવે એટલે આંખો બંધ કરી બેસી જાય. લોકો એને સિદ્ધ જાણી પૂજે અને બાવાનું ગુજરાન ચાલે.

મહારાજ તથા ભક્તોનો સંઘ ત્યાંથી જ પસાર થતો હતો. દૂરથી સંઘને આવતો જોઈ બાવો પથ્થર ઉપર ધ્યાનાવસ્થામાં બેસી ગયો અને અગડમ બગડમ મંત્રો બોલવા માગ્યો.

સાવ નગ્ન અને કડધીંગ જેવા ઢોંગ કરતા બાવાને જોઈ મહારાજને હસવું આવ્યું. મહારાજ ધીમેથી કહે, ''કાઠીઓ અવાજ ન કરશો, મહાત્માજીને ધ્યાનમાં વિક્ષેપ પડશે.''

પાસે આવેલા ઘોડે સવારોના શબ્દો કાનમાં પડતા બાવાએ એક આંખ અડધી ખોલી જોયું. બાવાની આ ક્રિયા જોઈ સુરા ખાચરથી રહેવાણું નહીં. એના હાથમાં ખંજવાળ આવવા માંડી. એ તો બાવાની સામે જઈ ઊભા રહી ગયા. સુરા ખાચરને આમ ઊભા રહી ગયેલા જોઈ મહારાજ કહે, ''કેમ બાપુ ! શું ઊભા રહ્યા ?''

સુરા ખાચર કહે, ''મહારાજ ! આપની આજ્ઞા હોય તો આ પાખંડઋષિના તપનાં પારખાં કરીએ !''

મહારાજ કહે, ''એને બેસવા દોને સુરા ખાચર ! પ્રયોજન વિના શા માટે આગમાં હાથ નાખવો ?''

સુરા ખાચર કહે, ''ભણ્યુ મહારાજ ! એમ થોડું હાલે, ફરીવાર આવા મહાત્માના દર્શન થાય કે નોય થાય ! માટે તમે દૂર જઈને ઊભા રહો, હું અને માતરો પગે લાગીને આવીએ છીએ.''

મહારાજ હસીને કહે, ''સારું, પણ જો જો એના શિષ્યો ન થઈ જતા.'' એમ કહી મહારાજ તથા બીજા ભક્તો હસતા હસતા આગળ ચાલતા થયા.

પછી સુરાખાચર બાવા પાસે જઈ વખાણ કરવા લાગ્યા : “ઓ.હો.હો... શું મહાત્માજી દરશન થાય છે ! સાક્ષાત્ ભીમનાથ મહાદેવ બિરાજમાન હોય એમ લાગે છે. માતરા ! મેં ભીમનાથની પાંચ રૂપિયાની માનતા કરી છે તે આ મહાત્માને ચરણે ધરી દઉં, એટલે મારે ભીમનાથ ધક્કો નહિ.”

માતરો ધાધલ કહે, “પણ આપા ! તમે પાંચ રૂપિયા મૂકશો ને આ રસ્તાનો કાંઠો છે, વળી મહાત્માજી આંખો મીંચીને તપ કરે છે, તો કોઈ લઈ જશે તો ?”

“હા...ઈ તારી વાત હાચી હોં માતરા ! હવે શું કરવું ? એક રસ્તો છે માતરા ! જો મહાત્મા મોંઢું ફાડે, તો મોંઢામાં મૂકીએ.” આમ કહી સુરા ખાચર રૂપિયા મંડ્યા ખખડાવવા. ત્યાં તો બાવે મોંઢું ફાડ્યું.

માતરો ધાધલ કહે, “એ આપા ! જૂવો મહાત્માએ મોંઢું ફાડ્યું, લ્યો હવે જલ્દી ભેટ ધરી દ્યો.”

“ભણ્યું માતરા ! તું ઉતાવળ ન કર, હું મહાત્માને પાંચ પ્રદક્ષિણા કરીને પછી ભેટ ધરું, તો ભેટ લેખે લાગે. વિધિ તો બરાબર કરવો જોઈ ને ?”

“લે હવે પાંચ પ્રદક્ષિણા કરી લઉં.” એમ કહી પ્રદક્ષિણા ફરતા પાછળ જઈ ધીમેથી ધૂળની મૂઠ્ઠી ભરી લીધી. બાવો તો બરાબર મોઢું ફાડીને બેઠો છે ને રાહ જૂવે છે કે અબઘડી પાંચ રૂપિયા મોઢામાં આવી જશે. ત્યાંતો સુરા ખાચરે ‘હે ભીમનાથ !’ એમ કહી ગેંડાના મોંઢા જેવડા પહોળા થયેલા બાવાના મોંઢામાં ધૂળની મૂઠ્ઠી પધરાવી દીધી !

બાવાએ મોંઢાના બે પડ ભેગા કર્યા ત્યાં તો ધૂળ નીકળી. થૂં...થૂં... કરતો થૂંકવા લાગ્યો. ક્રોધમાં આવી ગયો અને ઊભો થઈ ગાળો ભાંડવા માંડ્યો.

સુરા ખાચર કહે, “ગોલકુના ! સાધુ થઈને ક્રોધ કાઉંનો કરતો સે ? માંગલના છાનુંમુનો બેઠો રે. જો હું જરાય ક્રોધ કરું છું ?” બાવો વધારે ખીજાતા બોલ્યો, “હમારી મશ્કરી કરતે હો, ચકલી બના દૂંગા !”

સુરા ખાચર કહે, “હમ તુમકો કાગડા બના દેંગે. ઢોંગ કરી દૂનિયાને છેતરે છે ને વળી સિદ્ધાઈ દેખાડે છે ? હજી તો તને ખાલી પગે લાગ્યો છું, અહીંથી ચાલતો થા, નહિતર મહાપૂજા કરવી પડશે !”

બાવો સમજી ગ્યો કે અહીંથી ભાગો, નહિતર આવી બન્યું. પછી બાવો તો બબડતો બબડતો હાલતો થઈ ગયો.

સુરા ખાચર અને માતરો ધાધલ મહારાજ પાસે આવ્યા અને બધી વાત કરી.

મહારાજ કહે, ‘‘વાહ સુરાખાચર ! તમે ઢોંગી બાવાનું કપટ ખોલ્યું ખરું હોં.’’ એમ કહી મંદમંદ હસવા લાગ્યા.

નમો સદ્ગુરુને, નમો સદ્ગુરુના છૈયાને

શ્રીજી મહારાજ ઘણી વખત ઉદાસ થઈને બેસી જતાં ત્યારે વિવેકી ભક્તો સમજી જતા કે આજ જરૂર કોઈએ મહારાજની આજ્ઞા લોપી હશે અથવા સત્સંગનું હીણું દેખાય એવું કાર્ય કોઈએ કર્યું હશે.

એક દિવસ શ્રીજી મહારાજ ઉદાસ થઈને બેઠા હતા. કોઈની સામું જૂએ નહીં કે બોલે નહીં.

ત્યાં સુરા ખાચર દર્શને આવ્યા. મહારાજનાં દર્શન કર્યા પરંતુ મહારાજ કંઈ બોલ્યા નહીં. સુરા ખાચર સમજી ગયા કે દાળમાં કંઈક કોકમ જેવું કાળું છે.

પછી સુરા ખાચરે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! હું એક નવી સાખી શીખીને આવ્યો છું. પણ... એ કોની આગળ ભણું ? મહારાજ તો ભણ્યું અવળું જોઈને બેઠા છે.’’

ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, ‘‘તમો બોલો તો ખરા સુરા ખાચર ! કોઈએ કાનમાં ક્યાં પૂમડાં દીધાં છે ? એતો બધાને સંભળાશે.’’

સુરા ખાચરે મહારાજ સામું જોઈ ડોલતા ડોલતા સાખી ઉપાડી.

‘‘નમો સદ્ગુરુને, નમો સદ્ગુરુના છૈયાને,
નમો સદ્ગુરુના છૈયાને, નમો રમતા-ભમતાને.
નમો રૂઠ્યા ત્રૂટ્યાને, નમો હળના ઠૂંઠાને.
પીપળે ચડી પાડી, લબ લબ લીંબુ ખાય,
ડાળ ઝાલીને ખંખેર્યું, ત્યાં રીંગણા ઢેરમઢેર થાય.
ઘર પાસે હળ પડ્યું, મેં જાણ્યું લવિંગ,
વાંકી વળીને લેવા ગયો ત્યાં નીકળ્યો ભોરીંગ.’’

સુરા ખાચરની આવી સાખીઓ સાંભળી શ્રીજી મહારાજ બોલી ઊઠ્યા, ‘‘આવી ઢંગધડા વગરની ક્યાંય સાખીઓ હોય ?’’

સુરા ખાચર કહે, ‘‘સારી સાખીઓ આવડતી હશે ઈ સારી સાખીઓ બોલશે, બાકી સુરાને જેવી આવડી એવી ભણ્યો !’’

આ રીતની સુરાખાચરની મર્માળી વાત સાંભળી શ્રીજી મહારાજ હસ્યા અને વાતો કરવા લાગ્યા.

આ રીતે ભલે સુરાખાચરનું હાસ્ય જાડી વાણીમાં હોય, પણ મહારાજને અર્થે વપરાતું. આ હાસ્ય નિર્ગુણરસમય બની જતું.

નિરાલો સખાભાવ

એકવખત મહારાજ કારિયાણી પધારેલા, ત્યાં મિષ્ટાનની રસોઈ કરી બધા ભક્તોને જમાડ્યા. પછી મહારાજ મીણબાઈના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર પોઢ્યા.

ત્યાં ઢોલિયો ને ભીંતની વચ્ચે થોડી જગ્યામાં સુરા ખાચર પોતાની મોટી ગોળી જેવી ફાંદ ખૂલ્લી રાખી સૂતા. ફાંદ પણ એવડી મોટી કે ઢોલિયાની ઈંહે બરાબર પહોંચી.

સુરા ખાચરની ફાંદ જોઈ મહારાજને રમત કરવાનું મન થયું અને સખા સાથે નિરાલો પ્રેમ વરસાવવાનું ચાલુ કર્યું. પોતાના ચરણારવિંદની પાની સુરા ખાચરની ડૂંટી ઉપર રાખી જરા ભાર દઈને હલાવે અને કહે કે "સુરા ખાચર ! કીર્તન ગાઓ."

સુરા ખાચરે પણ સખાભાવે કીર્તન ચાલુ કર્યું. મહારાજે ફાંદ ઉપર પાની દબાવીને હલાવે એટલે બ્રહ્માંડ ગજાવે એવો ભોંભ-ભોંભ એવો ગંભીર અવાજ નીકળે.

અવાજ સાંભળી મહારાજ મંદમંદ હસતા જાય અને ગાતા ગાતા સુરાખાચર બોલતા જાય, "અરે મહારાજ ! તમારી પાની તો ભણ્યું કાઠીની બરછી જેવી લાગે છે." આમ ભક્ત અને ભગવાનના નિરાલા સખાભાવના દર્શન કરી સૌ આનંદ પામ્યા.

અતિ નિર્માનીપણું

એક વખત શ્રીજી મહારાજ પાર્ષદો અને કાઠી દરબારો સાથે પગપાળા ચાલ્યા જતા હતા. ત્યારે મહારાજે સુરા ખાચરના ભક્તપણાનો તાગ લેતા કહ્યું, "સુરા ખાચર ! તમે ફક્ત લંગોટી વાળી કાશીએ જાઓ."

સુરા ખાચરે કંઈ પણ વિચાર કર્યા વગર તૂર્ત જ કપડાં કાઢીને પાઘડીની

કોપીન વાળી લીધી ને કહે, "લ્યો મહારાજ ! બરાબરને ?"

મહારાજ કહે, "એમ નહીં, અમે કપડું ફાડીને આપીએ તેની કોપીન વાળો."

"આજ્ઞા કરો મહારાજ ! તમો જે આપો એની કોપીન વાળું."

પછી મહારાજે થોડો ટૂકડો ફાડી આપ્યો ને સુરા ખાચરે નાના ટુકડાથી કોપીન બાંધી અને એ સ્થૂળ શરીરમાં નાની એવી કોપીન જોઈ બધા ખૂબ હસ્યા.

ગામ નજીક આવતા બધા ભક્તોએ મહારાજને વિનંતિ કરતા કહ્યું, "મહારાજ ! ગામ નજીક આવે છે અને સુરા ખાચરનો ડુંગરા જેવડો ઉઘાડો દેહ બહુ ખરાબ દેખાય છે, માટે સુરા ખાચરને કપડાં પહેરાવો તો ઠીક."

પછી મહારાજે કપડાં પહેરવાની આજ્ઞા કરી એટલે સુરા ખાચરે કપડાં પહેર્યાં.

આ રીતે અનન્ય સખાભાવથી સુરા ખાચર મહારાજ સાથે રહી વખતો વખત વિવિધ પ્રકારે રમૂજ કરી શ્રીજી અને સંતો-પાર્ષદોને હાસ્યરસમાં તરબોળ કરતા.

શિર સાટે બ્રહ્મચર્ય વ્રત

ભૂજના સુંદરજી સુથારનો અહંકાર ઉતારવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે અઢાર જણાને પરમહંસ થવાનો પત્ર લખેલો, જેમાં સુરા ખાચર પણ એક હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે એક અદ્‌ભૂતાનંદ સ્વામી સિવાયના સત્તરેય પરમહંસોને પાછા સંસારમાં મોકલ્યા હતા, જેમાંથી કેટલાકે ઘરે પાછા આવીને પણ બ્રહ્મચર્ય પાળી સાંખ્યયોગી જીવન ગાળ્યું હતું. એમાંના એક હતા, સુરા ખાચર. ભગવાન શ્રીહરિની આજ્ઞાથી શરીર ઉપર ભગવાં વસ્ત્ર ધારણ કર્યા પછી સુરા ખાચરને સંસાર-સુખ હરામ થઈ ચૂક્યું હતું. એથી એમણે આજીવન બ્રહ્મચર્ય પાળવાનો નિર્ધાર કર્યો હતો.

ભૂજથી ઘરે આવી એમણે પોતાનો નિર્ણય પોતાના ધર્મપત્ની શાંતાબાને જણાવ્યો. શાંતાબાએ તો ઘણા સમયથી સંસારના સુખથી મન ઊતારી લીધું હતું. સુરા ખાચરનો નિર્ણય સાંભળી એના અંતરમાં આનંદ થયો અને બોલ્યા, "દરબાર ! આપનો નિર્ણય યોગ્ય છે. મહારાજની મૂર્તિનો આનંદ માણ્યા પછી હવે સંસારની ખાટી છાશ પીને આપણે શું કરવું છે ?"

પત્નીની અનુમતિ મળતા સુરા ખાચરને અત્યંત આનંદ થયો. આ રીતે આ પવિત્ર દંપત્તિએ સંસારમાં રહીને આજીવન 'સાંખ્યયોગ' પાળ્યો હતો.

જસદણના દરબાર વાજસુર ખાચરને સત્સંગ તરફ જરા અભાવ રહેતો. એથી ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિતોને કોઈ કોઈવાર મુશ્કેલીમાં મૂકી દેતા. એમાં પણ સુરા ખાચરના બ્રહ્મચર્યની વાત સાંભળી એમને આશ્ચર્ય થયેલું.

સુરા ખાચર છવ્વીસ વર્ષની ભરયુવાન અવસ્થામાં યુવાન પત્ની સાથે રહીને બ્રહ્મચર્ય કઈ રીતે પાળી શકે ? કારણ કે સૌભરી, પરાશર, એકલશૃંગી, ચ્યવન વગેરે મોટા-મોટા ઋષિઓ જંગલમાં એકાંતવાસ કરી મહાન તપશ્ચર્યા કરતા હતા. તો પણ સ્ત્રીને જોઈને મોહ પામ્યા અને પોતાની સ્થિતિમાંથી ચલાયમાન થયા. તો પછી ગૃહસ્થાશ્રમમાં રહીને આ રીતે બ્રહ્મચર્યનું પાલન થઈ શકે જ નહીં, અને એમાંય કળયુગમાં ? આ વાત માની જ ન શકાય ! આમ વિચારી વાજસુર ખાચરે કોઈક પ્રસંગે સુરા ખાચરની પરીક્ષા લેવાનું નક્કી કર્યું.

ત્યાં એક વખત વાજસુર ખાચરને સમાચાર મળ્યા કે સુરા ખાચર કંઈક કામકાજ અર્થે જસદણ આવે છે. આજે એની પરીક્ષા કરવાનો ભારે મોકો છે, એમ વિચારી પ્રથમથી જ આયોજન કરી રાખેલ.

સુરા ખાચર જસદણ આવ્યા એટલે વાજસુર ખાચરે એમનું સ્વાગત કરી એક એકાંત ઘર હતું તેમાં ઉતારો આપ્યો.

કોઈ કુલટા સ્ત્રીને પૈસાની લાલચ આપી વાજસુર ખાચરે કહ્યું, ''લોયાના દરબાર આ એકાંત ઘરમાં ઊતર્યા છે, તારે રાત્રિ સમયે જઈને તેઓને ધર્મભ્રષ્ટ કરવાના છે.'' અને સ્ત્રીએ હા પાડી.

ઘોર અંધારી રાત હતી, જળ જંપી ગયું હતું, લોકો ઘોર ઊંઘમાં હતા. સુરા ખાચરના ઉતારાને ઓરડે ઝાંખો દીવો બળી રહ્યો હતો. યુવાન ઉંમરના યતિરાજ પલંગ ઉપર બેસી હાથમાં માળા લઈ 'સ્વામિનારાયણ' મહામંત્રનો જપ કરી રહ્યા હતા.

એવા સમયે પેલી સ્ત્રી સુરા ખાચરના ઓરડે આવી અને સાંકળ ખખડાવી બોલી, ''દરબાર ! ઓ દરબાર ! જલ્દી ખડકી ખોલો, મારો દીકરો બહુ બિમાર છે. મારે અંદરથી દવા લેવી છે, માટે કમાડ ઉઘાડો.''

સુરાખાચરે કમાડ ઊઘાડ્યું. અંધારી રાતે એકલી બાઈને એકાંત ઓરડામાં આવેલી જોઈ સુરા ખાચર સચેત થઈ ગયા. સ્ત્રીએ ઓરડામાં આવી આમ તેમ દવા ગોતવાનો ઢોંગ કર્યો. પછી નખરાં કરતી કરતી અણછાજતા ચેનચાળા કરવા માંડી. સુરા ખાચર બાઈની બદદાનતને પારખી ગયા.

સુરા ખાચર એમની મેલી મુરાદ જાણી ગયા. તૂર્ત જ મ્યાનમાંથી તલવાર ખેંચી સ્ત્રીને ગળે અડાડી શૂરવીરતાથી બોલ્યા, "બોલ રાંડ ! તને અહીં કોણે મોકલી છે ? જલ્દી મોઢું ખોલ, નહિતર તલવારથી વાઢી નાખું છું."

ભગવાન શંકરે ખોલેલાં ત્રીજાં નેત્ર જેવું સુરા ખાચરનું રૌદ્ર રૂપ જોઈને પેલી બાઈ થરથર ધ્રૂજવા લાગી અને ડરની મારી સ્ત્રી બોલી ઊઠી, "માફ કરો, દરબાર ! મને ગામધણી દરબાર વાજસુર ખાચરે મોકલી છે, મને જવા દ્યો, મારો ગુનો માફ કરો."

સુરા ખાચરે કહ્યું, "જા, ભાગ્ય અહીંથી. હું બાઈ માણસ ઉપર હાથ ઉપાડતો નથી, માટે તને જીવતી જવા દઉં છું."

ઉતાર બાઈ કપડાં ઠીકઠાક કરતી કરતી ઝડપથી બહાર ભાગી ગઈ. વાજસુર ખાચરે બે-ચાર અનાડી માણસોને આ ખેલ જોવા છૂપી રીતે ગોઠવી રાખ્યા હતા. સુરા ખાચરનું રૌદ્ર રૂપ જોઈને તેઓ પણ ડઘાઈ ગયા અને છૂમંતર થઈ ગયા.

સુરા ખાચરે હાકલ કરી, "છે કોઈ હાજર ?"

વાજસુર ખાચરનો માણસ દોડતો આવ્યો અને બોલ્યો, "કેમ બાપુ ! મધરાતે શું જરૂર પડી ?"

સુરા ખાચરે કહ્યું, "અત્યારે ને અત્યારે અમારો ઘોડો હાજર કરો, અમારે ગઢડા જવું છે."

માણસ બોલ્યો, "પણ બાપુ ! સવારે જજોને, આટલી શું ઉતાવળ છે ?"

સુરા ખાચરે કહ્યું, "આ પાપના ઓરડામાં હવે અમે એક પળ પણ રોકાઈ શકીએ એમ નથી."

સુરા ખાચરની કરડી નજરનો તાપ માણસ જીરવી શક્યો નહિ. એણે તાબડતોડ સુરા ખાચરનો ઘોડો હાજર કર્યો.

ઘોડેસ્વારી કરતા કરતા સુરા ખાચર બોલ્યા, "કે'જે વાજસુર ખાચરને કે, મે'માનોની આબરૂ લેવાના ગોરખધંધા બંધ કરે." આટલું કહી સુરા ખાચરે

ગઢપુરના માર્ગે ઘોડો દોડાવી મૂક્યો.

સવારે વાજસુર ખાચરને ખબર પડી કે, 'એણે ગોઠવેલી બાજી ઊંધી વળી છે.' વાજસુર ખાચર શરમથી ભોં ખોતરવા લાગ્યા. સાથે સાથે એમનું મન આ મહાન યતિરાજને વંદન કરવા લાગ્યું.

આ બાજુ શ્રીજી મહારાજે ગઢડામાં સવારની સભામાં વાત કરતા કહ્યું, "અમારા એક ભક્ત એવા છે, તેને એકાંતમાં સ્ત્રીનો યોગ થયો તો પણ લગરીકેય લેવાયા નહીં."

સભામાં બેઠેલા જિજ્ઞાસુઓએ મહારાજને પૂછ્યું કે, "કૃપાનાથ ! એવા ભક્ત કોણ છે ?"

મહારાજ કહે, "હમણાં જ થોડીવારમાં તે શૂરવીર ભક્તના દર્શન કરાવીશ."

ત્યાં જ સુરા ખાચર આવી પહોંચ્યા. ઘોડી ઉપરથી ઊતરી મહારાજને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.

સર્વના મનની ઉત્કંઠાને શાંત કરવા મહારાજ સુરા ખાચર સામે જોઈ બોલ્યા, "ભક્તજનો ! કંચન અને કામિનીના કામબાણોએ ભલભલા ત્યાગીઓ, તપસ્વીઓ અને યોગીઓના અંતરને ભેદી નાખ્યા છે, જ્યારે આ અમારા સુરા ભક્તની વાત ન્યારી છે."

"આ અમારા સુરા ભક્તને એકાંતમાં સ્ત્રીનો જોગ થાય, તોપણ એમનું મન મેરૂ જેવું અચળ રહે છે. કામિનીઓના કામના બાણ એમને વીંધી શકતા નથી." આવા તો એક લક્ષ્મણ જતિ હતા અને બીજા આ સુરા ખાચર છે.

આટલું કહી મહારાજે સુરાખાચરને કહ્યું, "સુરા ખાચર ! આગલી રાતે જસદણમાં જે બન્યું એની વાત કરો."

મહારાજનો આદેશ થયો એટલે સુરા ખાચરે થોડા સંકોચ સાથે આગલી રાતે જે બન્યું હતું, તે સઘળી બીના કહી સંભળાવી. સુરા ખાચરની વાત સાંભળીને સભામાં બેઠેલા બધા જ ભક્તજનો સુરા ખાચરને સાધુવાદ દેવા લાગ્યા.

વાતનું સમાપન કરતા સુરા ખાચરે કહ્યું, "આ બધું તો મહારાજની કૃપાનું જ પરિણામ છે, બાકી જીવનું શું ગજુ ? હું તો ભારે ભારાડી હતો, મહારાજે હાથ પકડીને મને તારી દીધો !"

સભામાં કદાચ આ પહેલો પ્રસંગ હશે, જ્યારે સુરા ખાચર હાસ્યરસ વરસાવવાને બદલે ગંભીરતાથી શાંત અને અદ્ભૂત રસ વરસાવી રહ્યા હતા.

પછી મહારાજ સુરા ખાચરને ભેટ્યા ને ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી.

પટારામાંથી પ્રગટ્યો શાકોત્સવ

શ્રીજી મહારાજની કૃપાથી સુરાખાચર વ્યવહારે ખૂબ સુખિયા થયેલા. એ વખતે સોના-ચાંદીનાં ઘરેણાં અને વીસ હજાર રૂપિયા રોકડા તેમની પાસે હતા.

એક દિવસ ઘરમાં કોઈ શુભ પ્રસંગ હતો. સગા સંબંધીઓ અને ગામના ઘણા માણસો સુરા ખાચરના ઘરે આવેલા. પ્રસંગ પૂરતા પટારામાં પડેલા ઘરેણાં સહુ ઘરના સભ્યોએ પહેરેલાં. પ્રસંગ પૂરો થતા ઘરેણાં ને પૈસા પાછા પટારામાં મૂકી તાળું મારી દીધું. તાળું માર્યું પણ ઉતાવળમાં ચાવી પટારા ઉપર જ પડી રહી.

એ દિવસે ઘરમાં ઘણા માણસો હતા. એમાંથી કોઈ જાણભેદુની નજર ચાવી ઉપર પડી અને મન ચકરાવે ચડ્યું. રાત્રિનો સમય થતા ચાર-પાંચ ચોર લોકોને લઈને એ રે'ણાંક ઘરની પછવાડે દિવાલમાં બાકોરું પાડી ઘરમાં પ્રવેશ્યા. સુરા ખાચર વગેરે ઘરના સભ્યો થાક્યા-પાક્યા ઘાટી નિદ્રામાં સૂતા હતા, તેથી થોડા-ઘણા અવાજથી એમની નિંદર ઉડવાની નહોતી.

ચોર પટારા ઉપર રાખેલી ચાવીઓ હાથમાં લઈ પટારો ખોલવા મંડ્યા, પણ ભગવાનને કરવું કે એકેય ચાવી તાળાને લાગી નહીં. ઘણી માથાકૂટ કરી, પણ કારી ફાવી નહીં તેથી ચોરોએ આખો પટારો જ ઉપાડવાનું નક્કી કર્યું.

પછી ચોરોએ આખેઆખો પટારો ઘરના પછીતની દીવાલના બાખામાંથી બહાર કાઢ્યો અને ગામની ભાગોળે લઈ જઈ તાળું તોડવા લાગ્યા. કેમેય કરીને તાળું ન તૂટ્યું તેથી પટારો તોડવા લાગ્યા. જૂના જમાનાના પટારા ખૂબ મજબૂત એટલે પટારો તોડવાની ખૂબ મહેનત કરી, પણ પટારો ન તૂટ્યો.

આમને આમ પરોઢનો સમય થયો. ચોરોને થયું કે 'હવે સવારનો સમય થયો છે. અવર-જવર ચાલુ થશે તો કોઈ આવી જશે ને આપણને જોઈ જશે તો સુરાબાપુ આપણું કાટલું કાઢી નાખશે.' એ બીકે ચોરો પટારો મૂકી કંઈ પણ લીધા વગર ભાગી નીકળ્યા.

પરોઢિએ જાગેલા લોકોએ સુરા ખાચરના ઘરના પાછલા ભાગે દિવાલે

બાકોરું જોતાં જ સુરા ખાચરને ખબર આપ્યા, "બાપુ...બાપુ ! તમારા ઘરમાં ખાતર પડ્યું !"

સુરા ખાચર કહે, "એલ્યા શું ભણો છો ? મારા ઘરમાં ખાતર ?" એમ કહી સુરાખાચર ઘરમાં જઈને જૂવે છે તો દિવાલમાં મોટું બાકોરું ને પટારો ઘરમાંથી ગાયબ ! એટલે પોતે વિચારે ચડ્યા કે, 'મેં જ્યારથી ભગવાન શ્રી સ્વામિનારાયણની કંઠી આ ગળામાં પહેરી છે, ત્યારથી ન્યાય-નીતિથી જ ધન મેળવ્યું છે. વળી ભગવાનનો દશમો ભાગ પણ બરાબર કાઢું છું. માટે મારું દ્રવ્ય જાય નહીં, છતાં ઠીક છે, જેવી મહારાજની મરજી.' આમ મનમાં ચિંતવન કરે છે ત્યાં બહારથી આવી કોઈએ સમાચાર આપ્યા કે, 'બાપુ ! ગામ બહાર ખેતરમાં એક પટારો પડ્યો છે, તે તમારો તો નથી ને ?'

સુરા ખાચર ગામલોકો સાથે તે જગ્યાએ ગયા તો પટારો પડેલો ને સાધનો પણ પડેલાં. સુરા ખાચર પટારો ઘરે લાવ્યા. પટારો ખોલતા પહેલા સંકલ્પ કર્યો કે, 'આ પટારામાં જે કાંઈ રહ્યું હોય, તેમાંથી અડધું મહારાજ અને સંતો-ભક્તોને અર્થે વાપરવું.'

આમ મનમાં નક્કી કરી પટારો ખોલ્યો. પોતાને મનમાં થયું કે 'ચાવીઓ પટારા ઉપર રહી ગઈ હતી જેથી કાંઈ બચ્યું નહીં હોય.' પણ બધી જ વસ્તુ આબાદ હતી. અંદરના રૂપિયા, ઘરેણાં, જર-ઝવેરાત સલામત હતા. તે જોઈ પોતે આશ્ચર્ય પામી બહુ ખૂશ થયા. પોતાના ધર્મપત્નિ શાંતાબાઈને વાત કરી કે, "મેં સંકલ્પ કરેલ, કે જે બચે તેમાંથી અડધું મહારાજ અને સંતો-ભક્તોની સેવામાં વાપરવું."

શાંતાબાઈ કહે, "દરબાર ! જો પટારાનું તાળું ખુલ્યું હોત, તો શું ચોર એમાંથી અડધું દ્રવ્ય મૂકતા જાત ?"

સુરાખાચર કહે, "ચોર થોડા રહેવા દ્યો, ઈ તો હાથમાં આવત તો ભણ્યું બધું સાફ કરી જાત."

શાંતાબાઈ કહે, "દરબાર ! શ્રીજી મહારાજે આપણી ખરેખરી રક્ષા કરી છે, નહિતર ચાવીઓ પટારા ઉપર હોવા છતાં એ લાગુ નો થાય એવું બને ખરું ? માટે આ પૂરેપૂરું દ્રવ્ય શ્રીજી મહારાજની સેવામાં વાપરી નાખો." શાંતાબાઈની શ્રદ્ધાપૂર્ણ આ વાત સાંભળીને સુરા ખાચર ઘણા જ રાજી થયા.

એવામાં સમાચાર મળ્યા કે શ્રીજી મહારાજ પાંચસો પરમહંસ સાથે કારિયાણી વસ્તા ખાચરને ત્યાં પધાર્યા છે. ત્યાં અન્નકૂટનો મોટો મહોત્સવ છે.

આ વાતની જાણ થતાં શાંતાબાઈએ સુરા ખાચરને કહ્યું, ‘‘દરબાર ! તમે જલ્દી કારિયાણી જાવ અને પ્રભુને તેડી લાવો.’’

સુરા ખાચર કહે, ‘‘ભણ્યું ! જેના પૂરા પૂણ્ય ઉદય થયા હોય કે તપ કર્યાં હોય તેને ઘેર પ્રભુ પધારે. આપણાં એવાં ભાગ્ય ક્યાંથી હોય કે પાંચસો પરમહંસ સહિત શ્રીજી મહારાજ આપણે ત્યાં પધારે ?’’

ત્યારે શાંતાબાઈ કહે, ‘‘દરબાર ! શ્રદ્ધાથી જાઓ. જનક, ધ્રુવ, પ્રહ્‍લાદ જેવું તપ કરીને પણ મહારાજને તેડી લાવો અને ન તેડી લાવોને તો સાધુ થઈને મહારાજની સેવા કરજો, પણ પાછા ઘેર ન આવતા.’’

સુરા ખાચરને મનમાં થયું, ‘ભણ્યું બાઈમા’ણાને આટલો વિશ્વાસ ને શ્રદ્ધા છે, તો જરૂર મહારાજ પધારશે.’

બીજે જ દિવસે સુરા ખાચર ઘોડે સવાર થઈને કારિયાણી પહોંચ્યા. મહારાજનાં દર્શન કરી ઉત્સવની સેવામાં લાગી ગયા.

ઉત્સવ પૂરો થતાં સુરા ખાચરે દંડવત્ કરી મહારાજને કહ્યું, ‘‘કૃપાનિધાન ! હવે સંતો-પાર્ષદો સહિત લોયા પધારો અને અમને પાવન કરો એવી મારી આગ્રહભરી અને નમ્ર પ્રાર્થના છે.’’

સુરા ખાચરની અરજી સાંભળી મહારાજ રમતે ચડ્યા અને દાદા ખાચરને કહ્યું, ‘‘દાદા ખાચર ! સુરા ખાચર આવ્યા, ત્યારે તમે કંઈક વાત કરવા જતા’તા ને ?’’

‘‘હા મહારાજ ! હું એમ કહેતો હતો કે, લક્ષ્મીવાડીમાં સચ્ચિદાનંદ સ્વામીએ બહુ બકાલું વાવ્યું છે, તેમાં વંતાક (રીંગણા) બહુ ઉત્તમ અને સ્વાદિષ્ટ થયા છે, માટે આપ ગઢપુર પધારી અમને લાભ આપો.’’

સુરાબાપુ વિચારે ચડ્યા કે, ‘આ બાપ સીધી રીતે તો નહીં આવે. આંગળી થોડી વાંકી કરવી પડશે.’ આમ વિચારી નાટક શરૂ કર્યું.

સભામાં બેઠા હતા તે ઊભા થયા. કંઈક ખોવાઈ ગયેલી વસ્તુ શોધતા હોય એમ વાંકા-વાંકા ચાલી આડા અવળું જોવા લાગ્યા. જોતાં જોતાં મહારાજની પાટ પાસે આવી નીચે જોવા લાગ્યા.

સુરા ખાચરને કંઈક ગોતતા જોઈ મહારાજ કહે, "સુરા ખાચર ! શું ગોતો છો ?"

સુરાખાચર કહે, "ભણ્યું મહારાજ ! હું ઈ ગોતું સું કે તમારા સિવાય કોઈ બીજો ભગવાન, હોય તો તેને મારે ઘેર તેડી જાઉં. ભણ્યું ઘણું ખોળ્યું, પણ તમારા સિવાય બીજો કોઈ ભગવાન દેખાતો નથી. તે હેં મહારાજ ! મેં સાધુઓ પાસેથી એમ સાંભળ્યું છે કે, ભગવાનના બે નામ છે. એક રાજાધિરાજ અને બીજું ગરીબનવાજ. તેં મહારાજ ! એ સાચું હઈશે ?"

મહારાજ કહે, "સાધુ કહેતા હશે, તો એ જરૂર સાચું હશે."

સુરા ખાચર કહે, "મહારાજ ! જો આપ રાજાધિરાજ હો તો દાદા ખાચરને ઘેર પધારો, કારણ કે તેઓ તો રાજા છે અને જો આપ ગરીબનવાજ હો તો મારે ઘેર પધારો. એમની પાસે હું ગરીબ છું."

મહારાજ કહે, "સુરા ખાચર ! અમારાથી ખોટો પક્ષપાત ન થાય. દાદા ખાચર તથા ઝીણાભાઈએ તમારી પહેલા અમને આમંત્રણ આપ્યું છે, માટે અમો ત્યાં જઈ પછી લોયા આવશું. માટે રાજી થઈ ઘેર જાવ."

સુરા ખાચર કહે, "સારું મહારાજ ! તો પછી હું તમારી સેવામાં જ રહું છું." એમ કહી નિમાણા થઈ એક ખૂણામાં બેસી ગયા.

મહારાજ કહે, "સુરા ખાચર ! કેમ ત્યાં બેસી ગયા? હવે ઘેર જાઓ."

"ભણ્યુ બાપ ! ઘેર કેમ જવું ? ઘરનાએ કહ્યું છે કે, 'મહારાજને તેડીને જ આવજો અને જો મહારાજ મહેર ન કરે તો સાધુ થઈ સેવાવ્રત લઈ લેજો.' માટે હવે ઘેર જવાનું માંડી વાળુ છું."

મહારાજ હસીને કહે, "સુરાભક્તે તો અમને બરાબર બંધનમાં લીધા. એમના ઘરના માણસ પણ ખૂબ જ પ્રેમી છે માટે અમારે જરૂર લોયા જવું પડશે." એમ કહી મહારાજે સુરા ખાચરને કહ્યું, "સુરાભક્ત ! તમે ઘરે જાવ, થોડા દિવસોમાં અમો સંતો-પાર્ષદો સાથે જરૂર લોયા પધારશું."

સુરાખાચર ખૂબ રાજી થયા ને ઘેર ગયા. મહારાજ પધારવાના છે એ સમાચાર મળતા જ આખું કુટુંબ આનંદમાં આવી ગયું ને મહોત્સવની તૈયારીમાં લાગી ગયું.

લોયાનો અનોખો શાકોત્સવ

આમ એક બાજુ સુરાખાચર મહારાજને લોયા પધારવા આગ્રહ કરી રહ્યા હતા, યોગાનુયોગ એ જ સમયે પંચાળાથી દરબાર ઝીણાભાઈ પણ મહારાજને તેડવા માટે ગઢપુર આવ્યા હતા.

ઝીણાભાઈ મહારાજને પંચાળા પધારવા આગ્રહ કરી રહ્યા હતા. દાદા ખાચરની ઈચ્છા હતી કે મહારાજ ગઢપુર છોડીને દૂર ન જાય, કારણ કે મહારાજનો વિરહ સહેવો એમના માટે મુશ્કેલ હતું.

એક બાજુ લોયા દરબાર સુરાખાચર, બીજી બાજુ પંચાળા દરબાર ઝીણાભાઈ અને ત્રીજી બાજુ ગઢપુર દરબાર દાદાખાચર. આમ, ત્રણેય પ્રેમી ભક્તોના આગ્રહથી ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રેમના તરભેટે ઊભા હતા.

શું કરવું ? એનો નિર્ણય કરવો કપરો હતો. ભક્તોના ભાવને આધીન મહારાજ ભારે ધર્મસંકટમાં મૂકાયા હતા.

આખરે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે મોટા સંતો સાથે વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે પ્રથમ લોયા જઈ સુરા ખાચરના મનોરથ પૂર્ણ કરવા, પછી પંચાળા જવું અને દાદા ખાચરને સહ પરિવાર સાથે લેવા. સંતોએ વિવેકપૂર્ણ માર્ગ કાઢ્યો, એથી મહારાજ અત્યંત રાજી થયા. મહારાજ સંતો-પાર્ષદોને સાથે લઈ લોયા પધાર્યા.

ઉત્સવપ્રિય ભગવાન શ્રી સ્વામિનારાયણ લોયામાં ક્યારેય જોયો ન હોય, ક્યારેય સાંભળ્યો ન હોય, એવા એક અનોખા ઉત્સવના મંડાણ લોયામાં કરવાના હતા.

શ્રીજી મહારાજ થોડા સમયમાં જ સંતો-પાર્ષદો સહિત લોયા પધાર્યા. સુરાખાચર તેમજ સત્સંગીઓએ વાજતે-ગાજતે ખૂબ ધામધૂમથી સામૈયું કરી મહારાજને ગામમાં પધરાવ્યા.

સુરા ખાચરને મનમાં થયું કે ‘દાદા ખાચર લક્ષ્મીવાડીના રીંગણાના બહુ વખાણ કરતા હતા. જો એવા સ્વાદિષ્ટ રીંગણા અહીં ક્યાંય મળી જાય તો મહારાજને અને સંતો-ભક્તોને પ્રેમથી જમાડું.’

આમ વિચારી આજુબાજુના ગામમાં તપાસ કરી, પણ હજારો ભક્તોને શાક પૂરું પડે એટલા રીંગણા ક્યાંય મળી શક્યા નહિ. પછી તપાસ કરતા લોયાથી

છ ગાઉ દૂર અલાવ ગામની સીમમાં પુષ્કળ રીંગણાની વાડી મળી આવી. રીંગણા પણ ઉત્તમ ને સ્વાદિષ્ટ હતા, તેથી ત્યાંથી લાવવાનું નક્કી કર્યું.

આ બાજુ લોયામાં મહારાજ મોટો સમૈયો કરે છે, એવા સમાચાર મળતા હજારો હરિભક્તો દર્શને આવવા લાગ્યા. સુરાખાચરના આગ્રહને માન આપી બધા જ ભક્તો રોકાણા છે.

રીંગણાના ગાડાં ભરાઇ ભરાઈને આવવા લાગ્યા. મહારાજે સુંદર મજાના રીંગણા જોઈ ભક્તોને કહ્યું કે, “આજ ફક્ત રીંગણાના શાકનો ઉત્સવ કરવો છે.”

કાઠી ભક્તો વિચારે ચડ્યા કે, ‘ભણ્યું, ખાલી રીંગણાના શાકે પેટ કેમ ભરાય ?’ પણ આજની મહારાજની લીલા કંઈક અદ્‌ભૂત હતી.

ગાડાં ભરી ભરીને રીંગણા આવવા માંડ્યા. મોટા મોટા મંગાળા મંડાયા. એના ઉપર મોટી મોટી કડાઈઓ મૂકાઈ ગઈ. સુરા ખાચરના ભાવથી તેલની જગ્યાએ ઘીના દેગડા આવી ગયા. મહારાજે શાક માટેના મસાલા મંગાવ્યા.

પછી મહારાજે કછોટો વાળી હાથમાં તાવીથો લઈ સંતોને આજ્ઞા કરી કે “ઘીનાં દેગડા કડાઈમાં નાખો.” મહારાજની આજ્ઞા થતા સંતો માંડ્યા ઘી ઠાલવવા. ઘી ગરમ થઇ રહ્યું એટલે મહારાજે પોતે ધાણા-જીરૂ, જાયફળ, તજ, તમાલપત્ર, લવીંગ, મરી, એલચી, હળદી, મીઠું, મરચું વગેરે નાખી વઘાર લીધો. એ સુગંધ ચોમેર ફેલાઇ ગઈ. આ રીતે મહારાજ સ્વયં શાક વઘારતા; મોટા હાથાવાળા તાવીથાથી હલાવીને શાકને એકરસ કરતા.

મહારાજ વિવિધ પ્રકારના મસાલા નાખતા જાય અને બગડેલા હાથ પોતાની ધોતીએ લૂછતા જાય, જેના લીધે ધોતી રંગબેરંગી થઇ ગઇ. શરીરે પણ હળદર વગેરે મસાલા ચોંટ્યા, જેથી મહારાજની મૂર્તિ પણ અલૌકિક શોભતી હતી. સંતો-ભક્તો મહારાજનાં દર્શન કરી મહા આનંદ અનુભવતા હતા. દેવતાઓ પણ એ શાક અને શાક બનાવનાર બન્નેના દર્શને દોડી દોડી આવવા લાગ્યા.

સમકાલીન સંતોએ નોંધ કરી છે કે શાકોત્સવની શરૂઆત મણ ઘીના વઘારથી થઇ હતી, જે છેવટે બાર મણ ઘી અને સાંઈઠ મણ રીંગણા સુધી પહોંચી હતી ! આના ઉપરથી જ શાકોત્સવ કેટલો ભવ્ય હશે ! અને કેટલા માણસો ભેગા થયા હશે, એનું અનુમાન આવી શકે છે !

શાક ધીમા તાપે ચડવા દીધું. શાક તૈયાર થઇ ગયું એટલે પંગત પડી. એક

બાજુ સંતો અને બીજી બાજુ હરિભક્તો. મહારાજ પોતે શાક પીરસવા પધાર્યા. સ્વયં મહારાજ પીરસતા હોય પછી જમવામાં થોડી કસર રખાય ? એવું વિચારી સંતો-ભક્તો એક શાક ઉપર જ તાન રાખી માંડ્યા જમવા !

શાક ઘીથી રસબસ રહેતું; જૂના જમાનાના માણસોના જઠર જ પચાવી શકે, એવું આ શાક હતું. આજનો તકલાદી માણસ તો આટલાં ઘીવાળા શાકને જોઈને જ માંદો પડી જાય !

રીંગણાના શાકની સાથે રોટલી તથા અન્ય પકવાનો તો ખરા જ, પરંતુ બીજી બધી વાનગીઓ કરતા રીંગણાના શાકનો જ ઉપાડ વિશેષ થતો હતો, કારણ કે આ શાક સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે વઘારેલું હતું !

કાઠી ભક્તો જમતા જાય ને વખાણ કરતા જાય, 'ભણ્યું, આપા સુરાનો ભાવ બહુ મીઠો હો ! એલા આપાઓ, જો જો ક્યાંક આંગળા નો' ચવાય જાય !!'

આ રીતે બધા સંતો-ભક્તોએ આ અદ્‌ભૂત અને અપૂર્વ શાકોત્સવ માણી ધન્યતા અનુભવી.

પછી મહારાજે જાહેર કર્યું કે, "ભક્તો ! સુરા ખાચરનો આ ભાવ ક્યાંથી પ્રગટ થયો, એ તો એમને પૂછો ?"

ત્યારે સુરાખાચરનું પ્રેમી હૃદય બોલ્યું કે, "બાપ ! આપની કૃપાથી પટારામાંથી આ અલૌકિક શાકોત્સવ પ્રગટ્યો છે."

લોયાનો આ શાકોત્સવ આશરે એક મહિના સુધી ચાલ્યો હતો. આમ, ભારતની ભાતીગળ અને ઉત્સવપ્રિય સંસ્કૃતિને એક અદ્‌ભૂત ઉત્સવની ભેટ મળી. આજે શહેરે-શહેરે અને ગામડે- ગામડે આ શાકોત્સવ ભવ્ય રીતે ઉજવાઈ રહ્યા છે. બીજા ઉત્સવો માટે તિથિ, વાર, નક્ષત્ર નિશ્ચિત હોય; જ્યારે આ શાકોત્સવ માટે કોઈ નિશ્ચિત તિથિ હોતી નથી. શિયાળો શરૂ થાય કે તૂર્ત જ ઠેર ઠેર શાકોત્સવો શરૂ થઈ જાય. આ શાકોત્સવો આખો શિયાળો ચાલે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રવર્તાવેલ આ શાકોત્સવને લીધે રીંગણું શાકનું રાજા બની ગયું !

આ રીતે સુરા ખાચરે પોતાની સર્વ સંપત્તિ મહારાજની સેવામાં ખર્ચી નાખી. પરંતુ એ જ વર્ષે વરસાદ સારો થયો, ખેતીની ઉપજ એવી આવી કે કંઈ ખામી રહી નહીં. જેટલા દાણા કોઠારમાં હતા તેટલા પાછા ભરાઈ

ગયા. રૂપિયાના પણ પટારા ભરાઈ ગયા. ત્યારે સુરા ખાચરે મહારાજને સમાચાર મોકલ્યા કે, 'મહારાજને કહેજો, જેટલું વાપર્યું એનાથી અનેકગણું ભરાઈ ગયું છે. સુરાખાચરને જરાય ઘસારો લાગ્યો નથી. ફરી પાછા લોયા પધારે અને અમને સેવાનો લાભ આપે.'

૭ માંચાખાચર (કારિયાણી)

બોટાદ નજીક કારિયાણી નામે ગામ આવેલું છે. ગામને ગોંદરે વામપંથી બાવાઓની જમાત ઊતરી છે.

દંભી અને પાખંડી ગુરુ શાસ્ત્રોના સિદ્ધાંતોને એક બાજુ મૂકી, પોતાના મનઘડંત અર્થો સમજાવી, દારુ, માંસ, વ્યભિચાર જેવા દુરાચારો આચરી ભોળી પ્રજાને છેતરે છે.

ગામધણી દરબાર મહાન દૈવી આત્મા છે. તેમને આ વામમાર્ગના દંભી અને પાખંડી ગુરુઓ પ્રત્યે અત્યંત ઘૃણા, પરંતુ બાપ-દાદાનો આ પંથ અને એના આ ગુરુ છે, એવા નાતે વિવેક ખાતર ગુરુ માટે થાળ લઈને ગોંદરે ગયા.

દૂરથી દરબારને આવતા જોઈ ઢોંગી ગુરુ સમાધિમાં બેસી ગયા. દરબાર નજીક આવ્યા એટલે ઢોંગી ગુરુના એક ઢોંગી શિષ્યએ દરબારને કહ્યું, ‘‘બાપુ ! આજ ભોગમેં ક્યા લાયે ?’’

દરબાર કહે, ‘‘ગુરુજી માટે ભોગ તો લાવ્યો છું, પરંતુ ગુરુજી તો સમાધિમાં લાગે છે !’’

‘નહીં નહીં બાપુ ! લાવો લાવો, એ ભોગ ભોગી ગુરુજી કો અભી જગા દેંગે !’ એમ કહી ચેલો થાળ લઈ ગુરુના નાક પાસે લઈ ગયો. પકવાનની સુગંધ આવતા ગુરુજીની સમાધિમાં ભંગ પડ્યો. એમણે ધ્યાન સંકેલ્યું અને ધીરે ધીરે આંખો ખોલી. થાળ સામે દૃષ્ટિ કરી, મનગમતા ભોજન ન દેખાતા ગુરુજીની દૃષ્ટિ

વક્ર બની. વક્ર દૃષ્ટિ સામે ઊભેલા દરબાર ઉપર પડી અને મોઢામાંથી શબ્દો ખર્યા, ‘‘દરબાર ! ઈસમેં સફેદ દાલ ક્યું નહીં હૈ ?’’

‘‘સફેદ દાલ ? હું કંઈ સમજ્યો નહીં, ગુરુજી !’’

ગુરુ પહેલા ચેલો બોલ્યો, ‘‘સફેદ દાલ મતલબ દૂધપાક. ગુરુજીને બહોત દિનોં સે દાલ કા ભોગ લગાયા નહીં હૈ, ઈસલિયે સફેદ દાલ કા ભોગ ચાહિયે !’’

‘‘માફ કરજો ગુરુજી, આજે ભેંસે દોવા નથી દીધું, કાલે જરૂર આપને દૂધપાકનો ભોગ ધરાવીશ.’’

‘‘અચ્છા હમારે શિષ્ય કી ભેંસને દૂધ નહીં દિયા !’’ એમ કહી ઢોંગી ગુરુના મુખમાંથી મંત્રો નીકળ્યા. ‘ઓહ કાલી કામણગારી તુમ પર નજર કિસને ડાલી !’ એમ ગરબડ મંત્રો બોલી કાળો દોરો કમંડળમાંથી કાઢી દરબારને આપ્યો અને કહે, ‘‘જાઓ દરબાર ! એ દોરા ભેંસ કી ટાંગ મે બાંધ દેના, કલ બહુત દૂધ દેંગી. ઔર કુછ ચાહિયે ક્યા, બેટા ?’’

‘‘ગુરુજી ! અમારે આ લોકનું કંઈ સુખ જોતું નથી, બસ મોક્ષનો માર્ગ બતાવો.’’ દરબારે જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું.

ગુરુ કહે, ‘‘એ ભી હો જાયેગા.’’ એમ કહી ચેલાને ઈશારો કર્યો, એટલે ચેલાએ ઝોળીમાંથી દારુની બોટલ કાઢી અને ગુરુજીને આપી. ગુરુજીએ તૂંબડામાં દારુ રેડ્યો, પોતે ચાર-પાંચ ઘૂંટડા પીધો અને દરબાર આગળ તૂંબડું ધરી બોલ્યા, ‘‘લો દરબાર !’’

દારુની ગંધ આવતા દરબાર કહે, ‘‘આ તો દારુ છે !’’

‘‘બચ્ચે ! યે દારુ નહીં હૈ, યે તો વામપંથી અમૃત હૈ. યે પીના હોગા ઔર વ્યભિચાર કરના હોગા. તભી તો મોક્ષ પ્રાપ્ત હોગા !!’’

ગુરુજીના વચન સાંભળી દરબારને ઢોંગી ધૂતારા ઉપર ક્રોધ ચડતો હતો, પણ બાપ-દાદાની મર્યાદા નડતી હતી.

દરબાર અને ધૂતારાઓની વચ્ચે વાતો ચાલતી હતી, એવામાં દરબારનો સેવક વીરો ભેંસુનું ખાડું લઈને નીકળ્યો. દરબારને જોયા અટલે નજીક આવ્યો અને બોલ્યો, ‘‘બાપુ ! હું ભેંહુ લઈને ચારવા જાવ છું, કંઈ કામકાજ નથી ને ?’’

દરબારે પોતાના હાથમાં ગુરુએ આપેલો દોરો હતો એ વીરાને આપ્યો અને કહ્યું, ‘‘લે વીરા ! ગુરુએ આ દોરો આપ્યો છે, કાલે ભગરી ભેંસે દો’વા નો’તું દીધું,

એટલે એના પગે બાંધી દેજે.''

''અરે બાપુ ! કાઈલ તો પાડેળું છૂટી ગયું 'તું, તી એ બધું દૂધ ધાવી ગ્યું'તું, આઈજ તો બોઘરું ભરીને દીધું છે !!''

વીરાની વાત સાંભળી દરબારને ગુરુ ઉપર વધારે ક્રોધ ચઢ્યો. હવે દરબારની ધીરજ ખૂટી ગઈ. એમણે પોતાના હાથમાં રહેલો દોરો ઢોંગી ગુરુ ઉપર ફેંકયો. વીરાના હાથમાં રહેલો પરોણો પોતાના હાથમાં લીધો અને જમાતને ગામની બહાર ભગાડી દીધી.

આ દરબાર હતા ભગવાન શ્રી સ્વામિનારાયણના એકાંતિક ભક્ત માંચા ખાચર.

અને એટલે જ તો શ્રીજી મહારાજે ગ.મ.૩૮મા વચનામૃતમાં કહ્યું છે કે, ''સંસારી જીવ છે તેને તો કોઈક ધન દેનારો મળે કે દીકરો દેનારો મળે તો ત્યાં તરત પ્રતીતિ આવે અને ભગવાનના ભક્ત હોય તેને તો જંત્ર-મંત્ર, નાટક-ચેટકમાં ક્યાંય પ્રતીતિ આવે જ નહિ. અને જે હરિભક્ત હોય ને જંત્ર-મંત્રમાં પ્રતીતિ કરે તે સત્સંગી હોય તો પણ અર્ધો વિમુખ જાણવો અને જે સાચા ભગવાનના ભક્ત હોય તે ઘણા હોય નહીં. યથાર્થ ભગવાનના ભક્ત તો કારિયાણી ગામમાં માંચો ભક્ત હતા, તે સત્સંગ થયા મોર માર્ગીના પંથમાં હતા, તો પણ નિષ્કામી વર્તમાનમાં ફેર પડ્યો નહિ અને પોતે બાળબ્રહ્મચારી રહ્યા.''

પ્રગટ પ્રભુની શોધ

વામમાર્ગનો ત્યાગ કર્યા બાદ માંચા ખાચરને રામાનંદ સ્વામીનો યોગ થયો. સ્વામીને પવિત્ર સંત જાણી તેમના શિષ્ય થયા. આથી તેમને કંઈક શાંતિ થઈ, પરંતુ એમની જિજ્ઞાસાવૃત્તિ એટલેથી શાંત થઈ ન હતી.

એક દિવસ ડેલીયે બેઠા-બેઠા માંચાખાચર વિચારે છે કે, 'જો ક્યાંક પ્રગટ ભગવાન મળી જાય, તો આ ને આ દેહે મોક્ષ થઈ જાય.' આમ તેમના મનમાં પ્રબળ સંકલ્પો થતા હતા.

ત્યાં તેમના મિત્ર ભોજો ચારણ આવ્યા ને કહ્યું, ''બાપુ ! રામ રામ.''

માંચા ખાચર કહે, ''એ રામ રામ, આવ, ભોજા આવ !''

ભોજો કહે, ''બાપુ ! કાંઈક વિચારમાં ડૂબેલા હો એવું લાગે છે.''

''હા ભોજા ! વિચાર તો બહુ થાય છે.''

ભોજો કહે, "શેના વિચાર બાપુ ?"

દરબાર કહે, "ભોજા ! હવે તો પ્રગટ ભગવાન મળી જાય તો કામ થઈ જાય. આમને આમ ક્યાં સુધી હરાયા ઢોરની જેમ જન્મોજન્મ ભટક્યા રાખવું ?"

"પણ બાપુ ! આ કળિયુગમાં પ્રગટ ભગવાન મળે ક્યાં ?"

"ભોજા ! ભગવાન એમ ઘેર બેઠા થોડા મળે ! એને ગોતવા પડે."

"ક્યાં ગોતવા જાશું ?"

દરબાર કહે, "ભોજા ! આપણે એક કામ કરીએ, તું અને હું બન્ને ભગવાનને ગોતવા નીકળીયે."

ભોજો ચારણ કહે, "અરે બાપુ ! તમે તો ગામધણી કહેવાવ, માટે તમે રહેવા દ્યો. ભગવાન ગોતવા હું જાઉં."

દરબાર બોલ્યા, "તો ભોજા ! ધરમના કામમાં ઢીલ ન કરાય. તું આજે જ નીકળ. પણ જોજે ભોજા, ક્યાંય છેતરાતો નહીં !"

ભોજો કહે, "બાપુ ! હું જાતનો ચારણ છું. માણહને જોઉં ત્યાં એની રગરગની જાણી જાઉં. તમે એની ચિંતા કરશો નહીં, ભગવાન ગોતીને જ આવીશ."

ભોજો ભગવાન ગોતવા નીકળી ગયો. આ બાજુ માંચા ખાચર પાછા ભગવાન સંબંધી સંકલ્પોમાં ઊંડા ઊતરી ગયા.

ત્યાં ડેલીએ એક કીમિયાગર બ્રાહ્મણ આવી ઊભો રહ્યો અને બોલ્યો, "જે માતાજી દરબાર !"

માંચા ખાચર બ્રાહ્મણને જોઈ મીઠો આવકાર આપતા બોલ્યા, "આવો પધારો ભૂદેવ ! કંઈ સીધા-પાણી...?"

બ્રાહ્મણ કહે, "ના બાપુ ! હું કાંઈ લેવા નથી આવ્યો, આપવા આવ્યો છું. મેં સાંભળ્યું છે કે તમે તો મોટા ભક્તરાજ છો, એટલે આપને એક રૂડા આશીર્વાદ આપવા આવ્યો છું."

માંચા ખાચરે જિજ્ઞાસાથી પૂછ્યું, "બોલો ભૂદેવ ! શું આશીર્વાદ આપવા છે ?" બ્રાહ્મણે થેલીમાં હાથ નાખી કંઈક વસ્તુ કાઢી અને કહ્યું, "જૂઓ દરબાર આ શું છે ?"

માંચા ખાચર કહે, "આ તો ત્રાંબાનો કટકો છે, ભૂદેવ !"

બ્રાહ્મણે કંઈક કીમિયો કર્યો. તાંબાના કટકાને મુઠ્ઠીમાં બંધ કરી કંઈક બબડ્યો.

મુઠ્ઠી ખોલી અને ફરી બતાવતા કહ્યું, “હવે જૂઓ દરબાર ! આ શું થઈ ગયું ?”

માંચા ખાચર જોઈને કહે, “અરે ! આતો રૂપું થઈ ગયું, ભૂદેવ !”

બ્રાહ્મણ હરખાઈને કહે, “જોયું ને બાપુ ! થઈ ગયુંને રૂપું. જૂઓ બાપુ ! હું તમને આ જાદુઈ જડીબુટ્ટી આપું છું, જ્યારે જોઈએ ત્યારે તમે ત્રાંબામાંથી રૂપું બનાવી શકો છો.”

માંચા ખાચર કહે, “પણ ભૂદેવ, આના બદલામાં મારે તમને દક્ષિણા શું આપવી ?”

બ્રાહ્મણ કહે, “બસ નાની એવી દક્ષિણા, માતાનું મંદિર બને છે તેમાં એક છત્ર બનાવવાનું છે. તો સવાશેર ચાંદી જોઈએ છે. માતાજીની તમારા પર મ્હેર થશે.”

માંચા ખાચર ઢોંગીનો ઢોંગ સમજી ગયા. ખૂણામાં લાકડી પડી હતી, તે લઈને ઊભા થયા અને બ્રાહ્મણ સામે ઉગામતા બોલ્યા, “અરે ઢોંગી ધૂતારા ! આવા કીમિયાઓ કરી ત્રાંબામાંથી રૂપું બનવે છે તો તું જ ત્રાંબાના વાસણમાંથી રૂપું બનાવી માતાજીને છત્ર ચઢાવી દેને ! અરે ! આવા કીમિયા જાણો છો તો પછી ભીખ શું કામ માગો છો ? જા ભાગ અહીંથી. ખબરદાર ગામમાં પાછો આવ્યો છો તો ?”

બ્રાહ્મણ તો ‘જીવને જોખમ છે’ એમ જાણી હાથમાં ધોતી પકડી ઊભી બજારે ભાગ્યો.

શ્રીજી મહારાજ આ પ્રસંગને વચનામૃતમાં ટાંકતા કહે છે, “કોઈક કીમિયાવાળો પોતાને ઘેર આવીને ઊતર્યો હતો, તેણે ત્રાંબામાંથી રૂપું કરી દેખાડ્યું ને પછી એ ભક્તને કહ્યું જે, ‘તમે સદાવ્રતી છો માટે તમને આ બુટ્ટી બતાવીને રૂપું કરવા શીખવું.’ પછી એ ભક્તે લાકડી લઈને તેને ગામ બહાર કાઢી મૂક્યો અને તેને એમ કહ્યું જે, ‘અમારે તો ભગવાન વિના બીજા પદાર્થની ઈચ્છા નથી.’ પછી એ ભક્તને સત્સંગ થયો ત્યારે ભગવાનના એકાંતિક ભક્ત થયા.”

પ્રગટ ભગવાનની પ્રાપ્તિ

હવે તો માંચા ખાચરને રાત્રિ-દિવસ ઊંઘ પણ આવતી નથી. મનમાં થયા કરે છે કે ભોજો ગયો એને ઘણો વખત નીકળી ગયો, હજુ એ આવ્યો નહીં. હવે તો

ઝટ આવે અને કંઈક સારા સમાચાર લાવે તો સારું.

એક દિવસ માંચા ખાચર ચોરે બેઠા હતા. ત્યાં સામેથી ભોજાને આવતો જોયો. નેવા માંડી જોયું તો ભોજો જ હતો. ભોજાને આવતો જોઈ દરબાર સામે ચાલ્યા. સામેથી ભોજાએ પણ દોટ મૂકી. બન્ને ભેગા થયા એટલે ભોજો આનંદથી બાપુને ભેટી પડ્યો અને બોલ્યો, ‘‘અરે બાપુ ! હું પ્રગટ પ્રભુને ગોતી લાવ્યો !!’’

ભોજાની વાત સાંભળી બાપુ પણ આનંદમાં આવી ગયા અને ભોજાને કહ્યું, ‘‘શું વાત કરે છે ભોજા ! કઈ જગ્યાએ છે પ્રગટ ભગવાન ?’’

‘‘બાપુ ! લોજ ગામે પધાર્યા છે પ્રભુ, ચાલો હું તમને તેડવા આવ્યો છું.’’

માંચા ખાચર જરા શંકાથી બોલ્યા, ‘‘પણ ભોજા ! તું છેતરાયો તો નથી ને ?’’

‘‘ના, બાપુ ના, એ ભગવાન જ છે. હું ભગવાનને ઓળખવામાં ભૂલ કરું ? કેવી વાત કરો છો બાપુ ? ચારણનો દીકરો જ્યાં ત્યાં માથું ન મૂકે ! હવે જલ્દી કરો, ટેમ ન બગાડો, મોડું થાય છે.’’

‘‘પણ ભોજા ! જેમ દૂધનો દાઝ્યો છાસ ફૂંકીને પીએ એમ હવે પાકી ખાતરી કર્યા વગર ક્યાંય વિશ્વાસ મૂકવો નથી.’’

‘‘અરે બાપુ ! અહીં તો પાકું જ સમજો. જ્યારે હું એમનાં દર્શને ગયો ત્યારે એ સહજાનંદ સ્વામી હિંદુ, મુસ્લિમ, જૈન બધાને સમાધિ કરાવી અલૌકિક ઐશ્વર્યો જણાવી, પોતાના આશ્રિતો કરતા હતા. અને વળી તમે કોઈ દિ’ ન દીઠા હોય એવા પવિત્ર સાધુ પણ સંગાથે લઈને આવ્યા છે. કેંક પાપી માણસોને સુધારી ભક્તો બનાવ્યા છે. હજારો માણહ ફેલફતુર છોડીને એમના આશ્રિત થાય છે. એમની પાંહે વ્યસનની તો વાત પણ ન થાય !’’

ભોજાની આ રીતની વાત સાંભળી માંચા ખાચરના મનને શાતા વળી. એમણે એ ભગવાનનાં દર્શન કરવા જવાનો સંકલ્પ કર્યો અને બન્ને જણા ભગવાનના દર્શન કરવા લોજ જવા નીકળ્યા.

રસ્તામાં સાંભળવા મળ્યું કે સહજાનંદ સ્વામી માંગરોળમાં જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવી રહ્યા છે. તેથી બન્ને માંગરોળ આવ્યા.

મહારાજ સંવત ૧૮૬૦માં માંગરોળમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરી રહ્યા હતા. અહીં મહારાજે પોતાનો સર્વોપરી પ્રતાપ દેખાડતા થકા અનેક એશ્વર્યો દેખાડ્યા અને અનેક ભક્તોને પોતાનાં સ્વરૂપની નિષ્ઠા કરાવી.

માંચા ખાચરના હૃદયમાં પણ મહારાજનાં દર્શન કરી તથા અલૌકિક પ્રતાપ જોઈ ટાઢું થયું અને ભગવાનના આશ્રિત થયા.

કપાસ ઠેકાણે પાડ્યો !

પ્રગટ ભગવાન મળ્યાનો આનંદ માંચા ખાચરના હૃદયમાં સમાતો નથી. હવે ફરી ફરી મહારાજનાં દર્શન ક્યારે થાય, એવું એક જ તાન રહે છે. ઉત્સવ-સમૈયાની રાહ જોવાઈ રહી છે, જેથી મહારાજનાં દર્શને જઈ શકાય.

ત્યાં સમાચાર મળ્યા, શ્રીજી મહારાજ સરધાર પધાર્યા છે અને ત્યાં શરદપૂર્ણિમાનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી કરવાના છે. મહારાજ અને સંતો-ભક્તોનાં દર્શનના પ્યાસી માંચા ખાચર સમાચાર સાંભળી આનંદમાં આવી ગયા. હવે તો ક્યારે અહીંથી જઈએ અને મહારાજનાં દર્શન થાય, તેવી તાલાવેલી લાગી છે. ઉત્સવના દિવસો નજીક આવ્યા એટલે માંચા ખાચર ઘરેથી નીકળવાની તૈયાર કરવા લાગ્યા.

માંચા ખાચરને તૈયાર થતા જોઈ તેમના ભત્રીજા વસ્તા ખાચરે પૂછ્યું, ‘‘કાકા ! ગામતરે જતા હો એવું લાગે છે.’’

માંચા ખાચર કહે, ‘‘હા દીકરા ! સમાચાર મળ્યા છે કે મહારાજ સરધારમાં સમૈયો કરે છે, તે મહારાજના દર્શન કરવા અને સમૈયાનો લાભ લેવા સરધાર જવું છે.’’

‘‘કાકા ! તમારે પાછા આવતા કેટલા દિ’ થશે ?’’

‘‘દીકરા ! એ તો હવે ભગવાનને ખબર. પાછા આવવાનું કાંઈ નક્કી નૈ.’’

‘‘પણ કાકા ! તમે આમ વયા જાવ ઈ થોડું હાલે, આપણાં ખેતરમાં બહેં વીઘાનો કપાહ ફાલ્યો-ફૂલ્યો છે, ઈ ઠેકાણે પાડ્યા પછી જાવ તો સારું.’’

માંચા ખાચરે મનમાં વિચારી કહ્યું, ‘‘ભા...! તારી વાત સાચી છે, ભણું એમ જ કરું. તું ખેતરે જા, હું કંઈક એનો બંદોબસ્ત કરું છું.’’

આ કામ ભોજાને સોંપું તો ઝટ પતશે એમ વિચારી માંચા ખાચરે ભોજાને બોલાવ્યો અને કહ્યું, ‘‘ભોજા ! એક કામ આવી પડ્યું છે, એ તારે ઠેકાણે પાડવાનું છે.’’

ભોજો કહે, ‘‘બાપુ ! હું કામ છે ઈ ક્યો, ઝટ પતાવી દઉં.’’

‘‘ભોજા ! બાજુના ત્રણ ગામની ગાયોના ધણ વાળી લાવી અમારા ૨૦૦ વીઘાના કપાસમાં મૂકી ભેળવી દેવાનો છે !!’

વાત સાંભળી ભોજાના તો રૂવાંડા ઊભા થઈ ગયા. ‘‘અરે પણ બાપુ !’’

માંચા ખાચર કહે, ‘‘પણ બણ કંઈ નહીં, ભોજા ! આપણે સરધાર શ્રીજી મહારાજનાં દર્શન કરવા જવું છે. સમજી ગયોને ?’’

બાપુની વાતનો મર્મ પારખી ભોજો પોતાને સોંપવામાં આવેલ કામ પતાવવા હાલી નીકળ્યો.

બીજા દિવસે દરબારે કહ્યા પ્રમાણે ભોજાએ ત્રણ ગામના ધણ ભેગા કરી ૨૦૦ વીઘાના કપાસમાં મૂકી દીધા.

બાપુએ કપાસ ભેળવી દીધાના સમાચાર વસ્તા ખાચરને મળ્યા. તેઓ દોડતા ઘરે આવી બાપુને કહે, ‘‘કાકા ! તમે આ શું કર્યું ? બધો કપાસ ભેળવી દીધો. કાંઈ વિચારેય ન કર્યો ?’’

માંચા ખાચર ટાઢા કલેજે કહે, ‘‘હા ભા ! એ તો તારા કહ્યા પ્રમાણે મેં કપાસ ઠેકાણે પાડ્યો.’’

વસ્તા ખાચર વાતનો ખૂલાસો કરતા કહે, ‘‘પણ કાકા ! હું તો કપાસ વીણાવીને ઘર ભેગો કરવાની વાત કરતો હતો, ને તમે તો...!!’’

‘‘જો ભા વસ્તા ! કપાસ વીણાવી ઘરમાં ભરી હું મહારાજનાં દર્શન કરવા જાઉં, તો ત્યાં પણ સંકલ્પ થયા કરે કે કેટલો થાશે ? શું ભાવ આવશે ? અને જો ભાઈ ! પ્રભુ-ભજનમાં જે આડું આવે તે માયા કહેવાય, એટલે આ માયા ખંખેરી દર્શને જાવ છું. લે, જય સ્વામિનારાયણ !’’

એમ કહી માંચા ખાચર નિશ્ચિંત બની મહારાજનાં દર્શન કરવા અને સમૈયાનો લાભ લેવા સરધાર નીકળ્યા.

ધાર્યું બધું શ્રી હરિનું જ થાય

સરધારમાં શરદપૂર્ણિમાનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો. મહારાજ, સંતો અને દેશદેશના ભક્તોના દર્શન કરી માંચાખાચરના અંતરમાં આનંદ સમાતો નથી.

મહારાજે પણ સરધારના તળાવમાં માછલાંઓને સમાધિ કરાવવા જેવાં ચરિત્રો કર્યાં, દેવતાઓને પણ દુર્લભ એવી જ્ઞાનવાર્તા સંભળાવી, સંતો-ભક્તોએ પરસ્પર મળી મહારાજનું પૂજન-અર્ચન કર્યું. આવી અનેક લીલાઓના દર્શનથી માંચા ખાચરને મહારાજનાં સ્વરૂપમાં અતિ દૃઢ નિશ્ચય થયો. જે કાંઈ મનમાં થોડાઘણા ઘાટ-સંકલ્પ હતા, તે દૂર થઈ ગયા.

આમ મહોત્સવમાં દસ-બાર દિ' કેમ નીકળી ગયા એની પણ ખબર રહી નહીં. ત્યાં એક દિવસ સમાચાર સાંભળવા મળ્યા કે કારિયાણી બાજુ ભારે માવઠું થયું છે. આખા ગામનો ડોડવે ચડેલો કપાસ તથા અન્ય વાવેતર ધૂળધાણી થઈ ગયું છે.

માવઠાના માઠા સમાચાર મળ્યા પણ માંચા ખાચરને તો કંઈ ચિંતા હતી નહીં, કારણ કે તેઓ તો બધું પહેલેથી જ ઠેકાણે પાડીને આવ્યા હતા.

પછી તો માંચા ખાચર મહારાજની સાથે જ રહી ગયા. દિવાળી, અન્નકોટ, પ્રબોધિની વગેરે ઉત્સવો આનંદથી માણ્યા. ઘરે જવાનો સમય થયો એટલે માંચા ખાચરે મહારાજને વિનંતિ કરી કે, “પ્રભુ ! આપ કારિયાણી પધારો અને અમારા ખોરડા પાવન કરો.”

મહારાજ પ્રેમી ભક્ત માંચા ખાચરની વિનતી સાંભળી પ્રસન્ન થયા અને થોડા સમયમાં કારિયાણી પધારવાનું વચન આપ્યું.

માંચા ખાચર મહારાજ કારિયાણી પધારવાના છે, માટે તૈયારી કરવા કારિયાણી આવ્યા.

માંચા ખાચર આવ્યાના સમાચાર સાંભળી વસ્તા ખાચર મળવા આવ્યા. વસ્તાને આવતો જોઈ માંચા ખાચરે તેને પૂછ્યું, “કાં ભા ! કાંઈ ચિંતા જેવું નથી ને ?”

વસ્તા ખાચર કહે, “કાકા ! ચિંતા તો થાત, જો કપાસ ઊભો હોત ને તો ! માવઠાના વરસાદે આખા ગામના કપાસને ધૂળ-ધાણી કરી દીધો છે અને તમોએ ભેળવી દીધેલ કપાસ ફરીથી કોળ્યો છે. મને લાગે છે કે પહેલા કરતાંય વધારે ફાલ આવશે અને બધાના કપાસ ફેલ થવાથી બજારમાં ભાવ પણ વધારે આવશે.”

‘સ્વામિનારાયણ, સ્વામિનારાયણ...’ કરતા માંચા ખાચર કહે, “હા ભા ! એટલે જ તો હું કહું છું કે, “ધાર્યું બધું શ્રીહરિનું જ થાય છે.”

કારિયાણીમાં સમૈયો

માંચા ખાચરના પ્રેમને વશ થઈ મહારાજ કારિયાણી પધાર્યા.

પોતાને મળેલ અમૃતને બીજાને વહેંચે એ જ સાચો ભક્ત એ 'ન્યાયે અનંત કોટિ બ્રહ્માંડના આધાર પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાપ્તિ મને થઈ છે.' તો આ પ્રાપ્તિ બીજાને પણ થાય એવા ઉદ્દેશથી માંચા ખાચરે પોતાના બધા જ સગાસંબંધીઓને તથા આજુબાજુના સત્સંગીઓને પણ તેડાવ્યા.

માંચા ખાચરના ઘરે ભગવાન આવ્યા છે, એવા સમાચાર સાંભળી મોટી સંખ્યામાં ભક્તો તથા માંચા ખાચરના સંબંધીઓ પણ આવ્યા, જેમાં ગઢપુરથી એભલ ખાચર પોતાના પરિવાર સાથે પહેલી વખત જ મહારાજનાં દર્શન કરવા પધાર્યા.

મહારાજના દિવ્ય સાનિધ્યમાં કાર્તિકી પૂર્ણિમાનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. માંચા ખાચરે સર્વ સંતો, ભક્તો તથા પધારેલા સંબંધીઓની પ્રેમપૂર્વક ઉતારા-પાણીની વ્યવસ્થા કરી અને શ્રેષ્ઠ ભોજન કરી જમાડ્યા.

માંચા ખાચરે ખૂબ શ્રદ્ધાથી શ્રીજી મહારાજની ષોડશોપચારથી પૂજા કરી, ભારે ભારે ભેટો ધરીને મહિમાપૂર્વક પૂજન કરી સ્તુતિ કરી.

માંચા ખાચરનો ભક્તિભાવ જોઈ મહારાજ અતિ પ્રસન્ન થયા અને માંચા ખાચરને વર આપ્યો કે, "ભક્તરાજ ! મોક્ષમાર્ગમાં વિઘ્નકર્તા કામ વગેરે દોષો તમને નહિ નડે."

મહારાજનો વર મેળવી માંચા ખાચરનું જીવન ધન્ય બની ગયું.

સમૈયો પૂર્ણ થયો, પરંતુ માંચા ભક્તની પ્રાર્થનાથી મહારાજે વસંતપંચમી સુધી કારિયાણી રહેવાનું વચન આપ્યું.

આ સમયે મહારાજે ગામના માણસો તથા પશુઓને પાણીની તંગીથી વેઠવી પડતી મુશ્કેલીને દૂર કરવા એક તળાવ ખોદાવવાનો સંકલ્પ કર્યો.

સર્વ જીવ-પ્રાણી માત્રને સુખ આપે એવા મહારાજના આ શુભ કાર્યમાં ઉદાર બુદ્ધિવાળા માંચા ખાચરે જે કંઈ દ્રવ્ય પોતા પાસે હતું તે સર્વ ભગવાનને અર્પણ કર્યું.

જૂનો જમાનો હતો. જમીન ખોદવા માટે આજે જેવાં સાધનો ઉપલબ્ધ છે, તેવાં સાધનો ત્યારે ઉપલબ્ધ ન હતાં. તળાવ ગાળવા માટે પહેલા હળ હાંકીને ધરતી

ખેડવામાં આવતી, પછી ટોપલે ટોપલે માટી કિનારે કરવામાં આવતી. સેંકડો મનુષ્યો આ સેવાયજ્ઞમાં જોડાય, ત્યારે તળાવનું કાર્ય પૂર્ણ થતું.

મહારાજે આ કઠિન સેવાકાર્યનો આરંભ કર્યો. 'મહારાજ તળાવ ગળાવે છે' એવા સમાચાર સાંભળી મોટી સંખ્યામાં સંતો, પાર્ષદો તથા દેશદેશના ભક્તજનો સેવાનો લાભ લેવા પધાર્યા. તળાવનું કામ પૂરજોશમાં ચાલુ થઈ ગયું. સર્વ સંતો-ભક્તો પણ મહારાજને રાજી કરવા દેહની પરવા કર્યા વગર આખો દિવસ તનતોડ મહેનત કરે છે. સ્વયં મહારાજ પણ માટીના ટોપલા પોતાના માથા ઉપર લે છે. મહારાજની આવી સક્રિય ઉપસ્થિતિ સર્વના અંતરમાં સેવાનો ઉત્સાહ અનેકગણો વધારી દેતી હતી.

મહારાજ પણ સેવા કરતા સંતો-ભક્તોને જોઈ આનંદમાં આવી જાય ને સર્વને બાથમાં લઈ ભેટે, ચરણારવિંદ આપે અને રાજીપો વ્યક્ત કરે. સાંજે સભા થાય, ત્યારે જ્ઞાનોપદેશ આપી આખા દિવસનો થાક ઊતારી નાખે.

સેવા કરવા પધારેલા આ તમામ સંતો-ભક્તોની સર્વ પ્રકારની સંભાળ માંચા ખાચર તથા વસ્તા ખાચર રાખે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે તળાવમાં બેય બાજુ બે કૂવા ગળાવ્યા. જેના નામ 'રામકુંડ' અને 'ભીમકુંડ' પાડ્યા હતા. ઉનાળામાં કદાચ તળાવમાં પાણી ન હોય, તો પણ આ બન્ને કુંડોમાં પાણી અચૂક રહેતું. મહારાજે સંતો-ભક્તો સહિત આ તળાવ તથા કુંડમાં અનેકવાર જળક્રીડાઓ કરી છે.

કારિયાણીમાં આ તળાવ ગાળવાનું કામ ત્રણ વર્ષ સુધી ચાલ્યું હતું. દરમિયાન મહારાજ અવારનવાર કારિયાણી પધારતા રહેતા હતા.

તળાવનું કામ પૂર્ણ થયું, ત્યારે મહારાજે ભવ્ય પૂર્ત મહોત્સવ અને મહાવિષ્ણુયાગ તથા મહારુદ્ર યાગ કરાવ્યા હતા. આ પ્રસંગે હજારો નરનારીઓ એકઠા થયા હતા. મહારાજે સર્વને પંચવર્તમાન પાળવાની અને રંતિદેવ રાજાની પેઠે કરુણાપૂર્ણ પરોપકારી જીવન જીવવાની પ્રેરણા આપી હતી.

વીરદાસ ગેરુ લાવ્યો છો ?

મનુષ્ય માટે આ લોકનો વૈભવ અને મોટાઈનો મોહ છોડવો એ અતિ અઘરું કાર્ય છે. પૂર્વના પ્રબળ સંસ્કાર હોય અને પ્રભુને પામવાનો ખરેખરો ખપ હોય, ત્યારે ભગવાનની કૃપા થાય અને જીવ સર્વ રીતે નિર્મળ બને છે.

માંચા ખાચરનું જીવન ઉત્તમ મુમુક્ષુને શોભે એવું હતું. સંસારમાં રહેવા છતાં જળમાં કમળ રહે તેમ નિર્લેપ રહી સર્વસ્વ શ્રી હરિને અર્પણ કરી રાખ્યું હતું.

આવા ભક્તોની સ્થિતિ બિચારો સામાન્ય જીવ શું જાણી શકે ? જેથી બીજાને આવા ભક્તોની ખાતરી કરાવવા શ્રીજી મહારાજ ખૂબ આકરી કસોટી લેતા.

એક વખત ભાદરાથી શ્રીજી મહારાજે પત્ર લખ્યો. પત્રમાં મહારાજે અઢાર જણાના નામ લખ્યાં અને વીરદાસ પટેલને પત્ર આપી તે અઢારેય જણાને પત્ર પહોંચાડવા આજ્ઞા કરી.

વીરદાસ પટેલ તે પત્ર લઈ કારિયાણી આવ્યા. એ સમયે માંચા ખાચર વાડીએ બાર કોશીઓ કૂવો ગળાવતા હતા.

વીરદાસ પટેલ માંચા ખાચર પાસે ગયા ને કહ્યું, "બાપુ ! ભાદરાથી મહારાજે કાગળ મોકલ્યો છે."

માંચા ખાચર કહે, "પટેલ ! વાંચો, શું લખે છે મહારાજ ?"

વીરદાસ પટેલે કાગળ વાંચ્યો, તેમાં લખ્યું હતું કે, "માંચા, સુરા, સોમલા, અલૈયા વગેરે અઢાર ભક્તોને અમારી આજ્ઞા છે કે પાદર હો તો ગામમાં જશો નહીં, ગામમાં હો તો ઘેર જશો નહીં, ફળિયામાં હો તો ઘરમાં પેસશો નહીં.
આ કાગળ વાંચી તૂર્ત જ ભગવાં કપડાં પહેરી ચાલી નીકળજો અને જેતલપુરમાં સ્વામી રામદાસજીને મળી કાશીની જાત્રાએ નીકળી જજો."

મહારાજનો આદેશ સાંભળી માંચા ખાચરે વીરદાસને પૂછ્યું. "વીરદાસ ! ગેરુ લાવ્યો છો ?"

"ના બાપુ ! ગેરુ નથી લાવ્યો."

વીરદાસે ના પાડી એટલે માંચા ભગતે ગામમાંથી ગેરુ મંગાવ્યો, કપડાં રંગ્યા અને ચાલી નીકળ્યા જેતલપુરની વાટે.

માંચા ખાચર જેતલપુર પહોંચ્યા ત્યારે અન્ય ભક્તો પણ સાધુના કપડાં પહેરી આવી પહોંચ્યા હતા. મહારાજના કહ્યા પ્રમાણે સ્વામી રામદાસજી સર્વ નવા સંતોને લઈ ભૂજમાં મહારાજને મળ્યા. મહારાજ નવા સંતોને જોઈ અતિ રાજી થયા. થોડો સમય બધાને પોતાની પાસે રાખી દર્શનનું સુખ આપ્યું. પછી કેટલાકને પાછા ઘેર જવાની આજ્ઞા કરી, તેમાં માંચા ખાચર પણ હતા.

ઘરે આવ્યા પછી તેઓએ લગ્ન ન કર્યાં અને આજીવન બ્રહ્મચર્ય પાળી મહારાજને રાજી કર્યા.

પરમહંસોની સેવા

વિ. સં. ૧૮૬૯માં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. એ સમયે આટલી મોટી સંખ્યામાં રહેલા પરમહંસોને ક્યાં રાખવા એ એક મોટો પ્રશ્ન હતો, કારણ કે ક્યાંય અન્ન-જળની સગવડ થાય તેવું દેખાતું ન હતું.

આવા કપરા સમયે માંચા ખાચર અને તેમના ભત્રીજા વસ્તા ખાચરે ઘણા બધા પરમહંસોને પોતાના દરબારગઢમાં રાખ્યા હતા. એ સમયે માંચા ખાચરની સંપત્તિ અઢળક હતી. તેઓની પાસે પચાસ દુઝણી ભેંશો, એક લાખ રૂપિયા રોકડા તથા પાંચસો કળશી અનાજ કોઠીઓમાં ભર્યું હતું. આ સર્વ સંપત્તિ માંચા ખાચરે સંતોના ઉપયોગમાં લગાડી દીધી હતી.

★★★★★

એક વખત શ્રીજી મહારાજે વરતાલના ચૈત્રી પૂનમના સમૈયામાં જવા માટે કારિયાણીથી વરતાલ તરફ પ્રયાણ કર્યું. પરંતુ એ જ અરસામાં ૧૯ સંતો માંદા પડ્યા. માંદા સંતોની સેવા માટે કોઈને રોકાવાની જરૂરિયાત ઊભી થઈ, પરંતુ સમૈયાના દર્શનના પ્રલોભને કોઈ રોકાવા કોઈ તૈયાર ન થયા. એટલે મહારાજે સેવામાં રોકાવા માટે સંતોને પ્રલોભન આપતા કહ્યું, "અહીં માંદા સંતોની સેવામાં જે રોકાશે, તેને સો સમૈયાનું ફળ આપીશું." ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, "મહારાજ, હું રોકાઈશ. આપ નિરાંતે વરતાલ સિધાવો."

સ્વામીની વાત સાંભળી શ્રીહરિ અત્યંત રાજી થયા અને વરતાલ સિધાવ્યા.

ત્યાર પછી સ્વામી અને માંચા ખાચરે મન-કર્મ-વચને એ ઓગણીસ સંતોની સેવા કરી સૌને સાજા કર્યા. સમૈયાને હજુ બે ચાર દિવસની વાર હતી એટલે સ્વામીએ સંતોને હાથ જોડીને કહ્યું, "પરમહંસો ! હવે તમે સાજા થયા છો, જો તમારી આજ્ઞા હોય તો હું વડતાલ જાઉં."

સંતોએ પ્રસન્ન હૈયે કહ્યું, "નિર્ગુણાનંદ ! તમે અમારી ખૂબ જ સેવા કરી છે, હવે તમે સુખેથી સમૈયે સિધાવો અને મહારાજને વંદન કરી અમારા વતી ભેટજો."

સ્વામી વડતાલ પધાર્યા. સ્વામીને આવેલા જોઈ મહારાજ ખૂબ જ રાજી થયા. મહારાજના પૂછવાથી સ્વામીએ માંદા સંતોના સર્વ સમાચાર કહ્યા.

મહારાજે પૂછ્યું, ‘‘નિર્ગુણાનંદ ! સંતોએ કાંઈ કહ્યું છે ?’’

સ્વામી કહે, ‘‘મહારાજ ! સંતોએ તમને ભેટવાનું કહ્યું છે.’’

મહારાજ કહે, ‘‘ભલે, ચાલો એમના મનોરથ પૂરા કરીએ. તમે એક એક સંતનાં નામ લેતા જાવ અને અમે તમને મળતા જઈએ.’’

સ્વામીએ ઓગણીસ સંતોનાં નામ લીધા અને મહારાજ સ્વામીને ઓગણીસવાર ભેટ્યા અને સેવા કરવામાં સહયોગી માંચા ખાચર વગેરેની ખૂબ પ્રશંસા કરી.

પરમહંસની દીક્ષા

વસ્તા ખાચર માંચા ખાચરના ભત્રીજા હતા. વસ્તા ખાચરના પત્ની સીતબાઈ એ કુંડળનાં રાઈબાનાં દીકરી હતા એટલે સંબંધમાં સીતબાઈ માંચા ખાચરની ભાણેજ થાય. આમ માંચા ખાચર અને સીતબાઈ બન્ને પક્ષે સંબંધી થતા હતા. સમય જતા કોઈક માંદગીને કારણે સીતબાઈ અક્ષરધામ સિધાવ્યા. ઘરભંગ થવાથી વસ્તા ખાચરને ઘરકામમાં થોડી અડચણ ઊભી થઈ તેથી તેમણે બીજું લગ્ન કરવા વિચાર્યું.

આ વાત માંચા ખાચરે જાણી. પોતે નિષ્કામ ધર્મમાં અડગ હતા, તેથી બીજાં લગ્નની વાત સાંભળી મનમાં સમસમી ગયા. એમને મનમાં એમ કે ‘આવા મોટા મહારાજ મળ્યા ને વસ્તો બીજા લગ્નની ઈચ્છા કરે જ કેમ ! જ્યારે પહેલીવાર લગ્ન કર્યા ત્યારે પ્રતિજ્ઞા લીધી હતી કે પરણ્યા એ જ પત્ની, બીજી બધી સ્ત્રીઓ મા-બેન. આવી પ્રતિજ્ઞા લીધા પછી પરણાય ?’

એકવાર આ જ પ્રશ્ને કાકા-ભત્રીજા વચ્ચે ઝઘડો થઈ ગયો. માંચા ખાચર તલવાર લઈને વસ્તા ખાચરને મારવા દોડ્યા, તેથી ગભરાઈને વસ્તા ખાચર કોઈના ઘરમાં સંતાઈ ગયા અને બચી ગયા !

પછી વસ્તા ખાચરે છાનામાના શ્રીજી મહારાજ પાસે પહોંચી બધી હકીકત જણાવી. મહારાજ તત્કાળ કારિયાણી પધાર્યા અને માંચા ખાચરને સમજાવીને કહ્યું, ‘‘બાપુ ! તમે તો એક વાર માયા-મમતા છોડી ત્યાગી થવા આવેલા, કામ, ક્રોધ, માન, ઈર્ષા વગેરેનો ત્યાગ કર્યો હતો અને અત્યારે તમે આ શું કરો છો ?’’

મહારાજની વાત સાંભળી તેમને પોતાની ભૂલ સમજાઈ. મહારાજે ત્યાં જ માંચા ખાચરને ત્યાગીની દીક્ષા આપી ‘અચિંત્યાનંદ સ્વામી’ નામ ધારણ કરાવ્યું અને સ્વરૂપાનંદ સ્વામીના મંડળ સાથે દેશાંતરમાં ફરવા મોકલી દીધા !

થોડાંક વરસ વિત્યા પછી અચિંત્યાનંદ સ્વામીને શરીરે મંદવાડ થયો. મહારાજે તેમની સેવામાં છ સાધુઓને રાખ્યા હતા. તેઓ અમદાવાદમાં નિવાસ કરીને રહેતા.

જ્યારે નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી, એ સમયે મહારાજ કાંકરિયાના વનમાં વૃક્ષની ઘટામાં મંચ પર બિરાજ્યા હતા, ત્યાં અચિંત્યાનંદ સ્વામીને તેમના સેવકો લઈ આવ્યા. મહારાજે તેમના ઉપર હાથ મૂક્યો અને સાંત્વના આપી.

પછી મહારાજે સભામાં તેમનું પૂર્વ વૃત્તાંત કહ્યું, “આ અચિંત્યાનંદ સ્વામી પૂર્વાશ્રમના કારિયાણી ગામના દરબાર માંચા ખાચર તરીકે હતા. તેઓ નાનપણથી જ મારગી પંથમાં હતા, છતાં નિષ્કામી વર્તમાનમાં દૃઢ હતા. પછી સત્સંગ થયો ને અમારા વચને સાધુ થયા. એમના પ્રારબ્ધમાં ખૂબ દુઃખ હતું. રુંવાડે રુંવાડે જીવડાં પડે એવું કઠિન પ્રારબ્ધ લઈને જન્મેલા, પણ એમને અમારો યોગ થયો, અમારું વચન માન્યું, સાધુ થયા તો એ પ્રારબ્ધ ટળી ગયું.”

અચિંત્યાનંદ સ્વામીએ પણ હાથ જોડીને કહ્યું, “મહારાજ ! આપની કૃપાથી અંતરમાં પરમ શાંતિ વર્તે છે. હવે આ જગતમાં કોઈ પ્રકારની આસક્તિ કે મોહ રહ્યો નથી. આપની ઈચ્છા થાય ત્યારે ધામમાં લઈ જજો.”

ત્યાર બાદ થોડા સમય પછી સંતમંડળ સાથે તેઓ બામણગામ ગયેલા, ત્યાં જ એમનો અક્ષરવાસ થયેલો. તેનો ઉલ્લેખ હરિલીલામૃતમાં કળશ ૭, વિશ્રામ ૬૨માં કરેલો છે.

૮ અલૈયાખાચર (ઝીંઝાવદર)

અઢારમી સદીમાં ભારતવર્ષની પરિસ્થિતિ અત્યંત દયાજનક હતી. પ્રજા અત્યાચાર, દુરાચાર, ભ્રષ્ટાચારના વાવાઝોડામાં ઝપેટાઇ ગઈ હતી. રાજાઓ રાક્ષસો બન્યા હતા. ધર્મગુરુઓ ધૂતારા બન્યા હતા. સહુ પોતપોતાના કર્તવ્યોમાંથી ભ્રષ્ટ થઈ જનસમુદાયને વિનાશના માર્ગે લઈ જતા હતા.

એવા સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય પૃથ્વી ઉપર ફેલાયેલા ઘોર અંધકારનો નાશ કરવા સૂર્યોદય સમાન રહ્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણે પૂરાએ ભારતવર્ષમાં વિચરણ કરી પૃથ્વીના ભારને હળવો કરવા કમર કસી. નાના-મોટા અનેક રાજાઓને સન્માર્ગે દોર્યા. ગુજરાતમાં આવી ધર્મમાર્ગમાં વ્યાપેલા દુરાચારને નિર્મૂળ કર્યો. નાના માણસોને હેરાન કરી મજા લૂંટતી પ્રજાને સમજાવ્યા. એમાં પણ કાઠી અને કોળી જ્ઞાતિનો કેર ચરમસીમાએ હતો. મહારાજે આ લોકોને સન્માર્ગો વાળી માળા કરતા કર્યા.

પછી તો ભગવાન સ્વામિનારાયણ જ્યારે સત્સંગરૂપી લીલુડા લીંબડાનું પોષણ કરવા ગુજરાતમાં વિચરણ કરતા; ત્યારે અનેક ગામધણીઓ, મોટા મોટા ગિરાસદાર કાઠી દરબારો પોતાના દરબારી વૈભવો છોડી શ્રીજી મહારાજની સેવામાં સતત જોડાયેલા રહેતા.

આવા મુક્તકોટિના કેટલાક મુખ્ય ભક્તોમાં ઝીંઝાવદરના અલૈયાખાચરનું નામ મોખરે હતું.

આશીર્વાદના આધિકારી

ગઢડાથી પાંચેક ગાઉ દૂર ઝીંઝાવદર નામનું ગામ આવેલું છે. આ ગામના ગામધણી અલૈયા ખાચર ખૂબ જ શૂરવીર છે, ધર્મપરાયણ છે અને બીજાને ધર્મમાર્ગ ઉપર ચલાવવા સક્ષમ છે.

દરબાર શ્રી અલૈયાખાચર ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ભક્ત થયા પછી તો જેમ રણમાં પાણીની નદીઓ વહે અને રણ હરિયાળું બને, એ રીતે એમના જીવનમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની હરિયાળી ફૂટી છે.

બાળપણથી જ બ્રહ્મચર્ય સાથે શૂરવીરપણે ધર્મનિયમો પાળી અલૈયા ખાચરે અતિ ક્રૂર પ્રકૃતિના પોતાના પિતા સામત ખાચર અને ભાઈ જેઠસુર ખાચર વગેરે કુટુંબીઓને પણ ધર્મપરાયણ બનાવ્યા હતાં. એટલું જ નહીં, પોતાના દરબારમાં કામકાજ કરતા દાસ-દાસીઓ, નોકરોને પણ ચુસ્ત સત્સંગી બનાવ્યા હતા.

અલૈયા ખાચરની રસદાર વાક્છટાથી અનેક લોકો આકર્ષાતા. એમના યોગમાં આવતા અનેક લોકોને ભગવત્ વાર્તા કરી સત્સંગી બનાવી દેતા. આવી ઉત્તમ સત્સંગ પ્રચારની સેવા અને એમના ઉત્તમ સદ્ગુણોથી શ્રીજી મહારાજ ખૂબ પ્રસન્ન થયા હતા.

એક વખત જસદણ પાસેના કરિયાણા ગામે દેહાખાચરને ઘરે મહારાજે પધારી હુતાશનીનો સમૈયો કર્યો. એ વખતે મહારાજે અતિ પ્રસન્ન થઈ અલૈયા ખાચરને પોતાનો સોનેરી પોષાક આશીર્વાદરૂપે આપ્યો અને મહારાજે આજ્ઞા કરી કે આ પોષાક પહેરીને વાળાંક દેશમાં જઈ સત્સંગ કરાવો.

મહારાજની આજ્ઞા થતા તેઓ પોતાનો તમામ ઘરવ્યવહાર છોડી પ્રભુને રાજી કરવા સત્સંગ અર્થે નીકળી પડ્યા.

મતવાદીને યમપુરી દેખાડી

શ્રીજી મહારાજે અલૈયા ખાચરને પોતાના પોષાકની સાથે સાથે વીસ પાર્ષદો તથા એક ચમત્કારિક છડી પણ આપી હતી.

આ છડીનો એક છેડો કોઈને અડાડે તો તે સમાધિમાં જતો અને બીજો છેડો અડાડે એટલે સમાધિમાંથી જાગે. અલૈયા ખાચરે આ છડીના ઉપયોગથી અનેક

લોકોને ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત કર્યા હતા. આવો ભારે ચમત્કાર શ્રીજી મહારાજે ભક્તરાજ અલૈયા ખાચર દ્વારા દેખાડ્યો હતો.

એક વખત અલૈયા ખાચર કોઈ ગામમાં સત્સંગ કરાવતા હતા. મહારાજના મહિમા અને આ જગતના દુઃખોની વાતો કરી લોકોને મનુષ્યદેહની દુર્લભતા સમજાવતા હતા. તેવામાં યમપુરીની વાત આવી, કે પાપી જીવને જમડાઓ લઈ જાય છે અને યમપુરીમાં અસહ્ય દુઃખો આપે છે.

યમપુરીની વાત સાંભળી સભામાંથી એક મતવાદી ઊભો થઈને માંડ્યો જેમ તેમ બોલવા, 'યમપુરી-બમપુરી જેવું કશુંય નથી. યમપુરી તો તમે સ્વામિનારાયણવાળાઓએ ઊભી કરેલી છે. યમપુરીના નામે ખોટા બધાને ડરાવો છો.'

અલૈયા ખાચર હસતા હસતા કહે, "ભાઈ ! મને પણ તમારી વાત સાચી લાગે છે. તમે થોડા પાસે આવી મને એ વિષે થોડું સમજાવો, પછી આપણે બન્ને સ્વામિનારાયણને ખોટા પાડીએ !"

મતવાદી થોડો નજીક આવ્યો. અલૈયા ખાચરની દૃષ્ટિ સામે દૃષ્ટિ કરી. અલૈયા ખાચરે પોતાના પાસે રહેલી ચમત્કારી છડી અડાડી. છડી અડી અને એ પડ્યો. શરીર હેઠું પડ્યું અને અને જીવ ઊંચો ચડ્યો. ગયો સીધો યમપુરીમાં.

યમપુરીમાં પ્રવેશ કરતાંની સાથે જ એના હાંજા ગગડી ગયા. યાતનાઓ ભોગવતા અનેક જીવોને જોયા. એકએકથી ચડિયાતા ભયંકર કૂંડોમાં સબડતા જીવોને ભયંકર અને વિકરાળ યમદૂતો ભારે કષ્ટો આપતા હતા. થોડીવાર થઈ ત્યાં એ બધા જમડાંઓને એમણે પોતાની તરફ આવતા જોયા. જેમ જેમ નજીક આવતા જાય એમ એમ એ જમડાઓ વધારે ને વધારે વહમા લાગવા લાગ્યા. એ મોટાં ટોળામાંથી બે-ત્રણ જમડાંઓએ આવી આને ગળેથી પકડ્યો અને આખી યમપુરીમાં દુઃખ ભોગવી રહેલા પાપી જીવોની અવદશા દેખાડી અને થોડો મેથીપાક પણ ચખાડ્યો.

આ બાજુ થોડીવાર થઈ એટલે અલૈયા ખાચરે છડીનો બીજો છેડો અડાડ્યો એટલે યમપુરીમાં ગયેલો મતવાદી જાગ્યો. જાગતાંની સાથે જ એ અલૈયા ખાચરના પગમાં પડ્યો અને રડતો રડતો કહેવા લાગ્યો, "બાપુ ! સ્વામિનારાયણ સાચા, તમે સાચા અને યમપુરીની વાતેય સાચી. મારી દશા તો જૂઓ, એ ભયંકર

જમડાઓએ મને મારીમારીને અધમૂઓ કરી નાખ્યો. બાપુ ! મારે એ યાતનામાંથી છૂટવું છે. મને તમારો સત્સંગી કરો અને ફરી ક્યારેય એ જમ ન દેખાય એવી કૃપા કરો.''

પછી અલૈયા ખાચરે તેમને વર્તમાન ધરાવી સત્સંગી કર્યો.

જમડા તગડ્યા !

અલૈયા ખાચરને શ્રીજી મહારાજનું માહાત્મ્ય અને નિશ્ચયનું બળ ખૂબ હતું. એ મહાત્મ્ય અને નિશ્ચયના બળે અલૈયા ખાચર આઠે પહોર આનંદમાં રહેતા.

એક વખતની વાત છે. ચોમાસું નજીક આવતું હોવાથી દરબારે ગામના કુંભારને બોલાવી દરબારગઢના નળિયાં ચાળવાનું કહ્યું. દરબારની આજ્ઞા થતા કુંભાર ઘર ઉપર ચડી નળિયાં ચાળતો હતો. અલૈયા ખાચર ઘરની ઓસરીમાં ઢોલિયા ઉપર બેઠા-બેઠા માળા ફેરવતા હતા.

એ સમયે કુંભારનું આયુષ્ય પરું થયું. એમને લેવા બે જમ આવ્યા. અત્યંત ભયંકર અને વહરા જમને જોઈ કુંભારના હાંજા ગગડી ગયા. એ માંડ્યો બૂમો પાડવા, 'દોડજો બાપુ...! દોડજો...! મને મારી નાખ્યો.'

જમડાને જોઈ કુંભારની દશા બગડી ગઈ. એ રાડ્યો પાડતો પાડતો છજાને અડતી લીંબડાની ડાળીને પકડી નીચે ઊતરવા ગયો. ત્યાં જમ એને આંબી ગયા. એક જમે પણ પોતાનો પગ ડાળ ઉપર મૂક્યો. જમડાનો વહમો વજન ન ખમી શકવાથી ડાળી બટકી, ડાળ અને કુંભાર બન્ને ફળિયામાં અલૈયા ખાચરના ઢોલિયા સામે પડ્યા.

મૂંઢ માર તો વાગ્યો હતો, પણ સામે મોત દેખાતું હોવાથી દેહની પરવાહ કર્યા વિના કુંભાર ઊભો થયો અને દોડી ઓસરીમાં બેઠેલા અલૈયા ખાચરના ઢોલિયા નીચે પેસી ગયો. ઢોલિયા નીચે પડ્યો પડ્યો બાપડો કુંભાર તો બીકનો માર્યો થરથર ધ્રૂજતો હતો.

આ બાજુ ઓલ્યા જમ આકાશમાં સામે ઊભા રહ્યા. એ જમને જોઈ કુંભાર રાડ્યે રાડ્ય થ્યો. માળા કરતા દરબાર વાત જાણી ગયા. ઢોલિયા હેઠે થરથરતા કુંભારને જોઈ દરબારને દયા આવી. ગૌમુખી સંકેલી દરબાર ઊભા થયા. પાણિયારા પાસે પડેલી ડાંગ હાથમાં લીધી, 'સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !' ભજન કરતા કરતા લીંબડા માથે ઉભેલા જમડા તરફ ઉગામી. દરબારની ડાંગ દેખી

આખા જગતને ડરાવનારા જમડા ઊભી પૂંછડીએ ભાગ્યા.

જમ ગયા એટલે અલૈયા ખાચરે ડાંગ નીચે મેલી. ઢોલિયો ધૂણાવતા કુંભારને બહાર કાઢી ધીરજ આપી શાંત કર્યો.

પછી તો એ કુંભાર અલૈયા ખાચર પાસેથી ભગવાનનો મહિમા સમજી સત્સંગી થયો અને એ કુંભારને મહારાજનો એવો મહિમા સમજાણો કે જીવ્યો ત્યાં સુધી સેવા અને ભજન કર્યું.

મરેલાને બેઠો કર્યો

અલૈયાખાચર ભગવાન શ્રી સ્વામિનારાયણના મહિમાની વાતો કરી અનેક લોકોને સત્સંગી કરતા. ભગવાનના મહિમાની વાતો કરતા તેઓ કહેતા, 'ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ગુરુ પાસેથી બે વરદાન માગી લીધા છે, જેથી તેમનો સત્સંગી ક્યારેય અન્ન-વસ્ત્રે કરીને દુ:ખી ન હોય અને ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત દેહ છોડે, ત્યારે ખુદ ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમને તેડવા આવે છે અને તે બોલતો ચાલતો ભગવાનના ધામમાં જાય.'

મહારાજની કેફભરી આવી વાતો સાંભળી કેટલાક લોકો સત્સંગી થતા, તો કેટલાક આડા-અવળા સંશયો પણ કરતા.

એક દિવસ અલૈયા ખાચરનું ઘર તથા ખેતરનું કામ કરનારો સાથી જેહલો બિમાર પડ્યો અને અચાનક બોલ્યા ચાલ્યા વગર ખોળિયું ખાલી કરી જેહલાનો જીવ ચાલી નીકળ્યો. વાતની ગામને ખબર પડી, ત્યારે સૌનાં હૈયે ભારે દુ:ખ થયું, પણ અલૈયા ખાચરના કુસંગી કાકાને તો મજાક કરવાનો તુક્કો સૂઝ્યો. દોડવું હતું ને ઢાળ મળ્યા જેવું થયું.

જેહલાએ દેહ છોડ્યો એ સમયે અલૈયા ખાચર કામ કાજ માટે ગામતરે ગયા હતા. અલૈયા ખાચરની ગેરહાજરીમાં ગામ લોકો જેહલાના દેહને અગ્નિસંસ્કાર માટે સ્મશાન લઈ ગયા.

તે વખતે જ અલૈયા ખાચર ઘરે આવ્યા. ઘરના માણસોના સોગિયાં મોંઢાં જોઈને દરબારે એક નોકરને પૂછ્યું, "અલ્યા ! આમ ઘરમાં શાંતિ કાં ફાટી નીકળી ? બધા સોગિયા મોંઢાં કરી કાં બેઠા ?"

"બાપુ જેહલાએ દેહ મેલ્યો છે !"

"હેં.. !" વાત સાંભળી થોડીવાર તો અલૈયા ખાચરને હૈયે ધ્રાસકો

પડ્યો.

આમ વાતો ચાલે છે, ત્યાં તો ડેલીએ કાકા કળાણા. હળવાં પગલાં ભરતા ઓસરીની કોર ચડતા બોલ્યા,"એલા અલૈયા ! સાંભળ્યું કે તારો સાથી જેહલો મરી ગયો !"

અલૈયા ખાચરે માથું હલાવી હા ભણી.

"અલૈયા ! તું કે'તો હતો ને કે અમારો જે સત્સંગી હોય એ દેહ મૂકે ત્યારે એને તમારા સ્વામિનારાયણ તેડવા આવે. એલા ! આ જેહલો મર્યો ત્યારે અમો કોઈએ એવું કાંઈ ન ભાળ્યું, તો અમે કેમ માની એ કે તમારા ભગવાન ખરેખર તેડવા આવે છે !

"હા કાકા ! ભગવાન શ્રી સ્વામિનારાયણનો સત્સંગી જરૂર ભગવાનના ધામમાં જાય, એમાં કોઈ શંકાને સ્થાન નથી."

"પણ... તું તો એમેય કે'તો હતો કે સત્સંગી બોલતો-ચાલતો ધામમાં જાય. તારો સાથી જેહલો તો પાકો સત્સંગી હતો ને તે મર્યો ત્યારે કેમ કંઈ બોલ્યો નહિ ? માટે તમે બધા સત્સંગીઓ ખોટાબોલા છો."

"કાકા ! સત્સંગી ખોટો ન પડે ! જેહલો તો ધામમાં જ ગયો છે." એમ વાત કરતા કરતા પંડ્ય પરથી અલૈયા ખાચરે સ્મશાન જવા લૂગડાં ઊતાર્યા ને ખંભે પનિયું નાખ્યું.

"પણ એની કાંઈ ખાતરી ખરી ? હું મૂરખ નથી કે તમારી લોલમલોલ વાતો માનું. જો તું સાચો હો તો ખાતરી કરાવ લે !" કાકો દાઢમાં બોલ્યો.

"કહો કાકા, શું ખાતરી આપું ?" અલૈયાએ જોડામાં પગ નાખ્યા અને વાત કરતા ઓસરી ઊતર્યા.

"જો એ જેહલો બેઠો થઈને બોલે કે મને ભગવાન તેડી ગયા છે, તો અમને મનાય."

અલૈયાની સાથે ધીરા ડગલાં ભરતા કાકો પણ સાથે ચાલવા લાગ્યા.

"તો કાકા ! એ બોલે તો તમે શું હારી જાવ ?"

"એલા ! એ સાચું ઠરે તો હું તું કહે તે હારું અને જો તું ખોટો પડ્ય તો ?" કાકાએ પ્રશ્ન કર્યો.

"કાકા ! હું ખોટો ઠરું તો જેહલા ભેળો બળી મરું અને તમે હારી જાવ

તો સ્વામિનારાયણના આશ્રિત થાશો ને !''

''હા.. હા..કબૂલ !'' કાકાએ કોલ દીધો.

કાકાનો કોલ સાંભળી અલૈયા ખાચરે હિંમતથી વિશ્વાસપૂર્વક કહ્યું, ''કાકા ! જલ્દી સ્મશાને ચાલો. જેહલાનો અગ્નિદાહ નથી થયો. તે પહેલા હું તમને પાકી ખાતરી કરાવી દઉં.''

બન્ને જણ સ્મશાન પહોચ્યા, ત્યાં જેહલાના દેહને લાકડામાં ખડકી દીધો હતો. અગ્નિદાહ દેવાની તૈયારી જ હતી.

અલૈયા ખાચરે અગ્નિદાહ આપનારને રોક્યો અને ચિતાની નજીક જઈ જેહલાના દેહ માથે ઢાંકેલ છાણાં ને બે-ચાર લાકડા આઘા કરી મહારાજને પ્રાર્થના કરી, ''હે દયાસિંધુ ! શરણાગતવત્સલ ભગવાન ! મારી દઢતાના રક્ષક ! કપરી વેળાના સહાયક ! મારી કસોટી પાર કરજો, મારી આબરુ રાખજો.''

આ રીતે મહારાજને યાદ કરી ઊંચે અવાજે બોલ્યા, ''જેહલા ! એ...જેહલા !''

ત્યાં તો ચિતાના લાકડામાં પોઢેલા જેહલાની આંખો ખૂલી, લાકડા આઘા કરી એ બેઠો થયો અને બોલ્યો, ''બાપુ ! મને શા માટે પાછો બોલાવ્યો ? મારે ભગવાનના ધામમાંથી પાછું આવવું પડ્યું !'''

અલૈયા ખાચર કહે, ''જેહલા ! આ મારા કાકા માનતા નો'તા કે તું ભગવાનના ધામમાં ગયો છો. તેમને પ્રતીતિ આવે એટલા માટે તને ધામમાંથી પાછો બોલાવ્યો.''

જેહલો કહે, ''મને ભગવાન શ્રી સ્વામિનારાયણ તેડવા આવ્યા હતા. હું વિમાનમાં બેસી જતો હતો ત્યાં વિમાન પાછું વળ્યું. મને કહેવામાં આવ્યું કે તારા આપા અલૈયા તને યાદ કરે છે. તેને અંત સમયે મળ્યો નથી તે મળી આવ અને તે પૂછે તેનો જવાબ આપજે એટલે એના જીવને શાંતિ થાય. તેમજ બીજા લોકોનેય ખાતરી થાય કે સત્સંગી માત્રને ભગવાન શ્રી સ્વામિનારાયણ તેડવા આવે છે.''

આટલાં વેણ બોલી જેહલો પાછો લાકડાની પથારીમાં સૂઈ ગયો અને બોલ્યો, ''બહુ સારું, હવે સ્વામિનારાયણ નામની ધૂન કરો.'' પછી બધાએ ધૂન

કરીને એટલે જેહલો ફરી દેહ છોડી અક્ષરધામમાં ગયો.

આ દૃશ્ય જોઈ અલૈયા ખાચરના કાકાનું મોં તો આશ્ચર્યથી ખૂલ્લું રહી ગયું, આંખો પહોળી થઈ ચકળવકળ થતી રહી અને શું કરવું એ કાંઈ સૂઝ્યું નહીં.

આ અદ્‌ભૂત આશ્ચર્ય પમાડતો પ્રસંગ જોઈ સૌ ગ્રામજનો અત્યંત નવાઈ પામ્યા અને અલૈયાખાચરની શ્રદ્ધા, વિશ્વાસ અને નિષ્ઠાની પ્રશંસા કરી સત્સંગનો ગુણ લીધો.

રૂપિયા પણ મળ્યા અને વડવાઓ ધામમાંય ગયા

એક વખત મહારાજ ઝીંઝાવદર પધાર્યા હતા. સાંજનો સમય થતા મહારાજ સંતો તથા સર્વ ભક્તજનોને સાથે લઈ ગામને ગોંદરે આવેલા તળાવે આવ્યા.

સંતોએ મહારાજને બેસવા માટે તળાવની પાળી ઉપર ધાબળી પાથરી દીધી. મહારાજ બિરાજમાન થયા એટલે સહુ સંતો તથા હરિભક્તો મહારાજની સામે નીચે બેઠા.

સાંજનો સમય થયો હતો. સૂરજદેવ આથમવાની તૈયારી કરતા હતા. પક્ષીઓનો મધુર કલરવ વાતાવરણને વધારે આહ્‌લાદક બનાવતો હતો. એ સમયે મહારાજે સંતોને કીર્તન બોલવાની આજ્ઞા કરી.

સંતોને આજ્ઞા થતા બ્રહ્માનંદ સ્વામી તથા પ્રેમાનંદ સ્વામીએ કીર્તનોની અમૃતધારા વહાવી. થોડો સમય કીર્તનભક્તિ ચાલી. પછી મહારાજ કહે, “હવે કીર્તન રાખો, થોડી વાતો કરીએ.”

એમ કહી મહારાજ ભગવાનના આશ્રયનો મહિમા તથા તેમના સત્સંગીઓનો મહિમા કહેવા લાગ્યા. એમાં એક વાત આવી કે, ‘જે કુળમાં ભગવાનનો એક સાચો ભક્ત થાય, તે કુળની એકોતેર પેઢી ભગવાનના ધામમાં જાય અને મહા સુખને પામે.’

આમ વાતો ચાલતી હતી ત્યાં અલૈયા ખાચરે શ્રીજી મહારાજને પૂછ્યું, “મહારાજ ! મારા બાપદાદાઓ ઘણા હિંસક અને વ્યસની હતા. તેઓએ આખી જિંદગી ખૂબ પાપ કર્યાં હતાં. હું તમારો ભક્ત થયો અને તમે તો સાક્ષાત્ ભગવાન છો, તો પાપના પહાડ જેવા અમારા પૂર્વજોની સદ્‌ગતિ થઈ હશે કે નહીં ?”

અલૈયા ખાચરનો પ્રશ્ન સાંભળી મહારાજે હસતા હસતા કહ્યું, “દરબાર !

જે કુળમાં તમારા જેવા ભક્ત થાય તેના ડોસા તો ભગવાનના ધામમાં જ પહોંચે.''

અલૈયા ખાચરે થોડા સંશય સાથે પૂછ્યું, ''પણ મહારાજ ! તેઓ ખરેખર ધામમાં ગયા છે એ કેમ ખબર પડે ?''

મહારાજ બોલ્યા, ''તો શું તમારે તેનું પારખું કરવું છે ?''

''હા મહારાજ ! એવી કોઈ દિવ્યતા જણાવો તો બહુ આનંદ થાય.''

પછી મહારાજે સામે એક હરિભક્ત બેઠા હતા તેમને કહ્યું, ''તમે ધામમાં જઈને જોઈ આવો કે અલૈયા ખાચરના વડવાઓ ત્યાં છે કે નહીં ? અને હા, જો તેઓ ત્યાં બેઠા હોય તો કાંઈક એંધાણ લેતા આવજો, નહિતર આ કાઠીઓ માનશે નહીં.'' એમ કહી મહારાજે એ ભક્તને સમાધિ કરાવી અને ધામમાં મોકલ્યા.

ધામમાં જઈ એ ભક્તે પૂછ્યું, ''ઝીંઝાવદરના ભક્તરાજ અલૈયા ખાચરના વડીલો અહીં આવ્યા છે ?''

એ હરિભક્તની વાત સાંભળી અલૈયા ખાચરના વડવાઓ ઊભા થયા અને કહ્યું, ''હા હા... આ રહ્યા અમે અલૈયાના વડવાઓ. અત્યાર સુધી જમડાનો માર ખાઈ ખાઈને હાડકા ભાંગી ગયા. આ તો અલૈયાના પુણ્ય-પ્રતાપે અમે અહીં આવ્યા છીએ, નહીંતર અમારા ભાગ્યમાં આવા ભગવાનના સુખ ક્યાંથી હોય !''

પેલા ભક્ત કહે, ''હા, એ વાત તો સાચી, પણ તમે અહીં છો એની કાંઈક નિશાની આપો તો તમારા દીકરા અલૈયાને પ્રતીતિ આવે.''

ભક્તની વાત સાંભળી એક ડોસા કહે, ''એ...હું આપીશ નિશાની. હાલમાં જ્યાં મહારાજ તળાવની પાળે સભા કરીને બેઠા છે, ત્યાં એક પીપરનું ઝાડ છે. એ ઝાડના થડથી ઉગમણી તરફ નવ હાથ ભરીને જમીન ખોદજો, ત્યાં અમે નવસો રૂપિયા ભરીને એક દેગડી દાટી છે એ તમને મળશે, બસ.''

વડવાઓએ નિશાની આપી એટલે એ ભક્ત સમાધિમાંથી જાગ્યા અને કહ્યું, ''અલૈયા ખાચરના વડવાઓ ધામમાં ગયા છે.''

અલૈયા ખાચર કહે, ''પણ કોઈ નિશાની આપી ?''

''હા, હા, આપીને નિશાની. જો આ પીપર છે એના થડથી ઉગમણી તરફ નવ હાથ છેટે તમારા વડવાઓએ ધન દાટ્યું છે. એક કોશ મંગાવો એટલે ખોદીએ.''

કોશ મંગાવી પીપરના થડથી નવ હાથ માપી ખોદ્યું તો ત્યાંથી એક દેગડી

નીકળી. એ ખોલીને જોયું તો તેમાં નવસો રૂપિયા હતા. દેગડી લઈ અલૈયા ખાચર મહારાજ પાસે આવ્યા.

મહારાજ હસતા હસતા કહે, ‘‘અલૈયા ખાચર ! તમારે તો બેવડું કામ થયું, રૂપિયા પણ મળ્યા અને વડવાઓ ધામમાં ગયા તેની ખાતરી પણ થઈ.’’

અલૈયા ખાચર નેહથી નીતરતાં નયણે મહારાજનાં ચરણોમાં મસ્તક નમાવી બોલ્યા, ‘‘હે કૃપાનિધાન ! એ બધું આપની અપાર કરુણાનું ફળ છે.’’

કૃપાનાથ ! હાથીએથી ફરી ગધેડે ?

સંવત ૧૮૬૪ની સાલમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મુક્તોની ખાણ સમાન ભાદરા ગામમાં દીવાળીનો ઉત્સવ કરવા રોકાયા હતા. અહી મહારાજે એક માસ સુધી રહી ભક્તોને અનેક સુખો આપ્યા હતા.

અન્નકૂટનો ઉત્સવ કરી મહારાજ ભૂજ બાજુ જવાની તૈયારી કરતા હતા, એ સમયે એક અલૌકિક લીલા કરી ભૂજના સુંદરજી સુથારનું અભિમાન ઓગાળ્યું.

વાત એમ બની કે, મહારાજે એક પત્ર તૈયાર કર્યો. એમાં અઢાર હરિભક્તો કે જેમાં કોઈ ગામધણી હતા, તો કોઈ ગીરાસદાર હતા, તો કોઈ રાજ્યના કારભારી હતા, એવા મોટા મોટાનાં નામ લખી આજ્ઞા કરી કે...

“માંચા સુરા સોમલા અલૈયા, મૂળુ નાજા માતરા મામૈયા,
અજા જીવા વીરદાસ વળી, લાધા કાળા કમળશી મળી.
એહ સર્વે તજી ઘરબાર, થાજ્યો પરમહંસ નિરધાર.”

આ ભક્તોને ખાસ જણાવવાનું કે, આ પત્ર મળે એટલે જે ક્રિયા કરતા હો તે સર્વે પડી મેલીને, કુંભારને ત્યાંથી ગેરુ મંગાવી તત્કાળ ભગવાં પહેરી, જેતલપુર સ્વામી રામદાસભાઈને મળી, ઉઘાડા પગે કાશીની યાત્રા કરી કચ્છ-ભૂજમાં અમને મળજો.’’

આ પત્ર લઈ વીરદાસ પટેલ એક પછી એક બધા ભક્તોને સમાચાર પહોંચાડવા લાગ્યા. જેને સમાચાર મળે એ તરત જ ઘરેથી નીકળી પડે. વીરદાસ ઝીંઝાવદર આવ્યા, પણ અલૈયા ખાચર બહારગામ ગયેલા.

વીરદાસ ગામની બહાર નીકળ્યા ત્યાં અલૈયા ખાચર સામે મળ્યા. વીરદાસે મહારાજનો પત્ર આપ્યો.

અલૈયા ખાચરે પત્ર હાથમાં લીધો, આંખે અડાડ્યો અને વાંચ્યો. વંચાઈ

ગયો એટલે તૂર્ત જ ઘોડીએથી હેઠા ઊતર્યા, પોતાની રાજવી કાયા ઉપરના વસ્ત્રાલંકાર કિંમતી સોનેરી પાઘ, નંગજડિત સોનાના વેઢ-વીંટી-કડાં અને ઉતરી વગેરે ઘરેણાં, સોનાની મૂઠવાળી તલવાર વગેરે વસ્ત્રાભૂષણો જેમ સર્પ કાંચળી ઊતારે તેમ ઊતારી પોટલું વાળ્યું. એ પોટલું ઘોડીની ડોકે બાંધ્યું અને ઘોડીને ઝીંઝાવદરને રસ્તે રવાના કરી.

રસ્તામાં જ્યાં વ્યવસ્થા થઈ ત્યાં ગેરુવાળા કપડાં પહેરી પહોંચ્યા સ્વામી ભાઈરામદાસજી પાસે જેતલપુર.

પત્રમાં જેટલાં નામ હતાં તે સર્વે એકઠા થયા અને સ્વામીને પત્ર વંચાવ્યો ને કહ્યું, ‘‘સ્વામી ! મહારાજની આજ્ઞા છે એટલે અમે કાશીની યાત્રા કરી ભૂજ પહોંચશું.’’

સ્વામીએ સંતોને કહ્યું, ‘‘તમે બધા સુખી જીવન જીવનારા છો. આટલા દૂરથી ઉઘાડે પગે ચાલીને આવ્યા છો અને હજુ કચ્છ સુધી ચાલવાનું છે, માટે અહીં બે ત્રણ દિવસ વિશ્રાંતિ લઈ લો, પછી આપણે સહુ ભૂજ જશું.’’

‘‘પણ સ્વામી ! મહારાજની આજ્ઞા કેમ લોપાય ?’’

સ્વામી કહે, ‘‘ચિંતા કરો મા, મહારાજ જે ઠપકો આપશે એ હું સહન કરીશ.’’

થોડા દિવસોમાં નવા પરમહંસોને લઈ સ્વામી ભાઈરામદાસજી ભૂજ પહોંચ્યા.

મહારાજને સમાચાર મળ્યા કે અમારા અઢાર નવા પરમહંસો આવે છે, એટલે તુરત માણકીએ અસવાર થઈ સહુ સંતો-ભક્તો સાથે સામા આવ્યા. મોટા મોટા દરબારો, શેઠિયાઓ, ગામના આગેવાન પટેલોને સાધુ થયેલા જોઈને સૌ આશ્ચર્ય પામ્યા.

સંતો નજીક આવ્યા એટલે ધૂળિયા રસ્તામાં મહારાજ દંડવત્ કરવા લાગ્યા. સંતોએ દોડી મહારાજને ઊભા કર્યા. મહારાજ દરેકને અત્યંત પ્રેમથી ભેટ્યા અને એમાંય અલૈયા ખાચર તો રજોગુણી જીવ, એમને સાધુ વેશમાં જોઈ મહારાજ ખૂબ રાજી થયા.

એ તમામ નવા સંતોને મહારાજે થોડા દિવસ પાસે રાખ્યા અને અલૌકિક સુખ આપ્યું.

થોડા દિવસ વિત્યા એટલે મહારાજે બધા નવા સંતોને પાસે બોલાવ્યા અને કહ્યું, “પરમહંસો ! જેમ અમારા વચનથી સંસાર છોડી સાધુ થઈને અહીં આવ્યા, તેમજ હવે પાછા ગૃહસ્થાશ્રમમાં જાઓ.”

ત્યારે પરમહંસ બનેલા અલૈયા ખાચરે કહ્યું, “કૃપાનાથ ! હાથીએથી ફરી ગધેડે કાં બેસારો ? આટલા દિવસ અમૃત પાયું ને હવે ફરી છાસું પાવા મોકલવા છે ? મહારાજ ! અમને એમ થાય છે કે હજુ અમારામાં કોઈક કચાશ હશે ! નહિતર ફરી અમને સંસારરૂપી અંધારા કૂવામાં નાખો નહીં !”

મહારાજ કરુણાભર્યા વચને બોલ્યા, “નહીં, ભક્તો, નહીં ! તમે સંસારમાં રહેવા છતાં પૂરેપૂરા સાધુ જ છો. પણ અમારે તમારા થકી હજુ ઘણાં કાર્યો કરાવવાનાં છે, માટે તમે અમારી આજ્ઞા માનો અને પાછા ઘરે જાઓ.”

આ રીતે મહારાજની આજ્ઞાથી ઘણા સાધુ રહ્યા ને ઘણા ઘેર પાછા ગયા.

સંગ તેવો રંગ

મહારાજની આજ્ઞા થતા અલૈયા ખાચર ભગવા ઊતારી પાછા ઘરે તો આવ્યા, પણ મન તો સાધુ જ રહ્યું. આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા સાથે અલૈયા ખાચરે અન્ય લોકોને પણ પોતાનો રંગ ચડાવવાનું ચાલુ કર્યું.

પોતાના દરબારગઢમાં કામકાજ કરનારા અનેક નોકર-ચાકરો હતા. તે સર્વને પણ મહારાજના મહિમાની વાતો કરી સત્સંગ પાયો હતો. એમાં રામબાઈની વાત જ જૂદી. અલૈયા ખાચર રામબાઈને પોતાની સગી દીકરી કરતાં વધારે વહાલથી સાચવે. રામબાઈ પણ અલૈયા ખાચરના દરબારગઢને પોતાનું ઘર માની બધું જ કામકાજ કરે. મૂળ તો રામબાઈ કોળી સથવારાના દીકરી, ગરીબ ઘર, નાની ઉંમરમાં મા-બાપ ગૂજરી ગયાં એટલે રામબાઈ નોંધારા બની ગયા હતા, પણ અલૈયા ખાચરે દીકરી માની સાચવ્યા હતા.

પૂર્વના મુમુક્ષુ તો હતા જ, વળી અધૂરામાં પૂરું અલૈયા જેવા બાપની છત્રછાયામાં રામબાઈ સત્સંગમાં વિશેષ દૃઢ થયા. ભગવાન શ્રીહરિ, સંતો-ભક્તો અવારનવાર ઝીંઝાવદર પધારે. રામબાઈ દૂરથી દર્શન કરે અને કથાવાર્તા સાંભળે. તો ક્યારેક બાપુ સાથે ગઢડા જવાનું થાય. લાડુબા, જીવુબા જેવા મહામુક્તોનો યોગ થાય. પછી તો પૂછવું જ શું ?

રામબાઈના મનમાં થયું કે, ‘બાપુ બાળબ્રહ્મચારી રહીને મહારાજનું

ભજન કરે છે. લાડુબા અને જીવુબા પણ એ જ પ્રમાણે ભજન કરે છે, તો પછી મારેય એમ શા માટે ન રહેવું ?'

અત્તરનું પૂમડું જેમ અછતું ન રહે તેમ રામબાઈની સેવા, ભક્તિ અને સદ્‌ગુણોની સુવાસ ચારે બાજુ પ્રસરી ગઈ. દરબાર અલૈયા ખાચર તો ઠીક, પરંતુ ગામના લોકો પણ રામબાઈને ખૂબ જ માનથી જોતા.

ધીમે ધીમે રામબાઈ ઉંમરલાયક થયા. અલૈયા ખાચરને થયું, દીકરી હવે મોટી થઈ ગઈ છે. એમને યોગ્ય જગ્યાએ પરણાવી દઉં, એથી મારી જવાબદારી પૂર્ણ થાય અને નિરાંતે મહારાજનું ભજન થાય.

બાપાએ કોળી જ્ઞાતિમાં ચારે બાજુ યોગ્ય મૂરતિયાની શોધ ચલાવી. આ વાતની ગંધ રામબાઈને આવી. રામબાઈ મૂંઝાયા. બાપા મારે માટે મૂરતિયો ગોતે છે, પણ મારાં અંતરનો ઠરાવ બાપાને કેમ કહેવો ? રામબાઈને સંકોચ થયા કરતો, છતાં એક દિવસ તો હિંમત કરી જ નાખી. વહેલા-મોડી વાત કરવી જ છે, તો આજે જ કેમ ન કહી દેવી !

અલૈયા ખાચર બહાર નીકળ્યા ત્યાં બારણા આડેથી બહાર આવી રામબાઈએ હાથ જોડ્યા, "બાપા ! મારે એક વાત કરવી છે."

અલૈયા ખાચર કહે, "બોલ બેટા ! શું કહેવું છે ?"

રામબાઈ કહે "બાપા ! હમણાં તમે કંઈક ધમાલમાં પડ્યા હો તેવું લાગે છે, તે શું છે ?"

"દીકરી ! ખરું કહું તો તું હવે ઉંમરલાયક થઈ, તેથી તને મારે યોગ્ય ઠેકાણે પરણાવવી જોઈએ. એ માટે મૂરતિયાની શોધમાં છું."

"એટલે તમે મારા માટે મૂરતિયો ગોતો છો એમ જ ને ?" રામબાઈએ હિંમત એકઠી કરી વાત કરી.

"હા, એમ જ દીકરી ! મારી ફરજ છે તે પૂરી કરું છું."

"પણ બાપા, આપને એક વાત કહું ?"

"બોલને બેટા ! એક નહીં બે વાત કર."

"તો બાપા ! સાંભળો, મારે માટે તમે મહેનત કરશો મા."

"કેમ એવું બોલે છે ?" અલૈયાખાચર સહેજ અચકાયા.

"મારો મૂરતિયો મેં ગોતી લીધો છે."

"એટલે દીકરી તું શું કહેવા માગે છે ?" અલૈયાને કંઈક ગૂંચવણ થતી હોય તેમ લાગ્યું.

"જો બેટા ! તારે કોઈ સંકોચ રાખવાની જરૂર નથી. હું તારો બાપ અને મા બેય છું. તું શું કહેવા માગે છે તે હું સમજી શકતો નથી. 'મારો મૂરતિયો મેં ગોતી લીધો છે.' એટલે ? જો દીકરી ! તારું મન ક્યાંય માન્યું હોય તો કહી દે, મારે એટલી માથાકૂટ ઓછી. હું તો કોઈ પણ રીતે તને સુખી જોવા માગું છું."

"જો બાપા ! ખરેખર મને સુખી કરવા માગતા હો તો સાંભળો. મારું મન તો મહારાજ સાથે માન્યું છે. હવે બીજો કોઈ ધણી નથી કરવો. આજીવન બ્રહ્મચર્ય પાળી, સાંખ્યયોગ લઈ પ્રભુ ભજવા છે." આખરે રામબાઈએ પોતાના મનની વાત કરી દીધી.

દરબાર કહે, "દીકરી ! એ નહિ બને. તને ખબર છે ? મેં તને એકની એક સાત ખોટ્યની દીકરી સમાન માની છે. જગત મને શું કહે ? પારકી હતી એટલે ન પરણાવી."

બાપાનો દૃઢાગ્રહ જોઈ રામબાઈ મૂંઝાયા. "પણ બાપા..."

"પણ બણ કાંઈ નહીં, બેટા ! ત્યાગનો માર્ગ કાંઈ શેકેલા ચણા ચાવવા જેવો સહેલો થોડો છે ? એ તો દીકરી ! તલવારની ધાર પર ચાલવા જેવો કપરો માર્ગ છે."

ત્યાં રામબાઈએ ફરી વિનંતી કરી. "બાપા ! તમે કહેતા હતા કે હું તને સુખી કરવા માગું છું."

"હા દીકરી ! એથી તો આ ઉંમરે આ દોડાદોડી કરી રહ્યો છું."

"બાપા ! તમે દોડાદોડી કરો છો, પણ ઉલટી દિશામાં. મારું સુખ તો હવે મહારાજનાં ચરણ સિવાય ક્યાંય નથી. પરણાવીને તો ઊલટાની મને તમે દુઃખી કરશો."

અલૈયા ખાચર મૂંઝાયા, "પણ દીકરી ! તારે ભગવાન જ ભજવા હોય, તો સંસારમાં રહીને ક્યાં નથી ભજાતા...?"

"તો બાપા ! એક પ્રશ્ન પૂછું ? સંસારમાં રહીને પણ ભગવાન ભજાતા હોય, તો જીવુબા અને લાડુબા કેમ સાંખ્યયોગ લઈને બેઠાં છે ? અને બીજાની વાત જવા દો બાપા ! તમે પોતે જ બાળબ્રહ્મચારી બનીને આમ સંસારથી અલગ

કેમ રહ્યા ?''

અલૈયા ખાચરની મૂંઝવણ વધી ગઈ. એ બોલ્યા, ''જો દીકરી ! અમારી વાત જૂદી છે. મહારાજ જેવા મહારાજ મળ્યા ને મુક્તાનંદ સ્વામી જેવા સદ્‌ગુરુઓનો યોગ થયો. અને ખરું કહું દીકરી ! સહજ આનંદસ્વરૂપ સહજાનંદ સ્વામીની મૂર્તિનું સુખ માણ્યા પછી મને તો સંસારની ખાટી છાશ પીવાનું મન જ નથી થતું.''

રામબાઈએ તક ઝડપી લીધી, ''તો બાપા ! તમે જે ખાટી છાશ ન પીધી ને ફેંકી દીધી, તો એ ખાટી છાશ મને શા માટે પાવાનો આગ્રહ રાખો છો ?''

રામબાઈની ટકોર સાંભળી અલૈયાખાચર તો અવાચક જ બની ગયા. શું કહેવું ! કાંઈ સૂઝ પડી નહીં. ભોં ખોતરવા લાગ્યા. દીકરીની વાત સાવ સાચી છે. મેં ન પીધી તો પછી દીકરીને શું કામ પાવી ? પણ ન પરણાવું તો જગત શું કહેશે ? દરબારને આજ લોકલાજ આડી આવી રહી છે, એ બોલ્યા ''દીકરી ! તારી વાત તો સાચી છે, પણ તને ન પરણાવું તો જગત મને શું કહેશે એ તને ખબર છે ? જગતનાં મે'ણાં મારાથી ન ખમાય. હું તો તને પરણાવીશ જ.''

રામબાઈ થોડા અચકાયા પણ તુરત પ્રસ્તાવ વધાવી લીધો. ''ભલે બાપા ! મને મંજૂર છે. મહારાજ જેમ કહેશે તેમ કરીશ. આખરે તો મારે ભેખ પણ એને જ રાજી કરવા લેવો છે ને ?''

અલૈયાખાચરે થોડી રાહત અનુભવી. માણસને ગઢડા રવાના કર્યો.

માણસ ગઢડા પહોંચ્યો. મહારાજને પ્રણામ કરી સઘળી વાત કરી એટલે મહારાજે સંદેશો મોકલ્યો, ''જાઓ, રામબાઈને કહેજો, પરણીને પ્રભુ ભજવા.''

શ્રીહરિના સંદેશ સાથે માણસ પાછો ફર્યો. ઝીંઝાવદર આવી અલૈયા ખાચરને વાત કરી. અલૈયા ખાચર તો રાજી રાજી થઈ ગયા. મહારાજે મારું રાખ્યું ખરું. હવે રામબાઈ પરણવાની ના નહીં પાડે.

એમણે રામબાઈને બોલાવી મહારાજનો સંદેશ સંભળાવ્યો. સંદેશ સાંભળતાં રામબાઈ પણ થોડીવાર મૂંઝાઈ ગયા. 'પરણીને પ્રભુ ભજવા !'

'પરણીને પ્રભુ ભજવા' એટલે મહારાજ શું કહેવા માગે છે ? રામબાઈ ઊંડા વિચારમાં ઊતરી ગયા. ત્યાં અચાનક અંતરમાં અજવાળું થયું અને એ અજવાળામાં મહારાજના આદેશનો મર્મ ઉકલી ગયો.

ત્યાં તો બાપાએ સવાલ કર્યો. "દીકરી ! બોલ હવે શું કરવું છે ? મારું ન માન્યું પણ હવે મહારાજનું તો માનીશને ?"

રામબાઈએ ધીમું હસીને કહ્યું, "બાપુ ! મહારાજનો આદેશ મળે, પછી વિચાર શો કરવાનો હોય ? લ્યો, મહારાજે તમારું રાખ્યું હવે કરો તૈયારી."

રામબાઈની વાત સાંભળી બાપુ તો રાજી થઈ ગયા.

ઘડિયાં લગ્ન લેવાયાં. જાન આવી. સામૈયાં થયાં. ઢોલ-નગારાં અને શરણાઈના સૂરો રેલાયા, સ્ત્રીઓ મંગળ ગીતો ગાવા લાગી. વરરાજા માંડવામાં પધાર્યા. ગોરદાદા લગ્નવિધિ કરાવી રહ્યા છે. કન્યા પધરાવવાનો સમય થયો એટલે ગોરદાદાએ અલૈયાખાચર સામે જોઈ સાદ કર્યો 'કન્યા પધરાવો સાવધાન'.

લગ્નનો આ સાવધાન શબ્દ તો જીવને જગાડનારો છે કે 'જો જો હવે સંસારના કાદવમાં ખૂંપી ન જતા.' પણ આ મર્મને કોણ સમજી શકે ? કરોડોમાં કોઈક સદ્‌ભાગી જ આવો સાવધાન બને.

રામબાઈ ખરેખરા સાવધાન બનીને તૈયાર બેઠા છે, પણ બાપુને એની અણસાર સુદ્ધાં પણ નથી. એને તો દીકરી પરણવા તૈયાર થઈ એનો જ અંતરમાં અનેરો આનંદ છે.

ગોરદાદાનો સંકેત સાંભળી દરબાર ઊભા થઈ ઓરડાની અંદર ગયા અને સખીઓને ઈશારો કર્યો. 'રામબાઈને બહાર લાવો.' સોળે શણગાર સજેલી સુંદરીને સખીઓએ માંડવામાં પધરાવી. લગ્નવિધિ ચાલી રહ્યો છે. મંગળ વરતાયાં. સપ્તપદીના મંત્રો ભણાઈ રહ્યા છે. પહેલું મંગળ વરતાયું, પ્રથમ ફેરો પૂરો થયો. બીજો, ત્રીજો ફેરો ફરાયો. અલૈયાખાચર ચોરીના દરેક ફેરે મન મોકળું મૂકીને જમીન અને ગાયોનાં દાન આપી રહ્યા છે.

ચોથા ફેરે રામબાઈએ ધીરે રહી ગોરદાદાના કાનમાં પૂછ્યું, "દાદા પરણવાનું પૂરું ક્યારે થાય ?"

ગોરદાદાને બીચારાને બીજી શું ગમ પડે ? એણે કહ્યું, "દીકરી ! આ ચોથો ફેરો ચાલે છે, પછી પરણવાનો વિધિ પૂરો થાય."

"દાદા, આ ચોથા ફેરા પછી પરણવાનું પૂરું ?" રામબાઈએ વિશેષ ખાતરી કરી.

"હા દીકરી ! પૂરું. પછી કોઈ વિધિ બાકી નથી રહેતી." દાદાએ ઉત્તર

દીધો. વળી મનમાં થયું, આ છોકરીને પરણી લેવાની આટલી બધી ઉતાવળ શેની હશે ?

ચાર ફેરા પૂરા થયા. સગાં-સંબંધી અને અન્ય લોકો યથાશક્તિ હાથગરણું કરવા લાગ્યા. આખા ગામે ઉત્સાહથી હાથગરણું કર્યું.

રામબાઈએ સાડીના આછા પાલવમાંથી દૃષ્ટિ કરી જોયું કે હવે કોઈ બાકી રહ્યું નથી લાગતું, એટલે ધીમે રહી પોતે ઊભા થયા. હજુ કોઈને કાંઈ અણસાર આવે, ત્યાં તો તેણે માથા ઉપરનો ઘૂંઘટ ખુલ્લો કરી નાખ્યો. સાપ જેમ કાંચળી ઊતારે તેમ રામબાઈએ નાકની વાળી અને કાનના અકોટા ઊતારી નાખ્યા. ગળાનો દોરો અને પગના તોડા કાઢી નાખ્યા અને હાથનાં બલોયાં પણ ઊતારી નાખ્યાં. શરીર પર સૌભાગ્યની નિશાની સરખી પણ ન રહેવા દીધી અને વરરાજાના પગમાં ઢગલો કરીને ઓવારણાં લઈ લીધાં ને કહ્યું, ‘‘લે ભાઈ ! મહારાજની ‘પરણીને પ્રભુ ભજવાની’ આજ્ઞા પૂરી થઈ. આખા ગામે તને હાથગરણું કર્યું અને હવે લે ભાઈ ! તારી બહેનનું આ હાથગરણું.’’

અલૈયા ખાચર તો વીજળીનો કરંટ લાગે તેમ ઊભા થઈ ગયા, ‘‘હાં હાં દીકરી ! આ શું કરે છે ?’’

લોકોને થયું કે રામબાઈ ગાંડા થયા કે શું ?

વરરાજાને તો આશ્ચર્યનો પાર નથી. એને બિચારાને ખ્યાલ પણ ન આવ્યો કે આ શું થઈ રહ્યું છે !

રામબાઈએ બાપુ સામે દૃષ્ટિ સ્થિર કરી. રામબાઈના શરીરમાંથી અનોખી કાંતિ પ્રસરી રહી હતી. ત્યાગ-વૈરાગ્યના તેજથી દીપતી રામબાઈ સાક્ષાત્ જોગમાયા જેવી લાગતી હતી. બાપા સામે જોઈ ન શક્યા. દૃષ્ટિ નીચી ઢાળી દીધી અને પૂછ્યું, ‘‘અરે દીકરી ! ગાંડી થઈ ! આ તું શું કરે છે ?’’

‘‘કાંઈ નહિ બાપુ ! આ તો મહારાજની આજ્ઞાનું અક્ષરશઃ પાલન થઈ રહ્યું છે. યાદ છે ને બાપુ ! મહારાજે કહ્યું હતું ‘પરણીને પ્રભુ ભજવા’ પરણવાનું પૂરું થયું અને હવે પ્રભુ ભજવાની શરૂઆત થશે.’’

‘‘અરે દીકરી ! તારે આવું કરવું હતું તો મને પહેલા કહેવું હતું ને !’’ અલૈયા ખાચરની આંખમાં ઝળઝળિયાં આવી ગયા. લોકો તો આશ્ચર્યથી બાપ દીકરીનો સંવાદ સાંભળી રહ્યા !

રામબાઈના ત્યાગ પાસે પોતાનો ત્યાગ અને વૈરાગ્ય ઝાંખા પડવા લાગ્યા. એણે મનોમન દીકરીને પ્રણામ કર્યા. વેલડું જોડાવી દીકરીને ગઢડા વળાવ્યા. રામબાઈએ શેષ જીવન મહારાજ અને ભક્તોની સેવામાં જ વિતાવી દીધું.

મૂછ ઉપર હાથ મૂકે તે વિમુખ

મહારાજ થોડા થોડા સમયે કોઈ ને કોઈ પ્રકરણો ચાલુ કરી સંતો-ભક્તોની કસોટી કરતા. એકવાર ગઢડામાં મહારાજે નવું જ પ્રકરણ ચલાવ્યું. મહારાજે જાહેર કર્યું કે, "આજે આ સભામાં જે પોતાના હાથ, પગ વગેરે અંગો હલાવે તે વિમુખ !"

મહારાજની વાત સાંભળી બધા સંતો તો જાણે પથ્થરની મૂર્તિ હોય તેમ સ્થિર થઈ ગયા, પણ જે કાઠી ભક્તો હતા તે માંડ્યા અકળાવા. ક્યારેય એક ક્ષણ પણ સ્થિર ન બેસનારા આ દરબારોને હલ્યા વગર બેસી રહેવું કેમ પોસાય ! હાથ-પગને કોઈક પ્રવૃત્તિ તો જોઈએ જ. નવરા બેસી રહે તો કાઠીઓ શેના ? એતો માંડ્યા મૂંછે હાથ ફેરવવા.

કાઠીઓને મૂછે હાથ ફેરવતા જોઈ મહારાજે કહ્યું, "એલા કાઠીઓ ! ના નથી પાડી હલવાની ? હવે જે મૂંછ ઉપર હાથ મેલશે તે પણ વિમુખ !"

મહારાજ ખીજાયા એટલે બધા છાનામાના બેઠા, પણ થોડીવાર થઈ એટલે માંડી કીડીઓ ચડવા. સાત પેઢીમાં કોઈ એક ક્ષણ પણ આમ હલ્યા વગર ન બેઠું હોય, એ આ કાઠીઓને કેમ ફાવે !

બધા કાઠીઓ આંખો ફેરવી એકબીજા સામે જૂએ કે કોઈ હલે તો એનો વારો ચડે. ત્યાં એક માખી ઊડતી ઊડતી આવી અને અલૈયા ખાચરની મૂંછ ઉપર બેઠી.

હવે આ જાતની માખી હખણી રહે ! એ તો મૂછ ઉપર બેસી ગણ ગણ કરે અને આમથી તેમ દોડે રાખે. એને તો મોટા પૂળા જેવી મૂંછ ઉપર ફરવાની જાણે મજા પડી ગઈ, પરંતુ માખી આમથી-તેમ ફરે એમાં અલૈયાથી રહેવાય નહીં. એને ગલગલિયા થાય. આંખથી ઈશારા કરી માખીને ઉડાડવાના ઘણા પ્રયત્નો કર્યા પણ સફળ ન થયા એટલે ન છૂટકે હાથ હલાવવો પડ્યો. હાથથી માખી તો ઉડાડી પણ આ માખી ઉડાડવાની ક્રિયા સુરા ખાચર જોઈ ગયા. એ તો વાટ જોઈને જ બેઠા હતા કે કોઈ પકડાય તો એને હેરાન કરીએ.

ત્યાં એ અલૈયાને હાથ હલાવતા જોઈ ગયા.

સુરા ખાચર પણ હલવાનો મોકો ગોતતા હતા ને મળી ગયો. એ તો ઊભા થઈ ગયા અને જોર જોરથી માંડ્યા બોલવા, “મહારાજ ! આ અલૈયો હલ્યો ! અલૈયો હલ્યો ! એણે એની મૂંછ ઉપર હાથ મેલ્યો, માટે એ આજથી વિમુખ.”

મહારાજ કાઠી દરબારોની હાલત જોઈ માંડ્યા હસવા અને બધાને હલવા-ચાલવાની છૂટી આપી.

ચોર પકડાણો !

સંવત ૧૮૬૮ની સાલ હતી. ચોમાસાનો વરસાદ સારો થયો હતો. ખેતરોમાં જાર સારી પાકી હતી. છોડવે છોડવે કિલો કિલો દાણાના લોથા જામ્યા હતા. એ જોઈ ખેડૂતોનાં મન પણ લોથાની હારે હાલક-ડોલક થતા હતા.

આવે વખતે મહારાજ એકલા અને છૂપી રીતે ઝીંઝાવદરને રસ્તે ચાલ્યા જાય છે. માણીગરની માણકી રસ્તેથી પસાર થતી ત્યારે મહારાજની નજરું એ જારના લોથાને જોઈ હરખાતી હતી. એ નજરુંના હરખ જીભને પણ લાગ્યા. ભરાવદાર ડૂંડામાં જારના મોટા મોટા દાણા જોઈ મહારાજને ખાવાનું મન થયું. ખાવાનું મન થાય અને એ પણ ભગવાનને... એ તો સારું કહેવાય, પણ એમણે ખાવાની જે રીત પસંદ કરી એ સારી નો’તી. જાર ખાવાના બહાને ભગવાન ભગવાન મટ્યા અને ચોર થયા અને એક અનોખી લીલાના મંડાણ આદર્યા.

મોરની ડોકની જેમ હવામાં હરખાતા જારના ડૂંડાને જોતા જાતા અને મોંઢામાં છૂટતાં પાણીના ઘૂંટડા ગળા હેઠા ઊતારતા ઊતારતા મહારાજ અલૈયાબાપુના ઘરે આવ્યા. પોતાને જાર ખાવી છે, એવી વાત કરે તો તો ભક્તો ગાડાં ભરી ઘરે આપી જાય. પણ મહારાજને એમ ક્યાં ખાવી હતી ? એમને તો ચોરી કરીને ખાવી હતી, એટલે એમણે ચોરીનો રસ્તો પકડ્યો.

વહેલી સવારે જગત સૂતું હોય ત્યારે જગદીશ જાગે. ના’વાના બહાને છાના છાના ઘરની બહાર નીકળે અને કોઈ પણ એક ખેતરને નિશાન બનાવી એ ખેતરમાં છૂપી રીતે ઘૂસી જાય. જેમ કોઈ મોટું પશુ લીલી અને ઊભી જારમાં પ્રવેશે અને જારની જે હાલત થાય એવી મહારાજ પણ કરે. છોડવા ઉપરથી ડૂંડા તોડે, બે-પાંચ દાણા ખાય અને ડૂંડું ફેકી દે, ખેતર ખૂંદે અને ઊભા પાકને નુકસાન કરે.

સૂરજનારાયણનો પ્રકાશ પૃથ્વી ઉપર ફેલાય, થોડી ચહલપહલ થાય, એ પહેલા પાછા ખેતરોમાંથી નીકળી ઉતારે પહોંચી જાય.

સવારે ખેડૂતો ખેતરે આવે, ખૂંદાયેલા ખેતર જૂએ, કોઈ પશુ ખેતરમાં ઘૂસ્યાનો ભાસ થાય. તપાસ કરે તો જાણવા મળે કે પશુ નહીં પણ માણસ આવે છે અને જાર ખાઈ જાય છે. આવું રોજ રોજ જૂદા જૂદા ખેતરોમાં બનવા લાગ્યું. ખેડૂતો એ ખાઉધરા ચોરને પકડવા રાત્રિએ જાગવા લાગ્યા, આખી રાત્રિ ખેતરોમાં તપાસ કરે, પણ કોઈ પકડાય નહીં. આમને આમ ઘણા દિવસો પસાર થયા. રોજ કોઈ માણસ ખેતરમાં ગરે ખરો પણ પકડાય નહીં, એટલે આશ્ચર્ય પણ થાય.

રોજ અલગ અલગ ખેતરોમાં થતી જારની ચોરી અને આખી રાત્રિ જાગવા છતાં કોઈ પકડાણું નહીં એટલે ખેડૂતો ગામધણી અલૈયા ખાચરને ફરિયાદ કરવા આવ્યા. ખેડૂતોએ રાવ કરતા કહ્યું, "દરબાર ! રાત્રે કોઈ રાંક ખેતરમાં ઘૂસી જાય છે અને જાર ખાઈ જાય છે. ઘણી તપાસ કરી છતાં કોઈ પકડાતું નથી."

ખેડૂતોની ફરિયાદ સાંભળી બાપુએ કહ્યું, "સારું ખેડૂતો ! હું તપાસ કરાવીશ."

વળતે દિ' સ્વયં દરબાર પોતાના બે-પાંચ મજૂરો સાથે ખેતરના રક્ષણ કરવા ઊતર્યા. આખી રાત્રિ જાગ્યા પણ ચોરના કોઈ સગડ ન મળ્યા. સવાર થયું ત્યાં જાણવા મળ્યું કે આજે નાથા પટેલના ખેતરમાં ખાતર પડ્યું છે અને જાર ખૂંદાઈ છે. અલૈયા બાપુ તપાસ કરતા ત્યાં પહોંચ્યા. ચકોર દૃષ્ટિમાં ચોર પકડાઈ ગયો ! પહેલા તો બાપુને મનાણું નહીં, પણ પગલાંની છાપું જોઈ બાપુએ ખાતરી કરી. હવે સ્વયં ભગવાન છૂપી રીતે વહેલા ઊઠી ખેતરોમાં ઘૂસી જાર ખાવા જાય છે, એ વાત કરવીય કોને ?

અલૈયા બાપુ ઘરે આવ્યા, ત્યાં મહારાજે સામેથી પૂછ્યું, "બાપુ ! ચોર પકડાણો ? કે જાગરણ થયું ?"

બાપુ હસતા હસતા કહે, "મહારાજ ! તમે આ શું લીલા આદરી છે ? આમ છૂપી રીતે બીજાના ખેતરમાં ચોર થઈ ઘૂસી જાર ખાવી એ શોભે ? આપ કહો તો અહીં ઘરે જ જારના ઢગલા કરાવી દઉં, પણ આ ખેડૂતો ચોરને વિશે જેમ તેમ બોલે તે હવેથી મારાથી સંભળાશે નહીં."

અલૈયા ખાચરની વાત સાંભળી મહારાજ કહે, "દરબાર ! તમારી વાત

સાચી, પણ ચોરી કરીને ખાવાની મજા બહુ આવે હોં ! ઊભા ખેતરમાં દાણા જેવા મીઠા લાગે તેવા અહીં ન લાગે !'' એમ કહી મહારાજે કહ્યું, ''અલૈયા ખાચર ! આવતા વર્ષે ભયંકર ઓગણોતેરો કાળ પડશે, કોઈને જુવાર ખાવાય નહીં મળે. પણ અમે જેના જેના ખેતરની જાર ખાધી છે, એમના કોઠારો અભરે ભરેલા રે'શે.''

પછી તો મહારાજ એક મહિના સુધી અહીં છૂપા રહ્યા અને માથે જટા વધારી.

મહારાજની મલ્લવિદ્યા

શ્રીજી મહારાજ કુંડળ પધાર્યા હતા. મોકા પટગરના દરબારમાં સભા ભરાઈને બેઠી હતી અને ભાગવતની કથા વંચાતી હતી. કથામાં આવ્યું કે દસ વર્ષના કૃષ્ણએ દસ દસ હાથીના બળવાળા મલ્લોને ચપટીમાં ધૂળ ચાટતા કરી દીધા.

કથા પૂરી થઈ એટલે અલૈયા ખાચરે કહ્યું, ''મહારાજ ! તમે કૃષ્ણ અવતારમાં મલ્લોને હરાવ્યા એ મનાતું નથી. સાવ નાના કૃષ્ણ હાથી જેવા મલ્લોને કેમ પાડી શકે ? માટે અમને મનાય એવું કાંઈક કરો અને તમારી મલ્લવિદ્યા અમને પ્રત્યક્ષ દેખાડો તો અમને ખબર પડે !''

મહારાજ કહે, ''બોલાવો મલ્લોને, એટલે દેખાડીએ અમારી વિદ્યા !''

પોતાનાં શરીર ઉપર નજર નાખતાં અલૈયા ખાચર કહે, ''મહારાજ ! અહીં ક્યાંય મલ્લો તો નથી, પણ મલ્લો કરતાં વધારે શક્તિ મારામાં છે. જો આપ કહો તો આપણે બન્ને મલ્લયુદ્ધ કરીએ.''

મહારાજ કહે, ''થઈ જાવ તૈયાર, એટલે આપણે રમીએ.''

અલૈયા ખાચર કહે, ''મહારાજ ! તમારા શરીર સામે જોઉં છું તો મને દયા આવે છે. માટે તમારી સાથે મલ્લયુદ્ધ કેમ રમાય ? પણ આપણે બીજો ઉપાય કરીએ, જો તમે મારા હાથમાંથી તમારું કાંડુ છોડાવી દો તો તમે ખરા !'' એમ કહી અલૈયાએ હાથ આગળ ધર્યો એટલે મહારાજે પોતાનો હાથ અલૈયાના હાથમાં મૂક્યો.

મહારાજનો હાથ તો પાતળો અને અલૈયાનો હાથ હાથીની સૂંઢ જેવો. મહારાજનો હાથ પકડી અલૈયા ખાચર ઊભા રહ્યા એટલે મહારાજે એક ઝાટકો માર્યો અને હાથ છૂટી ગયો.

અલૈયા ખાચર કહે, “મહારાજ ! હજુ તો મેં બરાબર પકડ્યો પણ નહોતો ને તમે ઝાટકો માર્યો, લાવો બીજીવાર.”

મહારાજે ફરી પોતાનો હાથ અલૈયા ખાચરના હાથમાં મૂક્યો. અલૈયા ખાચરે બરાબર કચકચાવીને મહારાજના હાથને જકડી રાખ્યો. મહારાજે ફરી એક જ ઝાટકો માર્યો અને પોતાનો હાથ છોડાવી દીધો. અલૈયા ખાચર પડતા પડતા રહી ગયા અને બોલ્યા, “એમ નહીં મહારાજ ! હું કહું પછી તમારે છોડાવાનો, તમે આમ અચાનક ઝાટકો મારો પછી તો છૂટી જ જાય ને !”

ફરી મહારાજે પોતાનો હાથ અલૈયા ખાચરના હાથમાં આપ્યો અને બોલ્યા, “લ્યો અલૈયા ! હવે બરાબર પકડી લ્યો. તમે કહો પછી છોડાવીશ.”

અલૈયા ખાચરે મહારાજનો હાથ બરાબર પકડી લીધો એટલે કહ્યું, “મહારાજ ! છોડાવો હવે. હમણાં ખબર, કોનામાં વધારે બળ છે !”

મહારાજની નજર અલૈયાના મોંઢા ઉપર હતી. આછી આછી અભિમાનની રેખાએ ફરકતી હતી. મહારાજને એ રેખાઓને ભૂંસવા પોતાના હાથનો ઝાટકો માર્યો. ત્યાંતો પોતાનો હાથ તો છૂટી ગયો પણ અલૈયા ખાચર ત્રણ-ચાર આળગોટિયા ખાય ગયા અને મોંઢામાં ધૂળ ભરાઈ ગઈ. મહારાજ તરત અલૈયા ખાચર પાસે ગયા. એમનો હાથ પકડી ઊભા કર્યા અને બોલ્યા, “કેમ અલૈયા ! શું થયું ?”

મહારાજની મરક મરક હસતી મૂર્તિનાં દર્શન કરી અલૈયા ખાચરને પોતાના અહંકારની ઓળખાણ થઈ. તેઓ શરમાઈ ગયા અને માફી માગતા બોલ્યા, “મહારાજ ! તમો તો ભગવાન છો. આ તો મારું અભિમાન ટાળવા તમે આમ કર્યું.”

મહારાજે તેમના માથા ઉપર બે હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને રાજીપો વ્યક્ત કર્યો.

એ વર તમને આપ્યો

શ્રીજી મહારાજના ઐશ્વર્યનો પ્રતાપ, તેમના એકાંતિક સંતોનો અથાગ પરિશ્રમ અને સત્સંગીઓના શુદ્ધ આચરણનો પ્રભાવ સારાએ ગુજરાતમાં પથરાઈ ચૂક્યો હતો. દિન-પ્રતિદિન ભગવાન સ્વામિનારાયણ અને તેમના સાધુઓની પ્રતિષ્ઠા ખૂબ

વધતી જતી હતી. હજારો નરનારીઓ પોતાનું સર્વસ્વ સ્વામી સહજાનંદનાં ચરણે સમર્પિત કરી ચૂક્યા હતા. થોડાં વર્ષોના ટૂંકા ગાળાના સમયમાં સ્વામિનારાયણ સંપ્રદાયની કીર્તિ સમસ્ત ગુજરાત અને આજુબાજુના પ્રદેશોમાં ફેલાઈ ગઈ હતી.

સ્વામિનારાયણ સંપ્રદાયનો ઉદય કેટલાક ઢોંગી-ધૂતારાઓ અને કલ્પિત વાડાપંથીઓ માટે અપશુકનિયાળ નીવડ્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુઓનો અણીશુદ્ધ વ્યવહાર, હરિભક્તોની અડગ શ્રદ્ધા તથા ભગવાન શ્રી સ્વામિનારાયણનું અપાર ઐશ્વર્ય વગેરે ભાંગ, ગાંજો અને ચલમ ફૂંકનારા ઢોંગી ગુરુ અને તેમના શિષ્યોને બહુ ખટકતું. જેથી ક્યાંય ને ક્યાંય મોકો જોઈ વેર લેવાનું ભૂલતા નહીં.

એક વખત મહારાજ સારંગપુરથી વડતાલ તરફ જતા ભાલ પ્રદેશમાંથી પસાર થઈ રહ્યા હતા. ઉનાળાનો સમય હતો. બપોર થઈ ગયા હોવાથી સૂરજનારાયણ પણ પૃથ્વી ઉપર જાણે અંગારા વરસાવતા હોય એવું લાગતું હતું. ભારે ગરમીને લીધે બધા કાઠીઓ અકળાતા હતા. એ જોઈ મહારાજે થોડી વાર વિસામો લેવાનું વિચાર્યું.

નજીકમાં ખડપીપળી નામે ગામ હતું. મહારાજ તથા સાથેના અસ્વારો ગામનાં પાદરમાં એક મોટો વડલો હતો ત્યાં ઊતર્યા. એ સમયે આ ગામમાં એક અડબંગી બાવો રહેતો હતો. બાવાજી અને તેમના ચેલાઓ આખો દિવસ ચલમું ફૂંકે, અલકમલકની વાતો કરે અને ન કરવાનાં કામો કર્યા રાખે. બની બેઠેલા ગુરુના કહેવાતા ચેલાઓ તોડી નાખે એવી ગુરુભક્તિની વાતો કરે અને લોકોને ભરમાવ્યા રાખે.

થોડા સમય પહેલા બન્યું હતું એવું, કે આ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો ઊતરેલા. આ સંતોનું શુદ્ધ અને સાત્ત્વિક આચરણ જોઈ ગામના લોકો પ્રભાવિત થયા હતા, જ્યારે બાવાના શિષ્યો ગામની પ્રજા આગળ પોતાના ગુરુનો મહિમા કહેતા ત્યારે જેમણે સ્વામિનારાયણના સાધુઓનાં દર્શન કર્યા હતા, એમને નજીકથી જોયા હતા. એ તરત કહેતા કે 'સાચા સાધુઓ તો સ્વામિનારાયણના !'

ગામના લોકો જ જ્યારે સ્વામિનારાયણના સાધુઓની ઉપમા આપી આ બાવાને નીચો દેખાડતા, ત્યારે શિષ્યો તથા ગુરુ બન્ને સમસમી જતા, પરંતુ કંઈ

કરી શકતા નહીં.

આમ સ્વામિનારાયણ અને તેમના સાધુઓ પ્રત્યે આ બાવાને ભારે ચીડ હતી અને જો લાગ મળે, તો એમને ઠેકાણે પાડવાના મનસૂબા કર્યે રાખતા હતા. બનવા જોગ આજે સ્વામિનારાયણ સામેથી લાગમાં આવ્યા હતા.

સ્વામિનારાયણ આજે આપણા ગામના પાદરે આવ્યા છે, એ વાતની જાણ થતા બાવો મહારાજને મારવાની છૂપી તૈયારી કરવા લાગ્યો. અંતર્યામી પ્રભુ આ બધું જાણતા હતા. મહારાજ તથા કાઠીભક્તો ઘોડા પાવા અવેડે ગયા. ઘોડાઓએ પાણી પી લીધું એટલે મહારાજે બધા ભક્તોને આગળ રવાના કર્યા. એક પોતે અને બીજા અલૈયા ખાચર પાછળ રોકાયા.

મહારાજ અને અલૈયા ખાચર ઘોડીને પાણી પાય છે, ત્યાં બાવો ગામના હથિયારબંધ બસો માણસોને લઈ મહારાજને મારવા આવ્યો. સ્વામિનારાયણને એકલા જોઈ બાવો તો ખુશ થઈ ગયો. પોતે ધારેલું કામ વધારે સરળ થઈ ગયું એમ જાણી 'આજે તો સ્વામિનારાયણનું સરનામું ભૂંસી નાખવું છે' એવું વિચારી મહારાજને ચોતરફથી ઘેરી લીધા.

અલૈયા ખાચર બાવાના મનસૂબા જાણી ગયા, એટલે તરત જ સમયસૂચકતા વાપરી પોતાની નીવડેલ ઘોડીની લગામ ખેંચી. ઘોડી સાન સમજી ગઈ. એ ઝાડ થઈ અને સામે ઊભેલા બાવાની છાતી ઉપર બન્ને પગે જોરદાર લાત મારી. ઘોડીની લાત હાઠીકડાં જેવો બાવો ખમી ન શક્યો અને ગડથોલિયાં ખાતો પડ્યો અવેડામાં. બાવાનો ધક્કો લાગતા એમનો એક શિષ્ય તલવાર લઈને ઊભેલો તે પણ ગબડીને દૂર પડ્યો અને તલવાર પણ દૂર ફેંકાઈ ગઈ.

અણધાર્યા અને અચાનક બનેલા આ બનાવને કારણે લોકો ગભરાયા અને આડાઅવળા ભાગવા લાગ્યા. મહારાજ પણ બાવાની અવદશા જોઈ હસતા હસતા માણકીને દોડાવી નીકળી ગયા.

મહારાજને મારવા માટે આવેલા એ માણસો પોતાના ગુરુની માઠી દશા જોઈ સમસમી ગયા. એ તો પાઘડાવાળા ઘોડેસવારને મારવા આગળ વધ્યા. હવે ચિંતા અલૈયા ખાચરને થઈ. પોતે એકલા હતા અને સામે બસો જેટલા હથિયારધારી હતા.

અચાનક અલૈયા ખાચરના મનમાં વિચારનો ઝબકારો થયો. એમણે ફરીથી

ઘોડીની લગામ ખેંચી એટલે ઘોડી ઝાડ થઈ અને જાણીબુઝીને અલૈયા ખાચર હેઠા પડી ગયા. આ દૃશ્ય જોઈ મારવા આવતા લોકોને થયું, 'આ તો ઘોડી જ નઠારી છે. આમાં કાઠીનો કોઈ વાંક નથી, નહિતર કાઠીસ્વાર ઘોડીથી કોઈ દિવસ પડે નહીં.'

લોકો આમ વિચાર કરતા હતા, ત્યાં અલૈયા ખાચર પણ ઊભા થઈ ઘોડી ઉપર બેસી વાયુવેગે સડસડાટ નીકળી ગયા અને મહારાજ ભેળા થઈ ગયા.

બધા ભક્તો સાથે મળ્યા ત્યારે મહારાજ કહે, "ભક્તો ! આજ તો અલૈયા ખાચરે અમને જીવતા રાખ્યા. જો એ ન હોત તો જરૂર બાવો અમને મારત. માટે અલૈયા ખાચર ! આજે તો તમે જે માગો તે વર આપીએ."

અલૈયા ખાચર કહે, "મહારાજ ! અમે તો ભણે જીવ છીએ તે ભૂલી જઈએ, પણ તમે જેવા હમણાં રાજી છો તેવા ને તેવા રાજી રહેજો. ક્યારેય અમારા અવગુણ સામું જોશો નહીં ને અંતકાળે આવી અક્ષરધામમાં લઈ જજો."

ત્યારે મહારાજ કહે, "ઠીક અલૈયાખાચર ! જાઓ એ વર તમને આપ્યો."

આ મૂર્તિ સદા અંતરમાં રહેજો

એકવાર મહારાજ ઘણા દિવસ સુધી ઝીંઝાવદર રોકાયા હતા અને નિત્ય નવી નવી લીલાઓ કરતા. એક દિવસ મહારાજની સેવામાં રોકાયેલા મૂળુ ખાચર મહારાજ પાસે આવ્યા.

મૂળુ ખાચરને ઉદાસ જોઈ મહારાજે પૂછ્યું, "કેમ દરબાર ! કાંઈ મૂંઝવણ છે ?"

મૂળુ ખાચર કહે, "મહારાજ ! ઘરેથી માઠા સમાચાર આવ્યા છે, તેથી તત્કાળ જવું પડે એમ છે."

મહારાજે કહે, "સારું દરબાર ! સુખેથી જાઓ."

"પણ મહારાજ ! તત્કાળ ઘરે પહોંચવું પડે એમ છે, જો કોઈ ઘોડાની જોગવાઈ થાય તો સારું. બે-ચાર દિવસમાં પાછો આવી જઈશ," મૂળુ ખાચરે વિનંતી કરતા કહ્યું.

મહારાજ કહે, "એ ક્યાં મોટી વાત છે ! આ રહ્યો અલૈયા ખાચરનો ઘોડો, લઈ જાઓ."

મહારાજની વાત સાંભળી અલૈયા ખાચરની ઈચ્છા ન હોવા છતાં મૂળુ ખાચરને ઘોડો આપવો પડ્યો.

મૂળુ ખાચર તો ઘોડો લઈ જતા રહ્યા, પણ અલૈયા ખાચરને એ ગમ્યું નહીં.

ચાર-પાંચ દિવસ પછી મૂળુ ખાચર પાછા આવ્યા અને ઘોડો અલૈયા ખાચરને પાછો આપ્યો. ઘોડો પાછો આવ્યો એટલે અલૈયા ખાચર ચારે બાજુથી તપાસવા માંડ્યા. ઘોડાના શરીર ઉપર ભાઠાં પડી ગયા હતા. ભાઠાં જોઈ તરત અલૈયા ખાચર મહારાજ પાસે ગયા અને મહારાજને ફરિયાદ કરી, “મહારાજ ! આ મૂળુ ખાચરે મારા ઘોડાને બરાબર સાચવ્યો નથી, એની પીઠ ઉપર મોટા ભાઠાં પડી ગયા છે.”

અલૈયા ખાચરની વાત સાંભળી મહારાજે મૂળુ ખાચરને પૂછ્યું, “મૂળુ ખાચર ! કેમ ઘોડાને બરાબર સાચવ્યો નહીં ? આ ભાઠાં કેમ પડી ગયા ?”

મૂળુ ખાચર કહે, “મહારાજ ! આ ભાઠાં મારાથી નથી પડ્યા, એ તો ઘોડો લઈને અહીંથી ગયો ત્યારે હતા જ.”

મૂળુ ખાચરની વાત સાંભળી મહારાજ અલૈયા ખાચરને વઢતા કહ્યું, “કેમ અલૈયા ! ખોટુ કા બોલ્યા. આ મૂળુ કહે છે કે ભાઠાં તો હતા જ.”

મહારાજની વાત સાંભળી અલૈયા ખાચર નીચું જોઈ ગયા અને જમીન ખોતરવા લાગ્યા, એટલે મહારાજ થોડા આકરા થયા અને કહ્યું, “અલૈયા ! અમારી પાસે ખોટી ફરિયાદ કરો છો ? અત્યારે જ અમારી નજર સામેથી દૂર જતા રહો, અમને તમારું મોંઢું દેખાડતા નહીં !”

મહારાજના આકરા વેણ સાંભળી અલૈયા ખાચર ગામની બહાર તળાવ છે, ત્યાં જઈ પાળે બેસી ગયા અને મહારાજની મૂર્તિ સંભારી ભજન કરવા માંડ્યા.

બે-ચાર કલાક થયા એટલે મહારાજે કોઈને કહી અલૈયા ખાચરને બોલાવ્યા અને કહ્યું, “અલૈયા ! કંઈક વર માગો.”

“મહારાજ ! જો આપ રાજી થયા હો તો આ તમારી મૂર્તિ સદા અંતરમાં રહે, એવો વર આપો.”

અલૈયાનો વર સાંભળી મહારાજ ખૂબ રાજી થયા અને કહ્યું, “જાઓ એ વર તમને આપ્યો.”

એક સિક્કાની બીજી બીજુ

દરેક સિક્કાની બે બાજુઓ હોય છે, એમ જ અલૈયા ખાચરના જીવનમાં પણ બે બાજુઓ જોવા મળે છે. એક બાજુ ઉત્તમ એકાંતિક ભક્તની છે, તો બીજી બાજુ માનથી ખરડાયેલી અને અભિમાન તથા ઘમંડની મૂર્તિ.

જગતમાં જીવ-પ્રાણીમાત્રને એક ઝંખના રહે છે અને એ ઝંખના છે માનની. જેને આપણે અહમ્, ઘમંડ, અહંકાર, દેહાભિમાન વગેરે નામોથી ઓળખીએ છીએ.

આ માન અમૃત કરતાં મીઠું, મધ જેવું ગળ્યું અને ધન કરતાં પણ સારું લાગે છે. માન કોઈ પદાર્થ નથી, છતાં તેને પ્રાપ્ત કરવાની સહુને તમન્ના રહે છે.

અરે...એક તુચ્છ મકોડા જેવું જીવડું પણ માન મૂકી શકતું નથી. તેના માર્ગને અવરોધશો, તેને દૂર હડસેલશો, છતાં તે પોતાના માર્ગની દિશા છોડશે નહીં !

ઘર છોડવું સરળ છે, ધન છોડવું સરળ છે, પણ માન છોડવું ઘણું કઠણ છે. માન ખાતર મરવું પડે તો મંજૂર છે, પણ અહમ્ છોડવો નામંજૂર છે.

કામ, ક્રોધ, લોભ આદિ દોષો આપણને દેખાય છે, જ્યારે માન દેખાતું નથી. માન ધીમા અને કાતિલ ઝેર જેવું કામ કરે છે, જે સાધકને ધીમે ધીમે સાધનાના માર્ગમાંથી પાડી દે છે. અનેક વર્ષોની ઉપાસના પછી ઉજરેલી સાધનાની હરિયાળી ભૂમિને ક્ષણમાત્રમાં બંજર બનાવી દે છે.

તેથી જ મુક્તાનંદ સ્વામી કહે છે...

સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી,
મોહનવરને માન સંગાથે વેર જો,
સાધન સર્વે માન બગાડે પળ વિષે,
જેમ ભળિયું પયસાકરમાં અહિઝેર જો...

દૂધને ઉકાળીને ઘાટું કર્યું હોય, તેમાં સાકર નાખી હોય, તાજાં ફળોની નાની નાની કટકી નાખી હોય, એલાઈચી, જાયફળ જેવા તેજાના નાખ્યા હોય તે દૂધની સુંગધ જ મોંઢામાં પાણી લાવી દે, પરંતુ જો તેમાં નાગદેવતાને મોંઢું નાખતા જોઈ ગયા હોઈએ, પછી એ દૂધને આપણે અડીએ પણ નહીં. તેમ જ સાધક સાધના કરી કરીને પોતાનાં જીવનને સુંગધથી ભરી દે છે, પરંતુ માનરૂપી ફણીધર એક પળમાં સમગ્ર જીવનને ધૂળધાણી કરી નાખે છે.

એવી જ કંઈક વાત અલૈયા ખાચરની હતી. તેઓ શ્રીજી મહારાજના અનન્ય ભક્ત હતા. તેમનું સમર્પણ, તેમની સાધના તથા તેમનું ભજન સહુથી અનેરું હતું. તેમના જીવનની ઝાંખી કરીએ, તો તેઓમાં કેટલાયે સદ્‌ગુણો હતા જે અન્યને પણ પ્રેરણારૂપ હતા.

અલૈયા ખાચર બાળપણથી જ અતિ શૂરવીર હતા. તેમણે અતિ ક્રૂર એવા પોતાના પિતા આદિ કાઠીઓને પણ સન્માર્ગે દોર્યા હતા. પોતાના દરબારગઢમાં સેવા કરતા દાસ-દાસીઓને શ્રીહરિના આશ્રિત કર્યા હતા. ન કેવળ ઘરના સભ્યો, પરંતુ અલૈયા ખાચરે કથાવાર્તા કરી ઝીંઝાવદરના ઘણા લોકોને સત્સંગી કર્યા હતા.

ધનાઢ્ય પરિવારમાં જન્મ હોવા છતાં અલૈયા ખાચરે આજીવન બ્રહ્મચર્ય પાળી ભગવાન શ્રી સ્વામિનારાયણની દૃઢ ઉપાસના કરી હતી.

શ્રીજી મહારાજ અલૈયા ખાચર ઉપર અત્યંત રાજી હતા. મહારાજે તેમને સત્સંગનો પ્રચાર કરવા તથા દેશ ફરવા વીસ પાર્ષદો આપ્યા હતા અને સાથે સાથે એક ચમત્કારિક સોટી પણ આપી હતી, જેનો એક છેડો કોઈને અડાડે તો તેને સમાધિ થતી અને બીજો છેડો અડાડે તો સમાધિમાંથી ફરી જાગતા.

અલૈયા ખાચરનો સાથી જેહલો તેમની ગેરહાજરીમાં ધામમાં ગયો હતો. પરંતુ ગામના લોકોને પ્રતીતિ કરાવવા સ્મશાનમાં ચિતા ઉપર સૂવાડેલા જેહલાને બેઠો કર્યો હતો.

શ્રીજી મહારાજને જ્યારે એકાંતવાસ કરવાની ઈચ્છા થાય, ત્યારે અલૈયા ખાચરના ઘરે આવીને છૂપા રહેતા અને એમની સેવા અંગીકાર કરતા.

શ્રીજી મહારાજે કચ્છમાંથી અઢાર જણાને પત્ર લખી સાધુ થવાની આજ્ઞા કરી હતી, તેમાં અલૈયા ખાચર પણ હતા. શ્રીજી મહારાજનો પત્ર વાંચી રસ્તામાંથી જ સર્વ વસ્ત્રાલંકારોનો ત્યાગ કરી ભગવાં વસ્ત્રો પહેરી ચાલી નીકળ્યા હતા.

શિયાળાની કડકડતી ઠંડીમાં ઘેલા નદીના જળમાં બેસી તપ કરતા. ઠંડીને લીધે શરીરની ચામડી ફાટી જતી અને તેમાંથી લોહી નીકળતું, છતાં મોડે સુધી પાણીમાં બેસી મહારાજનું ધ્યાન કરતા.

આમ અલૈયા ખાચરે પોતાની તમામ સત્તા, સંપત્તિ અને શરીર ભગવાન શ્રી સ્વામિનારાયણને સમર્પિત કરી દીધુ હતું. અલૈયા ખાચરની ગણના શ્રેષ્ઠ ભક્ત તરીકેની થતી, પરંતુ તેમનું સ્વાભાવિક રજોગુણી અને ખાસ માની સ્વભાવને લીધે

કેટલીકવાર મોટી ભૂલો થયેલી.

જેમ નાનું સરખું એક કાણું મોટા વહાણને ડૂબાડે તેમ ગમે તેવો ભક્ત હોય, પણ જો તેમાં એકાદ દોષ રહી ગયો હોય, તો પણ તેમનું અધઃપતન થાય છે અને આવું જ કંઈક અલૈયા ખાચરના જીવનમાં બનેલું.

માનનું રૂપ - આ લોકની મોટાઈ

શ્રીજી મહારાજ (ગ.અં.ના ૧૨મા) વચનામૃતમાં કહે છે કે, "જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તેને કોઈ પ્રકારનું માન રાખવું નહીં જે, હું ઊંચા કુળમાં જન્મ પામ્યો છું, કે હું ધનવાન છું, કે હું રૂપવાન છું, કે હું પંડિત છું એવું કોઈ પ્રકારનું માન રાખવું નહીં. અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈને રહેવું."

અલૈયા ખાચર સ્વાભાવે રજોગુણી હતા અને ખાવાપીવામાં ખૂબ સ્વાદિયા હતા. છતાં ઉત્તમ સેવાભાવના અને અખંડ બ્રહ્મચર્યના મહાન ગુણથી મહારાજ હમેશા તેમનું માન જાળવતા.

એકવખત મહારાજે એવું પ્રકરણ ચલાવેલું કે જે ખોરી જુવારના રોટલા ખવરાવે તેને ઘેર જવું.

તેમાં પંચાળા ઝીણાભાઈને ત્યાં જવાનું થયું. મહારાજની આજ્ઞાથી ખોરી જુવારના રોટલા પીરસાયા. સૌ કાઠી ભક્તો, સંતો અને મહારાજ પણ જમવા લાગ્યા.

અલૈયા ખાચરે જેવો રોટલાનો ટુકડો મોઢામાં મૂક્યો કે તરત જ મોઢું બગડી ગયું. રોટલો ગળે ઊતર્યો નહીં. બાજુમાં બેઠેલા ભક્તને કહે, "આવો રોટલો કેમ ગળે ઊતરે, ગંધ મારે છે."

મહારાજ જાણી ગયા કે અલૈયાને રોટલો ગળે ઊતરતો નથી એટલે તેમના માટે બાજરાનો રોટલો મંગાવી જમાડ્યા.

સ્વયં પોતાના ઈષ્ટદેવ ખોરી જુવાર જમી રહ્યા છે, છતાં એક સ્વાદ અને મોટાઈના કારણે અલૈયા ખાચરને ખોરી જુવાનો રોટલો ગળે ન ઊતર્યો.

માનનું રૂપ - મોટા આગળ સ્તબ્ધપણું

શ્રીજી મહારાજ લોયાના ચૌદમા વચનામૃતમાં કહે છે, "માન તે શું ? તો જે માની હોય તેને પોતાથી મોટા હોય તેની આગળ પણ સ્તબ્ધપણું રહે પણ તેની

આગળ હલકો થઈને સેવામાં વર્તાય નહીં.''

એક વખત શ્રીજી મહારાજ દાદાના દરબારમાં સભા કરીને વિરાજમાન હતા. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે સંતો, ભગુજી, રતનજી વગેરે પાર્ષદો તથા દાદા ખાચર, સુરા ખાચર, અલૈયા ખાચર, નાજા જોગિયા વગેરે દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. સભામાં સંતો-ભક્તો પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરી રહ્યા છે. તેમાં કોઈ ભક્તે મહારાજને પ્રશ્ન પૂછ્યો, 'હે મહારાજ ! ઉત્તમ ભક્તનાં લક્ષણો કેવાં હોય ?'

શ્રીહરિ હરિભક્તના પ્રશ્નનો ઉત્તર આપતા થકા ઉત્તમ ભક્તનાં લક્ષણો બતાવી રહ્યા છે. વાત પૂરી થઈ એટલે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! આજે આપણા સત્સંગમાં આવા ઉત્તમ ભક્તો કેટલા હશે ?''

સ્વામી કહે, ''મહારાજ ! આપના પ્રતાપે આજે તો સત્સંગ સોળે કળાએ ખીલ્યો છે. સત્સંગમાં જ્યાં દૃષ્ટિ કરીએ ત્યાં ઘણા ભક્તો નજરમાં આવે છે.''

મહારાજ કહે, ''સ્વામી ! આપણે એક કામ કરીએ. આપણે આજે એવા ઉત્તમ ભક્તોની ગણના કરવી છે. મારા હાથમાં આ માળા છે, સ્વામી ! તમે એક પછી એક નામ બોલતા જાઓ અને હું એક એક પારો મૂકતો જાઉં.''

મુક્તાનંદ સ્વામી કહે, ''સારું મહારાજ !'' એમ કહી સ્વામી ભક્તોનાં નામ બોલવા લાગ્યા. સ્વામી કહે, ''મહારાજ ! પહેલી માળાના પહેલા પારે નેનપુરના દેવજીભગત.''

મહારાજ કહે, ''એ ખરા, હવે બીજા પારે કોણ ?''

સ્વામી કહે, ''બીજા દાદા ખાચર.''

મહારાજ કહે, ''એ પણ સાચા.''

''ત્રીજા પર્વતભાઈ.''

''હા સ્વામી ! એ પણ સાચા.''

આમ એક, બે, ત્રણ નામ બોલાણાં ત્યાં અલૈયા ખાચરના પેટમાં ગોટા ચડવા માંડ્યા. મુક્તાનંદ સ્વામીના મુખે પોતાનું નામ એકથી ત્રણમાં ન સંભળાતા તેમનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. આંખો લાલ થઈ ગઈ. પોતાનું હળાહળ અપમાન થયું છે, એવું માની ક્રોધાગ્નિના આવેશમાં આવી ગયા. પાસે રાખેલી તલવારની મૂઠ ઉપર હાથ મૂકી લાલઘૂમ આંખો મુક્તાનંદ સ્વામી તરફ ફેરવી મ્યાનમાંથી

તલવાર ખેંચી ! પરંતુ અલૈયા ખાચર કંઈક કરી બેસે તે પહેલા મહારાજે ઊંચા સાદે કહ્યું, "થોભો થોભો સ્વામી ! આ બાબતમાં તમને બરાબર ગતાગમ ન પડી. દેવજીભગત, દાદા ખાચર, પર્વતભાઈ વગેરે તો ગૃહસ્થો કહેવાય, એ બધા થોડા અખંડ બ્રહ્મચર્ય પાળનારા ? અલૈયા ખાચર પહેલા આવે ! અલૈયો તો અલૈયો ! એના જેવું બીજાથી ન થવાય."

મહારાજની વાત સાંભળી મુક્તાનંદ સ્વામી કહે, "હા મહારાજ ! તમારી વાત સાચી છે, આ બાબતમાં મારી ભૂલ થઈ ગઈ."

આમ શ્રીજી મહારાજના સમયોચિત વિવેકથી એક અઘટિત ઘટના ઘટતી રહી ગઈ અને અલૈયા ખાચર શાંત થઈ ગયા.

સૌના હૃદયને હચમચાવી નાખે તેવી ઘટના. સત્સંગની મા મુક્તાનંદસ્વામી, જેમને સ્વયં મહારાજ ગુરુ તરીકે જૂએ છે, આદર આપે છે, તેમને મારવા માટે તલવાર ઉપડે ! કારણ શું ? માન....

કેવી ઉચ્ચ સ્થિતિ અલૈયા ખાચરની ! કેવું સમર્પણ ! કેવી સમજણ !.....પણ માત્રને માત્ર એક માન ખાતર મુક્તાનંદ સ્વામીને મારવા તૈયાર થઈ જવું.... ગિરનારની ટોચેથી ઊંડી ખીણમાં પડવા જેવી આ વાત છે !

એટલે જ તો શ્રીજી મહારાજે લોયાના સોળમા વચનામૃતમાં કહ્યું છે કે, "જેને માન હોય તેને સંતનો અભાવ આવે છે. કેમ કે જે માની હોય તેનો એવો સ્વભાવ હોય જે જે પોતાને વખાણે તેમાં સો અવગુણ હોય તે સર્વને પડ્યા મૂકીને તેમાં એક ગુણ હોય તેને બહુ માને અને જે પોતાને વખાણતો ન હોય ને તેમાં સો ગુણ હોય તે સર્વને પડ્યા મૂકીને તેમાં કોઈ જેવોતેવો અવગુણ હોય તેને બહુ માનીને તેનો પ્રથમ તો મન તથા વચન તેણે કરીને દ્રોહ કરે ને પછી દેહે કરીને પણ દ્રોહ કરે. માટે માનરૂપ મોટો દોષ છે." અને આવા જ કંઈક દોષને લીધે અલૈયા ખાચરની ખુવારી દરેક કાર્યમાં દેખાતી.

માનનું રૂપ - ઈર્ષ્યા, ક્રોધ, મત્સર ને અસૂયા

શ્રીજી મહારાજ સારંગપુરના આઠમા વચનામૃતમાં કહે છે કે, "જેના હૃદયમાં માન હોય તે માનમાંથી ઈર્ષ્યા પ્રવર્તે છે અને ક્રોધ, મત્સર ને અસૂયા તે પણ માનથી પ્રવર્તે છે."

અલૈયા ખાચરના માની સ્વભાવમાંથી પણ ઘણી વખત ઈર્ષ્યા પ્રગટ થતી તેમના નિર્મળ જીવનને ડોળી નાખતી.

નાજા જોગિયા તથા અલૈયા ખાચર એ બન્ને શિયાળાની કડકડતી ઠંડીમાં ઘેલા નદીના જળમાં બેસી આકરું તપ કરતા હતા.

મહારાજ તો ખૂબ દયાળુ હતા. કોઈ ભક્તની આકરી સેવા અગર તો કોઈના આકરા તપ-ત્યાગ જુએ ત્યારે તેમના ઉપર ખૂબ જ પ્રસન્ન થતા. નાજા જોગિયા અને અલૈયા ખાચરના તપની વાત શ્રીજી મહારાજ જાણતા હોવા છતાં કંઈ ન જાણતા હોય તેમ વર્તતા હતા.

એક વખત મહારાજે સભામાં વાત કરી કે, "ભક્તો ! દાદા ખાચરની તાજણ ઘોડીની વછેરીને ચઢાવ કરવી છે ને સાથે સાથે અમારી માણકીને પણ સાચવવાની છે, કારણ કે ઘોડી સાચવનાર સેવક માંદો પડ્યો છે. તો જો કોઈ ઘોડીને સાચવવાનું જાણતા હોય તો કહો."

ત્યાં સભામાંથી કોઈ બોલ્યું, "મહારાજ ! આ કામ તો નાજા જોગિયા કરી શકે, પણ તેઓ તો અલૈયા ખાચર સાથે ઘેલામાં બેસી આકરું તપ કરે છે.'

મહારાજ કહે, "નાજાને બોલાવો."

એક પાર્ષદે ઘેલે જઈ નાજા જોગિયાને વાત કરી. વાત સાંભળતા જ તપ છોડી મહારાજ પાસે આવી નમ્રતાભાવે કહ્યું, "બોલો મહારાજ ! શી આજ્ઞા છે ?"

મહારાજ કહે, "નાજા ! દાદા ખાચરનું વછેરું સાચવવાનું છે."

"ભલે મહારાજ ! જેવી આજ્ઞા. આપની કૃપાથી વછેરીને સારામાં સારી ચાલ શીખવીશ ને માણકીને પણ સારી રીતે સાચવીશ."

નાજા જોગિયાએ સેવા સ્વીકારી એટલે એ દિવસે મહારાજે પોતાની પાસે બેસાડી એમને થાળની પ્રસાદી જમાડી.

મહારાજ નાજાને પ્રસાદી જમાડતા હતા ત્યાં અલૈયા ખાચર પણ આવી પહોંચ્યા. તેઓને એમ થયું કે, 'મહારાજ અમારા તપથી રાજી થઈ નાજાને પ્રસાદી જમાડે છે, કાલે મને પણ પ્રસાદી આપશે.'

પરંતુ આ વાતને ઘણા દિવસો વીતી ગયા, છતાં મહારાજે અલૈયા ખાચરને યાદ પણ ન કર્યા. આથી અલૈયા ખાચરના મનમાં ઈર્ષ્યાનું મોજું ફરી વળ્યું અને મનમાં માન આવ્યું કે, 'હું પણ કેટલા દહાડાથી આકરું તપ

કરું છું, છતાં મહારાજે મને પ્રસાદી ન આપી અને ઓલ્યા નાજાએ દાદા ખાચરનું ટારડું (વછેરું) સાચવવાની હા પાડી ત્યાં મહારાજે પાંહે બેહાડી પ્રસાદી આપી, તો શું મેં આકરું તપ નો'તું કર્યું ?' આમ માને કરીને સ્વયં પોતાના ઈષ્ટદેવ તેનો પણ અવગુણ લીધો.

માનનું રૂપ - જીવનું અક્કડપણું

માનનું રૂપ અતિ ભયંકર છે, કારણ કે શ્રીજી મહારાજને માન ગમતું નથી. માની માણસમાં ગમે તેવા ઉત્તમ ગુણો હોય, પણ શ્રીજી મહારાજ બિલકુલ પરવા કર્યા વિના તેનો તત્કાળ ત્યાગ કરી દેતા.

હરબાઈ, વાલબાઈ અને રઘુનાથદાસ વગેરેને જ્ઞાનનું ને વૃદ્ધપણાનું માન હતું તો તેને મહારાજે સત્સંગમાંથી વિમુખ કરેલ. આવી જ રીતે માનરૂપી દોષથી અલૈયા ખાચરની પણ અંતે એ જ વલે થઈ.

ભગવાન શ્રીહરિ કાઠીદરબારો સાથે ઘેલામાં ન્હાવા પધાર્યા. ચોમાસાનો સમય હતો એટલે નદીમાં નિર્મળ નીર વહેતું હતું. મહારાજ તથા કાઠીઓ ટેકરી ઉપર ચઢી ધુનામાં ઠેકડા મારતા હતા, એકબીજા ઉપર પાણી ઉછાળતા હતા, પાણીમાં ડૂબકી મારી એકબીજાને પકડવાની રમત રમતા હતા.

મહારાજ આ રમતમાં સહુથી કુશળતાપૂર્વક રમી રહ્યા હતા. મહારાજ પાણીમાં ડૂબકી મારી ઘણે દૂર બહાર નીકળતા હતા. બધા મોટેમોટેથી હસીને રમતનો આનંદ વ્યક્ત કરતા હતા. આમ પાણીમાં પકડદાવની રમત ખૂબ જામી હતી.

ત્યાં અચાનક ભવબ્રહ્માને પણ દુર્લભ એવી રમતમાં વિઘ્ન પડ્યું. મહારાજે ડૂબકી મારી પાણીની અંદર જ અલૈયા ખાચરના પગ પકડી ઉછાળીને પછાડ્યા. મહારાજના અચાનક હુમલાથી અલૈયા ખાચર હેબતાઈ ગયા. અલૈયા ખાચરના મુખની સ્થિતિ જોઈ સહુ કાઠીઓ હસવા લાગ્યા. બધા કાઠીઓને પોતાની ઉપર હસતા જોઈ અલૈયા ખાચરનો અહમ્ ઘવાયો. ક્રોધના આવેગમાં આવી જેમતેમ મહારાજની સામે બોલવા લાગ્યા.

પોતાના ભક્તમાં રહેલા દોષને નિર્મૂળ કરવા મહારાજ પણ આવેશમાં આવી ગયા અને અલૈયા ખાચરને કહ્યું, "જાઓ ચાલ્યા જાઓ, અમારે તમારું

કાંઈ કામ નથી.'' બધા કાઠીઓને પણ કહ્યું કે, ''આજથી આ અલૈયો વિમુખ છે, કોઈએ એને બોલાવવો નહીં, એના ગામ જવું નહીં !''

મહારાજની આવી વાણી સાંભળી અલૈયા ખાચરને વધારે માઠું લાગ્યું અને ત્યાંથી તરત ચાલી નીસર્યા.

અલૈયા ખાચરે ભગવાન છોડ્યા, પણ પોતાનો માની સ્વભાવ ન છોડી શક્યા.

માનની પરાકાષ્ઠા

આ પ્રસંગ બન્યાને ઘણો સમય વીતી ગયો. એકાંતિક સ્થિતિને પામેલા ભક્તને માન દોષે એટલા બધા પાછા પાડી દીધા કે ધ્યાન, ભજન, પૂજા, દર્શન બધું જ છૂટી ગયું. મહારાજ, મહારાજના સંતો-ભક્તો, બધા જ વિસરાઈ ગયા.

આ બાજુ મહારાજે શરીરે મંદવાડ ગ્રહણ કરી પોતાની લીલા સંકેલવાના સંકેતો આપી દીધા. સમાચાર જાણી દેશ-દેશના ભક્તો મહારાજનાં દર્શન કરવા આવવા લાગ્યા.

સત્સંગની મા સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી તથા યોગીરાજ ગોપાળાનંદ સ્વામીને અલૈયા ખાચરની યાદ આવી. એ જીવનું કલ્યાણ ન બગડે એવા હેતુથી સંતોએ ઝીંઝાવદર સમાચાર મોકલ્યા કે, 'હવે મહારાજ વધારે સમય નહીં રહે, તો દર્શન કરી જાઓ.'

સમાચાર મળતા અલૈયા ખાચર ગઢપુર તો આવ્યા પણ માનનો મધપૂડો તો સાથે જ લાવ્યા. મહારાજ અક્ષર ઓરડીમાં પોઢ્યા હતા. અલૈયા ખાચર ઓરડીના બારણે આવ્યા એટલે મહારાજ તેમને જોઈ માથે ઓઢી ગયા.

પોતાને જોઈ મહારાજ માથે ઓઢી ગયા, એમ જાણી અલૈયા ખાચરના પગ ત્યાં જ થંભી ગયા. બારણાની સાખ ઝાલીને ઊભા રહ્યા, પણ મનની અક્કડતા મેલી ઓરડીમાં પ્રવેશી, મહારાજની માફી ન માગી શક્યા. ઓરડીની સાખ પકડી માનનો મધપૂડો ઉડાડે છે કે હું ઠેઠ ઝીંઝાવદરથી મહારાજનાં દર્શને આવ્યો ને મહારાજ માથે ઓઢી ગયા ! ફરી મન અને સ્વભાવ વચ્ચે યુધ્ધ ચાલ્યું. થોડીવાર આમને આમ ઊભા રહી, ત્યાંથી જ પાછા વળી ગયા.

ત્યારે ગઢડાની પવિત્ર ભૂમિ પોકારીને કહે, ''હાં...હાં... અલૈયા ! અરે

આજે પણ માનના પડદાને તોડી ન શક્યા ? ને ભગવાન જેવા ભગવાન પાસે પણ અક્કડતા મૂકી ન શક્યા ? અલૈયા જરૂર તમારાથી મોટા સંતનો દ્રોહ થઈ ગયો છે, નહિતર આવું ન બને.''

આ શબ્દો વારંવાર અલૈયા ખાચરના કાનમાં ગૂંજવા લાગ્યા. ઘરે પહોંચ્યા પણ હૃદયમાં શાંતિ થતી નથી. વિચારે છે કે મને યાદ નથી કે મારાથી કોઈ સંતનો દ્રોહ થયો હોય. ત્યાં અંતરાત્માએ પુકાર્યો, 'અલૈયા ! યાદ કરો, કોની સામે તલવાર ખેંચાઈ ગયેલી ?'

આ વાત યાદ આવતાં અલૈયા ખાચરના હૃદયમાં સાત્ત્વિક ગુણો ઉદય થયા ને શુદ્ધ વિચાર આવ્યો કે 'ફરી ગઢડે જઈ મુક્તાનંદ સ્વામીની માફી માગી, મહારાજ પાસે થયેલી ભૂલોનું પ્રાયશ્ચિત કરી લઉં.'

જ્યાં ગઢડા જવાની તૈયારી કરે છે ત્યાં સમાચાર મળ્યા કે 'શ્રીજીમહારાજ સ્વધામ સિધાવ્યા છે.'

સમાચાર મળતાં જ અલૈયા ખાચરને તો જાણે પગ તળેથી જમીન સરકી ગઈ. પોતે નોંધારા થઈ ગયાનો આંચકો અનુભવ્યો. હૈયાફાટ કલ્પાંત કરતા કહેવા લાગ્યા, 'અરે ! હું કેવો અભાગિયો. જ્યાં માન મૂકી સેવા કરવી જોઈએ એ પ્રભુ પાસે પણ હું માન છોડી ન શક્યો ? આખી જિંદગી જે પ્રભુની પ્રસન્નતા માટે બ્રહ્મચર્ય પાળ્યું, તન, મન, ધનથી સેવા કરી પ્રસન્નતારૂપી મહામૂલ્ય ધન મેળવ્યું હતું, તેના ઉપર અંતે મેં પાણી ફેરવી દીધું.' આ રીતે આઠે પહોર અલૈયા ખાચર વિરહના આંસુ પાડે છે.

પછી ગઢડા જઈ ગોપાળાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીના ખોળામાં માથું મૂકી વિનમ્રપણે માફી માગી પોતાની ભૂલોનું પ્રાયશ્ચિત કરે છે.

વર્ષો પછી સંતોના અનુગ્રહથી શ્રીજી મહારાજ એમને દર્શન દઈ ધામમાં તેડી જાય છે.

માટે જ તુલસીદાસજી કહે છે,

કનક તજ્યો કામિની તજ્યો, તજ્યો ધાતુ કો સંગ,
તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ.

સાધનાના માર્ગે ચાલેલા સાધક માટે અલૈયા ખાચરના જીવનના આ પ્રસંગો અત્યંત ઉપયોગી છે. જો સાધક જાગૃત પ્રહરીની જેમ પોતાનાં અંતઃકરણને તપાસતો

ન રહે, તો પોતે કરેલી સાધનાની રાખ થતાં થોડી પણ વાર ન લાગે.

જેમ કોઈ રાજકુમાર સુખ-વૈભવો વચ્ચે જીવી રહ્યો હોય અને અચાનક ભિક્ષાપાત્ર લઈ ભિક્ષા માગવી પડે, ત્યારે જેવી સ્થિતિ તે રાજકુમારની થાય, તેવી જ કંઈક સ્થિતિ સાધકની થાય છે. ન તો તે સમાજની વચ્ચે જીવી શકે કે ન સાધનાના માર્ગે ચાલી શકે.

માનભંગ થયાનો પ્રસંગ તો એક ક્ષણનો જ હોય છે, પણ એનું પરિણામ આખી જિંદગી ભોગવે, છતાં પણ તેનો છેડો ન આવે.

મંગળિયામાંથી મંગળભાઈ બનેલા વડોદરાના એ હરિભક્ત પાછા મંગળિયો બની જાય, કારણ...કેવળને કેવળ એક માન !

ભારતવર્ષના ચક્રવર્તી સમ્રાટ પરીક્ષિતને આવકાર ન મળતા તેમણે કરેલી ભૂલને બદલે સાત જ દિવસમાં મૃત્યુને ભેટવું પડ્યું, શા માટે ?...માન !

મહારાજે મછિયાવ ગામનું અન્નજળ હરામ કર્યું, કારણ...? ફઈબાએ પકડેલી જીદ !

આ બધા પ્રસંગો આપણા માટે પ્રેરણારૂપ છે. જો ચેતી જઈએ તો બેડો પાર.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાત પ્રમાણે આજે આપણે જે સુખ ભોગવીએ છીએ, તેવું સુખ એ વખતે ક્યાં હતું ? આજે જે કાંઈ દુઃખ છે એ આપણે ખોતરીને ઊભાં કરેલાં છે અને એ પણ તુચ્છ પદાર્થ માટે.

મંદિરમાં આવ્યા તો કોઈએ અમારી સામું જોયું નહીં, સારો ઉતારો આપ્યો નહીં, અમારી મોટી સેવા હોવા છતાં અમને સભામાં હાર ન પહેરાવ્યો, હાર પહેરાવ્યો તો નાનો અને સાદા ફૂલનો પહેરાવ્યો, આ કાર્ય કરવામાં અમને પૂછ્યું પણ નહીં...બસ આવી નાની નાની બાબતોમાં આપણે પાછા પડી જઈએ છીએ.

ચડવું છે હિમાલયના ઉચ્ચ શિખરો ઉપર અને ચાલીએ છીએ ઊંડી ખીણના રસ્તે. છીએ રાજકુમાર અને ભિક્ષા માગી ભોજન કરવું છે.

પૂર્ણ પુરુષોત્તમને મળવા નીકળ્યા છીએ અને રસ્તામાં આવતા કાંકરા-પથ્થરોમાં લોભાઈ જઈએ છીએ.

જો આપણું લક્ષ્ય આપણી દૃષ્ટિ સમક્ષ હશે તો ક્યારેય આવી નાની નાની બાબતોમાં નહીં લોભાઈએ. જેને પ્રાપ્ત કરવા છે એમની સામું જોતા રહીશું તો આ

સમસ્ત બ્રહ્માંડમાં કશુંય મેળવવા જેવું નહીં લાગે.

માટે આપણામાં રહેલી થોડીઘણી માનરૂપી જાળીઓને તોડી આપણને મળેલા સદ્‌ગુરુઓનાં ચરણે સર્વસ્વ સમર્પણ કરી, શ્રીહરિને ભજતા રહીએ...આરાધતા રહીએ...તો લક્ષ્ય છેટું નહીં રહે.

૯ સોમલા ખાચર (બોટાદ)

ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય અનોખું હતું. અક્ષરધામથી આ અવની ઉપરની યાત્રામાં શ્રીહરિએ અનેક મુક્તોને પોતાની સાથે લીધા હતા. અવની ઉપર પ્રગટી આ મુક્તોમાં કોઈએ ગૃહસ્થાશ્રમમાં રહી, તો કોઈએ ત્યાગાશ્રમમાં રહી શ્રીહરિના પ્રાગટ્યના હેતુને દશે દિશામાં વેગ આપ્યો.

આવા જ એક શ્રીજી મહારાજની સાથે પધારેલા ભક્તરત્ન હતા બોટાદના દરબાર સોમલા ખાચર, જેઓ શ્રીજી મહારાજના પરમ કૃપાપાત્ર, એક રહેણીવાળા અને શૂરવીર ભક્ત હતા. શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું એ એમનો જીવનમંત્ર હતો.

ઊંચી સમજણ, સેવાની ધગશ અને શૂરવીરતા એ એમના અનોખા ગુણો હતા અને એટલે જ તો શ્રીજીમહારાજનો પત્ર વાંચી તત્કાળ ભગવા પહેરી સાધુ થવા નીકળી પડ્યા હતા.

અઢાર મોટા મોટા ધનાઢ્ય સદ્‌ગૃહસ્થ શ્રીજી મહારાજના ફક્ત એક કાગળથી સંસારનો ત્યાગ કરી કચ્છ-ભૂજમાં શ્રીજી મહારાજના દર્શન કરવા ગયા હતા. તે વખતે સોમલા ખાચર પણ સાધુ થયા હતા. થોડા સમય પછી મહારાજની આજ્ઞા થતા ગૃહસ્થાશ્રમમાં પાછા ફર્યા હતા.

શ્રીજીના અનન્ય સેવક

ગઢપુરથી થોડે દૂર આવેલા બોટાદ ગામના રહેવાસી સોમલા ખાચર વ્યવહારે ખૂબ સુખી હતા. ગામ ગિરાસની જમીન પણ બહુ સારી હતી. બે યુવાન પુત્રો હતા, તે પણ સદ્‌ગુણી હતા.

જગતની અને ભગતની વાત નોખી છે. જગતમાં જેને સારા પુત્રકલત્રાદિ હોય તેને સુખી માનીએ છીએ, પરંતુ ભગવાનનો ખરો ભક્ત તો આ લોકની સુખ-સંપત્તિ-વ્યવહાર આ બધાને જીવનમાં દુઃખ, બંધન અને અશાંતિ ઉપજાવનાર માને છે. ભક્તની દૃષ્ટિએ જગતના હાનિ-લાભો તથા સગાં-વહાલાં કે કુટુંબ-પરિવારના સંયોગ-વિયોગની કશી ગણના હોતી નથી. એ તો પ્રભુના દિવ્ય આનંદમાં સદા અલમસ્ત વર્તતા હોય છે.

સોમલા ખાચરના બે યુવાન દીકરા ભગવાન શ્રી સ્વામિનારાયણની કોઈ અનેરી ઈચ્છાથી અક્ષરવાસી થયા, છતાં તેમની સમજણ કે મહારાજ પ્રત્યેની નિષ્ઠામાં કોઈ ઉણપ આવી નહોતી. દિવસે દિવસે એમનો રંગ તો ચડતો ને ચડતો રહેતો હતો.

આવી રીતનું કોઈના જીવનમાં દુઃખ આવ્યું હોય તો ગમે તેવો બળિયો હોય, પણ પોતાના ઈષ્ટદેવ પ્રત્યેની નિષ્ઠા ડગી જાય, પરંતુ સોમલા ખાચરે જુવાનજોધ બન્ને દીકરા અવસાન પામ્યા હોવા છતાં સત્સંગના દૃઢ જ્ઞાનબળથી ધીરજ ધારણ કરી રાખી હતી.

હવે પરિવારમાં કોઈ વારસદાર ન રહેવાથી સોમલા ખાચરને સંસારમાં રહી સાંસારિક પ્રવૃત્તિઓ કરવાનો કોઈ મોહ રહ્યો ન હતો, તેથી પોતાના ગિરાસની જેટલી જમીન હતી તે મહારાજને અર્પણ કરી દીધી. સદાને માટે ઘરબારનું મોહ-મમત્ત્વ છોડી પોતાનું સમગ્ર જીવન મહારાજનાં ચરણોમાં સમર્પણ કરી અખંડ મહારાજની સેવામાં જોડાઈ ગયા.

મહારાજની સેવામાં જોડાઈ ગયા પછી જેવા ગુણો સેવકમાં હોવા જોઈએ, તે સર્વે ગુણોને તેઓએ દૃઢપણે કેળવ્યા હતા. તેઓએ શ્રીહરિની મરજી પ્રમાણે સેવા કરી અતિ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. મહારાજ તેઓની સેવાને બિરદાવતા કારિયાણીના છઠ્ઠા વચનામૃતમાં કહે છે કે, “અમારા સ્વભાવને તો મુળજી

બ્રહ્મચારી અને આ સોમલો ખાચર આદિક જે હરિજન છે તે કેટલેક વર્ષથી અમારે પાસે ને પાસે રહે છે તે જાણે છે.''

બાવા અતીતને માર્યો

જ્યાં ચમક પડ્યું હોય ત્યાં લોખંડ એની મેળે જ તણાય આવે એમ ભગવાન શ્રી સ્વામિનારાયણના અલૌકિક પ્રતાપ અને ઐશ્વર્યોને જોઈ, સાંભળી અનેક મુમુક્ષુઓ એમના ચરણોમાં માથું મૂકતા અને આશ્રિત થતા.

એકવાર શ્રીહરિ જેતલપુર પધાર્યા હતા. મહારાજની સાથે થોડા સંતો અને સોમલા ખાચર જેવા થોડા કાઠીઓ પણ હતા. અહીં મહારાજ થોડો સમય રોકાયા હતા.

મહારાજ દ્વારા રોજ રોજ થતી નવી નવી વાતો અને એમના સાધુઓના સદ્‌વિચારોથી ઘણા મુમુક્ષુઓને સમાસ થતો અને સત્સંગનો આશ્રય સ્વીકારતા.

આ સત્સંગમાં જેતલપુરના પટેલ જેસંગભાઈનો પુત્ર રોજ કથા સાંભળવા આવતો. મહારાજ તથા સંતોના મુખે સાંભળેલી વાતોથી એમના અંતરમાં ખૂબ શાંતિ થયેલી, તેથી તે મહારાજ પાસે આવી વર્તમાન ધરાવી સત્સંગી થયો.

એ વખતે અહીં ગામમાં એક અતીત બાવો પણ રહેતો હતો. હવે બન્યું એવું કે જેસંગભાઈ આ બાવાના સત્સંગી હતા. બાવાએ પોતાની કડવી વાણીથી ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે જેસંગભાઈના મનમાં પૂરો દ્વેષ ઊભો કરી દીધો હતો, એટલે પોતાનો જ દીકરો સ્વામિનારાયણનો આશ્રિત થયો એ જેસંગભાઈને રુચ્યું નહીં.

જેસંગભાઈએ એમના દીકરાને ઘણું સમજાવ્યો પણ આ તો સહજાનંદી રંગે રંગાયેલો જીવ, એને થોડો તરત રંગ ઊતરે. જેસંગભાઈએ ઘણા પ્રયત્નો કર્યા, પણ તેઓ સફળ ન થયા.

અંતે તેઓને એક વિચાર આવ્યો. તેઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણને જ મારી નાખવાનો ઉપાય શોધી કાઢ્યો. જેસંગભાઈ આ ઉપાય લઈને બાવા અતીત પાસે ગયા. બાવો તો આ વાત સાંભળી આનંદમાં આવી ગયો અને એ કામ પતાવવાનું બીડું પોતે જ ઝડપી લીધું.

બાવો બોલ્યો, ''જેસંગભાઈ ! આ કામ તો હું ચપટીમાં પાર પાડી દઉં !''

બાવાની વાત સાંભળી જેસંગભાઈ રાજી થયા અને જો આ કામ પાર પડે,

તો પાંચસો કોરી ઈનામમાં આપવાની તૈયાર બતાવી.

બાવો કામ પાર પાડવા તૈયારી કરવા લાગ્યો. તિલક, માળા, કંઠી, ભગવાં વસ્ત્રો ઊતારી ઘોડે ચડ્યો. કમરે કટાર સંતાડી ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉતારા તરફ ઉપડ્યો. અંતર્યામી પ્રભુ બધું જાણતા હતા. બાવાને દૂરથી આવતો જોઈ મહારાજે સોમલા ખાચરને નજીક બેલાવ્યા અને બધી વાત કરી દીધી.

મહારાજની વાત સાંભળી સોમલા ખાચર તો ક્રોધમાં આવી ગયા અને બોલ્યા, "મહારાજ ! એ બાવાનું આટલું સાહસ કે તમને મારવા આવે ? એને નજીક આવવા દ્યો, આજે તો એનું ઢીમ ઢાળી દઉં!"

મહારાજે સોમલા ખાચરને શાંત પાડ્યા અને બળથી નહીં પણ કળથી કામ કરવા કહ્યું. સોમલો ખાચર પોતાના ઘોડે સવાર થયા અને ઘોડે ચડી ચાલ્યા આવતા બાવાની સામે પોતાનો ઘોડો ચલાવવા લાગ્યા. બાવાની નજીક પહોંચ્યા એટલે સોમલા ખાચરે પોતાના ઘોડા ઉપરથી જ બાવાના ઘોડા ઉપર કૂદકો માર્યો અને ચપળતાથી સીધા બાવાની પાછળ બેસી ગયા. બાવો હજુ કાંઈક પ્રતિકાર કરે એ પહેલા તો એમની કમરેથી કટાર કાઢી લીધી અને ધક્કો મારી હેઠો પાડી દીધો.

અચાનક થયેલા હુમલાથી બાવાને કળ ચડી ગઈ. થોડીવાર ચક્કરભમ થઈ ગયું. સોમલા ખાચરે ઘોડા ઉપરથી હેઠા ઊતરી બાવાના બે હાથ ભેગા કરી એક દોરડીથી બાંધ્યા અને દોરડું પોતાના હાથમાં લઈ ફરી ઘોડા ઉપર ચડી ગયા.

ઘોડાને ડચકારો કર્યો એટલે એ તો માંડ્યો દોડવા. પેલો અતીત પાછળ દોડતો દોડતો આવે અને 'મર ગયા, મેં મર ગયા... છોડો, છોડો...'ની રાડ્યો નાખતો આવે. એમને એમ સોમલા ખાચર પહોંચ્યા મહારાજ પાસે. ઘોડા ઉપરથી ઊતરી બાવાની બોચી પકડી અને મહારાજનાં ચરણોમાં ઘા કર્યો.

બાવો તો પાળેલી મીંદડી જેવો થઈ ગયો હતો. મહારાજને જોઈ કરગરવા લાગ્યો. બે હાથ જોડી 'મને છોડી દો, મને છોડી દો' એમ પ્રાર્થના કરવા લાગ્યો.

મહારાજે એમને ઊભો કર્યો, હાથ બાંધ્યા હતા તે છોડ્યા, શરીરે ધૂળ ચોંટી હતી તે ઉડાડી અને થોડા રૂપિયા આપ્યા. સોમલા ખાચરને કહ્યું, "આને જાવા દ્યો, હવે વધારે હેરાન ન કરતા."

બાવો તો સોમલા ખાચરથી બીતો બીતો, પાછુંવળી જોતો જોતો ભાગી જ ગ્યો !

ધ્યાનમાં ભંગ

ભગવાન શ્રી સ્વામિનારાયણનો સ્વભાવ અત્યંત ગંભીર હતો. મહારાજની ઉપસ્થિતિ જ વાતાવરણમાં સાત્ત્વિકતા પ્રગટાવી દેતી. મહારાજ ગંભીર મુદ્રામાં હોય ત્યારે કોઈથી હાંસી-મશ્કરી ન થઈ શકે. ક્યારેક ગંભીર સ્વભાવ છોડી રંગમાં આવી જાય ત્યારે સંતો-ભક્તોને ખૂબ રમાડે, ખૂબ જમાડે અને હાસ્ય-વિનોદ કરી ભારે આનંદ ઉપજાવે. એમાં પણ બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર હાજર હોય પછીની તો વાત જ જૂદી હોય. વાતાવરણ ગમે તેવું ગંભીર હોય, પણ પળવારમાં હાસ્યની છોળો ઊડવા માંડે.

કંઈક આવું જ એક દિવસ બન્યું. ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં લીંબડા નીચે સભા ભરાઈને બેઠી હતી. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે સંતો તથા દાદા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર વગેરે હરિભક્તો ઉપસ્થિત હતા.

ઉનાળાનો સમય હોવાથી મહારાજે કેવળ શ્વેત ધોતી અને ખેસ ધારણ કર્યાં હતાં. કંઠમાં મોગરાના હાર શોભતા હતા. મસ્તકે ટોપી ધારણ કરી હતી, હાથમાં ગુલાબનું મોટું ફૂલ રાખી ઘડીએ ઘડીએ સૂંઘતા હતા. સંતો-ભક્તો આ રમણીય મૂર્તિનાં દર્શન કરી અમૃતની પેઠે પાન કરી રહ્યા હતા. આવા શાંત વાતાવરણમાં થોડીવારમાં તો હાસ્યનું મોજું ફરી વળ્યું.

બન્યું એવું કે, જ્યારે મહારાજ ઢોલિયે વિરાજમાન થઈ દર્શન આપી રહ્યા હતા ને સહુ સંતો-ભક્તો દર્શન કરી રહ્યા હતા, એ સમયે સોમલા ખાચર માથે ઓઢી ધ્યાન કરી રહ્યા હતા.

એક બાજુ સ્વયં શ્રીહરિ સામે બેઠા છે અને સૌ સંતો-ભક્તો દર્શન કરે છે, ત્યારે બીજી બાજુ સોમલા ખાચર માથે ઓઢી ધ્યાન કરે છે.

આ દૃશ્ય જોઈ સુરા ખાચરથી રહેવાણું નહીં. તેઓ પોતાની જગ્યાએથી ઊભા થયા અને આવ્યા જ્યાં સોમલા ખાચર ધ્યાન કરતા હતા ત્યાં. સોમલા ખાચરે માથે ઓઢેલું કપડું સુરાબાપુએ એક આંચકો મારી ખેંચી લીધું. અચાનક ધ્યાનમાં ભંગ થવાથી સોમલા ખાચર ચારે બાજુ જોવા માંડ્યા. ત્યાં સુરા ખાચર બોલ્યા, "આ તારો બાપ ઢોલિયે બેઠો છે તેને જોતો નથી ને માથે ઓઢી કોને જૂવે છે ? અહીં સામે ભગવાન બેઠા છે ને તું ધ્યાનનો ઢોંગ કરે છે !"

સુરા ખાચરની વાત સાંભળી સભામાં ઉપસ્થિત તમામ સંતો-ભક્તો હસવા માંડ્યા. બિચારા સોમલા ખાચર ભોઠા પડ્યા અને હસતા હસતા નીચું જોઈ ગયા.

આમ અવારનવાર મહારાજની સભામાં હાસ્ય થતું રહેતું.

લોલંગરનો પરાજય

ઊગતા સૂર્યને પૂજનારી ભારતની પ્રજાને ખબર નથી શું થયું છે ? અત્યાચારો સહેવા એ એમની સ્વાભાવિક પ્રકૃતિ થઈ ગઈ છ ! વર્ષોથી ભારતના નાગરિકોને ધાર્મિક અને રાજકીય ગુલામી કોઠે પડી ગઈ હોય એમ એ વિના ચાલતું નથી.

આજના આ એકવીસમી સદીના યુગમાં પણ ભારતીય સમાજ ધાર્મિક અને રાજકીય ક્ષેત્ર દ્વારા થતા અત્યાચારોને મૂંગે મોંઢે સહન કરતો હોય, તો આજથી બસો વર્ષ પહેલાની તો કલ્પના જ કેમ કરવી ?

જ્યારે અનેક રાજાઓની સત્તાલોલુપ નજર ભારત ઉપર ચારે બાજુથી ઘેરાયેલી હતી. પ્રજાના રક્ષક એવા રાજા-મહારાજાઓ પોતાના સ્વાર્થ ખાતર હરવખત પરસ્પર લડાઈ કરી પ્રજાને જ નુક્સાન પહોંચાડતા હતા.

બીજી બાજુ વળી ધાર્મિક જગતના અધાર્મિક ગુરુઓ, કામણ-ટૂમણ કરનારા અને ભૂવા-ભારાડીઓ ભારે પેધી ગયા હતા. એમાં પણ ધર્મને નામે ધતીંગ ચલાવતા ઢોંગી અને પાખંડી બાવાઓની જમાતો ઠાઠમાઠથી રહેતી, જોરજુલમ કરી લોકો પાસેથી ધન-દોલતની લૂંટ ચલાવતી હતી.

આવા કપરા સમયમાં જેમ ‘ખારા સમુદ્રમાં એક મીઠી વીરડી’ સમા સ્વામિનારાયણ સંપ્રદાયનો ઉદય થયો.

ધન-સ્ત્રીના ત્યાગી અને ભક્તિથી ભરેલા એવા ભગવાન શ્રી સ્વામિનારાયણના પવિત્ર સંતો દેશદેશાંતરમાં ફરી લોકોને અંધશ્રદ્ધામાંથી બહાર કાઢતા, ફેલફતૂરો છોડાવતા અને ભગવાનના આશ્રિત કરતા.

ક્યાં એ પેધી ગયેલા બાવાઓનું જીવન અને ક્યાં આ સીધા-સાદા સાધુઓનું જીવન ! લોકો આ તફાવતને જોતાં ત્યારે આ સાધુઓની ખૂબ પ્રશંસા થતી અને સ્વામિનારાયણ સંપ્રદાયની સારી છાપ પડતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુઓની સમાજ ઉપર સારી અસર થતી, ત્યારે જે પાખંડી તથા ઢોંગી-ધૂતારા હતા તેઓના જીવમાં ઈર્ષ્યાની આગ ભભૂકી

ઊઠતી. અંતરમાં લાગેલી આગને બૂઝાવવા એ લોકો નિર્માની અને પવિત્ર સંતોને મારઝૂડ કરી ખૂબ હેરાન કરતા.

સંતો પ્રત્યેની આ પ્રકારની હેરાનગતિ જોઈ સોમલા ખાચર આદિ કાઠી ભક્તોનું લોહી ઉકળી જતું ને શૂરવીરતાથી ઢાલ-તલવાર લઈ ઊભા થઈ જતા. પરંતુ 'ધીરજતાથી બધું સહન કરવું' એવી મહારાજની આજ્ઞાથી લાચાર હતા.

એવામાં શ્રીજી મહારાજ અમદાવાદના ખોખરા મુકામે પરમહંસો તથા સોમલા ખાચર, અલૈયા ખાચર આદિ કાઠી ભક્તો સાથે નિવાસ કરી મુમુક્ષુઓને કથાવાર્તા દ્વારા સત્સંગનું બળ આપતા હતા.

આ વાતની જાણ થતા ખોખરાના લોલંગર નામે બાવાના મનમાં કીડા સળવળવા લાગ્યા હતા. પોતાનું ઘટતું જતું વર્ચસ્વ અને સ્વામિનારાયણની વધતી જતી પ્રસિદ્ધિ બાવાના પેટનો દુ:ખાવો બની હતી. એ સ્વામિનારાયણ અને એમના સાધુઓ ઉપર કોપાયમાન થયો હતો. સ્વામિનારાયણ અને તેના સાધુઓને વગર વાંકે દુ:ખ દેવા અને ઉદય પામતા સંપ્રદાયને તોડી પાડવા પોતાની આખી ખાખી જમાતને ધંધે લગાડી દીધી હતી.

આ બાવાઓ સાધુઓને અનેક રીતે હેરાન કરવા લાગ્યા. સાધુઓનાં વસ્ત્ર તથા પાત્ર-તુંબડા તોડી-ફોડી નાખે, તિરસ્કાર કરી ન સંભળાય એવી ગાળો આપે, પથ્થર અને ચીપિયાઓ વડે સાધુઓ ઉપર કાળો કેર વર્તાવે. આમ છતાં દેહથી તથા ઐશ્વર્યથી બળવાન એવા ક્ષમાશીલ સંતો આ બધું મૂંગે મોંઢે ખૂબ સહન કર્યે રાખતા હતા.

જો કે શ્રીજી મહારાજ તો પ્રથમથી જ બધું જાણતા હતા, પરંતુ સંતો કસોટીમાં કસાય અને લોકો ખરેખર સત્ય જોઈ સાચા-ખોટાનું પ્રમાણ નક્કી કરી શકે, એ હેતુથી સંતોને સહન કરવાની આજ્ઞા કરી હતી.

હવે બાવાઓનાં વેરઝેર વધારે કાતીલ થયા હતા. સંતો ઉપરના હુમલા દિનપ્રતિદિન વધવા લાગ્યા હતા, જેથી મહારાજે તત્કાળ નિર્ણય લઈ પરમહંસોને સુરત મોકલી દીધા.

શૂરવીર પાળાઓ તથા કાઠી ભક્તો સાથે શ્રીજી મહારાજ રોકાયા.

એ વખતે સોમલા ખાચરે મહારાજને પૂછ્યું, ‘‘મહારાજ ! સંતોને તત્કાળ સુરત મોકલવાનું કંઈ કારણ ?’’

મહારાજ કહે, “ભક્તો ! દ્વેષી લોકોએ આ વખતે અત્યંત ઉપાધિ કરી છે, સંતોને અપાતું અસહ્ય દુઃખ જોઈ છેવટે રજા આપવી પડી.”

મહારાજની વાત સાંભળી સોમલા ખાચર એકદમ શૂરવીરતાથી બોલી ઊઠ્યા, “મહારાજ ! તમો સંતોને પાછા વાળો. એ લોકોથી ડરવાની કોઈ જરૂર નથી. કેવળ અમને રજા આપો અને પછી જૂઓ અમારી રમતને !”

મહારાજ કહે, “નહિ ભક્તો ! જેટલું બને તેટલું ધીરજતાથી કામ લો. એ લોકો સાથે બાથ ભીડવામાં બહુ મજા નથી.”

“અરે મહારાજ ! સ્ત્રી, ધન અને ગામગિરાસ માટે અમે ક્ષત્રિયો અમારું માથું ઊતારી દઈએ, ત્યારે અહીં તો અમારા ઈષ્ટદેવ અને એમના સાધુઓની વાત છે. એ પાખંડીઓ સાથે લડતા લડતા જો જાનનું જોખમ હોય તો એ વધારે ઉત્તમ છે. અમારા સાધુઓને અર્થે અમે કેમ ન મરી મટીએ ?” સોમલા ખાચરે ઉત્સાહમાં આવી કહ્યું.

સાથેના બીજા ભક્તોએ પણ મૂંછોએ હાથ ફેરવતા ફેરવતા સોમલા ખાચરની વાતને ટેકો આપી હોકારા કર્યા.

કાઠી ભક્તોની શૂરવીરતાના દર્શન કરી મહારાજે દ્વેષીને દંડ દેવાના વિચાર સાથે કાઠીભક્તોને નજીક બોલાવ્યા અને કહ્યું, “ભક્તો ! ચાલો, આજે આપણે કાંકરિએ સ્નાન કરવા જવું છે, પરંતુ માર્ગમાં લોલંગર બાવાની નાત આપણી રાહ જોઈને બેઠી છે. તો આપણે...!!”

મહારાજનું વાક્ય પૂરું થાય એ પહેલા સોમલા ખાચર શૂરવીરતાથી કહે, “અરે મહારાજ ! ચિંતા કરો મા, જેને મોટા મોટા યોધ્ધાઓ ઈચ્છે એવો ઉત્તમ અવસર આજ અમને મળ્યો છે. અમારા સાધુઓને જેણે દુઃખવ્યા છે, તેને દંડ દેવાનો આનાથી રૂડો અવસર બીજો ક્યો હોય ? માટે આપણે આજે જરૂર કાંકરિયે જવું છે !”

“સોમલા ! તમે આકરા થાવ મા, ધીરજ રાખજો. એ લોકો ગમે તેવા બોલ બોલે છતાં આપણે અકળાવું નહીં અને કોઈ પ્રતિકાર કરવો નહીં. પ્રથમ ઘા આપણે ન કરવો. પછી જે થવાનું હોય તે ભલે થાય.” મહારાજનો આવો મર્મભર્યો સંકેત સાંભળી ભક્તોના શરીરના રૂવાડાં ઊભા થઈ ગયા. કમરે લટકતી તલવાર ઉપર હાથ ફરવા લાગ્યો, મૂછોના થોભીયા ફરકવા લાગ્યા અને શરીરમાં કંઈક અલગ

પ્રકારના રોમાંચની અનુભૂતિ થવા લાગી.

મહારાજ માણકી ઉપર અસ્વાર થયા. પ્રથમ મહારાજ ચાલ્યા, પાછળ ભક્તો ધૂન-ભજન કરતા કરતા કાંકરિયે આવ્યા. સહુએ સ્નાન કર્યું અને ફરી વાજતેગાજતે પાછા ઉતારે આવ્યા.

છૂપો બેઠેલો લોલંગર આ આનંદ ઉત્સવ જોઈને બળી ઊઠ્યો. એમણે પોતાની જમાતને ભેગી કરી. ઉશ્કેરણી જનક ભાષણ કરી ચેલાઓને લડવા તૈયાર કર્યા. હરામનું ખાઈને કડધીંગા થયેલા બાવા તલવાર-ભાલાં-બરછી વગેરે હથિયારો લઈ ભેગા થયા. લોલંગરના નેતૃત્વમાં આખી સેના મહારાજના ઉતારા તરફ આગળ વધી. રસ્તામાં હાકલા પડકારા અને ભૂડાં બોલા બોલતી જમાતને લોલંગર વધારેને વધારે જોમ ચડાવતો જાય છે અને અક્કલમઠ્ઠા બાવાને જોમ ચડતું જાય છે.

'ટોળાશાહી અને યોગ્ય નેતૃત્વ વગરનું સૈન્ય સફળ ન થાય.' એ ન્યાયે અહીં લોલંગરનું આયોજન વગરનું નેતૃત્વ અને આવડત, સંપ તથા કેળવણી વગરનું ટોળું સૂરજનું તેજ માપવા નીકળ્યું હતું. એમને ક્યાં ખબર હતી કે જેમની સામે આંખ પણ ન ખૂલે એમની સાથે લડવું કઈ રીતે ?

હો...હો, હા...હા કરતી જમાત આવી મહારાજના ઉતારા પાસે. ઘરને ચારેય બાજુથી ઘેરી લીધું. સ્વામિનારાયણ ક્યાંયથી છટકી ન જાય એ માટેની તમામ તૈયારી કરી લીધી.

આ બાજુ મહારાજની સાથે રહેલા કાઠી દરબારોએ પણ મહારાજને સુરક્ષિત કરી પોતપોતાના સજાવેલા હથિયારો લઇ તૈયારી કરી લીધી.

લોલંગર બાવો થોડીવાર ઊભો રહ્યો પણ સામેથી કોઈ હલનચલન તથા પ્રતિકાર ન મળતા તેમણે બે બાવાઓને અંદર જઈ તપાસ કરી આવવાનું કહ્યું. વીજળીની જેમ ચળકાટા મારતી તલવાર હાથમાં લઈ બે બાવા થોડા આગળ આવ્યા. ઘરની ખડકીને ધક્કો માર્યો. કીચૂડ અવાજ કરતા ખડકીના દરવાજા અંદરની તરફ ખૂલ્યા. સામે કોઈ દેખાણું નહીં એટલે બન્ને ધીમા ડગ માંડતા અંદર ગયા. ત્યાં તો દરવાજા પાછળ ઊભેલા બે કાઠીઓએ એમની બોચી પકડી અંદર ખેંચી લીધા અને પળવારમાં તો ભોં ચાટતા થઈ ગયા.

બહાર ઊભેલા લોલંગરે ખડકીની અંદરનું દૃશ્ય જોયું. પોતાના બે બાવા

ઓછા થયા એટલે એમણે બધાને હુમલો કરવાની આજ્ઞા આપી. આખું સૈન્ય હો... હો... કરતું દોડ્યું. આ બાજુ સામેથી પણ પંદરેક જેવા યુદ્ધમાં નીવડેલા અને કસાયેલા શરીરવાળા કાઠીઓ હાથમાં તલવાર અને ભાલાં લઈ સામે દોડ્યા.

સિંહ બકરાના ટોળામાં પડે અને બકરાઓની જે દશા થાય એવી જ દશા આજે આ જમાતની થવા લાગી. મારો...મારો, કાપો...કાપોના ભયંકર અવાજો અને સિંહ ગર્જનાઓથી વાતાવરણ સ્તબ્ધ થઈ ગયું.

કેટલાય દિવસોથી ઉપયોગમાં ન આવેલી અને મ્યાનમાં પડી પડી અકળાતી તલવારોનો ઉપયોગ કરવાના મળેલા મોકાને આજે કાઠીઓ જવા દેવા નહોતા માગતા. તેઓ તો ઊંચા ઊંચા ઠેકડા મારતા મારતા બાવાઓના હાથ-પગ-ધડ નોખા કરવા. માંડ મળેલા મોકાનો પૂરેપૂરો ઉપયોગ કરી કાઠી ભક્તોએ શૂરાતનમાં ને શૂરાતનમાં કેટલાય બાવાઓના ઢીમ ઢાળી દીધા અને કેટલાયને અપંગ કરી દીધા.

ક્ષત્રિય દરબારોના યુદ્ધકૌશલ્યને લીધે અનેક બાવાઓ મરાણા અને અનેક ઘાયલ થયા. પોતાનું સૈન્ય હણાતું જોઈ લોલંગરને વધારે રોકાવું ઉચિત ન લગ્યું. તે તો પોતાની રક્ષામાં દસ-બાર બાવાઓને લઈ ઊભી પૂંછડીયે ભાગ્યો. એમની પાછળ પરાજિત થયેલી તેની જમાત પણ ભાગી.

આ રીતે મહારાજે સોમલા ખાચર આદિ કાઠીઓની શૂરવીરતાને નિમિત્ત બનાવી લોલંગરની સાન ઠેકાણે લાવી.

બાટી અને રીંગણાનું શાક

એકવાર મહારાજ સાળંગપુર પધાર્યા હતા. સોમલા ખાચર સાથે હતા. આ સમયે મહારાજે પોતા માટે એક પ્રકરણ ચલાવ્યું હતું. એ પ્રકરણ એવું હતું કે, 'મારે મારી રસોઈ જાતે બનાવીને જમવું.'

મહારાજ જ્યાં પધારે ત્યાં ભક્તો જમાડવા ઘણો આગ્રહ કરે, પણ મહારાજ કોઈનો ભાવ ન સ્વીકારે. પોતાની રસોઈ જાતે જ બનાવે અને જમે.

સાળંગપુરમાં પણ મહારાજ પોતા માટે રસોઈ બનાવતા હતા. ભક્તોએ દરેક પ્રકારની સામગ્રી લોટ, ઘી, તેલ, શાકભાજી વગેરે હાજર કરી દીધું. મહારાજ કછોટો વાળી રસોઈ બનાવતા હતા.

સૌ પ્રથમ રીંગણા સુધાર્યા. શાકનો વઘાર ચૂલે મૂક્યો. વઘારમાં દરેક મસાલાઓ નાખ્યા અને સુધારેલા રીંગણા નાખી શાક ચડવા મૂક્યું. બીજી બાજુ મહારાજ બાટી બનાવવા લાગ્યા. બાટીનો લોટ બાંધ્યો. બાટીમાં પણ વિવિધ પ્રકારના મસાલાઓ નાખ્યા. ચૂલાના ભઠ્ઠામાં બાટી શેકવા મૂકી. થોડીવાર થઈ એટલે બાટીઓ શેકાઈ ગઈ અને શાક પણ તૈયાર થઈ ગયું.

બાટીમાં ભેસનું ઘી નાખી લચપચતી કરી થાળીમાં મૂકી, શાકમાં કોથમરી, ધાણાજીરુ નાખી તૈયાર કર્યું. અથાણાની બરણીમાંથી કેરીની બે-ત્રણ ચીરો કાઢી. આ રીતે મહારાજ જમવાની તૈયારી કરતા હતા. થોડે દૂર પડેલા પથ્થર ઉપર બેઠા બેઠા સોમલા ખાચર મહારાજની આ ક્રિયાના દર્શન કરતા હતા.

એક તો પેટમાં લાગેલી ભડભડતી ભૂખની આગ, બીજું સ્વયં પુરુષોત્તમનારાયણે બનાવેલી રસોઈની સુગંધ અને ત્રીજું એ પ્રસાદી લેવાની લાલચ. આ બધું ભેગું થયું એટલે સોમલા ખાચરના મોંઢામાં પાણી છૂટવા લાગ્યાં. એ તો બેઠા બેઠા રોટલા અને શાકને જોયે રાખે અને મોઢામાં છૂટતા રસના ઘૂંટડા ગળા હેઠે ઊતાર્યે રાખે.

જો મહારાજ પાસે પ્રસાદી માગે તો ન આપે અને આપે તો પેટ ભરાય એટલી તો ન જ આપે, માટે સોમલા ખાચરે નવો જ ઉપાય શોધ્યો. હાથમાં એક કાંકરી લીધી અને દૂર બેઠા બેઠા જ મહારાજ જ્યાં રસોઈ બનાવતા હતા એ બાજુ ફેંકી.

આ બાજુ બન્યું એવું કે સોમલા ખાચરે ફેંકેલી કાંકરી મહારાજે તૈયાર કરેલી રસોઈના વાસણને અડી ગઈ. મહારાજ આ દૃશ્ય જોઈ ગયા. પહેલા તો વાંકી દૃષ્ટિએ સોમલા ખાચર સામે જોઈ રહ્યા. પછી ઊભા થઈ ગયા અને બોલ્યા, “એલા સોમલા ખાચર ! હવે અમારે ફરી રસોઈ કરવી પડશે.”

જડ-ચેતન સર્વ પદાર્થમાં નિવાસ કરીને રહેનારા ભગવાનને વળી આભડછેટ શેની ? પરંતુ આ તો મનુષ્યાવતાર છે, મનુષ્ય લીલા છે, એટલે એ ગમે એવી લીલા કરે !

સોમલા ખાચર કહે, “મહારાજ ! મેં શું કર્યું ?”

મહારાજ કહે, “તેં કાંકરીનો ઘા કર્યો, એ કાંકરી મારી રસોઈને અડી ગઈ, એટલે અમે એ ન જમીએ.”

સોમલા ખાચરને તો એ જ જોઈતું હતું. તેઓએ તરત મહારાજનો પડતો બોલ ઝીલ્યો અને બોલ્યા, "એમાં શું મહારાજ ! એ રસોઈ તમને ન ચાલે પણ અમારે તો ચાલે. શાક અને બાટી એક થાળીમાં મૂકી મને આપી દો, તમે બીજી બનાવી લેજો !"

મહારાજ સોમલા ખાચરની યુક્તિ જાણી ગયા એટલે કહ્યું, "મારા સેવકો પણ ખરા છે ! પોતાને ખાવા માટે મારી પાસે રસોઈ બનાવડાવે છે !" એમ કહી મહારાજે બનાવેલું શાક તથા બાટી સોમલા ખાચરને આપી દીધી અને પોતે ફરી રસોઈ બનાવી જમ્યા.

ગેબી બાવાનો પરાજય

એક સમય હતો જ્યારે અનેક બાવાઓ પોતાના વિશાળ રસાલાઓ સાથે પૂરાએ ભારતમાં વિચરણ કરતા, લોકોને રંજાડતા, પોતાની સિદ્ધાઈઓ અને મંત્રતંત્રની વિદ્યાના સહારે લોકોને ડરાવતા, તેમની ધન-સંપત્તિ લૂંટતા અને જરૂર પડ્યે હાથમાં રહેલા હથિયારોનો ઉપયોગ કરી યુધ્ધ પણ ખેલતા.

રાજાઓના સૈન્ય કરતાં બાવાઓની જમાતો મોટી હતી, જેથી રાજાઓ પણ તેમને આધીન થઈ જતા અને મોં માગ્યું ધન, અનાજ કે અન્ય પદાર્થો પૂરા પાડતા.

એવો જ એક કાનફૂટો ગેબી નામનો બાવો પોતાની વિશાળ જમાત અને હથિયારબંધ મારવાડીઓની ફોજ સાથે મારવાડથી કાઠિયાવાડમાં આવી ચડ્યો હતો. ગેબી પોતાની સિદ્ધાઈઓ દેખાડતો, મંત્ર-તંત્ર, કામણ-ટૂમણ, ઢોંગ-ધતિંગ કરી લોકોને ભરમાવતો હતો. શેઠ, શાહુકારો અને રાજાઓ પણ તેની કપટમય ઈન્દ્રજાળથી ડરીને મોં માગી ભેટો ધરતા હતા.

આવી રીતે કચ્છ-કાઠિયાવાડને ધમરોળતો ગેબી ફરતો ફરતો ભાવનગરના મહારાજા વજેસિંહજી પાસે જઈ પોતાની કપટભરી સિદ્ધાઈ દેખાડી ધન સામગ્રીની માગણી કરી. 'આવડી મોટી ફોજ સાથે આવેલા બાવાની સાથે લડી હાથ લાલ કરવા એના કરતાં બારોબર જો ગેબી ઠેકાણે પડી જાય તો ઘણું સારું' એવું વિચારી ભાવનગરના દીવાને ગેબી બાવાને કહ્યું, "મહાત્માજી ! અમારું રાજ્ય તો ઘણું નાનું કહેવાય. અમારાથી તમારી સેવા પણ બરાબર ન થઈ શકે. એના કરતાં તમે જો સ્વામિનારાયણ પાસે જઈ તમારી સિદ્ધાઈ બતાવો અને એને વશ કરો તો તમને કુબેરનો ખજાનો મળે, પછી તમારે આ રીતે અહીં-તહીં

ફરવું ન પડે.''

ગેબીના કાનમાં પહેલીવાર સ્વામિનારાયણ શબ્દ પડ્યો. એ થોડો ચમક્યો અને ગાંજાના સેવનથી થયેલી લાલ આંખોને દીવાન તરફ ફેરવતા બોલ્યો, ''કૌન હૈ યે સ્વામિનારાયણ ! હમકો બતાઓ ? હમ આજ હી ઉનકો અપના શિષ્ય બનાયેંગે.''

દીવાન તથા બીજા અધિકારીઓએ કહ્યું, ''આ દેશમાં એ સ્વામિનારાયણ ભગવાન થઈને પૂજાય છે. લોકો તેને ભગવાન માની ખૂબ ધન-દોલત આપે છે. એમણે મોટાં મોટાં મંદિરો બનાવ્યાં છે અને એના આશ્રિતો પણ ખૂબ પૈસાવાળા છે.''

''અચ્છા ! દિખાઓ હમેં વો કહાં રહેતે હૈ ?'' ગેબી પોતાની લાલચુ જીભ હોઠ ઉપર ફેરવતો બોલ્યો.

''તેઓ અહીંથી થોડે દૂર ગઢડા નામે ગામ છે, ત્યાં રહે છે. અને વળી એમની સાથે ફક્ત સાધુઓ જ હોય છે, જેથી 'આંકડે મધ ને વળી માખો વગરનું' એવું છે, માટે ત્યાં જઈ એને લૂંટી લો ! સ્વામિનારાયણને એકને લૂંટ્યા પછી તમારે બીજે ક્યાંય જવું નહીં પડે. એમની પાસે તો અખૂટ ધનના ભંડારો ભર્યા છે !''

આમ ગેબીને ફૂલાવી ભાવનગરથી વળાવ્યો. ગેબી ઠેકાણે પડવા ગઢપુર ઉપડ્યો. એમને ક્યાં ખબર હતી કે મારી પાસે જે સિદ્ધાઈ છે એવી સિદ્ધાઈ તો સ્વામિનારાયણના સત્સંગી છોકરાઓમાં હોય છે અને સર્વ સિદ્ધિઓના બાપ સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણની સાથે હું બાથ ભરવા જઉં છું.

ગેબી બાવો પોતાની જમાત અને ચારસો બંદૂકધારી બડકમદાર મારવાડી લઈને ગઢડા આવ્યો. ગઢપુરની સીમમાં તંબુ તાણાણા, રાવટીઓ નખાણી, મોટા રસોડા ચાલુ થયા અને સ્વામિનારાયણ સાથે લડવાની પૂર્વતૈયારી થવા લાગી.

કાનફૂટો ગેબી ગઢડાની સીમમાં પડાવ નાખી મહારાજને વશ કરવાનું પેંતરું ઘડે છે એ વાત દાદા ખાચરના કારભારી લાધા ઠક્કરને ખબર પડી. તેઓ ગેબી બાવો ઊતર્યો હતો ત્યાં ગયા, છૂપી રીતે તેમની બધી ચાલ જાણી લાવ્યા અને તૂર્ત જ મહારાજ પાસે આવી વિગત આપતા કહ્યું, ''મહારાજ ! મારવાડથી કાનફૂટો ગેબી બાવો પોતાની જમાત સાથે આપને લૂંટવા આવ્યો છે.''

અંતર્યામી મહારાજ બધું જાણતા હતા, છતાં અજાણ થતા બોલ્યા, “લાધા ઠક્કર ! તો-તો બહુ ભારે કરી. અમારે અહીંથી બીજે સંતાવું પડશે.”

પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામી તથા દાદા ખાચરને બોલાવ્યા અને કહ્યું, “તમે ગેબી પાસે જાઓ, એમને શાંતિથી સમજાવો અને કોઈ ખૂનખરાબો ન થાય એ રીતે સમજાવી વાત થાળે પાડો.”

બ્રહ્માનંદ સ્વામી, દાદા ખાચર અને લાધો ઠક્કર ગેબી બાવાને સમજાવવા એમણે તંબુ તાણ્યા હતા ત્યાં આવ્યા અને ગેબીને મળી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના સાધુઓની વાતો કરવા માંડ્યા.

બ્રહ્માનંદ સ્વામી કહે, “મહાત્માજી ! ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના સાધુઓ શાસ્ત્રમાં કહેલ અષ્ટાંગ બ્રહ્મચર્ય તથા ધર્મનિયમ પાળી લોકોને સદ્‌બોધ આપે છે. તેમની પાસે કોઈ ધન કે ખજાનો નથી. તેઓ તો સદા નિઃસ્પૃહી રહી લોકોનાં કલ્યાણ કરવા માટે વિચરણમાં હોય છે. માટે તમે જો ધનની લાલચે અહીં આવ્યા હો, તો એ તમને નહીં મળે. કારણ કે સ્વામિનારાયણ ધન રાખતા જ નથી.”

બ્રહ્માનંદ સ્વામીને અધવચ્ચે જ અટકાવી ગેબી બોલ્યો, “સાધુરામ ! આપ કા ક્યા નામ હૈ ?”

“મારું નામ બ્રહ્માનંદ છે,” સ્વામીએ વિવેકપૂર્વક કહ્યું.

“દેખો બ્રહ્માનંદ ! બોરડી મે દો કાંટે. એક ઉલટા ઔર એક સુલટા, જો સ્વામિનારાયણ રામ બને તો મેં રાવણ બનું, જો સ્વામિનારાયણ કૃષ્ણ બને તો મેં કંસ હોઉં. વો પાતાળ મે પેસે તો મેં આકાશ મે ઉડું, વો જળ મે પેસે તો મેં અગ્નિ મે પેસું. બોલો બ્રહ્માનંદ ! સ્વામિનારાયણ ઈસ ઔર આ રહે હૈ કી મેં ઉસ ઔર જાઉં ?”

એમ કહી ઊંચે અવાજે ‘બોલો રામોરામ, ભરો હોકા’ બોલ્યો ત્યાં તો બધા મારવાડાઓ હોકા ભરી માંડ્યા ધુમાડાઓના ગોટા ઉછાળવા.

ગાંજાના ધુમાડાની સટ ખેંચતા જ ગેબી તાનમાં આવી ગયો અને માંડ્યો બકવા, “દેખ લેંગે સ્વામિનારાયણ કો, ઉન્હે આને દો.”

ગેબીનું મનોવલણ જોઈ બ્રહ્માનંદ સ્વામીને થયું, ‘આ નહીં માને. આને એનો બાપ મનાવશે ત્યારે જ મેળ પડશે.’ એમ વિચારી પાછા ફર્યા. મહારાજ

પાસે આવી બ્રહ્માનંદ સ્વામીએ ગેબીનું વલણ વર્ણવતા કહ્યું, “મહારાજ ! આ ગેબી બાવો અભિમાની છે, કોઈ વાતે સમજે તેમ નથી. સાથેના માણસો પણ અડબંગી છે એટલે જરૂર ધીંગાણું કરશે. માટે એનાથી ચેતતા રહીએ તો સારું.”

બ્રહ્માનંદ સ્વામીની વાત સાંભળી મહારાજે એમને ઠેકાણે પાડવાનું વિચાર્યું. સેવામાં રહેલા કાઠી-પાળાઓને બોલાવી ગેબીના તોફાનની વાત કરી. ત્યાં તો સોમલા ખાચર આદિ કાઠીઓ, પાર્ષદો તથા દાદા ખાચરના ભાગિયા આહિરો હથિયાર બાંધી તૈયાર થઈ ગયા.

સંતોએ પણ જે કાંઈ હાથમાં આવ્યું તેને હથિયાર બનાવી સાથે લીધું. મહારાજ કસુંબલ વસ્ત્રો પહેરી, ઢાલ-તલવાર લઈ તૈયાર થઈ ગયા.

સોમલા ખાચર તો યુધ્ધની વાત સાંભળી તાનમાં આવી ગયા અને મહારાજને કહે, “અરે પ્રભુ ! આજે તો સારો મોકો આપ્યો તમે ! હવે જૂઓ અમારી રમત અને ગેબીની અવદશા !!” એમ કહી સૌથી આગળ હથિયારો લઈ તૈયાર થઈ ગયા.

ગેબી બાવાનું નગારું ફૂંકાણું. મારવાડાઓ મારો... મારો... કરતા ગામમાં પ્રવેશ્યા અને દાદા ખાચરની ડેલીની બહાર આવી પડકારા કરવા માંડ્યા. આ બાજુ સહુ કાઠીઓ, પાળાઓ તથા સાધુઓ જેની પાસે જે હથિયાર હતા તે સાથે લઈ ડેલી બહાર નીકળ્યા. સર્વ સાધુઓ તથા કાઠીઓને જોઈ ગેબી અને એની સેનાને એવું દૃશ્ય દેખાણું કે જાણે હજારો સૈનિકોનું લશ્કર બંદૂકો અને તોપો લઈને સામે આવે છે. આવડું મોટું લશ્કર જોઈ ગેબીના હાંજા ગગડી ગયા. આજે તો સ્વામિનારાયણ આપણામાંથી કોઈને જીવતા નહીં છોડે, એમ વિચારી ભાગવા માંડ્યા.

ભાગતો ભાગતો ગેબી તો પોતાના તંબૂમાં સંતાઈ ગયો. બીજા મારવાડા આડા-અવળા ભાગી ગયા. પછી મહારાજના કહ્યા પ્રમાણે દાદા ખાચરના ચાકર કેસરીસિંહ અને માનસિંહ હથિયાર લઈ ગેબી સંતાણો હતો તે તંબુમાં ગયા અને ગેબીને કહે, “ગેબી ! બહાર નીકળ, જો સ્વામિનારાયણ પેલે કાંઠેથી આ કાંઠે આવે છે. જો... બહાર નીકળ !”

સ્વામિનારાયણ આવે છે, એવું સાંભળી ગેબીના ટાંગા એકી-બેકી રમવા માંડ્યા. શરીરે પરસેવો છૂટી ગયો. પારેવાની જેમ ફફડતો તંબુ ફાડી ભાગી ગયો.

આ રીતે સોમલા ખાચર આદિ કાઠીઓ તથા સાધુઓએ ગેબીનો પરાજય કરી ભગાડ્યો.

આ ઉપરાંત એકવાર વડોદરાના બાબા સાહેબ બે હજાર આરબી સૈન્ય સાથે મહારાજને પકડવા ગઢડા આવ્યા હતા. તે સમયે પણ સોમલા ખાચર આદિ હરિભક્તોએ શૂરવીરતા દેખાડી સર્વને ભગાડ્યા હતા.

હું શ્રીજી મહારાજને ખોળી લાવું

એક વખત એવું બન્યું કે મહારાજ વિચરણ અર્થે ગઢપુરથી ગયા એના બે મહિના વીતી ગયા, છતાં પાછા આવ્યા નહીં. મહારાજ તો પાછા આવ્યા નહીં પણ એમના સમાચાર પણ ન આવ્યા કે અત્યારે તેઓ કયા પ્રદેશમાં વિચરણ કરે છે કે કયા ગામમાં વિરાજમાન છે, જેથી ગઢપુરવાસી દાદા ખાચર, જીવુબા, લાડુબા વગેરે ભક્તોને ભારે ચિંતા થવા લાગી.

'મહારાજ ક્યાં હશે ? શું કરતા હશે ?' આવી રાત્રિ-દિવસની ચિંતા સાથે પ્રભુનાં દર્શન વિના વિરહમાં તડપતા ભક્તોની એક એક પળ યુગ જેવી વીતે છે. ખાવું, પીવું, ઊંઘવું વગેરે દેહની ક્રિયાઓ સહેજે સહેજે છૂટી ગઈ છે. જેમ ભગવાન શ્રીરામ સીતાજીની શોધમાં બેબાકળા બની ગયા હતા, તેમ આ ભક્તો પણ મહારાજનાં દર્શન વિના વ્યાકુળ થઈ ગયા.

એક દિવસ સોમલા ખાચર ગઢડા પધાર્યા. અક્ષરઓરડીમાં મહારાજનાં દર્શન થયા નહીં એટલે દરબારગઢમાં આવ્યા. દરબારગઢમાં આવી જોયું તો સર્વે બહેનો, દાદા ખાચર વગેરે પરિવારજનોને અકળાતા જોયા. જાણે કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ ગઈ હોય અને જેવી અકળામણ થાય, એવી અકળામણ સર્વે અનુભવતા હતા. કોઈના મોંઢા ઉપર નૂર દેખાતું નહોતું. જાણે દેહમાંથી પ્રાણ નીકળી ગયા છે અને ખાલી ખોખા આંટા મારતા હોય એવું સોમલા ખાચરે અનુભવ્યું.

દરબારગઢનું નિશ્ચેત વાતાવરણ જોઈ સોમલા ખાચર જીવુબા પાસે ગયા અને પૂછ્યું, "બા ! ઘરનું વાતાવરણ ઠીક નથી લાગતું. બધા ખૂબ વિરહમાં હોય એવું કેમ લાગે છે ?"

જીવુબા કહે, "બાપુ ! હમણાં અમારી દશા જીવતા મડદાં જેવી થઈ છે. નથી ખાવું ગળે ઉતરતું કે નથી પાણી પીવાતું. મહારાજનાં દર્શન વિના અમારી

આવી દશા થઈ છે.''

''કેમ બા ! મહારાજ ક્યાં ગયા છે ?''

''બાપુ ! મહારાજના ઘણા સમયથી કોઈ સમાચાર નથી, આજે એમનાં દર્શન નથી કર્યા એને એક મહિના જેવો સમય થઈ ગયો. મહારાજનાં દર્શન વિના હવે એક ક્ષણ પણ વિતાવવી આકરી લાગે છે !''

લાડુબાની વાત સાંભળી સોમલા ખાચરને બધાની ખૂબ દયા આવી અને હૃદયમાં મહારાજ માટે મીઠો ઠપકો પણ ઊઠ્યો. એમ લાડુબાને ધીરજ આપતા કહ્યું, ''ભણ્યું બા ! ઈમાં શું ? હું મહારાજને ખોળીને લઈ આવું.''

સોમલા ખાચરની વાત સાંભળી બધા રાજી થયા.

બીજે જ દિવસે એક કાઠીને સાથે લઈ સોમલા ખાચર ઘોડેસ્વાર થઈ ચાલી નીકળ્યા. ચાલતા ચાલતા અનુમાન લગાડવા માંડ્યા કે મહારાજ ક્યાં હોવા જોઈએ ! સર્વે પ્રદેશોનો, સર્વે ભક્તોનો વિચાર કરતા કરતા ચાલતા સોમલા ખાચર જેમ લોઢું ચુંબક તરફ ખેંચાય એમ મહારાજને શોધતા શોધતા તેઓ સોરઠ પ્રદેશના પંચાળા ગામે પહોંચ્યા.

સૂર્યોદયનો સમય હતો એટલે સોમલા ખાચર પૂજા કરવા નદીએ રોકાયા. ત્યાં મુકુંદાનંદ બ્રહ્મચારીને સ્નાન કરવા આવતા જોયા. બ્રહ્મચારીને જોઈ સોમલા ખાચરની ગણતરી સાચી પડી. બ્રહ્મચારીને મળી ગઢપુરવાસીઓના વિરહની વાત કરી.

શ્રીજીના વિરહથી સર્જાયેલ ગઢપુરવાસીઓની સ્થિતિનું યથાર્થ વર્ણન સાંભળી બ્રહ્મચારીને દયા આવી. મહારાજની મનાઈ હોવા છતાં કહેવાઈ ગયું કે, ''તમો સામે તળાવને કાંઠે જાઓ, ત્યાં તમને મહારાજનાં દર્શન થશે.''

બ્રહ્મચારીનો આભાર માની સોમલા ખાચર ગામથી દક્ષિણબાજુ ખોખરા તળાવ છે તે તરફ ગયા. ત્યાં શ્રીજી મહારાજ તળાવને કાંઠે મોટી શિલા ઉપર બેસી હજામત કરાવી રહ્યા હતા. મહારાજના દર્શન થયા એટલે સોમલા ખાચરને આનંદ થયો અને ગુંદાના ઝાડને થડે પોતાનો ઘોડો બાંધી તળાવ તરફ આગળ વધ્યા.

સોમલા ખાચરને સામેથી આવતા જોઈ મહારાજે પાસે ઊભેલા સેવકોને કહ્યું, ''પેલા બે કાઠી આવે છે, તેમને અહીં આવવા ન દેશો.''

મહારાજની વાત સાંભળી સેવકોએ જઈને બન્નેને રોક્યા અને કહ્યું, ‘‘મહારાજની મનાઈ છે કોઈએ આ તરફ આવવાનું નથી.’’

ત્યાં તો સોમલા ખાચર ઉદાસ થઈ ગયા. બાજુમાં ઊભેલા ઝાડના થડિયા પાસે બેસી બે હાથ લમણે મૂકી પોક મેલી રડવા લાગ્યા. આંખોમાંથી દડ-દડ આંસુ પડવા લાગ્યા. ધીમે ધીમે રડવાનો અવાજ મોટો થવા લાગ્યો અને રડવાની સાથે સાથે શબ્દો પણ નીકળવા લાગ્યા, ‘‘ભણ્યું બાપ ! આ સોમલાથી શેને રુઠ્યા ? તમે નહિ મળો તો હું ગઢપુરવાસીઓને શું જવાબ દઈશ ?’’ આમ બોલતા બોલતા ઝાડના થડિયે માથું ટેકાવી રૂદન કરે છે.

મહારાજ સોમલા ખાચરને રડતા જોઈ પીગળી ગયા. તૂર્ત જ સેવકને મોકલી સોમલા ખાચરને બોલાવી લાવવા કહ્યું.

મહારાજ હજામત કરાવી તળાવમાં નાહવા ઊતર્યા. સોમલા ખાચર આવ્યા અને મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજ પાસે આવી પગે લાગી કહ્યું, ‘‘અરે મહારાજ ! તમે ગઢપુરવાસીઓથી શીદ રુઠ્યા છો ? દાદા ખાચર વગેરે ગઢપુરવાસીઓએ તમારા વિરહમાં અન્ન જળ છોડી દીધું છે. જો હવે એમને દર્શન નહીં આપો તો એમના દેહ પડી જશે. માટે આપ કૃપા કરી ગઢપુર પધારો અને વિરહાતુર ભક્તોને આપનાં દર્શન આપો.’’

ગઢપુરવાસીઓની સ્થિતિના સમાચાર સાંભળી ભક્તવત્સલ ભગવાનનાં નેત્રોમાંથી વિરહનાં બિંદુઓ પડવા લાગ્યા. સોમલા ખાચરને બાથમાં લઈ પ્રેમથી ભેટ્યા અને ગઢપુર જવાની તૈયારી કરવા લાગ્યા.

આ રીતે સોમલાખાચરે મહારાજને ખોળી ગઢપુર તેડી જઈ, ભક્તોને દર્શનનું સુખ અપાવ્યું.

(ખોખરા તળાવમાં શ્રીહરિનાં નેત્રોમાંથી આંસુરૂપ બિંદુ પડ્યા ત્યાંરથી ખોખરા તળાવનું નામ ‘બિંદુ સરોવર’ પડ્યું અને જે શિલા ઉપર બેસી મહારાજે વતું કરાવ્યું હતું, તેના ઉપર હાલ હનુમાનજીની સ્થાપના કરેલી છે.)

નારીરત્ન પ્રેમબાઈની રક્ષા

સોમલા ખાચર આમ તો રજવાડી કુટુંબના. એમનો પહેરવેશ રજવાડી, અંગો ઉપર કિલો એક સોનું, કેડે સોનાની મૂઠવાળી તલવાર, પગમાં ઝગજગારાં કરતાં જોડાં. આ બધુ પહેરતાં ત્યારે કોઈ મહારાજા જેવા લાગતા, પણ જ્યારથી

શ્રીજી મહારાજની સેવામાં રહ્યા ત્યારથી પોતાનું રજવાડી અને ઠાઠમાઠભર્યું જીવન છોડી સાદાં અને સફેદ કપડાં પહેરતા.

શ્રીજી મહારાજની કૃપા અને પોતાના નીડર સ્વભાવને લીધે એમનામાં કોઈ પણ પ્રકારનો ભય કે ડર નહોતો. ગમે તેવો દેશકાળ હોય કે કોઈપણ કઠિન કાર્ય હોય તે ઉત્સાહ અને મહિમાપૂર્વક પૂરું કરીને આવતા અને એટલે જ તો મહારાજે સોમલા ખાચરને દીવ બંદરના પ્રેમબાઈની રક્ષા માટે મોકલેલ.

ઉના ગામના વણિક પ્રેમજી વખાઈના સુપુત્રી પ્રેમબાઈ બાળપણથી જ મીરાંબાઈ જેવા ભક્તિવાળા. આખો દિવસ ઘરકામની સાથે ભગવાનનાં નામનું રટણ-સ્મરણ ચાલુ હોય.

ઉંમરલાયક થતા તેમના લગ્ન દીવબંદરમાં થયા હતા. થોડા સમયમાં તેમના પતિ ગુજરી ગયા. પછી તો પ્રેમબાઈ પોતાના સાસરે જ ભજન-ભક્તિ કરી વૈધવ્યજીવન ગાળતા હતા.

પ્રેમબાઈના સાસુ પણ સ્વભાવે સારા હતા. તેમને પણ ભજન-ભક્તિમાં રસ હતો, પરંતુ તેનો સંગ ખોટો થઈ ગયો હતો. તેમણે એક કુલક્ષણા બાવાને પોતાનો ગુરુ બનાવ્યો હતો અને પોતાનાં ઘરમાં જ તેનો ઉતારો કરાવ્યો હતો.

ઘરનો ગુરુ થઈ બેઠેલો બાવો આખો દિ' ઘરમાં જ પડ્યો-પાથર્યો રહે. ગાંજો અને અફીણનો પાકો બંધાણી એટલે મિલના ભૂંગળાની જેમ ધૂમાડા કાઢ્યે રાખે. ગામના ઉતાર માણસોને ભેગા કરે અને ગામ-ગપાટા માર્યે રાખે. પૂજા-પાઠ કે ભજન-સ્મરણનું તો એમના મોંઢામાંથી ભૂલ્યે નામેય ન નીકળે.

આવા લખ્ખણે પૂરા બાવાની સેવા સાસુની આજ્ઞાથી પ્રેમબાઈને પણ કરવી પડતી.

કહેવાય છે ને કે, 'કાળિયું (અફીણ) પેઠું ને કાળજું (શરીર) વટલ્યું,' એમ અહીં 'બાવો પેઠો ને ઘર વટલ્યું' જેવી સ્થિતિ થઈ હતી. પ્રેમબાઈનું યુવાન શરીર જોઈ બાવાજીની બુદ્ધિમાં વિકાર થવા લાગ્યો હતો. ક્યારેક ક્યારેક બાવો એકાંત જોઈ પ્રેમબાઈની નજીક જતો પણ ચતુર પ્રેમબાઈ એનું મેલું મન પારખી ગયા હતા, એટલે એનાથી દૂર જ ભાગતા.

એમાં એક દિવસ સવારનો સમય હતો. એક ઓરડાના એકાંત સ્થળે પ્રેમબાઈ મહારાજનું ધ્યાન કરતા હતા. આ સમયનો લાભ ઊઠાવી બાવો નજીક

આવ્યો, પ્રેમબાઇ પાસે બેસી ગયો અને વાતો કરવા લાગ્યો. બાવાએ પૂછ્યું, “પ્રેમબાઈ ! તું કોનું ધ્યાન કરે છે ?”

પ્રેમબાઈ કહે, “બાપુ ! મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ - સહજાનંદ સ્વામીનું ધ્યાન કરું છું.”

બાવો કહે, “મારી સામે દૃષ્ટિ કર, હું જ સહજાનંદ છું. તું મારી પૂજા કર્ય, તારો મોક્ષ થઈ જશે.”

બાવાની વાત સાંભળી પ્રેમબાઈએ આંખો લાલ કરતા કહ્યું, “બાપુ ! સહજાનંદ સ્વામી ગઢડામાં બિરાજે છે. એ જ મારા ભગવાન છે, બીજો કોઈ આ અંતરમાં પ્રવેશી ન શકે, સમજ્યા ! અને હા... તમોને અમારા કુળગુરુ માની સેવા કરું છું, બાકી હું છું વિધવા. કોઈ પણ પરપુરુષ, પછી ભલે તે સંત હોય, તો પણ મારાથી સ્પર્શ પણ ન કરાય એવી મારા પ્રભુની આજ્ઞા છે. તેથી તમારે મારાથી છેટું જ રહેવું.”

પ્રેમબાઈની વાત સાંભળી અહંકારી બાવાનો અહંકાર ઘવાણો. તેથી પ્રેમબાઈ પ્રત્યે અવળાઈથી વર્તવા લાગ્યો. પરંતુ પ્રેમબાઈની શ્રીજીના સ્વરૂપમાં અનન્ય નિષ્ઠાને કારણે તે બાવો કંઈ કરી શકતો નહીં.

પછી તો રોજ હદ વગરની અવળાઈ કરે, કનડગત કરે અને છેવટે પ્રેમબાઈના શરીર ઉપર ખોટી નજર કરવા લાગ્યો. બાવાની મનોવૃત્તિ જાણી પ્રેમબાઈને થયું, હવે આમાં શુદ્ધ રહેવું બહુ કઠિન છે. મહારાજને આર્ત સ્વરે પ્રાર્થના કરવા લાગ્યા, ‘હે મહારાજ ! આ ઢોંગીથી મારી રક્ષા કરો, નહિતર મારું શિયળ લૂંટાશે.’

પ્રેમબાઈની પ્રાર્થના અંતર્યામી પ્રભુએ સાંભળી. પ્રભુએ સોમલા ખાચર અને ભીમભાઈ ડાભીને વાત કરી. આ બન્ને ભક્તો મહારાજની વાત સાંભળી આનંદમાં આવી ગયા. કારણ કે ઘણા દિવસથી કાઠીપણું ક્યાંય વપરાણું નહોતું.

બન્ને ભક્તોએ હથિયારો લીધા, કાઠીનો વેશ પહેર્યો અને ઘોડેસ્વાર થઈ મહારાજની આજ્ઞા પ્રમાણે પ્રેમબાઈની રક્ષામાં ઉપડ્યા.

સૂર્યોદયના સમયે બન્ને ભક્તો દીવ બંદર પહોંચ્યા. પ્રેમબાઈના ઘરનું ઠેકાણું પૂછતા પૂછતા તેમના ઘરે આવ્યા.

જ્યાં ડેલી ખોલી અને અંદર જોયું ત્યાં અડબંગ બાવો સવાર સવારમાં

ઓસરીની કોર ઉપર બેઠો બેઠો વેંત એકની મોટી ચલમ હાથમાં લઈને કુંભારના નીંભાડાની માફક ધૂમાડાના ગોટે ગોટા કાઢી રહ્યો હતો.

સોમલા ખાચરે ઊંચા અવાજે કહ્યું, "પ્રેમબાઈ ! જય સ્વામિનારાયણ."

સ્વામિનારાયણ શબ્દ કાને પડતા પ્રેમબાઈ ઘરમાંથી બહાર આવ્યા. જોયું તો સત્સંગી ભક્તો પોતાના આંગણામાં ઊભા હતા. પ્રેમબાઈના અંતરમાં આનંદ આનંદ થઈ ગયો. ઓસરીમાં ખાટલા ઢાળ્યા, માથે ગોદડું પાથરી બેસવા કહ્યું. બન્ને ભક્તો બાવા સામે કરડું જોતા જોતા ખાટલે બેઠા અને પોતાનો ખેલ ચાલુ કર્યો.

સોમલા ખાચર ભીમભાઈને કહે, "ભણ્યું ભીમ ! આ ધુંવાડા ક્યાંથી નીકળે છે ! આટલામાં ક્યાંક કુંભારનો નીંભાડો છે ?"

ભીમભાઈ કહે, "ના બાપુ ! નીંભાડાનો ધુમાડો તો ઘણો સારો હોય, આ તો સ્મશાનમાં મડદું બળતું હોય એવી ગંધ મારે છે. નક્કી આ ગામમાં કોઈનું મરણ થયું હોવું જોઈએ."

બન્ને ભક્તોની વાત સાંભળી બાવો લાલઘૂમ થઈ ગયો. આંખો લાલ થઈ ગઈ અને ત્રાટક કરતો બોલ્યો, "બકવાસ બંધ કરો, સ્વામિનારાયણ તો પાખંડી હૈ. ઉનકા નામ મત લો, પાપ લગેગા. મેરા દર્શન કરો, હમ બડે સિદ્ધ હૈ !" આમ જેમ ફાવે તેમ બોલવા લાગ્યો.

સોમલા ખાચર કહે, "ગોલકુના ! સાધુ થઈ ગાળો બોલે છે ?"

ત્યાં તો બાવો વિફર્યો ને માંડ્યો ન સંભળાય એવી ગાળો ભાંડવા.

સોમલા ખાચરે જાણ્યું, આ મૂર્ખ છે તેથી વાતથી નહીં માને. તેઓ ઊભા થયા અને બાવા પાસે જઈ એના ગાલ ઉપર એક ધોલ મારી. સોમલા ખાચરનો હથોડા જેવો હાથ બાવાના ગાલ ઉપર પડતા બાવો ઉછળીને ઓસરીની કોરેથી ફળિયામાં જઈને પડ્યો, બોલવાનું પણ ભાન રહ્યું નહીં ને ગેંગેંફેંફે થઈ ગયું.

પછી સોમલા ખાચરે તલવાર કાઢી સિંહ ગર્જના કરતા કહ્યું, "જોઈ આ તલવાર, આ તારી કાકી નહીં થાય ! જો સ્વામિનારાયણનું જરાય હલકું બોલ્યો છો ને, તો જીવતો નહીં રહેવા દઉં. આ ઘડીયે જ આ ઘર અને ગામ છોડી ચાલ્યો જા, નહિતર તારી ખેર નથી." આમ બોલી તલવાર ઉગામી ત્યાં તો બાવો પોતાનો સામાન લેવાય ન રોકાણો ને પોતડી પકડી ભાગી છૂટ્યો.

પછી સોમલા ખાચરે પ્રેમબાઈને મહારાજના સમાચાર કહ્યા. પ્રેમબાઈની આંખો પ્રેમથી ભીની થઈ ગઈ. મહારાજનો ને સોમલા ખાચરનો ખૂબ આભાર માન્યો અને મહારાજના સમાચાર મુજબ ઉનામાં રહી મહારાજનું ભજન કર્યું.

આ રીતે નિષ્ઠાપૂર્વક મહારાજ તથા સત્સંગની સેવા કરી સોમલાખાચર સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં એક શૂરવીર ભક્તરત્નનું સ્થાન પામ્યા.

૧૦ જીવા ખાચર (સાળંગપુર)

પરમાત્માના અવતારો શા માટે થાય છે ? આ પ્રશ્નના સમાધાનમાં શાસ્ત્રોએ ધર્મસ્થાપન, અધર્મનો નાશ વગેરે અનેક હેતુઓ દર્શાવેલા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પરમાત્માના અવતરણનો કોઈ અનોખો જ હેતુ દર્શાવે છે. એકવાર મહારાજ કારિયાણીમાં બિરાજમાન હતા. પ્રશ્નોત્તરી ચાલી રહી હતી. મહારાજે પરમહંસોને પ્રશ્ન કર્યો, “ભગવાન અવતાર ધારણ કર્યા વિના પણ જીવનું કલ્યાણ કરવા સમર્થ છે. સંકલ્પમાત્રથી અસુરોને મારવા માટે સમર્થ છે. સપ્તર્ષિ વગેરે ઋષિઓ દ્વારા ધર્મનું સ્થાપન પણ કરાવી શકે છે તો ભગવાનને અવતાર ધર્યાનું શું પ્રયોજન છે ? જો ભગવાન અવતાર ધર્યા વિના આ કાર્ય ન કરી શકતા હોય, તો ભગવાન એટલા અસમર્થ કહેવાય !”

સભામાં બેઠેલા સંતો ઉત્તર કરવા માંડ્યા પણ કોઈથી સમાધાન થયું નહિ. તેથી સંતોએ હાથ જોડીને કહ્યું, “હે મહારાજ ! હવે આપ જ આ પ્રશ્નનો ઉત્તર કરો.”

ભગવાન શ્રી સ્વામિનારાયણ બોલ્યા, “ભગવાનને વિશે અત્યંત પ્રીતિવાળા ભક્તની ભક્તિને આધીન થઈને ભક્તને સુખ દેવાને અર્થે ભગવાન ભક્તની જેવી ઈચ્છા હોય, તેવાં રૂપને ધારણ કરે છે. ભક્તના જેવા મનોરથ હોય એ મનોરથને પૂરા કરે છે. ભક્ત સ્થૂળભાવે યુક્ત છે અને દેહધારી છે, માટે ભગવાન પણ એના જેવા સ્થૂળભાવે સહિત દેહધારી થાય છે અને પોતાના ભક્તને જેવા મનોરથ હોય

તે પૂરા કરીને લાડ લડાવે છે. ભગવાન પોતાની સામર્થી છૂપાડીને ભક્ત સાથે પુત્રભાવે વર્તે છે, સખાભાવે વર્તે છે, મિત્રભાવે વર્તે છે, સગા-સંબંધીને ભાવે વર્તે છે; તેણે કરીને એ ભક્તને ભગવાનની ઝાઝી મર્યાદા રહેતી નથી. માટે પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે અને તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે છે અને અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન પણ કરે છે.'' (વ.કા. ૫ ને આધારે)

સર્વશક્તિમાન ભગવાન અન્ય સર્વ કાર્યો પોતાની સંકલ્પશક્તિથી કરી શકે છે, પરંતુ બાળકને તેડવા માટે માએ નીચે નમવું જ પડે, એ રીતે ભક્તો પ્રત્યેના પ્રેમ અને વાત્સલ્ય સર્વશક્તિમાન ભગવાનને અવતાર ધરવા મજબૂર કરે છે. એ અવતાર ધારણ કરે, તો જ પોતાના વહાલા ભક્તોને લાડ લડાવી શકે છે.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ધરા ઉપર પ્રગટી અનેક ભક્તોને મહાસુખ આપ્યા છે. એમાં પણ કરડી પ્રજાને વશ કરી મહારાજ એમની સાથે સખાભાવે વર્ત્યા અને રમતાં-રમાડતાં પોતાની મૂર્તિના સુખે સુખિયા કરી દીધા.

મહારાજનાં શરણે આવેલા અનેક કાઠીભક્તોમાંથી સાળંગપુરના જીવા ખાચરમાં નિર્દોષતા અને મહિમાબુદ્ધિ વિશેષ હતા. રાગ-દ્વેષ અને ઈર્ષારહિત અંતઃકરણ, મહિમાથી ભરેલી બુદ્ધિ અને સતત મહારાજની મૂર્તિમાં રમતું મન જીવા ખાચરની વિશેષતા હતા. મહારાજના ગમે તેવાં ચરિત્રો સાંભળે તથા જૂએ, પરંતુ તેમના મનમાં ક્યારેય કુભાવ પ્રગટ્યો નહોતો.

પારસમણિનો સ્પર્શ

સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રારંભિક તબક્કામાં કાઠી દરબારોને થયેલા સત્સંગને કારણે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના સંતોને ભારે રાહત અનુભવાણી હતી. કાઠી દરબારો સત્સંગી થયા એટલે અન્ય પ્રજા એમના રંજાડમાંથી બચી અને સાધુઓને પણ અન્ય બાવાઓ તરફથી પડતી મુશ્કેલીઓથી રાહત અનુભવાણી હતી.

કારિયાણી ગામના માંચા ખાચર કાઠી દરબારોમાંથી સૌપ્રથમ સત્સંગી થયેલા. એમના આમંત્રણને માન આપી વિ. સં. ૧૮૬૧ની સાલમાં મહારાજ પહેલી વાર કારિયાણી પધાર્યા. મહારાજનાં દર્શનનો લાભ પોતાના સગાં-

સંબંધીઓને પણ મળે એવા હેતુથી ભક્તરાજ માંચા ખાચરે બધાને તેડાવ્યા હતા. એ સમયે ગામ સાળંગપુરથી દરબાર જીવા ખાચર પણ મહારાજનાં દર્શન માટે આવેલા.

માંચા ખાચરના નિર્દોષ પ્રેમને લીધે મહારાજ અહીં ઘણો સમય રોકાયા હતા અને સત્સંગ-કથાવાર્તાનો લાભ આપ્યો હતો. અવાર નવાર મહારાજ પોતાના ઐશ્વર્યનો દોર છૂટો મૂકતા, ત્યારે ઉપસ્થિત ભક્તજનોને મહારાજનાં અલૌકિક અને દિવ્ય દર્શન થતાં.

એક દિવસ મહારાજે સભામાં ઉપસ્થિત ભક્તોને અક્ષરધામસ્થ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. કોટિ સૂર્ય-ચંદ્રના તેજ સમાન દિવ્ય તેજના સમૂહ મધ્યે અમૂલ્ય મણિઓથી જડિત સિંહાસન ઉપર બિરાજેલા શ્રીજી મહારાજની સ્તુતિ કરતા અનંત મુક્તો, દેવતાઓ, ઈશ્વરો વગેરેનાં દર્શન કરી સભામાં બેઠેલા સર્વ ભક્તજનો અતિશય આશ્ચર્ય પામ્યા અને મહારાજના સાચા સ્વરૂપની ઓળખાણ થઈ.

આ પ્રસંગે મહારાજનો પ્રતાપ નિહાળી સાળંગપુરના દરબાર જીવા ખાચરને મહારાજનો મહિમા સમજાણો અને સત્સંગી થયેલા. પારસમણિના યોગથી જેમ લોઢું સોનું બને છે, તેમ મહારાજની કૃપાથી જીવા ખાચરના અંતરમાં અનન્ય ભક્તિનો ઉદય થયો.

જીવા ખાચર અને તેના પરિવારનો સરળ સ્વભાવ અને ભક્તિભાવથી વશ થઈ શ્રીજી મહારાજ ગઢડાથી વિચરણમાં પધારે, ત્યારે રસ્તામાં આવતા સાળંગપુરમાં અચૂક રોકાણ કરે અને ભક્તોના ભાવ પૂરા કરે. મહારાજે સાળંગપુરમાં ખૂબ જ ધામધૂમથી અનેક ઉત્સવો કર્યા છે અને જીવા ખાચરે પણ તન, મન, ધન વગેરે સર્વસ્વનું સમર્પણ કરી મહારાજ અને સંતોની ખૂબ સેવા કરી હતી.

જીવા ખાચરના આવા સમર્પણને લીધે જ તો શતાનંદ સ્વામીએ સર્વમંગલ સ્તોત્રમાં શ્રીજી મહારાજના હજાર નામોમાં એક નામ એવું લખ્યું છે કે 'जन्माष्टम्युत्सवापूर्णजीववर्ममनोरथाय नमः'

'જન્માષ્ટમીના મહોત્સવમાં જીવવર્માના (જીવાખાચરના) સર્વે મનોરથોને પૂરા કરનાર, એવા શ્રીહરિને હું નમસ્કાર કરું છું.' આ રીતે જીવા ખાચર પોતાની ભક્તિ, સેવા અને નિષ્કામ પ્રેમભાવથી મહારાજનાં નામ સાથે જોડાયા હતા.

દીવાથી દીવા પ્રગટ્યા

દરબાર જીવા ખાચરનો સ્વભાવ પરોપકારી અને અતિ દયાળુ હતો. પોતે ગામધણી હોવાથી સારંગપુર નિવાસીઓની સર્વ પ્રકારે ખબર રાખતા. કોઈને દુઃખિયો દેખી હૃદયમાં દયા જાગૃત થતી અને તેમની સર્વ રીતે મદદ કરતા. એમાં પણ મહારાજની ઓળખાણ થયા બાદ ગામના અન્ય લોકોને પણ મહારાજની ઓળખાણ થાય, ફેલ-ફિતુર, વ્યસન, અંધશ્રદ્ધા, વહેમો વગેરે છૂટે, આ લોક અને પરલોક સુધરે તેવા હેતુથી અવારનવાર મહારાજને સાળંગપુર બોલાવતા. ગામના લોકોને સાથે રાખી મોટા મોટા ઉત્સવો કરતા, મહારાજ તથા સંતોના મુખે કથા શ્રવણ કરાવતા અને પોતે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના મહિમાની વાતો કરી લોકોને સત્સંગી બનાવતા.

જીવા ખાચરના આવા સદાચરણને લીધે ગામના લોકોમાં તેમની પ્રતિષ્ઠા ખૂબ વધી હતી.

એક વખત શ્રીજી મહારાજ સાળંગપુર પધારેલા. જીવા ખાચરના દરબારગઢમાં ઢોલિયા ઉપર મહારાજ બિરાજમાન હતા. સંતો કીર્તનભક્તિ કરી રહ્યા હતા. સંધ્યા સમય થયો એટલે ગામના સર્વ સત્સંગીઓ પણ ઘરકામ અને ખેતીકામમાંથી પરવારી મહારાજનાં દર્શને આવવા લાગ્યા.

એવા સમયે જીવા ખાચર ગામલોકો વતી પ્રાર્થના કરતા બોલ્યા, "મહારાજ ! સાળંગપુરના સર્વ સત્સંગીઓની એક પ્રાર્થના છે કે આ વખતે તમે દરેકને ઘરે જમવા પધારો."

મહારાજ ગામલોકોનો પ્રેમભાવ જોઈને પ્રસન્ન થયા અને બોલ્યા, "ભક્તો ! અમારે જવાની ઉતાવળ છે, પણ તમારા સર્વનો પ્રેમભાવ છે, તો જરૂર અમે જમવા આવીશું."

મહારાજની વાત સાંભળી સર્વ ભક્તજનો રાજી થયા. મહારાજ આપણાં ઘરે જમવા પધારશે એવું સાંભળી 'મહારાજ માટે રસોઈમાં શું બનાવવું' એના વિચાર કરવા લાગ્યા.

સર્વના સંકલ્પો વાંચી અંતર્યામી મહારાજ બોલ્યા, "ભક્તો ! સાંભળો, અમે કાલે બપોરે બધાને ઘરે જમવા પધારશું, માટે જેને જે રસોઈ બનાવવી હોય તે બનાવજો."

મહારાજની વાત સાંભળી બધાના મનમાં તર્ક ઊઠ્યો કે, 'મહારાજ એક જ સમયે આપણા બધાનાં ઘરે પધારી કઈ રીતે લાભ આપશે ?' પરંતુ મહારાજનાં વચનમાં વિશ્વાસ રાખી સર્વે ભક્તજનો ઘરે ગયા અને રસોઈ બનાવવાની તૈયારીઓ કરવા લાગ્યા.

બીજા દિવસે બપોરનો સમય થયો એટલે જીવા ખાચરે મહારાજને કહ્યું, "મહારાજ ! બપોરનું ટાણું થઈ ગયું છે, તો હવે સત્સંગીઓના ઘરે જમવા પધારો, બધા રાહ જૂએ છે !"

જીવા ખાચરના મનમાં હતું કે મહારાજ એક સાથે આટલા બધા ઘરે કઈ રીતે જમવા પધારશે ? પરંતુ ભક્તવત્સલ ભગવાને અનોખો ઉપાય શોધી કાઢ્યો. જેટલા ઘરે જમવા જવાનું હતું એટલાં સ્વરૂપો ધારણ કર્યાં અને બધાને ત્યાં જમવા પધાર્યા.

ભક્તોએ પ્રેમથી મહારાજનું પૂજન-અર્ચન કરી ભાવથી અનેક પકવાનો જમાડ્યા. પ્રભુ પ્રેમમાં અતિશય હર્ષઘેલા બનેલા ભક્તજનોના ભક્તિભર્યાં ભોજનો જમીને મહારાજ બધા પર ખૂબ પ્રસન્ન થયા.

આ રીતે મહારાજની અલૌકિક લીલાથી સાળંગપુરના નવા થયેલા સત્સંગીઓ અત્યંત આશ્ચર્ય પામ્યા. જે સત્સંગી નહોતા થયા તે બધા પણ મહારાજનાં આ ચરિત્રના પ્રતાપે સત્સંગી થવાના વિચાર સાથે સાંજની સભામાં આવ્યા.

આટલી મોટી સંખ્યામાં પધારેલા લોકોને એક એક કરીને વર્તમાન ધરાવે તો ઘણી વાર લાગે. પરંતુ મહારાજે પાણી મંગાવી પોશ ભરી ભરી સભામાં બેઠેલા લોકો ઉપર છાંટ્યું અને બોલ્યા, "જેના ઉપર આ જળનાં છાંટા પડે એ સર્વને વર્તમાન ધરાણા એમ માનજો."

આમ સાળંગપુરમાં મહારાજે એક સાથે ઘણા નવા સત્સંગી કર્યા.

સાળંગપુરમાં રંગોત્સવ

ભારતીય સંસ્કૃતિ ઉત્સવપ્રધાન સંસ્કૃતિ રહી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે ભાગવત ધર્મના પ્રચાર માટે વિવિધ રીતો અપનાવી હતી. એમાંની એક મહત્ત્વની રીત હતી ઉત્સવ-સમૈયાઓનું આયોજન.

મહારાજે ગઢપુરને ઉત્સવભૂમિ બનાવી હતી. ગઢપુરની આસપાસમાં

સારંગપુર, કારિયાણી વગેરે અનેક ગામોમાં મહારાજ અવારનવાર ઉત્સવ-સમૈયાઓ કરતા રહેતા હતા.

ન માત્ર કાઠિયાવાડ, પરંતુ સમસ્ત મહાગુજરાતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉત્સવ-સમૈયાઓના અભૂતપૂર્વ પ્રવાહ વહેતા કર્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની આ ઉત્સવપ્રિયતાને જોઈને લોકો તેમને 'ઉત્સવિયા ભગવાન' કહેતા હતા.

ભારતીય સંસ્કૃતિમાં પર્વના પ્રસિદ્ધ દિવસોએ ભગવાન શ્રી સ્વામિનારાયણ ભવ્ય ઉત્સવોનું આયોજન કરતા. એકાદશી મહોત્સવ, પૂર્ણિમાના મહોત્સવ, દીપાવલી મહોત્સવ, અન્નકૂટ મહોત્સવ, પ્રબોધિની મહોત્સવ, વસંત મહોત્સવ, શિવરાત્રિ મહોત્સવ, હોળી-ધૂળેટીના દિવસોમાં રંગ મહોત્સવ, ફૂલડોલ મહોત્સવ, ચૈત્ર માસમાં રામનવમી મહોત્સવ, શ્રાવણ માસમાં જન્માષ્ટમી મહોત્સવ, ભાદરવા માસમાં જળઝીલણી મહોત્સવ, આશ્વિન માસમાં નવરાત્રિ-દશેરા અને શરદપૂર્ણિમાના મહોત્સવ.

આ રીતે આખું વર્ષ ઉત્સવોની હારમાળા ચાલુ રહેતી અને આવા ઉત્સવોના માધ્યમથી મહારાજ અષાઢી મેઘની જેમ પોતાનો આનંદરસ વરસાવતા રહેતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો હુતાશનીનો સમૈયો પણ એવો જ અજોડ રહેતો. તે દિવસે આજના જેવા રાસાયણિક કે નુકસાનકારક રંગનો જમાનો ન હતો. અસલ દેશી ગુલાલ અને કંકુના ગાડેગાડાં ભરાતાં. કેસૂડાના રંગના મોટાં મોટાં માટ ભરાતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ પિચકારીઓ ભરી ભરી સંતો અને હરિભક્તો ઉપર રંગની ઝડી વરસાવતા અને સંતો-હરિભક્તો પણ પરસ્પર એકબીજા ઉપર રંગનો વરસાદ વરસાવતા.

રામાવતારમાં અને કૃષ્ણાવતારમાં તીર-કામઠાંની ઝડી વરસતી, ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં પિચકારીઓનો વરસાદ વરસતો !

અબીલ, ગુલાલ અને કંકુના ગોટેગોટાથી આકાશમાં રંગબેરંગી વાદળો છવાયાં હોય, એવી નવલી ભાતો ભરાતી. ઉત્સવમાં પણ મર્યાદા અચૂક રહેતી. પુરુષો પુરુષોની સાથે રંગે રમતા, બહેનો બહેનોની સાથે રમતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢપુર, સાળંગપુર, વડતાલ વગેરે સ્થળોએ ઉજવેલા રંગોત્સવ અદ્ભૂત અને અજોડ રહ્યા છે.

વિક્રમ સંવત્ ૧૮૬૮ની સાલ હતી. સાળંગપુર દરબાર જીવા ખાચરે ભગવાન શ્રી સ્વામિનારાયણને ભારે ભાવથી હુતાશનીનો સમૈયો કરવા માટે તેડાવ્યા હતા.

હુતાશનીના દિવસે જીવા ખાચરે શ્રેષ્ઠ હિંડોળો બનાવ્યો. હિંડોળાને ફૂલોથી શણગાર્યો અને એમાં મહારાજને પધરાવી જીવા ખાચરે હેતથી મહારાજને ઝૂલાવ્યા. આ સમયે પ્રેમાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે ગવૈયા સંતોએ સિતાર, સારંગી, દુક્કડ, સરોદા વગેરે વાજિંત્રો સાથે કીર્તનો બોલી વાતાવરણને ભક્તિમય બનાવી દીધું.

પછી જીવા ખાચરે મહારાજને ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો, આભૂષણો અર્પણ કર્યાં. મહારાજે એ વસ્ત્રો ધારણ કર્યાં અને સર્વને દર્શનનું મહાસુખ આપ્યું.

ત્યાર પછી મહારાજે જરિયાની વસ્ત્રો ઊતાર્યાં અને સાદા શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં. સંતો-ભક્તોની સાથે રંગે રમવા પધાર્યા. આ પ્રસંગે હજારોહજાર સંતો-ભક્તો ભેગા થયા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે ફલગુ નદી અને ઉતાવળી નદીના સંગમસ્થળે ભવ્ય રંગોત્સવ કર્યો.

અનેક પ્રકારના રંગના માટ તથા કૂંડ તૈયાર કરી રાખ્યા હતા, એમાંથી સંતો-ભક્તોએ પિચકારીઓ ભરી ભરી એકબીજા માથે ઉડાડવા લાગ્યા. મહારાજ પણ ઊંચા સ્થાને ઊભા રહી સૌની માથે પિચકારીથી રંગ ઉડાડતા હતા. પછી તો જાણે રંગોનું વાવાઝોડું ઊઠ્યું. અબીલ, ગુલાલ તેમજ અન્ય રંગોની ફાંટ ભરી ભરી એકબીજા માથે ફેંકાવા લાગી. આકાશમાં રંગબેરંગી વાદળા છવાઈ ગયા હોય એવું ભાસવા માંડ્યું.

રંગ પૂરો થયો એટલે મહારાજે રમવાનું બંધ કરવાની આજ્ઞા કરી. રંગોત્સવ પૂરો થયા પછી ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતો-ભક્તો સાથે સંગમમાં સ્નાન કર્યું હતું. આજે પણ આ સ્થળે પ્રસાદીનો સુંદર અને વિશાળ નારાયણ કુંડ આ પ્રસંગની ઐતિહાસિક સાક્ષી પૂરતો હોય તેમ વિદ્યમાન છે.

હોળીના ઉત્સવમાં ફગવા આપવાનો રિવાજ છે. ફગવાનો અર્થ છે, ખજૂર અને ધાણીનો પ્રસાદ.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ દિવસે વિશાળ સભા ભરી હતી અને કહ્યું, “તમારો નિર્મળ પ્રેમ અને ભક્તિભાવ જોઈ અમે ખૂબ પ્રસન્ન થયા છીએ.

માટે આજે તમે તમારી ઈચ્છા પ્રમાણે ફગવા માંગો.''

એ વખતે પોતાના ભક્તજનોને અલૌકિક ફગવા આપ્યા હતા,

મહા બળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી ।
એવું વરદાન દીજિયે આપે, એહ માયા અમને ન વ્યાપે ॥

આ ફગવાનું વર્ણન નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિ પ્ર-૬૪માં આ રીતે કરેલું છે.

ભક્તના પ્રેમની ખરી પરીક્ષા

એક વખત શ્રીજી મહારાજ કારિયાણીમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરવા પધાર્યા હતા. ઉત્સવ ખૂબ જ ધામધૂમથી થયો. આ ઉત્સવમાં સાળંગપુરથી જીવા ખાચર પણ પધાર્યા હતા.

ઉત્સવ પૂરો થયો એટલે જીવા ખાચરે મહારાજને સાળંગપુર પધારવા પ્રાર્થના કરી.

મહારાજે કહ્યું, ''જીવા ખાચર ! હમણા નહીં, પછી ક્યારેક પધારશું.''

મહારાજની વાત સાંભળી જીવા ખાચર ઉદાસ થઈ ગયા અને દુઃખભર્યા હૈયે મહારાજને સાળંગપુર પધારવા પ્રાર્થના કરવા લાગ્યા. આખરે જીવા ખાચરના અતિ આગ્રહથી મહારાજ સાળંગપુર પધાર્યા. મહારાજના સ્વાગતમાં આખું ગામ ઉમટ્યું હતું. ભક્તિભાવ સાથે મહારાજનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. સહુ ભક્તો મહારાજની સાથે ઉતારે પધાર્યા.

જીવા ખાચરે મહારાજના હાથ-પગ ધોવડાવ્યા અને ઓસરીમાં ઢાળેલ ઢોલિયે બિરાજમાન કર્યા. મહારાજ બધા ભક્તોને કુશળ સમાચાર પૂછતા હતા, પરંતુ ભક્તોને જોઈએ તેવું નૂર નહોતું દેખાતું. તેથી મહારાજે જીવા ખાચરને પૂછ્યું, ''બાપુ ! કેમ બધા ભક્તોના ચહેરા ઉદાસ દેખાય છે, કંઈ દેશ-કાળ નબળા છે ?''

જીવા ખાચર કહે, ''હા પ્રભુ ! અત્યારે મે' ની ખૂબ તાણ પડી છે. શ્રાવણ ઊતરવા આવ્યો, છતાં હજુ મે' ના કોઈ વાવડ દેખાતા નથી. ખેડૂતોએ ખેતરમાં વાવેલું અનાજ પણ નિષ્ફળ ગયું છે. માણસો તો ઠીક પશુઓ પણ ઘાસચારો તથા પાણી વગર દુઃખી થઈ મરે છે. પશુઓની વેદના સાંભળી અને ભૂંડી દશા જોઈ દરેક સત્સંગીઓના દિલ કકળી ઊઠે છે. મહારાજ ! આજે આપે આ સારંગપુરને પાવન કર્યું છે, આપ અહીં પધાર્યા એટલે બધાને થોડી આશા બંધાણી છે અને

બધાને થોડી શાંતિ છે. માટે હે દયાસિંધુ ! ગરીબનવાજ ! વેળાસર વરસાદ વરસે એવી અમારા ઉપર કૃપા કરો.''

મહારાજ કહે, ''ભક્તો ! વરુણદેવની ઈચ્છા નહિ હોય, નહિતર ટાણે વરસાદ ન વરસે એવું બને નહીં !''

મહારાજની વાત સાંભળી જીવા ખાચર કરુણાભર્યા મુખે બોલ્યા. ''પ્રભુ ! આપ ધારો તે કરી શકો છો. ઈન્દ્રાદિક દેવો આપની આજ્ઞા પ્રમાણે જ સૃષ્ટિનું સંચાલન કરે છે, તો તેઓને આજ્ઞા કરી વરસાદ વરસાવો પ્રભુ ! આ ગરીબ ભક્તોના દુઃખ હરો પ્રભુ !''

જીવા ખાચરની આર્તભરી પ્રાર્થના સાંભળી કરુણાસાગરના હૃદયમાં કરુણા પ્રગટી. મહારાજે ફળિયામાં સભા કરાવી. ગામના સર્વ લોકોને બોલાવ્યા. મહારાજ ગાડા ઉપર ઢોલિયો ઢળાવી એના ઉપર બિરાજમાન થયા.

સહુ ભક્તો આવી ગયા એટલે મહારાજે બધાને આંખો બંધ કરાવી પોતાનાં સ્વરૂપનું ધ્યાન કરાવ્યું. ધ્યાન પૂરું થયા બાદ ગવૈયા સંતો-ભક્તો પાસે વાજિંત્રો મગાવી ધૂન કરવા કહ્યું.

સંતો વાજિંત્રો લઈ આવ્યા અને સ્વામિનારાયણ મહામંત્રની ધૂન ચાલુ થઈ. સહુ ભક્તો આર્તનાદથી ધૂન કરવા લાગ્યા. એકાદ કલાક થઈ ત્યાં તો મહારાજની ઈચ્છાથી ઈશાન ખૂણામાં એક વાદળી દેખાણી. જોતજોતામાં એ વાદળીએ મોટું સ્વરૂપ ધારણ કર્યું અને આકાશમાં છવાઈ ગઈ. વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ, ઠંડો વાયુ વાવા લાગ્યો, અંધકાર છવાઈ ગયો, ઘનઘોર મેઘગર્જના અને વીજળીના ચમકરા થવા લાગ્યા. થોડીવાર થઈ ત્યાં તો અખંડ ધારે વરસાદ વરસવા લાગ્યો.

ઘણા સમયથી જેની રાહ જોવાતી હતી, તે વરસાદના આવવાથી સર્વ ગામલોકો અત્યંત હર્ષ પામી મહારાજનો જય જયકાર કરવા લાગ્યા.

મહારાજે ધૂન બંધ કરાવી સહુ ભક્તોને પોતપોતાના ઘરે જવા આજ્ઞા કરી. મહારાજની આજ્ઞા થતા સભા પૂરી થઈ અને સહુ ભક્તો સભામાંથી ઊભા થઈ ચાલવા લાગ્યા.

પરંતુ આમાં પણ મહારાજનો કંઈક જૂદો જ સંકેત હશે. રાત્રિના બધા સૂઈ ગયા, પરંતુ વરસાદ આખી રાત્રિ અનરાધાર વરસ્યા જ કર્યો. અતિ વરસાદના કારણે ચારે બાજુ પાણી પાણી થઈ ગયું. ઘરોમાં પાણી ભરાવા લાગ્યા.

માટીના કાચાં ઘરો હતાં તે પડવા લાગ્યા. પશુઓના રહેવાના ફરજાઓ પડવા લાગ્યા. ઘરબહાર નીકળવાની કોઈથી હિંમત ન થાય, કોણ કોને મદદ કરે એવી પરિસ્થિતિ થઈ.

જીવા ખાચરના દરબારમાં જે ઘરમાં મહારાજ સૂતા હતા એ ઘરમાં પાણી ભરાવાથી એ ઘર પણ નમવા લાગ્યું. ઘરને નમતું જોઈ મહારાજ બેબાકળા થઈ ગયા અને જીવા ખાચરને કહેવા લાગ્યા, "જીવા ખાચર ! આ તમારું ઘર પડી જાશે તો એમાંથી બારું કેમ નીકળાશે ? અમે તમને પ્રથમથી જ ના પાડી હતી કે અમારે સાળંગપુર નથી આવવું, છતાં આગ્રહ કરી અમને અહીં લઈ આવ્યા. તો જૂઓ કેવો ઉત્પાત થયો ! હવે અમારે શું કરવું અને ક્યાં જવું ?"

મહારાજને આકરા થયેલા જોઈ જીવા ખાચર હાથ જોડી મહારાજને વિનંતી કરવા લાગ્યા, "અરે પ્રભુ ! તમે ચિંતા ન કરો, અમે હમણાં જ નવી ડેલી ચણાવી છે, આપ ત્યાં પધારો."

જીવા ખાચર મહારાજને નવી ડેલીએ લઈ આવ્યા. હજુ વરસાદ વરસવાનો બંધ થયો નહોતો, તેથી પાણીનું સ્તર ઊંચુ ને ઊંચુ થતું જતું હતું. ચારે બાજુ પાણી સિવાય કશું દેખાતું નહોતું. એવા સમયે ફરી મહારાજે મનુષ્ય લીલા આદરી.

લગભગ રાત્રિના અગિયાર વાગ્યાનો સમય થયો હશે. મહારાજે હાથ જોડી ઊભેલા જીવા ખાચરને કહ્યું, "દરબાર ! અમને ખૂબ ભૂખ લાગી છે, બ્રહ્મચારીને કહો અમારા માટે થાળ કરે, અમારે અત્યારે જમવું છે."

મહારાજની આજ્ઞા થતા જીવા ખાચર રસોઈ કરવાની સગવડ કરવા લાગ્યા, પરંતુ ચારે બાજુ પાણી ભરાઈ ગયા હતા તેથી ચૂલા પલળી ગયા હતા. બળતણ પાણીમાં તરતું હતું. હવે રસોઈ કઈ રીતે બનાવવી એ મોટી મૂંઝવણ હતી.

પરંતુ જીવા ખાચરનું હૃદય પ્રેમથી ભરેલું હતું. તેમના માટે મહારાજની આજ્ઞા શિર સાટે હતી. કોઈપણ રીતે રસોઈ બનાવવી જ એવા આગ્રહ સાથે તેમણે અનોખો ઉપાય શોધી કાઢ્યો. તેમણે ઘરમાં પડેલી કોઠી ભાંગી અને તેનો ચૂલો બનાવ્યો. એક ઢોલિયો પડ્યો હતો, તેને કુહાડી વડે ફાડી બળતણ તૈયાર કર્યું અને બ્રહ્મચારીને રસોઈ કરવાની તમામ વ્યવસ્થા કરી આપી.

બ્રહ્મચારીએ રસોઈ તૈયાર કરી મહારાજને જમાડ્યા. જમી લીધા પછી

મહારાજ જીવા ખાચરની શ્રદ્ધા, ભક્તિ અને નિષ્ઠા જોઈ અતિ પ્રસન્ન થયા.

હજુ તો મહારાજ જમીને આડે પડખે થયા, ત્યાં જીવા ખાચરની નવી મેડી, કે જ્યાં મહારાજ વિરાજમાન હતા તે પણ પાણી ભરાવાથી પડવા લાગી. જીવા ખાચર તરત જ મહારાજને પાડોશી દેવા ખાચરના નવા મકાનમાં લઈ ગયા. થોડી વાર થઈ ત્યાં જીવા ખાચરની નવી મેડી પણ પડી ગઈ. આમ એક જ રાતમાં જીવા ખાચરના બે મકાન પડી ગયા, બધી જ ઘરવખરી નષ્ટ પામી, છતાં મહારાજને વિશે ભગવાનપણાનો જે નિશ્ચય તેમાં જરાય ડગમગાટ ન થયો અને પોતાને થયેલા નુકસાનના દુઃખને ન ગણકારતા મહારાજ તથા સંતોની સેવામાં ખડેપગે રહ્યા.

કોઇને દુ:ખિયો રે, દેખી ન ખમાય

રાત્રિના લગભગ બે વાગ્યાનો સમય છે. કૃષ્ણપક્ષની રાત્રિ હોવાથી સર્વત્ર અંધકાર છવાયેલો છે. અનરાધાર વરસતો વરસાદ બંધ થવાનું નામ નથી લેતો. આખું સાળંગપુર ગામ જાણે બેટ બની ગયું છે. અનેક ઘરો, પશુઓને બાંધવાના ફરજા તથા બીજા નાનાં-મોટાં મકાનો પડવા લાગ્યા છે. અતિ વરસતા વરસાદના અવાજમાં કોઈ કોઈનો સાદ સાંભળે એમ નથી. કોઈ પોતાનાં ઘરને બચાવવા લાગ્યા છે, તો કોઈ ગરીબ માણસો આખો દિવસ મજૂરી કરી થાકી ગયેલા હોઈ ઘસઘસાટ ઊંઘી રહ્યા છે.

આવા સમયે સાળંગપુરના બે કણબી ભક્ત લાખો અને દેવો, તેમના માટીના ઘર પાણીમાં પલળવાને લીધે પડું પડું થઈ રહ્યા છે. એક બાજુની દીવાલ પડી ગઈ, પાછળનો કરો અડધો પડી ગયો છે અને અડધો પડવાની તૈયારીમાં છે. દીવાલ પડી જવાથી એક બાજુથી મોભ લટકી રહ્યો છે. જો એ મોભ પડે તો ઘરમાં રહેલા બન્ને ભાઈઓ, તેમના છોકરાઓ તથા ફરજામાં બાંધેલા પશુઓ દબાઈ જાય એવી પરિસ્થિતિ ઊભી થઈ છે.

લાખો અને દેવો બન્ને ભાઈઓએ ઘરને પડતું અટકાવવા તમામ પ્રયત્નો કર્યા પણ સફળ ન થતા મદદ માટે ખૂબ બૂમો પાડી, પણ આવા વરસાદમાં કોણ કોની મદદ કરે ! પોતાનું ઘર બચાવે કે બીજાની મદદ કરવા જાય ! કોઈ સહાયમાં આવ્યું નહીં. તેથી બન્ને ભાઈઓએ હવે અનાથના નાથ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સહારો માગ્યો. બન્ને જ્યાં મહારાજ પોઢ્યા હતા ત્યાં દોડતા

દોડતા આવ્યા અને મહારાજને જગાડી પોતાના ઘરની પરિસ્થિતિ કહી બતાવી.

પોતાના ભક્તનું દુઃખ સાંભળી મહારાજ અતિ આકળા થઈ ગયા. તરત જ બન્ને ભાઈઓ સાથે તેમના ઘરે જવા નીકળી ગયા. ઘરે પહોંચી જોયું તો એક બાજુથી મોભ લટકી રહ્યો છે. જો એ પડે તો મોટી જાનહાનિ થાય તેમ છે. આ દૃશ્ય જોઈ મહારાજે લાખા અને દેવાને કહ્યું, "તમે જલદી ઘરમાં રહેલા છોકરાઓ તથા પશુઓને યોગ્ય જગ્યાએ પહોંચાડો, હું આ મોભનું ધ્યાન રાખું છું."

મહારાજના કહ્યા પ્રમાણે બન્ને ભાઈઓએ ઘરમાં સૂતેલાં બૈરાં-છોકરાંઓ, પશુઓ તથા ઘરવખરી સલામત જગ્યાએ પહોંચાડવા લાગ્યા. મહારાજ એક બાજુ લટકી રહેલા મોભને પોતાના ખભે રાખી વરસતા વરસાદમાં ઊભા રહી ગયા.

હવે સવારના પાંચ વાગ્યોનો સમય થયો છે. વરસાદ વરસતો બંધ થઈ ગયો છે, પરંતુ મહારાજ તો હજુ પેલો મોભ પોતાના ખભે રાખી ઊભા છે. ઘરવખરી સાચવવામાં લાખો અને દેવો તો ભૂલી જ ગયા હતા કે મહારાજ પોતાની રક્ષા કરવા આવ્યા છે અને ઘરનો મોભ ખભે રાખી ઊભા છે !

વરસાદ બંધ થતા બન્ને ભાઈઓને યાદ આવ્યું કે મહારાજ તો ઘરમાં જ છે, તેથી દોડતા દોડતા આવ્યા અને જોયું તો મહારાજ હજુ એ મોભને ખભે રાખી ઊભા છે. કરુણાસાગરની કરુણા જોઈ બન્ને ભાઈઓના હૃદય ભરાઈ ગયા. તરત જ મહારાજનાં ખભેથી મોભ લઈ મહારાજને બહાર લઈ આવ્યા.

આખી રાત્રિ આટલા વજનવાળું લાકડું ખભે રાખી ઊભા રહ્યા હોવાથી ખભા ઉપર કાપો પડી ગયો હતો. બન્ને ભાઈઓએ મહારાજનાં ચરણોમાં પડી માફી માગી. પછી મહારાજ ફરી ઉતારે પધાર્યા.

સવારે જ્યારે જીવા ખાચરે તથા ગામલોકોએ આ વાત જાણી, ત્યારે બધાને ખૂબ આશ્ચર્ય થયું. અનંત કોટિ બ્રહ્માંડોના આધાર સ્વયં નારાયણે પોતાના ભક્તની કરેલી રક્ષાની વાત સાંભળી સહુ ભક્તો મહારાજની કરુણાના સાગરમાં ભીંજાયા.

કરુણાની વર્ષા

મેઘરાજાની આ અતિ મોટી સવારીમાં સંતોને પણ ખૂબ તકલીફ પડી. જ્યાં સંતોનો ઉતારો હતો તે પડી ગયો. અંધારી રાત્રિ અને પુષ્કળ પાણીમાં ક્યાંય

આશરો મળે એવું રહ્યું નહીં, તેથી ગામના ચોરે સંતોએ આખી રાત્રિ ઊભા ઊભા મહારાજનું ભજન કરતા કરતા વિતાવી.

શ્રાવણ માસનો સમય હતો. ચાતુર્માસ ચાલી રહ્યો હતો. બધા જ સંતો કોઈને કોઈ વ્રત કરી રહ્યા હતા. કોઈને ચાન્દ્રાયણ તો કોઈને ધારણાપારણા, કોઈને પાસોપવાસ તો કોઈને ખટરસના નિયમો હતા. આવા આકરા તપમાં બીજું તપ ઉમેરાણું અને એ હતું ભિક્ષા ન મળવાનું.

એ વખતે સંતોને ગામમાંથી જે કાંઈ કાચા-પાકા અન્નની ભિક્ષા મળે તે પાણીમાં પલાળી, ગોળા વાળી જમી લેવાનું નિયમ ચાલતું હતું. અતિવૃષ્ટિમાં જ્યારે આખા ગામની દયાજનક પરિસ્થિતિ હતી, સૌ કોઈ કષ્ટમાં હતા, ત્યારે ભિક્ષા માગવા કેમ જવું ? એ એક મોટો પ્રશ્ન હતો !

એથી મોટા સંતોએ નક્કી કર્યું કે, આવા કપરા કાળમાં આપણે ભિક્ષા માગવા જ ન જવું.

સંતોના આ આકરા સંકલ્પને શ્રીજી મહારાજ જાણી ગયા. પોતાના સંતો આ રીતે ભૂખ્યા રહે એ પુરુષોત્તમ નારાયણને કેમ પોસાય ? મહારાજે સંતોને જમાડવા માટે પોતે જ ભિક્ષા માગવા જવાનો વિચાર કર્યો.

મહારાજ હાથમાં મોટી બે-ચાર કાપડની ઝોળીઓ લઈ સંતો પાસે આવ્યા. મહારાજને આમ ઝોળીઓ લઈ આવતા જોઈ સંતોને આશ્ચર્ય થયું. સંતો કંઈ પૂછે એ પહેલા મહારાજે કહ્યું, ‘‘સંતો ! આજે તો અમારે સ્વયં ઝોળી માગવા ગામમાં જવું છે. અમે ઘરે ઘરે ફરીશું અને જોશું કે આ ગામના લોકોનો ભાવ કેવો છે ?’’

મહારાજને ઝોળી માગવા જતા જોઈ સંતોએ રોક્યા અને કહ્યું, ‘‘દયાળુ ! તમે રહેવા દ્યો, અમે ભિક્ષા માગવા જઈએ છીએ. બજારમાં બહુ કાદવ જામ્યો છે, તમારા વાઘા બગડશે.’’

સંતોએ મહારાજને ભિક્ષા માગવા જતા ખૂબ રોક્યા પણ મહારાજ માન્યા નહીં અને ખભે ઝોળીઓ નાખી ગામમાં નીકળ્યા.

આ બાજુ મહારાજને ઉતારામાં ન જોતા જીવા ખાચર મહારાજને શોધતા શોધતા બજારમાં નીકળ્યા. ત્યાં મહારાજ ખભે ઝોળીઓ નાખી ભિક્ષા માગવા જતા હતા, તે સામા મળ્યા. જીવા ખાચર મહારાજ પાસે ગયા અને કહ્યું, ‘‘કૃપાનાથ ! તમે આ શું કરો છો ? સંતોને જે જોઈએ તે અમે લાવી આપીશું, આપ

ઉતારે પધારો.''

મહારાજ કહે, ''જીવા ખાચર ! તમે તો અમારા સાધુઓની ખૂબ સેવા કરો છો, આજે અમારે અમારા સાધુઓની સેવા કરવી છે. આ ભવ-બ્રહ્માને પણ દુર્લભ સેવાનો મોકો વારંવાર ન મળે, માટે આજે તો અમે જ ભિક્ષા માગવા જશું.''

''અને હા દરબાર ! તમારું અન્ન તો આ સંતો બારે માસ જમે જ છે, પણ આ ગામ લોકોનું અન્ન મારા સંતોના ઉપયોગમાં ક્યારે આવે ? એથી અમને આજે રોકતા નહીં.''

મહારાજ કોઈ રીતે માન્યા નહીં તેથી જીવા ખાચરે મહારાજને કહ્યું, ''સારુ પ્રભુ ! તમારી જેવી ઈચ્છા, પણ આ ઝોળીઓ મને આપો. એ હું ઉપાડીશ અને તમારી સાથે ચાલીશ.''

પરંતુ મહારાજે જીવાખાચરની વાત સાંભળી જ ન હોય એ રીતે ઝોળીઓ લઈ ચાલવા લાગ્યા.

મહારાજ ઘરે ઘરે ફરે છે અને ઘરના ફળિયામાં જઈ 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો !'ની ટેલ નાખે છે. મહારાજને સ્વયં ભિક્ષા માગવા આવેલા જોઈ ગામ લોકો પણ ઘરમાં જે કાંઈ સારી સારી વાનગીઓ હોય તે મહારાજની ઝોળીમાં નાખે છે. આ રીતે મહારાજ આખા ગામમાં ફર્યા. ગામના લોકોએ પણ સારાં સારાં પકવાનો ભિક્ષામાં આપ્યા.

મહારાજ એ ભિક્ષાનું અન્ન લઈ જ્યાં સંતો બિરાજમાન હતા ત્યાં પધાર્યા. મહારાજ સંતોને પારણાં કરાવે છે એવી વાત જાણી ગામના લોકો ગરમાગરમ રોટલાઓ, શાક તથા બીજી વાનગીઓ બનાવી લાવવા લાગ્યા. જીવા ખાચર પોતાના ઘરેથી છાસ-દૂધના બોઘરણાં ભરીને લઈ આવ્યા.

મહારાજે સંતોને પંક્તિ કરવાનું કહ્યું. મહારાજની આજ્ઞા થતા દરેક સંતો પંક્તિમાં બેસી ગયા. મહારાજ સ્વયં પંક્તિમાં પીરસવા નીકળ્યા. માતા જેમ પોતાનાં બાળકને અતિ વ્હાલથી જમાડે, એ રીતે મહારાજે વારંવાર તાણ કરીને સંતોને ખૂબ જમાડ્યા અને તૃપ્ત કર્યા.

અનોખું વરદાન

બપોર પછીના સમયે મહારાજે ગામ લોકોની સભા બોલાવી. ગામના સર્વે લોકો સભામાં પધાર્યા. આજે મહારાજ ખૂબ જ પ્રસન્ન હતા, કારણ કે ગામલોકોએ સંતોની ખૂબ સેવા કરી હતી. સભામાં મહારાજે સર્વના ખૂબ વખાણ કર્યા. સભા પૂર્ણ થયા બાદ મહારાજે જીવા ખાચરને પાસે બોલાવ્યા અને આવા કપરા સમયમાં પણ ભારે ભક્તિભાવ અને નિષ્ઠાથી સંતોની સેવા કરવા બદલ રાજીપો વ્યક્ત કર્યો અને કહ્યું, “જીવા ખાચર ! આજે અમો તમારા ઉપર ખૂબ પ્રસન્ન થયા છીએ, તેથી તમે જે વર માગો તે આપીએ.”

મહારાજે વરદાન માગવાનું કહ્યું એટલે જીવા ખાચરે પોતા માટે નહીં પરંતુ ‘જનકલ્યાણ’ માટે અનોખું વરદાન માગતા બોલ્યા, “મહારાજ ! જો તમે રાજી થયા હો તો ‘સાળંગપુર ગામમાં અંતકાળે કોઈને યમદૂતો લેવા ન આવે’ એ વર આપો.”

જીવા ખાચરનું પરોપકારી વરદાન સાંભળી મહારાજ ખૂબ રાજી થયા અને કહ્યું, “ભલે બહુ સારું. દરબાર ! આજ પછી તમારા ગામમાં યમદૂતો ક્યારેય નહીં આવે.”

આ વાત સાંભળી જીવા ખાચરના પુત્ર વસ્તાખાચર બોલ્યા, “મહારાજ ! ગામના લોકો મોટે ભાગે સીમમાં હોય અને અમારે પણ સીમાડે લડાઈના પ્રસંગે જવું પડે, ત્યારે તેની શી ગતિ થાય ?”

મહારાજ કહે, “સાળંગપુરના સીમાડામાં પણ યમદૂતો નહીં પેસે, લો, હવે છે તમારે કોઈ ચિંતા ?”

આ રીતે મહારાજના આ વરદાને સાળંગપુરના લોકોને નિર્ભય કરી દીધા.

વાઢમાંથી ઉંદરો કાઢ્યા

એક વખત મહારાજ સાળંગપુર પધાર્યા હતા. દરબાર જીવા ખાચરના દરબારગઢમાં મહારાજનો ઉતારો હતો. સવારના સમયે જીવા ખાચર મહારાજ પાસે આવ્યા અને કહે, “મહારાજ ! આ વરસે વરસાદ બહુ સારો પડ્યો છે. વાડીમાં અમે શેરડીના વાઢ કર્યા છે. શેરડી પણ ખૂબ થઈ છે, પણ એક મોટી ઉપાધિ આવી પડી છે.”

મહારાજ કહે, “દરબાર ! શું વાત છે, કહોને ?”

જીવા ખાચર કહે, “મહારાજ ! હાથના કાંડા જેવા જાડા શેરડીના સાંઠા થયા છે, પણ ઉંદરોનો ઉપદ્રવ ખૂબ વધી ગયો છે. ઉંદરો શેરડીને ખૂબ નુકસાન પહોંચાડે છે.”

મહારાજ કહે, “દરબાર ! ચાલો આપણે વાડીએ જઈએ અને તપાસ કરીએ.”

જીવા ખાચર મહારાજને લઈ જ્યાં શેરડીનો વાઢ કર્યો હતા ત્યાં લઈ આવ્યા. શેરડીનો પાક ખૂબ સારો થયો હતો. એ જોઈ મહારાજ કહે, “શેરડી તો ખૂબ સરસ થઈ છે ! આવી સારી શેરડીને ઉંદર ખાઈ જાય એ થોડું ચાલે ! માટે દરબાર ! આપણે આનો કાંઈક ઉપાય કરીએ.”

જીવા ખાચર કહે, “મહારાજ ! તમે કહો એમ કરીએ.”

મહારાજ કહે, “તમે કોસ ચાલુ કરાવો. કુંડીમાં પાણી ભરો. આજે અમે આ કુંડીમાં સ્નાન કરીશું. અમારું સ્નાન કરેલું પ્રસાદીનું પાણી વાડીમાં જશે. વાડીમાં જ્યાં જ્યાં પાણી પહોંચશે ત્યાં એકપણ ઉંદર નહીં રહે.”

મહારાજની વાત સાંભળી જીવા ખાચરે કોશ ચાલુ કરાવ્યો. કુંડીમાં પાણી ભરાણું એટલે મહારાજે તેમાં સ્નાન કર્યું. કુંડીનું એ પાણી ધોરિયા દ્વારા વાઢમાં ગયું. એ પ્રસાદીનું પાણી પીને સર્વ ઉંદરો વાઢ છોડીને જતા રહ્યા. ત્યારબાદ એક પણ ઉંદર વાઢમાં જોવા મળ્યો નહીં.

સમય જતાં જીવા ખાચરના એ વાઢમાં સારો એવો શેરડીનો પાક થયો અને ઉપજ પણ ઘણી આવી.

બાબા દીવાનનો ભય ટળ્યો

રાત્રિનો સમય હતો. સર્વત્ર અંધકાર પ્રસરેલો હતો. આખા સારંગપુર ગામમાં શાંતિ પથરાયેલી હતી. સહુ ગાઢ નિદ્રામાં સૂતા હતા. ક્યારેક ક્યારેક કૂતરાઓનો ભસવાનો અવાજ તથા પશુઓનો ભાંભરવાનો અવાજ આવતો હતો. તમરાં, ટીંટોડી જેવાં પક્ષીઓ પણ ક્યારેક ક્યારેક બોલતા હતા.

આવા વાતાવરણમાં અચાનક જીવા ખાચરની ડેલીએ ખડભડાટ થયો. કોઈ જીવા ખાચરના નામનો પોકાર કરતું કરતું ડેલીના દરવાજાનો ભોગળિયો

ખખડાવતું હતું. દરબારગઢમાં સૂતેલા તમામ લોકો આ અવાજ સાંભળી જાગી ગયા. અત્યારે અડધી રાત્રે કોણ આવ્યું હશે ? એવો સહુના અંતરમાં પ્રશ્ન ઊઠ્યો.

આવા અર્ધરાત્રિના સમયે કોણ આવ્યું હશે એવું નક્કી કરવાનો સમય જ નહોતો, કારણ કે ડેલીએ કોઈ વારંવાર જીવા ખાચરના નામનો પોકાર કરતું હતું તથા ભોગળિયો ખખડાવતું હતું. એટલે તરત જ જીવા ખાચર ડેલીએ ગયા. ડેલીની ખડકી ખોલી, કોણ છે એવું જૂવે એ પહેલા તો કોઈ માણસ ઘરમાં ઘૂસી ગયા અને ઓસરીમાં ચડી ગયા. ઓસરીમાં બળતા દીવાના આછા અજવાળે આછી આકૃતિ દેખાતી હતી. કોઈ માણસ બીકનું માર્યું ધ્રુજી રહ્યું હતું. જીવા ખાચર ઓસરીમાં ચડ્યા અને નજીક આવી જોયું તો પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ હતા.

મહારાજને આવી પરિસ્થિતિમાં જોઈ જીવા ખાચરને આશ્ચર્ય થયું. તેઓએ પૂછ્યું, “મહારાજ ! તમે અત્યારે અહીં ? અને એ પણ આવી પરિસ્થિતિમાં ? શું થયું ?”

“જીવા ખાચર ! બીજી બધી વાતો પછી, પહેલા અમને ક્યાંક સંતાડો. અત્યારે અમારો જીવ જોખમમાં છે ?” જીવા ખાચરને અધવચ્ચે જ અટકાવતા મહારાજ બોલ્યા.

“અરે, પણ મહારાજ ! થયું છે શું એ તો કહો ?”

“પહેલા અમને સંતોડો, નહીંતર ઓલો વડોદરાનો બાબો દીવાન અમને પકડી જાશે. એ મોટું સૈન્ય લઈ અમારી પાછળ પડ્યો છે !”

મહારાજનું આવું મનુષ્ય ચરિત્ર જોઈ જીવા ખાચરના મનમાં મૂંઝવણ થઈ, પરંતુ તરત જ મહારાજને એક ઓરડામાં લઈ ગયા અને કહ્યું, “મહારાજ ! તમે અહીં સંતાઈ જાઓ, હું બહારથી બારણાંની સાંકળ વાસી દઊં છું.”

મહારાજ ઓરડાના ખૂણામાં જઈ બેસી ગયા. જીવા ખાચરે બહાર નીકળી દરવાજો બંધ કર્યો અને સાંકળ વાસવા ગયા, ત્યાં તો દરવાજાને સાંકળ જ નહોતી. એ જોઈ તરત જ મહારાજ ઊભા થઈ ગયા અને માંડ્યા બોલવા, “અરર ! દરવાજાને તો સાંકળ જ નથી. હવે ઓલો બાબો અમને નહીં છોડે. દરબાર ! તમે જલ્દી આ સાંકળ નંખાવો અને દરવાજે તાળું મારી દ્યો.”

જીવા ખાચરે તરત જ કોઈ માણસને મોકલી અડધી રાત્રે લુહારને બોલાવ્યો.

લુહારે સાંકળ લગાવી એટલે જીવા ખાચરે કહ્યું, "મહારાજ ! હવે તમે અંદર જાઓ. હું ગામના સર્વ કાઠીઓને બોલાવી ઘર ફરતા ગોઠવી દઉં છું. તમને કોઈ અડી પણ નહીં શકે."

એમ કહી મહારાજને એક ખૂણામાં બેસાડ્યા. દરવાજો બંધ કર્યો અને જીવા ખાચર ગામના કાઠીઓને જગાડવા ગયા. થોડીવારમાં તો ગામના તમામ કાઠીઓ હથિયારો લઈને હાજર થઈ ગયા. જીવા ખાચરના ઘર ફરતા ગોઠવાઈ ગયા અને બાબા દીવાનની વાટ જોવા લાગ્યા.

ત્યાં મહારાજ જે ઓરડામાં હતા તે ઓરડો ખૂલ્યો, સહુની નજર એ બાજુ ગઈ. મહારાજ બહાર નીકળ્યા, એમના ચહેરા ઉપર કોઈ બીક નહોતી. મહારાજને બહાર આવેલા જોઈ જીવા ખાચરે કહ્યું, "મહારાજ ! બહાર કેમ આવ્યા ? અમો સર્વે તમારી રક્ષામાં હાજર છીએ, તમો નચિંત થઈ આરામ કરો."

મહારાજ કહે, "જીવા ખાચર ! હવે અમને કોઈની બીક નથી, કારણ કે પહેલા અમને એ યાદ જ ન રહ્યું કે હવે તો અંગ્રેજનું રાજ્ય આવ્યું છે. હવે ક્યાં દીવાન રહ્યો છે ! માટે સહુ કાઠીઓને કહો પોતપોતાને ઘરે જઈ સૂઈ જાય."

આમ બોલી મહારાજ હસતા હસતા પાછા ઓરડામાં જતા રહ્યા અને પોઢી ગયા. સહુ કાઠીઓ પણ આશ્ચર્ય સાથે છૂટા પડ્યા.

આમ મહારાજ ક્યારેક મનુષ્ય ચરિત્ર કરી પોતાના ભક્તોની નિષ્ઠાની પરીક્ષા કરતા રહેતા.

સાળંગપુર પણ જગતમા પ્રસિદ્ધ થશે

મહારાજે કચ્છ, અમદાવાદ, વડતાલ વગેરે ગામોમાં મોટાં મોટાં મંદિરો કરાવી પોતાના હાથે દેવોની મૂર્તિઓ પધરાવી, પરંતુ કાઠિયાવાડમાં હજુ કોઈ મંદિર કરાવ્યું નહોતું. આથી કાઠી દરબારોનો ખૂબ આગ્રહ હતો કે જે રીતે અમદાવાદ, ભુજ વગેરે ગામોમાં મંદિર થયા છે તેમ એક મંદિર કાઠિયાવાડમાં પણ થાય.

દરબારોના અતિ આગ્રહના કારણે મહારાજ મંદિર કરવા માટે સારી જગ્યાની શોધમાં હતા. કરિયાણા, વાંકિયા, કોટડા, બોટાદ, લોયા, ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ વગેરે ગામોમાં ભૂમિની તપાસ કરતા કરતા મહારાજ સાળંગપુર પધાર્યા.

મહારાજ મંદિર કરવા માટે જગ્યા ગોતે છે, એવી વાત સાંભળી જીવા ખાચરે મહારાજને સાળંગપુરની બધી જ સારી જગ્યાઓ બતાવી અને જે જગ્યાએ અને જેટલી જમીન જોઈએ તેટલી આપવાની તૈયારી બતાવી.

મહારાજને બધા ગામો કરતાં સાળંગપુર વધારે પસંદ પડ્યું, કારણ કે સાળંગપુરના તમામ લોકોનો સારો એવો સહકાર પ્રાપ્ત થયો હતો.

સારંગપુરમાં મંદિર કરવાનું નક્કી થતા આનંદમાં ને આનંદમાં જીવા ખાચર રાતોરાત બરવાળા જઈ કારભારી શેઠશ્રી ઘેલાશાહને મળી મંદિર માટે પથ્થરોનું પણ નક્કી કરી આવ્યા.

આ બાજુ મહારાજ સાળંગપુરમાં મંદિર કરે છે એવી વાત સાંભળી દાદા ખાચર તત્કાળ સાળંગપુર પધાર્યા અને મહારાજને અતિશય આગ્રહ કરી ગઢપુર તેડી ગયા. મહારાજને આમ અચાનક જતા જોઈ જીવા ખાચર થોડા ઉદાસ થઈ ગયા.

મહારાજ જીવાખાચરની ઉદાસીનતા જાણી ગયા તેથી હેતથી સમજાવી કહ્યું, "જીવા ખાચર ! તમે ચિંતા કરશો નહીં, ભવિષ્યમાં અહીં પણ એક પ્રતાપી દેવનું મંદિર થશે અને ગઢપુરની પેઠે સાળંગપુર પણ જગતમાં પ્રસિદ્ધ થશે."

મહારાજનાં વચનો સાંભળી જીવા ખાચરને સંતોષ થયો.

મહારાજનાં એ વચન પ્રમાણે જીવા ખાચરના સુપુત્ર પરમ ભગવદીય શ્રી વાઘાખાચરની પ્રાર્થનાથી યોગીવર્ય સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીએ વિ.સં. ૧૯૦૫ના આસો વદ પાંચમના શુભ દિવસે સારંગપુરમાં શ્રી કષ્ટભંજનદેવની સ્થાપના કરી. આ રીતે મહારાજે જીવા ખાચરની સદ્ભાવનાને પૂર્ણ કરી.

૧૧ દરબાર શ્રી ઝીણાભાઈ (પંચાળા)

સોરઠની એ લીલુડી ધરતીમાં પર્વતરાજ ગિરનાર એક યોગીની માફક ઊભો છે. અનેક સિદ્ધો, યોગીઓ, બાવા-સાધુઓની ધૂણી સતત અહીં જલતી રહે છે. એ ગિરનારની ગોદમાં રમતા જૂનાગઢ શહેરથી પશ્ચિમ તરફ લીલોછમ ઘેડપ્રદેશ આવેલો છે. આ રમણીય પ્રદેશમાં પંખીના માળા જેવડું ગોકુળિયું ગામ પંચાળા શોભી રહ્યું છે. આ ગામમાં ક્ષત્રિય કુલભૂષણ ગરાસિયા દરબાર મનુભા પ્રજાનું પુત્રની માફક પાલન-પોષણ કરે છે.

સંવત્ ૧૮૫૮ના નવરાત્રિના સમય ગાળામાં સદ્‌ગુરુ રામાનંદ સ્વામી મનુભાના આમંત્રણને સ્વીકારી પંચાળા પધાર્યા. સ્વામી સાથે એક નાનકડા, સુકલકડી અને તેજસ્વી યોગી પણ છે, જેને સહુ સરજુદાસ કહીને બોલાવે છે. પોતાના આંગણે આજે રામાનંદ સ્વામી પધાર્યાનો આનંદ મનુભા દરબારના હૈયામાં સમાતો નથી. તેઓ પોતાના બે પુત્રો ઝીણાભાઈ અને ગગાભાઈને સાથે લઈ સ્વામીનાં દર્શને પધાર્યા. બન્ને પુત્રોને પગે લગાડી આશીર્વાદ મેળવ્યા અને સ્વામીની પાસે બેઠેલા સરજુદાસને પણ નમન કરાવ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ભક્તરાજ ઝીણાભાઈનું આ પ્રથમ મિલન હતું. આ સમયે ઝીણાભાઈની ઉંમર દસ વર્ષની છે. ત્યારબાદ સરજુદાસ ભગવાન શ્રી સ્વામિનારાયણના નામે ઓળખાણા અને ઝીણાભાઈ પંચાળાના ગામધણી થયા.

મુક્તાનંદ સ્વામી જેવા સંતોનો સમાગમ કરી ઝીણાભાઈએ ઉત્તમ ભક્તપણું મેળવ્યું હતું. સાંસારિક-માયિક પદાર્થનો સારો એવો સંબંધ હોવા છતાં તેમનાં અંતરમાં સર્વ વિષતુલ્ય જણાતું હતું. ભગવાન વિના રખે બીજા પદાર્થોમાં વૃત્તિ ચોંટી ન જાય, એવું સતત એમને અનુસંધાન રહેતું.

દરબાર ઝીણાભાઈ ઉપર મહારાજનો અત્યંત રાજીપો હતો, કારણ કે ઝીણાભાઈના અંતરમાં મહારાજ પ્રત્યે અત્યંત પ્રેમ હતો અને સાથે સાથે એમનું સમજણનું અંગ હતું. સમજણ વગરનો પ્રેમ આંધળો હોય છે. એ ક્યારે ગોથા ખાઈ જાય તેનો કોઈ ભરોસો નહીં. પ્રેમ વગરની સમજણ રેતીના કોરા રણ જેવી હોય છે.

દરબાર શ્રી ઝીણાભાઈ મહારાજની બાંધેલી પંચવર્તમાનની મર્યાદા દૃઢતાથી પાળતા હતા. સૌથી વિશેષ વાત એ હતી, કે તેઓ ગામધણી દરબાર હોવા છતાં નાનામાં નાના માંદા હરિભક્તની સેવા ભારે ભાવથી કરતા હતા. આ બધી બાબતોને લીધે ઝીણાભાઈ ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણનો અપાર રાજીપો રહેતો.

જીતેન્દ્રિય પુરુષ

પંચાળા ગામ નવાબી રાજ્ય જૂનાગઢની નીચે આવતું. નવાબની કચેરીમાં ઝીણાભાઈનું સ્થાન આગળ પડતું હતું, તેથી રાજ્યના વ્યવહાર માટે ભરાતી કચેરીમાં ઝીણાભાઈને અવારનવાર જવું પડે. કચેરીમાં ખંડિયા રાજાઓ, અમીર-ઉમરાવો, ભાટ- ચારણો, કવિઓ ભેગા થાય, વ્યાવહારિક કામકાજ થાય અને આનંદ-પ્રમોદના પ્રસંગો યોજાય.

હોકા, બીડી અને અફીણના કસુંબાની તો છાકમછોળ બોલતી હોય. દારુની મહેફિલો યોજાય, ખાન-પાનની વિવિધ વાનગીઓ પીરસાય. આવા લોભામણાં વાતાવરણની વચ્ચે ઝીણાભાઈની બેઠક રહેતી. છતાં એ કોઈ બાબતમાં તેઓનું મન જરા પણ ચલાયમાન થતું ન હતું.

એક વખત જૂનાગઢમાં નવાબ સાહેબની કચેરી ભરાઈને બેઠી હતી. અફીણના કસૂંબા અને દારૂની રેલમછેલ ઊડતી હતી. ગણિકાઓ નાચ-ગાન કરી થૈથૈકાર કરી રહી હતી. સભાજનો નૃત્ય અને સંગીતમાં તલ્લીન થઈ હોંકારા-પડકારા કરી રહ્યા હતા. આવા વિષયી વાતાવરણમાં સિંહ જેવો શૂરવીર અને

યોગી જેવો અલિપ્ત એક વ્યક્તિ વાતાવરણની કોઈ પરવાહ કર્યા વિના બેઠો હતો અને એ હતા ઝીણાભાઈ. ઝીણાભાઈ આવા દૂષિત માહોલમાં પણ જેમ કાદવમાં કમળ ખીલ્યું હોય તેમ અંતરવૃત્તિ કરી શ્રીજી મહારાજની મૂર્તિને ધારી પોતાની ખુરશી ઉપર આંખો બંધ કરી બેઠા હતા.

ભક્તરાજ ઝીણાભાઈ ઉપર ચતુર નવાબ સાહેબની દષ્ટિ વારંવાર પડે છે. ઝીણાભાઈની સ્થિતિ જોઈ મનમાં વિચાર થાય છે કે, આવી મહેફિલમાં ઝીણાભાઈ ઊંચી આંખ કરીને પણ જોતા નથી ! ખરેખર એ પુરુષનો આત્મા મહાન છે, એ ખરો અલ્લાહનો બંદો છે.

મહેફિલ પૂરી થઈ. વાતાવરણ શાંત થયું, છતાં ઝીણાભાઈ તો મહારાજની મૂર્તિમાં લીન થઈ પોતાનાં આસને બેઠા છે. પણ નવાબ સાહેબથી હવે રહેવાણું નહીં. તેઓ પોતાનાં આસનેથી ઊભા થયા. ઝીણાભાઈની ખુરશી પાસે જઈ વિવેકપૂર્વક તેમને ઊભા કર્યા અને સહુ સભાજનો વચ્ચે જ ભેટી પડ્યા. આ દશ્ય જોઈ આખી સભાની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

નવાબ સાહેબ કહે, "ઝીણાભાઈ ! તમે ખરા જીતેન્દ્રિય પુરુષ છો. આવા વિષયી વાતાવરણમાં મનની વૃત્તિ સ્થિર રાખવી એ કાંઈ નાનીસૂની વાત નથી. જે ખુદાના ખરા આશિક હોય એ જ આમ રહી શકે, નહીંતર આવા વાતાવરણમાં ભલભલા ફકીરોનાં મન પણ ચલાયમાન થઈ જાય !"

मन के जीते जीत है, मन के हारे हार...

માણસ જ્યારે મનનો ગુલામ બને છે, ત્યારે જ તે મરી ગયો છે. જે મનનો સ્વામી બને છે અને આત્મશાસન કરે છે તે જ માણસ જીવતો છે.

આ પ્રસંગ પછી નવાબસાહેબ ઝીણાભાઈનો ખરો મહિમા સમજતા અને ઝીણાભાઈની ખુરશી કાયમ પોતાનાં સિંહાસનની પાસે રખાવતા.

એટલા માટે જ તો મહારાજે વચનામૃતમાં ઝીણાભાઈનું અંગ કહ્યું છે કે, "ઠાકોર ઝીણાભાઈને એમ જે, ભગવાન વિના બીજા પદાર્થમાં રખે મારું મન બંધાય ન જાય, એવું અંગ."

ઝીણાભાઈ રાજકાજ કરતા હતા, પણ એનું મન રાજર્ષિ જનક અને મોટા મોટા યોગેશ્વરો જેવું હતું.

માંદાનો ખાટલો ખભે ઉપાડ્યો

કોણ ભલાને પૂછે છે અહીં કોણ બૂરાને પૂછે છે ?
મતલબથી બધાને નિસબત છે અહીં કોણ ખરાને પૂછે છે ?
અત્તરને નીચોવી કોણ પછી ફૂલોની દશાને પૂછે છે ?
સંજોગ ઝુકાવે છે, નહીં તો અહીં કોણ ખુદાને પૂછે છે ?

'ગરજ સરી કે વૈદ્ય વેરી' એવો આ જગતનો તાલ છે. સર્વત્ર સ્વાર્થના સંબંધો નજરમાં આવે છે. જ્યારે અપેક્ષાઓ સંતોષાવાની બંધ થાય છે ત્યારે ઉપેક્ષાઓ થવા લાગે છે. જ્યાં સુધી માણસ ઉપયોગી થાય છે ત્યાં સુધી તે માનપાન મેળવે છે. નિરુપયોગી માણસ ચૂસાઈ ગયેલા કેરીના ગોટલા જેવો બની કચરાપેટીમાં ફેંકાઈ જાય છે.

પરંતુ જ્યાં નિઃસ્વાર્થ પ્રેમ છે, સંબંધ છે, લાભ-હાનિ જોવાની નહીં, પરંતુ પ્રસન્નતા પામવાની દૃષ્ટિ છે, ત્યાં સાચું સુખ અને સાચો સંતોષ રહે છે.

માંગરોળમાં કમળશીભાઈ વાંઝા બહુ જ સારા સત્સંગી રહેતા હતા. પરંતુ કુટુંબમાં સત્સંગ નહીં હોવાથી સગાં-સંબંધીઓને કમળશીભાઈનું સદાચારી ને ધર્મમય જીવન ગમતું નહીં. કોઈપણ પ્રકારે સત્સંગ છોડી દે તો ઠીક, એ હેતુથી તેઓ વારંવાર મુશ્કેલીઓ ઊભી કરી ખૂબ દુઃખ દેતા રહેતા. છતાં અત્યંત નિર્માનીપણે અકળાયા વિના કમળશીભાઈ ભજન-સ્મરણ કરતા રહેતા, જેથી મહારાજ અને સૌ સંતો-ભક્તો એમના ઉપર ખૂબ રાજી હતા.

વૃદ્ધ અવસ્થામાં કમળશીભાઈ બિમાર થયા. બિમારી બે-ત્રણ મહિના સુધી ચાલી. શરીર બહુ અશક્ત થઈ ગયું. ખાટલામાંથી બેઠા પણ થઈ શકે નહીં એવી સ્થિતિ ઊભી થઈ. ઘરના સભ્યો સેવા કરવાને બદલે મેણાંટોણાં મારે, ખાવાનું સરખું આપે નહીં, સેવા-ચાકરી કરે નહીં. આમ ભગતને ખૂબ કોચવે.

એવામાં કોઈ કામ પ્રસંગે ઝીણાભાઈને માંગરોળ જવાનું થયું. ત્યાં કોઈએ કહ્યું, "દરબાર ! તમારો સત્સંગી કમળશી વાંઝા બિમાર છે ને ભારે દુઃખ વેઠે છે."

ભગવાનના ભક્તની બિમારીના સમાચાર સાંભળી ઝીણાભાઈ બધું વ્યવહારિક કામ છોડી તત્કાળ કમળશીભાઈના ઘરે ગયા. કમળશીભાઈ પાસે બેસી સમાચાર પૂછ્યા. તેમની ગંભીર માંદગી તથા સ્વાર્થી સંસારની રીત જોઈ

ઝીણાભાઈને ભારે દુઃખ થયું.

કમળશીભાઈના માથા ઉપર હાથ ફેરવી ઝીણાભાઈ બોલ્યા, "ભક્તરાજ ! માફ કરજો, ત્રણ-ચાર મહિનાથી આવા બીમાર છો ને હું તમારી ખબર પૂછવા પણ ન આવી શક્યો !"

કમળશીભાઈની આંખોમાંથી હર્ષના આંસુ વહેવા લાગ્યાં. "અરે બાપુ ! ક્યાં તમે રજવાડી પરિવારના ને ક્યાં આ કમળશી વાંઝો. છતાંય મારે ખાટલે બેસી આટલી હુંફ દ્યો છો ઈ ક્યાં થોડું છે ?"

ઝીણાભાઈ કહે, "કમળશીભાઈ ! તમે ભગવાનના ખરા ભક્ત છો. જો તમારા પરિવારને વાંધો ન હોય તો ચાલો મારે ઘરે, હું તમારી સેવા કરીશ."

"અરે બાપુ ! મારાથી તમારી સેવા કેમ લેવાય ? હું અહીં બરાબર છું. જે કંઈ મહારાજની ઈચ્છા હશે એટલું રહીશુ અને સુખેથી ભજન કરીશું. તમે મારી ચિંતા ન કરો."

"પણ ભગત ! તમારું આ દુઃખ મારાથી જોવાતું નથી. તમે મારી સાથે ચાલો, મને કોઈ મુશ્કેલી નહીં પડે."

બારણાં પાછળ ઊભેલી કમળશીભાઈની ઘરવાળી ઝીણાભાઈની વાત સાંભળી બોલી, "હા.. હા.. બાપુ ! તમ તમારે લઈ જાઓ. એની વાંહે અમારે ક્યાંય જવાતુંય નથી."

કરુણાભરી આંખે ભગત બોલ્યા, "ના.. ના.. બાપુ ! તમને તકલીફ આપવી નથી."

ત્યાં છોકરો બોલ્યો, "ઈમાં તકલીફ શેની ! બાપુ સામેથી ક્યે છે તો તમને શું વાંધો છે ? લઈ જાવ, બાપુ, લઈ જાવ."

"હા ભગત, ચાલો. હું તમને બધી સગવડ કરી આપીશ, જરાય મૂંઝાશો નહીં."

ભગતનું દર્દભર્યું હૃદય બોલ્યું, "તમારી બધી વાત સાચી બાપુ ! પણ હું ઘોડા ઉપર કે ગાડામાં બેસી શકું તેમ નથી. માટે રહેવા દ્યો બાપ ! મહારાજે જે ધાર્યું હશે તે થશે."

ઝીણાભાઈ મુઝાયા કે ભગતને કઈ રીતે પંચાળા લઈ જવા ? વળી તકલીફ પણ પડવી ન જોઈએ. ત્યાં વિચાર આવ્યો કે જો ચાર જણ ખાટલો ઉપાડી લે, તો

કંઈ મુશ્કેલી ન પડે. સામે ઊભેલા એના દીકરાઓને કહ્યું, "છોકરાઓ ! ચાર જણા થઈ ખાટલો ઉપાડી પંચાળા પહોંચાડી દો, પછી તમે છૂટા."

છોકરો કહે, "બાપુ ! પંચાળા ઘણું છેટું થાય, ત્યાં સુધી ખાટલો કેમ ઊપડે ? અમારાથી એ ન થાય."

પરિવારનો કોઈ સભ્ય ખાટલો ઊપાડી પંચાળા આવવા તૈયાર ન હતો. ખાટલો ઊપાડવા માટે મજૂરો શોધ્યા, તો માત્ર ત્રણ મજૂર મળ્યા. ઝીણાભાઈએ નિર્ણય કર્યો, 'ખાટલાનો ચોથો પાયો હું મારે ખભે રાખીશ.'

ત્રણ મજૂર અને ચોથા ઝીણાભાઈ પોતે, માંદાનો ખાટલો ખભે લઈને ચાલતા થયા. એક હાથમાં ઘોડીની લગામ અને બીજા હાથના ખભે માંદાનો ખાટલો. બીજે ગામ પહોંચ્યા.

ત્યાં કોઈ જાણીતા પટેલ મળ્યા. તે ઝીણાભાઈને આ રીતે જતાં જોઈ કહે, "અરે ઠાકોર સાહેબ ! આ શું કહેવાય ? આપે કેમ આ ખાટલો ઊપાડ્યો ? ગામધણી થઈને ખાટલો ઊપાડો એ કાંઈ ઘટે ખરું ?"

ઝીણાભાઈ કહે, "ભાઈ ! ચોથો મજૂર મળ્યો નહિ એટલે પછી હું ઊપાડી ચાલ્યો, કારણ કે મારો સાચો સગો બિમાર છે ! ભગવાનના ભક્તની સેવા તો બહુ મોટા પુણ્યશાળીને મળે, મારા ધન્ય ભાગ્ય કે આ સેવા મારા ભાગમાં આવી."

પટેલ કહે, "ઠાકોર સાહેબ ! આપ થોડીવાર અહીં બેસો, હું હમણાં જ મજૂર ખોળીને આવું છું." પટેલ તરત જ ગામમાં ગયા. પરંતુ ઝીણાભાઈ તો આગળ ચાલતા થયા. પાછળથી પટેલે મોકલેલ મજૂર આવ્યો. ઝીણાભાઈ ખાટલો મજૂરને સોંપી ઘોડી ઉપર સવાર થયા. આ રીતે માંદાનો ખાટલો ખૂબ સંભાળપૂર્વક પંચાળા લાવ્યા.

માંદાનો ખાટલો મારા ઓરડામાં

શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, "પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો; તે જેમ મા-બાપ, દીકરા-દીકરી તેનો પક્ષ રાખે છે. પુત્ર પોતાના પિતાનો, સ્ત્રી હોય તે પોતાના પતિનો પક્ષ રાખે છે, તેમ ભગવાનનાં ભક્તનો પક્ષ રાખવો."

આવી જ રીતે ભગવાનના ભક્તનો પક્ષ રાખી ઝીણાભાઈ કમળશીભાઈનો ખાટલો પોતાના દરબારગઢમાં લાવ્યા.

થોડે દૂરથી ઊંચે અવાજે પોતાના બહેન અદીબાને પૂછ્યું, ‘‘બહેન ! આ માંદાનો ખાટલો આપણે ક્યાં રાખીશું ?’’

અદીબાએ અણગમો વ્યક્ત કર્યો. ‘‘ભાઈ ! તમે તો આવાને આવા, ગમે એને જ્યાં-ત્યાંથી લઈ આવો ! તો શું એને માટે ઓરડા ખાલી રાખી મૂક્યા છે ?’’

‘‘બહેન ! તમને પૂછું છું, આ માંદાનો ખાટલો ક્યાં રાખવો છે ?’’

અદીબા છણકો કરી બોલ્યા, ‘‘એ ભાઈ ! માંદાનો ખાટલો ડેલીનાં ખાનામાં રાખો.’’

ભગવાનના ભક્તને પોતાના પુત્રથી પણ પ્રિય માનનાર ઝીણાભાઈને આ વાતથી બહુ દુઃખ થયું. તેઓ બોલ્યા, ‘‘ના બહેન ! માંદાનો ખાટલો ડેલીમાં નહીં મારા ઓરડામાં રહેશે.’’ અને પોતે પોતાના સૂવાના ઓરડામાં કમળશીભાઈનો ખાટલો રાખ્યો.

ઝીણાભાઈ પોતે ભગવાનના ભક્તની સેવા કરવા લાગ્યા. ત્રણ-ચાર મહિના સુધી ઝીણાભાઈ જાતે સેવા કરીને કમળશીભાઈને સાજા કર્યા.

બહેન કરતાંય ભગવાનનો ભક્ત અધિક

ખરા સત્સંગીને ભગવાન અને ભગવાનના ભક્તોથી કંઈ પણ અધિક હોતું નથી, પોતાનું સર્વસ્વ એમને અર્થે અર્પણ કરી રાખેલું હોય છે. આવી જ નિષ્ઠા ઝીણાભાઈ દરબારમાં પરિપૂર્ણ હતી.

એક વખત કમળશીભાઈને થોડી શરદી હતી, તેથી ઝીણાભાઈએ અદીબાને કહ્યું, ‘‘બહેન ! ઘરમાં તીખાં (મરી) હોય તો વાટીને લાવો, માંદાને શરીરે ઘસવા માટે જોઈએ છે.’’

અદીબા કહે, ‘‘તીખા તો નથી ભાઈ...!’’ મનમાં વિચાર કર્યો કે, તીખાં તો છે પણ જેને તેને માટે થોડા છે !

જગતના સ્વાર્થી જીવોનો આ વિચાર છે. જ્યારે ભગવાનના જે ખરા ભક્ત છે તે સાંસારિક સુખોને મિથ્યા માની, પોતાના સાચા સગા ભગવાન અને ભગવાનના એકાંતિક ભક્તો સાથે જીવને જોડી દે છે અને તન-મન-ધન વગેરે સર્વસ્વ સમર્પણ કરી દે છે.

ત્રણ-ચાર દિવસ પછી ઝીણાભાઈને શરદી થઈ અને માથું દુઃખતું હોવાથી

સૂતા હતા. અદીબાને જાણ થતાં પોતાની મેળે તીખાં વાટી એક વાટકીમાં લાવ્યા અને કહ્યું, "લો ભાઈ ! આ તીખાં કપાળે લગાડી દઉં, એટલે જલ્દી સારું થઈ જાશે."

ઝીણાભાઈ કહે, "ત્રણ દિવસ પહેલા તો ઘરમાં તીખાં ન હતાં ને આજે ક્યાંથી લાવ્યા ?"

ત્યારે અદીબાએ કહ્યું, "એ તો થોડા રાખી મેલ્યા હતાં, તે તમારા માટે વાટીને લાવી છું."

આટલું સાંભળતાં જ ઝીણાભાઈનાં રૂવાડાં ઊભા થઈ ગયા, ખાટલામાં સૂતા હતા તે ઊભા થઇ બેનના હાથમાં રહેલા વાટકાને ફળિયામાં ફેંકી દીધો અને આવેશમાં આવી કહ્યું, "આ ગરીબ અને ભગવાનના એકાંતિક ભક્ત માટે એક પૈસાના તીખાં આપવા તને કઠણ પડ્યા ? અત્યારે શું સમજીને મારી પાસે આવી છો ? જા અહીંથી દૂર ખસ, આજ પછી તારું મોઢું મને બતાવીશ નહીં."

આ બનાવ પછી ઝીણાભાઈ છ મહિના સુધી અદીબા સાથે બોલ્યા નહીં. ઝીણાભાઈ માટે બહેન કરતાંય ભગવાનના ભક્ત અધિક હતા.

અદીબાએ પોતાની ભૂલ બદલ ખૂબ માફી માગી. અંતે મહારાજને પ્રાર્થના કરી વિનંતી કરી, પછી મહારાજની આજ્ઞાથી ઝીણાભાઈએ અદીબા સાથે વાત કરી.

આવા નિયમ, નિશ્ચય ને પક્ષ ત્રણે ગુણને વરેલા હતા પક્ષનિષ્ઠ ભક્ત ઝીણાભાઈ દરબાર.

ઝીણાભાઈએ એક રાજવી પુરુષ હોવા છતાં ગરીબ ભક્તની સેવા કરી. આ વાત જાણી શ્રીજી મહારાજ ઝીણાભાઈ ઉપર અત્યંત પ્રસન્ન થયા.

ખેતરોની રક્ષા

એકવાર શ્રીજીમહારાજ પંચાળા પધાર્યા હતા. વહેલી સવારનો સમય હતો. મહારાજે ઝીણાભાઇના માતુશ્રી ગંગામાને કહ્યું, "મા ! અમારે જમવું છે."

ગંગામા કહે, "મહારાજ ! ઘડીક ખમો, હમણાં થાળ કરીને લાવું છું."

ત્યારે મહારાજ કહે, "ના, એવું નથી કરવું. અત્યારે જે હાજર હોય તે લાવો. અમારા માટે નવા થાળ કરો તો મારા સમ છે." મહારાજે ના પાડી એટલે ગંગામાએ ઘરમાં જઇ કોઠલામાંથી સાંજનો ખોરી જારનો ટાઢો રોટલો, ગાજરનું

અથાણું થાળીમાં મૂક્યું અને ભેંસના દૂધની તાંસળી ભરી મહારાજને પીરસી.

મહારાજ એ ટાઢો રોટલો અને દૂધ જમ્યા. જમ્યા પછી ચળુ કરી પ્રસાદી ઝીણાભાઈને આપી અને પોતે બહાર આવી ઓટલે બેઠા. થોડી વાર થઈ, ત્યાં ઝીણાભાઈ પણ પ્રસાદી જમીને મહારાજને પગે લાગી સામે બેઠા.

મહારાજે ઝીણાભાઈને પૂછ્યું, "દરબાર ! તમે આવી ખોરી જાર કેમ ખાવ છો ? નવી જાર નથી મળતી ?" ત્યારે ઝીણાભાઈ કહે, "મહારાજ ! અમારી જમીન રબારી ખેડૂતોને ભાગવી આપી છે. પણ એ માથાભારે થઈ ગયા છે, તે ભાગ પૂરો આપતા નથી અને વેરાના પૈસા પણ પૂરા આપતા નથી. ઉપરથી અહીં અમારા ઘરે આવી ડારો દેખાડે છે, તેથી ફરિયાદ પણ થઈ શકતી નથી અને અમારે ખોરી જાર ખાવી પડે છે."

ઝીણાભાઈની વાત સાંભળી કરુણાસાગરની કરુણા પ્રગટી. પોતાના ભક્તનું દુઃખ દૂર કરવા એક પળમાં યોજના ઘડી કાઢી અને બોલ્યા, "ઝીણાભાઈ ! તમે ત્રણસો કળશી દાણા સમાય એટલાં વાસણ તૈયાર કરો. અમે તમારા કોઠારો ભરાવવાની વ્યવસ્થા કરીએ છીએ."

ત્યારે દરબાર કહે, "અરે મહારાજ ! ત્રણસો પવાલાં દાણાય મળતા નથી ને તમે ત્રણસો કળશીની વાત કરો છો !"

"ઝીણાભાઈ ! અત્યારે અમે કહીએ એટલું કરો, બાકીની વાત અમારા વિશ્વાસે છોડી દો." એમ કહી મહારાજે નવલસંગ તથા શુકસ્વામીને બોલાવ્યા. તેઓ આવીને મહારાજને પગે લાગીને બેઠા એટલે મહારાજે કહ્યું, "શુકસ્વામી ! પોરબંદરમાં વિદેશથી બાકર સાહેબ આવેલ છે, તેના ઉપર અમારે કાગળ લખાવવો છે. કલમ અને કાગળ લ્યો અને અમે કહીએ એમ લખો."

મહારાજની વાત સાંભળી ઝીણાભાઈ કહે, "મહારાજ ! તમને કેમ ખબર પડી કે પોરબંદરમાં બાકર સાહેબ આવ્યા છે ?"

મહારાજ કહે, "બાકર સાહેબ બે આગબોટ લઈને પ્રવાસે જતા હતા, ત્યારે તે સમુદ્રમાં ભૂલા પડ્યા. તેઓને માર્ગ બતાવવા અમે સમાધિવાળા મૂળજીને મોકલ્યા હતા અને કહેવડાવ્યું હતું કે, તમે અહીંથી સીધા રાજકોટ જજો અને ત્યાં રાજા પાસેથી જમીન લઈ તમારો મુકામ કરજો. ઉપરાંત આ દેશના ગરાસિયાઓ દીકરીયું મારે છે તે તમે બંધ કરાવજો."

આમ વાત કરી મહારાજ કાગળ લખાવવા માંડ્યા. પહેલા મહારાજે બાકર સાહેબની કેટલીક ઉપમાઓ લખાવી, ત્યારબાદ સમાજ કલ્યાણની કેટલીક ભલામણો લખી. સાથે સાથે પંચાળાના માથાભારે રબારીઓની હકીકત પણ જણાવી. આમ કાગળ પૂરો કરી શુકસ્વામીએ મહારાજના હાથમાં દીધો. મહારાજે પત્ર વાંચીને પોતાના નામની સહી કરી.

મહારાજે તે પત્ર બીડીને નવલસંગજીને આપ્યો અને કહ્યું, ‘‘નવલસંગ ! તમે પોરબંદર જઈ આ કાગળ બાકર સાહેબને હાથોહાથ આપી આવો.’’

નવલસંગજી પત્ર લઈને પોરબંદર ગયા. ત્યાં સાહેબના ઉતારે જઈ સિપાઈને કહ્યું, ‘‘અમારે સાહેબને કાગળ આપવો છે.’’ ત્યારે તે સિપાઈએ અંદર જઈ સાહેબને કહ્યું, ‘‘સ્વામિનારાયણના કોઈ માણસ કાગળ લઈને આવ્યા છે અને તમને મળવા માગે છે.’’

સ્વામિનારાયણનું નામ સાંભળી સાહેબ તરત જ ઊભા થઈ ગયા અને કહ્યું, ‘‘તેમને માન સાથે અંદર લઈ આવો.’’

સિપાઈ નવલસંગજીને સાહેબ પાસે લઈ ગયો. સાહેબે નવલસંગજીનું સ્વાગત કર્યું. નવલસંગજીએ કાગળ સાહેબના હાથમાં આપ્યો અને કહ્યું, ‘‘સાહેબ ! આ કાગળ ભગવાન સ્વામિનારાયણે આપને ઉદ્દેશીને લખ્યો છે.’’

સાહેબે તે કાગળને લઈ માથે ચડાવ્યો અને આંખે અડાડ્યો. ત્યારબાદ કાગળ ખોલીને વાંચ્યો, વાંચીને ઘણા ખુશ થયા ને બોલ્યા જે, ‘‘આ વખતે સ્વામિનારાયણે અમને બહુ સારી સલાહ આપી છે અને તેમણે પચાસ સિપાહી મંગાવ્યા છે, તો પચાસ શું ? આ બધા પોલીસો સ્વામિનારાયણના જ છે, માટે સુખેથી તે બધા લઈ જાઓ.’’

ત્યારે નવલસંગજી કહે, ‘‘ના સાહેબ, વધારે લઈ જવાની મહારાજે ના કહી છે, ફક્ત પચાસ જ જોઈએ છે.’’ છતાં પણ સાહેબે સો પોલીસ નવલસંગજીની સાથે મોકલ્યા અને કામ પૂરું કરીને જ પાછા આવવાની ભલામણ કરી.

સાહેબની આજ્ઞા થતા સો પોલીસો પોતાનાં હથિયાર લઈને નવલસંગજી સાથે પંચાળા આવ્યા. એ અંગ્રેજ પોલીસોએ એક સરખા કાળા ડગલાં પહેરેલા હતા, કેડે પટ્ટા બાંધ્યા હતા, પટ્ટે પીસ્તોલ લટકતી હતી, માથે મોટા વિદેશી ટોપા પહેર્યા હતા અને સર્વે ઘોડેસ્વાર થયેલા એકસરખા જણાતા હતા.

પંચાળાની સરહદમાં આવ્યા એટલે પોલીસોને નવલસંગજીએ ઝીણાભાઈના ખેતરો બતાવ્યા. અમલદારોએ એ તરફ એક સાથે સો પીસ્તોલોના ધડાકા કર્યા. એક સાથે આટલો મોટો અવાજ થવાથી જે રબારીઓ ખળામાં કબજો લઈને બેઠા હતા તેમણે જાણ્યું જે, 'આ કાળા ડગલાંવાળા અંગ્રેજના માણસો આવેલા છે, તે જરુર આપણને પકડી જાશે. એમ બીક પામીને સર્વે ખળાં પડ્યાં મૂકીને ભાગી ગયા.

તે વખતે મહારાજે ઝીણાભાઈને પૂછ્યું, ‘‘આ ભડાકા શેના થયા ?’’

ત્યારે ઝીણાભાઈ કહે, ‘‘મહારાજ ! એ તો નવલસંગજી પોરબંદરથી આવ્યા હશે !’’

એમ વાત કરે છે ત્યાં તો બધા અસ્વારો સાથે નવલસંગજી ઝીણાભાઈના દરબારમાં આવ્યા. નવલસંગજીએ મહારાજને દંડવત પ્રણામ કર્યા. એ જોઈ અંગ્રેજ અસ્વારોએ પણ મહારાજને સલામ કરી. ઝીણાભાઈએ તે સર્વેની સારી રીતે ઉતારા-પાણીની વ્યવસ્થા કરી આપી.

પછી નવલસંગજીએ કહ્યું, ‘‘મહારાજ ! આ સિપાઈઓએ બંદૂકોના ભડાકા કર્યા તેથી બીકના માર્યા એ રબારીઓ ખળાં મૂકીને ભાગી ગયા છે, માટે આપ ખળામાં પધારો.’’

ત્યારે શ્રીજી મહારાજ તથા ઝીણાભાઈ કેટલાક સ્વારો સાથે ખળામાં પધાર્યા. આવીને જોયું તો ખળામાં જારના મોટા મોટા ગંજ પડ્યા હતા. એ જોઈ સિપાઈઓનો નાયક હતો તેણે કહ્યું, ‘‘કોઈ પણ ચિંતા વગર તમે આ બધી જ જાર ગામમાં લઈ જાઓ. જો કોઈ માણસ તકરાર કરવા આવશે, તો અમે તેને પકડીને પોરબંદર લઈ જાશું.’’

અંગ્રેજોની વાત સાંભળી ઝીણાભાઈએ ગામમાંથી માણસોને બોલાવ્યા અને રબારીઓના બળદ તથા ગાડાં હતાં તે જોડાવીને બધી જાર ઓરડામાં ભરી દીધી. અંગ્રેજ પોલીસોને પાંચ દિવસ રોક્યા અને સારી પેઠે જમાડ્યા. પછી રજા દીધી, ત્યારે તેઓ મહારાજને નમસ્કાર કરીને પોરબંદર ગયા.

એવી રીતે મહારાજે અંગ્રેજોને સાથે રાખી પોતાના ભક્તની રક્ષા પણ કરી અને સમાજમાં ચાલતા અત્યાચારો તથા દુરાચારો સામે ઝૂંબેશ પણ ઉપાડી.

ઓગણોતેરા કાળમાં રક્ષા કરી

એક વખત મહારાજ ઝીણાભાઈના દરબારમાં ઓટલા ઉપર ઢોલિયો ઢળાવી બિરાજમાન થયા હતા. એ વખતે મહારાજે ગંગામાને કહ્યું, ‘‘અમને ભૂખ લાગી છે માટે જે હાજર હોય તે જમવાનું લાવો.’’

ગંગામા જારનો રોટલો ને માખણ લાવ્યા, તે મહારાજ જમ્યા. પછી મહારાજે ઝીણાભાઈને કહ્યું, ‘‘ઝીણાભાઈ ! આ વરસે જાર ઘણી પાકી છે તે સાચવી રાખજો પણ વેચશો નહિ, કારણ કે આવતું વરસ બહુ જ મોળું થાશે અને તમામ ઢોર તથા ઘોડા વેચી નાખજો, માત્ર એક ઘોડી તથા એક ભેંસ રાખજો.’’

મહારાજની વાત સાંભળી ઝીણાભાઈ વિચારોમાં ખોવાઈ ગયા, કારણ કે દરબારોને ઘોડા ખૂબ વહાલા હોય, તે કેમ વેચવા ! વિચારના વંટોળમાં ઊડતા ઘરમાં આવીને ઝીણાભાઈએ મહારાજે કહેલી વાત ગંગામાને કરી, ત્યારે ગંગામા કહે, ‘‘જો દીકરા ! મહારાજ કહેતા હોય તો બધાં પશુઓ વેચી નાખો, કારણ કે મહારાજ આપણા ભલા માટે જ કહેતા હોય. એમની આજ્ઞામાં સંશય એ આપણી નિષ્ઠાની કાચ્યપ કહેવાય. માટે બેટા ! મહારાજ જેમ કહે તેમ કરો.’’

માની વાત સાંભળી ઝીણાભાઈએ પોતાના ગોવાળોને બોલાવ્યા અને કહ્યું, ‘‘એક સારી ભેંસ ને એક સારી ઘોડી રાખો, બાકીના બધાં જ ઢોર માંગરોળ જઈને વેચી આવો.’’ ઝીણાભાઈએ મહારાજની આજ્ઞા પ્રમાણે બધા પશુઓ વેચી નાખ્યા. તે જોઈ મહારાજ ખૂબ રાજી થયા અને જે જાર હતી તે પણ ખાણમાં નંખાવી.

મહારાજના કહેવા પ્રમાણે આગલા વરસે ઓગણોતેરો કાળ પડ્યો. કોઈ પણ પ્રકારનું અનાજ પાક્યું નહીં. પૈસા દેતાં પણ દાણા મળે નહીં એવી સ્થિતિ સર્જાઈ. તે સમયે ઝીણાભાઈ ખાણમાંથી જાર કાઢીને વેચવા લાગ્યા. તે વરસ પૂરું થયું ત્યાં સુધી વેચી તો પણ ખૂટી નહીં અને તેની પાંત્રીશ હજાર કોરી આવી.

દુષ્કાળનો સમય વીતી ગયો ત્યારે ઝીણાભાઈએ વિચાર્યું, મહારાજની કૃપાથી મારો પરિવાર કોઈ પણ દુઃખ વગર આ કપરા કાળમાંથી હેમખેમ પાર પડ્યો, ઉપરાંત જારના વેપારમાંથી ખૂબ કમાણી પણ થઈ. માટે મહારાજને સંતો-ભક્તો સહિત પંચાળા તેડાવવા અને હુતાશણીનો સમૈયો ખૂબ જ ધામધૂમથી કરાવવો.

પંચાળામાં રાસોત્સવ

ઝીણાભાઈનો શુભ સંકલ્પ અને એમની નિષ્ઠાથી પ્રસન્ન થઈને વિ. સં ૧૮૮૦ના ફાગણ માસમાં મહારાજ પંચાળા પધાર્યા છે.

પંચાળામાં ફૂલદોલનો મોટો ઉત્સવ થવાનો છે એવા સમાચાર સાંભળીને દેશ-દેશાંતરોમાંથી હજારો હરિભક્તો અને બારસો જેટલા સંતો, પાર્ષદો અને બ્રહ્મચારીઓના મંડળોએ પંચાળા તરફ પ્રયાણ કર્યું. જીવુબા, લાડુબા, ગંગામા વગેરે સત્સંગની અગ્રગણ્ય ઘણીક સાંખ્યયોગી બાઈઓ પણ આ મહોત્સવમાં પધાર્યા છે. ભારે ધામધૂમથી અપૂર્વ રીતે આ રંગોત્સવ ઉજવાવાનો છે, માટે અત્યારથી જ સહુના અંતરમાં એનો આનંદ છે.

મહામહોત્સવની તૈયારી ભારે ઉત્સાહ અને ઉમંગથી ઝીણાભાઈ કરાવવા માંડ્યા. ગામ બહાર આથમણી તરફ મોટા પ્રમાણમાં રાવટીઓ નાખવામાં આવી, નાવા-ધોવા માટે પાણીની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી. ઉત્સવમાં પધારેલા સર્વ સંતો-ભક્તો એક સાથે જમવા બેસી શકે એવી સુંદર સગવડ કરવામાં આવી.

વિવિધ દેશોના સંઘો આવવા લાગ્યા. સહુને ઉતારા અપાવા લાગ્યા અને સહુ ઉત્સવના દિવસની વાટ જોવા લાગ્યા. ઉત્સવમાં પધારેલા ભક્તજનો જમવા બેસે, તેની એટલી મોટી પંક્તિ થતી કે જેને પીરસવા માટે લાડુઓનાં ગાડાં ભરી ઠેર ઠેર ઊભા રાખી ટોપલાથી પંક્તિમાં પીરસવામાં આવતા. વિવિધ પ્રકારના મિષ્ટાન્ન ભોજનો મહારાજ પોતે સંતો- હરિભક્તોને આગ્રહથી પીરસીને સર્વને ખૂબ તૃપ્ત કરતા. સવાર-સાંજ ધૂન-કીર્તન થતા, કથાવાર્તા થતી. મહારાજ, સંતો તથા ભક્તોના દર્શન થતાં, જેથી બધાને અત્યંત હર્ષ અને ધન્યતાનો અનુભવ થતો.

આમને આમ ઉત્સવનો દિવસ આવી ગયો. પૂનમની રાત્રિએ પંચાળા ગામની આથમણી બાજુ વડના ઝાડ હતાં, ત્યાં વિશાળ મેદાનમાં રાસ રમવાની વ્યવસ્થા કરવામાં આવી. અનેક ભક્તો-સંતો એ વડલા નીચે એકઠા થઈ ગયા. આકાશમાં ચંદ્ર પણ જાણે પોતાની ગતિ રોકી અલૌકિક રાસનાં દર્શન કરવા થોભી ગયો. ભવબ્રહ્માદિક દેવતાઓ પણ તારાઓનાં રૂપ ધારણ કરી આકાશમાં હરોળમાં ગોઠવાઈ ગયા. વાતાવરણમાં આહ્‌લાદકતા સાથે અલૌકિકતા પ્રસરી ગઈ.

સર્વ સંતો-હરિભક્તો એકત્રિત થયા પછી શ્રીજી મહારાજ પધાર્યા. એ વખતે મહારાજે જરિયાની વસ્ત્રો પહેર્યાં હતાં, કેડીયાની કોરે ઘૂઘરીઓ લટકતી હતી, સુવર્ણનાં વિવિધ આભૂષણો ઝગમગાટ કરી રહ્યા હતાં, બન્ને પગમાં ઘૂઘરીઓવાળા ઝાંઝર તથા ફૂમકાવાળી મોજડી પહેરી હતી. માથા ઉપર છોગલાવાળી પાઘ શોભતી હતી. આવી શોભાયે યુક્ત મહારાજ જેવા ભક્તોના સમૂહ વચ્ચે પધાર્યા ત્યાં 'સહજાનંદસ્વામી મહારાજની જય'ના નાદો ગૂંજવા લાગ્યા. મહારાજનાં દર્શન કરી અનેક અતૃપ્ત નેત્રોમાંથી પાણી વહેવા લાગ્યાં, અંતર આકાશ જેવા નિર્મળ થયાં અને મનમાં રાસ રમવાની અધીરાઈ જાગી ઊઠી. મહારાજ પણ આજે સહુને અક્ષરાતીત આનંદ આપવા પધાર્યા હતા.

મહારાજ પધાર્યા એટલે તરત રાસ રમવાની તૈયારીઓ થવા લાગી. ગવૈયા તથા સંગીતકાર સંતો ઝાંઝ, મૃદંગ, ઢોલ, નગારાના ચિત્તાકર્ષક અને મનમોહક ધ્વનિ સાથે મધુર ને ગંભીર કંઠથી કીર્તનો ગાવા લાગ્યા. મહારાજે સંતો સાથે રાસ રમવાની શરૂઆત કરી. એ સમયે મહારાજે પહેરેલાં ઝાંઝર અને કેડીયાની ઘૂઘરીઓનો મધુર ઘમકારો ભક્તોના મનને હરી લેતો હતો.

રાસ ત્રણ થરીમાં ગોઠવાયો. પ્રથમ હારમાં મોટા સદ્‌ગુરુઓ અને મહારાજ રહ્યા. બીજી હારમાં બીજા સાધુ, પાળા અને બ્રહ્મચારીઓ ગોઠવાયા અને તેમની ફરતી ત્રીજી હારમાં હરિભક્તો રહ્યા. જગતના ભાવો ભૂલી ઈશ્વરીય આનંદમાં મસ્ત બની જૂદી જ રીતના અને શ્રેષ્ઠ ઢબના રાસની બરાબર જમાવટ થઈ. જેમ યમુના કિનારે એક ગોપીને એક કૃષ્ણ એમ અનેક સ્વરૂપો ધારી રાસલીલા કરી હતી; તેમ જ અહીં મહારાજ પણ જેટલા સાધુ હતા તેટલાં રૂપે થઈને સાધુઓ સાથે રાસ લેવા લાગ્યા.

એ સમયે આકાશમાંથી દેવતાઓ દર્શન કરી પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. આ અદ્‌ભુત દૃશ્ય જોઈને હજારો નરનારીઓ આશ્ચર્યમુગ્ધ થઈને હર્ષઘેલા બની ગયા.

રાસ રમતાં રાત્રિના બાર વાગ્યા એટલે બ્રહ્માનંદ સ્વામીને થયું, મહારાજ ઘણાં સમયથી એકધારા રાસ રમે છે, માટે થાકી ગયા હશે. એમ વિચારી બ્રહ્માનંદ સ્વામી કહે, "મહારાજ ! હવે રાખો; સંતોને રાસના કીર્તન કંઠસ્થ હતાં તે પૂરાં થયાં છે."

મહારાજ કહે, "કીર્તનનો ચોપડો મગાવો અને એમાંથી કીર્તનો બોલો." કીર્તનોનો ચોપડો લાવવામાં આવ્યો. તેમાંથી કીર્તનો ગવાવા લાગ્યા. ત્યારે ગવરાવનારને બ્રહ્માનંદ સ્વામીએ સાન કરી કે એક ચરણ એકવાર જ બોલજો. એમ કરતાં ચોપડામાંના કીર્તનો પૂરાં થયાં એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, "મહારાજ ! ચોપડાનાં કીર્તનો પણ થઈ રહ્યાં."

ત્યારે મહારાજ કહે, "હવે પ્રેમાનંદ સ્વામીનાં કીર્તનોની ચોપડી લાવો." પછી તે લાવ્યા અને તેમાંથી કીર્તનો ગવરાવવા લાગ્યા. એમ કરતાં બે વાગ્યાનો સમય થયો. ફરીથી બ્રહ્માનંદ સ્વામીએ વિચાર કર્યો જે, મહારાજ તો આજ સવાર સુધી રમતા બંધ રહેશે નહિ, હજુ આવતીકાલે રંગે રમવાનું છે. મહારાજ તથા સંતો થાકી જશે. એમ વિચારી યુક્તિથી સ્વામીએ એક માણસને મોકલી ઝૂંપડાં પાસે પડેલો સૂકા ઘાસનો ઢગલો સળગાવ્યો અને 'દોડો...! દોડો...! આગ લાગી...' એમ ખોટો પોકાર કર્યો !

મહારાજે રમવાનું બંધ કર્યું. સંતો તૂર્ત જ પોતપોતાનાં ઝૂંપડાં સંભાળવા ગયા. ત્યારે મહારાજ કહે કે, "આ કામ તો બ્રહ્માનંદ સ્વામીનું જણાય છે." એમ કહી ઝીણાભાઈ, દાદા ખાચર આદિ ભક્તજનો સાથે ગામમાં પધારી પોઢી ગયા. સહુ સંત-હરિભક્તો પણ પોતાનાં સ્થાને પધાર્યા.

અદ્ભુત રંગલીલાનું દર્શન

પડવાને દિવસે સવારે નિત્યવિધિથી પરવાર્યા પછી ગામ બહાર રંગે રમવા માટે જ્યાં કુંડ કરાવ્યા હતા, ત્યાં સૌ સંતો-હરિભક્તો પધાર્યા. શ્રીજી મહારાજ પણ સંતો-પાર્ષદો સહિત પધાર્યા અને મંચ ઉપર વિરાજમાન થયા.

મહારાજે સહુ સંતો-ભક્તોને રંગે રમવાની આજ્ઞા કરી. મહારાજની આજ્ઞા થતા હરિભક્તો પરસ્પર રંગે રમવા લાગ્યા. ગુલાલનું ગાડું ભર્યું હતું તેમાંથી પાર્ષદો પાસેથી ટોપલા ભરીને ગુલાલ પોતા પાસે મંગાવી મહારાજ સર્વ સંતો-હરિભક્તો ઉપર ફેંકવા લાગ્યા. મહારાજ ઝોળીમાં ગુલાલ ભરી બે છેડા પોતાના હાથમાં રાખે અને બે છેડા છોડી ભારે યુક્તિપૂર્વક અત્યંત વાત્સલ્યભાવથી ગુલાલ ફેંકતા હતા.

સંતો-ભક્તો મોટી તાંસળીઓ અને મોટી પિચકારીઓથી ઘણે દૂર સુધી રંગ ઊડાડતા હતા. હજારો ભક્તજનો રંગથી તરબોળ બની જતા હતા અને ઘણા

જ આનંદથી એકબીજા ઉપર વારંવાર રંગની ઝડી વરસાવી હાસ્યરસનો અપૂર્વ આનંદ લૂંટતા હતા.

આમ શ્રીજી મહારાજના સાનિધ્યમાં સંતો-ભક્તો ઘણો સમય રંગથી પરસ્પર સારી પેઠે રમ્યા. પછી મહારાજે બધાને રમતા રોક્યા અને રમનારા સંતોના બે ભાગ પાડ્યા. નિત્યાનંદ સ્વામીની તરફ અડધા સંતો રહ્યા અને અરધા સંતો બ્રહ્માનંદ સ્વામીની તરફ રહ્યા. ફરીથી હોજમાં રંગ ભરાવી તૈયાર કર્યા. મહારાજના ઈશારે ફરી બધા સંતો પરસ્પર રંગ ઊડાડવા લાગ્યા. હોજમાંથી પિચકારીઓ ભરીભરીને સામસામા એકબીજા ઉપર નાંખી સંતો રમવા લાગ્યા. કછોટા વાળી એકબીજા મલ્લયુદ્ધ કરતા હોય એ રીતે તાનમાં આવી એવા મસ્તીથી રંગે રમવા લાગ્યા, કે ઘડીભરમાં તો કુંડ ખાલી થઈ ગયા અને પાણી પણ ખૂટવા આવ્યું.

મહારાજે ઝીણાભાઈને કહી ગામમાંથી બીજો રંગ મંગાવ્યો અને પાણી માટે પખાલો વહેતી કરી દીધી. પખાલ ભરીને એક પોઠિયો આવ્યો, ત્યાં નિત્યાનંદ સ્વામીએ પોતાની તરફના સાધુને સાન કરી એટલે એ સાધુ પોઠિયાને પોતાના હોજ તરફ દોરી લાવ્યા. બ્રહ્માનંદ સ્વામી આ જોઈ ગયા એટલે મહાનુભાવાનંદ સ્વામી વગેરે પોતાની તરફના સંતોને લઈને સામે ગયા અને ચાલાકીથી પોઠિયા ઉપરથી પખાલ ઉપાડી લાવ્યા.

એવામાં પાણીનાં માટલાં ભરીને આઠ જણાને આવતા જોયા, એટલે નિત્યાનંદ સ્વામી તથા ભગવદાનંદ સ્વામી વગેરે સંતોએ દોડીને માટલાં લઈ લીધાં ને પોતાના હોજમાં ઠાલવ્યાં. વારંવાર ઝપાઝપી કરીને સંતોએ સામસામી રંગની રમઝટ બોલાવી. આમ આનંદમાં આવી ઊંચા અવાજો સાથે ઉલ્લાસથી એકબીજા તરફ દોડીને રંગે રમતા હતા.

રંગલીલાની સાથે ઢોલ, શરણાઈ આદિ વાજિંત્રો વાગતાં હતાં. ચોતરફ ઊભેલા હજારો હરિભક્તો સંતોની એ રંગલીલા જોઈને મહા હર્ષ પામતા હતા. આમ કરતાં બપોર થઈ ગયા ને રંગ પણ ખૂટ્યો; ત્યારે કેટલાક સંતો રંગના કાદવથી રમવા લાગ્યા. આ જોઈને મહારાજ હસવા લાગ્યા. પછી તાળી પાડીને કહ્યું કે, ‘હવે રાખો અને નહાવા ચાલો’ એમ કહીને સાબળી નદીમાં સંતો હરિભક્તો સહિત મહારાજ સ્નાન કરવા પધાર્યા.

સૌએ સ્નાન કર્યું, તેથી ધરાનું પાણી રંગીન થઈ ગયું. સ્નાન કરી શ્રીજી મહારાજ ઝીણાભાઈના દરબારમાં પધાર્યા. દરબારગઢમાં બ્રાહ્મણોએ વિવિધ ઉત્તમ મિષ્ટ ભોજનો તૈયાર કર્યાં હતા તે જમ્યા; પછી સંઘના સર્વ સંતો-ભક્તોને જમાડીને તૃપ્ત કર્યા.

(શ્રીજીમહારાજે આ રંગલીલામાં જે વસ્ત્રો ધારણ કર્યા હતા તે પ્રસાદીનાં વસ્ત્રો મહારાજે ઝીણાભાઈને આપ્યાં હતાં, જે હાલ જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર્શનાર્થે પધરાવેલા છે.)

અનંત કોટિ બ્રહ્માંડના આધાર સ્વયં ભગવાન શ્રીહરિ સંતો-ભક્તો સહિત ઉત્સવ કરતા હોય, તેવા સ્થાને સેવકોની પણ કમી ન હોય. આ મહોત્સવમાં સ્વામિનારાયણને ભગવાન જાણી મહિમા સાથે ગામના માણસોએ ભાવથી બહુ જ સેવા કરી.

મહોત્સવમાં પધારેલા હજારો માણસો માટે આજુબાજુના ગામડાંઓમાંથી સામાન લાવવો, ઉતારા માટે તંબુ તથા ઝૂંપડીઓ બાંધવી, આવનારા સત્સંગીઓને યોગ્ય ઉતારા આપવા, પાણી તથા પાગરણની વ્યવસ્થા કરવી, સીધાસામગ્રીની તૈયારી કરવી, રસોઈ માટે મોટાં વાસણો લાવવાં અને તેને સાફ કરવાં વગેરે અનેક કાર્યો કરવામાં સાધુ-સત્સંગીઓની સાથે ગામલોકોએ પણ ઘરકામ છોડી, ઊંઘ-ઉજાગરા વેઠી ઉત્સાહથી સેવા કરી હતી.

આ તમામ ગામજનો ઉપર તેઓની નિઃસ્વાર્થ ભાવે કરેલી સેવા બદલ શ્રીજી મહારાજ ઘણા પ્રસન્ન થયા. ઉત્સવ સમાપ્ત થયા પછી મહારાજે ઝીણાભાઈના કામદારને બોલાવીને કહ્યું કે, “ગામલોકોએ આ ઉત્સવમાં સંતો-ભક્તોની ઘણી સેવા કરી છે, માટે આપણે એને જમાડવા છે. રસોઈયાઓ પાસે સારાં સારાં મિષ્ટાન્ન બનાવડાઓ.”

ત્યારે કામદાર કહે, “મહારાજ ! અહીં રબારી, ભરવાડ અને આહીરની વસ્તી વધારે છે; એ લોકોને આપણા મિષ્ટાન્ન ન ભાવે. એમને તો ચોખા, ઘી ને ગોળ જમાડીએ તો વધારે રાજી થાય.”

મહારાજ કહે, “કામદાર ! તમે લોભ કરો છો. ભલે ખર્ચ થાય, પણ અમારે તો સારામાં સારું મિષ્ટાન્ન જમાડવું છે. માટે ગામમાંથી પાંચ-સાત આગેવાન માણસોને બોલાવો, તે કહે એ પ્રમાણે રસોઈ તૈયાર કરાવીએ.”

મહારાજની આજ્ઞા થતા કામદાર ગામમાંથી થોડા આગેવાનોને બોલાવી લાવ્યા. આગેવાનો આવ્યા એટલે મહારાજ કહે, "તમે સર્વે ગામલોકોએ ઉત્સવમાં અમારી બહુ સેવા કરી છે, અમે તમારા ઉપર ખૂબ રાજી થયા છીએ, માટે અમારે આખા ગામને જમાડવું છે. તમે જે કહો તે સારામાં સારું જમણ બનાવીએ. તમે કહો તો શીખંડ-પુરી, દૂધપાક બનાવીએ. અથવા મોહનથાળ, ઘેબર, સાટા, જલેબી વગેરે તમે જે કહો તે બનાવીએ, પણ અમારે તમને સારામાં સારું જમણ આપવું છે."

મહારાજની વાત સાંભળીને આગેવાનો એકબીજાના મોંઢા સામું જોઈ હસવા લાગ્યા અને મહારાજને કહ્યું, "મહારાજ ! ઈ શ્યેરના કોરાં હુખડાંથી અમારું પેટ ઠરે નંઈ, જો તમારે જમાડવાની શક્તિ હોય, તો શેલણ પાઓ."

નવતર શબ્દ સાંભળી મહારાજે ઝીણાભાઈને પૂછ્યું, "ઝીણાભાઈ ! શેલણ એટલે શું ?"

ઝીણાભાઈ હસીને બોલ્યા, "મહારાજ ! ચોખા રાંધી એમાં નાઘેરનો ઢીલો ગોળ નાખવામાં આવે, પછી એમાં તાંબડીની ધારે ઘી પીરસાય એને અમે શેલણ કહીએ. અમારા આ ઘેડ્ય પ્રદેશમાં શેલણ સારામાં સારું જમણ ગણાય."

મહારાજ હસીને બોલ્યા, "ઝીણાભાઈ ! આ તો ભારે સહેલું ને સરસ ! બધી જ ચીજો ઘરની ! વળી કંદોઈને બોલાવવો નહીં. તમે આજે જ ગામમાં સાદ પડાવી દો, કે કાલે દરબાર તરફથી ગામને ધુમાડાબંધ જમણ છે."

બીજે દિવસે શેલણની રસોઈ થઈ. ગોળ અને ચોખામાં મહારાજે તાંબડીની ધારે ઘી પીરસાવી પાત્ર છલકાવી દીધાં. રબારીઓ પૂળા પૂળા જેવડી મૂછો સંકોરતા જાય; શેલણ પીતા જાય અને બોલતા જાય, "વાહ સ્વામિનારાયણ વાહ ! હવે તમે ભગવાન ખરા !"

શેલણની રસોઈ જમાડીને ભગવાન શ્રી સ્વામિનારાયણે આખા ગામને રાજીના રેડ કરી દીધું.

કરુણાસાગરની કરુણા

બધા જમી રહ્યા પછી મહારાજે પૂછ્યું, "ઝીણાભાઈ ! ગામમાં તપાસ કરો, હવે જમવામાં કોઈ બાકી નથીને ?" ત્યારે ઝીણાભાઈ કહે, "મહારાજ ! લગભગ બધાએ જમી લીધું છે, હવે કોઈ બાકી નથી."

ત્યાં મહારાજની નજર નદીના સામેના કિનારે હરતા-ફરતા માણસો ઉપર પડી. તેઓને જોઈને મહારાજે કહ્યું, "પેલા કોણ છે ? એ જમ્યા કે નહિ ?"

કોઈએ કહ્યું કે, "મહારાજ ! એ તો ગાદલિયા છે, લોકો એને લુવારિયા પણ કહે છે. એ રખડતી પ્રજા છે. સાણસી, તાવેથા વગેરે લોખંડનાં સાધનો વેચે છે, માગી-ભીખીને અથવા તો જીવહિંસા કરી પેટ ભરે છે. અમે એમને જમવા નથી બોલાવ્યા."

મહારાજ કહે, "આ સૂર્ય નિત્ય ઊગે છે, તે પુણ્યવાળા કે પાપી સર્વને સરખો જ પ્રકાશ આપે છે. વરસાદ આવે છે તે પણ સારા-નરસાં દરેક સ્થળે વરસે છે. પથરાળી, કાંટાવાળી કે ખારભૂમિમાં ન વરસવું એમ કંઈ એ વરસાદ પક્ષપાત કરતો નથી, તો આપણાથી કેમ પક્ષપાત થાય ? માટે એમને પણ અહીં બોલાવો, આપણે એમનેય જમાડીએ.આજે ગામ તો ઠીક, સીમમાં પણ કોઈ ભૂખ્યું રહેવું જોઈએ નહીં."

મહારાજની આજ્ઞા થતા તે લોકોને બોલાવી લાવ્યા. મહારાજ પોતે ત્રણ છોગાવાળી પાઘ અને જરિયાની વસ્ત્રો પહેરી તેઓને પીરસતા હતા. મહારાજે તેઓને ચોખા, ગોળ અને તાંબડીની ધારે ઘી સારી પેઠે પીરસ્યું. તેઓ થાળીમાં રહેલું ભોજન જમતા હતા અને સાથે સાથે મહારાજની મનોહર મૂર્તિને અંતરમાં ઊતારતા હતા. એ લોકોએ જિંદગીમાં આવું અન્ન કોઈ દિવસ ખાધેલું નહિ અને આવા પીરસનારાને જોયેલા નહીં, તેથી જમીને બહુ જ ખુશ થયા. માણીગર મહારાજની મૂર્તિ તેઓના અંતરમાં કંડારાઈ ગઈ.

કેટલાક સમય પછી એ લોકોમાંથી એક જણ બિમાર થયો. બહુ તાવ આવે ને કંઈ ખાવું ભાવે નહિ. એના સંબંધી ગામમાંથી જુવાર-બાજરાના ટુકડા માગી લાવે, તેમાંથી એકાદ ટુકડો આપે ને કહે, 'લે ખા;' પણ પોતાને કંઈ ભાવે નહિ એટલે તે કહે, 'એ તો મને નથી ભાવતું. બીજું કંઈ સારું હોય તો ખાઉં.'

આમ ખાવાનો વિચાર કરતાં-કરતાં મહારાજે એમને વર્ષો પહેલા જે શેલણ જમાડેલું તે યાદ આવ્યું; તેથી કહે, "આપણે અમુક વર્ષ પહેલાં પંચાળે ગયા હતા ને ત્યાં જે જમ્યા હતા, એવું હોય તો ભાવે."

ત્યારે તેના સગાં-સંબંધીઓ કહે, "ભાઈ ! આપણાં ભાગ્યમાં એવું અન્ન ક્યાંથી હોય ? એ તો કોઈકનો વિવાહ હશે, તે વળી કોઈ દયાળુ માણસે

આપણને જમાડ્યા.''

પેલો બિમાર માણસ પોતાનાં મનમાં વારંવાર વિચાર કરવા લાગ્યો કે, ''ઓ હો હો ! એ જમણ કેવું સરસ હતું ! એના જમાડનારા કેવા દયાળુ હતા ! એમણે કેવાં સુંદર વસ્ત્રો પહેર્યાં હતાં ! જો અબઘડી એ અહીં આવે ને હું એમની પાસે જાઉં, તો એ મને જરૂર ફરીથી એવું જમાડે, એવા એ દયાળુ હતા.'' આ રીતે બિમાર માણસ પીરસતા શ્રીજી મહારાજનું અને તેમણે પીરસેલા ભોજનનું વારંવાર સ્મરણ કરી રહ્યો હતો. યોગાનુયોગ એ જ સમયે એની અંત ઘડી પણ નજીક આવી.

'મારા જનને અંતકાળે જરુર મારે આવવું' પોતાની આ પ્રતિજ્ઞાને સત્ય કરતા હોય તેમ કરુણાસિંધુ મહારાજે હાથમાં શેલણનાં પાત્ર સાથે લુવારિયાને દિવ્ય રૂપે દર્શન દીધાં અને બોલ્યા, ''તારી પત્ની તને શેલણ નહીં પાય, મારી હાર્યે હાલ્ય, હું તને આજે એવું શેલણ પાઈશ કે તારા રોગમાત્ર કાયમ માટે મટી જશે !''

ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય મૂર્તિનાં દર્શન કરી લુવારિયો બોલ્યો, ''જો, જો, સ્વામિનારાયણ મને શેલણ પાવા આવ્યા છે, હું એમની પાસે શેલણ પીવા જાઉં છું !'' આમ બોલતા બોલતા લુવારિયાએ દેહત્યાગ કરી દીધો.

ચારેબાજુ વાતાવરણમાં દિવ્ય શબ્દો ગૂંજી ઊઠ્યા... 'अंते या मति सा गतिः' જીવને અંત સમયે જેવી મતિ હોય છે તેવી ગતિ થાય છે.

આ લુવારિયાએ તપ, ત્યાગ વગેરે કોઈ સાધન કર્યાં ન હતાં, છતાં કરુણાસિંધુ મહારાજે આ અધમ જીવનો ઉદ્ધાર કર્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે કે 'કોઈ પણ જીવને કોઈ પણ રીતે અંત સમયે અમારું સ્મરણ થઈ આવે, તો એ જીવ બહુ મોટી પદવીને પામી જાય છે.'

ભક્તનું ઋણ ભગવાને અદા કર્યું

વિક્રમ સંવત્ ૧૮૮૨ની સાલ હતી, માગશર માસ હતો, દરબાર શ્રી ઝીણાભાઈ બિમાર પડ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ ઝીણાભાઈને જોવા માટે ગઢપુરથી મારતે વેગે જૂનાગઢ આવ્યા.

ઝીણાભાઈની છેલ્લી અવસ્થાનો સમય છે. જૂનાગઢની મેડીએ એમનો ખાટલો ઢાળ્યો છે. મહારાજની મૂર્તિમાં મન પરોવી ઝીણાભાઈ ભજન કરી રહ્યા છે.

ઝીણાભાઈના માતુશ્રી ગંગાબા મહારાજનાં દર્શન કરી અતિ પ્રસન્ન થયા અને કહ્યું, "મહારાજ ! આજે આપે બહુ કૃપા કરી. આપ પધાર્યા એટલે હવે ઝીણાભાઈને સારુ થઈ જશે."

મહારાજ કહે, "હા બા ! અમે આવ્યા એટલે ઝીણાભાઈને નખમાંય રોગ નહીં રહેવા દઈએ, એમને અતિ સુખિયા કરીશુ."

ઝીણાભાઈનો ખાટલો બરાબર મંદિરની સામેની મેડી છે, તે ઉપર રહેતો. મહારાજ ઝીણાભાઈને દર્શન આપવા સીધા મેડી ઉપર પધાર્યા. ઝીણાભાઈના ઢોલિયા પાસે ખુરશી ઉપર બેસી મહારાજે ખબરઅંતર પૂછ્યા. મહારાજના અચાનક દર્શન થવાથી ઝીણાભાઈ ભાવવિભોર થઈ ગયા. આંખમાં ઝળઝળિયાં આવી ગયાં અને મહારાજને કહ્યું, "મહારાજ ! આજે આપે ખૂબ કૃપા કરી."

મહારાજ કહે, "ઝીણાભાઈ ! તમે અમારા નિયમ, નિશ્ચય અને પક્ષ ત્રણે વાનાં દૃઢ કરીને રાખ્યાં છે, માટે અમે તમારા ઉપર ખૂબ રાજી છીએ. આજે તમારે જે માગવું હોય તે માગો. તમે માગો એ અમે આપીએ."

મહારાજે આમ અચાનક માગવાનું કહ્યું એથી ઝીણાભાઈને કાંઈ સમજાણું નહીં, તેઓ મહારાજ સામું ટગર ટગર જોઈ રહ્યા. મહારાજ આજ પોતાના ભક્ત ઉપર ઓવારી ગયા હતા. મહારાજને આજે પોતાના ભક્તને ન્યાલ કરી દેવા હતા. મહારાજ કહે, "બોલો ઝીણાભાઈ ! ગોલોક, વૈકુંઠ કે અક્ષરધામ જ્યાં રહેવાની ઈચ્છા હોય તે ધામ આપું."

"ના, ના મહારાજ !" સંકોચ અનુભવતા ઝીણાભાઈ બોલ્યા.

"બોલો ભક્તરાજ ! બ્રહ્માંડો ચલાવવાનું ઐશ્વર્ય જોઈતું હોય, તો તેનો અધિકાર આપું."

ઝીણાભાઈ સ્વસ્થ મને બોલ્યા, "મહારાજ ! મારે કોઈ ધામની કે કોઈ અધિકારની ઈચ્છા નથી. મારાં મનમાં એક જ ઈચ્છા છે જે, આ મુકુંદાનંદ બ્રહ્મચારી, ભગુજી, રતનજી વગેરે જેમ નિરંતર તમારી સેવામાં રહે છે, તેમ મને પણ તમારી અખંડ સેવામાં રાખો અને બીજું, આ મેડી આગળ જે જમીન છે ત્યાં

તમે મંદિર કરાવો. બસ આટલી ઈચ્છા છે !''

નિઃસ્પૃહી ભક્તની ઈચ્છા સાંભળી મહારાજ રાજી થયા અને કહ્યું, ''જાઓ આ વર તમને આપ્યો.''

પછી મહારાજ કહે, ''તમારા દીકરા હઠીને કંઈ ભલામણ કરવી છે ?''

ત્યારે ઝીણાભાઈ કહે, ''મહારાજ ! હઠી તમારો થશે તો મારે કાંઈ ભલામણ નહીં કરવી પડે, અને જો તમારો નહિ થાય તો હું ગમે તેટલી ભલામણ કરીશ તો પણ નકામી જશે.''

ઝીણાભાઈની સમજણભરી વાત સાંભળી મહારાજનાં મુખારવિંદ ઉપર પ્રસન્નતાની રેખાઓ ઊઠી. પોતાના બે હાથ ઝીણાભાઈના માથા ઉપર મેલ્યા અને નિજસ્વરૂપનાં દર્શન કરાવ્યાં.

ઝીણાભાઈને ધામમાં તેડી જવાનો કોલ આપી ભગવાન શ્રી સ્વામિનારાયણ માઢ-મેડીએથી નીચે ઊતર્યા. નીચે ઝીણાભાઈના મા આતુર હૈયે રાહ જોઈ રહ્યા હતા.

એમણે મહારાજને પૂછ્યું, ''મહારાજ ! મારો ઝીણો સાજો થઈ જશેને ?''

મહારાજે ફરીથી ગૂઢ ભાષામાં કહ્યું, ''મા ! આવતી કાલ બપોર સુધીમાં તમારો ઝીણો સાવ સાજો થઈ જશે, એના નખમાંય રોગ નહિ રહે.''

બીજે દિવસે બપોરે ભગવાન શ્રી સ્વામિનારાયણ પાછા પધાર્યા અને પોતાની હાજરીમાં ઝીણાભાઈનો દેહ મેલાવ્યો. ઝીણાભાઈના શરીર ઉપર આછી ચાદર ઓઢાડી મહારાજ માઢ-મેડીએથી નીચે ઊતર્યા. નીચે ઝીણાભાઈના મા રાહ જોઈ રહ્યા હતા. એમણે પૂછ્યું, ''મહારાજ ! મારા ઝીણાને કેમ છે ?''

મહારાજે એ જ ગૂઢ ભાષામાં કહ્યું, ''મા ! અમે કહ્યું હતું એમ ઝીણાભાઈને હવે નખમાંય રોગ નથી અને રોગ થશે પણ નહિ.''

મહારાજની વાતનો મર્મ સમજવો ડોશીમા માટે મુશ્કેલ હતો. મહારાજને થયું કે, 'આ ડોશીમા પોતાના વહાલસોયા દીકરાના અક્ષરવાસનો આઘાત જીરવી નહિ શકે.' મહારાજે ડોશીમાને સમજાવવાની આગવી રીત અપનાવી.

મહારાજે ધીરે રહીને માને પૂછ્યું, ''મા ! તમારા દીકરાને જૂનાગઢનું રાજ મળે તો તમે રાજી કે નહિ ?''

મા બોલ્યા, "મહારાજ ! દીકરો જૂનાગઢનો રાજા થાય તો કઈ માને હરખ ન થાય !"

મહારાજ બોલ્યા, "મા ! જૂનાગઢ કરતાંય વડોદરાનું રાજ બહુ મોટું છે. તમારો દીકરો વડોદરાનો રાજા થાય તો ?"

માએ કહ્યું, "મહારાજ ! મારા ઝીણાને વડોદરાનું રાજ મળે, તો તો હું બહુ રાજી થાઉં !"

મહારાજ બોલ્યા, "મા ! વડોદરા કરતાંય અંગ્રેજનું રાજ બહુ મોટું છે. તમારા દીકરાને અંગ્રેજનું રાજ મળે તો ?"

મા બોલ્યા,"મહારાજ ! તો તો મને અત્યંત આનંદ થાય."

મહારાજ બોલ્યા, "મા ! તમારા દીકરાને આખી પૃથ્વીનું રાજ મળે તો ?"

મા બોલ્યા, "તો તો મારા રાજીપાનો પાર ન રહે ! "

મહારાજ બોલ્યા, "મા ! તમારા દીકરાને ઈન્દ્રનું રાજ મળે તો ?"

મા બોલ્યા, "મહારાજ ! તો તો હું બહુ રાજી !"

મહારાજ બોલ્યા, "મા ! તમારા દીકરાને આખા બ્રહ્માંડનું રાજ મળે તો ?"

મા બોલ્યા, "મહારાજ ! તો તો હું એથી પણ વિશેષ રાજી ! "

મહારાજ બોલ્યા, "મા ! તમારા દીકરાને અનંતકોટિ બ્રહ્માંડનું રાજ મળે તો ?"

મા બોલ્યા, "મહારાજ ! તો તો મારો આનંદ મારા હૈયામાં માય નહીં !"

મહારાજ આવા પ્રશ્નોની પરંપરા શા માટે ચલાવી રહ્યા છે ? એ ડોશીમા સમજી શક્યા ન હતા. એ તો હા એ હા કરતા કરતા રાજી રાજી કહ્યે જતા હતા.

મહારાજ બોલ્યા, "પણ મા ! તમારો દીકરો એટલે બધે દૂર રાજ કરતો હોય અને તમે અહીં હો, તમારો દીકરો તમને નજરે તો દેખાય નહીં, તોય તમે રાજી રહો ?"

મા બોલ્યા, "મહારાજ ! મને દેખાય કે ન દેખાય; મારો દીકરો અનંત બ્રહ્માંડનો રાજા છે, એ જાણીને જ મારા હૈયામાં આનંદ આનંદ વર્ત્યા કરે."

મહારાજ ધીરે રહીને બોલ્યા, "મા ! તો અમે તમને ખુશખબર આપીએ છીએ કે તમારો દીકરો અનંતકોટિ બ્રહ્માંડની રાજગાદીએ બેસી ગયો છે."

મહારાજ ગંગામાને મેડી ઉપર લઈ ગયા અને ઝીણાભાઈના દેહના દર્શન કરાવી કહ્યું, “મા ! ઝીણાભાઈને અમે સૌથી મોટું અમારું અક્ષરધામ રૂપી રાજ્ય અને અવિનાશી સુખ આપ્યું છે. હવે ઝીણાભાઈ તમને પણ ત્યાં તેડી જશે.”

એમ કહી મહારાજે ગંગામાને અક્ષરધામમાં પોતાની સેવા કરતા ઝીણાભાઈનાં દર્શન કરાવ્યા. અનંત કોટિ બ્રહ્માંડના ધણીની હાજરીમાં ગુણિયલ અને પ્રિય પુત્રનું અવસાન થયું એ અહોભાગ્ય માની ગંગામા જરા પણ દિલગીર ન થયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ઝીણાભાઈના અંતિમ સંસ્કારની બધી જ વિધિ માથે ઊભા રહીને કરાવી. ઝીણાભાઈની અંતિમ પાલખી મહારાજે સ્વયં પોતાને ખભે ઉપાડી દામોદર કુંડ સુધી પગપાળા ચાલ્યા.

એ સમયે સંતો-ભક્તોએ મહારાજને રોક્યા અને કહેવા લાગ્યા, “મહારાજ તમે રહેવા દો !”

ત્યારે મહારાજ કહે, “ભક્તો ! માંગરોળના કમળશીભાઈ બિમાર હતા, ત્યારે તેનો ખાટલો ઝીણાભાઈ પોતે ખભે ઉપાડી પંચાળે લઈ આવ્યા હતા અને મહિમાથી ખૂબ સેવા કરી હતી. અમારા ભક્તના એ ઋણનો બદલો અમે આજે અદા કરીએ છીએ.”

જૂનાગઢના નવાબ પોતાના ઝરૂખામાં ઊભા રહી પોતાના પ્રિય દરબારી ઝીણાભાઈને છેલ્લી સલામી આપી રહ્યા હતા. એમણે આ દૃશ્ય જોયું, એ આભા બની ગયા. સુવર્ણરેખા નદીને કિનારે મહારાજે સ્વયં ઝીણાભાઈના પાર્થિવ શરીરને અગ્નિદાહ દીધો.

દરબાર શ્રી ઝીણાભાઈ જૂનાગઢ રાજ્યના માનીતા હતા, તેથી જૂનાગઢના નવાબે ઝીણાભાઈને શોકાંજલિ અર્પણ કરવા માટે ખાસ કચેરી ભરી. ભગવાન શ્રી સ્વામિનારાયણને પણ એમાં તેડાવ્યા.

નવાબ સરકારે શોક વ્યક્ત કર્યો અને મહારાજને પૂછ્યું, “મહારાજ ! તમે સ્વયં ઝીણાભાઈની અંતિમ પાલખી તમારે ખભે ઉપાડી તો ઝીણાભાઈ તમારે શું સગાં થાય ?”

મહારાજે કહ્યું, “ઝીણાભાઈ અમારા અનન્ય ભક્ત હતા. જેવા આ

ગઢડાના દાદા ખાચર, એવા જ અમારા પંચાળાના ઝીણાભાઈ. દાદા ખાચરે ગોપીનાથજીનાં મંદિર માટે પોતાનું સર્વસ્વ ધન, ધરા, ધામ અર્પણ કર્યું, એ જ રીતે ઝીણાભાઈએ પણ અહીં જૂનાગઢમાં મંદિર બનાવવા માટે પોતાની ધરા-ધામ અર્પણ કર્યાં.''

આટલું કહી મહારાજ બોલ્યા, ''નવાબ સાહેબ ! આ ઝીણાભાઈએ અમારા એક માંદા ભક્તની ખૂબ સેવા કરી હતી. કોઈ માંદાની સેવા કરે, એ અમને ખૂબ જ ગમે છે. ઝીણાભાઈએ માંદા ભક્તનો ખાટલો ખભે લીધો હતો, એ વાતને યાદ કરીને અમે ઝીણાભાઈની પાલખી અમારા ખભા ઉપર લીધી હતી.''

ભગવાન શ્રી સ્વામિનારાયણની વાત સાંભળી નવાબ આફરીન પોકારી ઊઠ્યા અને બોલ્યા, ''વાહ ! સ્વામિનારાણ વાહ ! આપને ઝીણાભાઈ કી રુહ કો તો અપને પાસ બુલા લિયા, લેકિન ઉસ કે શરીર કો ભી પાક બના દિયા !''

કહેવાય છે કે ઈચ્છારામભાઈ ધામમાં ગયા, ત્યારે પણ મહારાજે તેઓની પાલખી ઉપાડી ન હતી. ત્યારે ઝીણાભાઈની પાલખી ઉપાડી મહારાજે એ બતાવ્યું છે, કે ભગવાનને પોતાના ભક્તનો પક્ષ રાખનારા અને સેવા કરનારા ઉપર કેટલી પ્રસન્નતા થાય છે !

૧૨ હેમરાજ શાહ (સુંદરિયાણા)

માણસ હમેશા ડરતો રહે છે. ક્યારેક સંબંધોનો ડર લાગે છે; ક્યારેક મળેલું ગુમાવવાનો ડર લાગે છે; ક્યારેક મરવાનો ડર લાગે છે. આમ ડરેલો માણસ ડરતો ડરતો જ મરે છે. જીવનમાં ક્યારેય કોઈ પ્રાપ્તિનો આનંદ કે સુખ ભોગવી જ શકતો નથી.

પરંતુ જે સંકલ્પની દૃઢતા સાથે પ્રતિજ્ઞા લઈ કૂદી પડે છે, એ જરૂર મેળવીને જ રહે છે. સંકલ્પની દૃઢતા વિના કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી, પછી તે વ્યવહારિક હોય કે આધ્યાત્મિક. દૃઢતાવાળો મનુષ્ય અનેક આપત્તિઓને ઓળંગી ધારેલું કાર્ય સિદ્ધ કરી શકે છે.

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી કહે છે...

"જો હોય હિંમત રે, નરને ઉર માંહી ભારી,
દૃઢતા જોઈને રે, તેને મદદ કરે મોરારી."

અહીં બ્રહ્માનંદ સ્વામી મોક્ષપ્રાપ્તિની દૃઢતા વિષે મુમુક્ષુઓને પ્રેરણા આપે છે અને ખરેખર જો મનમાં દૃઢતા હોય, તો સાક્ષાત ભગવાન પણ મદદ કરે છે. આવા અનેક દાખલાઓ સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસને પાને નોંધાયેલા છે.

શૂરવીર પુત્રોઓ પાયો નાખ્યો સત્સંગનો

ધંધુકાથી પાંચ ગાઉ દૂર ભાલ પ્રદેશનું સુંદરિયાણા નાનું એવું ગોકુળિયું ગામ આવેલું છે. ગામમાં કાઠી, કણબી, વાણિયા, કોળી જેવી ઘણી જ્ઞાતિના લોકો હળીમળીને રહે છે. આ ગામમાં કોઈ વૈષ્ણવ સંપ્રદાયના છે તો કોઈ સ્વામિનારાયણ સંપ્રદાયના, કોઈ સૂર્યના ઉપાસક છે તો કોઈ માતાજીના.

જ્ઞાતિ અલગ છે, ઉપાસના અલગ છે, વ્યવહાર-ધંધા અલગ છે, પરંતુ ગામનું વાતાવરણ સંપથી ભરેલું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સતત વિચરણ કરતા સાધુઓના સંગમાં આવવાથી સુંદરિયાણા ગામમાં સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત બહુ થોડા થયા છે. જે છે તેમાં સુંદરિયાણાના ગામધણી દરબાર ડોસા ખાચર મોખરે છે. ડોસા ખાચરના ભક્તિભાવભર્યા હૃદયથી ખેંચાઈને શ્રીજી મહારાજ તથા સંતો અવારનવાર પધારી સત્સંગ તથા દર્શનનો લાભ આપતા રહે છે.

ડોસા ખાચર ઉપરાંત જેઠીજી, સામંત ખાચર, ભાણજી ગાંધી, ભગાભાઈ વગેરે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત થયા હતા.

વિ.સં. ૧૮૬૪ની સાલ છે. ગઢપુરથી નીકળી ગુજરાત તરફ શ્રીજી મહારાજ પધારી રહ્યા છે. રસ્તામાં આવતા ભાલપ્રદેશનાં ગામોમાં વિચરણ કરતા શ્રીહરિ લોકોના ભાગ્ય ઉપરથી પડદો હટાવી રહ્યા છે.

આજે સુંદરિયાણામાં રળિયામણી ઘડીની રાહ જોવાઈ રહી છે, બજારો વળાઈ ગઈ છે, ઘરે ઘરે આસોપાલવના તોરણો બંધાણાં છે, ચોકમાં સાથિયાઓ પૂરાણા છે, સહુ સત્સંગીઓ ભેગા મળી વાજિંત્રો સાથે ગામની ભાગોળે ભેગા થયા છે. કારણ કે વિચરણ કરતા શ્રીહરિ સુંદરિયાણા પધારવાના છે.

ગામધણી ડોસા ખાચર ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા. એમના હૃદયનો શુદ્ધ ભાવ મહારાજ તથા સંતોને વારંવાર સુંદરિયાણા ખેંચી લાવતો. એમને સતત ખટકો રહેતો કે, મને જે અલૌકિક પ્રાપ્તિ થઈ છે તેની ઓળખાણ અન્ય ગામલોકોને થાય અને એમનાં ભાગ્યનો પણ સૂર્યોદય થાય. અને એ જ કારણે દરબારે શ્રીહરિના દર્શન કરવા પધારવાનું આમંત્રણ ઘરે ઘરે પહોંચાડી દીધું હતું.

ડોસા ખાચરનો વ્યવહાર મોટો હતો, તેથી વ્યવહારની દેખરેખ માટે ગામના

જ બે વણિક ભાઈઓને કામદાર તરીકે રાખ્યા હતા. તેઓનાં નામ વના શાહ અને પૂંજા શાહ હતું. તેઓ ચુસ્ત વૈષ્ણવ પરંપરાના ઉપાસક હતા. ડોસા ખાચરે એ બન્ને ભાઈઓને પણ શ્રીહરિનાં દર્શન કરવાનું આમંત્રણ આપેલું.

શ્રીહરિ સંતો તથા ભક્તો સાથે સુંદરિયાણા પધાર્યા. વાજતે-ગાજતે શ્રીહરિને દરબારગઢમાં પધરાવવામાં આવ્યા. ગામના લગભગ તમામ લોકો શ્રીહરિના દર્શન કરવા પધાર્યા હતા. ગવૈયા સંતો કીર્તનભક્તિ કરી રહ્યા હતા. સભાની મધ્યમાં મહારાજનો ઢોલિયો શોભતો હતો. મહારાજ તકિયે ઓઠીંગણ દઈને બિરાજમાન હતા. સંતો-ભક્તો અનિમેશ નજરે દિવ્ય મૂર્તિનાં દર્શન કરી રહ્યા હતા.

એ સમયે વના શાહ અને પૂંજા શાહ પણ મહારાજનાં દર્શન કરવા દરબારગઢમાં પધાર્યા. તારામંડળની મધ્યમાં જેમ ચંદ્ર શોભતો હોય, એમ સંતો-ભક્તોની મધ્યમાં શોભતા મહારાજના દર્શન કરી બન્ને ભાઈઓના અંતરમાં અજવાળા પથરાયાં. ક્યારેય ન અનુભવેલી શાંતિની અનુભૂતિ થઈ.

બન્ને ભાઈઓ અહોભાવ સાથે મહારાજના દર્શન કરી રહ્યા હતા. મહારાજે એ જ સમયે પોતાના બન્ને ચરણો લાંબા કર્યા. ચરણારવિંદના દર્શન કરી બન્ને ભાઈઓની આંખમાંથી આંસુઓ વહેવા માંડ્યા.

સભા પૂરી થઈ. બન્ને ભાઈઓએ મહારાજ પાસે જઈ પ્રણામ કર્યા અને બોલ્યા, “મહારાજ ! અમને તમારા આશ્રિત કરો. અમને બ્રહ્મસંબંધ આપી અમારા ભાગ્યના કમાડ ખોલો...”

મહારાજે વના શાહ અને પૂંજા શાહને વર્તમાન ધરાવ્યા અને બન્નેના માથે હાથ મેલતા બોલ્યા, “આજે અમે તમને અમારે શરણે લીધા, અમે તમને વર્તમાન ધરાવ્યા, તેથી તમારે અમને દક્ષિણા આપવી પડે. તો તમારા ઘરમાં કોઠી ઉપર જે ત્રણ નવા ચોફાળ પડ્યા છે, તે અમને ભેટ ધરો !”

મહારાજની માગણી સાંભળી અતિ આશ્ચર્ય સાથે પૂંજા શેઠ દોડતા ઘરે ગયા અને ચોફાળ લાવી મહારાજને અર્પણ કર્યા.

મહારાજની આ લીલા જોઈ ડોસા ખાચર મંદમંદ હસવા માંડ્યા, કારણ કે જ્યારે ડોસા ખાચરે બન્ને ભાઈઓને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કરવા પધારવાનું આમંત્રણ આપ્યું ત્યારે તેઓએ ડોસા ખાચર આગળ પોતાનાં બે સંકલ્પો

રજૂ કર્યા હતા અને કહ્યું હતું કે, 'જો તમારા ભગવાન અમારા બે સંકલ્પો પૂરા કરે, તો અમે તેમની પાસે બ્રહ્મસંબંધ લઈએ.' એ બે સંકલ્પો હતા, 'તેમના ચરણમાં સોળ ચિહ્ન હોવા જોઈએ અને અમારા ઘરમાં કોઠી ઉપર ત્રણ ચોફાળ પડ્યા છે તે ત્યાં બેઠા બેઠા જ અમારી પાસેથી માગી લે.'

આ રીતે અંતર્યામીપણે શ્રીજી મહારાજે તેમની ભાવના પૂરી કરી, બન્ને ભાઈઓને પોતાનો દૃઢ નિશ્ચય કરાવ્યો.

પુત્ર થકી સત્સંગનો રાહ મળ્યો

ભગવાન શ્રી સ્વામિનારાયણનું અલૌકિક ઐશ્વર્ય અને સંતોના સમાગમથી બન્નેએ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સત્સંગ સ્વીકાર્યો. એમના નાના ભાઈ જેઠાશા પણ સત્સંગી થયા.

વના શાહ અને પૂંજા શાહના પિતા હેમરાજ શાહ પરમ વૈષ્ણવ હતા. જ્ઞાતિએ મોઢ વણિક હતા. હેમરાજ શાહની પ્રતિષ્ઠા સારાયે ધંધુકા પંથકમાં પ્રસરેલી હતી. વૈષ્ણવ સંપ્રદાયમાં તેઓની ગણના અગ્રણી ભક્તોમાં થતી.

તેઓ એકાદશીના દિવસે નકોરડો ઉપવાસ કરતા; સુંદરિયાણાથી પગે ચાલીને ધંધુકા હવેલીએ દર્શને જતા; સાથે એક મણ ઘી લેતા; વૈષ્ણવભક્તો સાથે એકાદશી ઉજવતા; કીર્તનભક્તિ કરતા કરતા મોડી રાત સુધી જાગરણ કરતા; બારસના દિવસે સાથે લાવેલા ઘીના લાડુ બનાવી સર્વને પારણા કરાવી પછી પોતે પારણાં કરતા. હેમરાજ શાહનો ભક્તિભાવ અનેરો હતો.

વૈષ્ણવ ભક્ત હોવા ઉપરાંત હેમરાજ શાહ સારા વૈદ્ય પણ હતા. રોગાતુરની સેવા અને ગરીબો પ્રત્યે હમદર્દી એમના લોહીમાં વણાઈ ગઈ હતી. માટે જ આખી જ્ઞાતિમાં તેઓ એક ધર્મનિષ્ઠ દાનેશ્વરી તરીકેની સારી ખ્યાતિ પામ્યા હતા.

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઇ જાણે...

આ પંક્તિ એમનો જીવનમંત્ર હતી. હેમરાજ શાહની ધર્મનિષ્ઠા અચળ હતી. અન્યાશ્રયને તેઓ પાપ માનતા હતા. પોતાના યુવાન પુત્રો બાપદાદાનો ધર્મ મેલી નવા પંથના આશ્રિત થયા, એ હેમરાજ શાહને ન ગમ્યું.

હેમરાજ શાહના બે પુત્રો વના અને પૂંજાએ સ્વામિનારાયણ ધર્મ સ્વીકાર્યો

છે એ વાત વાયુવેગે સારાએ પંથકમાં ફેલાઈ ગઈ હતી. જેથી હેમરાજ શાહને સમાજમાં નીચું જોવાનું થયું હતું. પરંતુ વિવેકી, ડાહ્યા, પોતાનો તમામ વ્યવહાર સંભાળનારા અને નિર્માનીપણે પોતાની મર્યાદા સાચવનારા પુત્રોને કશું કહી શકતા નહીં. બન્ને પુત્રોએ પોતાની વર્ષો જૂની પરંપરાને ત્યજી પરાયો ધર્મ સ્વીકાર્યો તેથી તેઓ મનમાં ઘણી મૂંઝવણ પણ અનુભવતા હતા, પણ એ મૂંઝવણ ટાળવાનો કોઈ ઉપાય એમને જડતો ન હતો.

એદ દિવસ એમણે પોતાના પુત્રોને કહ્યું, "પુત્રો ! બાપદાદાનો ધર્મ મેલી અન્યાશ્રય શા માટે કર્યો ?"

પુત્રોએ કહ્યું, "ક્ષમા કરજો પિતાશ્રી ! અન્યાશ્રય કોને કહેવાય ? એ સમજવું જરૂરી છે. ભગવાન શ્રીકૃષ્ણ સિવાય કોઈ દેવને વંદન કરવાથી કે કોઈ દેવનો પ્રસાદ લેવાથી અન્યાશ્રય થઈ જાય, એ વાત અમારી સમજમાં આવતી નથી."

"પિતાશ્રી ! પરમાત્મા વિષ્ણુ સિવાય બીજા દેવતા, કાળ, કર્મ, માયા કે સ્વભાવને જગતના સર્જનહાર માનવા એ અન્યાશ્રય છે. બાકી વિષ્ણુ તો સર્વત્ર વ્યાપક છે. સર્વ દેવોમાં એ બિરાજે છે, માટે અન્ય દેવોનો અનાદર એ તો સ્વયં ભગવાન વિષ્ણુની જ વ્યાપક શક્તિનો અનાદર છે."

"બીજી મહત્ત્વની વાત એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ એ જ સ્વયં પરમાત્મા વિષ્ણુ છે, એની અમને પ્રતીતિ થઈ ચૂકી છે. માટે અમે અન્યાશ્રય કર્યો જ નથી."

"ત્રીજી મહત્ત્વની વાત એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો પંચ મહાવ્રતોનું પાલન કરે છે; ધર્મની સાચી સમજ આપે છે; સદાચારી જીવન જીવવાની શીખ આપે છે. એમની ભોગ અને ભ્રષ્ટાચારરહિત ભક્તિની રીત અમને ગમી છે."

નિર્મળ ભક્તિના માર્ગે પિતા કરતાં પુત્રો સવાયા હતા. પિતા-પુત્રના લક્ષ્ય એક હતા, પરંતુ મારગ જૂદા થઈ ચૂક્યા હતા.

આખરે કુટુંબ ક્લેશને ટાળવા માટે પિતા અને પુત્રોએ એકબીજાની માન્યતામાં માથું ન મારવાનો નિર્ણય કર્યો.

આમને આમ દશ વર્ષનો સમય પસાર થઈ ગયો.

શું આપ યોગેશ્વર કૃષ્ણ છો ?

આમને આમ સમય પસાર થતો રહ્યો. વિ. સં. ૧૮૭૪ની સાલ હતી. યોગીરાજ ગોપાળાનંદ સ્વામી સુંદરિયાણા પધાર્યા હતા. રોજ સત્સંગસભાઓ થતી હતી. સમર્થ સંતનાં વચને લોકોને શાંતિ થતી હતી. વનાશા, પૂંજાશા અને જેઠાશા પણ નિયમિતપણે સ્વામીનો સમાગમ કરતા હતા. સ્વામીના દર્શન અને સમાગમ કરીને વના શાહ અને પૂંજા શાહના હૃદયમાં ખૂબ આનંદ થતો.

બન્ને ભાઈઓના અંતરમાં 'પિતા નારાજ છે' એની પીડા રહેતી હતી. મનમાં થતું હતું કે, 'પિતાશ્રી જો સ્વામીનો સમાગમ કરે તો એમના પૂર્વગ્રહો દૂર થાય અને એમનાં અંતરમાં ધર્મની ઉત્તમ સમજણ જાગૃત થાય.'

બન્ને ભાઈઓએ સ્વામીને હેમરાજ શાહની મૂંઝવણની બધી જ વાત કરી. સ્વામી કરુણાભાવે બોલ્યા, "વના શેઠ ! તમારા પિતાશ્રીને અહીં બોલાવી લાવો."

વના શેઠ કહે, "સ્વામી ! અમારા પિતાશ્રીના અંતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભારે દ્વેષ છે. સ્વામિનારાયણ અને એમના સાધુનું નામ સાંભળતા જ એ ભડકે છે, માટે તેઓ અહીં આવે એ શક્ય નથી."

"એમને અહીં લાવવાનો કોઈ ઉપાય ખરો ?" સ્વામીએ કહ્યું.

વના શેઠ કહે, "હા સ્વામી ! પોતે વૈદ્ય છે, એટલે કોઈ બિમાર હોવાના સમાચાર સાંભળે તો તુરત જ દોડીને પહોંચી જાય !"

સ્વામી હસીને બોલ્યા, "એ તો બહુ સારી વાત કહેવાય. અમારે ખુદને શરીરે કસર છે. તમારા પિતાશ્રીને કહો અહીં આવે; અમારી નાડી જૂએ, નિદાન કરે અને ઉપચાર બતાવે."

વના શેઠ ઘરે ગયા. વિવેકભરી વાણીએ પિતાશ્રીને કહ્યું, "પિતાજી ! અમારા સ્વામી તમને બોલાવે છે."

'સ્વામી' શબ્દ સાંભળતા જ હેમરાજ શાહના અંતરમાં ઘણા સમયથી રહેલો રોષ પ્રગટ થયો અને બોલ્યા, "વનાશા ! બોલવામાં વિવેક રાખ, કોણ સ્વામી ? સ્વામી તો એક શ્રીવલ્લભ, બીજા બધા બાવા."

વના શેઠ કહે, "પણ પિતાશ્રી ! અમારા એ સાધુ માંદા છે !"

માંદગીની વાત સાંભળી એટલે હેમરાજ શાહ થોડીવાર તો વનાશાની સામે જોઈ રહ્યા. મનમાં થોડી ગડમથલ ચાલી. આખરે તમામ પૂર્વગ્રહ પડતા મેલી

ઊભા થયા. દવાની પેટી હાથમાં લીધી અને ચાલતા થયા.

ધર્મનિષ્ઠાની સાથોસાથ શેઠનો વિવેક વંદનીય હતો. શેઠ સ્વામીનું દરદ મટાડવા જઈ રહ્યા હતા, પરંતુ એમને ખબર નો'તી કે આજે એમનું જ ભવોભવનું દરદ દૂર થઈ જવાનું હતું.

હેમરાજ શાહ મંદિરે આવ્યા, સાધુ જાણી સ્વામીને બે હાથ જોડી પ્રણામ કર્યા. સ્વામીનું પ્રભાવશાળી શરીર જોઈ હેમરાજ શાહના મનના સંકલ્પો ઠરવા લાગ્યા. સ્વામી સૂતા હતા ત્યાં પાસે જ બેઠા. પથારીમાં સૂતેલા સ્વામીએ મંદ મંદ હસીને હેમરાજ શાહની સામે જોયું. સ્વામીની નજર હેમરાજ શાહના હૈયા સોંસરવી ઊતરી ગઈ.

પ્રભાવશાળી સંતના દર્શન કરતા હેમરાજ શાહના અંતરમાં ટાઢક થવા લાગી. સ્વામીએ મધુર સ્વરે આવકાર આપી કહ્યું, "શેઠ ! પધારો, અમારી નાડી જૂઓ અને અમારા રોગનું નિદાન કરો."

સ્વામીએ પોતાનો હાથ લાંબો કર્યો ને કહ્યું કે, "શેઠ ! અમારી નાડી જોઈ શું રોગ છે તે કહો." શેઠ તો સ્વામીનો હાથ પોતાના હાથમાં લઈ ગંભીરતાથી તપાસવા લાગ્યા. આ બાજુ સ્વામીએ યોગના અલૌકિક ઐશ્વર્યથી પોતાની બધી જ નાડીઓ ખેંચી લીધી.

જેમ ભૂલભૂલામણીમાં બાળક ભૂલું પડે એમ શેઠ ભૂલા પડ્યા. ઘડીક જમણો હાથ તો ઘડીક ડાબો હાથ જૂએ છે, પરંતુ નાડી પકડાતી નથી. હાથની નાડીઓ ન પકડાતા હેમરાજ શાહે આશ્ચર્યથી સ્વામીની સામે જોયું, તો સ્વામી મંદ મંદ હસી રહ્યા હતા. એ હાસ્યમાં ગજબનો સંકેત સમાયેલો હતો.

શેઠ વૈદ્યશાસ્ત્રમાં બતાવેલા પ્રસિદ્ધ નાડીસ્થાનો તપાસવા લાગ્યા. કાનના મૂળ, કંઠ વગેરે સ્થળોએ નાડીના ધબકારા તપાસ્યા, પરંતુ પૂરાએ શરીરમાં ક્યાંય પણ નાડીનો ધબકાર ન હતો. આખરે હેમરાજ શાહે સ્વામીના હૃદય ઉપર હાથ મૂક્યો. શેઠના આશ્ચર્યનો પાર ન રહ્યો, કારણ કે હૃદયના ધબકારા પણ બંધ હતા. જીવન હતું પણ હૃદય બંધ હતું !

સૂતા સૂતા સ્વામી શેઠની સામે મુખ મલકાવી બોલ્યા, "કેમ શેઠ ! કસરનું કાંઈ કારણ જાણવામાં આવ્યું ?"

હેમરાજ શાહ દ્વિધામાં પડી ગયા. તેઓ મનમાં વિચારે છે કે, 'અરે બધી

જ નાડીઓ બંધ હોવા છતાં આ સાધુ બોલે-ચાલે છે. આવી ક્રિયા મનુષ્યની ન હોય, જરૂર આ કોઈ અવતારી પુરુષ હોવા જોઈએ.'

એ જ સમયે સ્વામીએ અક્ષિવિદ્યાને આધારે પોતાના બન્ને નેત્રોને ચક્રાકારે ફેરવવાનું શરુ કર્યું. બન્ને નેત્રોમાંથી કોઈ અલૌકિક તેજનો પ્રવાહ નીસરવા લાગ્યો. હેમરાજ શાહ આશ્ચર્યના સાગરમાં ગરકાવ થયા. આવી યોગકળા એમણે ક્યારેય જોઈ નો'તી અને કલ્પી પણ ન હતી. આ અલૌકિક કળાએ હેમરાજ શાહના હૈયાના સર્વ પૂર્વગ્રહોને ગાળી નાખ્યા. યોગકળાનો આવો અલૌકિક પ્રભાવ જોઈને હેમરાજ શાહે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના ચરણ પકડ્યા અને એમના મુખમાંથી પ્રશ્નાર્થક ઉદ્‌ગાર સર્યા, "સ્વામી ! આપ સાક્ષાત્ યોગેશ્વર કૃષ્ણ તો નથી ને ? કારણ કે આવી યોગકળા તો યોગેશ્વર કૃષ્ણમાં જ સંભવે !"

સ્વામીનો ગુણ આવતાં જ ભૂલભૂલામણીમાં ભટકતા જીવને રાહ મળી ગયો. અંતરની ચેતના જાગી. સ્વામીની અમૃતવર્ષાએ શેઠનું હૃદય કોળી ઊઠ્યું. શેઠ સ્વામીના પગમાં પડી ગયા ને કહ્યું, "સ્વામીજી ! આપ તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ છો ! નહિતર કોઈ મનુષ્યથી આવું બને નહિ. મને તમારો શિષ્ય બનાવો."

સ્વામી આસનમાંથી બેઠા થયા. શેઠના માથે હાથ મૂક્યા અને કરુણાદૃષ્ટિ કરી બોલ્યા, "શેઠ ! સાચી વાત એ છે કે અમે કૃષ્ણ નથી, પરંતુ અમને પ્રગટ કૃષ્ણ મળ્યા છે. મનની ધારણાઓ મેલીને તમે એમનું શરણું સ્વીકારો અને સાચા અર્થમાં વૈષ્ણવ બનો."

સ્વામીનું નિર્માની વાણી અને ઐશ્વર્યથી ભરેલું વર્તન જોઈ હેમરાજ શાહના હૃદયમાં પડેલું હિમ ઓગળી ગયું. અત્યાર સુધી કરેલી ભક્તિ અને દીન-દુઃખિયાની સેવાનું ફળ આજે તેમની સામે પ્રગટ થયું. સ્વામી પાસે કંઠી બાંધી સત્સંગી થયા અને ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરવા લાગ્યા.

સ્વામીની કસર ટાળવા આવેલા હેમરાજ શાહની સર્વ કસર સ્વામીએ ટાળી નાખી. હેમરાજ શાહ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા.

સત્સંગ વિરોધીઓને જડબાતોડ જવાબ

આખા ધંધુકા પંથકમાં મોંઢા એટલી વાતો ફરતી થઈ. કોઈ કહે, 'શેઠને સ્વામિનારાયણની ભૂરકી લાગી ગઈ.' કોઈ કહે, 'શેઠને સ્વામિનારાયણના સાધુએ મંત્રવિદ્યાથી વશ કરી લીધા.' તો વળી કોઈ કહે, 'શેઠે સામે ચાલીને સ્વામિનારાણના

પંથનો આશ્રય કર્યો.' આમ આખા વૈષ્ણવ સમાજમાં અવનવી વાતો ફરતી થઈ.

હેમરાજ શાહના નાતીલાઓને આ વાત ગમી નહીં અને સમાજના મોઢે થતી વાતો તો શેઠે ગણકારી નહીં, પણ પોતાના જ સમાજના અને પરિવારના લોકોના પેટમાં તેલ રેડાયું અને ઈર્ષાની આગ ભભૂકી ઊઠી તે કેમ ઠારવી ? હેમરાજ શાહ જેવા ચુસ્ત વૈષ્ણવ અને પાછા પૈસે-ટકે સુખી પરધર્મમાં ચાલ્યા જાય તે એ કહેવાતા ધાર્મિકોને કેમ પોસાય ?

સમાજના આગેવાનો ભેગા થયા. તેઓ હેમરાજ શાહને સમજાવવા લાગ્યા, તરેહ તરેહના પ્રશ્નો કરવા લાગ્યા, "શેઠ ! તમને આપણા ધરમમાં શું ખોટ દેખાણી તે વૈષ્ણવ મટી સ્વામિનારાયણના આશ્રિત થયા ? તમને આપણી પરંપરા છોડવાની પણ લાજ ન આવી ? ક્યાં આપણા બાપદાદાનો ઘેઘૂર વડલા જેવો જૂનો વૈષ્ણવ ધર્મ અને ક્યાં આજકાલથી છૈયાંની માફક ફૂટી નીકળેલ સ્વામિનારાયણનો ભ્રામક પંથ ?"

હેમરાજ શાહ દૃઢતા સાથે તેઓને કહેતા, "તમારી મતિ ભમી ગઈ છે કે તમે મારા ભગવાનને ભ્રમિત કહો છો. અને હું ક્યાં વૈષ્ણવ મટી ગયો છું, મારા સહજાનંદ સ્વામી સ્વયં વિષ્ણુ છે, હું તેનો દાસ છું, તેથી હું પણ વૈષ્ણવ છું !"

આગેવાનોએ કહ્યું, "શેઠ ! તમને ધર્મ બદલવાનું પાપ નહીં લાગે ?"

હેમરાજ શાહે કહ્યું, "શ્રેષ્ઠીઓ ! જ્યારે મહાપ્રભુજીના પુત્ર વિઠ્ઠલનાથજીએ સત્સંગ કરાવી લોકોને ધર્મની સાચી સમજ આપી વૈષ્ણવ બનાવ્યા, ત્યારે તે લોકોનો બાપદાદાનો કોઈને કોઈ ધર્મ તો હશે ને ? એમણે વૈષ્ણવ ધર્મ સ્વીકારી ધર્મપરિવર્તન કર્યું, તો શું એમને પાપ લાગ્યું હશે ? એ જ રીતે મેં પણ સમજી-વિચારીને ભગવાન શ્રી સ્વામિનારાયણનું શરણું સ્વીકાર્યું છે. મારા સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી અને સર્વ અવતારના અવતારી છે. અનંતકોટિ બ્રહ્માંડોમાં એમનું કહ્યું થાય છે. વેદો જેમની સ્તુતિ કરે છે એ સ્વયં પુરાણપુરુષોત્તમ સહજાનંદ સ્વામી છે. અવતારો જેવું સામર્થ્ય તો એમના સાધુઓમાં છે, એ અલૌકિકતાને મેં મારી નજરે નિહાળી છે. ત્યારબાદ જ મેં શિરસાટે એમનો ધર્મ સ્વીકાર્યો છે. માટે કોઈ દિવસ મને સત્સંગ છોડવાનું કહેશો નહિ. અને હા... સાંભળો ! જેમ જૂનાં કપડાં બદલી નવાં કપડાં પહેરવા દરેકને પ્રિય લાગે, જીર્ણ મકાનને બદલે નવું મળે તો આનંદ થાય છે, રાંકને રાજ્ય મળે અને જેવો આનંદ થાય એવો આનંદ મને ભગવાન શ્રી

સ્વામિનારાયણના આશ્રયે મળ્યો છે. આ બધો જ આનંદ આ સત્સંગમાં સમાયેલો છે, માટે સત્સંગ છોડવાનું કહેવા મારા ફળિયામાં આજ પછી પગ પણ ન મૂક્તા !''

હેમરાજ શાહની આવી સ્પષ્ટ અને ખુમારીભરી વાત સાંભળી આવેલા આગેવાનોના મોંઢા પાણી વગર સૂકાતા વેલાની જેમ ઢીલા પડી ગયા. ભોં ખોતરતા બળતા હૈયે સહુએ પોતપોતાની વાટ લીધી.

★ ★ ★ ★ ★

હેમરાજ શાહનો પ્રભાવ જબરો હતો, એટલે એમની આગળ નાત્યનું કંઈ ચાલ્યું નહીં. હકીકતમાં આ નાત્ય પણ કોઈના હાથનું રમકડું હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણના સત્સંગનો થઈ રહેલો અભૂતપૂર્વ વિકાસ કેટલાકની આંખમાં કણાની માફક ખૂંચતો હતો. એ લોકોને પોતાની ઈજારાશાહી તૂટી રહી હોય એવું લાગતું હતું, એટલે એમનાં અંતરમાં ઈર્ષ્યાની આગ સળગી રહી હતી. તેઓ પડદા પાછળ રહી નાત્યને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ હેમરાજ શાહના પ્રભાવ સામે કોઈથી કાંઈ થઈ શક્યું નહીં.

હેમરાજ શાહ સત્સંગી થયા એટલે કેટલાકના અંતરમાં એક ધનવાન શિષ્ય ગુમાવવાનું દુઃખ થયું. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે તેઓના અંતરમાં ઈર્ષા સળગી. ધંધુકાના તમામ વણિક આગેવાનોને ભેગા કર્યા અને કહ્યું, ''સાંભળો શેઠિયાઓ ! આજ-કાલથી આ સ્વામિનારાયણના સાધુઓ આપણા શેઠિયાઓને પોતાના કરતા થયા છે, જો આમ જ આપણા વૈષ્ણવભાઈઓને પોતા તરફ વાળતા રહેશે તો વૈષ્ણવધર્મને મોટો ધક્કો લાગશે, ફેલાયેલો સંપ્રદાય તૂટી પડશે. માટે કોઈ એવો ઉપાય વિચારો, કે જેનાથી વૈષ્ણવો સ્વામિનારાયણીયા થતા અટકે !''

વડેરાની વાત સાંભળી એક વણિક ઊભા થયા અને બોલ્યા, ''આ બાબતે અમારે નહીં તમારે વિચારવાની જરુર છે. જેમ આપણા ગુરુ વિઠ્ઠલનાથજીએ કોઈની મદદ વિના જ બીજાના શિષ્યોને પોતાનાં કર્યા હતા, તેમ તમે પણ સ્વામિનારાયણ અને તેમના સાધુઓ જેવો ઉપદેશ આપે છે, એવો ઉપદેશ આપો અને આપણા ભાઈઓને પાછા વાળી લો !''

''ભાઈ ! અમે અમારાથી થતા તમામ ઉપાયો અજમાવી જોયા, પણ એનું કોઈ ફળ અમને મળ્યું નહીં. અને રહી વાત સ્વામિનારાયણની, તો એમણે તો મુસલનામ, જૈન, વેદાન્તી જેવાને પણ પોતાના સત્સંગી કર્યા છે. એના જેવી શક્તિ

અમારામાં હોય તો તમારી પાસે મદદ લેવા શા માટે આવીએ ? માટે હવે એક જ નિર્ણય કરી આપણો સંપ્રદાય છોડી સ્વામિનારાયણમાં ભળેલાઓને નાત્ય બહાર મૂકો.''

વડેરાની વાત સાંભળી સૌ શેઠિયાઓએ કહ્યું, ''અમારાથી હેમરાજ શાહ જેવા આબરૂદાર શેઠને નાત્ય બહાર મૂકી શકાય નહીં, પણ તમારી વાતનો નિર્ણય યોગ્ય સમય આવશે ત્યારે કરીશું.'' આમ ઠરાવ કરી સહુ છૂટા પડ્યા.

આમ અનેક ઉપાધિઓ વચ્ચે સત્સંગ ટકાવી રાખી હેમરાજ શાહ મહારાજના રાજીપાના પાત્ર બન્યા. મધ્યના ૫૯મા વચનામૃતમાં નિશ્ચયની દૃઢતાવાળા હરિભક્તોનાં નામ ગણાવ્યા, તેમાં હેમરાજ શાહનું નામ ગણાવી મહારાજે અંતરના આશીર્વાદ પાઠવ્યા.

સત્સંગી થયાના બરાબર છ વર્ષ બાદ હેમરાજ શાહ વિ.સં. ૧૮૮૦માં પોતાના પુત્રોને સત્સંગની દૃઢ ટેક રાખવાની ભલામણ કરી અક્ષરવાસી થયા.

પિતાનો વારસો સાચવ્યો

હેમરાજ શાહ ધામમાં ગયા, પણ પોતાની દૃઢ નિષ્ઠાનો વારસો પોતાના પુત્રોમાં આપતા ગયા.

હેમરાજ શાહે ધામમાં જતાં પોતાના ત્રણેય પુત્રો વનાશા, પૂંજાશા, જેઠાભાઈ તથા ભત્રીજા ભગાભાઈને કહેલું કે, 'સત્સંગની ટેક આજીવન રાખજો. ને મહારાજને રાજી કરી લેજો... આ નાશવંત સંસારનો સાર તો એક સહજાનંદ છે. માટે એ રીઝે તે કરવું ને બીજા કોઈથી ક્યારેય ન ડરવું. સત્સંગને અર્થે, મહારાજને અર્થે માથું આપવું પડે તોય પાછા ન પડતા !' પુત્રોએ પિતાનાં આ વચન શિર સાટે રાખ્યા હતા.

હેમરાજ શાહના કારજનો દિવસ નજીક આવ્યો. બધી જ તૈયારીઓ થઈ ગઈ. સગા-સંબંધીઓ તથા વૈષ્ણવ સમાજને આમંત્રણો અપાઈ ગયા. પકવાન્ન માટેની સામગ્રીના ગંજ ખડકાવા લાગ્યા. રસોઈ તૈયાર થવા લાગી.

તો બીજી બાજુ કારજમાં વિઘ્ન કરવાની પણ તૈયારીઓ થવા લાગી. અપમાનનો બદલો લેવાનો યોગ્ય સમય પારખી આગેવાનોની કાનભંભેરણી કરી એટલે બન્ને ભાઈઓને સ્વામિનારાયણનો આશરો છોડાવવા, લાચાર બનાવવાના મંડાણ મંડાયા.

કારજના આગલા દિવસે વૈષ્ણવ આગેવાનો સુંદરિયાણા આવ્યા. વના શાહ અને પૂંજા શાહને ધમકીના સ્વરે સમજાવવા લાગ્યા : "પૂંજા શાહ ! અમે તમારા હિતની વાત કરવા અહીં આવ્યા છીએ. તમારા પિતાનું કારજ બગડે નહીં ને નાત સારી રીતે જમે તેમ કરવું હોય, તો તમારે સ્વામિનારાયણનો આશરો મૂકવો પડશે !" પૂંજાશા કહે, "ભાઈઓ ! આ સમય ઝગડવાનો નથી, અમારા પિતાનું કારજ પતે, પછી નિરાંતે આપણે વાત કરીશું."

તેઓની ઉપર પૂંજા શાહની વિનંતીની કોઈ અસર ન થઈ, કારણ કે તેઓ તો ઝગડવાના મૂડમાં જ હતા. એટલે એક આગેવાન બોલ્યા, "જે નિર્ણય કરવો હોય તે અત્યારે જ થશે. નહિંતર રસોઈ રખડી પડશે; તમારા બાપાનું કારજ બગડશે અને ઉપરથી તમારી આબરૂ જશે. માટે સ્વામિનારાયણની કંઠી તોડી નાખો. અને ફરી વૈષ્ણવી દીક્ષા લઈ લો..."

પૂંજાશા કંઈ બોલવા જાય એ પહેલા જ લાલ આંખો કરી ઊંચા સ્વરે વનાશા બોલી ઊઠ્યા, "મહાજન ! આ કંઠી કાંઈ ઢોરને વશ કરવા બાંધેલા દોરડા જેવી નથી કે તમે ધારો ત્યારે નીકળી જાય ! આ કંઠી તો શિર સાટાની વાત છે. કૂતરાના ભસવાથી કાંઈ હાથી પોતાને જવાની દિશા ન બદલી નાખે, એ તો એમની મસ્તીમાં પોતાના રસ્તે આગળ વધ્યે રાખે. માટે તમારા જેવાની ધાક-ધમકીથી અમે ડરી જઈએ અને સહજાનંદનું શરણું છોડી દઈએ એવું માનતા હો તો તમે ભૂલ્યા. અને વાત રહી લોકલાજની તો એમની અમને કાંઈ પડી નથી. માટે તમારાથી થાય તે કરી લો...!"

વના શાહની ચોટદાર વાત સાંભળી અપમાનિત થયેલા આગેવાનોના મોંઢા લાલ-પીળા થઈ ગયા. હવે આ ભાઈઓ આપણા કહ્યામાં નહીં રહે એવું લાગતા પોતાનું થયેલું અપમાન ગળી ગયા અને જાણે ઉપકાર કરતા હોય તેમ ફરી બોલ્યા, "ના,ના ભાઈઓ ! અમે ક્યાં તમને એમ કહીએ છીએ કે તમે સ્વામિનારાયણનો આશરો મૂકી દ્યો, પણ જ્યારે નાત જમવા આવે ત્યારે થોડો સમય કંઠી કાઢી નાખજો, ને જમી રહે કે તરત પહેરી લેજો !"

પૂંજા શાહના મુખમાંથી શબ્દો નીકળ્યા, "જીવતા તો એ નહીં બને ! મર્યા પછીનું મારા ભગવાન શ્રી સ્વામિનારાયણ જાણે. માટે નાતને કહો જમવા આવવું હોય તો આવે, નહીંતર આ જગતમાં જમનારા ઓછા નથી !"

પૂંજા શાહની વાત સાંભળી મહાજન વીફર્યા અને બોલ્યા, "જો જો હોં... પૂંજા શાહ પસ્તાવું પડશે! અમારી વાત નહીં માનો તો તમને નાત્ય બા'રા કરવામાં આવશે ! કોઈ નાતીલા જમશે નહીં; રાંધેલા પકવાન રઝળશે; ડોસાનું કારજ બગડશે; નાત્ય તમારી સાથેના સઘળા વ્યવહારો બંધ કરશે; દીકરા-દીકરીઓ પરણ્યા વગરના રહેશે."

"નાત્ય બા'ર રેવાનો અમને ડર નથી. જે નાત્યમાં ધર્મની સાચી સમજણ ન હોય, ચીલાચાલુ ધર્મ પળાતો હોય અને ધર્મના નામે ઈર્ષ્યા ભરી હોય એવી નાત્યમાં રહીએ તોય શું ? અને ન રહીએ તોય શું ? અમારા દીકરાઓની ચિંતા અમે કરીશું. એમને વરાવવાની ચિંતા તો અમે સહજાનંદજીને સોંપી છે. દીકરા-દીકરીઓ કુંવારા રહેશે તો સાંખ્યયોગ પાળીને ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરશે અને આત્માનું કલ્યાણ કરશે, પરંતુ દંડની બીકે અમે સત્સંગ નહીં છોડીએ. તમારા જેવા ઈર્ષાખોરો જ્યાં ભર્યા હોય, એ સંસારમાં આમેય સાર છેય શું ?" પૂંજા શાહના મુખમાંથી તીખા શબ્દો ખરી પડ્યા.

પૂંજા શાહની વાત સાંભળી મહાજનના પગ તળેથી ધરતી જાણે સરકી રહી હતી. છતાં છેલ્લો પાસો ફેંકી જોવાની લાલચ તેઓ રોકી શક્યા નહીં : 'પૂંજા શાહ ! આમ ને આમ ડોસાનું કારજ શું કામ બગાડો છો ? કંઠી ન કાઢી શકો તો કાંઈ નહીં, પણ જ્યારે નાત જમવા આવે ત્યારે બહાર લબડતી કંઠીને પે'રણમાં સંતાડી દેજો. બાકીનું અમે સંભાળી લેશું !"

પૂંજા શાહ ઊભા થઈ ગયા. મહાજનને અટકાવતાં વચ્ચે જ બોલી ઊઠ્યા : "અરે મહાજન ! આમાં તો અમારું પતિવ્રતાપણું જાય ! જેને શરણે આ શરીર સમર્પી દીધું છે, તેની શરણાગતિની નિશાની કેમ કરી છૂપાવાય ? અને કેવળ આબરુ સાચવવા એક ક્ષણ પણ જો કંઠી સંતાડીએ તો આ જીવતરને ધિક્કાર છે, એના કરતાં તો મરવું સારું !"

"તો તમારે ભોગવવું પડશે, પૂંજા શાહ !"

"મહાજન ! અત્યાર સુધી દેહને અર્થે ઘણું સુખ ભોગવ્યું છે, હવે જીવને અર્થે થોડું દુ:ખ પણ ભોગવી લઈએ !" પૂંજા શાહ કેફમાં ગર્વભરી વાણી બોલ્યા.

મહાજનના હાથમાંથી તમામ તરકીબો સરી ગઈ. હવે આ પરિવારને સત્સંગને માર્ગેથી પાછો વાળવો એ એમના ગજા બહારની વાત થઈ પડી, એટલે

તેઓએ સૌથી છેલ્લો ઉપાય અજમાવ્યો.

શાહ પરિવારના વિરોધમાં કાગળો લખાયા, મારતો ઘોડે ગામોગામ કાગળો પહોંચાડ્યા અને ખબર ફેલાવી દીધી કે 'હેમરાજ શાહના કારજમાં જે જમવા જશે તે નાત બહાર ગણાશે...'

ધંધુકાના વાણિયાઓની નાત્ય આટલેથી અટકી નહીં. એમણે બ્રાહ્મણોની નાત્યના આગેવાનોને બોલાવ્યા અને દબાણ કર્યું કે, 'તમે પણ સત્સંગી બ્રાહ્મણોને નાત્ય બહાર કરો. હેમરાજ શાહના ક્રિયા-કર્મ કરાવવા કે એમની પાછળ ચોર્યાસીમાં જમવા જાય એમને પણ નાત્ય બા'ર મૂકો.'

એ સમયમાં કોઈને નાત બહાર મૂકવા અને મોતની સજા કરવી બન્ને સરખા ગણાતા. આ રિવાજો એટલા બધા જટિલ હતા કે જે નાત બહાર મૂકાયા તેમણે સમાજમાં કૂતરા-બલાડાની જેમ હડધૂત થઈને જિંદગી વિતાવવી પડતી.

બ્રાહ્મણોને આ વાત રૂચિ નહી. વલ્લભશંકર બ્રાહ્મણ બોલ્યા, ''ધર્મના ક્ષેત્રમાં આવો જોર-જુલમ ન હોય. આનાથી તો ઘરે ઘરે અને પરિવારે પરિવારે ઝઘડા થશે. આવો જોર-જુલમ તો મુસલમાનો કરે !

જોર જુલમથી ધર્મ છોડાવે, મહાપાપી તે મ્લેચ્છ કહાવે;
એવું અલ્લાઉદ્દીન આચરતો, જોર જુલમે મુસલમાન કરતો.
નહીં જ્ઞાન તણો ઉપદેશ, નહિ પ્રશ્ન કે ઉત્તર લેશ;
મરો કે થાઓ મુસલમાન, એટલું જ આપતો જ્ઞાન.
સારા આચાર્ય ઉપદેશ દેતા, સમજાવી સ્વધર્મમાં લેતા;
જોર જુલમથી ધર્મ ચલાવ્યો, સુણવામાં એવો નથી આવ્યો.
ધર્મ તો મનમાંહિ રહે છે, નહીં ઉપરનો ડોળ એ છે;
મનમાં નહિ જો સમજાય, તેની કંઠી તોડાવે શું થાય.

(હરિલીલામૃત ક. ૭. વિ. ૭૭)

બ્રાહ્મણો બોલ્યા, ''ધર્મ તો સમજીને પાળવાનો હોય. ધર્મમાં લોભ, લાલચ કે ધાક-ધમકી ના હોય.'' વાણિયાની નાત્યના આગેવાનોએ બ્રાહ્મણોને બહુ સમજાવ્યા, પણ બ્રાહ્મણોએ વાણિયાઓની વાત માની નહીં. એટલે ધંધુકાના ધૂંધવાયેલા વાણિયાઓએ બ્રાહ્મણોની ચોર્યાસી બંધ કરવાનો નિર્ણય કર્યો. એ જમાનામાં બ્રાહ્મણ પરિવારો માટે આ નિર્ણય આકરા દંડ સમાન ગણાય.

આમને આમ થોડા દિવસ ચાલ્યું, પરંતુ સમય જતા પરિસ્થિતિ એવી સર્જાણી કે વાણિયાઓને થૂંકેલું પાછું ગળવું પડ્યું અને ચોર્યાસી ફરીથી ચાલુ કરવાનો નિર્ણય લેવો પડ્યો.

આ બાજુ વનાશા વગેરે ભાઈઓએ વિચાર કર્યો, આપણા સાચા સગાં તો આપણાં ભગવાન શ્રીહરિ, સંતો અને સત્સંગીઓ છે. આપણે મહારાજને સુંદરિયાણા તેડાવીએ અને વસંત પંચમીનો સમૈયો કરાવીએ. સમૈયામાં સેંકડો સંતો અને સત્સંગીઓ ભેગા થાય, આનંદ-ઉત્સવ કરે અને જમે, એટલે આપણા પિતાશ્રીનું સાચું તર્પણ થયું ગણાય ! વનાશાએ પોતાના પુત્ર હીરાશા તથા કાકાઈ ભાઈ ભગાશાને કહ્યું, ‘‘તમે ગઢપુર જાવ અને મહારાજને સુંદરિયાણા તેડી આવો.’’

હીરા શાહે ગઢપુર આવી બનેલી તમામ બીના કહી સંભળાવી અને વસંતોત્સવ કરવાનું આમંત્રણ આપ્યું. હીરા શાહની વાત સાંભળી મહારાજ અત્યંત પ્રસન્ન થયા અને બોલ્યા, ‘‘ધન્ય છે પૂંજા શેઠ અને વના શેઠને, સંતો ! આજથી આપણે તેમની નાતના ! ચાલો, આપણે સુંદરિયાણા જઈએ, હેમરાજ શાહનું કારજ કરીએ અને ભારે ધામધૂમથી વસંતોત્સવ પણ ઉજવીએ.’’

પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ભક્તોને ન્યાલ કરવા સંતો-ભક્તોના સંઘ સાથે સુંદરિયાણા આવી પહોંચ્યા. ગામોગામ સત્સંગીઓને આમંત્રણો અપાયા. હજારો સત્સંગીઓ ખોબા જેવડા સુંદરિયાણામાં ઉમટી પડ્યા. મહારાજે સાત દિવસ સુધી કથાવાર્તાની સાથે સાથે રંગલીલાનો દિવ્ય લાભ આપી સૌને કૃતાર્થ કર્યા. દરરોજ જૂદાં જૂદાં પકવાનોની રસોઈ કરાવી મહારાજે હેમરાજ શાહનું કારજ પણ કર્યું. આમ સુંદરિયાણામાં વસંત પંચમીનો ભવ્ય સમૈયો ઊજવાયો.

સો વર્ષે સમાધાન

હેમરાજ શાહનો પરિવાર વર્ષો સુધી નાત્ય-બહાર રહ્યો. અનેક કષ્ટો વેઠ્યાં, પરંતુ એમની નિષ્ઠાને સહેજપણ ઘસરકો ન લાગ્યો.

સમય જતા વિ. સં. ૧૯૩૪ના અષાઢ વદી દશમે હેમરાજ શાહના પરિવારમાં મહામુક્તરાજ બાપાલાલભાઈ થયા. ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને અનેકવાર પોતાનાં દિવ્યદર્શન આપ્યા હતા. તેઓ આજીવન બ્રહ્મચારી રહ્યા હતા. તેમને સાધુ થવાનો સંકલ્પ હતો પરંતુ એ સમયના સંપ્રદાયના

મહાન આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે એમને સાધુ થવાને બદલે વડતાલ મંદિરનો કારભાર સંભાળવાની સેવા સોંપી હતી, જે એમણે ભારે કુશળતાપૂર્વક બજાવી હતી.

ભક્તરાજ બાપાલાલભાઈ ઉપર મહાસમર્થ સંત સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીનો અઢળક રાજીપો હતો. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી આ પરિવારની પીડા જાણતા હતા. એમણે બાપાલાલભાઈને કહ્યું, "હવે તમે તમારા પરિવારને કહો કે સુંદરિયાણા છોડી અમદાવાદમાં વસે. અમદાવાદમાં શેઠ બેચર મણકીના વારસદારો વસે છે. એ પરિવાર તમારી વર્ષો જૂની મુશ્કેલી દૂર કરશે."

શેઠ બેચર મણકી ભારે શ્રીમંત હતા. એમની ઉદારતા આખાએ પંથકમાં વખણાતી. ગાયકવાડ સરકાર અને મોટા મોટા અંગ્રેજ અમલદારો એમને આદર આપતા. ભગવાન શ્રી સ્વામિનારાયણનો એમના ઉપર અપાર રાજીપો હતો. એમના વંશજો પણ સત્સંગ પ્રત્યે શ્રદ્ધા અને આદર ધરાવતા હતા.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીની આજ્ઞાથી હેમરાજ શાહનો પરિવાર અમદાવાદમાં વસ્યો. શેઠ બેચર મણકીના વંશજ શેઠ શ્રી હીરાલાલભાઈ, શેઠ શ્રી રણછોડભાઈ તથા એમના વેવાઈ શેઠ શ્રી મોતીલાલભાઈ વગેરે મહાજનોએ ભેગા મળીને મધ્યસ્થી કરી; નાત્યના પ્રતિબંધો દૂર કરાવ્યા. પરિવારને પાછો નાત્યમાં લેવામાં આવ્યો. એટલું જ નહીં, શેઠ શ્રી હીરાલાલભાઈએ પોતાનાં કુળની કન્યા હેમરાજ શાહના કુળનાં કાંતિભાઈ શાહ જોડે પરણાવી હેમકુળને ઉત્તમ માન-પાનનો દરજ્જો આપ્યો. આમ આખરે એક સૈકા બાદ એક મહાન સંતના આશીર્વાદથી નાત્યનો ત્રાસ દૂર થયો.

આ પરિવારે કાંકરિયા સરોવરને કિનારે 'બાલમુકુંદ ભુવન' બંધાવ્યું અને સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી પ્રત્યેની પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના સંસ્થાપક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી સાથે બાપાલાલભાઈને અસાધારણ હેત હતું.

૧૩ આંબા શેઠ (ગઢાળી)

વિદ્વાનો, કવિઓ અને અનુભવીઓએ પોતપોતાના મંતવ્ય પ્રમાણે પ્રેમના વિવિધ અર્થ કર્યા છે, જેમાં મોટે ભાગે સ્વાર્થ કે સૌંદર્યના પરસ્પરથી થતાં આકર્ષણને આપણે સામાન્ય રીતે પ્રેમ તરીકે ઓળખીએ છીએ. દાખલા તરીકે સ્ત્રી-પુરુષનો પ્રેમ, માતા-પિતાનો બાળક ઉપરનો પ્રેમ વગેરે.

પરંતુ વાસ્તવિક રીતે જોઈએ તો એ પ્રેમ શબ્દનો અર્થ ખરેખર તો ભગવાન કે ભગવાનના સત્પુરુષોમાં વિશુદ્ધ, સાચો સ્નેહ અગર અનુરાગ એ જ પ્રેમ છે.

પ્રેમની વિશુદ્ધતા નિઃસ્વાર્થપણા સાથે દઢ સંબંધ એ જ પ્રેમનું સાચું સ્વરુપ છે. આવા અતિ ઉચ્ચ કોટિનો ઈશ્વરીય પ્રેમ કોઈ જ વિરલા પુરુષમાં પ્રગટે છે.

આવા વિરલ આત્માઓની પ્રેમભક્તિ સ્વામિનારાયણ સંપ્રદાયના ભાતીગળ ઈતિહાસને પાને-પાને નોંધાયેલ છે. જેમાંના એક વિરલ પ્રેમી ભક્ત હતા, ગઢાળીના આંબા શેઠ.

શ્રીહરિના શરણે

ગઢડાથી ત્રણેક ગાઉ દૂર રળિયામણું ખોબા જેવડું ગઢાળી ગામ આવેલું છે. નાના-મોટા ડુંગરાઓ તથા વૃક્ષોની વનરાજીઓ વચ્ચે શોભતા આ ગામમાં ચારે વર્ણ સંપીને રહે. ગામમાં થોડા વણિકો પણ વસે. એ વણિકોના ઘરમાં એક મહાન આત્મા વસતો હતો, તેમનું નામ આંબા શેઠ હતું.

હતા શેઠ પણ વ્યવહારે સાધારણ હતા. પરંપરામાં માર્ગીનો ધર્મ પળાતો હતો.

જેમ આંબામાં કેરીઓ આવે અને નમી પડે, તેમ આ આંબા શેઠે પણ અનેક સદ્‌ગુણો ધારણ કર્યા હતા અને નમ્રતાથી નમી પડ્યા હતા.

યુવાન વયે એમનાં અંતરની મુમુક્ષુતા વસંતઋતુમાં વનમાં ખીલતાં ફૂલોની માફક ખીલી ઊઠી હતી અને એમાંથી એક જ સુંગધરૂપી નાદ ગુંજન કરતો રહેતો કે, 'ક્યારે મને પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન થશે ?'

અંતરમાં ઊઠતા પ્રબળ સંકલ્પને સિદ્ધ કરવા એકવાર તેઓએ ગામને સીમાડે આવેલી કાળુભાર નદીને કાંઠે ઘટાદાર વૃક્ષની નીચે અડગ આસન જમાવ્યું. મનમાં મક્કમ નિર્ધાર કર્યો કે 'ભગવાનના દર્શન થાય પછી જ અહીંથી ઊઠવું.'

તેઓ વૃક્ષનાં થડને ટેકો દઈ બેસી ગયા, આંખો બંધ કરી, ખાવા-પીવાનું છોડી દીધું. સમય પસાર થતો રહ્યો, ભૂખ્યા-પ્યાસા આંબા શેઠ દેહભાન ભૂલી ગયા અને હરિસ્મરણમાં ડૂબી ગયા.

મનની અડગ શ્રદ્ધા સાથે અડગ આસને બેઠેલા આંબા શેઠની ભક્તિ અને લગનને કારણે થોડા જ સમયમાં એમની ઈચ્છા સફળ થઈ. કાનમાં કોઈ બ્રહ્મવાણી સંભળાણી, "આંબા ! આંખો ખોલ, ઊભો થા અને તારા ગામના સીમાડે આવેલા ગઢપુર ગામે જા. ત્યાં તને પ્રત્યક્ષ ભગવાન મળશે !"

બ્રહ્મવાણીનો નાદ સાંભળી આંબા શેઠ ગઢપુર ગયા. ગામધણી એભલ ખાચરના ફળિયામાં એમને અક્ષરધામના અધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણનો ભેટો થયો. દર્શન કરતાંની સાથે જ ભગવાન શ્રી સ્વામિનારાયણની સાથે શેઠના અંતરના તાર જોડાણા, ભક્તિ જાગૃત થઈ અને આંબા શેઠ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા.

પ્રેમનો વેપાર

પ્રેમલક્ષણા ભક્તિ આંબા શેઠનું મુખ્ય અંગ હતું. શ્રીહરિ તથા સંતો-ભક્તોનાં દર્શન, સેવા અને સમાગમ કરવામાં એમને અત્યંત ઉત્સાહ રહેતો. તેમનાં અંતરમાં શ્રીહરિના દર્શનની સતત તાલાવેલી રહેતી. કોઈને કોઈ બહાને અવારનવાર મહારાજના દર્શને ગઢપુર પહોંચી જતા. જ્યારે જ્યારે મહારાજનાં દર્શન કરવા ગઢડા આવે, ત્યારે ચાલીને જ આવે અને સાથે મહારાજ તથા સંતો-ભક્તોને અર્થે

સારી સારી ચીજવસ્તુઓ લઈ આવે.

કોઈક વખત દૂધ, દહીં, માખણ તો કોઈક વખત પેંડા, બરફી, અડદિયા આદિ ઉત્તમ પ્રકારની મીઠાઈઓ લાવે. ઋતુ પ્રમાણેના ફળ-ફળાદિનાં ગાડાં ભરીને લાવે અને પોતાના હાથે શ્રીહરિ તથા સંતોને આપે.

વણિક હોવા છતાં પોતે ભેંસો રાખતા. ઘરમાં સારાં દૂઝાણાંને કારણે દૂધ, દહીં, ઘી પણ સારા થતા. એક વખત શિયાળાની ઋતુમાં ઘરનાં દૂઝાણાંનું તાજું ઘી બે-ત્રણ ડબા ભેગું થયેલું. ભગરી ભેંસોનું થીજી ગયેલું અને આખા ઓરડામાં ફોરમ પ્રસરાવતું તાજું ઘી જોઈ આંબા શેઠના અંતરમાં સંકલ્પ ઊઠ્યો કે, 'આ ઘી તો મારા ઈષ્ટ અને એના ઉપાસકોને દોથે દોથે જમાડવા જેવું છે, પણ નકરું ઘી બધાને ભાવે નહીં, માટે ઘી સાથે ખજૂર ભળે તો બધા ખાંતે ખાંતે જમી શકે.'

મનમાં ઊઠેલા વિચારને સાકારિત કરવા આંબા શેઠે ઘીના ત્રણ ડબા ગાડામાં ગોઠવ્યા, સાથે ખજૂરના કોથળા મૂક્યા અને સવારના બાળ રવિના સોનેરી પ્રકાશમાં ગાડું ગઢપુર ભણી ચાલ્યું.

એકાદ કલાકમાં તો ગાડું દાદાના દરબારગઢમાં આવી ઊભુ રહ્યું. ઘેઘૂર લીંબડાની નીચે ઢોલિયા ઉપર તકિયાને ઓઠીંગણ દઈ મહારાજ વિરાજમાન હતા. સામે સંતો-ભક્તો બેઠા હતા. ગાડાનો અવાજ આવ્યો એટલે મહારાજની નજર દરવાજા તરફ ગઈ. આંબા શેઠ હાથમાં રાશ લઈ ઉંધ્યે બેઠા હતા અને ગાડું માલ-સામાનથી ભરેલું હતું.

ગાડાને જોઈ મહારાજ બોલ્યા, "વાણિયાભાઈ ! સવાર સવારમાં શાનો વેપાર કરવા નીકળ્યા છો ?"

મહારાજનો મીઠો પ્રશ્ન સાંભળી આંબા શેઠ કહે, "મહારાજ ! અમારે વાણિયાને વળી બીજું શું હોય ! અમારા લોહીમાં જ વેપાર વણાયેલો હોય. ઘરમાં સારો માલ હતો તે થયું કે, જ્યાં રોકડિયા ગ્રાહકો મળે એવી જગ્યાએ માલ લઈ જાઉં અને રોકડો વેપાર કરી આવું. મહારાજ ! આ દુનિયામાં જેવા રોકડિયા ગ્રાહકો તમારી પાસે છે એવા બીજે ક્યાંય જોવા ન મળે. જો તમે ગ્રાહકોને મોકલો તો મારું વાણિયાનું કામ થઈ જાય !"

આંબા શોઠની ઉખાણાં જેવી વાત સાંભળી મરમાળા મહારાજ મલપતા કહે, "શેઠ ! શો માલ લાવ્યા છો ?"

આંબા શેઠ કહે, “મહારાજ ! આજે આ વાણિયો પ્રેમનું ગાડું ભરી લાવ્યો છે. મારે આજે મારો પ્રેમ વહેંચવો છે. મારા અહોભાગ્ય છે કે આવા સારા ગ્રાહકોમાં મારો પ્રેમભર્યો વેપાર થશે !”

મહારાજે હસતા-હસતા બધા સંતો-ભક્તોને કહ્યું, “જાવો અને લૂંટી લો વાણિયાના પ્રેમને !”

ત્યારપછી આંબા શેઠ બધા સંતો-ભક્તોને ઘી અને ખજૂર ખૂબ જ આગ્રહ કરી પ્રેમથી જમાડવા લાગ્યા. થીજેલું ઘી અને ખજૂર સાથે પીરસી શેઠે બધાને હોંશે હોંશે જમાડ્યા.

સાચી મૂડી

સંપત્તિ મળવી મહત્ત્વની નથી, પરંતુ મળેલી સંપત્તિનો વ્યય કઈ રીતે થાય છે એ મહત્ત્વનું છે. આંબા શેઠને મળેલી સંપત્તિ પોતાના ઈષ્ટને અર્થે હતી, ઈષ્ટના ભક્તો અર્થે હતી. આંબા શેઠે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સંતો-ભક્તોને રાજી કરવા માટે ધનનો વ્યય કરવામાં ક્યારેય પાછી પાની નહોતી કરી.

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને પૂછ્યું, “શેઠ ! તમારે દીકરા કેટલા ?”

આંબા શેઠે કહ્યું, “મહારાજ ! બે !”

મહારાજે ફરી પૂછ્યું, “રૂપિયા કેટલા ?”

આંબા શેઠે કહ્યું, “મહારાજ ! સાઈઠ હજાર !”

કોઈએ કહ્યું, “મહારાજ ! આંબો શેઠ ખોટું બોલે છે. એમને ચાર દીકરા છે અને રૂપિયા બે લાખના આસામી છે.”

મહારાજે કહ્યું, “આંબા શેઠ ! આ વાત સાચી છે ?”

આંબા શેઠે કહ્યું, “હા મહારાજ ! દીકરા ચાર છે પણ એમાંથી બે સત્સંગ રાખે છે અને બે નથી રાખતા, એટલે એ બેને હું દીકરા ગણતો નથી. રૂપિયા બે લાખ છે, એ વાત પણ સાચી, પરંતુ એમાંથી સાઈઠ હજાર તમારા ઉપયોગમાં આવ્યા છે; માટે એ જ મારી સાચી મૂડી છે, બાકી રૂપિયા હું રૂપિયા ગણતો નથી.”

આંબા શેઠની આ રીતની સમજણ જોઈને મહારાજ અત્યંત રાજી થયા.

પ્રેમે પ્રગટ્યું 'ન્યાલકરણ' નામ

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી આંબા શેઠનો વ્યવહાર સારો થયો. તેઓ એ જમાનામાં બે લાખ રૂપિયાના આસામી બન્યા હતા.

બોટાદ પરગણામાં ભગા દોશી પછી શ્રીમંતોમાં એમની ગણના થવા લાગી હતી. ઘરની સમૃદ્ધિ અને જાહોજહાલી વધ્યાં પણ એ જાહોજહાલી એમના જીવને અડી ન હતી. તેમની સંપત્તિ નીતિના પાયા ઉપર હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણના આદર્શ સત્સંગી તરીકે તેઓ વેપારમાં ક્યારેય કોઈને છેતરતા નહીં, માલમાં ભેળસેળ કરતા નહીં, ઓછું જોખતાં નહીં, હલકો માલ વેચતા નહીં. તેમનો વેપાર-ધંધો ભગવાનના ભરોસે ધમધોકાર ચાલતો હતો.

સમૃદ્ધિ મળવી સહેલી છે પણ સમૃદ્ધિ પચાવવી મુશ્કેલ છે. આ વાણિયાના દીકરાએ સમૃદ્ધિ મેળવી પણ જાણી હતી અને પચાવી પણ જાણી હતી. મહારાજની રૂચિમાં રહીને મળેલી સંપત્તિનો સન્માર્ગે ઉપયોગ કરવો, એ એમના સ્વભાવમાં હતું.

પ્રેમી ભક્ત આંબા શેઠના મનમાં હમેશા મહારાજને રાજી કરવાનું તાન રહેતું. એ માટે તેઓ કંઈકને કંઈક નવું-નવું આયોજન શોધી કાઢતા.

એક વખત આંબા શેઠ ગઢડા આવ્યા. અક્ષર ઓરડીમાં બિરાજમાન મહારાજને સાષ્ટાંગ પ્રણામ કરી પ્રાર્થના કરતા બોલ્યા, "મહારાજ ! ગઢાળીમાં અમારે નવાં ઘર તૈયાર થયા છે, આપ સંતો-ભક્તો સહિત પધારો અને એ ઘરને પાવન કરો."

શેઠની વાત સાંભળી મહારાજ મંદ મંદ હસતા હસતા કહે, "નહીં શેઠ ! તમે બહુ પ્રેમી છો, અમે ગઢાળી આવીએ એટલે તમે ખર્ચ બહુ કરો, માટે અમારે ગઢાળી નથી આવવું."

આંબા શેઠ વિનમ્ર ભાવે કહે, "મહારાજ ! આપ કહેશો તે પ્રમાણે કરીશ, પણ આપને પધારવું તો પડશે જ."

મહારાજ કહે, "જૂઓ શેઠ ! તમે અમારી ભારે આગતાસ્વાગતા કરવાને બદલે ભોજનમાં સાદા દાળ-રોટલા જ કરો, તો અમે આવીએ !"

આંબા શેઠે ઠાવકું મુખ રાખીને કહ્યું, "ભલે મહારાજ ! જેવી તમારી મરજી છે, એમ જ થશે."

મહારાજે સંતો-ભક્તોને શેઠ સાથે ગઢાળી જવાની આજ્ઞા કરી અને કહ્યું, “તમે અગાઉથી ગઢાળી જાઓ, અમે કાલે આવીશું.”

આંબા શેઠના ઘરે તો આજે સાચા સગાં પધાર્યા, પોતાના ઈષ્ટદેવના ઉપાસકોની પધરામણીથી શેઠનું હૈયું હાથમાં ન રહ્યું, તેઓ નાચવા લાગ્યા.

પોતાની હાટેથી સારામાં સારું સીધું મગાવી તૈયાર કર્યું. બ્રાહ્મણો પાસે દૂધપાક અને માલપૂવાની રસોઇ કરાવી તૈયાર રાખી.

બીજે દિવસે મહારાજ પધાર્યા. શેઠે ઢોલ અને શરણાઈના સૂરે મહારાજનું સ્વાગત-સામૈયું કર્યું. નવા તૈયાર થયેલા ઘરમાં મહારાજને ઉતારો આપ્યો.

ભોજનનો સમય થયો એટલે મહારાજે પૂછ્યું, “શેઠ ! રસોઇ તૈયાર થવાને કેટલી વાર છે ?”

શેઠ કહે, “મહારાજ ! થાળ તૈયાર જ છે, આપ આ બાજોઠે બિરાજો એટલે થાળ પીરસાય.”

સ્નાન કરી મહારાજ બાજોઠ ઉપર વિરાજમાન થયા. બીજા બાજોઠ ઉપર થાળ પીરસાણા. થાળમાં દૂધપાક, માલપૂવા તથા વિવિધ વાનગીઓ જોઈ મહારાજ કહે, “આંબા શેઠ ! આ બધું શું બનાવ્યું છે ? અમે તમને રોટલા-દાળનું કહ્યું હતું ને ?”

પ્રેમીભક્ત આંબા શેઠ બે હાથ જોડી મંદ મંદ હસતા હસતા બોલ્યા, “હા મહારાજ ! આ તો ધોળી દાળ અને પીળા રોટલા છે. દાળમાં હળદર રાખવાનું રહીં ગયું અને દાળને બદલે રોટલામાં હળદર નંખાઇ ગઈ એટલે આવું થયું છે; અને વળી સાધુને સ્વાદ શા ? જેવું હોય તેવું જમી લો !”

શેઠની આ રીતની મર્માળી પ્રેમભીની વાણી સાંભળી મહારાજ હસતા હસતા કહે, “શેઠ ! તમારો પ્રેમ અદ્‌ભૂત છે. અમે રોટલા-દાળનું કહ્યું હતું અને તમે દૂધપાક, માલપૂવા કરાવ્યા.” આમ કહી મહારાજ હોંશે હોંશે થાળ જમ્યા.

ભોજન બાદ મહારાજે સંતો-ભક્તોની પંક્તિ કરી. આગ્રહ કરી કરી સર્વને ભરપેટ ભોજન કરાવ્યું એટલે આંબા શેઠ તો રાજી રાજી થઈ ગયા.

અક્ષરધામના મુક્તોને પોતાનાં નવા ઘરની ઓસરીમાં જમતા જોઈ આનંદ સાગરમાં ડોલતા આંબા શેઠ ઊંડા વિચારમાં ઊતરી ગયા. તેમના મનમાં તરંગો ઊઠ્યા કે, ‘હું તો હિંગ, મરચું અને હળદર વેચનારો સાધારણ હાટડીવાળો હતો.

આજે જે કંઈ દોમદોમ સાહ્યબી છે તે ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપથી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આજે મને ન્યાલ કરી દીધો. મારું આ લોકનુંય સુધારી દીધું અને પરલોકનુંય સુધારી દીધું.'

સંતો-ભક્તો ભોજનથી પરવાર્યા એટલે મહારાજે શેઠના આંગણામાં સભા ભરી. આંબા શેઠે ઉત્તમ વસ્તુઓ ભેટ ધરી ચંદન-પુષ્પોથી મહારાજની પૂજા કરી અને બે હાથ જોડી મહારાજને કહ્યું, "મહારાજ ! આજે મારે તમને એક અનોખી ભેટ ધરવી છે."

વાણિયાના દીકરાની વાતનો મર્મ કાઢવા મથતા હોય એમ મહારાજ આંબા શેઠ સામે જોઈ રહ્યા અને બોલ્યા, "શેઠ ! તમે બહુ ખર્ચો કર્યો, હવે અમારે કોઈ ભેટ નથી જોઈતી."

"અરે મહારાજ ! મારે તમને કોઈ વસ્તુ-પદાર્થની ભેટ નથી ધરવી, પણ આજે મારે તમારું એક નવું નામ પાડવું છે."

મહારાજ હસીને કહે, "શેઠ ! વાણિયા જેવા અમારાં નામ પાડશો નહિ, એવાં નામ અમને ન શોભે !"

શેઠ કહે, "મહારાજ ! હું એવું નામ નહીં પાડું, તમે ખુશ થઈ જાઓ એવું નામ પાડીશ !".

મહારાજ કહે, "બોલો શેઠ ! તમારે અમારું શું નામ પાડવું છે ?"

શેઠ કહે, "મહારાજ ! તમે અમારા જેવા હજારો નર-નારીઓના ભાવ સ્વીકારીને ન્યાલ કરી દીધા છે, માટે મેં તમારુ નામ 'ન્યાલકરણ' પાડ્યું છે."

પ્રેમી ભક્તના હૃદયમાંથી નીકળેલ મહારાજનું નવું નામ સાંભળી સભામાં બેઠેલા સંતો-ભક્તોએ 'ન્યાલકરણ ભગવાનની જય'ના નાદથી ગઢાળી ગજવી મેલ્યું.

મહારાજ પણ પોતાનું નવું નામ સાંભળી પ્રસન્ન થયા અને બોલ્યા, "શેઠ ! તમે તો ખરેખર અમારું નવતર નામ પાડ્યું, આ નામ તો ચારેય વેદમાં ખોળો તો પણ નો મળે !"

મહારાજ સહિત સભામાં બેઠેલા સર્વના હૈયામાં 'ન્યાલકરણ' નામ વસી ગયું.

લોકમાં નામકરણ વિધિ પછી જેમ સાકર વહેંચે એમ આંબા શેઠે દસ મણ

સાકર મંગાવી, મહારાજના હાથનો સ્પર્શ કરાવી, સભામાં તથા આખા ગામમાં વહેંચાવી.

આ રીતે પ્રેમીભક્તના પ્રેમે પ્રગટ્યું ‘ન્યાલકરણ’ નામ.

ત્યારબાદ આંબા શેઠ તો નિરંતર ‘ન્યાલકરણ’ નામની માળા ફેરવ્યા કરતા.

કુશળતાપૂર્વકનું દાન

એકવાર મહરાજના થાળમાં દૂધનો કટોરો દેખાણો નહીં, તેથી મહારાજે બ્રહ્મચારીને કહ્યું, “આજે થાળમાં દૂધ કેમ નથી ?”

બ્રહ્મચારી કહે, “મહારાજ ! હમણાં દરબારગઢમાં કોઈ દૂઝણું પશુ નથી.”

બ્રહ્મચારીની વાત સાંભળી મહારાજ કહે, “બ્રહ્મચારી ! દાદાના દરબારમાં દૂઝણું પશુ ન હોય તે સારું ન કહેવાય, તમે ભગુજીને બોલાવી લાવો. એમને ભેંસ લેવા મોકલવા છે.”

બ્રહ્મચારી ભગુજીને બોલાવી લાવ્યા. ભગુજી આવ્યા અટલે મહારાજ કહે, “ભગુજી ! આપણે એક સારી દૂઝણી ભેંસ લેવી છે, તમે આજુબાજુના ગામોમાં તપાસ કરો અને સારામાંસારી ભેંસ ગોતી વેચાતી લઈ આવો.”

મહારાજની આજ્ઞા થતા ભગુજી તથા બીજા બે પાર્ષદો ગઢડાના આસપાસના ગામોમાં સારી ભેંસની તપાસ કરતા હતા, પણ મન માને એવી ભેંસ ક્યાંય મળતી નહોતી. એવામાં તેઓ ગઢાળીની સીમમાંથી નીકળ્યા. એક ગોકળી ચાલીસ-પચાસ ભેંસોને ચરાવી રહ્યો હતો.

ભગુજીની દૃષ્ટિ એ ચરતી ભેંસો ઉપર પડી. એમાં એક સારી ભેંસ જોઈ એટલે ભગુજી ભેંસ પાસે ગયા. ભેંસની ચારેબાજુ ફરતા ફરતા તપાસ કરવા લાગ્યા. ભેસ રંગે, રુપે દેખાવડી હતી, શરીરે હાથણી જેવી હતી, દૂધના બે બોઘરા ભરી દે એવા એના આઉ હતા.

ભગુજીને ભેંસનું નિરીએક્ષણ કરતા જોઈ ગોકળી નજીક આવ્યો અને કહે, “તમે સ્વામિનારાયણના ભગત ભગુજી લાગો છો !”

ભગુજી કહે, “હા, પણ ગોકળી ! આ ભેંસ કોની છે ? અમારે લેવી છે.”

ગોકળી કહે, “ભગત ! છેટા રહેજો હોં... એ ભેંસ કોઈને ન મળે.”

ભગુજી કહે, “પણ ગોકળી ! ભેંસ છે કોની, એ તો કહે ?”

આંખો પહોળી કરી, બે હાથના પંજા દેખાડતો ગોકળી કહે, “આ ભેંસ તો વાઘની સે... એને લેવી એ તમારું કામ નહિ !”

ભગુજી આશ્ચર્ય સાથે કહે, “વાઘની ! એ વાઘ વળી કોણ ?”

“ગઢાળીના આંબા શેઠને તો તમે ઓળખતા હશો ! આ ભેંસ એની છે. ઈ ઢીલા પડે પણ વાઘ જેવા શેઠાણી દેવા નો દ્યે હોં !”

ગોકળીની વાત સાંભળી ભગુજીએ ઝાઝી તપાસ ન કરી. એ ગઢડા આવ્યા. મહારાજને બધા સમાચાર આપતા કહ્યું, “મહારાજ ! ભેંસો તો ઘણી જોઈ, પણ દાદાના દરબારમાં શોભે એવી ભેંસ તો ગઢાળીના આંબા શેઠની છે. એ ભેંસની તોલે બીજી કોઈ ન આવે !”

મહારાજે મોટીબાને કહેવડાવ્યું કે, ‘કાલે આંબા શેઠ આવે તો ભેંસ બાબતની વાત કરજો.’

રોજના નિયમ પ્રમાણે બીજે દિવસે આંબા શેઠ મહારાજનાં દર્શન કરવા આવ્યા. અક્ષરઓરડીમાં મહારાજનાં દર્શન કરી શેઠ દરબારગઢમાં આવ્યા. ઓસરીમાં બહેનો બેઠા હતા. આંબા શેઠે બહેનોને ‘જય સ્વામિનારાયણ’ કહ્યા અને મોટીબાને પૂછ્યું, “બા ! કાંઈ સેવા હોય તો કહેજો !”

ત્યારે મોટીબા કહે, “શેઠ ! હમણાં દરબારમાં એકેય દૂઝાણું નથી, તેથી લાલજી પણ દૂધ વિના વાળુ કરે છે. ક્યાંય સારી ભેંસ હોય તો તપાસ કરજો.”

“સારુ, આજુબાજુના ગામોમાં ભેંસની તપાસ કરી તમને કહું છું.” એમ કહી વંદન કરી શેઠે વિદાય લીધી.

હાથમાં માળા અને મુખમાં સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરતા રસ્તે ચાલતા પ્રેમીભક્તના હૃદયમાં વિચાર ઊઠ્યો, ‘દાદા ખાચરના દરબારગઢમાં શોભે એવી ભેંસ તો મારી પાસે છે. સામેથી મળેલી આવી સેવાની ઉત્તમ તક ફરી ક્યારે મળશે ? માટે મારા ફળિયામાં બંધાયેલી ભેંસ દાદા ખાચરના દરબારગઢમાં બંધાય તો એ વધારે શોભશે !’

આવા ઉત્તમ વિચાર સાથે શેઠ ઘરે આવ્યા. શેઠાણીને બધી વાત કરી અને ‘આપણી દૂઝણી ભેંસ મહારાજને આપવી છે,’ એવો પોતાનો સંકલ્પ જણાવ્યો.

શેઠની વાત સાંભળી શેઠાણીનો જીવ બળી ઉઠ્યો. પોતાની નજર સામે મોટી થયેલી અને અધમણ દૂધ દેનારી ભેંસને સાવ મફતમાં આપી દેવામાં શેઠાણીનું

મન ન માન્યું. એમણે શેઠને કહ્યું, "આવી સારી ભેંસ આપી દો તો ઘરમાં શું રહેશે ? આપણા છોકરાઓ શું ખાશે ?" એવા પ્રશ્નોની ઝડી વરસાવતા શેઠાણીએ ભેંસ આપવાની શેઠને ચોખ્ખી ના પાડી દીધી.

આંબા શેઠને ઘરવાળીના તર્ક સાંભળી બોલવામાં કંઈ સાર મનાણો નહીં. ક્લેશથી થતું કાર્ય અનેક ઉપાધી નોંતરે છે, માટે ઘરમાં ક્લેશ થયા વગર ભેંસ ગઢડા સેવામાં જાય એવું કાર્ય કરવાનું તેમણે વિચાર્યું.

આંબા શેઠે પોતાની વણિક બુદ્ધિને થોડી વધારે કસી. એમનાં અંતરમાં એક વિચાર સ્ફૂર્યો. એ વિચારને કાર્યાન્વિત કરવા આંબા શેઠે ગામના એક પટેલને બોલાવ્યા અને કહ્યું, "પટેલ ! આજે તમારે અમારું એક કામ કરવાનું છે."

પટેલ કહે, "શેઠજી ! તમારા જેવા ભગતની સેવા અમારા નસીબમાં ક્યાંથી ! જે હોય તે કહો, તમારું કામ થઈ જશે."

શેઠે આજુબાજુમાં કોઈ સાંભળતું નથી એ તપાસ કરી હળવેકથી કહ્યું, "પટેલ ! આજે સાંજે અમારી ભગરી ભેંસ ચરીને પાછી ઘરે આવતી હોય ત્યારે તમારે એને ગામની બહાર જ કોઈ અવાવરી જગ્યાએ પાડી સાથે જ બાંધી દેવી, ઘરે ન આવવા દેવી. બાકીનું કામ હું સંભાળી લઈશ."

આંબા શેઠે સોંપેલું કાર્ય પટેલે સાંજે સિદ્ધ કર્યું. સંધ્યા ટાણું થયું છતાં ભેંસ ઘરે ન આવી. શેઠાણી ઘરની બહાર નીકળી શેરીઓમાં તપાસ કરી આવ્યા, પણ ભેંસ ન દેખાણી. ચારે તરફ તપાસ કરી પણ ભેંસના વાવડ મળ્યા નહીં એટલે શેઠાણીની અકળામણ વધી. શેઠાણીની દશા જોઈ ઓસરીમાં ઢાળેલા ઢોલિયા ઉપર બેઠેલા શેઠ મનમાંને મનમાં હસતા હતા. ત્યાં શઠાણી આવ્યા અને શેઠને કહ્યું, "સાંભળો છો ! બધાના ઢોર ચરીને પાછા ઘરે આવી ગયા, આપણી ભેંસ અને પાડી હજુ નથી આવ્યા. તમે ગામમાં જઈ તપાસ તો કરો !"

શેઠાણીના બોલ રાખવા શેઠ ગામમાં આંટો મારીને પાછા આવ્યા, પણ ભેંસ ન મળી. મોડી રાત સુધી વાટ જોઈ, પણ ભેંસ ન આવી. શેઠ પણ શેઠાણી સાથે ચિંતા કરવા લાગ્યા.

લમણે હાથ દઈ ચિંતાતૂર હૈયે બેઠેલા શેઠાણીને શેઠે મોકો જોઈ વાત કરી કે, "જૂવો લ્યો ! આપણે ભેંસને મહારાજની સેવામાં આપવી હતી, તમે ના પાડી એટલે આવું થયું. હવે શું કરશો ? માટે હવે તમે શુભ સંકલ્પ કરો કે ભેંસ પાછી

આવે તો મહારાજને અર્પણ કરી દેવી.''

શેઠાણી અંતે તો એક પ્રેમીભક્તના પત્ની હતા, એમનો વિચાર સવળો થયો અને કહ્યું, ''સારું, તમે જેમ કહો છો તેમ જ કરીશુ. જો ભેંસ મળી જાય તો આપણે મહારાજને અર્પણ કરી દેવી.''

છેવટે શેઠાણીની સાન ઠેકાણે તો આવી ! એવા વિચાર સાથે શેઠ હસતા હસતા લાકડી લઈ રાત્રે જ ભેંસને ગોતવા નીકળ્યા. જે પટેલે ભેંસ સંતાડી હતી તેમના ઘરે રાત વિતાવી પરોઢિયે ભેંસ લઈ શેઠે ડેલી ખખડાવી. શેઠાણીએ ડેલી ખોલી, શેઠની પાછળ ઊભેલી ભેંસને જોતા જ શેઠાણી આનંદમાં આવી ગયા.

ત્યાર પછી તો નક્કી થયા પ્રમાણે આંબા શેઠ ભેંસને લઈ ગઢડે આવ્યા. મહારાજને ભેંસ અર્પણ કરી. શેઠનું સમર્પણ જોઈ મહારાજ તથા મોટીબા ખૂબ રાજી થયા.

કરુણાના સાગર અંતર્યામી મહારાજ તો બધું જાણતા હતા તેથી શેઠને પૂછ્યું, ''શેઠ ! તમારા ઘરે બીજું કોઈ દુઝાણું છે કે નથી ?''

શેઠ કહે, ''મહારાજ ! એક ગાય છે.''

મહારાજ કહે, ''શેઠ ! ગાયને જો સારી પેઠે ખાણ દઈએ, તો ભેંસનું સાટું વાળે.''

શ્રીજી મહારાજના આ પ્રકારના આશીર્વાદથી ગાય ટંકે દસ શેર દૂધ દેવા લાગી. ઘરના બધા રાજી થયા. ગાય ભેંસ જેટલું જ દૂધ દેવા લાગી એટલે ઓછા ખર્ચે વધારે લાભ થયો.

નિયમની દૃઢતા

આંબા શેઠ કોઈ નિયમ લેતા અથવા શ્રીજી મહારાજ નિયમ ધારણ કરાવતા, તે અતિ દ્રઢપણે પાળતા.

એક વખત આંબા શેઠે અનોખું નિયમ લીધું. રોજ વહેલી સવારે ચાલીને ગઢપુર જવું, મહારાજ જાગે એ પહેલા પહોંચવું, બાવળનું તાજું દાતણ આપવું અને પછી જ અન્ન-જળ લેવા.

દરરોજ સાંજે બાવળની સીધી સોટીનું સારામાં સારું દાતણ જાતે કાપી લાવે, તેને એલચીવાળા પાણીમાં આખી રાત્રિ પલાળી રાખે અને સવારે મહારાજને

સ્નાન કરવાનો સમય થાય એ પહેલાં દાતણ લઈ ગઢાળીથી ત્રણ ગાઉ દૂર આવેલ ગઢડે પહોંચી જાય. ગમે તેવી અંધારી રાત્રિ હોય, વરસાદ વરસતો હોય, ઠંડી પડતી હોય, છતાં તીર-કામઠું તથા તલવારથી સજ્જ થઈ ભજન કરતા-કરતા સમયસર પહોંચી જાય.

ભક્તાધીન ભગવાન પણ આ પ્રેમી શેઠિયાના દાતણની રાહ જોતા. આંબા શેઠ આવે, પછી જ પ્રાતઃ ક્રિયા કરવા જતા.

આંબા શેઠને રોજ મહારાજનાં દર્શન કર્યા પછી જ જમવું એવું નિયમ હતું, તેથી મહારાજ જ્યારે વિચરણમાં જવાના હોય ત્યારે અગાઉથી આંબા શઠને એક મૂર્તિ આપતા ને કહેતા કે 'અમે પાછા ગઢપુર ન આવીએ ત્યાં સુધી આ મૂર્તિનાં દર્શન કરવાં અને અન્ન-જળ લેવા.'

પરંતુ એક વખત શ્રીજી મહારાજને અચાનક ગઢડાથી સારંગપુર જવાનું થયું. શેઠ આવ્યા પહેલા જ મહારાજ નીકળી ગયા હતા. દાતણ લઈને આવેલા આંબા શેઠને સમાચાર મળ્યા કે મહારાજ તો સારંગપુર ગયા છે. પોતાને દર્શન માટે જે મૂર્તિ આપતા તે આપી નથી, તેમજ આગલા દિવસે કંઈ વાત પણ કરી નથી. દર્શન વગર નહીં જમવાની ટેક સાચવવા આંબા શેઠ તૂર્ત જ મહારાજની પાછળ સારંગપુર ચાલી નીકળ્યા.

મહારાજનાં દર્શન વગર પાછા નહીં ફરવાના નિર્ધાર સાથે આંબા શેઠ સારંગપુર પહોંચ્યા. સારંગપુરમાં સમાચાર મળ્યા કે, મહારાજ થોડીવાર પહેલા લોયા પધારી ગયા. પછી પોતે પણ પાછળ પાછળ લોયા ગયા.

લોયા પહોંચ્યા તો શ્રીજી મહારાજ વડતાલ જવા નીકળી ગયા. આંબા શેઠ બે દિવસના ભૂખ્યા-તરસ્યા પચીશેક ગાઉનો પંથ કાપી લોયા પહોંચ્યા હતા.

ભલભલાની ધીરજ ખૂટી જાય એવી વાત હતી, પણ આંબા શેઠ તો આંબા શેઠ હતા. એની ટેક મેરુ જેવી અચળ હતી.

'अर्थं साधयामि वा देहं पातयामि'

'દેહ પડી જાય તો ભલે પડી જાય, પણ મહારાજનાં દર્શન કર્યા સિવાય અન્ન-જળ લેવાં નથી !' આવા મક્કમ નિર્ધાર સાથે, જેમ માછલું જળ વિના તલપાપડ થાય તેમ ભૂખ્યા અને તરસ્યા આંબા શેઠ મહારાજના દર્શનના વિરહમાં વિહ્વળ બની પ્રેમમાં આંસુઓ વહાવવા લાગ્યા. શરીરના થાકને ગણકાર્યા સિવાય

ભૂખ્યા-તરસ્યા આંબા શેઠ વરતાલની વાટે ઉપડ્યા.

આંબા શેઠનાં અંતરમાં મહારાજના દર્શનની ભારે તાલાવેલી હતી. શ્રદ્ધાને લીધે અંતરમાં અદમ્ય ઉત્સાહ હતો. જીભ ઉપર 'ન્યાલકરણ ! ન્યાલકરણ !' નામની રટણા હતી.

આ એક-બે દિવસની વાત નહોતી. ટેકીલા આંબા શેઠે ગઢાળી છોડ્યું એને ચાર દિવસ વીતી ચૂક્યા હતા. અન્નનો દાણો મોંઢામાં મૂક્યો ન હતો, પાણીનો ઘૂંટડો પીધો ન હતો. ચોથે દિવસે શેઠ વડતાલ પહોંચ્યા, મહારાજ સભામાં વિરાજમાન હતા. ત્યાં જઈ આંબા શેઠ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.

આમ અચાનક આંબા શેઠને આવેલા જોઈ મહારાજ બોલ્યા, "આંબા શેઠ ! અચાનક તમારે વડતાલ કેમ આવવું પડ્યું ?"

આંબા શેઠ કરુણતા ભાવે બોલ્યા. "મહારાજ ! આપને દાતણ આપવા આવ્યો છું. આ વખતે આપ અચાનક આ તરફ આવ્યા, અગાઉ કંઈ વાત થયેલ નહિ અને દર્શન માટે મૂર્તિ પણ આપેલ નથી, એટલે આપનાં દર્શન વિના અન્ન-જળ શી રીતે લેવા ?"

મહારાજ કહે, "શેઠ કેટલા દિવસ થયા ઘેરથી નીકળ્યા છો ?"

શેઠ કહે, "મહારાજ ! આજ છઠ્ઠો દિવસ છે. સારંગપુર તથા લોયા થઈ તમારી પાછળ-પાછળ અહીં વડતાલ પહોંચ્યો છું !"

આંબા શેઠની વાત સાંભળી મહારાજની આંખોમાં પાણી આવી ગયાં, મહારાજ એકદમ ઊભા થયા, પોતાના કંઠમાં રહેલો પુષ્પનો હાર એમણે આંબા શેઠને પહેરાવ્યો અને બાથમાં ઘાલીને મળ્યા.

મહારાજનાં મિલને આંબા શેઠના ભૂખ-તરસ અને લાંબા પંથનો થાક પળવારમાં હરી લીધો. સૂકાઈ રહેલા મોલ ઉપર વરસાદ વરસે અને મોલ હરિયાળો બને એમ આંબા શેઠના શરીરમાં કોઈ ગજબની શક્તિનો સંચાર થયો. તેઓ અત્યંત તાજગી અને સ્ફૂર્તિ અનુભવવા લાગ્યા.

ઉપસ્થિત સર્વ સંતો અને ભક્તો આંબા શેઠની આવી અનોખી અચળ ટેકને જોઈને ગદ્‌ગદ્ થઈ ગયા, સર્વના નેત્રમાં અશ્રુ છલકાયાં અને મનોમન આંબા શેઠને વંદન કરવા લાગ્યા.

બરાબર આ જ સમયે મૂળજી બ્રહ્મચારી મહારાજ માટે થાળ તૈયાર

કરીને લાવ્યા. મહારાજે આંબા શેઠને પોતાની સાથે જમવા બેસાર્યા અને પારણાં કરાવ્યાં.

આંબા શેઠ પણ 'વાહ, ન્યાલકરણ ! વાહ, ન્યાલકરણ !' બોલતા જાય અને પારણાં કરતા જાય.

મહારાજે કહ્યું, ''આંબા શેઠ ! આજથી તમારો આ નિયમ પૂરો થયો. હવે તમારે ગઢાળીથી ગઢડા દોડાદોડી કરવાની જરૂર નથી. તમે ગઢાળીમાં બેસીને જ ધ્યાન-માનસી પૂજા કરજો. તમે જ્યારે સંભારશો ત્યારે, જ્યાં હશો ત્યાં અમે દિવ્ય દેહે હાજર થઈશું !''

મહારાજનું અનોખું વરદાન પામીને આંબા શેઠ ધન્ય થઈ ગયા.

વસંત ઋતુમાં આંબો મો'રે એમ આંબા શેઠનો જીવનઆંબો મો'રી ઊઠ્યો. આંબા શેઠે મહારાજનાં ચરણ પકડીને કહ્યું કે, ''મહારાજ ! આજે તો તમે મને ખરેખર ન્યાલ કરી દીધો. 'જય ન્યાલકરણ ! જય ન્યાલકરણ !'

શેઠ ! તમે ખરા નિશાનબાજ !

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલ પધાર્યા હતા. વડતાલમાં ચૈત્રી સમૈયાનો ઉત્સવ ભારે ધામધૂમથી ઊજવાવાનો હતો. અનેક ગામો તથા શહેરોના સંઘો સમૈયાનો લાભ લેવા ઊમટ્યા હતા. સોરઠી, કાઠિયાવાડી, ગુજરાતી, કચ્છી, હાલારી, ગોહિલવાડી વગેરે પ્રદેશોના સંઘોમાં કાઠીઓ, બ્રાહ્મણો, પટેલો, કોળીઓ, વાણિયાઓ વગેરે અનેક કોમના ભક્તો પોતપોતાના વેશમાં પધાર્યા હતા. વેશની વિવિધતા, બોલીની વિવિધતા, જ્ઞાતિની વિવિધતા જેવી અનેક વિવિધતાઓ એ હજારો ભક્તોમાં હતી, પરંતુ વિવિધતામાં એકતા એ હતી કે તે સૌ એક જ ઈષ્ટના ઉપાસકો હતા.

ગોમતી તળાવને કિનારે સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. દૂધ જેવા સફેદ ગોદડાઓ પથરાયેલા તથા ઊંચા મંચ ઉપર મૂકેલા ઢોલિયા ઉપર મહારાજ વિરાજમાન થયા હતા. સભામાં નજર ન પહોંચે એટલે દૂર સુધી ભક્તોની મેદની હકડેઠઠ બેઠી હતી. સર્વના મનમાં આનંદ સમાતો નહોતો. સર્વત્ર ઉત્સવનો માહોલ છવાયેલો હતો.

આવા પ્રસંગે રસરાજ ભગવાન શ્રી સ્વામિનારાયણ ભારે ખીલતા.

કથાવાર્તાની સાથે સાથે સંતો તથા ભક્તોમાં રહેલી ખુમારીના પણ દર્શન કરાવતા. વિવિધ રમતો રમાડતા, ઘોડાઓ ખેલવતા, નૃત્યો કરાવતા, ગાન કરાવતા, કોઈને હસાવતા તો કોઈને રડાવતા. આમ મહારાજ એવા કાર્યક્રમો ઘડી કાઢતા કે ભક્તોને એ સમયે વિતાવેલા દિવસોની સ્મૃતિ જીવનપર્યંત રહી જતી.

શાંત સરોવર જેવી નીરવ શાંતિમાં મહારાજનો ઘંટારવ જેવો મધૂર અવાજ સંભળાયો, “ભક્તો ! આજે આપણે એક નવી જ રમત રમવી છે અને એ છે નિશાનબાજીની. તો ભક્તો તૈયાર થઈ જાવો, જેને જેને તીરકામઠાં ચલાવતા આવડતા હોય તે આગળ આવો. આજે અમારે ખરા નિશાનબાજને શિરપાવ આપવો છે.”

મહારાજની આ ગંભીર જાહેરાત સાંભળી સભામાં સોંપો પડી ગયો. કોણ ઊભું થાય છે ? તે જોવા બધા ભક્તો ઊંચા થઈ થઈ જોવા લાગ્યા. થોડીવાર કોઈ ઊભું ન થયું એટલે સભામાં ગણગણાટ થવા લાગ્યો. ‘શું કોઈ ઊભું નહીં થાય ? મહારાજના બોલ પાછા પડશે ?’ વગેરે વાતો થવા લાગી.

એ જ સમયે ચાર નરબંકાઓ ઊભા થયા. એમાંના એક હતા ભૂતકાળના ભયંકર લૂંટારા અને વર્તમાનના વિશુદ્ધ ભક્તરાજ જોબન પગી; બીજા ત્રણ હતા જોબન પગી જેવા જ અને એના જ ભાઈઓ સુંદર પગી, શકરો પગી અને તખો પગી.

આ ચારે ઊભા થયેલા નરવીરોની નામના આખા ગુજરાતમાં સૌથી શ્રેષ્ઠ લૂંટારા તરીકેની ફેલાયેલી હતી. ઊંચે આકાશમાં ઊડતું બાજ પોતાનું નિશાન ચૂકી જાય, પણ આ ચારે કોઈ દિ’ પોતે ધારેલું નિશાન ચૂકતા નહીં. બંદૂકના ધડાકે અને તીરની અણીએ પહેલાં જે મલકને લૂંટતા તે હવે માળાના મણકે મહારાજની મૂર્તિને લૂંટતા હતા. મહારાજે હવે આ લૂંટારુઓનાં જીવન ભક્તિમય બનાવી દીધા હતા !

મહારાજની નિશાનબાજીની રમતની જાહેરાત સાંભળી ચારે ભાઈઓના મન ઉછાળા મારવા માંડ્યાં હતાં. કારણ કે વર્ષો પહેલા અજમાવેલી વિદ્યાને આજે ફરી અજમાવવા મળવાની હતી.

મહારાજે આ રમત માટે અગાઉથી જ બધી વ્યવસ્થા કરાવી રાખી હતી. તીર-કામઠાં મગાવી લીધા હતા. નિશાન તાકવા ગોમતી કાંઠે ઊભેલા ઘેઘૂર આંબાની

ડાળે કેરીના ઝુમખા ગોઠવાવી રાખ્યા હતા. ચારે ભાઈઓ પોતાની કળા રજૂ કરવા થનગની રહ્યા હતા, એ જોઈ મહારાજે ચારેયને વારાફરતી પોતપોતાની વિદ્યાને અજમાવવાની આજ્ઞા આપી.

સભામાં ઉપસ્થિત સૌ કોઈની એક નજર ચારે ભાઈઓ ઉપર અને બીજી નજર આંબાની ઊંચી ડાળે લટકતી કેરીઓ ઉપર હતી. સૌના મનમાં એક જ વિચાર હતો કે આ કેરીના ઝૂમખાંને કોણ વીંધી જાણશે...?

જોબન પગી, સુંદર પગી, શકરો પગી, તખો પગી એ ચારે ભાઈઓ ક્રમમાં ઊભા રહ્યા. જોબન પગીએ પહેલા નિશાન પાડવા મહારાજને વંદન કરી તીર-કામઠું હાથમાં લીધું, પરંતુ નિશાન તાકવાને બદલે તેઓ સભા તરફ ફર્યા અને બોલ્યા, ‘‘બસ, આટલી મોટી સભામાં માત્ર ચાર જ જણાની હીંમત ચાલી ? છે કોઈ ઊંચી મૂછો રાખનારા કાઠીમાંઓથી હિમત કરે એવો ? હોય તો ઊભા થાઓ ભા ! પાડો નિશાન અને મેળવો મોજ !’’

ધારે તેમ તલવાર વાપરી જાણનારા કાઠી દરબારો સભામાં ઘણા હતા, પરંતુ તલવારની જેમ બાણ અને બંદૂક એમના એટલા કહ્યામાં ન હતા. કોઈ કોઈ કાઠી તીર-કામઠાં રમાડી જાણે એવાય હતા, પણ જોબન પગી જેવા ખૂંખાર સામે બાથ ભીડી પોતાની મૂછોના આંકડાને નીચા ઢાળવા કોઈ તૈયાર નહોતું.

જોબન પગીનો સાદ સાંભળી સભામાંથી પાદડું હલે એટલોય અવાજ ન થયો, એટલે જોબન પોતાની મૂછે હાથ ફેરવતા બોલ્યા, ‘‘બસ...સ ! કાઠીઓનું પાણી ગયું !!’’

મહારાજની ચકોર નજર જોબન પગીના ગર્વને પામી ગઈ. પોતે કાંઈ બોલ્યા નહીં, પણ મર્માળુ હસ્યા અને ચારે ભાઈઓ ઉપર નજર નાખી.

‘‘સારુ મહારાજ ! તો હું નિશાન સાધુ છું; અત્યાર સુધીમાં આવા તો કેટલાંય નિશાન પાડ્યા છે !’ એમ બોલતા બોલતા જોબન પગીએ કામઠાંની પણછ ઉપર તીર ગોઠવ્યું; પણછ ખેંચી; તીર છનનન... કરતું ગયું. તીર છૂટ્યું તો ખરું, પણ કેરીના ઝૂમખાની બાજુમાંથી સરીને આંબાના પાંદડાં ખેરતું પડ્યું.

પહેલું જ નિશાન બરાબર ન વાગતા જોબનની મૂછો ક્ષોભથી થોડી હેઠી નમી. બીજું તીર હાથમાં લીધું, છોડ્યું પણ ખાલી ગયું. ત્રીજું છોડ્યું, એ ય ખાલી ગયું. હવે જોબનને ધરતી માગ આપે તો સમાઈ જાઉં એવું વહમું લાગ્યું, પણ

બાપડો કરેય શું ?

જોબન પગી શરમના માર્યા અને બચી લાજ બચાવવા જેવું ચોથું તીર લેવા હેઠા નમ્યા એટલે તરત મહારાજે રોકતા કહ્યું, "જોબન ! બેસી જાઓ, બેસી જાઓ. નિશાન પાડવું એ તમારું કામ નહીં. હવે આવો સુંદર પગી તમારો વારો !"

સુંદર પગી પોતાના બાહુ સામે જોતા, મૂછોમાં મલપતા ઊભા થયા. તીર હાથમાં લીધું, નિશાન તાક્યું, છોડ્યું પણ કેરીના ઝુમખાથી બે હાથ છેટેથી નીકળી ગયું. પોતાનું નિશાન ખાલી ગયાનો પોતાને જ વિશ્વાસ ન બેઠો ! કપાળે જામેલા પરસેવાના બુંદ લૂછતા એ પણ બેસી ગયા.

હવે આવ્યો વારો શકરા પગીનો. એમણે નિશાન સાધવાનો પ્રયત્ન કર્યો, પણ એમની બુદ્ધિ જ ચક્રાકારે ઘૂમવા લાગી. કાંઈ સમજ ન પડી કે શું થયું ? નિશાન ખાલી ગયું અને એ પણ બેસી ગયા.

ત્યાર બાદ તખા પગીએ તીખી નજરે કેરીના ઝૂમખા સામે જોઈ નિશાન સાધ્યું, પરંતુ એમના હાલ પણ લંઘાઈ ગયેલા તીખા મરચા જેવા થયા, એટલે એ પણ શરમના માર્યા હેઠું જોઈ બેસી ગયા.

ચારે ભાઈઓ બેઠા બેઠા જમીન માપવા માંડ્યા; સભામાં ગણગણાટ થવા લાગ્યો. કાઠીઓ હસવા લાગ્યા અને મહારાજ કોઈને ગોતવા સભામાં નજર ફેરવવા લાગ્યા.

સભામાં ઢીલું ધોતીયું પે'રી એક શેઠ બેઠેલા. એમનું નામ આંબા શેઠ. મરમાળા મહારાજની હેતાળ નજર આંબા શેઠ પર મંડાણી. મહારાજે આંગળીનો ઈશારો કરી વેણ ઉચાર્યા, "આંબા શેઠ ! ઊભા થાઓ અને અહીં આવો. આ તીર-કામઠું હાથમાં લો અને તીર છોડો. જો જો હોં શેઠ ! બીજું તીર લેવાનું નથી...એકે પાર પાડવાનું છે !"

આંબા શેઠ હતા વાણિયા વેપારી. એમના વેપારનો મોંઘો માલ દરિયાઈ માર્ગે ભાવનગર આવતો. એ સમયે લૂંટારુઓનો ભય ભારે રહેતો. એમનાથી રક્ષા મેળવવા વેપારીઓ રક્ષકોનો સહારો લે'તા, પણ આંબા શેઠનો માલ ઊતરે ત્યારે કોઈનું રખોપું ન હોય ! શેઠ પોતે જ માલનું રખોપું કરતા અને માલ સહી-સલામત ગઢાળી પહોંચાડતા. રસ્તામાં ભૂલેચૂકે કોઈ લૂંટારો શેઠની નજરે ચઢ્યો તો થઈ રહ્યું. સનનન કરતું તીર એમના ભાથામાંથી છૂટે અને ત્યાં જ ઢળી પડે. એ

આવા નિશાન બાજ હતા એ વાતની ગુજરાતના ભક્તોને ખબર નહોતી.

મહારાજે આંબા શેઠને ઊભા કર્યા એટલે સભામાં શેઠનું પોચું શરીર જોઈને મજાક ચાલી. કોઈ બોલ્યું કે, ‘આ ગાદીફાડ વાણિયાને મન હિંગ તોળવી અને નિશાન સાધવા એ બેય જાણે કે સરખું જણાતું હશે કાં ! આ ગુજરાત ગજવનારા પગીઓ ભોઠા પડ્યા એમ હવે એનોય વારો છે !’ ત્યાં બીજું કોઈ બોલ્યું, ‘એય શેઠિયા ! હેઠા બેસો, હેઠા. પહેલા તમારું ઢીલું ધોતીયું સરખું કરો, આ નિશાન પાડવું એ તમારું કામ નહિ !’

સભામાંથી ઊઠતા બટકબોલાઓના વે’ણને કાને ન ધરતા આંબા શેઠે મહારાજ પાસે જઈ દંડવત કર્યા. મહારાજની બેઠકની બાજુમાં જ પડેલા તીર-કામઠાંને હાથમાં લીધાં, તીર પણછ ઉપર ગોઠવ્યું. આંખો બંધ કરી, મહારાજની મૂર્તિને સંભારી પણછ ખેંચી ને સનનન... કરતું તીર છોડ્યું. કેરીના ઝૂમખાંને હેઠું પાડતું તીર ગયું સીધું ગોમતી સરોવરમાં.

આ દૃશ્ય જોઈ આભમાં મેઘ ગડગડે એમ સભામાં તાળીઓનો ગડગડાટ થવા લાગ્યો. મહારાજ ઢોલિયેથી ઊભા થયા અને પોતાના ગળામાં રહેલો ગુલાબનો હાર આંબા શેઠના ગળામાં પહેરાવી ભેટી પડ્યા અને બોલ્યા, “વાહ શેઠ વાહ ! આજે તમે રંગ રાખ્યો. તમે છો ખરા નિશાનબાજ !”

એ જ સમયે જોબન પગી ઊભા થયા અને બોલ્યા, “મહારાજ ! આજે આ વાણિયાએ અમારી લાજ લીધી ! પણ મહારાજ ! સાચું કહો કે આમાં ક્યાંક તમારી મરજી કામ કરી ગઈ !”

મહારાજ કહે, “જોબન ! આ ખેલ નિશાનબાજીનો નહોતો, આ તો ભક્તપણાનો હતો. ભગવાન પાસે કોઈનું અભિમાન ન ચાલે, ત્યાં તો નિર્માની ભક્તનો જ વિજય થાય. માટે પોતાની કળા-આવડતનું ભગવાન કે ભગવાનના ભક્ત પાસે અભિમાન આવવા ન દેવું.”

આમ મહારાજે પ્રેમી ભક્ત દ્વારા ગર્વમાં રમનારા ભક્તોના ગર્વનું નિશાન સાધ્યું.

ભગવાનના કામનું તે બચ્યું, બાકી બધું બળ્યું !

આંબા શેઠની પ્રેમભક્તિ અદ્‌ભૂત હતી. એક-એક ક્ષણ મહારાજની પ્રેમભક્તિમાં ડૂબેલા રહેતા. શ્રીજી મહારાજ અર્થે જે સેવાના વિચારો આવે, તે

તેનો તત્કાળ અમલ કરતા.

એક દિવસ રાત્રિએ સૂતા સૂતા આંબા શેઠના ભક્તિભીના હૃદયમાં એવો વિચાર ઊઠ્યો કે 'મહારાજની મેં દરેક પ્રકારે સેવા કરી, પણ કોઈ દિવસ સુખેથી સૂઈ શકાય તેવી સુખશય્યા આપી નથી.'

હૃદયમાં ઊઠેલા આ વિચારને કાર્યાન્વિત કરતા સારામાં સારું અને નવું ગાદલું, ઓશિકું, ગાલમસુરિયા તેમજ સુંદર મજાનો ઢોલિયો ખરીદ્યો. તે સર્વે પદાર્થો પોતાના માથે ઉપાડી ગઢપુર આવ્યા.

શ્રીજી મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન હતા. સંતો-ભક્તોની સભા ભરાઈને બેઠી હતી. આંબા શેઠે બધી વસ્તુ મહારાજ પાસે મૂકી પ્રણામ કર્યા.

આંબા શેઠને આ રીતે ઢોલિયા સાથે આવેલા જોઈ અંતર્યામી મહારાજ અજાણ થતા કહે, "શેઠ ! આ બધું શું લાવ્યા ?"

શેઠ રમૂજ કરતાં મર્મમાં કહે, "મહારાજ ! ગઢાળીમાં આગ લાગેલી, તે બધું સળગી ગયું ! આટલું માંડ બચ્યું તે અહીં ઉપાડી લાવ્યો છું !"

શેઠની વાત સાંભળી સભામાં બેઠેલા ભક્તોને આઘાત લાગ્યો. સર્વે એકબીજા તરફ જોવા લાગ્યા. ત્યાં અંતર્યામી મહારાજે હસતા-હસતા પૂછ્યું, "શેઠ ! ગઢાળી કઈ રીતે સળગી ગયું ?"

આંબા શેઠ કહે, "મહારાજ ! ભગવાનનાં કામમાં આવ્યું તે બચ્યું, બાકી બધું બળ્યું. બીજું બધું તો કાળના અગ્નિમાં બળીને ખાખ જ થવાનું છે ને !" આમ આંબા શેઠે સ્પષ્ટીકરણ કરી પોતાની પ્રેમભરી સેવાની વાત મહારાજને કરી.

પછી લીંબતરુ નીચે ઢોલિયો ઢાળ્યો, ગાલીચા-તકિયાથી સજાવ્યો અને મહારાજને બિરાજમાન કર્યા.

વહેલો તે પહેલો ને ભૂલે તે ઘેલો

આંબા શેઠનું હૃદય જ્ઞાન અને ધીરજથી શોભતું હતું. ભગવાન તથા ભગવાનના ભક્તો પ્રત્યે દૃઢ વિશ્વાસ તથા શ્રદ્ધા એમના હૃદયના શણગારો હતા.

એક વખત આંબા શેઠે મહારાજને વિનંતીપૂર્વક પ્રાર્થના કરી કે, "મહારાજ !

અમારે રસોઈ આપવી છે, પણ ગઢાળી, અહીં નહીં. તો આપ સંતો-ભક્તો સાથે ગઢાળી પધારો અને અમને પાવન કરો.''

મહારાજે શેઠની પ્રેમભરી વિનંતી સ્વીકારી અને કહ્યું, ''બહુ સારું શેઠ ! અમે કાલે બસો જેટલા સંતો-ભક્તોને લઈને ગઢાળી આવશું, માટે તે પ્રમાણે તમે રસોઈ તૈયાર કરાવજો.''

મહારાજે વિનંતી સ્વીકારી એટલા આંબા શેઠ આનંદના ફૂવારા ઉડાડતા ઉડાડતા ગઢાળી આવ્યા. મહારાજે બસો માણસોની રસોઈનું કહ્યું છે, પણ મારે તો ત્રણસો માણસોની રસોઈ બનાવવી છે અને બધા જ સંતો-ભક્તોને દોઢું જમાડવું છે. એવા વિચાર સાથે સીધા-સામાનની તૈયારીઓ કરી, ગામમાંથી રસોઈ બનાવનારા રસોઈયાઓને બોલાવ્યા અને વિવિધ વાનગીઓ સાથે મોતૈયા લાડુ તૈયાર કરાવ્યા.

બીજા દિવસે સવારે પાંચસો સંતો-ભક્તોના વિશાળ સંઘ સાથે મહારાજ પધાર્યા. આંબા શેઠે સામૈયું કરી ધામધૂમથી પોતાના ઘરે પધરાવ્યા.

પોતાના ચરણોમાં બેઠેલા આંબા શેઠને મહારાજે પૂછ્યું, ''શેઠ ! કેટલા માણસોની રસોઈ કરી છે ?''

શેઠ કહે, ''મહારાજ ! ત્રણસો માણસોની રસોઈ બનાવી છે.''

મહારાજ ભક્તની ધીરજના પારખા કરતા બોલ્યા, ''પણ અમારી સાથે તો પાંચસો સંતો-ભક્તો છે !''

આંબા શેઠ સમજી ગયા કે મારા અંતર્યામી પ્રભુએ આજે મારી પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો છે, માટે આપણે વિશ્વાસ રાખી તે જેમ કરે તેમ કરવા દેવું ! આવા વિચાર સાથે વ્યવસ્થા કરાવવા લાગ્યા. ત્યાં ફરી વાણિયાબુદ્ધિમાં વિચાર સૂઝ્યો કે આ ઝાઝા માણસોમાં કદાચ મારા ઘરના માણસોને મહારાજના હાથની પ્રસાદી ન મળે તો ? માટે મારે એ કામ પ્રથમ પતાવી લેવું. આ રીતે મનમાં નક્કી કરી આંબા શેઠે મહારાજ પાસે પોતાનો ખેસ પાથરીને કહ્યું, ''મહારાજ ! આમાં મારા ઘરના દસ માણસો માટે ૨૦ લાડુ આપો, પછી તમને જેમ ગમે તેમ કરો !''

મહારાજ વાણિયાની યુક્તિ સમજી ગયા એટલે હસતા-હસતા બોલ્યા, ''શેઠ ! હજુ કોઈ જમ્યું નથી ને તમે ઘરના સભ્યોની ચિંતા કરો છો ? પહેલા

મહેમાનોને તો જમાડો !''

શેઠ કહે, ''મારા બાપ ! અત્યારે કાંઈ વાત સાંભળવાનો સમય નથી. અમે વાણિયા છીએ તે છેતરાઈએ નહીં, જલ્દી કરો અને આ ઝોળીમાં વીસ લાડુ પધરાવો !''

મહારાજ કહે, ''પણ વાણિયાભાઈ !....''

''પણ ને બણ રહેવા દો પ્રભુ ! અમે ઝાઝું કાંઈ ન સમજીએ, પણ એટલું જરુર સમજીએ કે વહેલો તે પહેલો ને ભૂલે તે ઘેલો.'' આંબા શેઠ મહારાજના શબ્દને અધવચ્ચે રોકીને બોલ્યા.

મહારાજ હસતા હસતા કહે, ''વાણિયા બહુ પાકા ! પોતાનું કરી લીધું, પણ બીજાની કંઈ ચિંતા ખરી ?''

આંબા શેઠ વિનમ્ર ભાવે બોલ્યા, ''મહારાજ ! આપ જેવા ઘરધણી ઘરમાં હોય, પછી વાણોતરને શી ચિંતા ?''

શ્રીજી મહારાજે પ્રેમી ભક્તના હૃદયનું રહસ્ય જાણી પોતાના હાથે વીસ લાડુ ઝોળીમાં આપ્યા. ત્યાર પછી મહારાજે સંતો-ભક્તોની પંક્તિમાં વારંવાર લાડુ પીરસી આંબા શેઠને રાજી કર્યા.

બધા જમી રહ્યા, છતાં પણ લાડુ ખૂટ્યા નહિ. પછી ગામના સૌને પ્રસાદી આપી તો પણ બસો લાડુ વધ્યા, જે મહારાજે આંબા શેઠને પ્રસાદીના કરીને આપ્યા.

પ્રેમભક્તિની પરાકાષ્ઠા

લગન અને શ્રદ્ધા વિના કોઈ પણ કાર્યની સિદ્ધિ થઈ શકતી નથી, તે જ રીતે હૃદયના અગાધ પ્રેમપ્રવાહથી વહેતી પ્રેમભક્તિ વિના પરમેશ્વર પાસે પહોંચાતું નથી. પ્રેમલક્ષણા ભક્તિવાળા ભક્તની રીતિ અલૌકિક હોય છે. એમનું હૃદય પ્રેમસ્વરૂપ પ્રભુમાં વિહ્વળ બને છે ત્યારે સંસારની કોઈ ચિંતાઓ, ધારણાઓ એમને રોકી શકતી નથી. આંબા શેઠની સ્થિતિ પણ આવી જ પ્રેમલક્ષણા ભક્તિથી ભરેલી હતી.

એક વખત આંબા શેઠ મહારાજનાં દર્શને ગઢપુર આવ્યા. એ સમયે મહારાજે એકાંતવાસ સ્વીકાર્યો હતો. મહારાજની આજ્ઞા સિવાય કોઈથી દર્શને જવાતું નહીં, પરંતુ પ્રેમી ભક્ત આંબા શેઠ મહારાજનાં દર્શન વિના કેમ રહી શકે ?

તેઓએ મહારાજનાં દર્શન કરવા એક તરકીબ શોધી કાઢી. અક્ષરઓરડીમાં

બિરાજેલા મહારાજનાં દર્શન કરવા આંબા શેઠ વંડી ઉપર ચડ્યા, પરંતુ આ તો વાણિયાનું શરીર. વંડીએ ચડવું એમનું કામ નહીં. શેઠ વંડી ઉપર ચડી તો ગયા પણ ત્યાં ઝાઝી વાર ટક્યા નહીં ને ક્યારે ગોથું ખવાઈ ગયું તે ખબર ન પડી.

વંડી ઉપરથી પડ્યા ને જે મૂઢ માર વાગ્યો તે શેઠથી ખમાણો નહીં એટલે તેઓ જોર જોરથી 'ન્યાલકરણ, ન્યાલકરણ' એમ બૂમો પાડવા માંડ્યા.

અવાજ સાંભળી મહારાજ અક્ષરઓરડીમાંથી બહાર આવ્યા અને સેવામાં રહેલા પાર્ષદને પૂછ્યું, "શું થયું ? શેનો અવાજ આવ્યો ?"

પાર્ષદે કહ્યું, "મહારાજ ! એ તો આંબા શેઠ તમારાં દર્શન કરવા વંડીએ ચડ્યા હતા, તે પડ્યા !"

ભક્તવત્સલ ભગવાન બોલ્યા, "પાર્ષદો ! મારાં દર્શનની સૌને બંધી પણ આંબા શેઠને નહીં, કારણ કે એ વાણિયો પ્રેમમાં ને પ્રેમમાં ક્યારેક હાથ-પગ ભાંગશે. માટે તેને દર્શનની ક્યારેય ના ન પાડવી."

મહારાજ અક્ષરઓરડીની ઓસરીમાં ઊભા હતા. આંબા શેઠે દર્શન કર્યા અને મહારાજને પૂછ્યું, "મહારાજ ! હવે આંબો દર્શને આવે ?"

મહારાજ હસતા હસતા બોલ્યા, "ખીજડા આવે, લીંબડા આવે અને આંબો શા વાસ્તે ન આવે ?"

પછી આંબા શેઠે ભાવથી મહારાજનાં દર્શન કર્યાં અને મહા આનંદને પામ્યા.

ગાંફનો કારભારી ગગો વ્યાસ

પ્રેમલક્ષણા ભક્તિના અતિ ઉત્તમ અંગવાળા આંબા શેઠને પંચવિષય વિશેની પ્રીતિ ટળી ગઈ હતી. જગતના કોઈ પદાર્થોમાં એમને મોહ કે મમત્વ રહ્યું નહોતું, હાલતા-ચાલતા, ખાતા-પીતા સર્વ ક્રિયામાં અખંડ ન્યાલકરણ નામના ભજનમાં ડૂબેલા રહેતા. દુકાનના થડે બેસી સીધા-સામાનની સાથે સાથે ન્યાલકરણ નામનો વ્યાપાર પણ માંડ્યો હતો.

એક વખત ગાંફનો રાજા સંઘ સાથે દ્વારકાની જાત્રાએ નીકળેલા. રાત્રિ રોકાણ ગઢાળીમાં કર્યું.

સંઘની સરભરા કરનારા કારભારી ગગો વ્યાસ આંબા શેઠની દુકાને સીધું લેવા આવ્યા. આંબા શેઠ તો ગ્રાહકોનો માલ જોખતા જાય ને 'ન્યાલકરણ, ન્યાલકરણ' બોલતા જાય.

અટપટા અને ક્યારેય ન સાંભળેલા શબ્દો બોલતા શેઠને જોઈ ગગો વ્યાસ બોલ્યો, "શેઠ ! સામું જોઈને ઝડપથી સીધું જોખોને ? અમારે પાછું જાત્રાએ આગળ વધવાનું છે !"

આંબા શેઠને સામેથી બોલવાનો મોકો મળ્યો એટલે બોલ્યા, "અરે ! આજ તો ગઢડામાં ઢીંચણ સમું કલ્યાણ છે ! જે કોઈ ત્યાં જાય છે એ ન્યાલ થઈ જાય છે. ઓ.. હો.. હો.. મને તો એ ન્યાલકરણે ન્યાલ કરી દીધો. ક્યાં હું હિંગ તોળનારો વાણિયો, પામર જીવ ! પણ મારો તો બેડો પાર થઈ ગયો." આમ બોલતા બોલતા, મહારાજનો મહિમા ગાતા ગાતા, મસ્તીમાં ડોલતા ડોલતા, માલ જોખતા-જોખતા આંબા શેઠ કારભારીને મહારાજનો મહિમા કહેવા લાગ્યા.

આંબા શેઠની આ રીતની અલમસ્તાઈ જોઈ ગગો વ્યાસ તો છક થઈ ગયો. ભારે આશ્ચર્ય પામી ગગાએ શેઠને પૂછ્યું, "શેઠ ! આ ન્યાલકરણ વળી કોણ છે ?"

આંબા શેઠ પોતાની મસ્તીમાં ડોલતા ડોલતા કહે, "ગઢડાવાળા સ્વામિનારાયણે મને ન્યાલ કરી દીધો !"

શેઠની વાત સાંભળી ગગો કાંઈ સમજ્યો નહીં. સીધુ લઈને એ ગયો. જાત્રા પૂરી થઈ.

ગગો વ્યાસ જાત્રા કરી પાછો ગાંફ ગામ આવ્યો. એ સમયે સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી ગાંફ પધાર્યા હતા. આંબા શેઠના મુખેથી સ્વામિનારાયણની વાત સાંભળી ગગા વ્યાસ ભગવાન શ્રી સ્વામિનારાયણ તરફ આકર્ષાયા હતા. આજે એમના સાધુ ગામમાં આવ્યા છે, તે સાંભળી દર્શન કરવા ગયા.

સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીએ ગગા વ્યાસને આવકાર્યા. સ્વામીએ સભામાં મહારાજના ઐશ્વર્ય-પ્રતાપની ખૂબ વાતો કરી. સ્વામીના પ્રભાવશાળી મુખેથી મહારાજના મહિમાની વાતો સાંભળી ગગા વ્યાસનું હૃદય સત્સંગના રંગે રંગાયું. ગગા વ્યાસે સ્વામી પાસે વર્તમાન ધરાવ્યા અને કહ્યું, "સ્વામી ! તમે મને વર્તમાન ધરાવી સત્સંગી કર્યો, પરંતુ મને ખરો સત્સંગી તો ગઢાળીના વાણિયાએ કર્યો છે."

ગગા વ્યાસની વાતને સ્વામી સમજ્યા નહીં તેથી તેમણે વાતનો ફોડ પાડતા કહ્યું, "સ્વામી ! હું જાત્રા કરવા નીકળ્યો ત્યારે ગઢાળીના આંબા શેઠની દુકાને

હટાણું કરવા ગયો હતો. એમની દુકાને હું પા કલાક બેઠો હતો. તેટલા સમયમાં તે સો વાર ન્યાલકરણ-ન્યાલકરણ બોલ્યા હશે ! એમના પ્રેમનો રંગ અને કેફ ગજબ હતા. એમના ઈષ્ટદેવ પ્રત્યેની એમની નિષ્ઠા જોઈ મારું હૃદય એમના પ્રત્યે ભારે આકર્ષાયું હતું.''

આ રીતે આંબા શેઠની પ્રેમલક્ષણા ભક્તિના ગુણ ગાઈ ગગો વ્યાસ નિત્યાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવી સત્સંગી થયા.

શ્રીજી મહારાજ ગઢડા અંત્યના ૨૨મા વચનામૃતમાં કહે છે કે 'જેને પ્રેમલક્ષણા ભક્તિનું અંગ હોય, તેને પંચવિષયને વિશે પ્રીતિ ટળી જાય છે ને બધા દોષો થકી નિર્મૂળ થાય છે.'

૧૪ ભાલચંદ્ર શેઠ (સુરત)

શ્રીજી મહારાજ શિક્ષાપત્રીમાં કહે છે કે ‘‘મહાત્મ્યજ્ઞાનયુગ્ભૂરિસ્નેહો ભક્તિશ્ચ માધવે’’ અર્થાત્ - મહિમા અને જ્ઞાને સહિત ભગવાનને વિષે જે અતિશય સ્નેહ તેને ભક્તિ જાણવી અને ધર્મે રહિત ભક્તિ કોઈ પ્રકારે ન કરવી, કારણ કે ધર્મ ભક્તિનો રક્ષક, પોષક અને પ્રાણ છે.

પૃથ્વીને વિષે સર્વ મનુષ્યોએ ભગવાનની ભક્તિ કરવી, કારણ કે ભક્તિથી શ્રેષ્ઠ એવું બીજું કોઈ આત્યંતિક મોક્ષનું સાધન નથી.

ભક્તિ સંબંધી શ્રીજી મહારાજના આ સિદ્ધાંત થકી અનેક મુમુક્ષુઓ તથા કેંક પતિત ને પામર જીવો પણ આદર્શ ભક્તો બન્યા છે, જેના અગણિત દાખલાઓ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં ભરપૂર છે, જેમાંના એક સુરતના ભક્તરાજ ભાલચંદ્ર શેઠના જીવનનું અહીં દર્શન કરીએ.

સેવાથી પ્રગટ્યો સત્સંગ

ઓગણીસમા સૈકામાં ભારતની ભીષણ પરિસ્થિતિ હતી. ચારે તરફ અરાજકતા ફેલાયેલી હતી. રાજા-પ્રજા અને ધર્મગુરુઓનું જીવનધોરણ વિષય, વ્યસન અને અનીતિપ્રધાન બની ગયું હતું. સ્ત્રી, ધન અને રસાસ્વાદના વમળોમાં પાખંડી ગુરુઓના સંગે સારીએ ધાર્મિક પ્રજા અટવાયેલી હતી.

આવા વિકટ સમયમાં પરાત્પર પુરુષોત્તમ નારાયણ શ્રી સહજાનંદ સ્વામીના

આદર્શ-ચારિત્રશીલ સાધુઓ અસહ્ય કષ્ટો સહન કરીને કચ્છ, કાઠિયાવાડ તથા ગુજરાત વગેરે પ્રદેશોમાં માનવકલ્યાણ માટે વિચરણ કરતા; ધ્યાન-ભજન કરતા અને મુમુક્ષુઓને સત્સંગ કરાવતા.

સહજાનંદ સ્વામીના એ બ્રહ્મવેત્તા સંતોની વાણી-વર્તન, રીત-ભાત જોઈ અનેક મુમુક્ષુઓ આકર્ષાતા. સંતોનું આ આકર્ષણ ઢોંગી અને થઈ બેઠેલા સાધુઓ માટે અસહ્ય બની રહેતું. તેઓ ગમે તે ઉપાયો કરી વગર કારણે સંતોને રંજાડતા, મારતા, ગાળો દેતા, અપમાન કરતા.

એ ઢોંગી સાધુઓ દ્વારા અપાતી અપાર વેદના સંતોથી ક્યારેક સહન ન થતી. તેથી શ્રી સહજાનંદ સ્વામીની આજ્ઞાથી સંતોના મંડળો વડોદરા, સુરત, ભૂજ જેવા પ્રદેશોમાં વિચરણ કરવા જતા રહેતા. તેમાં પણ સુરત સંતો માટે સૌથી વધારે સુરક્ષિત હતું, કારણ કે અહીં અંગ્રેજોના પ્રભાવ હેઠળ ધૂતારાઓનું બળ ચાલતું નહીં અને સંતોને પૂરી સુરક્ષા મળી રહેતી.

સંપ્રદાયમાં સુરતનો સત્સંગ પ્રારંભથી જ સેવા, ભક્તિ અને શ્રદ્ધાથી નીતરતો રહ્યો છે. એમાં સદ્‌ગુરુ સ્વામી રામદાસજી, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી વગેરે મોટા સંતોના સમાગમથી સુરતના ભક્તોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની નિષ્ઠા ખૂબ દૃઢ થયેલી.

જેતલપુર અને ડભાણના યજ્ઞ બાદ દ્વેષીઓ દ્વારા ફેલાયેલી અરાજકતાના સમયે તથા ઓગણોતેરા કાળના કપરા સમયને વિતાવવા મોટી સંખ્યામાં સુરત પધારેલા સંતોની સુરતના ભક્તોએ ખૂબ જ શ્રદ્ધાથી સેવા કરેલી.

આમ સંતોના સમાગમે કરીને શ્રી ભાલચંદ્ર શેઠ, લક્ષ્મીચંદ શેઠ, લલ્લુભાઈ ચોકસી, અરદેશર કોટવાળ, મુનીબાવા, આત્મારામ દરજી વગેરે સુરતના પ્રતિષ્ઠિત લોકો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયેલા.

ભાજીના ડાંળખે કલ્યાણ

સુરતના ભાલચંદ્ર શેઠ એક ધનાઢ્ય સદ્‌ગૃહસ્થ હતા. સુરતના સમાજમાં હરિભક્ત ભાલચંદ્ર શેઠનું નામ મોખરાનું ગણાતું. એમનું કુટુંબ વલ્લભ સંપ્રદાયનું આશ્રિત હતું, પરંતુ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીના સમાગમે કરીને ભાલચંદ્ર શેઠને ભગવાન શ્રી સ્વામિનારાયણનો ખરો રંગ ચડ્યો હતો.

ભાલચંદ્ર શેઠ જેવા સુરતના પ્રતિષ્ઠિત અને મોભાનું સ્થાન ધરાવનાર ગૃહસ્થ વલ્લભ સંપ્રદાયનો ત્યાગ કરી સ્વામિનારાયણના આશ્રિત થયા, તેથી સુરત શહેરના લોકો સત્સંગથી ઘણા જ પ્રભાવિત થયા હતા.

એમાં પણ સંતોનું ક્યારેય ન દીઠેલું અને ન સાંભળેલું અનોખું વર્તન, નિઃસ્વાર્થ જીવન તથા ભાલચંદ્ર શેઠ વગેરે સત્સંગીઓની ભક્તિનિષ્ઠા અને સદાચારીપણું નજરે નિહાળી અનેક મુમુક્ષુઓ સ્વામિનારાયણ સંપ્રદાય તરફ આકર્ષાયા હતા.

સુરત નગરના અગ્રણીઓમાં જેની ગણના થતી, એવા ભાલચંદ્ર શેઠ જે રીતે સત્સંગી થયા એ કથા ખૂબ રોચક છે.

સત્સંગ થયા પહેલા ભાલચંદ્ર શેઠને કુસંગીઓના સંગને કારણે ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે અકારણ દ્વેષ હતો. એમાં પણ એમના સાધુઓને જૂએ ત્યારે એમને ભારે દ્વેષ જાગી ઊઠતો.

સુરત શહેરમાં વિચરણ કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો દરરોજ બપોરના સમયે ભિક્ષા માગવા નીકળે. મુખ્ય બજારમાં રહેલી ભાલચંદ્ર શેઠની દુકાન પાસેથી સંતો પસાર થાય. સંતોને જોઈ શેઠના મનમાં ખંજવાળ ઉપડે. જોખી જોખીને ગાળો દે, અધૂરામાં પૂરું હાથમાં જે આવે તે છૂટું મારે !

શેઠનો આ રોજનો ઉપદ્રવ સંતો હસતે મોંઢે સહન કરે અને શેઠનું સારું થાય, એવા સંકલ્પ સાથે આગળ વધે !

પરંતુ એક દિવસ સંતો નીકળ્યા ત્યારે શેઠ ત્રાજવામાં કંઈક જોખી રહ્યા હતા. સંતોને જોઈ શેઠને ખંજવાળ ઉપડી, પણ ઘા કરવાનું કંઈ ન મળ્યું એટલે ત્રાજવામાં રહેલી પાંચશેરીનો છૂટો ઘા કર્યો.

ભગવાનની કૃપાથી શેઠે મારેલી પાંચશેરી સંતોના માથા ઉપરથી જતી રહી, કોઈને વાગી નહીં. સંતો ભિક્ષા માગી ઉતારે આવ્યા. વાતવાતમાં કોઈ નાના સંતે મુક્તાનંદ સ્વામીને ભાલચંદ્ર શેઠનો દરરોજનો ઉપદ્રવ કહ્યો.

મા જેવા મુક્તાનંદ સ્વામીએ સંતોને કહ્યું, “સંતો ! આપણે એમના મારવાના સ્વભાવને બદલવો છે, માટે કાલે ભિક્ષા માગવા જાઓ અને શેઠ જેનો ઘા કરે તે સાથે લઈ આવજો.”

બીજા દિવસે સંતો રોજના ક્રમ પ્રમાણે શેઠની દુકાન આગળથી પસાર થયા. એ સમયે શેઠ દુકાનને થડે બેઠા હતા; એમણે ઘર માટે મેથીની ભાજી લીધેલી,

નોકરે ભાજી વીણી ડાળખાં જેમનાં તેમ પડી રહેવા દીધેલાં.

એવામાં સંતોને જોયા એટલે શેઠે રોજનો ક્રમ શરૂ કર્યો ! સંતોને મારવા માટે આજુબાજુમાં ગોત્યું, પણ હાથમાં કાંઈ ન આવ્યું, તે પે'લી ભાજીના ડાળખાંઓ ઉપાડી સંતો ઉપર ફેંક્યા. ભાજીના ડાળખાં મારગમાં વેરાઈ ગયા.

સંતોએ નીચા નમી ડાળખાં વીણી લીધા. ભિક્ષા માગી સંતો ઉતારે આવ્યા. સંતોએ મુક્તાનંદ સ્વામી પાસે ભાજીના ડાળખાં મૂક્યા.

સ્વામીએ પૂછ્યું, "સંતો ! આ શું છે ?"

સંતોએ હસતાં હસતાં કહ્યું, "સ્વામી ! આજે તો ભાલચંદ્ર શેઠે ભિક્ષામાં આ ભાજીના ડાળખાં આપ્યા !"

સ્વામી આખી વાત સમજી ગયા અને હસવા માંડ્યા.

એ સમયે સંતો ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે ભિક્ષામાં જે મળે તે કપડાંની ઝોળીમાં ભરી, તળાવ કે નદીના જળમાં ઝબોળી, રસકસ નીચોવી પછી ગોળા વાળીને જમતા.

સ્વામીએ ભાજીના ડાળખાંના ઝીણાં ઝીણાં ટૂકડા કરાવ્યા, ભિક્ષાન્નમાં ભેળવ્યા અને બોલ્યા, "પરમહંસો ! ભાલચંદ્ર શેઠના જીવનું ભલું થાય, એવા સંકલ્પ સાથે આ ગોળા જમો." સ્વામીની આજ્ઞાથી સંતો જમ્યા.

અંતરમાં અજવાળા

મારના રૂપમાં મળેલી ભિક્ષાનું સંતોએ શ્રીહરિના સ્મરણ સાથે ભોજન કર્યું. સંતોના ઉદરમાં ઊઠેલી ભૂખ શાંત થઈ તો બીજી બાજુ ભાલચંદ્ર શેઠના અંતઃકરણની ભૂખ જાગી ઊઠી. શેઠને સૂતા સૂતા સાત્ત્વિક વિચારોની સરવાણી ફૂટી. મનમાં પસ્તાવો થવા લાગ્યો કે, 'મારાથી આ શું થયું ? સ્વામિનારાયણના પવિત્ર સાધુઓનું મેં કેટલું અપમાન કર્યું, છતાં એ કોઈ પ્રતિકાર કર્યા વિના મૂંગા મોઢે સહન કરતા રહ્યા. ખરેખર, તે ખરા સાધુઓ હોય એવું લાગે છે. જો તે સાધુઓ કાલે ભિક્ષા માગવા આવે તો મારે એમની ઝોળીઓ છલકાવી દેવી છે.' આમ વિચારો કરતા કરતા ભાલચંદ્ર શેઠને નિદ્રા આવી ગઈ.

બીજા દિવસની સવાર થઈ. શેઠ દુકાને આવ્યા. એમના મન ઉપર હજુ સંતોના સાધુપણાના વિચારો ઘૂમતા હતા. તેઓએ દુકાન ખોલી સંતોને આપવા

લોટ તૈયાર રાખ્યો અને જે દિશામાંથી દરરોજ સંતો આવતા તે દિશામાં મુખ રાખી સંતોની વાટ જોવા લાગ્યા. દરરોજના સમય પ્રમાણે સંતો ભિક્ષા માગવા નીકળ્યા. દૂરથી સંતોને આવતા જોઈ શેઠ દુકાનના થડેથી ઊભા થયા અને લોટની થેલી લઈ સંતો સામે દોટ મેલી. સામેથી આવતા સંતોએ શેઠને દોડતા આવતા જોયા અને મનમાં ધ્રાસકો અનુભવ્યો કે, આજ પર્યંત શેઠ દુકાને બેઠા બેઠા જે હાથમાં આવે તે મારતા હતા, પણ આજે તો ઊભા થઈ સામે આવે છે !

શેઠને સામે દોડતા આવતા જોઈ એક સંત બોલ્યા, ‘‘સંતો ! આજે જરૂર આ શેઠ આપણને પાકું સીધુ આપશે, માટે ભાગો...!!’’

સંતોને વિરુદ્ધ દિશામાં દોડતા જોઈ ભાલચંદ્ર શેઠને થયું કે, ‘સાધુઓ મારાથી ડરીને ભાગે છે.’ તેથી તે સાદ પાડતા કહેવા લાગ્યા, ‘‘ઊભા રહો... મહારાજ ! ઊભા રહો...! હું તમને મારવા નહીં, ભિક્ષા આપવા આવું છું.’’ શેઠના આ શબ્દો સાંભળી સંતોના કાનને પ્રથમ તો વિશ્વાસ ન આવ્યો, પરંતુ પાછળ જોયું તો ખરેખર શેઠ કંઈક આપવા આવતા હતા. સંતો ઊભા રહ્યા. શેઠ નજીક આવ્યા. હાથમાં લોટની થેલી હતી તે સંતોની ઝોળીમાં ઠાલવી દીધી. નીચે બેસી સંતોને પ્રણામ કર્યા અને દુકાન તરફ ચાલવા લાગ્યા.

શેઠની આ સઘળી ક્રિયામાં સંતોને કંઈ ખબર ન પડી. જેટલું જોઈએ એટલી ભિક્ષા મળી ગઈ હોવાથી સંતો ઉતારા તરફ પાછા ફર્યા. આ બાજુ શેઠના અંતરમાં વળી વિચાર ઊઠ્યો કે આવા સારા સાધુઓને મેં કેવળ લોટ આપી વળાવ્યા ! માટે કાલે મારે એમને લાડુ જમાડવા છે. આમ વિચારી સાંજે પાકના લાડુ તૈયાર કરાવ્યા. સવારે તે લાડું ટોપલામાં ગોઠવી દુકાને લઈ આવ્યા અને ફરી એ દિશામાં જોતા જોતા સંતોની રાહ જોવા લાગ્યા.

સંતો ભિક્ષા લેવા નીકળ્યા. શેઠની દુકાન પાસે આવ્યા એટલે શેઠે સંતોને બોલાવ્યા. શેઠનો કાલનો વ્યવહાર જોઈ સંતો હવે નિર્ભય થયા હતા, તેથી નજીક આવ્યા. શેઠે સંતોને ભિક્ષામાં લાડુનો ટોપલો આપ્યો.

શેઠનું સદ્‌વર્તન જોઈ સંતોને બે વાત કહેવાનું મન થયું. શેઠની આંખોમાં મુમુક્ષુતા જોઈ એક સંતે શેઠને ભગવાન શ્રી સ્વામિનારાયણના મહિમાની બે વાતો કરી. વારંવાર સ્વામિનારાયણ મંત્ર સાંભળી શેઠના અંતરમાં કંઈક અલગ પ્રકારનો અહેસાસ થવા લાગ્યો. સંતના શબ્દો કાને પડતા ગયા તેમ તેમ શેઠના

અંતરના પડળો ખૂલતા ગયા.

પછી તો રોજ સંતો શેઠની દુકાને આવે, શેઠને ભગવાન તથા સંતોના મહિમાની વાતો કરે, મનુષ્ય દેહની દુર્લભતા સમજાવે. શેઠને આ નિર્મોહી સંતોની વાતો અમૃત કરતાં પણ મીઠી લાગે. આમને આમ ઘણા સમય સુધી સંતોની વાત સાંભળી શેઠનું હૃદય સત્સંગના રંગે રંગાઈ ગયું. એમાં પણ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીના સમાગમે કરીને ભાલચંદ્ર શેઠ ભગવાન શ્રી સ્વામિનારાયણના એકાંતિક ભક્ત થયા.

આ રીતે સુરતમાં સૌ પ્રથમ ભાલચંદ્ર શેઠ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા.

સમાજ છોડ્યો પણ સત્સંગ ન છોડ્યો

ભાલચંદ્ર શેઠ ભગવાન સ્વામિનારાયણના આશ્રિત તો થયા, પણ સૌ પ્રથમ મુશ્કેલી ઘરમાં ઊભી થઈ. પિતાશ્રી જાદવજીભાઈ ચુસ્ત વૈષ્ણવ હોવાથી દીકરાએ અન્યાશ્રય કર્યાની વાત સાંભળી ખૂબ દુઃખી થયા. તેમણે કહ્યું કે, ‘‘ભાલચંદ્ર ! તને આપણા સંપ્રદાયમાં શું ખોટ દેખાણી કે તારે આ નવા આવેલા સ્વામિનારાયણના શરણે જવું પડ્યું ?’’

ભાલચંદ્રે શેઠે પિતાને સમજાવતા કહ્યું, ‘‘પિતાશ્રી ! સ્વામિનારાયણ સ્વયં ભગવાન છે અને આજે અનંત જીવોના કલ્યાણ કરવા પૃથ્વી ઉપર પ્રગટ્યા છે. એમના સંપ્રદાયની રીતભાત, એમના સંતોની સાધુતા ક્યારેય કોઈએ ન દીઠી અને ન સાંભળી હોય એવી છે; અને પિતાશ્રી ! હું વાણિયાનો દીકરો છું, છેતરાવ નહીં ! બધી જ તપાસ કર્યા પછી મેં તેની કંઠી ધારણ કરી છે.’’

પોતાના સંસ્કારી પુત્રની વાત સાંભળી જાદવજીબાપાના મનમાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણનો ગુણ આવ્યો. સંતોનો સમાગમ કર્યો અને થોડા જ દિવસમાં પુત્રની માફક પિતા પણ સત્સંગી થયા.

આ રીતે ધીરે ધીરે સુરતમાં સ્વામિનારાયણ સંપ્રદાયની વૃદ્ધિ થવા લાગી. તદ્દન નવા જ સંપ્રદાયની થતી વૃદ્ધિ અન્ય સંપ્રદાયના આશ્રિતો તથા તેમના ગુરુઓને આંખમાં પડેલા કણાની માફક ખટકવા લાગી. એ લોકો ભાલચંદ્ર શેઠના પરિવારને અનેક રીતે હેરાન કરવા લાગ્યા.

ભાલચંદ્ર શેઠ સાથે તમામ વ્યવહારિક સંબંધો તોડી નાખ્યા. વેપાર-ધંધામાં કોઈ માલ ન આપે, ધંધામાં નુકસાની કરાવે, વિવિધ ઉપાયો કરી આર્થિક રીતે પણ ભાલચંદ્ર શેઠને મુશ્કેલીમાં મૂકવા લાગ્યા. છતાં ભાલચંદ્ર શેઠ મૂંગે મોંઢે બધુ સહન કરી મક્કમતાપૂર્વક શૂરવીરતાથી સત્સંગના ધર્મ-નિયમોનું પાલન કરી રહ્યા હતા.

ભાલચંદ્ર શેઠ કોઈ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રયમાંથી ડગ્યા નહીં, ત્યારે છેલ્લા ઉપાય તરીકે એમના સમાજના મોભીઓ, ધર્મગુરુઓ તથા પ્રતિષ્ઠિત લોકોએ ભાલચંદ્ર શેઠે અપનાવેલા આ નવા ધર્મને છોડાવવા ખૂબ પ્રયત્નો કર્યા, દલીલો કરી, યુક્તિ-પ્રયુક્તિઓ કરી, પણ ભાલચંદ્ર શેઠની સ્વામિનારાયણ પ્રભુની ભક્તિનિષ્ઠામાં જરા પણ ફેર પડ્યો નહીં.

છેવટે શહેરના મહાજન લોકોની મદદથી ભાલચંદ્ર શેઠ સહિત જે લોકોએ સ્વામિનારાયણ સંપ્રદાય સ્વીકાર્યો હતો તે બધાને નાત બહાર મૂક્યા. એટલું જ નહીં હિન્દુ-મુસ્લિમ વણકરોએ પણ સત્સંગીઓ સાથે ધંધાકીય વ્યવહાર છોડી દીધો અને સમાજમાંથી તમામ સત્સંગીઓને સંપૂર્ણપણે બહિષ્કૃત કરવામાં આવ્યા. છતાં ભાલચંદ્ર શેઠ, લક્ષ્મીચંદ શેઠ, લલ્લુભાઈ ચોકસી વગેરે અનેક ભક્તોએ પણ ઘણા સમય સુધી નાત બહાર રહીને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની નિષ્ઠામાં ઉણપ આવવા ન દીધી.

લાલજીની સ્થાપના

ગુજરાતમાં લોલંગર બાવાનો ત્રાસ વધતો જતો હતો. વારંવાર થતી સંતોની હેરાનગતીને જોઈ મહારાજે મુક્તાનંદ સ્વામીને ચારસો સાધુ સાથે સુરત મોકલેલા. મહારાજથી દૂર જવું સંતોને પોસાય એમ નહોતું. પોતાના ઈષ્ટનો વિરહ એમને દૂર જવા રોકતો હતો, ત્યારે મહારાજે મધ્યમ માર્ગ ખોળ્યો અને સંતોને એક લાલજીની મૂર્તિ આપતા કહ્યું, "સંતો ! આ અનાડીઓના ત્રાસથી બચવા તમારે અમારાથી દૂર તો જવું પડશે, પણ અમે તમને આ લાલજી આપીએ છીએ, તેના નિત્ય દર્શન કરજો. લાલજીમાં રહી અમે તમારા ભાવને પૂરા કરીશું."

મહારાજના આટલા આશ્વાસન પછી સંતો સુરત જવા તૈયાર થયા. સંતો સુરત આવ્યા. સુરતના ભક્તજનોએ સંતોને ખૂબ સારી રીતે સાચવ્યા. સંતોએ

પણ કથાવાર્તા દ્વારા ભક્તોને ખૂબ સુખ આપ્યું.

છ-આઠેક મહિના પછી મહારાજે સુરતમાં રહેલા મંડળને ગઢપુર પાછું બોલાવ્યું. સંતો જવા તૈયાર થયા ત્યારે ભાલચંદ્ર શેઠ તથા અન્ય ભક્તો માટે સંતોની વિદાય આઘાત આપનારી હતી. ભક્તોએ ભીની આંખે અને ભાવપૂર્ણ હૃદયે સંતોને રોકાવાની ઘણી પ્રાર્થના કરી, પરંતુ હવે સંતોને પણ મહારાજનાં દર્શનની તાલાવેલી લાગી હતી.

જે રીતે મહારાજે મધ્યમ માર્ગ કાઢી સંતોને લાલજી મહારાજ આપ્યા હતા, એ જ રીતે સંતોએ પણ ભક્તોના આશ્વાસન માટે વચગાળાનો માર્ગ કાઢ્યો. બધા જ ભક્તોનો ભાવ જોઈ સંતોએ કહ્યું, “ભક્તો ! અમે જ્યારે અહીં આવ્યા ત્યારે મહારાજે અમને આ લાલજી મહારાજ આપ્યા હતા, તે આજે અમે તમને પૂજવા આપીએ છીએ. તેમની ભાવથી પૂજા-દર્શન કરજો. મહારાજ આ લાલજીમાં રહી તમારા સર્વ સંકલ્પો પૂરા કરશે.” આમ કહી સંતોએ લાલજીની મૂર્તિ ભક્તોને આપી અને ગઢપુર જવા રવાના થયા.

સંતોની વિદાય પછી સુરતના ભક્તો માટે હવે લાલજી મહારાજ સર્વસ્વ છે. બધા જ ભક્તો રોજે ભેગા મળી ભારે ભક્તિભાવથી લાલજીની સેવા-પૂજા કરે છે. એકવાર બધા ભક્તો ભેગા થયા હતા. ભાલચંદ્ર શેઠને એ સમયે એક વિચાર ઊઠ્યો કે સંતોની કૃપાથી આપણને લાલજી મહારાજની પ્રાપ્તિ થઈ છે, ત્યારે એક નાનું અને સુંદર મંદિર તૈયાર થાય અને એમાં લાલજી બિરાજે તો બધાને વધારે સુખ મળે. ભાલચંદ્ર શેઠના આ વિચારને બધા ભક્તોએ વધાવી લીધો.

રામપુરા વિસ્તારમાં જ્યાં હાલ મંદિર છે તે જગ્યાએ સુંદર અને નાનાં મંદિરનું નિર્માણ થયું. વાજતેગાજતે લાલજી મહારાજને મંદિરમાં પધરાવ્યા અને સુરતના ભક્તોને પૂજા-દર્શનનો એક મોટો આધાર મળી ગયો.

અનોખું શાક

દિવસે દિવસે સુરતમાં સત્સંગનો પ્રભાવ વધતો જાય છે. અનેક ભક્તો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થઈ રહ્યા છે. સંતોનો પ્રસંગ ઓછો છે, પણ લાલજી મહારાજનાં દર્શન અને અરસપરસના સત્સંગને લીધે ભક્તોને બળ

મળતું રહે છે. ભક્તો ભેગા મળી સમયાનુસાર આવતા રામનવમી, જન્માષ્ટમી જેવા ઉત્સવો ભારે ધામધૂમથી ઉજવે છે.

એક સમયની વાત છે. દિવાળીના દિવસો વીતી રહ્યા છે. ભક્તો લાલજી મહારાજ આગળ દીપમાળા પૂરી કીર્તનભક્તિ કરે છે. આગલા દિવસે અન્નકોટનો હોવાથી અમુક ભક્તો વિવિધ પકારના પકવાનો બનાવી રહ્યા છે. તે સમયે ભાલચંદ્ર શેઠ અન્નકૂટ માટે શાકભાજી ખરીદવા બજારમાં ગયા. બજારમાંથી વિવિધ પ્રકારના શાકભાજી તથા ફળો ખરીદી રહ્યા છે.

એ જ વખતે એક શેઠ બાલકૃષ્ણના છપ્પનભોગ માટે શાકભાજી ખરીદવા આવેલા. બન્ને શાકભાજી ખરીદતા ખરીદતા એક જ બકાલી પાસે પહોંચ્યા. આખી બજારમાં એક જ બકાલી પાસે સુરતી પાપડી હતી. પાપડી શિયાળામાં થતી હોવાથી હજુ તે બજારમાં બહુ મળતી નહીં અને પાછો સાંજનો સમય હોવાથી બીજા બકાલી પાસેથી મળી રહે એવા સંજોગો પણ નહોતા.

બનવાજોગ ભાલચંદ્ર શેઠ અને તે બીજા શેઠ એક જ બકાલી પાસે એક જ શાક ખરીદવા પહોંચ્યા. હવે એ બકાલીના પાથરણા ઉપર લગભગ એકાદ કિલો જેટલી પાપડી બચી હતી. આ બન્ને ભક્તોને પોતાના ઈષ્ટદેવ માટે પાપડી લેવી હતી, તેથી બન્નેએ એક સાથે ભાવ પૂછ્યો. બકાલીએ પાપડીના બે આના કહ્યા. બન્ને ભક્તો ખરીદવા તૈયાર થયા. એક કહે 'હું લઉં', તો બીજા કહે 'હું લઉં.' આમ એકાદ કિલો પાપડી માટે બન્ને ભક્તો વચ્ચે પાપડીની બોલી ચડવા લાગી.

પેલો બકાલી આ બન્ને ભક્તોનું આવું વર્તન સમજી શકતો નહોતો, પણ એના મનમાં આનંદ જરૂર થતો હતો. કારણ કે બે પૈસાની પાપડીની બોલી રૂપિયામાં બોલાવા લાગી હતી. ભાલચંદ્ર શેઠ અને પેલા શેઠ હવે તો હઠે ભરાયા હતા. એકની બોલી ઉપર બીજા મોટી બોલી બોલતા હતા અને પાપડી ખરીદવા તૈયાર થતા હતા. આમનેઆમ બે પૈસાની પાપડીના ભાવ રૂપિયા પચાસે પહોંચ્યા. હવે પેલા શેઠ થોડા થોથવાયા. તે આગળ ન બોલી શક્યા એટલે ભાલચંદ્ર શેઠે બકાલીને પચાસ રૂપિયા આપી એક કિલો પાપડી ખરીદી. બે પૈસાની પાપડીના પચાસ રૂપિયા મળ્યા એટલે બકાલી તો આનંદમાં આવી ગયો. આખું કુટુંબ આખું વર્ષ તનતોડ મહેનત કરે છતાં જેટલા રૂપિયા ન મળે,

એટલા રૂપિયા એક કિલો પાપડીમાં લાલજી મહારાજની કૃપાથી તેને મળ્યા હતા.

બે પૈસાની પાપડી ભાલચંદ્ર શેઠ પચાસ રૂપિયામાં ખરીદી લાવ્યા તે વાતની જાણ જ્યારે મંદિરે ભક્તોને થઈ, ત્યારે કોઈએ કહ્યું, “શેઠ ! આ તમે શું કર્યું ?”

ત્યારે ભાલચંદ્ર શેઠ કહે, “ભગત ! ભગવાનને અર્થે આ આખું બ્રહ્માંડ બોળવું પડે તો એ પણ સસ્તું કહેવાય, ત્યારે પચાસ રૂપરડીનું શું ? અને હા, જેનો ઉપયોગ ભગવાનને અર્થે ન થયો એ પદાર્થ પણ શા કામના ?” શેઠનો જવાબ સાંભળી બધા ભક્તો મનોમન શેઠને વંદી રહ્યા.

આ પ્રસંગનું વર્ણન આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે હરિલીલામૃત ગ્રંથમાં સુંદર રીતે કર્યું છે.

ક્લેશનું સમાધાન

લાલજી મહારાજની ભક્તિ અને ક્યારેક ક્યારેક મળતો સંતોનો સત્સંગ સુરતના ભક્તજનો માટે આશ્વાસનરૂપ હતો. ભાલચંદ્ર શેઠ તથા સત્સંગીઓને ઈર્ષાથી પ્રેરાઈને સમાજે નાત બહાર મૂક્યા હતા. આવા કપરા સમયમાં પણ બધા જ ભક્તજનો ભારે મક્કમતાપૂર્વક અને નીડર થઈ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા હતા. ગઢપુર, વડતાલ, અમદાવાદ વગેરે તીર્થોમાં જ્યાં જ્યાં મહારાજ ઉત્સવો કરતા હોય, ત્યાં દર્શને જતા અને અતિશય શ્રદ્ધાથી મહારાજની સેવા કરતા.

આમને આમ સમાજ સાથેના વિગ્રહમાં ઘણા વર્ષો વીતી ગયા. એક વખત ભાલચંદ્ર શેઠને વિચાર થયો કે શ્રીહરિની કૃપાથી આપણી સમજમાં કોઈ ખામી રહી નથી, પણ ભવિષ્યની પેઢી આવા દ્વેષીલા સમાજની વચ્ચે સુખેથી રહી શકે એના માટે કોઈ ઉપાય તો કરવો જોઈએ, કારણ કે લાંબા સમય પછી સૌના વિચારોની સ્થિતિ એક સરખી ન રહે તો સત્સંગ મોળો પડી જાય. માટે સહુ કોઈ બળમાં રહી સત્સંગ-સેવા-ભજન કરતા રહે અને ઉત્તરોત્તર સત્સંગની વૃદ્ધિ થતી રહે એ માટે હેરાન કરતા લોકોને કોઈપણ રીતે શાંત કરવા પડશે.

ઘણા મનોમંથનને અંતે સત્સંગના હિતમાં યોગ્ય નિર્ણય લેવા વિચાર્યું.

સમાજના આગેવાનો સાથે ઘણી વાટાઘાટો થઈ, પરંતુ કોઈ શુભ પરિણામ ન મળતા ન છૂટકે ક્લેશની શાંતિ માટે કોર્ટનો આશરો લેવો પડેલો.

સત્સંગીઓએ સામા પક્ષ ઉપર કોર્ટમાં જે કેસ દાખલ કરેલો તેનો અંત છ વર્ષે પણ ન આવ્યો, ત્યારે ઘરમેળે સુખદ સમાધાન કરવાની ફરજ પડી અને ક્લેશ શાંત થયો. જે લોકોએ હરિભક્તોને નાત બહાર મૂક્યા હતા, તે જ લોકો સત્સંગીઓના ઘરે આવી જમ્યા અને સુખપૂર્વકનું સમાધાન થયું.

કોટવાળ અરદેશરજીને સત્સંગી કર્યા

ભાલચંદ્ર શેઠના હૃદયમાં સત્સંગનું અદ્ભૂત બળ હતું અને સત્સંગના પ્રચારની ધગશ પણ તીવ્ર હતી. પોતાની વણિક બુદ્ધિના સહારે અન્ય લોકોને પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની ઓળખાણ થાય તેવા પ્રયત્નો કરતા રહેતા.

સુરત શહેરમાં અતિશય પ્રતિષ્ઠિત અને લોકોના ખૂબ જ માનીતા પારસી અરદેશર કોટવાળ નામે એક સરકારી અધિકારી હતા. તેઓ ઘણા બાહોશ અને ધાર્મિક લાગણીવાળા હતા. નવાબ સરકારનો વિશ્વાસ મેળવી તેઓએ સુરત શહેરનું કોટવાળું (સુરક્ષા વ્યવસ્થા) રાખ્યું હતું.

ભાલચંદ્ર શેઠને આ પારસી અરદેશરજી સાથે સારી મૈત્રી હતી. તેઓ અવારનવાર મળતા રહેતા. ભાલચંદ્ર શેઠને સત્સંગ થયો ત્યાર બાદ જ્યારે જ્યારે તેઓ બન્ને મળતા, ત્યારે ભાલચંદ્ર શેઠ અવશ્ય શ્રીજી મહારાજના મહિમાની અને સંતોના આદર્શ જીવનની વિશિષ્ટતાઓ બતાવતા અને સત્સંગ તરફ આકર્ષિત કરતા રહેતા.

એક વખત સાંજના સમયે ભાલચંદ્ર શેઠ અરદેશર કોટવાળને મળવા ગયા. બન્ને થોડીવાર બેઠા અને વાતો કરી. સંધ્યા સમય થયો એટલે ભાલચંદ્ર શેઠને મંદિરે જવું હતું તેથી રજા માગી. ત્યારે અરદેશરજીએ કહ્યું, “શેઠ ! થોડીવાર બેસો, હમણાં આવું.” એમ કહી તેઓ અંદરના ઓરડામાં ગયા અને એક ટોપલો લઈ આવ્યા. અરદેશરજીએ ટોપલો શેઠ આગળ મૂક્યો અને કહ્યું, “શેઠ ! આ કપૂરના ઘરેણાં અમારા દેશમાંથી આવ્યા છે.”

ટોપલામાં બહુ જ ઉત્તમ કપૂરના હાર, કડાં, બાજુબંધ વગેરે અલંકારો હતાં. અરદેશરજીએ ટોપલા ઉપર રહેલું આવરણ હટાવ્યું એટલામાં આખો ઓરડો

કપૂરની સુગંધથી ભરાઈ ગયો. ભાલચંદ્ર શેઠે પહેલીવાર કપૂરના આભૂષણો જોયેલા એટલે તેમણે હાથમાં લઈ જોયું, તો એમાં ઘણું બારીકાઈથી નકશીકામ પણ કર્યું હતું. આભૂષણોને જોઈ શેઠને તરત જ પોતાના ઈષ્ટદેવ સાંભરી આવ્યા અને મનમાં થયું કે, 'આ આભૂષણો તો મહારાજને ભેટ ધરાય તેવાં છે.'

શેઠનો સંકલ્પ સાકારિત થતો હોય તેમ અરદેશરજીએ એ ટોપલામાં રહેલાં આભૂષણોમાંથી બે-ચાર વસ્તુઓ શેઠને ઉપહાર તરીકે આપી. ત્યારે શેઠે પોતાનો શુભ સંકલ્પ જણાવતા અરદેશરજીને કહ્યું, "અરદેશરજી ! તમે મારાં મનની વાત પૂરી કરી. આ નવીન અને ઉત્તમ પ્રકારની વસ્તુઓ તો મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને અર્પણ કરવા જેવી છે."

શેઠની વાત સાંભળી અરદેશરજીએ કપૂરનાં આભૂષણોનો જે ટોપલો હતો તે ભાલચંદ્ર શેઠના હાથમાં આપ્યો અને બોલ્યા, "શેઠજી ! તમારે આ આભૂષણો જો તમારા ભગવાનને અર્પણ કરવા હોય, તો આ બધા જ લેતા જાઓ અને અમારા વતી તમારા ભગવાનને અર્પણ કરજો. અને શેઠજી ! તમારા ભગવાનની પાસે પ્રાર્થના કરજો કે અમારા દ્વારા સમાજની સેવા અને સદાચારનાં કાર્યો થાય."

અરદેશરજીનો અનોખો ભાવ જોઈ શેઠ ખૂબ રાજી થયા અને કપૂરનાં આભૂષણોનો ટોપલો લઈ ઘરે આવ્યા. ટોપલો ઘરે મૂકી આરતીનો સમય થયો હોવાથી મંદિરે આવ્યા. આરતી-સ્તુતિ કરી શેઠે ભેગા થયેલા ભક્તોને મહારાજનાં દર્શને જવાની વાત કરી. જોતજોતામાં હરિભક્તો ગઢડા જવા તૈયાર થયા. સહુ ભક્તોએ પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે શ્રીજી મહારાજ માટે ભેટ-સોગાદો સાથે લીધી અને સવારે સંઘે ગઢડા તરફ પ્રયાણ કર્યું.

હરિભક્તોએ ગઢડે આવી શ્રીજી મહારાજને કેસર-ચંદનથી પૂજા કરી કિમતી વસ્ત્રાલંકારોની ભેટ ધરી. ભાલચંદ્ર શેઠે કપૂરના શણગાર પહેરાવ્યા તથા સર્વ સંત-હરિભક્તોને સુરતી મિષ્ટાન્નની રસોઈ આપી જમાડ્યા.

ભાલચંદ્ર શેઠે મહારાજને અરદેશરજીએ આપેલ ભેટની વાત કરી. શ્રીજી મહારાજ અતિ પ્રસન્ન થયા. એ જ વખતે સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ અદ્‌ભૂત શણગારનું વર્ણન કરતું કીર્તન "આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ" શ્રીજી મહારાજ પાસે ગાઈ સંભળાવ્યું. મહારાજ જેવા શણગારમાં શોભતાં હતાં એવું જ કીર્તન સાંભળી સંતો-ભક્તો ભારે આનંદ પામ્યા.

ભાલચંદ્રનો અનોખો ભાવ

ભાલચંદ્ર શેઠનો સ્વભાવ માયાળુ હતો. એમને મહારાજ તથા સંતોને જમાડવાનો નિત્ય ભાવ રહેતો. જ્યારે જ્યારે મહારાજ કે સંતો સુરત પધારે ત્યારે અંતરના ઉમળકાથી નવા નવા પકવાન બનાવડાવી નિત્ય જમાડતા અને ક્યારેક તો કેવળ મહારાજ અને સંતોને જમાડવા ગઢપુર પહોંચતા.

એકવાર મહારાજ અક્ષરઓરડીમાં બિરાજમાન હતા. એ વખતે કોઈ પાર્ષદે આવી મહારાજને ખબર આપ્યા કે, 'મહારાજ ! સુરતથી ભાલચંદ્ર શેઠ અને અન્ય ભક્તો આવ્યા છે અને તમારી પૂજા કરવા ઈચ્છે છે.' ભાલચંદ્ર શેઠનું નામ સાંભળી મહારાજ તરત જ ઊભા થઈ દાદા ખાચરના દરબારમાં પધાર્યા. બધા ભક્તો મહારાજનાં દર્શનની વાટ જોઈને બેઠા હતા. મહારાજ આવ્યા એટલે બધા ભક્તોએ હર્ષના આંસુ સાથે દર્શન કર્યાં. લીંબડા નીચે મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

એ વખતે ભાલચંદ્ર શેઠે મહારાજને પ્રાર્થના કરતા કહ્યું, "મહારાજ ! આપનાં પૂજન માટે ભક્તો ચંદન ઊતારી લાવ્યા છે."

મહારાજ કહે, "ભકતો ! અમારું પૂજન કરી તમારો ભાવ પૂરો કરો."

ભક્તો પૂજનની સામગ્રી લાવ્યા એટલે મહારાજે પોતાનાં શરીર ઉપર ઓઢેલ વસ્ત્રો દૂર કર્યાં. ભક્તોએ ભારે ભક્તિભાવથી મહારાજના શરીરે ચંદનનો લેપ કર્યો, પુષ્પોનાં આભૂષણો ધરાવ્યાં અને કિમતી વસ્ત્રોની ભેટ ધરી.

ભાલચંદ્ર શેઠે મહારાજના કપાળમાં અર્ચા કરી, છાતીમાં, બન્ને ભુજાઓ ઉપર, હથેળીમાં, ચરણમાં ચંદન ચર્ચ્યું. સર્વાંગે સુંદર શોભતા મહારાજની મૂર્તિનાં દર્શન કરતા થકા સહુ ભક્તજનો મૂર્તિને અંતરમાં ઊતારવા લાગ્યા.

મહારાજ આ રીતે કોઈની પૂજાનો સ્વીકાર કરતા નહીં, પણ સુરતના ભક્તોનો પ્રેમ જોઈ મહારાજે પૂજા સ્વીકારી. પૂજન પૂર્ણ થયું એટલે મહારાજે ભક્તોને સુરતના સમાચાર પૂછ્યા. ભક્તોએ કુશળ સમાચાર આપ્યા.

ત્યાર પછી ભાલચંદ્ર શેઠે મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું, "મહારાજ ! આજે આપને તથા આ બધા જ સંતો-ભકતોને સુરતી ભોજન કરાવવું છે."

ભાલચંદ્ર શેઠનો ભાવ જોઈ મહારાજે હા પાડી.

મહારાજની રજા મળી એટલે ભાલચંદ્ર શેઠ સાથે લાવેલા સુરતના

બ્રાહ્મણો પાસે રસોઈની તૈયારીઓ કરાવવા લાગ્યા. રસોઈ તૈયાર થઈ. બ્રહ્મચારી મહારાજને જમવા તેડવા આવ્યા. મહારાજ ભોજનમાં રહેલો ભક્તોનો ભાવ સ્વીકારવા પધાર્યા. જમતા જમતા મહારાજે રસોઈના ખૂબ વખાણ કર્યા. મહારાજે રસોઈના વખાણ કર્યા એટલે ભક્તો ખૂબ આનંદ પામ્યા.

મહારાજે ભોજન લીધા બાદ સંતો-ભક્તોની પંક્તિ થઈ. સ્વયં મહારાજે હાથમાં વિવિધ વાનગીઓ લઈ સંતો-ભક્તોને પીરસી અને ખૂબ જમાડ્યા. આ પ્રસંગનું વર્ણન શ્રીહરિલીલામૃતમાં સુંદર રીતે આલેખાયું છે...

"શેઠ સુરતના ભાલચંદ્રે, હતી દીધી રસોઈ આનંદે ।
જલેબી અને મોતીયા લાડુ, બીજા શાક લાવ્યા ભરી ગાડું ॥
પ્રભુ પોતે જીવન જમી થાળ, પછી સંતને પીરસે કૃપાળ ।"

પોતાના ઈષ્ટદેવના ઉપયોગમાં આવ્યું તે ખરું, બાકી બધું ખોટું, એવી ઉત્તમ સમજણવાળા ભાલચંદ્ર શેઠ વારંવાર ખૂબ સેવાઓ કરી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરતા. માટે જ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે ..

"વડા જન છે વણિક, ધન્ય ધન્ય ભક્ત ભાઈચંદ શેઠ."

૧૫ ગણેશ શેઠ (ઊના)

બૃહદારણ્યકોપનિષદ્‌માં એક સુંદર કથા છે. બ્રહ્માજી દેવો, મનુષ્યો તથા દૈત્યોને 'દ'નું ઉચ્ચારણ કરી વિવિધ ઉપદેશ આપે છે. એમાં દેવોને દમનનો, મનુષ્યને દાનનો અને દૈત્યોને દયાનો ઉપદેશ આપ્યો છે. અહીં મનુષ્યને આપેલો દાનનો ઉપદેશ સર્વની ઉન્નતિ સાધનારો છે. દાન દેનાર પુરુષમાં દિવ્યતા પ્રસરે છે. સ્નેહ, સંપ, સરલતા, ઉદારતા, સદ્‌ભાવ અને સજ્જનતા ઈત્યાદિક સદ્‌ગુણો એમના જીવનમાં વિકાસ પામે છે. દાન દેવાથી સંપત્તિની શુદ્ધિ ને વૃદ્ધિ થતી રહે છે અને ક્યારેક મહાપુરુષોના આશીર્વાદની પ્રાપ્તિ પણ થાય છે.

अन्नदानात्परं नास्ति, विद्यादानं ततोऽधिकम् ।
अन्नेन क्षणिका तृप्तिर्यावज्जीवं तु विद्यया ॥

અન્નદાનથી બીજું કોઈ શ્રેષ્ઠ દાન નથી પરંતુ વિદ્યાદાન એ અન્નદાનથી પણ અધિક શ્રેષ્ઠ દાન છે, કારણ કે અન્નથી થોડીવાર તૃપ્તિ થાય છે, જ્યારે વિદ્યાદાનથી તો મનુષ્ય જિંદગીપર્યંત સુખી થાય છે.

અને એટલે જ તો ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આદેશ કર્યો છે કે "પ્રવર્તનીયા સદ્‌વિદ્યા ભૂવિ યત્સુકૃતં મહત્‌" પૃથ્વીને વિષે સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરવી ને કરાવવી. એ મહાન પુણ્યવચનનું પાલન ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે કરી અનેક જીવોને કલ્યાણના માર્ગે વાળ્યા છે. દાનની અતિ ઉપયોગિતાને લીધે જ સર્વ શાસ્ત્રોમાં દાનનું મહત્વ ગવાયેલું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં તન, મન અને ધનથી દાન દેનારા અનેક વિરલાઓ થયા છે. એમાંના એક હતા ઊનાના દાનેશ્વરી ભક્ત શ્રી ગણેશ શેઠ કે જેઓએ દાનનો ખરો મહિમા સમજી સત્સંગ અર્થે સર્વસ્વ સમર્પણ કરી શ્રીજી મહારાજનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

નીલકંઠવર્ણી સાથે મેળાપ

સૌરાષ્ટ્રના દરિયાકાંઠાંનો નાઘેર પ્રદેશ એટલે શૂરા અને સાવજોનો પ્રદેશ. નાઘેર પ્રદેશનું ઊના મુખ્ય શહેર. ઋષિતોયા મચ્છુન્દ્રી નદી આખા પ્રદેશને હરિયાળો રાખે. નદીને કાંઠે ગુપ્તપ્રયાગ, દ્રોણેશ્વર મહાદેવ જેવા અનેક પ્રાચીન તીર્થો પ્રદેશને વધારે શોભાવી રહ્યા છે.

વિ.સં. ૧૮૫૬ની સાલમાં ભગવાન નીલકંઠવર્ણી વનવિચરણ કરતાં કરતાં નાઘેરને પાવન કરવા પધાર્યા હતા. ગુપ્તપ્રયાગ તીર્થને પાવન કરી નીલકંઠ ઊના પધાર્યા.ઊનાના પાદરમાં વહેતી નિર્મળ મચ્છુન્દ્રી નદીના વહેણમાં નીલકંઠે સ્નાન કર્યું. નદીના કિનારે થોડીવાર ધ્યાન કરી, નીલકંઠવર્ણી ઊના શહેરની આથમણી બાજુ આવેલા ચક્રાકાર તળાવની પાળે બેઠા.

તળાવની બાંધણી અત્યંત આકર્ષક અને મનોહર હતી. તળાવમાં નિર્મળ નીર ભર્યું હતું. વધારાનાં પાણીનાં નીકાલ માટે મોટા ગોળાકાર ગરનાળા હતા. નીલકંઠવર્ણીએ એ ગરનાળામાં રાત્રિનિવાસ કરવા ઉતારો કર્યો.

સૂર્યનારાયણ આથમી રહ્યા હતા. નીલકંઠવર્ણી તળાવની પાળે બેઠા હતા. સૂર્યનારાયણના આછા અને સપ્તરંગી કિરણો આભ અને ધરતીમાં જાણે કસુંબલ ભાત ભરી રહ્યા હતા. નીલકંઠ વર્ણીની તેજસ્વી કાયા અને પીંગલવર્ણી જટા સૂર્યકિરણોનાં સ્નાનથી વિશેષ દીપી ઊઠી હતી ! નીલકંઠ સાયં સંધ્યા-વંદનની તૈયારી કરવા લાગ્યા.

એ જ સમયે ઊનાના ગણેશ શેઠ અને હંસરાજ ગાંધી તળાવની પાળ્યે ફરવા નીકળ્યા. ગણેશ શેઠ ઊનાના નગરશેઠ હતા. એમને ત્યાં ધીકતા વેપાર ધંધા હતા. જૂનાગઢના નવાબી રાજ્ય વતી ઊનાનો બધો જ કારભાર ગણેશ શેઠ સંભાળતા. ઊનાની તમામ મહેસૂલી આવક ગણેશ શેઠની પેઢીએ એકઠી થતી અને તેની રક્ષા માટે આરબ સૈનિકોની બેરખ ગણેશ શેઠની સેવામાં રહેતી.

ગણેશ શેઠ જેટલા શ્રીમંત હતા, એટલા જ ઉદાર અને દયાળુ હતા. ગણેશ શેઠ ધર્મે જૈન હતા, જ્યારે હંસરાજ ગાંધી પરમ વૈષ્ણવ હતા. ગણેશ શેઠ ભારે શ્રીમંત હતા, જ્યારે હંસરાજ ગાંધી નાનકડી હાટડીથી ગુજરાન ચલાવતા હતા. પરંતુ બન્ને વચ્ચે ધર્મ અને સંપત્તિનો મોટો તફાવત હોવા છતાં એમની જોડી કૃષ્ણ અને સુદામા જેવી શોભતી.

તળાવની પાળે ફરતા ફરતા બન્ને શેઠિયાઓની દૃષ્ટિ નીલકંઠ બ્રહ્મચારી તરફ ગઈ. તેજસ્વી બ્રહ્મચારીને જોઈને એમના અંતરમાં ખેંચાણ અનુભવાયું અને એમના પગલાં હઠાત્ નીલકંઠ તરફ વળી ગયા. બન્નેએ નીલકંઠવર્ણીને પ્રણામ કર્યાં. નીલકંઠવર્ણીએ પણ મંદ હસીને એમની સામે જોયું.

અતિથિ અને અભ્યાગતોની સેવા જેમના સ્વભાવમાં સહજ રીતે વણાયેલી હતી, એવા ગણેશ શેઠે હાથ જોડીને નીલકંઠવર્ણીને કહ્યું, ''બ્રહ્મચારીજી ! અમારે આંગણે વો'રવા આવશો ?'' જૈન ધર્મમાં ભિક્ષા માટે 'વો'રવું' શબ્દ પ્રસિદ્ધ છે. નીલકંઠવર્ણીએ કહ્યું, ''હમ બસ્તી સે દૂર રહના પસંદ કરતે હૈ, ઈસલિયે ભિક્ષા કે લિયે નગર મેં તો નહીં આયેંગે, ફિર ભી યદિ કુછ ભોજન તૈયાર હો તો ઈધર હી લે આઓ.''

નીલકંઠનો ઘંટડી જેવો મધુર અવાજ શેઠિયાઓના અંતરને આંદોલિત કરી ગયો. ગણેશ શેઠ તાબડતોડ ઘરેથી ખીચડી લઈ આવ્યા. એ દરમ્યાન નીલકંઠે સંધ્યાવંદન કર્યાં. થોડીવારમાં ખીચડી હાજર થઈ. નીલકંઠે તળાવની પાળના પથ્થરની શિલાને પાણીથી ધોઈ શુદ્ધ કરી એના ઉપર ખીચડી પધરાવી, પોતે થોડા કોળિયા જમ્યા.

બન્ને મિત્રો નીલકંઠની સર્વ ક્રિયાઓ અહોભાવથી જોઈ રહ્યા હતા. એમને નીલકંઠની સર્વ રીત અલૌકિક લાગતી હતી. નીલકંઠનાં દર્શનથી એમના અંતર ભારે શાંતિનો અનુભવ કરતા હતા. નીલકંઠવર્ણી સાથે થોડો સમય સત્સંગ કરી, બન્ને મિત્રોએ વિદાય લીધી. નીલકંઠે તળાવની પાળે રાત્રિ વીતાવી, વહેલી સવારે આગળની વાટ લીધી. શેઠિયાઓનું નીલકંઠવર્ણી સાથેનું આ મિલન ભવિષ્યમાં ઐતિહાસિક સિદ્ધ થવાનું હતું.

સત્સંગના બીજ રોપાયાં

ઊના-દેલવાડાનો પ્રદેશ શ્રીજી મહારાજ અને મોટા સંતોની પદરજથી ખૂબ પાવન થયેલો છે. ઊનામાં પ્રથમ સત્સંગ બિલકુલ નહોતો, પરંતુ ભગવાન અને ભગવાનના સંતોની અમીદષ્ટિથી પાવન થયેલી આ ધીંગી ધરામાં સત્સંગના બીજ તો પડેલાં જ હતાં, બસ કોઈ પાણી પાનારાની જ રાહ જોવાતી હતી. ભગવાનની ઈચ્છાથી સત્સંગના રંગે રંગાયેલા ભક્તરાજ હંસરાજ ગાંધી ધારીથી ઊના રહેવા આવ્યા.

હંસરાજ ગાંધીને સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનો સત્સંગ થયેલો. પરમ વૈષ્ણવ પરિવાર એટલે અવારનવાર સંતોની પધરામણી થતી રહેતી. સદ્‌ગુરુ રામાનંદ સ્વામી ધામમાં ગયા બાદ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે હંસરાજ ગાંધીને અડગ નિષ્ઠા થયેલી. તેઓને ત્યાં વારંવાર સંતો પધારતા અને પોતે આજુબાજુના વિસ્તારમાં ફરી મુમુક્ષુઓને સમાગમ કરાવી સત્સંગી કરતા.

સંતો પોતાના ઘરે પધારે ત્યારે હંસરાજ શેઠ નવા મુમુક્ષુઓને સંતો પાસે લઈ આવે, સંતોની વાતો સંભળાવે અને છેવટે વર્તમાન ધરાવી સંત્સગી કરે. આમ શેઠે અનેક મુમુક્ષુઓને ભગવાન શ્રી સ્વામિનારાયણના આશરે લીધા હતા અને લીલી નાઘેરમાં સત્સંગને પણ લીલા ઘેઘૂર વડલા જેવો કર્યો હતો.

એક વખત સદ્‌ગુરુ રાઘવાનંદ સ્વામી સંતમંડળ સાથે ઊના પધારેલા. હંસરાજ ગાંધીના ઘરે ઉતારો હતો. હંસરાજ શેઠને એવી અંતરમાં ઈચ્છા રહેતી કે, ‘શહેરના પ્રતિષ્ઠિત અને અગ્રગણ્ય ગણેશ શેઠ જો સત્સંગી થાય, તો સંપ્રદાયની પ્રતિષ્ઠા વૃદ્ધિ પામે.’ ગણેશ શેઠ સાથે પોતાને મિત્રતા, એટલે કોઈપણ યુક્તિ કરી શેઠને સાચા સંતોનો જોગ કરાવવાનું નક્કી કર્યું.

એક દિવસ હંસરાજ ગાંધી ગણેશ શેઠની દુકાને માલસામાન લેવાને બહાને ગયા. થોડીવાર વ્યાપાર સંબંધી વાતો કરી પછી વિવેકપૂર્વક વાતની પ્રસ્તાવના ઘડતા કહ્યું, “શેઠ ! હું હમણાં બે-ત્રણ દિવસ માલ-સામાન માટે આવી શકીશ નહીં, તેથી આપણે મળી નહીં શકીએ.”

શેઠે પૂછ્યું “કેમ હંસરાજભાઈ ! કાંઈ વ્યવહારિક પ્રસંગ છે ?”

“ના, એવું કાંઈ નથી. પણ મારા ગુરુ ઘરે આવ્યા છે. એમનાં દર્શન

અને સત્સંગ કરવા રાત્રિ-દિવસ ઘણા લોકો આવતા રહે છે. એ મહાત્મા દર્શન કરવા જેવા ભારે પ્રતાપી છે. એમની સેવામાં મારે સતત હાજર રહેવું પડતું હોવાથી મારાથી બે-ત્રણ દિવસ નહીં અવાય.'' આમ કહી હંસરાજભાઇ ત્યાંથી નીકળી ગયા.

આ બાજુ હંસરાજભાઈની વાત સાંભળી ગણેશ શેઠના મનમાં એ મહાત્માઓનાં દર્શન કરવાના સંકલ્પો થવા લાગ્યા. સાંજનો સમય થતા દુકાન બંધ કરી ઘરે આવ્યા. સ્નાન-સંધ્યા, ભોજન કરી ઢોલિયે બેઠા, પણ હંસરાજભાઈએ કહેલા મહાત્માઓના વિચારો મનમાં સતત રમ્યા કરે. આખરે વિચારોની દઢતા થતા ગણેશ શેઠે મહાત્માઓનાં દર્શન કરવા હંસરાજભાઈના ઘર તરફ પ્રયાણ કર્યું.

રાત્રિનો સમય થઈ ચૂક્યો હતો. વાતાવરણમાં નીરવ શાંતિ પ્રસરેલી હતી. પણ ગણેશ શેઠના મનમાં વિચારોની વણઝારો ચાલતી હતી. કેવા મહાત્માઓ હશે ? કેવી વાતો કરતા હશે ? શું કરતા હશે ? વગેરે સંકલ્પો કરતા ચાલ્યા જતા હતા. થોડીવારમાં હંસરાજભાઈનું ઘર આવી ગયું. શેઠે ખડકીમાં પ્રવેશ કર્યો.

ઘરની ઓસરીમાં સાત-આઠ મહાત્માઓ બેઠા હતા. સામે ફળિયામાં લગભગ પચાસેક ભક્તો મહાત્માઓ સામે દૃષ્ટિ કરી એકાગ્ર બની બેઠા હતા. ઓસરીમાં બેઠેલા એક મહાત્મા વાતો કરતા હતા. એમની વાણીમાં જાણે કોઈ અનોખો જાદુ હતો. એમના શબ્દો કાને પડતાં જ શેઠના મનમાં ચાલતું વિચારોનું વાવાઝોડું હેઠું બેઠું. શેઠ જ્યાં ઊભા હતા ત્યાં જ સભાની પાછળ બેસી ગયા અને પેલા મહાત્માના મુખેથી ઝરતો અમૃતરસ પીવા લાગ્યા.

ક્યારેય ન દીઠા હોય એવા મહાત્માના મુખે ક્યારેય ન સાંભળી હોય એવી વાતો શેઠના અંતરમાં લાગેલા કાટને ધોવા લાગી. જેમ જેમ સમય પસાર થતો ગયો, તેમ તેમ હૃદયમાં પડેલી મુમુક્ષુતા ખીલવા લાગી. પછી તો વારંવાર ચાખેલા અમૃતરસને પીવા શેઠનું મન લલચાવા લાગ્યું. રોજ કથાવાર્તા શ્રવણ કરવા આવવા લાગ્યા.

આ લોક-પરલોકમાં જીવાત્માનું સાચું હિત કરનારા મહાપુરુષોની વાણીમાં પતિત જીવોને પાવન કરવાનું સામર્થ્ય હોય છે. તો પછી દૈવી મનુષ્યો તો એમના સહવાસથી પ્રભુ પરાયણ કેમ ન બને ? દૈવી આત્મા ગણેશ શેઠના દિલમાં સંતો પ્રત્યે સદ્ભાવના પ્રગટી અને હંસરાજભાઈને પૂછ્યું, “હંસરાજભાઈ ! શું તમારા

સાધુઓ અમારા ઘેર જમવા આવે ?'' હંસરાજભાઈ કહે, ''કેમ નહીં, પરંતુ અમારા સાધુ કોઈનું રાંધેલું જમતા નથી, પોતાના હાથે ઠાકોરજીનો થાળ બનાવી જમે છે.'' હંસરાજભાઈએ બધા નિયમો સમજાવ્યા.

ગણેશ શેઠનું આમંત્રણ સ્વીકારી સંતો એમના ઘરે પધાર્યા. પવિત્રપણે રસોઈ બનાવી, ઠાકોરજીને થાળ ધર્યા, સંતો નિઃસ્વાદી વર્તમાન પાળતા થકા બધું ભેગું કરી, પોશ ભરી પાણી નાખી શ્રીહરિનું સ્મરણ કરતા થકા જમ્યા. સાધુની આ સુંદર અને અનોખી રીતભાત જોઈ શેઠને મનમાં ખૂબ સંતોષ થયો. ત્યાર પછી સદ્ગુરુ રાઘવાનંદ સ્વામીના સમાગમથી ગણેશ શેઠને ભગવાન શ્રી સ્વામિનારાયણની દૃઢ નિષ્ઠા થઈ. શેઠે સ્વામી પાસે વર્તમાન ધરાવ્યા અને સત્સંગી થયા.

અંધશ્રદ્ધા દૂર કરી

એક સમયે શ્રીજી મહારાજ કારિયાણીમાં વસ્તા ખાચરના દરબારમાં બિરાજમાન હતા. દેશદેશના ભક્તજનો મહારાજના દર્શને પધારતા હતા. આ સમયે ઊનાના ગણેશ શેઠ પણ સંઘ લઈને દર્શન કરવા આવ્યા.

ગણેશ શેઠે ભારે ભાવથી મહારાજનાં દર્શન કર્યાં. સાથે લાવેલી ભેટ-સામગ્રીઓ મહારાજનાં ચરણોમાં મૂકી. આટલાથી સંતોષ ન થતો હોય તેમ ૫૦૦ રાળ (અઢી રૂપિયાની એક રાળ) પણ મહારાજનાં ચરણોમાં ધરી. ચંદન-પુષ્પાદિક વિવિધ સામગ્રી વડે મહારાજનું પૂજન કરી શેઠ મસ્તક ઉપર રહેલી પાઘ ઊતારી દંડવત કરવા લાગ્યા.

દંડવત કરતા શેઠના મસ્તક ઉપર મહારાજની દૃષ્ટિ પડી. મહારાજને શેઠના મસ્તક ઉપર ચોટલી ન દેખાણી એટલે પૂછ્યું, ''શેઠ ! માથે ચોટલી કેમ નથી ?''

ત્યારે શેઠે કહ્યું, ''મહારાજ ! અમને અમારા કુળદેવી નડે છે, તેથી આખા કુળમાં કોઈથી ચોટલી રખાતી નથી.''

શેઠની વાત સાંભળી મહારાજ કહે, ''શેઠ ! આપણે હિન્દુ કહેવાઈએ અને એમાંય તમે અમારા ભક્ત થયા, એટલે ચોટલી તો અવશ્ય રાખવી જોઈએ.''

મહારાજની વાત સાંભળી શેઠ કહે, ''પણ મહારાજ ! અમારા કુળદેવી થોડા આકરા છે, તમારી આજ્ઞાથી હું તો ચોટલી રાખીશ પણ અમારા કુળમાં

બીજા કોઈ નહીં રાખે તો અમારું કુળમાં સારું નહીં દેખાય.''

મહારાજ કહે, ''શેઠ ! અમે તમારા કુળદેવીને કહી દેશું, એટલે એ કોઈને નહિ નડે. માટે બધા સગાઓને કહેજો કે હવેથી ચોટલી રાખે.''

શ્રીજી મહારાજની આજ્ઞાથી શેઠે ચોટલી રાખવાની શરૂઆત કરાવી અને આખા કુળમાં ઘર કરી ગયેલી અંધશ્રદ્ધાને દૂર કરી.

અજર-અમર દીકરાની પ્રાપ્તિ

ભગવાનના ભક્ત ગણેશ શેઠને મોટો વેપાર ચાલતો, સમાજમાં સારી પ્રતિષ્ઠા હતી, લોકો સલાહ લઈને કામ કરતા. આમ શેઠને કોઈ વાતનું દુઃખ નહોતું, બધી રીતે સુખી હતા, પરંતુ સૌથી મોટી ખોટ એ હતી કે એમને કોઈ વારસદાર નહોતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે નિષ્ઠા પૂરેપૂરી હતી, પણ સંસારના ગુણધર્મ પ્રમાણે અંતરમાં એવી ઈચ્છા રહ્યા કરતી કે, 'પુત્ર હોય તો સારું.' પરંતુ પોતે ક્યારેય આ વાત બીજા પાસે કહેતા નહિ.

એક વાર ગણેશ શેઠ સંઘ લઈને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન માટે ગઢપુર આવેલા. બપોરનો સમય હતો. લીંબવૃક્ષ નીચે ઢોલિયા ઉપર મહારાજ વિરાજમાન હતા. મહારાજની સન્મુખ ગણેશ શેઠ તેમજ અન્ય સંતો-ભક્તો બેઠા હતા. એ સમયે ગણેશ શેઠના અંતરમાં સાંસારિક ભાવ જાગૃત થયો અને સંકલ્પ થયો કે, 'મહારાજ કૃપા કરે, તો મારે દીકરો થાય !'

શેઠની સન્મુખ બેઠેલાં મહારાજ અંતર્યામીપણે શેઠનો સંકલ્પ જાણી ગયા. શેઠ સામે જોઈ મંદ મંદ હસ્યા અને મુક્તાનંદ સ્વામીને ઉદ્દેશીને કહેવા લાગ્યા, ''સ્વામી ! આ સંસારીઓને સતત એમ ઈચ્છા રહ્યા કરે, કે દીકરો હોય તો ઠીક. તે એનું શું કારણ હશે ?''

મહારાજની વાત સાંભળી મુક્તાનંદ સ્વામી સમજી ગયા કે મહારાજ મર્મમાં કોઈને ઉપદેશ આપવા માગે છે. એટલે સ્વામી હસતા-હસતા કહે, ''મહારાજ ! આ સંસારીઓને બધા સુખ કરતાં સંતાનોનું સુખ મોટું હોય છે અને અંતરમાં પણ એવું રહ્યા કરે કે દીકરો હોય તો ગઢપણમાં સેવા પણ કરે.''

મહારાજ કહે, ''પણ સ્વામી ! ગરીબ માણસ હોય તેને ગઢપણમાં સેવા કરનારાની ચિંતા રહ્યા કરે, પણ જે શાહુકાર હોય તેને તો સેવાના કરનારા કેટલાય

નોકર-ચાકર મળી રહે. માટે એવા લોકોએ દીકરાનો મોહ શા માટે રાખવો જોઈએ ?'' એમ કહી મહારાજે ગણેશ શેઠ સામે જોયું અને બોલ્યા, ''કેમ ગણેશ શેઠ ! દીકરાનો સંકલ્પ થાય છે ને ?''

બે હાથ જોડી ગણેશ શેઠ કહે, ''હા પ્રભુ ! સંસારી છીએ, એટલે એવા ઘાટ-સંકલ્પ થાય છે.''

ત્યારે દયાનિધિ મહારાજે હસતા હસતા શેઠને પૂછ્યું, ''તો બોલો શેઠ ! તમને મરી જાય એવો દીકરો આપીએ કે ન મરે એવો ?''

મહારાજની વાત સાંભળી શેઠ તો વિચારમાં પડી ગયા. પણ બુદ્ધિશાળી વાણિયાના દીકરાએ પળનો પણ વિલંબ કર્યા સિવાય કહ્યું, ''મહારાજ ! દીકરો દેવો જ હોય, તો ન મરે એવો જ આપો ને !''

ગણેશ શેઠનો જવાબ સાંભળી ભગવાન શ્રી સ્વામિનારાયણ હસ્યા અને બોલ્યા, ''શેઠ ! તમે ખરી પસંદગી કરી !''

આટલું કહી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના નિત્ય પૂજાના લાલજી મગાવી ગણેશ શેઠના હાથમાં આપતા કહ્યું, ''લ્યો શેઠ ! આ ન મરે એવો દીકરો !''

ગણેશ શેઠ પણ ભારે જબરા હતા. એમણે એ જ સમયે કારભારી પાસે કાગળ અને કલમ મગાવી પોતાની તમામ મિલ્કત લાલજીને નામે કરી અને સમર્પણનો એ પત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણે ધરી દીધો.

અંતર્યામી મહારાજે અજાણ્યા થઈને પૂછ્યું, ''શેઠ ! આ શું છે ?''

ગણેશ શેઠ બોલ્યા, ''મહારાજ ! અમારે લોકમાં રિવાજ છે, કે સમય આવ્યે સર્વ જવાબદારી દીકરાને સોંપી દેવી જોઈએ. આજથી હું મારી તમામ પેઢી લાલજીને નામે સમર્પિત કરું છું.''

ગણેશ શેઠનું સમર્પણ જોઈને સભામાં બેઠેલા સર્વે સંતો-હરિભક્તો ધન્ય ધન્ય કહેવા લાગ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા લાલજીને લઈને ગણેશ શેઠ ઊના પધાર્યા અને એક વિશાળ ઓરડામાં પધરાવ્યા. ગણેશ શેઠની પ્રસિદ્ધ પેઢી હવે 'લાલજી ગણેશ' ની પેઢીના નામે ઓળખાવા લાગી. શેઠ જ્યાં સુધી જીવ્યા, ત્યાં સુધી એમણે પેઢીનો સઘળો વ્યવહાર લાલજીના વાણોતર તરીકે સંભાળ્યો.

સમય જતાં જે જગ્યાએ લાલજી પધરાવવામાં આવ્યા હતા, તે જગ્યાએ

ભગવાન શ્રી સ્વામિનારાયણનું શિખરબદ્ધ મંદિર થયું. લાલજી ગણેશ શેઠની પેઢીનો ઈતિહાસ સત્સંગમાં સુવર્ણ અક્ષરે લખાયો.

હંસરાજ ગાંધી પણ મહાન એકાંતિક ભક્તરાજ થયા. તેઓ ગરીબ હતા, પરંતુ સમય જતા મોટા સદ્‌ગુરુઓની કૃપાથી એમના વંશ-વારસો મુંબઈ કમાવા ગયા અને ભારે સમૃદ્ધ થયા. એમની પેઢી 'ગાંધી સન્સ'ની પેઢી તરીકે પ્રસિદ્ધ થઈ. આ મંગલ પ્રસંગના બોલતા પૂરાવાઓ આજે પણ ઊનામાં વિદ્યમાન છે.

અક્ષરધામની વાટે

વિ.સં.૧૮૮૬ની સાલ હતી. શ્રીજી મહારાજે શરીરે મંદવાડ ગ્રહણ કર્યો હતો. મહારાજ હવે આ લોકમાંથી વિદાય લેશે એવા સમાચાર લગભગ બધે પ્રસરી ચૂક્યા હતા.

મહારાજના મંદવાડના સમાચાર સાંભળી વિવિધ પ્રાંતના લોકો સંઘ લઈને ગઢપુર તરફ આવતા હતા. મહારાજના મંદવાડના સમાચાર ઊનામાં ગણેશ શેઠ આદિ ભક્તોને પણ મળ્યા હતા, પરંતુ ઊનાથી ગઢપુર ઘણું દૂર અને પાછું પગપાળા ચાલીને જવાનું. એટલે આજ જઈએ, કાલે જઈએ એમ કરતા કરતા જવામાં ઘણો વિલંબ થઈ ગયો અને જેઠ માસ પણ આવી ગયો.

ચોમાસાના દિવસોનો પ્રારંભ થઈ ગયો હતો. વરસાદના સમયે જંગલ પસાર કરવું ભારે મુશ્કેલીભર્યું હતું. પરંતુ ગઢપુર જવામાં વિલંબ થઈ રહ્યો હોવાથી ગણેશ શેઠે હિંમત કરી થોડા ભક્તોને તૈયાર કર્યા. ઊનાથી ગઢપુર સુધીનો લાંબો પંથ કાપવાનો હોવાથી શેઠે એક બળદ ગાડામાં જરૂરિયાતનો સામાન ભર્યો અને સંઘ લઈ ચાલી નીકળ્યા.

આઠ-દશ દિવસના લાંબા પ્રવાસ પછી શેઠ સંઘ સાથે ગઢપુર પહોંચ્યા. આજનો દિવસ જેઠ સુદ એકાદશીનો હતો. ગઢપુરની સીમ ભારે સુમસાન લાગતી હતી, વાતાવરણમાં શોક વ્યાપેલો જણાતો હતો. સામે મળનારાઓના ચહેરાઓ ફિક્કા જણાતા હતા. આ બધું જોઈ શેઠના હૃદયમાં ફાળ પડ્યે જતી હતી.

શેઠ ઊંચા જીવે દાદાના દરબારમાં પ્રવેશ્યા. દરબારગઢનું વાતાવરણ ભારે શોકગ્રસ્ત જણાતું હતું. સંતો-ભક્તોના ચહેરા ઉપરનું નૂર ઊડી ગયું હતું, કારણ કે મહારાજ હજુ ગઈ કાલે જ સ્વધામ સિધાવી ગયા હતા.

શેઠને સમાચાર મળ્યા. વજ્રનો પ્રહાર થાય અને જેવી હાલત થાય, એવી શેઠની હાલત થઈ. શેઠ ધરતી ઉપર ઢળી પડ્યા. આંખોમાંથી આંસુડાઓની ધારાઓ વહેવા માંડી. સુધ-બુધ વિસરાઈ ગયા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીએ આવી શેઠને આશ્વાસન આપ્યું. માથે હાથ ફેરવી પાણી પાયું. શેઠ થોડા સુધમાં આવ્યા એટલે મુક્તાનંદ સ્વામીના ખોળામાં માથું મૂકી પોક મેલી રડવા લાગ્યા. ગણેશ શેઠનું રડવું સાંભળી આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ આવ્યા અને શેઠને ધીરજ આપી ખૂબ સમજાવ્યા. શેઠ થોડા શાંત થયા અને ધીરજ ધારણ કરી.

ગોપીનાથજી મહારાજનાં દર્શન કર્યા, લક્ષ્મીવાડીમાં જ્યાં મહારાજના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા, એ જગ્યાએ દર્શન કર્યા અને સહુ સંતોની આગળ પોતાને ગઢપુર આવવામાં નડેલા આળસ-પ્રમાદ, ગાફલાઈ વગેરેની વાતો કરી કોચવાવા લાગ્યા.

ઉપસ્થિત સંતોએ ગણેશ શેઠને ધીરજ આપી વધારે શોક ન કરવા જણાવ્યું, ત્યારે શેઠ કહે, “સંતો ! મારા મનમાં એક પ્રબળ સંકલ્પ હતો, કે શ્રીજી મહારાજને ઊનામાં ધામધૂમથી પધરાવવા અને મોટો સમૈયો કરવો. પણ મહારાજ તો ચાલ્યા ગયા !”

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, “શેઠ ! જેમ શ્રીહરિની ઈચ્છા હોય તેમ થાય. આપણે એમની ઈચ્છામાં રાજી રહેવું. મહારાજ તો હવે આ પૃથ્વી ઉપર નથી, પરંત આ રઘુવીરજી મહારાજ છે, તે શ્રીજી મહારાજનું જ અપર સ્વરૂપ છે. માટે મહારાજશ્રીને ધામધૂમથી ઊનામાં પધરાવો. તેઓશ્રી ઊના પધારે એટલે તમારો સંકલ્પ પૂરો થયો એમ માની લેજો.”

આ રીતે વાત કર્યા પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજ જ્યારે વનવિચરણમાં હતા ત્યારે જે શાલીગ્રામની પૂજા કરતા, તે સોનાની રેખાવાળા શાલીગ્રામ ગણેશ શેઠને આપ્યા. મહા પ્રસાદીના શાલીગ્રામ મેળવી શેઠને ઘણો સંતોષ થયો અને મહારાજના વિરહનો શોક પણ ઓછો થયો.

આ પછી ગણેશ શેઠ થોડા દિવસ ગઢપુર રોકાયા. ઊના જવાના સમયે શેઠે સભામાં ઊભા થઈ કહ્યું, “સંતો ! મહારાજે મારા બધા સંકલ્પો પૂરા કર્યા છે, હવે જીવનમાં કોઈ ઈચ્છાઓ નથી. પરંતુ અંતરમાં એક એવી ઈચ્છા રહ્યા કરે છે, કે મારો દેહ ગઢપુરમાં પડે.”

ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે, ''શેઠ ! શ્રીજીના લાડીલા સંતોની આગળ તમે જણાવેલો શુભ સંકલ્પ મહારાજ જરૂર પૂરો કરશે.''

એ જ સમયે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ કહ્યુ, ''શેઠ ! મહારાજમાં દૃઢ વિશ્વાસ રાખજો, ખૂબ ધીરજ રાખીને મહારાજનું ભજન કરજો, તમારો સંકલ્પ શ્રીજી કૃપાથી ચોક્કસ પૂર્ણ થશે. મહારાજ તમને દશ દિવસ પહેલા જ દર્શન દઈને તમારે ધામમાં જવાનો સમય કહી જશે, એટલું વચન અમે તમને આપીએ છીએ. માટે હવે મનમાં કોઈ જાતની અપૂર્ણતા માનશો નહીં.'' આ પ્રમાણે શેઠ મોટા સંતોના આશીર્વાદ પ્રાપ્ત કરી ઊના આવ્યા.

ઊનામાં 'લાલજી ગણેશ'ની પેઢીનો ધીકતો ધંધો છે. હજારો રૂપિયાની લેવડ-દેવડ થાય છે, પણ ગણેશ શેઠ હવે તો કેવળ રખોપું કરે છે. વ્યાપારમાં ક્યાંય મન લાગતું નથી. સાંસારિક સંબંધો ગમતા નથી. કેવળ ભગવાન શ્રી સ્વામિનારાયણની આર્તનાદે પ્રાર્થના કર્યા રાખે છે કે, 'મહારાજ ! હવે તમારા ધામમાં લઈ જાઓ.'

આમ થોડા વર્ષો પસાર થાય છે. એક દિવસ સંતોનાં વચન પ્રમાણે શ્રીજી મહારાજે દર્શન આપ્યાં અને કહ્યું, ''શેઠ ! હવે તમારું આયુષ્ય પૂરું થયું છે, આજથી દશમે દિવસે હું તમને તેડવા આવીશ, માટે ગઢપુર જવાની તૈયારી કરો.''

મહારાજનો સંદેશો પ્રાપ્ત થતા શેઠના અંતરમાં આનંદ સમાતો નથી. બધો જ વ્યવહાર કોઈ સંબંધીને સોંપી શેઠે ગઢપુર જવાની તૈયારીઓ કરવા માંડી. બે દિવસમાં બધો વ્યવહાર આટોપી કુટુંબના નજીકના માણસોને લઈને શેઠ તૂર્ત જ ગઢપુર રવાના થયા.

શેઠની ધામમાં જવાની આ બધી તૈયારીઓ જોઈ સંબંધીઓ અકળાતા હતા. એમને થતું હતું કે, 'શેઠ શરીરે સાવ સાજા-નરવા છે, રુંવાડેય રોગ જણાતો નથી, સાવ સાજા-તાજા છે ને આમ કંઈ દેહ છૂટી જાય ખરો ? પણ કાંઈ વાંધો નહીં, એ બહાને ગઢપુરની યાત્રા તો થશે.' આવા વિચારો કરતા કરતા ગાડાં ગઢપુરની સીમમાં પ્રવેશ્યા. ગઢપુરની નજીક જ્યાં દંડવતધાર છે, કે જ્યાંથી શિખરોનાં દર્શન થાય છે; ત્યાં આવી સહુ દંડવત પ્રણામ કરીને ગાડાંમાં બેઠા. ગાડાં થોડાં ચાલ્યાં, ત્યાં ગણેશ શેઠનું શરીર તપવા માડ્યું. થોડીવારમાં તો શરીરે સખત તાવ આવ્યો.

તાવથી ધગતા શરીરે શેઠ પરિવારના સભ્યો સાથે દાદાના દરબારગઢમાં આવ્યા. ગોપીનાથજી મહારાજનાં દર્શન કર્યા, મોટા મોટા સંતોના દર્શન કર્યા અને

પોતાના મનને સંતો દ્વારા થતી કીર્તનભક્તિ, સેવા-સમાગમ અને ધ્યાન-ભજનમાં જોડી દીધું.

બે-ત્રણ દિવસ પસાર થયા એટલે શેઠનું શરીર ખૂબ અશક્ત થઈ ગયું હતું. મહારાજે દર્શન આપી કહેલો સમય આવી ગયો હતો. ઉપસ્થિત સંતોએ શેઠને મહારાજે સ્નાન કરેલું પ્રસાદીનું જળ પાયું. સંતો-ભક્તો ધૂન કરી રહ્યા હતા, એ જ સમયે શેઠ બે હાથ જોડી કહેવા લાગ્યા, ''જૂઓ ! શ્રીજી મહારાજ અને સંતો વિમાન લઈને મને તેડવા આવ્યા છે. હું એમની સાથે જાઉં છું. સૌને જય સ્વામિનારાયણ !'' આમ પ્રસન્નતા સાથે બોલતા થકા ગણેશ શેઠ અક્ષરવાસી થયા.

ત્યારબાદ શેઠના કુટુંબીજનો અને હરિભક્તોએ ગણેશ શેઠના શરીરની ઉત્તરક્રિયા કરી. મોટા સંતોના હાથે ઘેલા નદીના કાંઠે ગણેશ શેઠના દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

૧૬ વેરાભાઈ (ઉપલેટા)

રળિયામણું ઉપલેટા નામે સૌરાષ્ટ્રનું પ્રસિદ્ધ ગામ, જે આજે શહેર થઈ ચૂક્યું છે. ગુણાતીતાનંદ સ્વામી, બાલમુકુંદદાસજી સ્વામી તથા મોટા મોટા સંતોના સમાગમથી આ ગામમાં ઘણા એકાંતિક ભક્તો થયા, જેમાં નથુ બારૈયા, કાનજી જોષી, સમાધિનિષ્ઠ લાલાભાઈ, મલાઈબાઈ, ખવાસ રૂપાબાઈ વગેરે ભક્તોનાં નામ મોખરે છે. ખાસ કરીને આ બાજુના ગામડાંઓમાં આહીર ભક્તોનો સત્સંગ ખૂબ વખાણાતો અને આજે પણ વખાણાય છે.

આ આહીર ભક્તોનો મૂળ સ્વભાવ પ્રેમી, તેથી એ ભક્તોના પ્રેમને વશ થઈ અનેક મોટા સંતો આ બાજુના ગામડાંઓમાં ખૂબ વિચરણ કરતા, જેથી આ વિસ્તારમાં સત્સંગનું પોષણ સારું થયું છે.

ભગવાન સ્વામિનારાયણના એ સંતોની વાણીમાં તો અનોખો જાદુ હતો જ, પરંતુ તેમના વર્તન પણ વાતો કરતા. એમ પણ કહી શકાય કે વાતો કરતાં વર્તનની અસર એ ગામડાંના લોકો ઉપર વધારે થતી.

રાત્રે મોડે સુધી સત્સંગની વાતો થાય, વહેલી સવારે ધ્યાન-ભજન, પૂજામાં મગ્ન સંતોના મીઠામધુરા સ્વરોમાં પ્રભાતિયાં સંભળાય, ત્યારે તો જાણે સંધ્યા થંભી જતી હોય એવું વાતાવરણ સર્જાય.

ક્યારેય ન જોયેલી અને ન સાંભળેલી એવી આ સાધુઓની ખાવું, સુવું, બેસવું, ચાલવું, બોલવું વગેરે ક્રિયાઓ અનેક મુમુક્ષુઓને આકર્ષતી અને એ

આકર્ષણ પછી ક્યારેય ન છૂટતું.

એક સમયની વાત છે. ભગવાન શ્રી સ્વામિનારાયણનું પરમહંસ મંડળ ફરતું ફરતું ઉપલેટા પધાર્યું. નથુ બારૈયાના નિવાસે સંતોનો ઉતારો હતો. સાંજનો સમય થયો, સંતોએ નિત્યનિયમ કર્યા. ગામના દસ-પંદર ભક્તો સંતોનો સમાગમ કરવા આવ્યા હતા, ઘરના ચોકમાં સત્સંગસભા રાખવામાં આવી હતી. સંતો કથાવાર્તા કહી રહ્યા હતા. વાતે વાતે ભક્તોના હૈયાં ઉલેચાઈ રહ્યા હતા. એવામાં કથા કરનાર સંતે પોતાના પહાડી અને મધુર કંઠે કીર્તન ઉપાડ્યું...

જાવું છે રે જાવું છે, જાવું છે નેદાન, ભજ ભગવાન રે જીવ જાવું છે...

કીર્તનના મધુર શબ્દોને સુમધુર કંઠ મળતાં કીર્તનની મધુરતામાં અનેકગણો વધારો થઈ ગયો. કીર્તનના આ મનોહર ગાને સર્વ ભક્તોનાં મનને લુબ્ધ કરી લીધાં.

સભામાં ઉપસ્થિત સંતો તથા ભક્તો કીર્તનના ગાન સાથે ડોલી રહ્યા છે. કીર્તનના શબ્દોથી સર્વ ઉપર કંઈક જૂદી જ અસર થઈ રહી છે. એવામાં બન્યું એવું કે, આ પહાડી રાગે ગવાતા કીર્તનના શબ્દો હવાની લહેરખીએ શેરીમાંથી પસાર થતા વેરાભાઈના કાને અથડાયા. આ અલૌકિક શબ્દો સાંભળી વેરાભાઈના પગ થંભી ગયા. શબ્દોનું આકર્ષણ એવું હતું કે ઈચ્છા ન હોવા છતાં સાંભળવાનું મન થયું. શબ્દોની દિશા પકડી વેરાભાઈ જ્યાં સભા ભરાઈને બેઠી છે, ત્યાં આવ્યા. વેરાભાઈને પોતાનાં ફળિયામાં પ્રવેશ કરતા જોઈ નથુ બારૈયા એકદમ ઊભા થઈ ગયા અને તેમના સ્વાગતમાં લાગી ગયા. કારણ...

કારણ કે વેરાભાઈ ઉપલેટાના ક્ષત્રિય ગરાસિયા હતા. જીવ તો મુમુક્ષુ હતો, પણ હલકા માણસોના સંગ-સોબતથી જીવન દુરાચારી બની ગયું હતું. દારુ-માંસનું ભક્ષણ, અનીતિ, લૂંટફાટ જેવા અનેક દુષ્ટ કર્મોથી જીવન ખરડાઈ ગયું હતું. સારુ તે મારું, એ પ્રમાણે જે પદાર્થ ઉપર તેમની દૃષ્ટિ પડી તે ગમેતેમ કરીને મેળવીને રહેતા. રાત્રિના સમયે ધાડ પાડી અનેક ગામો લૂંટતા. એમનું નામ સંભળાય ત્યાં જ લોકો થરથરવા લાગતા.

અચાનક સાધુ પાસે આવેલા વેરાભાઈને જોઈ 'પધારો પધારો દરબાર !' એમ કહી નથુભાઈએ સભામાં આસન નાખી સૌની આગળ બેસાડ્યા. સંતોને વેરાભાઈનો પરિચય કરાવ્યો.

સૌ સંતોએ વેરાભાઈ ઉપર દૃષ્ટિ કરી. સંતોની અમીદૃષ્ટિ પડતાં જ વેરાભાઈના વિચારો બદલાવા લાગ્યા. સંતોએ ફરી બે-ત્રણ કીર્તનો ગાયાં. કીર્તનોના શબ્દે શબ્દે વેરાભાઈના અંતરમાંનું અજ્ઞાન અંધારું વિલાવા લાગ્યું અને સાત્ત્વિક પ્રકાશ પથરાવા લાગ્યો.

કીર્તન પૂરાં કરી સંતોએ કથાવાર્તા શરૂ કરી. સંતોની કથાવાર્તાના સાત્ત્વિક તરંગોથી વેરાભાઈના અંતરના મેલા વિચારો નષ્ટ થયા અને શુભ વિચારો ગૂંજવા લાગ્યા.

આમ સાધુઓના કીર્તન અને વાતોએ વેરાભાઈ ઉપર જાદુઈ અસર પાથરી. અંતરનો મેલ ધીમે ધીમે ધોવાવા લાગ્યો. લાગટ ત્રણ-ચાર દિવસ કથાશ્રવણ કરવાથી વેરાભાઈનો અંતરાત્મા પોકારવા લાગ્યો...

'...અરે હું કેવો અભાગિયો, મારું અમૂલ્ય માનવજીવન પશુના પાડે વ્યર્થ ગયું. જે શરીરે ભગવાનને મેળવવા જોઈએ તે શરીરે મેં કેવા ઘોર પાપ કર્યા ! આ બધા પાપોથી હું કયા ભવે છૂટીશ ?' આમ રડતા હૃદયે વેરાભાઈ સંતોના ચરણોમાં ઢળી પડ્યા અને માફી માગતા કહેવા લાગ્યા, 'મા-બાપ ! આજ સુધી મેં ભયંકર કુકર્મો કર્યાં છે, એમાંથી હું કેવી રીતે છૂટીશ ? કરેલાં પાપોથી મારું રક્ષણ કોણ કરશે ?'

એક સંત વેરાભાઈના વાંહામાં હાથ ફેરવતા ફેરવતા ધીરજ આપવા લાગ્યા, 'વેરાભાઈ ! ભગવાન તો બહુ દયાળુ છે. એ પોતાના ભક્તોના કર્મો સામે નથી જોતા. આપણાથી જાણે-અજાણે પાપકર્મો થઈ ગયા હોય, પણ જો ભગવાનને શરણે જઈએ અને શુદ્ધ હૃદયથી પશ્ચાતાપ કરીએ, તો આપણાં સર્વ પાપ બળીને ભસ્મ થઈ જાય છે.'

કરેલાં કર્મોનો પશ્ચાતાપ કરતા વેરાભાઈ સંતોનાં વચનમાં વિશ્વાસ રાખી વર્તમાન ધરાવી સત્સંગી થયા. આ રીતે દુરાચારીમાંથી સદાચારી બન્યા વેરાભાઈ દરબાર.

શ્રીજી આજ્ઞા એ જ જીવન

શ્રીજી મહારાજની કૃપા અને સંતોના યોગથી દિન-પ્રતિદિન વેરાભાઈના સત્સંગનો રંગ ચઢતો ગયો. જેમ જેમ સંતો અને સત્સંગીઓના યોગમાં આવવાનું વધતું ગયું, તેમ તેમ સમજણ પણ વધતી ગઈ. શ્રીજી મહારાજની આજ્ઞાઓનું

દઢીકરણ થવા લાગ્યું. નાનામાં નાની આજ્ઞા અજાણતામાં પણ લોપાય નહીં, એવો સતત ખટકો રાખવા લાગ્યા.

હીરો જેમ જેમ ઘસાય તેમ તેમ ચળકાટ મેળવતો જાય, તેમ જ વેરાભાઈના જીવનમાં પણ બન્યું. જેમ જેમ સંતસમાગમ, સેવા અને સમજણ વધવા લાગ્યા, તેમ તેમ તેમનું જીવન પણ સાચા રંગે રંગાવા લાગ્યું. પોતાનો દેહ મહારાજ અને એમના સંતો-ભક્તોના અર્થે ઘસવા લાગ્યા. જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા હોય ત્યાં અચૂક હાજર રહી સાફસૂફી કરવી, ઉતારાની વ્યવસ્થા કરવી, સાજા-માંદા ભક્તોની સારસંભાળ રાખવી, ચોકી કરવા જેવી સેવાઓમાં જોડાઈ જતા.

વેરાભાઈની સમજણપૂર્વકની નાની નાની સેવાઓ જોઈ મહારાજ તથા સંતો ખૂબ જ રાજી થતા. આ રાજીપાને લીધે વેરાભાઈનું અંતઃકરણ ઘસાવા લાગ્યું અને આજ્ઞા, ઉપાસના, ભજન-ભક્તિ વગેરે સાધનોથી ચમકવા માંડ્યું.

એક દિવસની વાત છે. વેરાભાઈ સમૈયા ઉપર મહારાજનાં દર્શને ગઢડા જઈ રહ્યા હતા. રાત્રિના અંધકારમાં ભજન કરતા કરતા રસ્તો કાપી રહ્યા હતા. ચાલતા ચાલતા સૂર્યોદયનો સમય થઈ ગયો. સવાર પડ્યું એટલે વેરાભાઈએ વિચાર્યું કે નજીકમાં ક્યાંય નદી આવે તો સ્નાન કરી પૂજા-પાઠ કરી લઉં.

બાજુના ખેતરમાં બાવળ ઊભેલો. દાતણ કરવા માટે નિર્દોષભાવે બાવળની ડાળીમાંથી એક દાતણ કાપ્યું. દાતણને જ્યાં મોંઢામાં નાંખવા જાય છે ત્યાં શ્રીજી મહારાજની આજ્ઞા યાદ આવી, "અમારા સત્સંગીએ રસ્તામાં પડેલી કોઈપણ વસ્તુ લેવી નહીં તથા કાષ્ઠ-પુષ્પ આદિ વસ્તુઓ તેના ધણીને પૂછ્યા વિના લેવી નહીં."

તૂર્ત જ આજ્ઞાપાલક વેરાભાઈનું હૈયું બોલ્યું, 'ધણીને પૂછ્યા વિના મેં આ દાતણ લીધું, આ તો ચોરી કહેવાય. જો હું આનો ઉપયોગ કરું, તો તો મારા ઈષ્ટદેવ તેમજ બાવળના માલિકનો ગુનેગાર ગણાઉં.' એમ વિચારી દાતણ થેલીમાં મૂકી દીધું.

નદીએ સ્નાન કરી પૂજાપાઠ કર્યા. પૂજા-પાઠ પૂરા કરી વેરાભાઈ સીધા ગામમાં ગયા. જે ખેતરના શેઢેથી બાવળનું દાતણ કાપ્યું હતું, તે ખેતરના માલિકને ખોળી કાઢ્યો અને એના ઘરે ગયા. વેરાભાઈને આંગણામાં આવેલા જોઈ ખેડૂતને આશ્ચર્ય થયું અને થોડી બીક પણ લાગી.

તેમના ઘરે જઈ તેમને એક દંડવત્ કર્યો અને કહ્યું, ‘‘ભાઈ ! ભૂલથી તમારાં ખેતરના બાવળમાંથી આ એક દાતણ કપાઈ ગયું છે. તે મેં તમારી ચોરી કરી કહેવાય, તો લો આ દાતણ અને મારાથી થયેલ અપરાધ માફ કરજો.’’

પહાડી શરીર, કેરીની ફાડ જેવી આંખો, ભવ્ય ચહેરો, મૂંછના મોટા થોભા, આવા વ્યક્તિત્વવાળા વેરાભાઈની વિનયપૂર્વકની વાત સાંભળી ખેડૂત આભો બની ગયો.

ખેડૂને થયું આ કોઈ દરબાર લાગે છે એટલે એમણે પૂછ્યું, ‘બાપુ ! ક્યાં રહો છો ? આપના ગુરુ કોણ ?’

વેરાભાઈ ગંભીર સ્વરે બોલ્યા, ‘‘ઉપલેટા ગામના જે વેરાભાઈ દરબાર કહેવાય છે, એ હું પોતે છું. મારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન છે. એમના સાધુઓ સિંહની પેઠે લોકોને ત્રાસ આપનાર મારા જેવા પશુઓને માનવદેહનું મહત્ત્વ સમજાવી આજ્ઞાપાલક ભક્ત બનાવે છે. મારાથી પ્રભુની આજ્ઞા લોપાણી તેથી તમારી માફી માગું છું, કારણ કે પ્રભુની આજ્ઞા એ જ અમારું જીવન છે.’’

એક વખતનો ધાડપાડુ પૂછ્યા વગર કાપેલા દાતણ માટે માફી માગે, એ કોઈના મગજમાં બંધ બેસે એવી વાત ન હતી. ખેડૂતે કહ્યું, ‘‘બાપુ ! આવી નાની અમથી વાત માટે આપ જેવા મોટા માણસોએ માફી માગવાની ન હોય. દાતણ તો શું મારા ખેતરમાંથી જે મન પડે તે આપ લઈ શકો છો !’’

દરબાર વેરાભાઈ હસીને બોલ્યા, ‘‘ભાઈ ! એક દિવસ હું એ જ ધંધો કરતો. ગમે તેનું ગમે તેમ કરીને પડાવી લેતો, પણ હવે તો હું મારા ઈષ્ટદેવની આજ્ઞાએ બંધાયો છું. મારા ભગવાનની આજ્ઞા છે કે ધણિયાતા કાષ્ઠ-પુષ્પ ધણીને પૂછ્યા સિવાય ન લેવા. તારી રજા સિવાય મારાથી તારું દાતણ લેવાય નહિ.’’ આમ કહી વેરાજી ત્યાંથી ચાલતા થઈ ગયા.

ખેડૂત આભો બનીને દરબારની પીઠ પાછળ તાકી તાકીને જોઈ રહ્યો અને ધાડપાડુના જીવનમાં આવું અદ્ભૂત પરિવર્તન લાવનાર ભગવાન શ્રી સ્વામિનારાયણને મનોમન વંદન કરવા લાગ્યો.

આમ તે ખેડૂતની માફી માગી વેરાભાઈ ગઢપુર આવ્યા, સમૈયામાં ખૂબ સેવાઓ કરી. મહારાજ તથા સંતોના દર્શન કરી આંખોને તૃપ્ત કરી લીધી.

મહારાજને પંચાળા લાવ્યા

પંચાળાના ઝીણાભાઈ ભારે પ્રેમી ભક્ત. વારે વારે મહારાજ મારે ગામ પધારે અને સેવાનો લાભ આપે તેવી અંતરમાં ઈચ્છા રહ્યા કરે.

મહારાજ પંચાળા નથી આવ્યા એને ઘણો વખત થઈ ગયો, એટલે ઝીણાભાઈનું અંતર અકળાવા લાગ્યું અને ઊપડ્યા મહારાજને તેડવા ગઢપુર.

ગઢપુર આવી મહારાજને સંતો-ભક્તોને લઈને પંચાળા પધારવાનું આમંત્રણ પાઠવ્યું, પરંતુ મહારાજે કોઈ પ્રતિભાવ ન આપ્યો. આથી ઝીણાભાઈને અંતરમાં થોડી અકળામણ થઈ. અકળામણમાં એવી પ્રતિજ્ઞા લેવાઈ ગઈ કે, 'જ્યાં સુધી મહારાજ પંચાળા ન પધારે ત્યાં સુધી માથે પાઘ બાંધીશ નહીં અને ગળ્યું-ચીકણું ખાઈશ નહીં.' આવી પ્રતિજ્ઞા લઈ ઝીણાભાઈ જૂનાગઢ આવ્યા.

ઝીણાભાઈ ગામના દરબાર હોવાને લીધે જૂનાગઢ રાજના દરબારમાં તેમની ખુરશી પડે. કામકાજે અવારનવાર કચેરીમાં જવું પડે, ઘરે મોટા માણસો મળવા આવે. આવા પ્રસંગે જો માથે પાઘ બાંધી ન હોય, તો થોડું અજુગતું લાગે અને સામેવાળાને પણ સારુ ન લાગે. પરંતુ ઝીણાભાઈને તો દૃઢ પ્રતિજ્ઞા હતી, તેથી માથે કેમ બંધાય ?

આ અરસામાં ઉપલેટાથી વેરાભાઈ પણ જૂનાગઢ કોઈ કામપ્રસંગે પધારેલા. તેઓ ઝીણાભાઈના ઘરે આવ્યા. તે જ સમયે ઝીણાભાઈને મળવા રાજના કોઈ મોટા માણસો પણ આવ્યા. હવે એ લોકો મળવા આવ્યા એટલે જવું તો પડે જ, તેથી ઉઘાડા માથે જ ઝીણાભાઈ તેઓની સામે આવ્યા.

આ દૃશ્ય વેરાભાઈએ જોયું એટલે તરત તેઓએ ઝીણાભાઈને બાજુમાં બોલાવી વાત કરી, "ઝીણાભાઈ ! માથે કેમ પાઘ બાંધી નથી ? મે' માન પાસે ઉઘાડા માથે ન બેસાય. થોડું ખોટુ દેખાય, માટે માથે કાંઈક બાંધો તો સારું."

વેરાભાઈના પૂછવાથી ઝીણાભાઈએ પોતાની પ્રતિજ્ઞાની વાત કરી. ઝીણાભાઈની વાત સાંભળી વેરાભાઈ કહે, "તમે ચિંતા ન કરો ! હું મહારાજને લઈને અચૂક પંચાળા આવીશ. જો મહારાજ ન આવે તો તેમની હાજરીમાં જ દેહત્યાગ કરી દઈશ, એવું હું તમને વચન આપું છું, બસ ! હવે તમે માથે બાંધો."

વેરાભાઈએ આ પ્રમાણે કહ્યું એટલે ઝીણાભાઈએ માથે બાંધ્યું અને મે' માનને મળવા ગયા. બીજી બાજુ વેરાભાઈ મહારાજને તેડવા ગયા.

મહારાજના ખબર પૂછતા જાણવા મળ્યું કે મહારાજ અત્યારે લોયામાં બિરાજે છે, એટલે વેરાભાઈ લોયા આવ્યા. મહારાજ પાસે જઈ વેરાભાઈએ ઝીણાભાઈની અકળામણની વાત કરી અને કહ્યું, “મહારાજ ! આપ પંચાળા ન પધાર્યા એટલે ઝીણાભાઈ ખૂબ દિલગીર થયા છે. હવે આપ પંચાળા પધારો તો સારું.”

મહારાજે કહ્યું, “વેરાભાઈ ! હમણાં નહીં, પછી ક્યારેક આવીશું.”

મહારાજે ના પડી એટલે વેરાભાઈ કહે, “મહારાજ ! પણ મેં ઝીણાભાઈને વચન આપ્યું છે કે તમને લઈને જ પાછો આવીશ.”

મહારાજ કહે, “અમારાથી હમણાં પંચાળા નહીં અવાય, તમારી પ્રતિજ્ઞા પડશે !”

પોતાની પ્રતિજ્ઞા પૂરી ન થઈ એટલે વેરાભાઈએ ઉતારે આવી પોતાની તલવાર હાથમાં લીધી. મ્યાનમાંથી તલવાર કાઢી પોતાના પેટમાં નાખવાની તૈયારી કરી ત્યાં પહાડી અવાજ સંભળાયો, “ખબડદાર, જો પેટે તલવાર નાંખીને મૂઆ છો તો !”

અચાનક આવેલો અવાજ સાંભળી સામે જોયું તો મહારાજ ઊભા હતા. મહારાજનાં દર્શન કરી વેરાભાઈએ તલવાર પાછી મ્યાનમાં મૂકી દીધી અને મહારાજને પગે લાગ્યા. મહારાજે માથે હાથ મૂક્યા અને કહ્યું, “વેરાભાઈ ! જાઓ પંચાળા અને કહો ઝીણાભાઈને કે કરે તૈયારી, અમો થોડા દિવસમાં પંચાળા પધારીએ છીએ.”

મહારાજની વાત સાંભળી વેરાભાઈ રાજી થતા થતા મારતે ઘોડે જૂનાગઢ આવી ઝીણાભાઈને મહારાજ થોડા દિવસમાં પંચાળા પધારશે, એવા સમાચાર આપ્યા.

ઝીણાભાઈ આવા શુભ સમાચાર સાંભળી વેરાભાઈને ભેટી પડ્યા અને ઉપડ્યા પંચાળા મહારાજનાં સ્વાગતની તૈયારી માટે..

દારિદ્ર ટાળ્યું

ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત ક્યારેય અન્ન-વસ્ત્રે કરીને દુઃખી થાય નહીં અને જો કોઈ દુઃખી હોય તો જરુર એ ખરો આશ્રિત નથી, એમણે શ્રીહરિની આજ્ઞાનો લોપ કર્યો હોવો જોઈએ.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે એ પ્રમાણે, 'દુઃખ તો અમારા વખતમાં હતા, અત્યારે તો સુખ, સુખ અને સુખ જ છે. પણ જે દુઃખ જેવું લાગે છે તે અજ્ઞાને કરીને અથવા આજ્ઞા લોપવે કરીને અથવા ખોતરીને ઊભા કરેલાં છે.'

વેરાભાઈ પણ મહારાજની આજ્ઞા ન પાળવાથી આવી પડેલા દુઃખથી ભારે પસ્તાયા હતા.

સંવત્ ૧૮૬૮ની સાલમાં મહારાજ ઉપલેટા પધાર્યા હતા. પ્રેમી ભક્ત નથુ બારૈયાને ઘરે મહારાજનો ઉતારો હતો. સવારના સમયે મહારાજ ફળિયામાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા. સૂર્યનારાયણના આછાં આછાં કિરણો મહારાજના મુખારવિંદ ઉપર પડતાં હતાં. ધીમો ધીમો ઠંડો વાયુ વાતો હતો, વાયુની લહેરે મહારાજની પાઘનું છોગલું ફરકતું હતું. આવી શોભાયે યુક્ત મહારાજ ભક્તજનોને કથામૃતનું પાન કરાવતા હતા.

સભામાં નથુ બારૈયા, વેરાભાઈ તથા બીજા ભાઈઓ-બાઈઓ બેઠા હતા. થોડીવાર કથાવાર્તા કર્યા બાદ મહારાજ બોલ્યા, "ભક્તો ! આવતું વર્ષ ઘણું કઠણ છે, મોટો દુષ્કાળ પડવાનો છે, માટે સહુ પોતપોતાની જરુરિયાત પ્રમાણે અનાજનો સંગ્રહ કરી રાખજ્યો અને હા, વેરાભાઈ ! તમે ઘોડા રાખો છો, તે બધા વેચી નાખજો."

મહારાજનાં વચનો સાંભળી વેરાભાઈ કહે, "મહારાજ ! અમારે તો ગોંડલ રાજનું પસાયતું છે, તેથી જ્યારે જ્યારે દરબાર આવે ત્યારે તેની સાથે ઘોડે બેસીને જવું પડે, તે ઘોડા વગર ન ચાલે."

ત્યારે ફરી મહારાજે કહ્યું, "સામે વર્ષે જબરો કાળ પડશે, તેથી એકેય ઢોર જીવતા નહીં રહે. માટે બધા વેચી દેજો અને ખાવાનું અનાજ લઈ લેજો." આટલું કહી થાળ તૈયાર થયા, એટલે મહારાજ જમવા પધાર્યા. જમી લીધા પછી મહારાજ આગળ વિચરણમાં પધાર્યા.

મહારાજના વચનમાં વિશ્વાસ રાખી નથુભાઈ આદિ સત્સંગીઓએ ઘરમાં જે જે પશુઓ હતાં તે વેચી નાંખ્યા અને બે વરસ ચાલે એટલું ખાવાનું અનાજ લઈ લીધું, પરંતુ વેરાભાઈએ પોતાના ઘોડાઓ તથા પશુઓ વેચ્યા નહીં અને દાણા પણ લીધા નહીં.

બીજા વર્ષે ભયંકર દુષ્કાળ પડ્યો. પશુને તો શું, માણસોને પણ અનાજ-

પાણી મળતા બંધ થઈ ગયા. ગોતવા જાઓ તો પણ ક્યાંય અનાજ કે ચારો દીઠો મળે નહીં. માણસો તથા પશુઓ ટપોટપ મરવા લાગ્યા. વેરાભાઈના પણ તમામ પશુઓ મરી ગયાં અને ઘરમાં ખાવાના દાણા પણ ખલાસ થઈ ગયા. ઘરનું તમામ રાચરચીલું વેચાઈ ગયું. ઘરની પરિસ્થિતિ કંગાલ થઈ ગઈ. ક્યાંય માગવા જાય તો પણ કોઈ અનાજ આપે નહીં એવું દુઃખ આવી પડ્યું.

એવા વખતે મહારાજ પંચાળા પધાર્યા. ઉપલેટામાં ખબર પડ્યા કે મહારાજ પંચાળે પધાર્યા છે, એટલે સહુ સત્સંગીઓ મહારાજનાં દર્શને પંચાળા જતા હતા.

વેરાભાઈને મનમાં સંકોચ થતો હતો કે મારી આ પરિસ્થિતિનું કારણ મહારાજની આજ્ઞા ન પાળી તે જ છે. મહારાજને મોંઢું કેમ બતાવવું ? એવા વિચારો કરતા હતા ત્યાં નથુભાઈ આવ્યા અને કહ્યું, ‘‘વેરાભાઈ ! અમે મહારાજના દર્શને જઈએ છીએ, તે તમે પણ ચાલો. અમારી પાસે ભાતું ઘણું છે, તેમાંથી ચલાવી લેશું.’’

નથુભાઈની વાત સાંભળી વેરાભાઈ પંચાળા પધાર્યા. મહારાજ ઝીણાભાઈના દરબારમાં સભા કરીને બેઠા હતા. સંઘના બધા ભક્તો મહારાજને પગે લાગી સભામાં બેઠા. વેરાભાઈ પણ સંકોચાતા સંકોચાતા મહારાજને પગે લાગ્યા અને સભામાં બેઠા.

મહારાજે થોડીવાર જ્ઞાનવાર્તા કરી. પછી સભામાં દૃષ્ટિ ફેરવી, તો મહારાજને વેરાભાઈ નજરમાં આવ્યા. તેમના ફાટેલાં લૂગડાં તથા શરીરની દુર્બળતા જોઈ મહારાજને દયા આવી. મહારાજે ઝીણાભાઈને કહી વેરાભાઈને નવા લૂગડાં કરાવી આપ્યા અને એક ખોબો ભરી કોરીઓ આપી અને કહ્યું, ‘‘વેરાભાઈ ! આજથી તમારું દારિદ્ર ગયું એમ જાણજો.’’

બે-ત્રણ દિવસ રોકાઈ સંઘ પાછો ઉપલેટા આવ્યો. મહારાજનાં વચને થોડા સમય પછી ફરી વેરાભાઈનો વ્યવહાર સારો થયો.

દુઃખ તો પ્રભુની પ્રસાદી છે

જગતના જીવો આ લોકની સુખ-સંપત્તિને મેળવવામાં જ સુખ માનતા હોય છે. જેટલા વધારે પદાર્થો મેળવ્યા તેટલું વધારે સુખ, જેટલું વધારે ધન મેળવ્યું તેટલું વધારે સુખ, એમ માની આખી જિંદગી પદાર્થો અને ધન ભેગું કરવામાં જ પસાર થઈ જાય છે. એ પદાર્થોને ભોગવવાનો સમય મળતો નથી, પરંતુ તેને

સાચવવાની ચિંતા વધતી જાય અને સુખ દૂર દૂર જતું જાય છે.

તેની તદ્દન વિરુદ્ધ ભગવાનના જે ભક્તો છે તે ભગવાન પાસે સુખ નહિ પરંતુ દુઃખની માગણી કરે છે, કારણ કે ભગવાન દુઃખમાં જ વધારે યાદ આવે છે. માટે ભગવાનના ભક્ત માટે દુઃખ મોક્ષપ્રાપ્તિમાં સૌથી વિશેષ લાભદાયી છે, એમ સમજી આવી પડેલાં દુઃખને હર્ષપૂર્વક સ્વીકારે છે. આવી જ કંઈક સમજણ વેરાભાઈની હતી.

વેરાભાઈ ગરાસિયા હોવાના કારણે વ્યવહારે ખૂબ સુખી હતા. સત્સંગી થવાથી સમાજમાં આબરૂ પણ વધી હતી. વેરાભાઈના કુટુંબમાં વીસ-પચ્ચીસ માણસો હતા. સર્વ ભગવાનનું ભજન કરતા અને સંપથી રહેતા.

અચાનક કોઈ કારણવશ ઘરના સભ્યોને એવો ભયંકર રોગ લાગુ પડ્યો, કે એક જ વર્ષમાં બાવીશ માણસો મરણ પામ્યા. હવે વેરાભાઈ સિવાય ઘરમાં કોઈ સભ્ય બચ્યું ન હતું. માંદા કુટુંબીઓની રાત્રિ-દિવસ સેવા-શુશ્રૂષા તથા દવા વગેરેમાં ઘરની તમામ સંપત્તિ વપરાઈ ગઈ. વેરાભાઈની સ્થિતિ ઘણી ગરીબ થઈ ગઈ.

એક દિવસ જેના ઘરમાં ખાન-પાન અને સુખ સગવડની કોઈ ખામી ન હતી, જે માગે તે તરત હાજર થતું, ત્યાં હવે અન્ન, વસ્ત્ર વગેરે જીવન નિર્વાહની વસ્તુઓ પણ મુશ્કેલીથી મળે એવો કઠિન કાળ વર્તવા લાગ્યો.

છતાં વેરાભાઈ આવી અતિ વિષમ વેળામાં પણ પોતાની સમજણમાં જરા પણ ફેર પાડ્યા વગર સંતોષપૂર્વક જીવન વ્યતીત કરતા અને પ્રેમથી શ્રીહરિની ભજન-ભક્તિ કરતા રહેતા.

કહેવાતા સગા-વ્હાલા વેરાભાઈ પાસે આવી આશ્વાસન આપતા. કોઈ કોઈ તો વક્રભાષામાં ખૂબ જ ખેદ કરીને કહેતા, ‘‘વેરાભાઈ ! ગજબ થયો, તમારા ઉપર તો દુઃખનાં ડુંગરો તૂટી પડ્યા. ઘરમાં એક પણ માણસ ન રહ્યું. આવી વસમી વેળાએ પણ તમારા ભગવાનને તમારી જરાય દયા ન આવી ? આ બધું તમે સ્વામિનારાયણના સત્સંગી થયા એટલે જ થયું !’’ આવી વાતો કરી ખોટા આંસુઓ પાડી દુઃખ વ્યક્ત કરતા.

પરંતુ વેરાભાઈ તેઓને કહેતા, ‘‘જૂઓ ભાઈઓ ! દુઃખ તો પ્રભુની પ્રસાદી છે, માટે શોક કરશો નહિ. જેનો જેની સાથે જેટલો કર્મસંબંધ હોય, તેટલું જ તેની

સાથે રહેવાય છે. અને પ્રભુ તો મહાદયાળુ છે, જેમ માતા પોતાનાં બાળકને કડવું ઔષધ પાય કે કાન વીંધે એ બાળકને બિલકુલ ગમે નહીં, પણ માતા બાળકનું હિત ઇચ્છતી હોય છે. એમ પ્રભુ આ જગતની આસક્તિ, મોહ, મમત્ત્વ અને વાસનારૂપી મહારોગ મટાડવા આ સંસારથી છૂટા પાડી અંતે મહાસુખ આપે છે.''

આ રીતે વેરાભાઈનાં વચનો સાંભળી તેમની પાસે આવેલા સગાંઓને વેરાભાઈની સમજણ જોઈ ભારે આશ્ચર્ય થતું અને તેમની સમજણને હૃદયથી વંદન કરી જતા રહેતા.

ત્યાગાશ્રમની યાત્રા

દુ: ખમાં પણ સુખ સમાયેલું છે, એવું જાણતલ વેરાભાઈએ વિચાર કર્યો, કે હવે મારે એકલાને સંસારમાં રહી શું કરવું ? આ બધું મહારાજનાં ચરણે અર્પણ કરી મહારાજની અખંડ સેવામાં જોડાઈ જાઉં. એવું વિચારી ઘરની તમામ વસ્તુ-પદાર્થ, જમીન, ઢોર-ઢાંખર વગેરે વેંચી પૈસા તથા ઘરેણાં લઈ ગઢડા આવ્યા.

લીલુડા લીંબડા નીચે મહારાજ સભા ભરીને બેઠા હતા. એ સમયે વેરાભાઈનું આગમન થયું. મહારાજનાં દર્શન થતાં જ વેરાભાઈની આંખમાંથી પ્રેમના અશ્રુઓ પડવા લાગ્યા. મહારાજને દંડવત પ્રણામ કરવા લાગ્યા. વેરાભાઈને જોઈ મહારાજે કહ્યું, ''વેરાભાઈ ! ઘર-વ્યવહારે સુખી તો છો ને !''

મહારાજની વાત સાંભળી વેરાભાઈ નજીક આવ્યા અને મહારાજનાં ચરણોમાં જે કાંઈ થોડી-ઘણી સંપત્તિ હતી તે અર્પણ કરી અને કહ્યું, ''મહારાજ ! આપની દયાથી ઘરના તમામ સભ્યોને અક્ષરધામની યાત્રાએ વળાવીને આવ્યો છું, હવે હું સંસારનાં સર્વ પ્રકારનાં બંધનમાંથી છૂટો થયો છું, માટે મને સાધુની દીક્ષા આપી આપની સેવામાં રાખો.''

વેરાભાઈની આવી ઉત્તમ સ્થિતિ અને સાચી સમજણ જોઈને ભગવાન શ્રી સ્વામિનારાયણ એકદમ ઊભા થઈ વેરાભાઈને બાથમાં લઈ ભેટી પડ્યા. તેમના માથા ઉપર બે હાથ મૂકી સભામાં વેરાભાઈની સમજણને વખાણી.

મહારાજની આવી અનહદ કૃપા થવાથી વેરાભાઈના હૃદયની તમામ ગ્રંથિઓ નિર્મૂળ થઈ ગઈ અને દિવ્ય સુખનો અનુભવ થવા લાગ્યો. મહારાજે વેરાભાઈને થોડા મહિના પાર્ષદ તરીકે રાખી સાધુ દીક્ષા આપીને, પરમાનંદ સ્વામી નામ ધારણ કરાવ્યું.

જેમ વાલિયા લૂટારામાંથી ઋષિ વાલ્મીકિ બન્યા, તેમ દુરાચારી વેરાભાઈની જીવનયાત્રા સદાચારી ગૃહસ્થથી લઈ સંત પરમાનંદ સુધી પહોંચી.

હવે સાધુ ભેગું કેમ રહેવાય ?

વિક્રમ સંવત ૧૮૬૫માં શ્રીજી મહારાજે જેતલપુરમાં અઢાર દિવસનો યજ્ઞ કર્યો હતો. આ મહાયજ્ઞથી ગુજરાત-કાઠિયાવાડમાં ચોતરફ સંપ્રદાયની અત્યંત કીર્તિ ફેલાઈ હતી અને હજારો લોકો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા.

સ્વામિનારાયણ સંપ્રદાયની વૃદ્ધિ અને ફેલ ચલાવનારાઓની હાનિ થતી જોઈ જે આસુરી અને મૂઢ બુદ્ધિવાળા દ્વેષી લોકો હતા, તેમના અંતરમાં રાગ-દ્વેષની હોળી પ્રગટી. તેઓ શુદ્ધ ઉપાસના અને આચરણના આ સંપ્રદાયનો વિકાસ જોઈ શકતા નહોતા, જેથી અવારનવાર સંતો તથા ગરીબ સત્સંગીઓને સહન ન થઈ શકે એવો માર મારી અથવા તો અપમાનિત કરી હેરાન કરવા લાગ્યા.

જ્યારે આ બાજુ સંતોને મહારાજની ખાસ આજ્ઞા હતી કે, 'તમને કોઈ ગાળ દે અથવા માર મારે, અપમાનિત કરે, છતાં પણ તમારે મન, કર્મ, વચને પણ તેઓનું ભૂંડું થાય તેવો વિચાર સુદ્ધાં કરવો નહીં.'

સંતો સર્વ રીતે મહા સમર્થ હતા, છતાં કોઈ ઢોર માર મારે, ધૂળ નાખે, પથ્થર ફેંકે, ડામ આપે વગેરે અનેક રીતે વગર કારણે ત્રાસ આપે; તો પણ તેઓથી ક્યારેય પોતાના ઈષ્ટદેવની આજ્ઞાનું ઉલ્લંઘન થતું ન હતું.

એક વખત શ્રીજી મહારાજ અમદાવાદ પધારેલા. કાંકરિયા પાસેનું પરું ખોખરા, ત્યાં એક બ્રાહ્મણને ત્યાં ભોજન જમતાં હતાં, ત્યાં લોલંગર નામનો વૈરાગી બાવો પોતાની વિશાળ ફોજ લઈને સ્વામિનારાયણ તથા તેમના સાધુઓને મારવા આવ્યો. આજે સ્વામિનારાયણનું નામ મિટાવી દેવું છે, એવા હેતુથી આવેલા એ લોલંગર બાવાએ હુમલાની સર્વ તૈયારીઓ કરી લીધી.

બ્રાહ્મણના ઘરને ચારેય બાજુથી ઘેરી લીધું. સ્વામિનારાયણ ક્યાંયથી છટકી ન જાય, એ માટેની તમામ તૈયારી કરી લીધી. આ બાજુ મહારાજની સાથે રહેલા કાઠી દરબારોએ પણ મહારાજને સુરક્ષિત કરી પોતપોતાનાં સજાવેલાં હથિયારો સાથે કૂદી પડ્યા યુદ્ધમેદાનમાં. આ સમયે મહારાજની સાથે નવા સાધુ થયેલા પરમાનંદ સ્વામી (વેરાભાઈ) પણ હતા. યુધ્ધમાં થતી પરસ્પર એકબીજાની

સિંહગર્જના અને મારો-કાપોના બરાડા સાંભળી પોતાની ક્ષત્રિય પ્રકૃતિ જાગી ઊઠી. તેઓ વીર રસથી છલકાવા લાગ્યા, ખૂમારીમાં આવી ગયા અને પોતે સાધુ છે એ ભાન ભૂલી મહારાજની આજ્ઞા વિના જેને ઘેર ઉતારો હતો તેની કટાઈ ગયેલી તલવાર પડેલી, તે લઈ જંગમાં કૂદી પડ્યા.

યુધ્ધ મેદાનમાં તો મારો-મારો ને કાપો-કાપો થતું હતું. પરમાનંદ સ્વામીએ શૂરાતનમાં ને શૂરાતનમાં કેટલાય બાવાઓને ઢાળી દીધા અને કેટલાયને ઘાયલ કર્યા.

ક્ષત્રિય દરબારોના યુધ્ધ કૌશલ્યને લીધે અનેક બાવાઓ મરાણા અને અનેક ઘાયલ થયા. પોતાનું સૈન્ય હણાતું જોઇ લોલંગર ઉભી પૂંછડીયે ભાગ્યો, સાથે સાથે તેની જમાત પણ ભાગી.

બાવાઓ ભાગી ગયા, બધું શાંત થઈ ગયું. મહારાજ બધાની સંભાળ લઈ સારવાર કરવા લાગ્યા.

આ યુધ્ધ દરમિયાન બન્યું હતું એવું કે કોઈ બાવાની તલવારના ઝાટકાથી પરમાનંદ સ્વામીનો એક કાન કપાઈ ગયો હતો, પરંતુ શૂરાતનને લીધે સ્વામીને દેહની કોઈ ખબર રહી નહી. પરમાનંદ સ્વામીના માથામાંથી લોહી પડતું જોઈને મહારાજે કહ્યું, “અરે સ્વામી ! તમને આ શું થયું ?”

“કૃપાનાથ ! એ ભયંકર તોફાનની બૂમો સાંભળી મને પણ શૂરાતન ચડી ગયું, તેથી બેસી રહેવાયું નહીં અને મારાથી યુધ્ધમાં ભાગ લેવાઈ ગયો.”

મહારાજ કહે, “સ્વામી ! તમે આ બહુ ખોટું કર્યું. તમે સાધુનો ધર્મ ચૂક્યા. તમારાથી હવે સાધુ ભેગું કેમ રહેવાય ? માટે હવે તમારે ધોળાં પહેરી પાર્ષદો ભેગું રહેવાનું છે.”

મહારાજનાં વચનો સાંભળી પરમાનંદ સ્વામીને ભારે ખેદ થયો, પસ્તાવાનો પાર ન રહ્યો. આંખમાંથી આંસુ પડવા લાગ્યા. મહારાજની માફી માંગી ધોળાં વસ્ત્ર સ્વીકારી પાર્ષદ બન્યા. મહારાજે આશ્વાસન આપતા કહ્યું, “ભૂલની શિક્ષા થાય તે પોતાનાં ભલા માટે જ હોય છે. આજ્ઞાલોપનું પ્રાયશ્ચિત તે તેની શુદ્ધિ છે.”

મહારાજનાં વચનો સાંભળી વેરાભાઈ અતિશય સાવધાન બની, ફરીથી કોઈ આજ્ઞાનો ભંગ ન થાય તેની કાળજી રાખી, રાત્રિ-દિવસ ધ્યાન-ભજનનો અભ્યાસ કરવા લાગ્યા.

બ્રાહ્મીસ્થિતિની પ્રાપ્તિ

ભગવાનને મળવા આવેલા સાચા મુમુક્ષુથી જ્યારે સાધનાના માર્ગમાં કંઈક ભૂલો પડે, એ ભૂલ એમને દેખાય, ત્યારે પ્રાયશ્ચિતની અગ્નિમાં શેકાતા શેકાતા વધારે ચળકાટ મેળવે છે.

વેરાભાઈ પણ અતિશય સાવધાન થઈને ફરીથી કોઈ ચૂક ન થાય, તેની પૂરેપૂરી કાળજી રાખીને આખો દિવસ ભજન-ધ્યાનમાં વિતાવવા લાગ્યા. સર્વ ઈન્દ્રિયોને અંતરસન્મુખ કરી મહારાજની મૂર્તિનાં ધ્યાનમાં એવા તલ્લીન થવા લાગ્યા કે આજુબાજુના વાતાવરણનો કોઈ ખ્યાલ ન રહેતો. આકરા તપ, ધ્યાન, ભજનના લીધે વેરાભાઈનું અંતર સોળવલા સોના જેવું વિશુદ્ધ બની ગયું.

એક વખત વેરાભાઈ ધ્યાનમાં બેઠા હતા, ત્યારે અદ્‌ભૂત ઘટના ઘટી. વેરાભાઈના શરીરમાંથી કામ, ક્રોધ, લોભ વગેરે દોષો મૂર્તિમાન થઈ બહાર નીકળવા લાગ્યા. વેરાભાઈ આ દૃશ્ય જોઈ આશ્ચર્ય પામતા થકા તેમને પૂછવા લાગ્યા, 'તમે કોણ છો ?'

વેરાભાઈનો પ્રશ્ન સાંભળી તેઓ બોલ્યા, ''અમે તમારા અંતરમાં રહેલા કામ, ક્રોધ, લોભ વગેરે દોષો છીએ અને હવે અમારાથી તમારા અંતરમાં રહી શકાય એમ નથી, કારણ કે હવે તમારું અંતર પરમ એકાંતિક સ્થિતિને પામી ચૂક્યું છે, માટે અમે વિદાય લઈ રહ્યા છીએ.''

આમ વેરાભાઈ છતાં દેહે બ્રાહ્મીસ્થિતિને પામી ભગવાનનાં ધામમાં સિધાવ્યા.

૧૭ નાજા જોગિયા

શ્રીજી મહારાજ કહે છે કે, ‘‘ભગવાનના ભક્તની મને, વચને અને દેહે કરીને જે સેવા બની આવે ને તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે, તેવું બીજે કોઈ સાધને કરીને નથી થતું. તથા જીવને બળ પામવાને અર્થે ભગવાન અને ભગવાનના ભક્તની સેવા બરાબર બીજો કોઈ ઉપાય નથી.’’

આ રીતે સેવાની મહત્તા કહીને શ્રીજી મહારાજે મોક્ષના સર્વોત્તમ અને સરળ સાધન તરીકે સેવાનું સાધન બતાવ્યું છે. ‘‘**सेवामुक्तिश्च गम्यताम्**’’ મુજબ સત્સંગમાં અસંખ્ય સંતો તથા ગૃહસ્થ ભક્તો ભારે ઉત્સાહથી નિષ્કામ સેવા કરીને પરમ પદને પામ્યા છે, એમાંના એક ભક્ત હતા ‘નાજા જોગિયા.’

કાદવમાંથી કમળ પ્રગટ્યું

સ્વામિનારાયણ સંપ્રદાયના ઉદયકાળનો સમય ઘણો વિપરિત હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના સાધુઓ સામે ઘણાં જોખમો હતાં. તેઓએ અનેક કષ્ટો, દુઃખો અને અપમાનો સહન કર્યાં હતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતે અનંત કોટિ બ્રહ્માંડોના ધણી હોવા છતાં સામાન્ય અને તુચ્છ જીવના અપમાનો હસતા મોંઢે સહ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ કરતાં પણ વિશેષ સહન કરવાનું એમના સાધુઓના ભાગમાં આવ્યું હતું. એક બાજુ ભગવાન શ્રી સ્વામિનારાયણની આકરી કસોટી અને બીજી બાજુ સમાજમાંથી મળતા કઠોર દંડને જોઈ ભલભલાના

મનોબળ તૂટી જતાં. છતાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા થયેલા સત્સંગીઓની સંખ્યા કરતાં તેમના સાધુઓએ કરેલા સત્સંગીઓની સંખ્યા વધારે હતી અને તેઓમાં સમજણ પણ વિશેષ હતી.

આ સાધુઓની વાણી કરતાં તેઓનું વર્તન વધારે વાતો કરતું. દેહની કોઈપણ પરવા કર્યા વગર ગામડે ગામડે, નેસડે નેસડે અને શહેરોમાં સતત વિચરણ કરી આ સાધુઓએ અનોખો બ્રહ્મયજ્ઞનો અખાડો માંડ્યો હતો. કોઈ માન આપે, કોઈ અપમાન કરે, ક્યાંક ઉતારા મળે ક્યાંક ન મળે, ક્યાંક ભિક્ષા મળે ક્યાંક ન મળે. ક્યારેક તો ચાર દિવસ કે પાંચ દિવસના લાગટ ઉપવાસ થાય. ભૂખ્યા પેટે, ઝાડવાના છાંયે, તળાવની પાળે, ઝાડી-ઝાંખરીઓમાં આકાશ ઓઢી દિવસો પસાર કરતા.

કોઈ વાતો સાંભળવા આવે, કોઈ ન આવે, છતાં સામેથી તેમની પાસે જાય, એમને સમજાવે. કોઈ સમજે, કોઈ અપમાન કરી કાઢી મૂકે. ખેતરોમાં કામ કરનારા ખેડૂતો પાસે જાય, તેમની પાછળ પાછળ ફરે, તેમના ખેતરના કામો કરે. કોઈ હળ હાંકતા હોય તો તેમની પાછળ પાછળ ફરે અને ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય લીલાઓ ગાય, જીવન સુધારણાની વાતો કરે. આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોએ સ્વામિનારાયણ સંપ્રદાયનું પોષણ અને વિકાસ કર્યો હતો.

આવા સમયે સંતોનું એક મંડળ ફરતું ફરતું જસદણ બાજુ પધાર્યું. જસદણ પાસેના લાખણકા ગામમાં નાજા જોગિયા અને રામ જોગિયા નામે બે કાઠી ભાઈઓ પોતાની વૃદ્ધ માતા સાથે રહેતા હતા.

નાજા જોગિયા તથા તેનો પરિવાર ખેતી કરી જીવન ગુજારતા. એક દિવસ નાજા જોગિયા પોતાના ખેતરમાં હળ હાંકી રહ્યા હતા. એ સમયે સંતોનું મંડળ ફરતું ફરતું લાખણકાની સીમમાં પધાર્યું. સંતો સીમમાં ખેતી કરતા ખેડૂતોની પાસે જઈ સત્સંગની વાતો કરતા હતા. દરેક ખેડૂત પાસે એક એક સંત પહોંચી જાય અને એમને વાતો કરે. કોઈ ખેડૂત આદર આપે તો કોઈ અનાદર કરે, છતાં સંતો માઠું લગાડ્યા વગર તેમને વાતો કરે.

એવામાં એક સંત નાજા જોગિયા સાંતી હાંકી રહ્યા હતા ત્યાં આવ્યા. નાજા જોગિયાનો જીવ મુમુક્ષુ એટલે સાધુને જોઈ ઊભા રહ્યા અને પ્રણામ કર્યા. પાસે

આવેલા સંતે 'જય સ્વામિનારાયણ' કર્યા અને પોતાનો પરિચય આપ્યો.

નાજા જોગિયાએ સાંતી હાંકવું બંધ કર્યું એટલે સંતે કહ્યું, "ભાઈ ! સાંતી કેમ ઊભું રાખ્યું ? તમે તમારું ખેતીકામ કરો, અમો તમારી પાછળ પાછળ ફરી અમારું કામ કરીએ."

નાજા જોગિયા સાંતી હાંકે ને પાછળ ફરી સંત વાતો કરે. થોડીવાર અરસપરસ વાતો થઈ. પછી પેલા સંતે નાજા જોગિયાને ભગવાન શ્રી સ્વામિનારાયણનો મહિમા, મનુષ્યદેહની દુર્લભતા અને સદ્‌ઉપદેશ આપ્યો. સંતનાં વેણે વેણે નાજા જોગિયાના અંતરમાં રહેલા માયાના પડળો ઉઘડવા લાગ્યા. પૂર્વના સંસ્કારો ઉપર ચડેલી ધૂળ ખરી ગઈ અને ખેતરમાં ઊભા ઊભા જ તે સંતના હાથે વર્તમાન ધરાવ્યા અને સત્સંગી થયા.

સંતોની હિતોપદેશ વાણી અને તેમના ત્યાગ-તપમય શુદ્ધ જીવને નાજા જોગિયાના જીવનમાં ખાતરનું કામ કર્યું. તેમની મુમુક્ષુતા સોળે કળાએ ખીલી ઊઠી. લાખણકા ગામના દુરાચારી લોકોના સંગમાં નાજા જોગિયા પણ લૂટફાટ ને ફેલફતૂરને રવાડે ચડી ગયેલા, તે સર્વ દોષો છૂટી ગયા અને એક સાચા સહજાનંદી સેવકનો ઉદય થયો.

લાખણકા છોડ્યું

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે કે, "જેમ પોતાનાં શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન ને ભગવાનના સંતને વિશે આત્મબુદ્ધિ રાખવી જોઈએ અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરી રાખવો જોઈએ. અને તે પક્ષ રાખતા થકા આબરૂ વધો અથવા ઘટો, અથવા માન થાઓ કે અપમાન થાઓ, અથવા દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન કે ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ." શ્રીજી મહારાજનાં આ વચનો નાજા જોગિયાના અંતરમાં કોતરાઈ ગયા હતા અને એવો જ પક્ષ અને આત્મબુદ્ધિ મહારાજ તથા સંતો સાથે થયેલી.

નાજા જોગિયા ગોવાળિયા ખોટા લોકોનો સંગ છોડી ભગવાન શ્રી સ્વામિનારાયણના સત્સંગી થયા, તેથી દુરાચારી મંડળીના આગેવાન અને માથાભારે એવા લાખા ગોવાળિયાના અંતરમાં દાઝ થઈ. તે કારણ વિના નાજા જોગિયા સાથે દ્વેષ કરવા લાગ્યો. તેમનું કેમ અહિત થાય તેવા પ્રયત્નો કરવા લાગ્યો, પરંતુ નાજા

જોગિયા તેની કોઈ પરવા કર્યા વિના, નીડર થઈ શૂરવીરતાથી સત્સંગના નિયમો પાળે છે અને ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરે છે.

એ અરસામાં શ્રીજી મહારાજ લાખણકા પધાર્યા. પોતાના ઈષ્ટદેવ પધારતા નાજા ભક્તના દિલમાં આનંદ મા'તો નથી. અત્યંત ઉત્સાહ અને શ્રદ્ધાથી શ્રીજી મહારાજ તથા સાથેના સંતો-ભક્તોની ઉત્તમ સેવા કરી. મહારાજ નાજા ભક્તની ભાવના અને સેવા જોઈ અત્યંત પ્રસન્ન થયા.

શ્રીજી મહારાજે અહીં આપેલ ઉપદેશ સાંભળી તથા દર્શન કરી ગામના ઘણા લોકોને મહારાજ પ્રત્યે ભાવ જાગ્યો. ઘણાએ મહારાજના હસ્તે કંઠી બાંધી સત્સંગ સ્વીકાર્યો તથા તે લોકો નાજા જોગિયા તરફ સદ્‌ભાવ રાખવા લાગ્યા. આ બધું જોઈ પેલો લાખો ગોવાળિયો વિશેષ દ્વેષથી બળી ઊઠ્યો.

એવામાં એકવખત દેશાંતરમાં ફરતા ફરતા બે સાધુઓ લાખણકા પધાર્યા. નાજા જોગિયા સેવાભાવી ભક્ત છે એમ માની બન્ને સંતો નાજા ભક્તને ઘરે ઉતારો કરવા ગયા. એ સમયે નાજા ભક્ત તથા તેના ભાઈ બેઉ ખેતીના કામકાજે સીમમાં ગયેલા. એમના માતુશ્રીને પણ મહારાજનો તથા તેમના સાધુઓનો ભારે ગુણ હતો તથા તે પોતે ભાવિક હતા. તેમને ખબર મળતા સંતોને આદરપૂર્વક જૂદા ઘરમાં ઉતારો આપ્યો અને રસોઈ કરવા સીધા-સામગ્રીની વ્યવસ્થા કરી આપી.

આ બાજુ લાખા ગોવાળિયાને સમાચાર મળ્યા કે નાજાને ઘેર સાધુ આવ્યા છે ને રસોઈ કરે છે. આ વાત સાંભળી તે ઉકળી ઊઠ્યો. તૂર્ત જ પોતાના જેવા અનાડી પાંચ-દસ માણસોને સાથે લઈ લાકડીઓ પછાડતો નાજા જોગિયાને ઘરે પહોંચ્યો.

હાથમાં લાકડી, આંખોમાં ક્રોધ અને મોંઢામાં ગાળોની સાથે લાખાએ ડેલીમાં પ્રવેશ કર્યો. જેમતેમ બોલી સાધુઓને અપશબ્દ કહેવા લાગ્યો, "ગામને બગાડનારાઓ, પારકું અન્ન ખાનારાઓ, ઘરે ઘરે ભીખનારા મુંડિયાઓ ! તમારાથી અમને પૂછ્યા સિવાય અમારા ગામમાં અવાય જ કેમ ?"

લાખાના ધમપછાડા સાંભળી ડોશીમાએ ઘરમાંથી બહાર નીકળી કહ્યું, "ભાઈ ! આ સાધુ તો બહુ દયાળુ છે, એ કોઈનું ખરાબ કરવા નથી આવ્યા, ઉલટાનું આપણું સારું કરવા આવ્યા છે."

ડોશીમાની વાત સાંભળી લાખો ભડક્યો, "શું ધૂળ સારું કરવા આવ્યા

છે ? આ તમારો છોકરો ઈ પંથમાં જઈને વટલાઇ ગયો છે અને હવે એ આખું ગામ વટલાવવા માગે છે.''

સાધુ કહે, ''ભાઈ ! શાંત થાઓ, અમે તો ભગવાનની આજ્ઞાથી જીવોના કલ્યાણને અર્થે વિચરીએ છીએ. અમારે તમારી પાસેથી કે આ ગામ પાસેથી કંઈ જોતું નથી. બસ આજની રાત અહીં રોકાઇ સવારે નીકળી જશું.''

લાખો કહે, ''ના હો ! અટાણે જ નીકળો. તમારા જેવા નવા ધર્મના બાવા હાલી નીકળ્યા છે, તે અમારું ગામ બગાડી મૂકે એ અમને ન પોસાય ! ગમે તેવી વાતો કરીને તમારે તો ગામના લોકોને ભગતડા બનાવી અમારા જેવા આગેવાનોનું હીણું દેખાડવું છે ને ? માટે કાંઈ માથાકૂટ કરવી જ નથી. અમારા ગામમાં તમારો પગ પેસવા દેવો જ નથી. અબ ઘડીયે જ અહીંથી બહાર નીકળો.''

સંતો કહે, ''ભાઈઓ ! રસોઈ તૈયાર થવા આવી છે, ભગવાનને થાળ ધરાવી નીકળી જઈએ છીએ, બસ..!''

ત્યાં તો લાખાના મોંઢામાંથી અપશબ્દની વૃષ્ટિ થઇ અને સાથે આવેલા બીજા સાથીઓને કહે, ''એલા દરબારું ! આ બાવલિયા એમ નહીં હમજે, એનું રાંધેલું ફેંકી દ્યો ને બાવડાં પકડી કાઢો બહાર.''

ટોળાના સરદારની વાત સાંભળી અક્કલમઠી અને દુરાચારી ટોળકી વછૂટી. દેકારા-પડકારા કરી સાધુઓ ઉપર પથરા, ધૂળ તથા છાણ ફેંકવા માંડ્યા. ચૂલા ઉપરની રસોઈ ઢોળી નાખી અને સાધુઓને માંડ્યા ટપલીઓ મારવા.

આ દૃશ્ય જોઇ દયાળુ ડોશીમાનું હૃદય કકળી ઊઠ્યું. આંખમાં આંસુની વહેતી ધારાઓ સાથે હાથ જોડી એમણે પેલા અનાડી લોકોને ખૂબ આજીજી કરી, છતાં રાંધેલ ભોજન જમી લ્યે એટલી વાર પણ સાધુને રહેવા દીધા નહીં અને ઘેરૈયાની પેઠે ધૂળ, પથરા, છાણ, કાદવ ફેંકી ગામ બહાર કાઢી મૂક્યા.

થોડીવાર થઇ ત્યાં નાજો અને રામ બન્ને ભાઈઓ ખેતીનું કામ કરી ઘરે આવ્યા. ફળિયામાં પ્રવેશ કર્યો ત્યાં ઘરનું વાતાવરણ કંઈક અલગ જ લાગ્યું. થોડા આગળ વધ્યા ત્યાં વાસણ વેરણ-છેરણ પડેલા જોયા. ઓસરીમાં પોતાની માને રડતી જોઈ. આ બધું જોઇ નાજા ભક્તે માને પૂછ્યું, ''મા ! શું થયું ? ઘરમાં કેમ બધું આ રીતે પડ્યું છે ?''

નાજાએ પૂછ્યું એટલે માએ રડતા રડતા બધી હકીકત જણાવી.

વાત સાંભળતા જ નાજા જોગિયાના હૃદયમાં ખૂબ ખેદ થયો. પોતાના પ્રાણથી પ્યારા સાધુઓનું પોતાના જ ઘરમાં અપમાન થયું, એ સાંભળી બન્ને ભાઈઓના અંગમાં ક્રોધ ભભૂકી ઊઠ્યો. અંતરમાં ઈષ્ટદેવના પક્ષનું તેજ પ્રગટ્યું, સત્સંગનો પક્ષ રાખવાની ભાવના ઉદ્દીપ્ત થઈ.

શિર સાટે સત્સંગનો પક્ષ રાખવાની દૃઢ સમજણવાળા નાજા જોગિયાએ માનાં ચરણોનો સ્પર્શ કરી પ્રતિજ્ઞા લીધી કે મા, ''ગામ છોડવું પડે તો ભલે, પણ મારા સાધુનું અપમાન કરનારને નહીં છોડું.''

માતાના આશીર્વાદ લઈ બન્ને ભાઈઓ હાથમાં ખુલ્લી તલવારો લઈ ગામને ચોરે પહોંચી ગયા. લાખો ગોવાળિયો અને કાઠી ડાયરો હોકા તથા અફીણના કસુંબાના કેફમાં અલકમલકના ગપ્પાં મારી રહ્યા હતા.

બન્ને ભાઈઓએ સિંહગર્જના કરી, ''અમારા સાધુનું અપમાન કરનાર મવાલીઓ, હવે જોઈ લો !'' એમ કહી શૂરાતનથી બન્ને ભાઈઓ ડાયરમાં કૂદી પડ્યા ને ચાર-પાંચ મોટેરાને તલવારના ઘા ઝીંકી દીધા. ગામના આગેવાનો હણાયા એ જાણી ગામમાં હાહાકાર મચી ગયો. ગામના બધા કાઠીઓ હથિયારો લઈને દોડી આવ્યા. જોતજોતામાં તો જાણે રણમેદાન ઊભું થઈ ગયું. એક બાજુ બે ભાઈઓ, તો બીજી બાજુ હથિયારોથી સજ્જ આખું ગામ.

સામે ઘણા બધા કાઠીઓને હથિયાર સાથે જોઈ બન્ને ભાઈઓ સમયસૂચકતા પારખી ભાગી છૂટ્યા. આગેવાનોને મારી ભાગનારની પાછળ ગામના કાઠીઓની વાર ચડી. લોહીતરસ્યા હથિયારબંધ શત્રુને પાછળ આવતા જોઈ બન્ને ભાઈઓ એક સ્થળે છૂપાઈ ગયા. જેવી વાર નજીક આવી એટલે બન્ને ભાઈ સિંહની પેઠે છલાંગ મારી વારની સામે તલવારથી લડવા લાગ્યા. મહાશૂરવીર અને મરણિયા થયેલા બેઉ ભાઈની તલવાર ચલાવવાની ચાલાકી જોઈ વારના માણસો તો છક થઈ ગયા. થોડી જ વારમાં કેટલાયને ધૂળ ચાટતા કરી દીધા, કેટલાયને સ્વર્ગને રસ્તે ધકેલી દીધા.

આ દૃષ્ય જોઈ બચી ગયેલા કાઠીઓનું શૂરાતન ઓસરી ગયું અને માંડ્યા પાછા ભાગવા.

આ પ્રમાણે અણધાર્યો યુદ્ધનો પ્રસંગ બની જવાથી નાજા જોગિયાને લાખણકા છોડવું પડ્યું.

ત્યાંથી નીકળી બન્ને ભાઈઓ ગઢપુર શ્રીજી મહારાજની પાસે આવ્યા. નાજા જોગિયાએ સત્સંગ અર્થે સંતોનો શિર સાટે પક્ષ રાખી વતનના ગામનો પણ ત્યાગ કરી દીધો. આ વાત જાણી શ્રીજી મહારાજ અત્યંત પ્રસન્ન થયા. મહારાજના દર્શન અને સેવા કરી નાજા ભક્ત ઘણા સંતુષ્ટ થયા.

આવા ભક્તો માટે શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, "જેમાં ત્રણ વાનાં હોય, તે પાકો સત્સંગી કહેવાય. તો ત્રણ વાનાં તે કયાં ? તો એક તો પોતાના ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યા હોય તે પોતાના શિર સાટે દઢ કરીને પાળે પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે અને બીજો ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય તે અતિશય દઢપણે હોય પણ તેમાં કોઈ સંશય નાખે તો પડે નહિ અને પોતાનું મન સંશય નાખે તોય પણ સંશય પડે નહિ. એવો ભગવાનનો અડગ નિશ્ચય હોય અને ત્રીજો પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો. તે જેમ મા-બાપ, દીકરા-દીકરી તેનો પક્ષ રાખે અને જેમ પુત્ર હોય તે પોતાના પિતાનો પક્ષ રાખે અને જેમ સ્ત્રી હોય તે પોતાના પતિનો પક્ષ રાખે છે, તેમ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો. એ ત્રણ વાનાં જેમાં પરિપૂર્ણ હોય, તે પાકો સત્સંગી કહેવાય."

નવો આશ્રય, નવું સંકટ

નવું ગામ અને નવો આશ્રય શોધતા શોધતા નાજા જોગિયા ભડલી આવ્યા. ભડલી ગામના ભાણ ખાચરે રહેવા આશ્રય આપ્યો. નાજા જોગિયા પરિવાર સાથે અહીં વસ્યા.

નાજા જોગિયાનું માન-સન્માન ભડલી ગામે પણ વધવા માંડ્યું છે, એ જાણી દ્વેષી લોકો તેમની પાછળ પડી ગયા. આથી નાજા જોગિયાને ભડલીમાં રહેવું યોગ્ય ન જણાતા તેઓ ભોંયરા ગામે રહેવા આવ્યા.

ભોંયરા ગામનો રાજા વારસુર ખાચર હતો. વારસુર ખાચરનો દેહ માનવનો હતો પણ વિચારો અસુરના હતા. અતિ ક્રૂર અને મહા પાપી આ વારસુર ખાચરથી સર્વ પ્રજાજનો થરથરતા. તેમની ધાક આજુબાજુના ગામોમાં પણ વાગતી. રાજના ગુનામાં કોઈ આવે, તો તેના પગની ઘૂંટીઓ ભાંગી નાખતો અને જેલમાં પૂરી દેતો.

આ બાજુ નાજા ભક્તને રહેવા ઘર તથા ખેતીકામ માટે જમીન વગેરેની જોગવાઈ કરી આપી, તેથી વારસુર ખાચરનો ભારે ગુણ આવેલો. એક બાજુ આશ્રય

આપ્યો તેથી ગુણ હતો, તો બીજી બાજુ તેમનો દુરાચાર દેખી હૃદયમાં અરેરાટી ઉપડતી, પણ સત્તા સામે થોડું બોલાય ? એમ જાણી મૂંગા રહેતા.

નાજા ભક્તનું હૃદય સજ્જનતાથી ભરેલું, એટલે દુર્જન વારસુર ખાચર સુધરે અને તેમની કેદમાં પડેલા અને રીબાતા માણસો છૂટે એવી સતત તાલાવેલી રહેતી. પણ સિંહના મોંમાં હાથ નાખવાનો અવસર શોધતા હતા અને એ અવસરની રાહ જોતા હતા.

એક દિવસ મોકો મળતા નાજાભક્તે હિંમત એકઠી કરી વારસુર ખાચરને વાત કરી, "બાપુ ! તમે કાંઈ જાણો છો ?"

"શું, તું શું વાત કરે છે ?"

"બાપુ ! આજ ઘોર કળિકાળમાં સ્વયં ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થયા છે !"

"નાજા ! એવું ના હોય, તું કોઈની વાતમાં ભરમાણો લાગે છે."

"અરે ના ના, બાપુ ! આજે એ ભગવાન શ્રી સ્વામિનારાયણના નામે ઓળખાય છે અને પોતાના અદ્‌ભૂત ઐશ્વર્યના પ્રતાપે અનંત જીવોનો ઉદ્ધાર કરી રહ્યા છે."

વારસુર ખાચર વાતને ઉડાડતા બોલ્યા, "તે એમાં મારે શું ? હશે !"

"પણ બાપુ ! તમે અમારા અન્નદાતા કહેવાઓ. તમારાં હિતની વાત જીભે લાવ્યો છું, તમે તેમનો આશરો કરી આત્મકલ્યાણ સાધી લો. આજે સ્વયં ગંગા આપણા ઘરે આવી છે, ત્યારે કાશી શીદ જવું ? પછી આવો સમય ક્યારે મળે ? માટે પેટની હારે હારે ઠેઠનું પણ કરી લેવું જોઈએ."

નાજાભક્તની વાત સાંભળી બરફ ઓગળે એમ વારસુર ખાચર થોડા ઓગળ્યા. વારસુર ખાચરે જિજ્ઞાસાથી પૂછ્યું, "એમ..! તો એ તારા ભગવાન શ્રી સ્વામિનારાયણ અત્યારે છે ક્યાં ?"

નાજા જોગિયા ઉત્સાહથી કહે, "બાપુ તેઓ હાલ વિસનગર બાજુ વિચરણ કરે છે."

વારસુર ખાચરે નાજાભક્તને આંટીમાં લેતા બોલ્યા, "તે હેં નાજા ! હું એમ કહું છું કે તું એ ભગવાનનો ભક્ત છો અને જે ભગવાન હોય તે પોતાના ભક્તો જ્યારે અને જ્યાં સંભારે ત્યાં તત્કાળ પહોંચી જાય, બરાબર ને ?"

"હા, બાપુ ! ભગવાન તો ગમે ત્યાં અને ગમે ત્યારે પહોંચી જાય."

"એલા નાજા ! તારો સ્વામી ભગવાન હશે તો કાલે મને દર્શન આપશે અને હું એની પાસે મોક્ષ માગીશ. બરાબર ને ?"

નાજાભક્ત કહે, "બાપુ ! તમારી વાત સાચી, પણ વિસનગર તો અહીંથી ઘણું દૂર છે. ત્યાંથી એકાદ દિવસમાં અહીં કેમ આવી શકાય ?"

"એ તું જાણે અને તારો સ્વામી જાણે."

નાજા જોગિયા તો વિચારમાં પડી ગયા, 'કાલે પ્રભુ અહીં કઈ રીતે પહોંચે ? એમને કોણ સમાચાર આપશે ? અને એમાંય આ દરબાર તો....' એમ વિચાર કરતા બોલ્યા, "પણ.... બાપુ...?"

વારસુર ખાચર કડકાઈથી કહે, "હવે પણ ને બણ રહેવા દે, વાતનું વાવેતર કર્યા વગર સાંભળી લે. જો કાલ સવાર સુધીમાં તારા ભગવાન ન આવ્યા અને મને દર્શન ન આપ્યા, તો તારી પણ આ કેદમાં પૂરાએલા કેદીઓના જેવી દશા થશે. તારા પગની ઘૂંટીઓ ભાંગી નાખીશ અને જેલના સળિયા પાછળ ધકેલી દઈશ ! માટે હવે પછીની વાત તું જાણ ને તારો ભગવાન જાણે."

નાજા જોગિયા ઉપર સંકટના વાદળ ઘેરાયા. કરવા ગયા સારું ને ઊલટું દુઃખ આવી પડ્યું.

ભક્તને વહારે ભગવાન

બનેલા પ્રસંગથી નાજા જોગિયાના મનમાં આંધી ઉમટી. જો મહારાજ સવાર થતા નહીં પહોંચે, તો પોતાની શી હાલત થશે ?! એ વિચાર માત્રથી જ શરીરમાં ધ્રુજારી વ્યાપી જતી હતી. પણ ફરી મનમાં વિચાર ઊઠતો હતો કે, 'ભગવાનની ઈચ્છા સિવાય કંઈ જ થતું નથી અને ભગવાનની ઈચ્છાએ ભક્તને દુઃખ આવી પડે તો એ દુઃખ ભક્તના સારા માટે જ હોય છે, માટે જેમ પ્રભુની ઈચ્છા હશે તેમ થશે.' આવા વિચાર સાથે નાજા જોગિયા ઘરે આવ્યા.

રાત્રિનો સમય થયો છે. મનમાં ખૂબ હિંમત ધરીને વિચાર કર્યો કે, 'મારે શ્રીહરિ પાસે એમ નથી માગવું કે હે પ્રભુ ! આ દુઃખ ભાંગો. કારણ કે સાચા ભક્તો કદી પણ પ્રભુ પાસે દૈહિક સુખ માગતા જ નથી. આ શરીર વહેલા-મોડું એક દિવસ જરૂર નાશ પામવાનું જ છે, તો પછી શા માટે આ નાશવંત દેહની રક્ષા

માટે ભગવાનની પાસે માગવું ? માટે જેવી મહારાજની ઇચ્છા.' એમ વિચારી મહારાજની મૂર્તિ સામે હાથમાં માળા લઈ ભજન કરવા બેસી ગયા.

પોતાના સાચા ભક્ત ઉપર આવી પડેલા સંકટને હરવા તથા તેમનું રક્ષણ કરવા માટે ભગવાન સદા તૈયાર જ હોય છે. આ બાજુ વિસનગરમાં વિરાજમાન શ્રીહરિની નીંદર ઊડી ગઈ. નાજાભક્તને પેલો અસુર વારસુર ખાચર સવારમાં અચૂક દુઃખ દેશે, એ વાત અંતર્યામી પ્રભુએ જાણી લીધી. તત્કાળ ઢોલિયામાંથી ઊભા થઈ મુળજી બ્રહ્મચારીને જગાડ્યા અને કહ્યું, ‘‘બ્રહ્મચારી ! ચાલો આપણે તત્કાળ નીકળવાનું છે.''

બ્રહ્મચારી કહે, ‘‘પણ મહારાજ ! તમે જરા બા'ર નજર તો નાખો. ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, વળી રાત્રિનો સમય છે. અત્યારે તમારે બહાર વળી ક્યાં જવું છે ?''

મહારાજ કહે, ‘‘હા અત્યારે જ ! અમારી પાસે સમય નથી, માટે જલ્દી ચાલો.''

આમ કહી ભક્તવત્સલ ભગવાન વિસનગરથી તત્કાળ ઉપડ્યા ભક્તની રક્ષાને કાજે. રસ્તામાં મોટી મોટી નદીઓ બે કાંઠે વેગથી વહી રહી હતી, આકાશમાંથી ભારે વરસાદ પડી રહ્યો હતો, માર્ગમાં અંધારાને લીધે કશું દેખાતું નહોતું, કાદવ-કીચડવાળા રસ્તાને લીધે બરાબર ચાલી શકાતું નહોતું; પરંતુ ભક્તવત્સલ પ્રભુ એ કષ્ટોને નજરઅંદાજ કરતા ભોંયરાના માર્ગે આગળ વધી રહ્યા છે.

મુળજી બ્રહ્મચારી આવા કપરા માર્ગે અને અતિ વેગે ચાલતા વચ્ચે થાકી ગયા. શ્રીહરિએ તેમને પાછા મોકલી દીધા અને ભગવાન એકલા જ ભક્તને વહારે કષ્ટ વેઠીને પણ આગળ વધ્યા.

ઉઘાડે પગે કાંટા, કાંકરા અને ગારો ખૂંદતા પ્રભુ પ્રાતઃકાળે ભોંયરા ગામને ગોંદરે પહોંચી ગયા.

ગોંદરે એક ચારણ મળ્યો. તેને મહારાજે કહ્યું કે, ‘‘વારસુર ખાચરને ખબર આપો કે નાજાભક્તના ભગવાન દર્શન દેવા આવી ગયા છે !''

ચારણે વાસુર ખાચરને સમાચાર પહોંચાડ્યા. સવારમાં ઊઠતાવેંત સમાચાર સાંભળતા જ વારસુર ખાચર વિસ્મય પામી ગયા.

શ્રીજી મહારાજ નાજાભક્તને ઘેર પધાર્યા. નાજાભક્ત તો હજુ મહારાજની મૂર્તિ આગળ માળા કરી રહ્યા છે. મહારાજે ઘરમાં પ્રવેશ કરી સાદ પાડ્યો, "નાજા ! લ્યો, અમે આવી ગયા."

મહારાજના શબ્દો કાને પડતાં જ નાજા જોગિયા એકદમ જાગી ગયા અને દોડતા બહાર આવી જોયું, તો ફળિયામાં મહારાજ ઊભા છે. મહારાજનાં દર્શન થતાં જ નાજાભક્ત દોડી શ્રીજીના પગમાં પડી ગયા. "અરે મહારાજ ! આપ ?"

મહારાજ ભક્તની સામું જોઈ મંદ-મંદ હસી રહ્યા છે. નાજાભક્તના સંકટના વાદળો દૂર થયા.

પ્રેમી ભક્ત નાજા જોગિયાએ જોયું તો મહારાજના વાઘા કાદવમાં ખરડાય ગયા છે, શરીરે ગારાના છાંટા ઉડ્યા છે. તેથી તરત જ પ્રભુને સ્નાન કરાવી, નવા વાઘા ધારણ કરાવ્યાં. ઢોલિયે પધરાવ્યા, પગમાં વાગેલા કાંટા કાઢ્યા અને સવારનું શિરામણ કરાવ્યું.

થોડીવાર પછી ભક્ત અને ભગવાન ઉપડ્યા મહેલ તરફ. એ વારસુર ખાચરની આસુરી બુદ્ધિનો નાશ કરવા અને એને ઉત્તમ ભક્તપણું અર્પણ કરવા.

રસ્તામાં જતા હતા ત્યાં બાજુના મકાનમાંથી મહારાજને કાને હૈયાફાટ રૂદન કરતા લોકોનું આક્રંદ સંભળાયું. તેથી મહારાજે પૂછ્યું, "નાજા ! આ રુદન કોણ કરે છે ?"

"મહારાજ ! અહીંના દરબારનો કડક કાયદો છે, કે કોઈ રાજના વાંક-ગુનામાં આવે તો તેના ઘૂંટણ જેમ ઘણથી લોઢું ટીપે તેમ ટીપી ટીપીને ભાંગી નાખે અને તેને જેલમાં પૂરી દે. એવા કેટલાય વાંકમાં આવેલા માણસોને રાજાએ ઘૂંટણો ભાંગી આ જેલમાં પૂર્યા છે. એ માણસોને શરીરમાં થઈ રહેલ અસહ્ય દુઃખને કારણ આ કરુણ પોકાર સંભળાય છે. પગમાં જીવડાં પડે તો પણ દવા કે પાટો બાંધવા દેતા નથી."

નાજા જોગિયાની વાત સાંભળી મહારાજ ઊભા રહી ગયા અને કહે, "અરર !! આવાં ક્રૂર કર્મ કરનાર પાપીને આપણે દર્શન દેવા નથી જવું, ચાલો પાછા જઈએ."

નાજા ભક્તે મહારાજને કહ્યું, "મહારાજ ! આપ એમને દર્શન આપશો તો જ તે ક્રૂર કર્મ છોડશે. માટે અમારા ઉપર દયા કરી આપ ત્યાં પધારો; અને જો

તમો નહીં આવો તો જેલમાં સબડતા દુઃખી લોકોનો છૂટકારો નહીં થાય અને એની સંખ્યામાં વધારો થતો જશે. અને હા, એ કેદીઓમાં એક હું પણ હોઈશ. માટે પ્રભુ ! આપ પધારો.''

લોકોની વેદના અને નાજાની પ્રાર્થના સાંભળી મહારાજ દરબારગઢ પાસે આવી પહોંચ્યા. ત્યારે મહારાજને ત્યાં બહાર ઊભા રાખી નાજા જોગિયાએ વારસુર ખાચરને ખબર આપ્યા કે ભગવાન શ્રી સ્વામિનારાયણ પધાર્યા છે. તરત જ વાજસુર ખાચરે મહારાજને દરબારગઢમાં પધરાવ્યા. મહારાજનું ભાવભીનું સ્વાગત કર્યું અને કહ્યું કે, ''આપ ખરેખર સાક્ષાત્ પ્રગટ પુરુષોત્તમ છો, એની હવે મને પ્રતીતિ થઈ છે.''

મહારાજ કહે, ''તમારા દરબાર ગઢમાં આ હૈયાફાટ રૂદન કેમ થાય છે ?''

વારસુર ખાચર કહે, ''પ્રભુ ! મારા રાજમાં જે ગુનો કરે, તેના હું આજ હાલ કરું છું.''

મહારાજ કહે, ''તમે આ બહુ મોટું પાપ કરો છો. જે જેવો ગુનો કરે તે પ્રમાણે એને દંડ દેવો એ રાજનીતિ છે. નીતિ અને ધર્મશાસ્ત્ર વિરૂદ્ધ મનસ્વી રીતે જે દંડ દે છે તે રાજા યમપુરીમાં જાય છે.''

યમપુરીની વાત સાંભળી વારસુર ખાચર બોલ્યા, ''યમપુરીની વાત તદ્દન જૂઠી છે. ભોળા લોકોને બીવડાવવાનું આ એક બહાનું છે. બતાવો મને ક્યાં છે ને કેવી છે તમારી યમપુરી.''

મહારાજે એમની સામે દૃષ્ટિ કરી એટલે તત્કાળ વાસુર ખાચરને સમાધિ થઈ. સમાધીમાં એમણે અનેક જીવાત્માને યમરાજાના દૂતોના હાથથી માર ખાતા જોયા. વિવિધ પ્રકારના નર્કમાં ભયંકર સજાઓ ભોગવતા જીવોનો પ્રત્યક્ષ અનુભવ વાસુર ખાચરને બતાવી દીધો.

મહારાજના ઈશારે વારસુર ખાચર સમાધિમાંથી જાગૃતિમાં આવ્યા ત્યારે થરથર કંપવા લાગ્યા અને બોલ્યા, ''મહારાજ ! આ બધી યમયાતનામાંથી છૂટવાનો કોઈ ઈલાજ બતાવો. પ્રભુ ! મને આપનો શિષ્ય બનાવો અને મારી રક્ષા કરો.''

કરુણાસાગર મહારાજ કહે, ''હવેથી આવું કૃત્ય આચરવું નહીં. નાના ગુન્હા કરનાર કેદીઓ છે તેને છોડી મૂકો. આજ પછી આવો દંડ કોઈને આપશો નહીં અને ભગવાનનો આશરો કરી તેમના ભજનમાં લાગી જાઓ. આટલું અમારું

વચન માનશો તો તમારું કલ્યાણ થશે.''

ત્યારબાદ વારસુર ખાચરે પોતાના રાજ્યમાં દંડ આપવાના નિયમોમાં ઘણા ફેરફારો કર્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રય કરી સત્સંગ-ભજન કરવા લાગ્યા. નાજાભક્તની સહનશીલતા અને શ્રીહરિ પ્રત્યેની અડગ નિષ્ઠાના કારણે ભોંયરાના વારસુર ખાચર સત્સંગી થયા. શ્રીહરિ પણ નાજાભક્તની ભક્તિથી અતિ પ્રસન્ન થયા. થોડા દિવસ ભોંયરા રોકાયા અને સેવા અને સત્સંગનું સુખ આપ્યું.

જમથી રક્ષા

લાખણકા ગામ છોડ્યા પછી નાજા જોગિયાના ભાઈ રામ જોગિયા ઝીંઝાવદર રહેવા આવેલા. રામ જોગિયાને ભગવાન શ્રીહરિ તથા સત્સંગનો ગુણ ખરો, પણ પોતે સત્સંગી નહોતા થયા.

એકવાર રામ ભારે બિમાર પડ્યા. આકરા મંદવાડમાં એમને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એવું જણાયું કે, પોતાની આવરદા પૂરી થઈ છે અને જમ લેવા આવ્યા છે. જમે બળજબરીથી પોતાને દેહમાંથી બહાર કાઢ્યો અને લઈને હાલતા થયા. ત્યાં તેમને વિચાર આવ્યો કે, 'મારો ભાઈ નાજો તો ભગવાન શ્રી સ્વામિનારાયણનો સત્સંગી છે અને મેં એ ભગવાનનાં દર્શન કર્યાં છે. તો જમ મને કેમ લઈ જાય છે ?' આવા વિચારની સાથે સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ પણ સાંભરી આવી.

જેવું મનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્વરૂપ દેખાયું કે તરત જ તે જમ જીવને મૂકીને આઘા ખસી ગયા. પોતાનાથી જમને આઘા ખસતા જોઈ રામને પણ બળ આવ્યું. તે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એમ બોલતો બોલતો દોડ્યો જમની પાછળ. જમ આગળ અને પાછળ આ રામ. એમ દોડતા દોડતા નરકનો દરવાજો આવી ગયો. એ જમડા બીકના માર્યા દોડતા એ દરવાજામાં પેસી ગયા અને આ રામ નરકના દરવાજેથી પાછો ફર્યો. આવું દૃશ્ય સ્વપ્નમાં ચાલતું હતું, ત્યાં રામની નિંદર ઊડી ગઈ.

જેવી રામની આંખો ઉઘડી ત્યાં સામે જેની મૂર્તિ સાંભરી આવી હતી, તે ભગવાન શ્રી સ્વામિનારાયણ સામે ઊભા હતા. મહારાજને જોઈ રામ તરત જ પથારીમાંથી બેઠો થઈ ગયો અને મહારાજની પ્રાર્થના કરતા બોલ્યો, ''મહારાજ !

આજે તો હું તમારા પ્રતાપે જમડાને ઠેઠ નરકના દ્વાર સુધી મૂકી આવ્યો.''

મહારાજ કહે, ''રામ ! તારી આવરદા પૂરી થઈ ગઈ છે, પણ અમે તને પાંચ વરસની વધારે આવરદા આપીએ છીએ. તું સત્સંગી નથી થયો તે હવે અમારા સાધુઓ પાસે જઈ વર્તમાન ધરાવી સત્સંગી થજે અને અમારું ભજન કરજે.'' આમ કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

ત્યારબાદ રામ પોતાના ભાઈ નાજા જોગિયા પાસે ગયો અને બનેલી બધી હકીકત જણાવી. નાજા જોગિયા રામને લઈ સંતો પાસે આવ્યા અને વર્તમાન ધરાવ્યા અને સત્સંગી કર્યો. પછી તો પાંચ વર્ષ સુધી રામ જોગિયાએ મહારાજનું ખૂબ ભજન કર્યું અને અંતે મહારાજ તેમને તેડવા પધાર્યા અને તે અક્ષરધામ સિધાવ્યા.

મહારાજના અંગત સેવક

એક વાર મહારાજે નાજા જોગિયાને કહ્યું, ''નાજા ! તમે સંસારમાં ઘણું રહ્યા, હવે ચાલો ગઢપુર અને કાયમ અમારી સેવામાં રહો.''

મહારાજની આજ્ઞા થતા નાજા જોગિયાના અંતરમાં ખૂબ આનંદ થયો. તેઓ તૂરત જ પોતાના ભાઈ તથા માતુશ્રીની રજા લઈ મહારાજની સાથે ગઢપુર પધાર્યા. મહારાજનાં સાનિધ્યમાં રહી નાજાભક્ત સાંખ્યયોગના આકરા વ્રતો પાળતા અને શ્રીજીની પ્રસન્નતા માટે ઘણું તપ કરતા.

એક વખત નાજા જોગિયા અને અલૈયા ખાચર શિયાળાની કડકડતી ઠંડીમાં ઘેલા નદીના વહેતા નીરમાં બેસી આકરું તપ કરતા હતા, ત્યારે તેમના શરીરની ચામડીઓ ફાટી ગયેલી અને તેમાંથી રુધિર નીકળતું. એવા તો તેઓ તપના આગ્રહી હતા.

એક દિવસ મહારાજે સભામાં કહ્યું, ''ભક્તો ! દાદા ખાચરની વછેરી સાચવનારો બહારગામ ગયો છે, તો થોડા દિવસ તેને સાચવીને પલાણે ચડાવે એવો કોઈ સેવક મળે ખરો ?''

ત્યાં સભામાંથી કોઈએ કહ્યું, ''મહારાજ ! એ તો નાજા જોગિયાનું કામ, પણ તેઓ તો ઘેલામાં બેસી આકરું તપ કરે છે.''

મહારાજે એક પાર્ષદને નાજા જોગિયાને બોલાવી લાવવા કહ્યું. મહારાજ બોલાવે છે એવી વાત સાંભળતા નાજા જોગિયા તપ પડતું મૂકી મહારાજ પાસે

આવી બે હાથ જોડી બોલ્યા, "મહારાજ ! સેવકને કાંઈ યાદ કર્યો ?"

મહારાજ કહે, "નાજા ! અમારે દાદા ખાચરની વછેરીને પલાણવી છે. દાદા ખાચરનો સેવક હાજર નથી, માટે અમારે હમણાં ત્યાં સેવાની જરૂર છે."

"અરે મહારાજ ! આજ્ઞા કરો તો એ સેવા મારી." એમ કહી તપ છોડી ઘોડી સાચવવાની સેવા સ્વીકારી લીધી, તેથી મહારાજ ખૂબ રાજી થયા.

એ સમયે થાળનો સમય થયો હતો, તેથી મહારાજે નાજા જોગિયાને પોતાની પાસે બેસાડી થાળની પ્રસાદી જમાડી.

કુસ્તીની રમત

એકવાર મહારાજ ગામ ઝીંઝાવદરમાં છાના રહેતા હતા. ઘણો સમય સુધી કોઈને ખબર ન પડે તેમ અહીં રહી અનેક લીલાઓ કરી હતી. મહારાજની સાથે સેવામાં નાજા જોગિયા હતા. નાજા જોગિયા ખૂબ જ ભક્તિભાવ અને શ્રદ્ધાથી મહારાજની સેવા કરતા.

ઘણા દિવસ સુધી છૂપી રીતે અને એ પણ કોઈને ખબર ન પડી જાય તેમ રહેવાનું હતું, તેથી કોઈ મહારાજને મળવા ન આવતું અને મહારાજ પણ ક્યાંય જતા નહીં. આખો દિવસ એક જગ્યાએ બેસી પસાર કરવો પડતો, જેથી નાજા જોગિયાને ક્યારેક ક્યારેક કંટાળો આવતો. મહારાજ નાજા જોગિયાનો કંટાળો દૂર કરવા કાંઈક ને કાંઈક રમૂજ કરતા રહેતા.

એક દિવસ આવી જ રીતે નાજા જોગિયા કંટાળ્યા હતા. મહારાજ નાજાનો કંટાળો જાણી ગયા અને કહ્યું, "નાજા ! તને કુસ્તી રમતા આવડે ?"

નાજો કહે, "અરે મહારાજ ! કુસ્તી રમવું એ કંઈ અમારું કામ થોડું છે ? એવું અમને નો ફાવે."

મહારાજ કહે, "તો આજે હું તને કુસ્તી રમતા શીખવાડું."

"અરે મહારાજ ! એમાં ખાલી-ખોટા અંગ શું કામ ભાંગવા, એના કરતાં આ શાંતિથી બેઠા છીએ એ ક્યાં ખોટું છે ?"

"ના, ના, નાજા ! આજે તો મારે તને કુસ્તીના દાવ શીખવવા જ છે. ચાલ તૈયાર થઈ જા !" એમ કહી મહારાજે કછોટો વાળ્યો અને નાજા જોગિયાને પણ કછોટો વળાવ્યો. ઓસરીએથી હેઠા ઊતરી મહારાજે ફળિયામાં કુસ્તી રમવાનું

મેદાન તૈયાર કરાવ્યું. પડે તો વાગે નહીં એ માટે થોડી ધૂડ્ય મગાવીને ત્યાં નંખાવી.

તૈયારીઓ કરી મહારાજ નાજા જોગિયાની સાથે માંડ્યા કુસ્તી રમવા. નાજા જોગિયા શરીરે લોંઠકા હતા, પણ કુસ્તીના કોઈ દાવ જાણતા નહોતા અને મહારાજ તો સારી રીતે કુસ્તી રમી જાણે. મહારાજ નાજાને કેડ્યેથી પકડે, ઉછાળે અને હેઠા નાખે. નાજા જોગિયા મહારાજને પકડવા ઘણા પ્રયત્નો કરે, પણ મહારાજ કોઈ રીતે પકડાય નહીં. મહારાજને પકડવા જતા પોતે જ પકડાઈ જાય અને મહારાજ એમને ઉપાડી પાછા જમીન ઉપર પછાડે. નાજા જોગિયા પડે એટલે તરત ધૂડ્ય ખંખેરી ઊભા થાય. મહારાજે પાંચ-સાત વાર નાજા જોગિયાને ઉપાડી હેઠા પછાડ્યા. આમ ઘણીવાર સુધી રમત ચાલી પણ નાજા જોગિયાને શરીરે જરાય વાગે નહીં.

મહારાજ પોતાને આટલા જોરથી હેઠા પછાડતા હોવા છતાં કેમ કાંઈ વાગતું નથી એ જાણી નાજાએ મહારાજને પૂછ્યું, ‘‘મહારાજ ! તમે મને પાંચ-સાત વાર હેઠે પછાડ્યો, છતાં મને કેમ વાગતું નથી ?’’

મહારાજ કહે, ‘‘નાજા ! અમે તને હેઠા પછાડીએ અને તને વાગે તો પછી અમારી સેવા કોણ કરે ? અને મારી સાથે રમવાથી તારા હાડકા ભાંગે તો બીજીવાર અમારી સાથે રમેય કોણ ? ’’

આમ મહારાજ નાજા જોગિયાનો કંટાળો દૂર કરવા ઘણીવાર વિવિધ ઉપાયો કરતા.

વિશ્વરૂપનાં દર્શન

એક વખત મહારાજ કારિયાણીમાં વિરાજમાન હતા. મહારાજની હાજરી હોય એટલે કથાવાર્તાનો અખાડો સતત ચાલુ જ હોય. વસ્તા ખાચરના દરબારમાં પણ આજે શ્રીમદ્ ભગવદ્ ગીતાની કથા વંચાતી હતી. પ્રાગજી દવે કથાનું વાંચન કરી રહ્યા હતા. મહારાજ કથામાં આવતી વાતો સમજાવી રહ્યા હતા.

પ્રાગજી દવે કથામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને પોતાનાં વિશ્વરૂપના દર્શન કરાવે છે તથા બ્રહ્માંડમાં રહેલી વિભૂતિઓનું વર્ણન કરી રહ્યા છે, એ કથા વાંચી રહ્યા છે. મહારાજ આ વિભૂતિઓનું વિસ્તારથી વર્ણન કરી સમજાવી રહ્યા છે.

કથામાં મહારાજના હજૂરી સેવક નાજા જોગિયા પણ ઉપસ્થિત છે અને એકાગ્રતાથી કથા સાંભળી રહ્યા છે. કથામાં આવતું વર્ણન સાંભળી નાજાના મનમાં

પ્રશ્ન થયો, કે ભગવાનનું એ વિશ્વરૂપ કેવું હશે ?

નાજા જોગિયાના મનમાં ઊઠેલો આ પ્રશ્ન અંતર્યામી પ્રભુ જાણી ગયા. મહારાજે નાજા જોગિયા સામે દૃષ્ટિ કરી એટલે એમને સમાધિ થઈ ગઈ. નાજા જોગિયા સમાધિમાં અક્ષરધામમાં ગયા. અહીં મહારાજે પોતાના વિશ્વરૂપના દર્શન કરાવ્યા તથા પોતાની મૂર્તિમાં ચૌદ લોકના પણ દર્શન કરાવ્યાં.

આવી રીતે મહારાજે નાજા જોગિયાનો વિશ્વરૂપ જોવાનો સંકલ્પ પૂર્ણ કર્યો.

કાઠીઓને હરાવ્યા

મહારાજ ગઢપુરથી વડતાલ બાજુ જઈ રહ્યા હતા. નાજા જોગિયા ગાડું હંકારતા હતા અને મહારાજ ગાડામાં માથે ઓઢીને સૂતા હતા.

થોડા આગળ ગયા, ત્યાં વગડાઉ વિસ્તાર આવ્યો. આજુબાજુમાં કોઈ માણસ દેખાતું નહોતું. ચારે બાજુ ઘટાદાર વૃક્ષો ઊભા હતા. સાંજનો સમય હતો એટલે ક્યારેક ક્યારેક ઠંડા પવનની લહેરખીઓ આવતી હતી. વાતાવરણમાં શાંતિ પ્રસરેલી હતી.નાજા જોગિયા મનમાં ભજન કરતા કરતા ગાડું હંકારી રહ્યા હતા.

એવા સમયે અચાનક બે ઘોડસવારો મારતા ઘોડે પાછળથી આવતા જણાયા. નાજા જોગિયાએ પાછળ જોયું તો બે કાઠીઓ હાથમાં બરછીઓ લઈ આવતા હતા. એ લોકોને જોઈ નાજા જોગિયાને કંઈક અજૂગતું લાગ્યું. તેમણે બળદના પૂછડાંને વળ દીધા અને ગાડાનો વેગ વધારી દીધો. પણ પેલા કાઠીઓ તો ઘોડે બેસી આવતા હતા, એટલે તેઓ ગાડાને આંબી ગયા.

મહારાજ માથે ઓઢી સૂતા હતા એટલે નાજા જોગિયા સાથે ગાડામાં બીજું કોઈ હોય એમ જણાણું નહીં. પેલા લોકોએ નજીક આવી નાજા જોગિયાને પૂછ્યું, “એલા એય ! આ ગાડું તો સ્વામિનારાયણનું છે ને ? તો સ્વામિનારાયણ કેમ દેખાતા નથી ?”

કાઠીઓની વાત સાંભળી નાજાને થયું આ લોકો મહારાજને હાનિ પહોંચાડશે. એટલે તેઓએ કહ્યું, “કોણ સ્વામિનારાયણ ! અમારી સાથે કોઈ સ્વામિનારાણ નથી !”

નાજાએ ના પાડી એટલે પેલા લોકો ગાડાને ઓળંગી આગળ જવા ગયા, ત્યાં મહારાજે માથે ઓઢેલું ખસેડ્યું અને ઊભા થયા. પેલા બન્ને કાઠીઓને સાદ

પાડતા કહે, “એલા એય કાઠીઓ ! આ રહ્યો હું પોતે સ્વામિનારાયણ. બોલો શું કામ હતું ?”

હકીકતમાં એ કાઠીઓ મહારાજને મારવા માટે આવેલા. તેમને કોઈકે ચડાવેલા અને મહારાજને મારવા મોકલેલા. જેવા મહારાજને જોયા એટલે તેઓએ તરત જ ઘોડાઓને ઊભા રાખ્યા અને હાથમાં રહેલી બરછીઓને ઉગામી મહારાજ બાજુ આવ્યા. જ્યાં એ કાઠીઓ મારવા હાથ ઊંચો કરે ત્યાં જ મહારાજે જોરથી હાકોટો કર્યો. મહારાજનો હાકોટો સાંભળી બન્ને કાઠીઓ જાણે પથ્થરના પૂતળા જેવા થઈ ગયા. બરછીઓ એમને એમ હાથમાં રહી ગઈ અને શુધબુધ ભૂલી ગયા હોય એમ સ્થિર થઈ મહારાજને જોતા ઊભા રહી ગયા.

એ લોકોને ઊભા રહી ગયેલા જોઈ નાજા જોગિયાએ બળદોને પીઠે થાપા માર્યા અને ડચકારા કર્યા, એટલે માંડ્યા દોડવા. પેલા કાઠીઓ તો ત્યાં ને ત્યાં જ ઊભા રહી ગયા અને મહારાજ આગળ નીકળી ગયા !

રતાંધળા નાજા જોગિયા

ગઢપુર પાસેના માંડવધાર ગામના જેઠો ગોવાળિયો અને મેરામણ ગોવાળિયાએ ગરાસ બાબતની તકરારને લીધે દાદા ખાચર સાથે વેર બાંધેલું. શ્રીજી મહારાજ દાદા ખાચર સાથે રહેતા તેથી એ ગોવાળિયાઓ કંઈ કરી શકતા નહીં, તેથી દાદા ખાચરની સાથે સાથે એ લોકો મહારાજ સાથે પણ વેર રાખતા.

એક દિવસ એ લોકોએ એવી વાત વહેતી મૂકી કે, ‘આજે રાત્રે સ્વામિનારાયણને પકડી લેવા અને દાદા ખાચરનો ગરાસ પડાવી લેવો.’ આ માટે તેમણે આજુબાજુના ગામના ઘણા લોંઠકા માણસોને પણ ભેગા કરી રાખ્યા હતા.

આ વાતની મહારાજને ખબર પડતા મહારાજે સ્વયં હથિયારો બાંધ્યા અને ચાર-પાંચ પાર્ષદોને સાથે લઈ રાત્રે માંડવધાર બાજુ ચાલતા થયા. સાથેના પાર્ષદોમાં ભગુજી અને નાજા જોગિયા પણ હતા.

મહારાજ તથા પાર્ષદો ઘોડે બેસી અંધારી રાતે માંડવધાર બાજુ જઈ રહ્યા છે. રાત્રિનો ગાઢ અંધકાર હોવાથી કશું દેખાતું નથી. બધા ઘોડેસવારો દિશા બાંધી ચાલી રહ્યા છે. થોડીવાર થઈ ત્યાં મહારાજે પાછળ જોયું તો એકાદ ઘોડેસવાર ઓછો હોય તેવું જણાયું, તેથી મહારાજે કહ્યું, “એલા પાળાઓ ! એક અસવાર

કેમ ઓછો દેખાય છે ?''.

મહારાજની વાત સાંભળી ભગુજીએ તપાસ કરી તો જાણવા મળ્યું કે નાજા જોગિયા સાથે નથી. મહારાજે પાર્ષદોને કહી આજુબાજુમાં તપાસ કરાવી, ત્યાં નાજા જોગિયા અવળા રસ્તે જતા દેખાયા. એક પાર્ષદ તેમનો હાથ પકડી મહારાજ પાસે લઈ આવ્યા.

નાજા જોગિયા આવ્યા એટલે મહારાજ કહે, ''એલા નાજા ! નોખો કેમ પડી ગયો હતો ? ક્યારના બધા ગોતે છે, ક્યાંય જવું હોય તો કહીને જવું જોઈએ ને ?''

મહારાજના આકરા શબ્દો સાંભળી નાજા જોગિયા કહે, ''મહારાજ ! હું ક્યાંય ગયો ન હતો, પરંતુ હું રતાંધળો (જેને રાત્રે ન દેખાતું હોય તે) છું. તેથી અંધારામાં મને ઓછું દેખાય છે. તે તમે બધા આ અંધારામાં ક્યાં જાવ છો તે મને દેખાણું નહીં ને માર્ગમાંથી હું નોખો પડી ગયો.''

મહારાજ કહે, ''તું રતાંધળો છો તે પહેલા કહેવાય ને ? તને સાથે તો ન લેત ! અને આપણે અહીં લડવા આવ્યા છીએ એ તને ખબર નહોતી ? આંધળો થઈને હારે હાલ્યો આવ્યો !''

''પણ મહારાજ ! હું રતાંધળો છું એમ કહું તો મારી આબરૂ જાય, માટે મેં આજ દિન સુધી કોઈને આ વાત કહી નહોતી.''

''તે બહુ સારું કર્યું કાં ? લાજ બચાવવા આટલા દિ' કપટ કર્યું તે શું છાનું રહ્યું ? અંતે તો લાજ ગઈ જ ને !'' આમ કહી મહારાજે એ વગડામાં જ એક દૃષ્ટાંત કહ્યું.

મહારાજ કહે, ''લૂંબો નામે એક કાઠી રતાંધળો હતો. એક દિવસ તે ગામતરે ગયો. એના ફઈની દીકરી અને લૂંબાની સાળીના લગ્નનો પ્રસંગ હતો. રાત પડી એટલે લૂંબાને આંખે અંધારા વછૂટ્યા. દેખાતું બંધ થઈ ગયું.

એવા સમયે એના ફઈએ એને વાળુ કરવા બોલાવ્યો. લૂંબો તો ઢોલિયે ચડી બેઠો હતો. વાળુ કરવા કઈ દિશામાં જવું તે કાંઈ દેખાય નહીં. એ ઊભો થ્યો અને બાજુમાં રહેલી ભીંતે હાથ ફેરવતો ફેરવતો રસોડાની વિરુદ્ધ દિશામાં હાલવા માંડ્યો.

ત્યાં એના ફઈની એમના ઉપર નજર ગઈ. લૂંબાને ઊંધી દિશામાં જતો જોઈ

એના ફઈ કહે, "જમાઈરાજ ! આમ ભીંતે હાથ દેતા દેતા કઈ બાજુ ?"

લૂંબો કહે, "ફઈબા ! એતો હમણાં અમારે નવાં મકાન કરવાં છે, તે ભીંતનું માપ લઉં છું. તમે બહુ સારા ઓરડા બાંધ્યા છે, તે અમારેય તમારા જેવા ઓરડા કરાવવા છે."

પછી ઓસરીમાં આવી બેઠો, તે ફઈએ થાળી પીરસી. બાજુમાં પાડી બાંધી હતી. થાળીમાં રોટલો જોઈ પાડીની જીબ લબલબાણી. તે તેણે થાળીમાં મોઢું નાખી રોટલો ઉપાડી લીધો. લૂંબાને તો કાંઈ દેખાતું નહોતું, તેથી તેને આ કાંઈ ખબર રહી નહીં.

આ દૃષ્ય ફઈ જોઈ ગઈ. તેણે લૂંબાને કહ્યું, "જમાઈરાજ ! આ પાડરું તમારી થાળીમાંથી રોટલો ઉપાડી ગયું તે તમે કેમ એને કાઢ્યું નહીં ?"

તે લૂંબો કહે, "એ તો અમારે એવા નિ'મ છે કે પહેલા એક જીવને જમાડવો અને ત્યારબાદ જમવું. તેથી અમે પાડરુંને રોટલો ખાવા દીધો."

એક દંડીકો લૂંબાની પાસે મૂકતા ફઈ બોલ્યા, "લ્યો આ દંડીકો, હવે પાડરું પાંહે આવે તો ફટકારજો." એમ કહી ફઈએ બીજો રોટલો થાળીમાં મૂક્યો અને શાક લેવા રસોડામાં ગયા. શાક લઈને લૂંબાની થાળીમાં પીરસવા ગયા ત્યાં અવાજ આવ્યો, એટલે લૂંબાને એમ કે પાડરું આવ્યું. એણે દંડીકો ઉપાડ્યો અને લોંઠકાઈથી પ્રહાર કર્યો ફઈબાના હાથ ઉપર !

લોંઠકા જમાઈરાજના હાથનો દંડો ખાઈ ફઈબા તો ગોટો વળી ગયા અને રાડ્ય પાડી જે, "લૂંબડાં વાગી રે વાગી !" તે લૂંબાડાને એમ કે ઘરમાં આગ લાગી. તેથી તે માંડ્યો ઠેકડા મારવા અને રાડ્યો પાડવા, "ફઈ ! મને ઘરની બાર કાઢજે, હું રતાંધળો છું."

આમ કહી મહારાજ કહે, "નાજા ! તેં આ લૂંબડાની જેમ કર્યું હોં. લૂંબાની જેમ છેવટે તારી પણ લાજ ન રહી." મહારાજની વાત સાંભળી અંધારી રાતે વગડામાં થોડીવાર હાસ્યનું મોજું ફરી વળ્યું.

પછી નાજા જોગિયા કહે, "મહારાજ ! તમે આ અડધી રાતે કો'કની હારે બાધવા ઉપડ્યા છો તે બરાબર નથી. સવારમાં ક્યાં નથી જવાતું ? અને તેય પાછું જેઠા અને મેરામણ ગોવાળિયા સાથે ! અને પાછા તમે આપણા શૂરવીર પાર્ષદોને સાથે ન લાવ્યા. તે સોમલો ખાચર વગેરેને લઈને નીકળ્યા હોત તો સારું રહેત.

કેમ કે એવા ખબર મળ્યા છે કે એ ગોવાળિયાઓએ ઘણા લોંઠકા માણસોને ભેગા કરી રાખ્યા છે. માટે આજે તો માર ખાવાનું નક્કી.''

નાજાની આ વાતને ભગુજીએ પણ સાથ આપ્યો. તેથી મહારાજ કહે, ''તમે તો સાવ ફોશી રહ્યા, અત્યારે જ પાછા વળો, ને અમારે તો જાવું એ નક્કી.''

એમ કહી મહારાજ તો ચાલવા માંડ્યા. મહારાજને જતા જોઈ બધા પાર્ષદો પણ પાછળ પાછળ ચાલવા માંડ્યા. માંડવધાર આવી સીધા જ્યાં ગોવાળિયાઓ ભેગા થઈ બેઠા હતા ત્યાં ગયા. ઘરનો ઝાંપો ખોલી મહારાજે મ્યાનમાંથી તલવાર બહાર કાઢી અને પડકાર કર્યો, ''ક્યાં ગયા અમને પકડનારા, બહાર નીકળો !''

મહારાજનો પડકારો સાંભળી ઘરમાં બેઠેલા ટોળાને એમ લાગ્યું કે, સ્વામિનારાયણ મોટું સૈન્ય લઈને આવ્યા છે, તે આજે તો આપણી બરાબરની ખબર લેશે. માટે જીવ બચાવી ભાગો અહીંથી. તે બધા માંડ્યા ભાગવા, કોઈ મહારાજને પકડવા ઊભો રહ્યો નહીં.

પછી મહારાજ અને બધા પાર્ષદો પાછા ગઢપુર પધાર્યા.

આ રીતે નાજા જોગિયાએ પોતાનું જીવન ભગવાન અને સત્સંગની સેવામાં સમર્પણ કરી દીધું હતું. તેઓ જ્યાં સુધી આ પૃથ્વી ઉપર રહ્યા, ત્યાં સુધી ખૂબ જ નિષ્ઠાથી પોતાની સેવા નિભાવી હતી.

૧૮ પૂંજા ડોડિયા (પાણવી)

"वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुसु"

"ભગવાન સિવાય બીજી વસ્તુઓમાં પ્રીતિ નહિ તેને વૈરાગ્ય જાણવો." સંપ્રદાયમાં ત્યાગી અને ગૃહી બન્નેએ જીવનમાં વૈરાગ્ય કેળવવો એ શ્રીજી મહારાજનો સિદ્ધાંત છે.

ત્યાગીઓએ શુકદેવ અને જડભરતની પેઠે વર્તવું અને ગૃહસ્થોએ પણ સંસારમાં રહેવા છતાં જનક તથા અંબરીષની પેઠે નિર્લેપ રહી વર્તવું. આ સિદ્ધાંત અનુસાર સ્વામિનારાયણ સંપ્રદાયમાં પર્વતભાઈ, ગોવર્ધનભાઈ, દાદા ખાચર, મયારામ ભટ્ટ આદિ અનેક એકાંતિક ભક્તો ગૃહસ્થાશ્રમમાં સ્ત્રી-પુત્રાદિક સાથે રહી, સંસારનો બધો વ્યવહાર કરવા છતાં જળ-કમળની પેઠે નિર્લેપ બની નિર્વાસનિક સ્થિતિને પામેલા. એમાંના એક વૈરાગ્યનિષ્ઠ ભક્તરાજ હતા પાણવી ગામના ક્ષત્રિય ભક્ત પૂંજા ડોડિયા.

પાડી અંતરમાં આંટી એહ, મળે નાથ કાં તજું આ દેહ

ક્ષત્રિય ભક્ત પૂંજા ડોડિયા પૂર્વ જન્મના બલિષ્ઠ મુમુક્ષુ હતા. બાળપણથી જ તપ-ત્યાગ સાથે કડક વ્રતો પાળી પ્રભુની ભક્તિ કરતા. ઉંમર થતા સંસાર વ્યવહારમાં પણ જોડાયા, પરંતુ કાદવમાં રહેલાં કમળને કાદવ સ્પર્શતો નથી તેમ પૂંજા ડોડિયાને પણ સંસારમાં સાર દેખાયો નહોતો. એમના અંતરમાં તો એક જ ઝંખના હતી, 'પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન કરવાની.'

તેમના અંતરમાં સતત એક જ્વાળા સળગતી રહેતી, ઈચ્છા રહ્યા કરતી, કે આ નાશવંત દેહે પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન કરવા અને જીવન ધન્ય બનાવી લેવું. પોતાનો આ ધ્યેય સાધવા તેઓ રાત્રિ-દિવસ અધિક ને અધિક સાધનામય જીવન વિતાવવા લાગ્યા. ક્યારે મને પ્રભુ મળે અને ક્યારે મારો જન્મારો સફળ થાય, એવી એક આશા સાથે નિરંતર હૃદયમાંથી પોકાર ઊઠતો રહેતો અને આંખમાંથી આંસુઓ પડતાં રહેતાં.

સાધનાના માર્ગે ચાલેલા મુમુક્ષુની કસોટી આકરી હોય છે અને એ કસોટીમાં જો સાધક ધીરજ રાખે, તો અવશ્ય સફળ થાય છે. પરંતુ ધીરજ રાખવી એ ઘણું મુશ્કેલ છે. અહીં પૂંજા ભક્તની પણ એવી જ સ્થિતિ છે. પ્રભુને પામવાના તલસાટે હવે બધી જ ધીરજનો ત્યાગ કરાવી દીધો. પ્રભુદર્શનની આશામાં કેટલાય વર્ષો વીતી ગયા, છતાં પૂંજા ભક્તની ઈચ્છા પૂર્ણ થઈ નહીં.

એટલે છેવટ તેમણે દૃઢ સંકલ્પ કર્યો કે, 'જ્યારે આ દેહથી પ્રભુના પ્રત્યક્ષ દર્શન ન થાય, ત્યારે આવું વ્યર્થ જીવન જીવ્યાનો શો અર્થ ? માટે હવે કોઈ પવિત્ર તીર્થભૂમિમાં જઈને આ દેહનો ત્યાગ કરી દેવો.'

"પાડી અંતરમાં આંટી એહ, મળે નાથ કાં તજું દેહ"

હવે તો કાં પરમાત્માનાં દર્શન કરવાં અને કાં આ દેહનો ત્યાગ કરવો, એવા દૃઢ નિર્ણય સાથે પૂંજાભક્ત ઘરેથી ચાલી નીકળ્યા. ભાવનગરને રસ્તે જતાં સમુદ્રકિનારાનું નાના ગોપનાથ ગામ આવ્યું. થોડો વિશ્રામ લેવા બેઠા. ત્યાં સમુદ્રકિનારે મહાદેવનું મોટું લિંગ જોયું. મહાદેવના દર્શન કરતાં જ મનમાં કોઈ સંકેત થયો તેથી તે એ શિવલિંગ પાસે આવ્યા.

એ સમયે સૂર્ય અસ્તાચળ પામી ચૂક્યો હતો. પૂર્ણિમાનો દિવસ હતો, તેથી ચન્દ્રનું આછું અજવાળું ધરતી ઉપર પથરાઈ ગયું હતું. વાતાવરણમાં નીરવ શાંતિ પ્રસરેલી હતી. ઘણું ચાલવાથી પૂંજાભક્તને શરીરે થાક જેવું વર્તાતું હતું. તેથી તેઓ તે શિવલિંગ પાસે આવીને બેસી ગયા.

થોડીવાર થઈ હશે ત્યાં નજીકમાંથી કોઈ વટેમાર્ગુ નીકળ્યો. તેમણે પૂંજાભક્તને શિવલિંગ પાસે બેઠેલા જોયા. તેમણે પાસે જઈ કહ્યું, "ભાઈ ! એહીંથી દૂર જતા રહો. આજે પૂનમ છે, સમુદ્રમાં વેળ આવવાનો સમય થઈ ગયો છે. થોડીવારમાં સમુદ્રના મોજાં ચારે બાજુ ફરી વળશે અને આ મહાદેવના

લિંગને પણ ઢાંકી દેશે. માટે જીવનું જોખમ છે, દૂર જતા રહો.'' એમ કહી વટેમાર્ગુ નીકળી ગયો.

પેલા વટેમાર્ગુની વાત પૂંજાભક્તે કાને ધરી નહીં. તેમણે વિચાર્યું, ભલે વેળનું પાણી આવે અને મને તાણી જાય. હવે મેં તો મારું જીવન ભગવાન ભરોસે છોડી દીધું છે. માટે જેવી ભગવાનની ઈચ્છા હશે તેમ થાશે. એવા વિચાર સાથે તેઓ તો ત્યાં જ બેઠા રહ્યા.

થોડીવારમાં ઘૂઘવાટા કરતો દરિયો માંડ્યો મોજાં ઉછાળવા. મોટાં પશુઓને પણ તાણી જાય અને પોતાનાં પેટાળમાં સમાવી દે તેવા વિકરાળ મોજાં માંડ્યા આગળ ધપવા. આવા મોટા મોટા મોજાંને જોઈ પૂંજાભક્ત તો પ્રભુ મેળવવાની આશાથી મહાદેવના લિંગને બાથ ભરીને બેસી ગયા. એવામાં એક મોજું એવું જોરદાર આવ્યું કે પૂંજાભક્તને દૂર ફેંકી દીધા.

પૂંજાભક્ત ઊભા થઈ પાછા શિવજીને બાથ ભરી બેસી ગયા. પાછું જોરદાર મોજું આવ્યું ને ફરી પૂંજાભક્ત આઘા ફેંકાઈ ગયા. આમને આમ ચાર-પાંચ વખત બન્યું. તેથી પૂંજાભક્તે વિચાર્યું કે, આવા અગાધ જળના પ્રવાહમાં હું કેમ જીવતો રહ્યો ? મારું મોત કેમ ન થયું ? હવે તો સમુદ્રમાં જ જતું રહેવું અને આ દેહનો ત્યાગ કરી દેવો. આમ વિચાર કરી મોતને ભેટવા પૂંજાભક્ત સમુદ્રના ઊંડા પાણીમાં પડવા માટે આગળ વધ્યા.

ત્યાં દિવ્યવાણી સંભળાઈ, ''અરે ભાઈ ! તું શા માટે અહીંયા વ્યર્થ મરે છે ? ઘરે જા, તને સાક્ષત પ્રગટ પુરુષોત્તમ નારાયણનો મેળાપ થશે.''

આવો અવાજ સંભળાયો એટલે પૂંજાભક્ત ચારે બાજુ જોવા માંડ્યા. કોઈ દેખાણું નહીં તેથી તેમને થયું, 'જરૂર આ મારા મનનો ભ્રમ છે.' એવા વિચાર સાથે ફરી તેઓ સમુદ્ર તરફ દોટ મૂકે છે, ત્યાં પાછી આકાશવાણી સંભળાઈ, ''શા માટે મરે છે ? તને પ્રગટ પ્રભુ મળશે.''

બીજીવાર દિવ્ય અવાજ સાંભળી પૂંજાભક્ત વિસ્મય પામ્યા અને બોલ્યા, ''મને પ્રભુ મળશે ?''

''હા, હા, તને પ્રગટ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મળશે. તને સામે ચાલી એ ભગવાનનો ભેટો કરાવે એવા સાધુઓનો જોગ થશે. માટે તું હવે તારા ઘરે જા.''

દિવ્ય વાણી સાંભળી ભગવાન મેળવવાની જિજ્ઞાસામાં પૂંજાભક્ત પાણવી આવે છે. ગામમાં પ્રવેશ કર્યો ત્યાં ચોરે ચાર સાધુઓનાં દર્શન થયા. એ સંતો હતા ભગવાન શ્રી સ્વામિનારાયણના. સદ્‌ગુરુ કૃપાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અને બીજા બે સંતો ચોરે બેઠા હતા અને થોડા ગામલોકોને વાતો કરતા હતા. પૂંજાભક્ત સંતોને જોઈ આનંદમાં આવી ગયા. એમને આકાશવાણી સત્ય થતી જણાઈ. ક્યારેય ન જોયેલા હોય એવા પ્રભાવશાળી સંતોના દર્શન કરતાં જ એમના અંતરમાં શાતા વળી ગઈ. તેઓ ઝડપથી ચોરે આવ્યા અને બહુ ભાવથી પગે લાગી સંતોને પૂછ્યું, “આપ ચારમાંથી ભગવાન કોણ ?”

કૃપાનંદ સ્વામીએ અમીદૃષ્ટિ કરી કહ્યું, “ભાઈ ! અમે ભગવાન નથી, પણ અમને પ્રગટ ભગવાન મળ્યા છે. અમે પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુ છીએ.”

સંતોની વાત સાંભળતા જ પૂંજાભક્તને દિવ્યવાણીની પ્રતીતિ થઈ. સંતોને કહે, “હવે મને જલ્દી એ પ્રગટ ભગવાનના દર્શન કરાવો !”

કૃપાનંદ સ્વામી કહે, “ભાઈ ! બે-ત્રણ દિવસ અમારી પાસે બેસી સત્સંગ કરો. જ્યારે અમે ગઢડા જશું ત્યારે સાથે લઈ જાશું અને ત્યાં ભગવાનનાં દર્શન કરાવીશું.”

સંતોએ મહારાજના ઐશ્વર્ય પ્રતાપની ઘણી વાતો કરી. સમર્થ સંતોની સમર્થ વાતો સાંભળી પૂંજાભક્તને મનમાં શાંતિ થઈ ગઈ. સંતો પાસે વર્તમાન ધરાવી સત્સંગના નિયમો ધારણ કર્યા અને સત્સંગી થયા.

પછી સંતો સાથે પૂંજાભક્ત ગઢપુર આવ્યા. શ્રીજી મહારાજનાં દર્શન થતાં જ જેને મળવા અનેક વર્ષોનો તલસાટ હતો તે પૂર્ણ થયો. હૃદય ટાઢું થઈ ગયું.

મહારાજમાં અસાધારણ પ્રીતિ

ચકોર નામના પક્ષીનું જીવન ચન્દ્ર છે. એ ક્યારેય ચન્દ્રના દર્શન કરવામાં થાકતું નથી, કંટાળતું નથી, પણ એમાં એને સતત નવીનતાના જ દર્શન થયા કરે છે. જે દિવસે ચન્દ્રદર્શન ન થાય, તે દિવસે એની અકળામણ અપાર હોય છે. એવું જ કંઈક હેત પૂંજા ડોડિયાને શ્રીજી મહારાજ પ્રત્યે હતું. શ્રીજી મહારાજની મૂર્તિમાં પૂંજાભક્તનો પ્રેમ અસાધારણ હતો. કલાકો સુધી શ્રીજી મહારાજની મૂર્તિ નીરખીને દર્શન કરતા, છતાં કદી પણ તૃપ્ત થતા નહિ.

ઘર-સંસાર માંડીને બેઠેલા એટલે સતત મહારાજ સાથે રહેવું યોગ્ય નહોતું. સંસાર-વ્યવહાર કરવા તેઓ દેહથી ઘરે રહ્યા હતા, પણ એમનો જીવ સતત મહારાજની મૂર્તિમાં રહેતો. અને એટલે જ તો એમણે આજુબાજુના ગામોમાં વસતા હરિભક્તોને કહી રાખેલું કે, 'મહારાજ તમારા ગામમાં પધારે તો તરત જ મને જાણ કરજો, જેથી મને પણ મહારાજના દર્શન થઈ શકે.'

પાણવી ગામની નજીકના ગામોમાં શ્રીજી મહારાજ પધાર્યા છે એવા સમાચાર મળે, કે તૂર્ત જ પૂંજાભક્ત ઘરનું ગમે તેવું કામ હોય તે છોડી દઈને દર્શને પહોંચી જતા.

એક વખત મહારાજ કારિયાણી પધાર્યા હતા. વસ્તા ખાચરના દરબારમાં મહારાજે ઉતારો રાખ્યો હતો. પૂંજા ડોડિયાએ વસ્તા ખાચરને પણ કહી રાખેલ કે મહારાજ પધારે તો ખબર આપવા. તેથી વસ્તા ખાચરે ભિક્ષા લેવા પધારેલા ગંગારામ દવેને કહ્યું, "તમે જલ્દીથી પાણવી જઈને પૂંજા ડોડિયાને સમાચાર આપી આવો, કે શ્રીજી મહારાજ કારિયાણી પધાર્યા છે."

વસ્તા ખાચરે આપેલ સંદેશો લઈ ગંગારામ પાણવી આવ્યા. એ વખતે પૂંજા ડોડિયા પોતાનાં ખેતરમાં સાંતી હાંકતા હતા. રસ્તામાં તેમનું ખેતર હતું. ગંગારામે પૂંજાભક્તને જોયા એટલે તેમણે બૂમ મારી કહ્યું, "પૂંજાભક્ત ! મહારાજ કારિયાણી પધાર્યા છે."

ગંગારામે બોલેલા શબ્દ પૂંજાભક્તના કાને પડતાં જ કાંઈ પણ વિચાર્યા વગર બળદિયા સોતું સાંતી ગામ તરફ વળાવી દીધું અને પોતે ઉપડ્યા પોતાના ઈષ્ટના દર્શને કારિયાણી.

હવે બન્યું એવું કે, પૂંજા ડોડિયા પાણવીથી ચાલતા થયા અને આ બાજુ મહારાજ કારિયાણીથી સારંગપુર તરફ ચાલતા થયા. પૂંજાભક્ત કારિયાણી વસ્તા ખાચરના દરબારગઢમાં પહોંચ્યા, પણ મહારાજનાં દર્શન થયાં નહીં, તેથી પૂંજા ભક્તે વસ્તા ખાચરને પૂછ્યું, "બાપુ ! મહારાજ ક્યાં ?"

પૂંજાભક્તને ખોટો ધક્કો ખવડાવ્યો એવું વિચારી વસ્તા ખાચરને ખેદ થયો અને કહ્યું, "માફ કરજો પૂંજાભક્ત ! અચાનક જ મહારાજને જવાનું થયું. હમણાં થોડીવાર પહેલા જ મહારાજ સારંગપુર પધાર્યા."

મહારાજ અહીં નથી, એવી વાત સાંભળતા જ પૂંજાભક્ત તો ભૂખ્યા-તરસ્યા

સારંગપુરને માર્ગે દોટ મૂકી.

વસ્તાખાચર કહે, "અરે.. અરે.. પૂંજા ભક્ત ! કંઈ પાણી-બાણી તો પીતા જાઓ." પણ જેમ નાના વાછરડાને ગાયને મળવાની તાલાવેલી હોય, નાનું બાળક પોતાની માને મળવા ઝંખતું હોય એમ, પૂંજાભક્ત મહારાજને મળવા તત્પર હતા. તેઓને તો મહારાજનાં દર્શન કરી અંતરની પ્યાસ બૂજાવવી હતી અને આંખોની ભૂખ ભાંગવી હતી.

ઉનાળાનો ધગધગતો તાપ હતો. તાપને લીધે મહારાજને શરીરમાં અકળામણ અનુભવાણી, તેથી તેઓ કારિયાણીથી સારંગપુર જતા ગામ સજેલી-વજેલી વચ્ચે એક ખીજડાના ઝાડની છાયામાં ઘોડીની દળી પાથરી કાળઝાળ ગરમીમાં થોડો વિશ્રામ લેવા બેઠા. નાજા જોગિયા સાથે હતા. તેમણે પાણીની ભંભલી આપી. મહારાજે જલપાન કર્યું, પણ તરસ છીપી નહીં.

મહારાજે કહ્યું, "નાજા ! તરસ છીપતી નથી."

નાજો કહે, "મહારાજ ! ત્રણ-ચાર વાર તો મેં જળપાન કરાવ્યું, લો ને હજુ થોડું પીવો." એમ કહી ફરી નાજાએ જલપાન કરાવ્યું.

પાછા મહારાજ બોલ્યા, "નાજા ! પાણી પીને પેટ ભરાઈ ગયું, પણ તરસ છીપતી નથી. માટે આ તરસનું કારણ કંઈક બીજું જ છે." એમ કહી મહારાજ ખીજડા ઉપર ચડ્યા. ઉપર ચડી કારિયાણી તરફના માર્ગે જોયું, તો ધગધગતા તડકામાં ભૂખ્યો ને તરસ્યો પોતાનો પ્રેમી ભક્ત આવી રહ્યો હતો.

શ્રીજી મહારાજ ખીજડેથી નીચે ઊતર્યા. નાજા જોગિયા પાસેથી પાણીની ભંભલી લીધી અને પૂંજાભક્તની સામે ચાલ્યા.

દૂરથી શ્રીજી મહારાજને આવતા જોઈ પૂંજાભક્ત તો ભાન ભૂલીને સામે દોડ્યા. અનંતકોટિ બ્રહ્માંડનો નાથ શ્રીહરિ પણ જેમ તાજી વીંયાએલી ગાય પોતાના વાછરડાને મળવા હેતથી હિંહોરા કરતી દોડે તેમ પોતાના ભક્તને જોઈને દોડ્યા. ભક્ત અને ભગવાન સામસામે આવી ગયા, ભગવાન ભક્તને ભેટી પડ્યા. ભક્ત ભગવાનના ચરણોમાં આળોટવા માંડ્યા અને પ્રેમાશ્રુથી શ્રીહરિનાં ચરણકમળને પખાળી મૂક્યાં.

પછી મહારાજે પૂંજાભક્તને ઊભા કરી પોતાને હાથે ઠંડુ જળ પાયું. ખીજડા પાસે લઈ જઈ છાંયામાં પાસે બેસાડ્યા. પછી મહારાજે નાજા જોગીયાને કહ્યુ,

"નાજા ! હવે અમારી તરસ છીપી."

આ રીતે પૂંજાભક્તને શ્રીહરિમાં અસાધારણ પ્રીતિ અને મહારાજને પોતાના અનન્ય પ્રેમી ભક્તમાં એકાત્મપણું આ બન્ને ગુણોનાં દર્શન થાય છે.

પ્રભુ બિન રહ્યો ન જાય

પૂંજાભક્ત પ્રેમી અને સેવાભાવી હતા. સેવા એમની રગેરગમાં વણાઈ ગઈ હતી. અવારનવાર મહારાજ બિરાજમાન હોય ત્યાં પહોંચી જાય અને નાની નાની સેવાઓમાં જોડાઈ જાય. મહારાજની દેખરેખમાં ગઢપુરનાં મંદિરનું કામકાજ ચાલતું, ત્યારે સહુ સંતો તથા ભક્તો સાથે પૂંજાભક્તે ખૂબ સેવાઓ કરેલી.

સેવાની સાથે સાથે તેઓ અન્ય લોકોને સત્સંગ પણ કરાવતા. મહારાજનો મહિમા કહી સત્સંગી કરતા. પોતાના જમાઈ જસા કરીને હતા તેમને સત્સંગ કરાવી સંસારનું અસારપણું સમજાવી સાધુ કરી દીધેલા, તેમજ તેમની દીકરીને પણ વૈરાગ્યની વાતો કરી સાંખ્યયોગી બનાવી દીધેલી.

સેવા-સમાગમની સાથે સાથે પૂંજાભક્ત વધારે સમય દર્શન, પૂજન, ધ્યાન, સ્મરણ-ચિંતન વગેરે ક્રિયામાં તલ્લીન રહેતા. જ્યારથી સત્સંગ થયો ત્યારથી દરેક એકાદશીએ પાણવીથી ગઢડા મહારાજનાં દર્શને જવું એવું દૃઢ નિયમ હતું. ગઢડા આવતા ત્યારે શ્રીજી મહારાજની માણકી ઘોડી માટે ઊંચી જાતના લીલાં ઘાસની સૂકવણી કરી સાથે લાવતા.

વિ.સં. ૧૮૮૬ના જેઠ માસની દસમના રોજ પૂંજા ડોડિયા માણકી માટેનું ઘાસ લઈ સાંજના સમયે પાણવી ગામથી ગઢડે જવા નીકળ્યા. મનમાં વિચાર તો ચાલતો હતો કે કાલે એકાદશીના ઉત્સવના દર્શન થશે, મહારાજના દર્શન થશે, સંતોના-ભક્તોનાં દર્શન થશે. આવા વિચારો સાથે મહારાજની લીલાઓને સંભારતા સંભારતા ચાલ્યા જાય છે. ગામ બહાર નીકળી થોડે દૂર પહોંચ્યા હશે ત્યાં બે પાળા સાથે ભગુજી કામકાજ અર્થે કોઈ ગામ જતા હતા, તે ઊંટ લઈને સામે મળ્યા.

મહારાજના પાર્ષદોને જોઈ પૂંજા ડોડીયાએ 'જય સ્વામિનારાયણ' કર્યા. ભગુજીએ સામે 'જય સ્વામિનારાયણ' કહ્યા. પરંતુ આ શબ્દોમાં ખરો રણકો ન સંભળાતા તથા પાર્ષદોનું મોઢું પડી ગયેલું જોઈ પૂંજા ડોડિયાએ ભગુજીને પૂછ્યું, "કેમ ભગુજી ! આજે ઉદાસ કેમ લાગો છો ?"

ભગુજી દબાતા હૃદયે બોલ્યા, “પૂંજાભાઈ ! આ મોંઢે તમને કેમ વાત કરું કે આપણો પ્રાણ, આપણો શ્વાસ, જે કહો તે, એવા શ્રીજી મહારાજ આજ આપણને આમ રેઢા મૂકી સ્વધામ પધાર્યા.”

ભગુજીના શબ્દો કાને પડતા જ પૂંજાભક્ત મૂર્છિત થઈ પૃથ્વી ઉપર ઢળી પડ્યા અને શરીર શ્યામ થઈ ગયું. ભગુજીએ અને સાથેના પાર્ષદે શરીર ઉપર પાણી છાંટ્યું, થોડીવાર પછી શુદ્ધિમાં આવ્યા. પાર્ષદો તો તરત નીકળી ગયા.

થોડીવાર પછી શરીરે કળ વળતા પૂંજા ડોડિયા મહારાજના વિરહમાં ને વિરહમાં ગઢપુર તરફ ચાલવા લાગ્યા. ઘરેથી નીકળતા અંગઅંગમાં જે ઉત્સાહ ભર્યો હતો, તે ઓસરી ગયો. શરીર જાણે મડદા જેવું થઈ ગયું. એક એક ડગલું ગાઉં જેટલું અઘરું લાગવા લાગ્યું. માંડ માંડ ગઢપુર પહોંચાણું.

દાદાના દરબારગઢમાં આવ્યા. ગોપાળાનંદ સ્વામી આદિ સંતોના ખોળામાં માથું મૂકી ખૂબ રડ્યા. સંતોએ આશ્વાસન આપ્યું, પરંતુ પૂંજા ભક્તે અન્નજળનો ત્યાગ કરી દીધો. ગોપાળાનંદ સ્વામી કહે, “પૂંજાભક્ત ! તમે અન્નજળ ન લો એ ઠીક ન કહેવાય. મહારાજે સહુને પોતાના સમ આપી કહ્યું છે કે અમારી પાછળ જે અન્ન-જળનો ત્યાગ કરી અથવા કોઈ પણ રીતે શરીર છોડી દેશે એને અમારા ધામમાં નહીં પેસવા દઈએ, માટે તમે થોડું જમી લો.”

ગોપાળાનંદ સ્વામીની વાત સાંભળી પૂંજાભક્ત કહે, “સ્વામી ! હું કાંઈ જાણીજોઈને અન્નજળ જમતો નથી એવું નથી, પરંતુ હવે મને આ લોકનું કોઈ પણ પદાર્થ દીઠુંય નથી ગમતું. અન્નજળ ગળે જ ઊતરતું નથી. તો તમે જ કહો હું શું કરું ?”

ગોપાળાનંદ સ્વામી ઘણું સમજાવે, અન્નના કોળિયા મોંઢામાં મૂકે, પણ પૂંજાભક્તનું ગળું જ બંધ થઈ ગયું છે તે કેમેય કરીને એક કોળિયો પણ હેઠો ઊતરતો નથી. આ રીતે પૂંજા ભક્તનના હૃદયમાં આ લોકનો તદ્દન અભાવ થઈ ગયો ને મહારાજના તેરમા સુધી સેવા કરી, તેરમાના દિવસે જ અક્ષરધામમાં ગયા.

“પ્રભુ બિન એક ઘડી પણ રહ્યો ન જાય”

ભગવાન સાથે એકાત્મપણાને પામેલા આવા ભક્તરત્ન હતા પૂંજા ડોડિયા.

૧૯ નાથભક્ત (વડોદરા)

સંતોષ રૂપી અમૃતનું પાન કરી તૃપ્ત થયેલા, શાંત ચિત્તને પામેલા મનુષ્યોને જે સુખ હોય છે એ સુખ ભટકતા, દોડતા અને સંસારમાં આસક્ત બનેલા લોકોને હોતું નથી. ગામ-ગિરાસ, ધન, સંપત્તિ કદાચ ગમે તેટલી હોય, પણ તે જીવનના પોષણ માટે કેટલી જરૂરી ? બહુ જ ઓછી. છતાં પણ એ વિચાર કર્યા વિના આજનો માનવી અતૃપ્ત મનથી ચોતરફ દોડ્યા કરે છે.

અસંતોષથી ભરેલા મનુષ્યને અઢળક સંપત્તિ પ્રાપ્ત થઈ હોય તો પણ માનસિક દરિદ્રતા દૂર થતી નથી અને હાયવોય કરતો ભટકતો જીવ જીવન પસાર કરતો હોય છે, ત્યારે સંતોષી માણસો ઘણી ઓછી સગવડે પણ ખૂબ સુખપૂર્વક જીવન જીવી શકે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં જેને કંઈ પણ ન જોઈએ એવા પરમ-સંતોષી અનેક ભક્તો થઈ ગયા. એમાંના એક પરમ સંતોષી આદર્શ ભક્ત હતા વડોદરાના નાથભક્ત.

નાથભક્ત યોગીરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીનો યોગ થતા સત્સંગી થયા હતા. પોતે પાટીદાર હોવા છતાં જીવનનિર્વાહ કાજે કપડાં વણવાનો ધંધો કરતા. વડોદરામાં વાડી વિસ્તારમાં હાલમાં જ્યાં શિખરબંધ મંદિર છે, તેની બાજુમાં જ નાનું એવું પોતાનું ઘર હતું.

નાથભક્ત શ્રેષ્ઠ ને કુશળ કારીગર ગણાતા. જે કપડું બહુ ઉત્તમ બને તે શ્રીજી મહારાજને ભેટ ધરી દેતા.

કોઈ ગ્રાહકનું કપડું ઉત્તમ પ્રકારનું બન્યું હોય તો તેને કહેતા, જો તમે આ કપડું શ્રીજી મહારાજને અર્પણ કરો, તો હું તમારી મજૂરી પણ નહીં લઉં. આમ પોતે સેવા કરી, બીજા પાસે પણ સેવા કરાવતા.

કાપડ વણાટના વેપારમાંથી પોતે જે કાંઈ કમાતા તેમાંથી અરધા પૈસા સંતો અને શ્રીહરિને અર્થે વાપરી નાખતા અને બાકીનામાંથી સંતોષપૂર્વક કરકસર કરી કુટુંબનો વ્યવહાર ચલાવતા. આવું અત્યંત ઉદારતાવાળું અંગ હતું નાથ ભક્તનું.

શ્રદ્ધાએ નિષ્ઠાને પકડી પાડી

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતોના સમાગમે કરીને નાથભક્ત ઉત્તમ ભક્તપણાને પામ્યા હતા. એમની શ્રીજી મહારાજ પ્રત્યેની નિષ્ઠા, શ્રદ્ધા, વિશ્વાસ, મહાત્મ્ય, પ્રેમ અને નિશ્ચય અપૂર્વ અને અડગ હતા.

એક વખતની વાત છે. નાથ ભક્ત વડોદરાથી શ્રીજી મહારાજનાં દર્શન કરવા ગઢડા આવ્યા હતા. દાદા ખાચરના દરબારગઢમાં મહારાજના દર્શન, સેવા ને સમાગમનું સુખ લીધું. થોડા દિવસ પછી નાથભક્તે શ્રીજી મહારાજની આજ્ઞા માગી ઘરે જવા વિચાર કર્યો.

સાંજનો સમય છે. મહારાજ લીંબવૃક્ષ નીચે બિરાજમાન છે. સામે સંતો તથા હરિભક્તો મહારાજનાં દર્શન કરી રહ્યા છે. ગવૈયા સંતો ગાવણું કરી રહ્યા છે. એવા સમયે નાથભક્ત મહારાજ પાસે આવ્યા અને ઘરે જવાની આજ્ઞા માગી. મહારાજે સુખેથી ઘરે જવાનું કહ્યું, તેથી નાથભક્ત મહારાજને તથા સભાને દંડવત્ પ્રણામ કરી ચાલતા થયા.

નાથભક્ત દરબારગઢમાંથી નીકળ્યાને હજી થોડીવાર થઈ, ત્યાં મહારાજે એક વૃદ્ધ હરિભક્ત સભામાં બેઠા હતા તેને પાસે બોલાવ્યા અને કહ્યું, "ભક્તરાજ ! તમે જલ્દી વડોદરાને માર્ગે જાવ અને નાથ ભક્તને પાછા બોલાવી લાવો."

પેલા વૃદ્ધ ભક્તનું શરીર અશક્ત હતું. શરીર ચાલવા સહાય ન કરતું હોવા હોવા છતાં મહારાજની આજ્ઞા થતા, "જેવી આજ્ઞા મહારાજ" કહી, પ્રણામ કરી

ચાલવા લાગ્યા. ત્યાં ફરી મહારાજ કહે, "પણ જો જો હોં ! નાથભક્તને બોલાવીને જ પાછા આવજો."

મહારાજનો અવાજ સાંભળી પેલા ભક્તે પાછા વળી "સારું મહારાજ !" કહ્યું અને રસ્તે ચાલતા થયા. દરબારગઢની ડેલીની બહાર નીકળ્યા અને જોયું તો નાથભક્ત ઘણા દૂર નીકળી ગયા હતા. આ વૃદ્ધ ભક્ત લાકડીના ટેકે ધીમે ધીમે નાથભક્તની પાછળ ચાલવા લાગ્યા.

નાથભક્તનું સ્વસ્થ શરીર અને આ ભક્ત તો વૃદ્ધ અને પાછા ચાલવામાં ધીમા તે કેમ કરીને નાથભક્તને પહોંચી શકે ? જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ બન્ને વચ્ચે અંતર પણ વધતું ગયું. પેલા વૃદ્ધ ભક્ત આખી રાત્રિ વડોદરાને માર્ગે ચાલ્યા, પણ નાથભક્તને પહોંચી ન શક્યા.

આમને આમ ચાલતા ચાલતા સવાર થયું. સૂર્યનારાયણના આછાં આછાં કિરણો ધરતી ઉપર પથરાવા લાગ્યા. મોં સૂઝણું થઈ ગયું, તો પણ નાથભક્તને મળી ન શકાયું. પેલા વૃદ્ધ ભક્ત વડોદરાને પાદરે વિશ્વામિત્રી નદીને કિનારે આવી પહોંચ્યા. થોડીવાર થાક ખાવા નદીના પટમાં બેઠા, ત્યાં પોતાના કાને કીર્તનો સંભળાણા. વૃદ્ધ ભક્તે નદીના પટમાં નજર દોડાવી તો ત્યાં તેમને નાથભક્ત નાહી-ધોઈ પૂજા કરતા હતા તે દેખાણા.

વૃદ્ધ ભક્ત નાથભક્ત પાસે ગયા અને જય સ્વામિનારાયણ કહ્યા.

વૃદ્ધ ભક્તને જોઈ નાથભક્ત બોલ્યા, "અરે ભક્તરાજ ! તમે અહીં ?"

"હા નાથભક્ત ! તમને મહારાજે પાછા બોલાવ્યા છે."

એ ભક્તની વાત સાંભળી આજ્ઞાપાલક નાથભક્ત પોતાનું ઘર નજીક હોવા છતાં ન તો ઘરે ગયા કે ન કોઈ સંદેશો મોકલ્યો. પૂજા પૂરી કરી તૂર્ત જ નદીના પટમાંથી જ પાછા વળી ગયા. સાંજ પડતા ગઢડા પહોંચ્યા. આમ સતત ચોવીસ કલાકનો ચાલીને પ્રવાસ કરી બન્ને ભક્તો પાછા ગઢડા આવ્યા. મહારાજ સંતો-ભક્તોને કથાવાર્તા કરી રહ્યા હતા. એ સમયે આ બન્ને ભક્તો મહારાજ પાસે આવ્યા અને દર્શન કર્યા. દર્શન કરી નાથભક્તે પૂછ્યું, "મહારાજ ! આ દાસને શું યાદ કર્યો ? શી આજ્ઞા છે પ્રભુ ?"

મહારાજ કહે, "નાથભક્ત ! તમે ક્યાંથી પાછા વળ્યા ?"

"મહારાજ ! વિશ્વામિત્રીના કિનારે પૂજા કરતો હતો, ત્યાં આ ભક્તની

મુલાકાત થઈ. એમણે આપનો સંદોશો જણાવ્યો એટલે ત્યાંથી જ પાછો વળ્યો.''

અંતર્યામી પ્રભુ તો બધું જાણતા હતા, છતાં બીજા મુમુક્ષુઓને પ્રેરણા મળે એ માટે પૂછ્યું, ''તો પછી તમે ઘેર ન ગયા ?''

નાથભક્ત કહે, ''ના મહારાજ !''

મહારાજ કહે, ''તો પછી કોઈ સાથે ઘરે સંદેશો કહેવરાવ્યો કે નહિ ?''

''ના મહારાજ ! મારા મનમાં એમ થયું કે ભગવાન બોલાવે છે તેમાં વચ્ચે બીજા ગોટા શા માટે વાળવા અને ખોટી થવું ! તેથી તૂર્ત જ ત્યાંથી પાછો વળી આપની પાસે આવ્યો છું.''

પછી બોલાવવા જનાર હરિભક્તને મહારાજે પૂછ્યું, ''તમે નાથભક્તને બોલાવવા ઠેઠ વડોદરા પહોંચ્યા, માર્ગમાંથી પાછા કેમ ન વળી ગયા ?''

ભક્ત કહે ''મહારાજ ! આખી જિંદગી દેહ ને દેહના સંબંધી માટે રાત-દિવસ ધોડા કરીએ જ છીએ, ત્યારે આ તો ભગવાનને અર્થે છે, માટે અમારી આ પગપાળાની યાત્રા લેખે છે. અને વળી આપની આજ્ઞા હતી કે 'નાથ ભક્તને બોલાવીને જ પાછા આવજો' જેથી એ શ્રદ્ધાને બળે ત્યાં સુધી પહોંચી ગયો.''

શ્રીજી મહારાજ બન્નો ભક્તો ઉપર અત્યંત રાજી થઈને બોલ્યા, ''નાથભક્તની ખરી નિષ્ઠાને આ વૃદ્ધ હરિભક્તની શ્રદ્ધાએ પકડી પાડી. ધન્ય છે નાથ ભક્તની નિષ્ઠાને અને ધન્ય છે હરિભક્તની શ્રદ્ધાને.''

અને એટલે જ તો ગ.મ.૫૯મા વચનામૃતમાં નિશ્ચયમાં ડગમગાટ ન થાય તેવા હરિભક્તોના નામનો ઉલ્લેખ કર્યો છે તેમાં નાથભક્તની પ્રથમ ગણના કરવામાં આવી છે.

પ્રભુદાસને નિષ્ઠાવાન બનાવ્યા

પરાત્પર પુરુષોત્તમ નારાયણ તથા યોગીરાજ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે સર્વ સંતોની તન, મન ને ધનથી સેવા કરી નાથભક્તે અંતરના આશીર્વાદ મેળવ્યા હતા અને તેઓના પ્રીતિપાત્ર થયા હતા.

એ જ આશીર્વાદ અને રાજીપાનાં ફળસ્વરૂપે નાથભક્ત પોતાને શ્રીજી મહારાજનો જેવો નિશ્ચય, નિષ્ઠા ને મહાત્મ્ય હતા તેવા જ પોતાના સહવાસમાં આવનાર મુમુક્ષુઓને પણ કરાવતા. કુસંગીના સંગના કારણે કોઈ મુમુક્ષુને

મહારાજની નિષ્ઠામાં ફરક પડતો દેખતા, ત્યારે નાથભક્ત મહારાજના ઐશ્વર્યની વાતો કરી ફરી નિષ્ઠા જગાડી દૃઢ અને શૂરવીર સત્સંગી બનાવતા.

વડોદરાના પ્રભુદાસ નામે એક પાટીદાર નાથભક્તના યોગમાં આવતા સત્સંગી થયા હતા. તેમનો સોળ વર્ષનો એક દીકરો હતો. તે લાંબી માંદગી બાદ મૃત્યુ પામ્યો.

તેમના અંત સમયે શ્રીજી મહારાજ સંતમંડળ તથા પાર્ષદો સહિત દિવ્ય અને અલૌકિક સ્વરૂપે પ્રભુદાસના ઘરે પધાર્યા. આકાશ વિમાનોથી છવાઈ ગયું. ક્યારેય ન દીઠા હોય તથા વર્ણન પણ ન સાંભળ્યું હોય, એવાં એવાં દિવ્ય વિમાનો તથા દિવ્ય પુરુષોથી પ્રભુદાસના ઘરનું ફળિયું તથા આકાશ છવાઈ ગયું. શ્રીજી મહારાજ પ્રભુદાસના ઘરમાં પધાર્યા અને એમના પુત્રનો દેહત્યાગ કરાવ્યો. તેમના આત્માને દિવ્ય દેહ ધારણ કરાવ્યો અને પોતાના ધોળા હાથીઓથી જોડેલા રથમાં બેસારી ધામમાં તેડી ગયા.

આ દિવ્ય ઘટનાના દર્શન પ્રભુદાસ, તેમના સગાં-સંબંધીઓ તથા આખી પોળના માણસોને પણ થયા. તે જોઈ બધા વિસ્મય પામી ગયા. ધૂન, ભજન કરતા કરતા છોકરાના દેહને અગ્નિસંસ્કાર માટે સ્મશાન લઈ ગયા. સહુ શ્રીજીના આ અલૌકિક આશ્ચર્યને જોઈ આનંદિત હતા. કોઈના ચહેરા ઉપર શોક દેખાતો ન હતો. પ્રભુદાસ તો પોતાની જાતને ધન્ય માનતા પુત્રની અંતિમ ક્રિયા કરી રહ્યા હતા.

મરણ સમયે આનંદનું વાતાવરણ જોઈ જે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સત્સંગના દ્વેષી હતા, તેમના પેટમાં તેલ રેડાણું. તેઓ સહુ એકઠા થયા. પ્રભુદાસ પાસે આવ્યા અને પોતાના પેટમાં રહેલાં ઝેરનું વમન કર્યું. ભેગા થયેલા દ્વેષ બુદ્ધિવાળા લોકો પ્રભુદાસને કહેવા લાગ્યા, “પ્રભુદાસ ! તમને સત્સંગ સદ્યો નહીં. જૂઓને, તમે સ્વામિનારાયણના સત્સંગી થયા અને તેમની કંઠી બાંધી તો તમારો જુવાન દીકરો મરી ગયો. અને હા, એ સ્વામિનારાયણ તથા એના સાધુઓ કામણગારા છે. જે એનો સંગ કરે છે એને ગાંડા કરી મેલે છે, એમનું ધન હરી લે છે, એમના સગાંઓને મારી નાખે છે. માટે હવે બીજું કાંઈ વિઘ્ન આવે એ પહેલા કંઠી તોડી નાખો અને મેલી દ્યો એનો આશરો.”

કુસંગીના આવા શબ્દોએ પ્રભુદાસના મનને ડખોળ્યું. મનમાં વંટોળિયો

ઉપડ્યો. શું કરવું અને શું ન કરવું એ કાંઇ સૂઝ્યું નહીં. સત્સંગના બળ સામે કુસંગનું બળ વધતું જણાયું અને છેવટે પ્રભુદાસે કુસંગીઓના કહેવાથી કંઠી તોડી ચિત્તામાં ફેંકી દીધી.

પછી તો કુસંગીઓના કહેવા પ્રમાણે છોકરાના જીવની સારી ગત્ય માટે ગયાજી જઈને શ્રાદ્ધ કર્યું, વિવિધ પ્રકારની વિધિઓ કરાવી, બ્રાહ્મણોને જમાડ્યા, દાન કર્યાં. આમ ઘણું દ્રવ્ય વાપર્યું પણ દીકરો કોઈને ખોળીએ આવી બોલ્યો નહીં તેથી પ્રભુદાસને ચિંતા થવા લાગી. વિયોગ સતાવવા લાગ્યો. આખો દિવસ પ્રભુદાસ ઉદાસ રહે છે. નથી કોઈ સાથે બોલતા કે ચાલતા, નથી કોઈ વ્યવહારિક કામકાજ કરતા.

પ્રભુદાસનું આ દુઃખ નાથભક્તથી જોવાણું નહીં. એક દિવસ નાથભક્ત પ્રભુદાસના ઘરે આવી એમને સમજાવે છે. ‘‘પ્રભુદાસ ! જે જન્મે છે તે જરૂર મૃત્યુ પામે છે. વહેલા કે મોડા બધાએ જવાનું જરૂર છે. તમારા દીકરાની આવરદા પૂરી થતા તેને ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાનાં ધામમાં તેડી ગયા, એ તમે તમારી નજરે નિહાળ્યું છે. તો પછી શા માટે શોક કરી દુઃખી થાઓ છો ? ચાલો આપણે ગઢડા જઈ મહારાજનાં દર્શન કરી આવીએ.’’

નાથભક્તની વાતથી પ્રભુદાસને થોડી કળ વળી. તેમણે નાથભક્તને કહ્યું, ‘‘નાથભક્ત ! હું તમારી સાથે ગઢડા આવું, તો શ્રીજી મહારાજ મારા દીકરાને દેખાડશે ?’’

નાથભક્ત શ્રદ્ધાથી બોલ્યા, ‘‘હા..હા.. પ્રભુદાસ ! મહારાજ તો ખૂબ દયાળુ છે. એ તમારું દુઃખ જરૂર દૂર કરશે અને તમારા પુત્રને પણ દેખાડશે.’’

નાથભક્તની વાત સાંભળી પ્રભુદાસ ગઢડા આવ્યા. દાદા ખાચરના દરબારમાં લીંબવૃક્ષ નીચે શ્રીજી મહારાજ સભામાં વિરાજમાન છે. નાથભક્ત તથા પ્રભુદાસ મહારાજનાં દર્શન કરી સભામાં બેઠા.

મહારાજ વડોદરાના આ ભક્તોને જોઈ બોલ્યા, ‘‘આવો નાથભક્ત ! પ્રભુદાસ પણ સાથે આવ્યા લાગે છે ?’’

‘‘હા મહારાજ ! હમણાં ઘણા સમયથી તમારાં દર્શન નહોતા થયા, તેથી આપના દર્શને આવ્યા છીએ.’’ નાથભક્તે બે હાથ જોડી કહ્યું.

અંતર્યામી પ્રભુજી ભક્તના સંશયને પારખી પૂછ્યું, ‘‘પ્રભુદાસ ! અમે

સાંભળ્યું છે કે તમારો દીકરો દેહ છોડી ગયો છે. તે બહુ ખોટું થયું.''

મહારાજની મર્મભરી વાત સાંભળી પ્રભુદાસ આકળા થઈ વચ્ચે જ બોલી ઊઠ્યા, ''મહારાજ ! મારા દીકરાને તો તમે જ લઈ ગયા છો. વડોદરા શહેરમાં બીજા માણસોની ક્યાં ખોટ હતી, તે મારા દીકરાને જ... ?''

મહારાજ કહે, ''કોણે કહ્યું કે તમારા દીકરાને અમે લઈ ગયા છીએ ?''

પ્રભુદાસ કહે, ''હા, આ નાથભક્ત અને આખો મહોલ્લો સાક્ષી છે. ધોળા હાથીના રથમાં બેસારી તમે જ મારા દીકરાને તેડી ગયા છો, ને પાછા કહો છો અમને ખબર નથી ? મેં તો સત્સંગ છોડી દીધો છે.''

મહારાજ મરક-મરક હસીને બોલ્યા, ''પ્રભુદાસ ! તો પછી અહીં કેમ આવ્યા ?''

''મારે તો નહોતું આવવું, પણ આ નાથભક્ત બહુ ભલા માણસ છે, તેથી તેમના આગ્રહને માન આપી આવ્યા છીએ. એમણે અમારી સાથે ઠરાવ કર્યો છે તેથી અમે પતિ-પત્નીને અહીં આવ્યા છીએ.''

મહારાજ કહે, ''નાથભક્ત ! એવો તે કેવો ઠરાવ લઈને આવ્યા છો ?''

નાથભક્ત હાથ જોડી કહે, ''મહારાજ ! પ્રભુદાસની ઈચ્છા તેમના દીકરાને જોવાની છે. તેઓ દીકરાના વિરહમાં અતિ ઉદાસ થઈ ગયા છે, પ્રભુ ! કૃપા કરો.''

મહારાજ હસીને કહે, ''એમ ! તો શું પ્રભુદાસ તમારે તમારા દીકરાને જોવો છે ?'' પ્રભુદાસ જિજ્ઞાસાથી બોલ્યા, ''હા ! અમને એક વખત દેખાડો, તો જ અમને શાંતિ થશે.''

પછી મહારાજે હળવદના શાસ્ત્રી લક્ષ્મીરામ દેરાસરીને બોલાવી કહ્યું કે, ''શાસ્ત્રીજી ! તમે પ્રભુદાસને ને એમના ધર્મપત્નીને બન્નેને ઘેલા નદીમાં લઈ જાઓ. એમનો દીકરો હમણાં જ મૃત્યુ પામ્યો છે, તેથી તેમનું શ્રાદ્ધ તથા તર્પણ કરાવો.''

મહારાજની આજ્ઞા પ્રમાણે લક્ષ્મીરામ શાસ્ત્રીએ પ્રભુદાસ પાસે ઘેલામાં ખળખળિયા પાસે શ્રાદ્ધ કરાવ્યું. જ્યારે પ્રભુદાસે પીંડદાન અર્પણ કર્યું ત્યારે તેમના દીકરાએ ઘેલાના નીરમાં પ્રત્યક્ષ આવી પોતાના હાથે પીંડદાન લીધું.

ઘણા સમય પછી પોતાના દીકરાને જોતા પ્રભુદાસ અને એમના પત્ની બેબાકળા થઈ ગયા. દોડીને બન્ને જણ દીકરાને વળગી પડ્યા એને વ્હાલ વરસાવવા માંડ્યા.

આ દૃશ્ય જોઈ લક્ષ્મીરામ શાસ્ત્રી કહે, “અરે છોડી દો. હવે એ તમારી સાથે વાત નહિ કરે.” પરંતુ હેતના વહેણમાં બન્ને જણાને શાસ્ત્રીજીની વાત સંભળાણી નહીં. તેઓ તો જીદ કરીને વળગી જ રહ્યા. થોડીવાર થઈ, ત્યાં દીકરો પાછો અદૃશ્ય થઈ ગયો એટલે બન્ને પતિ-પત્ની નિરાશ થઈ મહારાજ પાસે આવી ઉદાસ થકા ઊભા રહ્યા.

મહારાજ કહે, “કેમ પ્રભુદાસ ! તમારા દીકરાને જોયો ?”

પ્રભુદાસ કહે, “મહારાજ ! દીકરાને જોયો તો ખરો, પણ બોલ્યો નહીં. માટે એ ફરી આવીને અમારી સાથે વાત કરે તો જ અમને મનાય કે....”

મહારાજ કહે, “સારુ, આજે તમે બન્ને પતિ-પત્ની રાત્રિએ વાસુદેવનારાયણના ઓરડામાં બેસજો. ત્યાં તમારો દીકરો આવીને તમારી સાથે વાત કરશે.”

પછી મહારાજના કહ્યા પ્રમાણે બન્ને પતિ-પત્ની ઓરડામાં બેઠા. થોડવાર થઈ, ત્યાં શ્રીજી મહારાજની ઈચ્છા અને કૃપાથી છોકરો દિવ્ય દેહે દેખાણો. દીકરાને જોઈ બન્ને જણ વાત કરવા અધીરા થઈ ગયા ને સર્વ સમાચાર પૂછવા લાગ્યા.

બન્ને જણાને નજીક આવતા જોઈ છોકરો બોલ્યો, “ત્યાં જ દૂર ઊભા રહેજ્યો. તમે મારા કોણ ? અને હું તમારો કોણ ? ઠાલા કારણ વગરના હાયવોય શું કરો છો ? હું તમારા ઘરે જનમ્યો એ પહેલા હું ક્યાં તમારો દીકરો હતો ? આ જીવાત્મા અનેક યોનિમાં અનંતવાર જન્મ લે છે અને મરે છે. કેટલીય વાર તમે મારા દીકરા થયા છો અને હું તમારો દીકરો થયો છું, એ સંબંધો ક્યાં અત્યારે યાદ છે ? ત્યારે આ વખતે હું તમારો દીકરો થયો હતો, તેમાં તમે માગી લાવેલા ઘરેણાને પોતાના માની દુઃખી શા માટે થાઓ છો ?

સત્સંગ થયો અને શ્રીજી મહારાજની ઓળખાણ થઈ એ આપણા અહોભાગ્ય છે એમ સમજો. પૂર્વે ઋષિમુનિઓ હજારો વર્ષ તપ કરતા તો પણ ભગવાનનાં દર્શન પણ થતા નહીં ને આજે કેવળ શ્રીજીની ઓળખાણ માત્રથી અલૌકિક સુખના ભોક્તા બનાવી દે છે અને જીવને પોતાના ધામમાં તેડી જાય છે. આ કંઈ સાધારણ વાત છે ?

હવે જૂઓ ! તમને મારામાં ખરેખર હેત હોય, તો તમો પણ દૃઢતાપૂર્વક શ્રીહરિનો આશ્રય કરો અને તેમની ભક્તિ કરી અક્ષરધામના અધિકારી બનો.

ત્યાં આપણે અખંડ અવિનાશી સુખ સાથે રહી કાયમ ભોગવીશું. માટે હવે શોક છોડી શિરસાટે સત્સંગ કરજો.'' એમ કહી છોકરો અદશ્ય થઈ ગયો.

બન્ને પતિ-પત્ની પોતાના દીકરાની વાત સાંભળી સંતોષ પામ્યા. શ્રીજી મહારાજ પાસે જઈ ફરી કંઠી બાંધી આશ્રિત થયા.

આ રીતે નાથભક્તના સત્સંગે કરીને પ્રભુદાસ પ્રભુમાં અનન્ય નિષ્ઠાવાન બન્યા.

થોડા સમય પછી પ્રભુદાસના પત્ની મરણ પામ્યા. એમના અગ્નિસંસકાર વખતે ફરી પેલા કુંસંગીઓ આવ્યા અને પ્રભુદાસના મનને ડોળવા લાગ્યા કે, ''જોયું ! અમે નહોતા કે'તા કે તમને આ સત્સંગ સદ્યો નથી. થોડા જ સમયમાં તમારી ઘરવાળી પણ મરી ગઈ. માટે આ કંઠી ભારે વહમી છે, તોડી નાખો એને !''

કુસંગીઓની વાત સાંભળી પ્રભુદાસના મનમાં કોઈ અસર ન થઈ. તેમણે કહ્યું, ''જૂઓ ! હું સ્વામિનારાયણનો પાકો સત્સંગી છું. આ વખતે તમે ગમે તેટલા પ્રયત્નો કરશો, તો પણ મને કોઈ અસર નહીં થાય. અને તમે લોકો પણ સાંભળી લ્યો, શું આ વડોદરા શહેરમાં મારા એકના જ દીકરો અને પત્ની મર્યા છે ? બીજા કોઈના મરતા જ નથી ? અને જેના મરે છે એ શું બધા સ્વામિનારાયણના આશ્રિત છે ? એ તો જેનો જે સમય હોય, એ સમય પૂરો કરી એક દિવસ તો મરવું જ પડે. માટે હવેથી મને મારા ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે કશું કહેશો નહીં.''

પ્રભુદાસની વાત સાંભળી બધા કુસંગીઓના મોંઢાં વાસી તરબુચ જેવા થઈ ગયા અને પોતપોતાના ઘરે ગયા.

સંત વચને જેલના કેદી થયા

શાસ્ત્રોનો શ્રદ્ધાપૂર્વકનો અભ્યાસ અને મહાપુરુષોના સમાગમ થકી મુમુક્ષુઓના જીવનમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન, ભગવત્ સ્વરૂપનું બળ, ભગવાનના ભક્ત અને સંતમાં આત્મબુદ્ધિ ઈત્યાદિ અનેક કલ્યાણકારી શુભ ગુણો પ્રાપ્ત થાય છે.

પરંતુ પ્રાપ્ત થયેલા આ ગુણો જીવનભર સુદઢ સ્થિતિમાં રહે એ ઘણું કઠિન છે. ગમે તેવા દુઃખ આવી પડે તથા ગમે તેવો અશુભ કાળ પ્રવર્તે, ત્યારે જગતને

નાશવંત અને દુઃખદાયી જાણી પોતાના ઈષ્ટદેવમા પૂર્ણ શ્રદ્ધા રહે, એને જ આદર્શ ભક્ત કહેવાય.

નાથ ભક્તના જીવનમાં પણ ઘણાં કષ્ટો આવેલાં, છતાં પણ ધીરજ રાખી અત્યંત શ્રદ્ધાથી શ્રીહરિની ભક્તિ કરતા.

એક વખત સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી સંતમંડળ સાથે વડોદરા પધાર્યા. સ્વામીના સ્વાગતમાં વડોદરાના અનેક ભક્તો જોડાયા. સ્વામી વડોદરામાં આવી કોઈ ભક્ત બિમાર હતા તેમના ખબર-અંતર પૂછવા જતા હતા. સાથેના સંતો-ભક્તો ઉચ્ચ સ્વરે કીર્તનો તથા ધૂન બોલી રહ્યા હતા. એવામાં સ્વામી સંતો-ભક્તો સાથે વાડી ચબૂતરાની જેલ પાસેથી નીકળ્યા.

બજારમાંથી સ્વામિનારાયણના નામની ધૂન સંભળાણી એટલે જેલના કેદીઓ બજાર તરફના જાળિયા પાસે આવી કુતૂહલપૂર્વક જોવા લાગ્યા. એ કેદીઓમાંથી કેટલાક કેદીઓ સૌથી આગળ ચાલતા સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને ઓળખી ગયા. તેમણે સ્વામીનો પ્રતાપ જાણ્યો હતો અને જોયો હતો. તેઓને ખબર હતી કે આ ગોપાળાનંદ સ્વામી મહાસમર્થ સંત છે. અમને આ કેદખાનામાંથી છોડાવવા એ એમના માટે રમતની વાત છે.

એવું વિચારી તેઓ જાળિયામાંથી જ સ્વામીને વિનંતી કરવા લાગ્યા, "હે સ્વામીજી ! અહીં અમે કેટલાય સમયથી સડી રહ્યા છીએ. અહીં અમને ખાવાનું ભોજન, પીવાનું પાણી કે અન્ય કોઈ વસ્તુ પણ પૂરતી મળતી નથી. અમે જાણે જીવતા નર્ક ભોગવી રહ્યા હોઈએ એવું લાગે છે. અહીંના સિપાહીઓ અમને ખૂબ દુઃખ આપે છે. માટે આપ તો મહાસમર્થ છો, કૃપા કરી અમોને આ નરક તુલ્ય કેદખાનામાંથી છોડાવો."

એ કેદીઓની આર્તવાણી સાંભળી સ્વામીના કોમળ અંતરમાં દયાના ફૂવારા છૂટ્યા. સ્વામી ઊભા રહ્યા અને તેઓની નજીક જઈ કૃપા કરી બોલ્યા, "તમને છોડાવવા એ મારે માટે રમતની વાત છે, પણ તમો બધા જેલમાંથી છૂટી ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરશો ? જો તમે જેલમાંથી છૂટી સત્સંગી થાઓ તો તમારી મુક્તિ કરાવું ?"

સ્વામીની વાત સાંભળી બધા કેદીઓ એક સાથે બોલ્યા, "હા, હા સ્વામીજી ! તમે જેમ કહેશો તેમ કરીશું, પણ અમોને અહીંથી છોડાવો."

સ્વામી કહે, ''સારું જૂઓ, આ નાથભક્ત કાલે તમારી સાથે કેદી થશે અને થોડા દિવસમાં તેઓ તમને બધાને છોડાવશે.''

સ્વામીની વાત સાંભળી કેદીઓ ખૂશ થઈ ગયા, પરંતુ સાથે આવેલા ભક્તો વિસ્મય પામ્યા. બધા નાથભક્ત સામું જોવા લાગ્યા, પરંતુ નાથભક્તના ચહેરા પર તો સંતવચનની સુનહરી લહેરના દર્શન થયાં.

પછી સ્વામી મંદિરે પધાર્યા. સભા થઈ ત્યારે સાથેના ભક્તોએ સ્વામીને પૂછ્યું, ''સ્વામી ! નાથભક્ત તો મોટા મુક્ત છે, છતાં કેદ શાથી થશે ? તેઓ શું કોઈ ગુનામાં પકડાશે ?''

સ્વામી કહે, ''ભક્તો ! તમો મૂંઝાશો નહીં. તમે પેલી કુંભકર્ણની વાત સાંભળી જ હશે. રામાયણના યુધ્ધ વખતે જ્યારે કુંભકર્ણ પોતાની રાક્ષસી માયાથી મોટું સ્વરૂપ ધારણ કરીને અનેક વાનરોને ગળવા લાગ્યો, ત્યારે હનુમાનજીએ તેના પેટમાં પ્રવેશ કરીને બધા વાનરોને જીવતા બહાર કાઢ્યા. તેમ નાથભક્ત પણ કેદી થઈ બીજા બધા કેદીઓને બહાર કાઢશે, માટે તમે કોઈ ચિંતા કરશો નહીં.''

ભક્તો કહે, ''પરંતુ સ્વામી ! નાથભક્તને કેવી રીતે કેદ થશે, તેઓએ તો કોઈ ગુનો કર્યો જ નથી ?''

સ્વામી કહે, ''ગાયકવાડ સરકારના દ્વેષી અધિકારીઓ અમોને રાજ્યમાંથી કાઢી મૂકવા કાલે આવશે, ત્યારે જોજો શું થાય છે !''

હવે આ બાજુ બન્યું એવું કે ભગવાન શ્રી સ્વામિનારાયણના દ્વેષી એવા બાબાસાહેબના કારસ્તાનથી વડોદરા રાજ્ય તરફથી એવું ફરમાન બહાર પડ્યું કે, 'સ્વામિનારાયણના સાધુઓએ વડોદરા રાજ્યમાં ફરવું નહીં. અને જો વડોદરામાં કોઈ હોય તો તેઓને તત્કાળ કાઢી મૂકવા. કોઈ જવામાં આનાકાની કરે, તો તેઓને કેદ કરી જેલમાં પૂરવા.'

આ પ્રકારનું ફરમાન થયું એટલે રાજ્યના સૌ અમલદારો જ્યાં જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુઓ હોય ત્યાં જઈ તેઓને વડોદરા બહાર જવાનું કહેવા લાગ્યા. એવામાં કોઈએ કહ્યું, 'સ્વામિનારાયણના મુખ્ય સાધુ ગોપાળબાવા કહેવાય છે તે અત્યારે વડોદરામાં જ છે. અને એ બહુ કામણ-ટૂમણવાળા છે. જો એમને વડોદરામાંથી બહાર કાઢો, તો સર્વ ઉપાધિઓ શાંત થઈ જાય.'

આવા સમાચાર મળતા રાજ્યના અમલદારો ગોપાળાનંદ સ્વામીને વડોદરામાંથી કાઢી મૂકવા સ્વામીને શોધવા લાગ્યા.

આ બાજુ બીજે દિવસે સવારના સમયે સ્વામી નાથભક્તના ઘરે પધાર્યા હતા. ઘરના ચોકમાં સ્વામી હરિભક્તોની વિશાળ સભામાં કથા-વાર્તા કરી રહ્યા હતા. ત્યાં રાજ્યના અધિકારી બાળુભા આવી સ્વામીને કહે, "ગોપાળબાવા ! તમો વારંવાર વડોદરામાં આવી અમારી ભોળી પ્રજાને ભોળવીને તમારા આશ્રિત કરો છો, એ હવે બિલકુલ ચલાવી નહીં લેવાય. અત્યારે જ તમે તમારા આ બધા મુંડિયાઓને લઈ શહેર બહાર નીકળી જાઓ, નહીંતર સરકારી હુકમથી દરેકને કેદ કરવા પડશે."

સ્વામી શાંત સ્વભાવે હસતા હસતા બોલ્યા, "સાહેબ ! અમે તો સાધુ રહ્યા. અમને આવા મોટા શહેરમાં આવવું તથા રહેવું સહેજેય રુચે નહીં, પરંતુ આ નાથભક્ત અમે ના પાડીએ છીએ છતાં વારંવાર અમને બોલાવે છે અને અમે અહીં આવીયે છીએ."

સ્વામીની વાત સાંભળી ભક્તો આશ્ચર્ય પામ્યા. પરંતુ ગઈકાલનો પ્રસંગ યાદ આવતા સ્વામીનો સંકેત સમજી ગયા.

સ્વામિનારાયણના મૂંડીયાઓને બોલાવનારો આ નાથભક્ત જ છે, એવું માની બાળુભાએ નાથભક્તને કેદ કર્યા. નાથભક્ત તો કોઈ પણ જાતના સંશય વગર કેવળ સ્વામીની ઈચ્છાથી પહેરેલે લૂંગડે સરકારી હુકમનું પાલન કરી જેલમાં ગયા.

ભક્તવત્સલ ભગવાને જેલમાં થાળ જમાડ્યો

નાથભક્ત જેલમાં પૂરાયા. ગોપાળાનંદ સ્વામી કરાળીના હરિભક્તો ગાડું લઈને આવ્યા હતા, તેમાં બેસી કરાળી જવા તૈયાર થયા.

એ સમયે સદાશિવભાઈ તથા અન્ય વડોદરાના હરિભક્તો સ્વામીને હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યા, "હે સ્વામી ! આપ તો અહીંથી સિધાવો છો, નાથભક્ત જેલમાં છે, હવે અમને કથાવાર્તા સંભળાવનારું કોઈ ન રહ્યું. અમને દરરોજ જે અલૌકિક સુખ મળતું હતું તે બંધ થયું. માટે સ્વામી ! કંઈક કૃપા કરો તો આપનો તથા નાથભક્તનો વિરહ સહી શકીએ."

હરિભક્તોની પ્રાર્થના સાંભળી સ્વામી કહે, "ભક્તો ! અમે તો સદાયને માટે તમારી સાથે જ છીએ. એક ક્ષણ માત્ર પણ તમારાથી દૂર જતા નથી એમ માનો. અને હા, ભગવાનની ઈચ્છા સિવાય તરણું પણ હલવા સમર્થ નથી, માટે દરેક પ્રકારની ચિંતા છોડી મહારાજનું ભજન કરો. થોડા સમયમાં શ્રીહરિ આપણા તમામ કષ્ટો દૂર કરશે." આમ વડોદરાના સત્સંગીઓને ધીરજ આપી સ્વામી સંતમંડળ સાથે કરાળી પધાર્યા.

આ બાજુ જેલમાં પૂરાએલા નાથભક્ત કોઈ પણ પ્રકારની ચિંતા રાખ્યા વગર મહારાજની મૂર્તિમાં મનને પરોવી અખંડ ભજન-સ્મરણ કરવા લાગ્યા. સાથે રહેલા બીજા કેદીઓને આ સમયે પૃથ્વી ઉપર પ્રગટ થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણનો મહિમા, એમના ચરિત્રો તથા એમનું સામર્થ્ય, એમના સંતો તથા એમનું સામર્થ્ય વગેરેની મહિમાભરી અનેક વાતો કરવા લાગ્યા. નાથભક્તની વાતો તથા તેમનું આચરણ જોઈ સર્વ કેદીઓને નાથભક્તનો ગુણ આવ્યો અને ભગવાનની વાતો સાંભળવામાં રસ પડવા લાગ્યો.

હવે નાથભક્ત તો પહેરેલે કપડે જેલમાં આવ્યા હતા, સાથે પૂજા પણ લેવાણી નહોતી. પૂજાપાઠ કર્યા વિના અન્નજળ લેવું નહીં એવું એમને નિયમ હતું. જેલમાં પૂરાયાને આજે ત્રણ દિવસ થઈ ચૂક્યા હતા. ત્રણ દિવસથી કોઈ પણ પ્રકારનું અન્ન તથા જળ મોંઢામાં મૂકાયું નહોતું, જેને લીધે હવે શરીરમાં ખૂબ નબળાઈ આવી ગઈ હતી. બોલવા-ચાલવામાં પણ તકલીફ પડવા લાગી હતી.

નાથભક્તની આ પરિસ્થિતિ ભક્તવત્સલ ભગવાન શ્રી સ્વામિનારાયણથી સહન ન થઈ. મારા સંતનાં વચને, અને એ પણ કોઈ કારણ વગર નાથભક્ત જેલમાં ગયા, તેથી મહારાજ તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા. મહારાજે મુકુંદ બ્રહ્મચારી પાસે થાળ તૈયાર કરાવ્યો અને કહ્યું, "બ્રહ્મચારી ! ચાલો આપણે આજે એક ભક્તને થાળ જમાડવા જવું છે."

મહારાજની આજ્ઞા થતા બ્રહ્મચારી તૈયાર થયા. સાથે થાળ લીધો અને મહારાજ સાથે ચાલ્યા. દિવ્યસ્વરૂપે મહારાજ તથા બ્રહ્મચારી નાથભક્તને જમાડવા જેલમાં પધાર્યા. નાથ ભક્ત તો નબળાઈને કારણે સૂતા હતા. મહારાજે હાથમાં રહેલી છડી નાથભક્તને અડાડીને જગાડ્યા. નાથભક્ત જાગ્યા અને જોયું તો સામે મહારાજ અને બ્રહ્મચારી ઊભા હતા. મહારાજનાં દર્શન થતા નાથભક્તના

હૃદયમાં આનંદ ઊભરાવા લાગ્યા. આંખોમાંથી આંસુડા પડવા લાગ્યા. ઊભા થવાનો પ્રયત્ન કર્યો, પણ નબળાઈના કારણે ઊભા ન થઈ શક્યા. મહારાજે તેમના બે હાથ પકડી ઊભા કર્યા અને પ્રેમથી ભેટી પડ્યા.

નિયમ-ધર્મની દૃઢતાનું મૂર્તિમંત સ્વરૂપ

"નાથભક્ત ! અહીં બેસો, જૂઓ આ બ્રહ્મચારી અમારી પ્રસાદીનો થાળ લઈને આવ્યા છે. તમે ત્રણ દિવસથી અન્ન-પાણી મોંઢામાં મૂક્યાં નથી, માટે આ થાળ જમો," એમ કહી મહારાજે નાથભક્તને નીચે બેસાડ્યા.

મહારાજની વાત સાંભળી નાથભક્ત કહે, "હે કૃપાનાથ ! જેલમાં સુવિધા ન હોવાને કારણે સ્નાન કે પૂજા-પાઠ કરી શકતો નથી. નિત્ય નિયમની પ્રત્યક્ષ પૂજા કર્યા સિવાય અન્નજળ કેમ લેવાય ? માટે આપના પ્રસાદને બે હાથ જોડી નમસ્કાર કરું છું."

શ્રીજી મહારાજ કહે, "નાથભક્ત ! આ બ્રહ્મચારીના હાથમાં પૂજાની સામગ્રી ભરેલું પાત્ર છે, તે લઈને અમારી પૂજા કરો એટલે તમારે પ્રત્યક્ષ પૂજા થઈ ગઈ કહેવાય."

નાથભક્ત કહે, "પ્રભુ ! શુદ્ધ જળથી સ્નાન કર્યા વગર હું કઈ રીતે આપની પૂજા કરું ?"

મહારાજ કહે, "નાથભક્ત ! અમારાં ચરણોમાં અનેક તીર્થો વહે છે, એ જળમાં તમે સ્નાન કરી લો. એમ કહી મહારાજે ચરણ ઊંચા કર્યાં ત્યાં પવિત્ર જળનો પ્રવાહ વહેવા લાગ્યો.

નાથભક્ત અતિશય પ્રેમથી એ પ્રવાહ તળે બેસી સ્નાન કર્યું ને એ મહાપ્રસાદીનું જળ હાથમાં લઈ બધા કેદીઓ ઉપર છાંટ્યું, તેથી સર્વે કેદીઓ પણ ધન્ય થયા. પછી નાથભક્તે બ્રહ્મચારીએ લાવેલી પૂજા સામગ્રીથી અત્યંત ભાવથી શ્રીહરિની પૂજા કરી દંડવત્ પ્રણામ કર્યા.

નાથભક્તની પૂજા પૂરી થયા પછી મહારાજ કહે, "લ્યો, હવે તમારો મનોરથ પૂર્ણ થયો, આ પ્રસાદ જમો. કારણ કે તમો ત્રણ-ચાર દિવસના ઉપવાસી છો."

નાથભક્ત કહે, "મહારાજ ! આ તો મેં તમારી પ્રત્યક્ષપૂજા કરી છે, પણ આપે આપેલી પ્રતિમાની નિત્યનિયમની પૂજાનો નિયમ બાકી રહે છે, તેથી તે પૂજા

કર્યા વિના મારાથી જમાય નહીં !''

શ્રીહરિ હસતા હસતા બોલ્યા, ''ભક્તરાજ ! અમે તમને આપેલ લાલજીની મૂર્તિ તમારા ઘરે છે, તમે અમારી પૂજા કરી એટલે ત્યાં તે મૂર્તિની પૂજા પણ થઈ ગઈ એમ તમે જાણો.''

નાથભક્ત કહે, ''તે ખરું, પણ એમાં મારો નિત્યનિયમ સચવાણો ન કહેવાય. પ્રભુ ! આપનાં દર્શન માત્રથી જ હું તૃપ્ત થયો છું. નિત્યપૂજા કર્યા વગર હું થાળ જમીશ નહીં.''

નાથભક્તની દૃઢતા જોઈ શ્રીજી મહારાજ ખૂબ પ્રસન્ન થયા અને મુકુંદ બ્રહ્મચારીને મહારાજે દિવ્ય દેહે જઈ નાથભક્તના ઘરેથી પૂજા લાવવા આજ્ઞા કરી. બ્રહ્મચારીએ દિવ્યદેહે જઈ પૂંજાનો કરંડિયો લાવી નાથભક્ત સામે મૂક્યો. નાથભક્ત કંરડિયો ખોલીને અંદર જૂવે છે, તો ચંદન-પૂષ્પથી લાલજીની પૂજા થયેલી હતી.

મહારાજ કહે, ''જૂઓ નાથ ભક્ત ! અમે તમને કહ્યું હતું ને કે તમારા નિત્યપૂજાના લાલજીની પૂજા થઈ ગઈ છે. જુવો થઈ છે કે નહિ ? તમારા જેવા આત્મનિવેદી એકાંતિક ભક્તોએ વિશુદ્ધ ભાવથી કરેલી મૂર્તિઓની પૂજા અમે પ્રત્યક્ષ અંગીકાર કરીએ છીએ.''

નાથભક્ત લાલજીનાં દર્શન કરી ગદ્‌ગદ્ થઈ ગયા. પૂજા કરવા લાલજીની મૂર્તિ કરંડિયામાંથી બહાર કાઢી, પણ કેદખાનામાં અપવિત્ર સ્થાનમાં લાલજીને પધરાવવા ક્યાં ? એવો સંકલ્પ થતાં જ શ્રીજી મહારાજે પોતાના હાથ આગળ કર્યા અને કહ્યું, ''ભક્તરાજ ! અમારા હાથમાં લાલજીને પધરાવો અને તમારી પૂજા પૂર્ણ કરો.''

નાથભક્તે લાલજીને મહારાજના હાથમાં પધરાવ્યા. બ્રહ્મચારીના હાથમાં રહેલી પૂજાસામગ્રી વડે લાલજીની પૂજા કરી. માળા, પ્રદક્ષિણા, દંડવત્ કર્યા. બ્રહ્મચારી જે થાળ લાવેલા, તે લાલજીને જમાડ્યો અને પૂજા પૂર્ણ કરી. ફરી લાલજીને કરંડિયામાં પધરાવી દીધા.

કેદીઓને પણ કૃતાર્થ કર્યા

નાથભક્તે પૂજા પૂર્ણ કરી એટલે મહારાજે પ્રસાદ આપતા કહ્યું, ''લો નાથભક્ત ! હવે આ થાળ જમો.''

નાથભક્ત કહે, "મહારાજ ! પહેલા તમે અને બ્રહ્મચારી જમો, ત્યાર બાદ તમારી પ્રસાદી મને આપો. પછી મહારાજ અને બ્રહ્મચારી જમ્યા અને નાથભક્તને પ્રસાદી આપતા બોલ્યા, "ભક્તરાજ ! લો હવે જમો."

નાથ ભક્ત કહે, "મહારાજ ! આપ તો કૃપાસિંધુ છો. આ કેદીઓ ત્રણ દિવસથી તમારા મહિમાની વાતો સાંભળે છે. તેઓને પણ તમારો મહિમા સમજાણો છે, માટે એમના ઉપર પણ કૃપા કરો અને બધા કેદીઓને આપનાં દર્શન આપી કૃતાર્થ કરો."

ભક્તની ઈચ્છા જાણી ભક્તવત્સલ ભગવાને બધા જ કેદીઓને દિવ્યદર્શન આપી કૃતાર્થ કર્યા.

ફરી મહારાજે નાથભક્તને થાળ જમવા કહ્યું, ત્યારે નાથભક્તે થાળમાંથી પ્રસાદી લઈ બધા જ કેદીઓને આપી. ત્યારબાદ મહારાજની પ્રસાદીનો થાળ નાથભક્ત જમ્યા.

જેમ બાળક પહેલી વખત ખાતાં શીખે ને મા તેને જોઈને હરખાતી જાય, એમ ભક્તવત્સલ પ્રભુ નાથભક્તને જમતા જોઈ હરખાતા જાય અને નાથભક્તને જમાડતા જાય. નાથભક્ત જમી રહ્યા બાદ મહારાજ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતા નાથભક્તના ભાલમાં ચંદન ચર્ચ્યું, ગુલાબ તથા મોગરાના હાર કરંડિયામાંથી કાઢી પહેરાવ્યા અને પ્રેમથી ભેટી પડ્યા.

પછી નાથભક્તે એ પ્રસાદીનું ચંદન કેદીઓને ચરચ્યું અને પોતે પહેરેલો હાર એક કેદીને પહેરાવ્યો. આથી મહારાજે બે હાર નાથભક્તને પહેરાવ્યા. નાથભક્તે તે હાર પણ કેદીઓને પહેરાવી દીધા. ફરી મહારાજે કંડિયામાંથી બે હાર કાઢી નાથભક્તને પહેરાવ્યા. નાથભક્તે તે હાર પણ કેદીઓને પહેરાવી દીધા. આવી રીતે મહારાજે સાઈઠ હાર નાથભક્તને પહેરાવ્યા અને નાથભક્તે પણ જેલમાં રહેલા સાઈઠ કેદીઓને હાર પહેરાવ્યા. આવું મહાન ઐશ્વર્ય જોઈ કેદીઓ આશ્ચર્ય પામ્યા. ત્યારબાદ મહારાજ નાથભક્તની રજા લઈ અદશ્ય થઈ ગયા.

નાથભક્ત તથા કેદીઓ કેદમુક્ત થયા

શ્રીજી મહારાજના દર્શન થતાં જ બધા જ કેદીઓ નાથભક્ત સાથે ઉચ્ચ સ્વરે કરીને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ધૂન કરવા લાગ્યા. જેલમાં સ્વામિનારાયણના નામની ધૂન સાંભળી અધિકારીઓ દોડતા આવ્યા. જૂએ છે તો

બધાના કપાળમાં ચંદન તથા ગળામાં હાર જોઈ વિસ્મય પામ્યા.

નાથભક્તને ભગવાન શ્રી સ્વામિનારાયણે જેલમાં દિવ્ય દર્શન આપી જમાડ્યા તથા તેઓનું પૂજન કર્યું, એવા આશ્ચર્યજનક સમાચાર સયાજીરાવ સરકાર તથા બાપુસાહેબ દીવાનને મળતા તેઓને પણ ભારે આશ્ચર્ય થયું.

આ વાત સાંભળી સરકારનું હૈયું બોલ્યું, 'અમોએ બીજાની ખોટી દ્વેષભરેલી વાતો સાંભળી આવા રાજ્યના ગૌરવસમા આદર્શ મહાપુરુષને જેલમાં પૂર્યા ?' મનમાં ખૂબ પશ્ચાતાપ કરી અધિકારીઓને આજ્ઞા કરી કે, 'નાથભક્તની સાથે જેલના બધા જ કેદીઓને સન્માન સાથે છૂટા કરી અમારી પાસે લઈ આવો.'

સયાજીરાવની આજ્ઞા થતા નાથભક્ત તથા બધા જ કેદીઓને રાજદરબારમાં લઈ આવવામાં આવ્યા. સયાજીરાવે પૂર્ણ આદર સાથે નાથભક્તને પૂછ્યું, "નાથભક્ત ! તમે ખરા ભક્ત છો. આ બધું ઐશ્વર્ય તમે જાણો છો કે પછી તમારા ગુરુ ગોપાળાનંદ સ્વામી જણાવે છે ?"

નાથભક્ત કહે, "સરકાર ! શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી પરબ્રહ્મ પરમાત્મા છે. અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય એમના ઈશારે થાય છે. એમની મરજી વિના પાંદડું પણ ફરકવાને સમર્થ નથી." એમ કહી મહારાજનો મહિમા સમજાવતા કહ્યું, "બધું ઐશ્વર્ય એ શ્રીહરિની કૃપાથી જણાય છે. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી જેવા બીજા પણ ઘણા પ્રતાપી સંતો એમની સેવામાં ખડે પગે રહે છે. મારા જેવા તો એ મહાપ્રભુના હજારો ભક્તો છે. મારામાં કંઈ સામર્થ્ય નથી. હું તો એમના ભક્તોનો દાસ છું."

આવી નાથભક્તની અતિ વિનમ્રતાભરી વાણી સાંભળી સયાજીરાવ સરકાર ખૂબ પ્રસન્ન થયા. નાથભક્તને ભગવાનના સાચા ભક્ત જાણી પોતે કરેલા અપરાધની ક્ષમાયાચના કરતા થકા ઉપહાર આપવા લાગ્યા.

નાથભક્ત કહે, "મહારાજા સાહેબ ! માફ કરજો, જાત મહેનત કરી કમાઈ ખાવું એવી અમારા ઈષ્ટદેવની આજ્ઞા છે. અને પ્રભુકૃપાથી મારો વ્યવહાર સારી રીતે ચાલે છે. વળી મેં રાજ્યનું એવું કોઈ મોટું કામ પણ નથી કર્યું, તો પછી અણહક્કનું ઈનામ મારાથી કેમ લેવાય ?"

આ રીતે નાથભક્તનું સંતોષીપણું જોઈને સરકાર તથા સૌ રાજદ્વારીઓ તેમની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. તેમજ સૌને ભગવાન શ્રી સ્વામિનારાયણ, સદ્‌ગુરુ

ગોપાળાનંદ સ્વામી તથા નાથભક્તનો ખૂબ જ ગુણ આવ્યો અને કેટલાક તો સત્સંગી પણ થયા.

ખાલી કોઠીઓ અભરે ભરાણી

ઓગણોતેરો કાળ પડ્યો એ પહેલા શ્રીજી મહારાજે જ્યાં જ્યાં પોતાના આશ્રિતો વસતા હતા, ત્યાં ત્યાં અગાઉથી જ અન્નનો સંગ્રહ કરવાનું કહી રાખ્યું હતું. પોતે પ્રત્યક્ષ જઈને ભક્તોને અન્ન સંગ્રહ કરવાનું કહેતા અથવા સંતોને મોકલતા. મહારાજની આગમ ચેતવણીથી એ ભયંકર દુષ્કાળમાં કેટલાયે ભક્તોનું રક્ષણ થયું હતું.

વડોદરામાં પણ દરેક સત્સંગીઓને મહારાજે અન્ન સંગ્રહ કરવાનું કહેલું અને મહારાજનાં વચને સત્સંગીઓએ અન્નનો સંગ્રહ કરેલો. પરંતુ નાથભક્તે ભગવાન પર ભરોસો રાખી કોઈ પણ પ્રકારનો સંગ્રહ કર્યો નહીં.

આ સમાચાર સાંભળી વડોદરાના સત્સંગીઓ નાથભક્તને સમજાવવા લાગ્યા કે, "ભક્તરાજ ! મહારાજનું વચન માનો, કંઈક અનાજ લઈ લો, નહિતર દુષ્કાળના દા'ડા જેમ નજીક આવશે તેમ પૈસા દીધેય અનાજ મળશે નહીં."

નાથભક્ત ઉપર હરિભક્તોની ચેતવણીની કોઈ અસર થઈ નહીં. તેઓ તો કેવળ મહારાજના વિશ્વાસે જીવી રહ્યા હતા. 'જેવી મહારાજની ઈચ્છા હશે તેમ થાશે.' એમ કહી તેઓ વાતને ટાળી દેતા.

ત્યારબાદ આશ્ચર્યની વાત તો એ બની કે નાથભક્તે અનાજ તો ભેગું કર્યું નહીં, પરંતુ તેમની પાસે બે હજારનું ઘરેણું હતું, તેમાંથી અડધું વડતાલ સમૈયામાં શ્રીજી મહારાજની પૂજા કરી અર્પણ કરી દીધું.

આ રીતે નાથભક્તે ધન વાપરતા સત્સંગીઓને ખૂબ ચિંતા થવા લાગી. તેઓએ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને જઈને વાત કરી કે, 'સ્વામી ! આ નાથભક્ત કંઈ સમજતા જ નથી. દુષ્કાળની ચિંતા કર્યા વગર બસ સ્વામિનારાયણ-સ્વામિનારાયણ ભજન જ કરે છે. સ્વયં મહારાજે અન્નનો સંગ્રહ કરવાનું કહ્યું છે, છતાં તેઓ કંઈ કરતા નથી. ઉપરાંત પોતાની પાસે જે ઘરેણું હતું તેમાંથી અડધું વડતાલ સમૈયામાં વાપરી નાખ્યું અને અડધુ બચ્યું છે તે ગઢડા સમૈયામાં વાપરવાના છે. તેઓની પાસે નિર્વાહનું કંઈ સાધનેય બચ્યું નથી. તો હવે આટલી વૃદ્ધ ઉંમરે

દુષ્કાળના કપરા દિવસો કેવી રીતે પસાર કરશે ?'

સ્વામી કહે, "ભક્તો ! નાથભક્તની તમે કોઈ ચિંતા કરશો નહીં. શું ભગવાન પોતાના ભક્તની એટલીય કાળજી ન રાખે ? એ જેનું ભજન કરે છે તે વિશ્વંભર ભગવાન શું એમનું પોષણ નહીં કરે ? શું એમને એ ભૂખે મરવા દેશે ?"

ત્યાં હરિભક્ત મિશ્રીલાલ કાયસ્થ કહે, "સ્વામી ! મારા ઘરે અન્નનો પુષ્કળ સંગ્રહ કર્યો છે. જે ગરીબ સત્સંગીને તકલીફ પડશે તેને આપીશ. એમાંય નાથભક્તની તો પહેલી ગણતરી રાખીશ, કારણ કે તેઓએ તો કંઈ સંગ્રહ કર્યો જ નથી."

સ્વામી કહે, "મિશ્રીલાલ ! તમારો સંકલ્પ બહુ સારો છે, પણ જે કંઈ આપવું હોય તે અત્યારે આપી દો."

મિશ્રીલાલ બોલ્યા, "સ્વામી ! અત્યારે નહીં. દુષ્કાળ વખતે જેને અન્નની જરૂર પડશે તેને આપીશ."

સ્વામી મર્મભરી વાણી બોલ્યા, "પછી પછી શું કરો છો ? પછી શું થશે એ કોને ખબર છે મિશ્રીલાલ ! માટે ધર્મનું કાર્ય તત્કાળ કરી લો."

પરંતુ મિશ્રીલાલ સ્વામીની રૂચિ સમજી શક્યા નહીં ને સ્વામીની વાતને મનમાં ને મનમાં ઊડાડી નાખી. પછી તો જેમ જેમ દુષ્કાળનો સમય વીતતો ગયો તેમ તેમ અનાજની ખેંચ પડવા લાગી, જેથી ભૂખે મરતા ગરીબ લોકો અનાજની લૂંટફાટ કરવા લાગ્યા.

એકવાર રાત્રિને વિશે એક લૂંટારું ટોળું વડોદરાના કોટવિસ્તારમાં છેવાડે આવેલ મિશ્રીલાલના ઘરમાં ત્રાટક્યું. મિશ્રીલાલ તથા ઘરના તમામ લોકોને એક ઓરડામાં પૂરી દીધા. કોઠારમાં જેટલું અનાજ હતું, તેના કોથળા ભરી ગાડાઓમાં ખડકી સવાર થતાં બધું જ અનાજ લૂંટી ચાલ્યા ગયા.

ત્યારબાદ મિશ્રીલાલ રડતા રડતા મંદિરે આવી સ્વામીને કહે, "સ્વામી ! મારું બધું જ અનાજ લૂંટાઈ ગયું, એક દાણો પણ અમારા ખાવા માટે બચ્યો નથી."

સ્વામી કહે, "કેમ, તમે તો બીજા ભક્તોને આપવાના હતા ને !?"

સ્વામીની વાત સાંભળી મિશ્રીલાલ શરમાઈ ગયા. નીચું જોઈ રડતા રડતા સ્વામીની માફી માગી. કૃપાળુ સ્વામીએ આશ્વાસન આપતા કહ્યું, "મિશ્રીલાલ !

કોઈ ચિંતા કરો મા, તમો નાથભક્તને ઘેર જઈ કહેજો કે, મારા ઘરમાં ચોરી થઈ છે તો સ્વામીએ કહેવડાવ્યું છે કે તમો થોડા દાણા આપો.''

નાથભક્ત સ્વામીની મરજી સમજી ગયા. શ્રીજી મહારાજને યાદ કરી, મહાપુરુષના વચનમાં શ્રદ્ધા રાખી, ઘરમાં જઈ ખાલી કોઠીઓના સાણાં ખોલવા લાગ્યા. ત્યાં તો અનાજના ઢગલા થઈ પડ્યા. ખાલી કોઠીઓ અભરે ભરાણી. પછી તો નાથભક્ત 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ભજન કરતા કરતા મિશ્રીલાલ તથા જેને જેટલી જરૂર હોય તેને તેટલું અનાજ આપવા માંડ્યા.

આ રીતે નાથ ભક્તની અનન્ય નિષ્ઠાથી મહારાજે દુષ્કાળ સુધી તેના ઘરમાંથી અન્ન ખૂટવા દીધું નહીં.

પોતે પોતાનું ઘરેણું ભગવાનને અર્થે વાપર્યું તો ભગવાને વ્યાજ સાથે પાછું આપ્યું.

''કોઈનો ભાર ન રાખે મોરારી, આપે વ્યાજ સહિત ગિરધારી''

આવા હતા સંતોષી અને નિષ્ઠાવાન વડોદરાના ભક્તરાજ નાથભક્ત.

નોંધ :- વડોદરા વાડી મંદિરમાં નાથભક્તના નાના એવા પ્રસાદીના ઘરના આજે પણ દર્શન થાય છે.

૨૦ શેઠ શ્રી ભગાદોશી (બોટાદ)

શ્રીહરિને વિશે કોઈ પણ પ્રકારના સંશય વિના શ્રદ્ધા અને મહિમા સાથેની અચલ મતિને નિશ્ચય કહેવાય છે.

જેને પોતાના ઈષ્ટદેવને વિશે દઢ નિશ્ચય થયો છે એવો ભક્ત 'પોતાના ઈષ્ટથી અધિક આ જગતમાં બીજું કોઈ પણ નથી' એવી દઢતા સાથે પોતાને પૂર્ણકામ અને કૃતાર્થ માની ધ્યાન-ભજન કરે છે. નાત-જાત કે કુટુંબના તિરસ્કાર અથવા બીજા કોઈ પણ કપરા પ્રસંગોમાં પોતાની ઉપાસ્ય મૂર્તિ સાથે મક્કમતા સાથે જોડાઈ રહે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયનો ઈતિહાસ સાક્ષી પૂરે છે, કે આવી અલૌકિક સ્થિતિમાં વર્તનારા તથા સત્સંગ અર્થે નાત-જાત, ગામ અને કુટુંબના અસહ્ય અપમાનો તથા તિરસ્કારો સહર્ષ સહન કરી માથા સાટે સત્સંગ રાખનારા ઉત્તમ ભક્તો ગામોગામ થઈ ગયા છે. એમાંના એક હતા શૂરવીર, દઢનિશ્ચયના સ્વરૂપસમા બોટાદના ભક્તરાજ શ્રી ભગા દોશી.

સંત સમાગમથી જીવન રંગાણું

ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય ધરતીના મેલને ધોવા માટે થયું હતું. તેમના આ કાર્યને સિદ્ધ કરવા તેમની સાથે બે હજાર જેટલા સંતો તથા હજારોની સંખ્યામાં ભક્તો જોડાયા હતા. જેથી ટૂંક સમયમાં જ સંપૂર્ણ ગુજરાત ઉપરાંત

મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની ધર્મધજા ફરકતી થઈ હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના એક વચને મન-કર્મ-વચને સમર્પિત તેમના સાધુઓ ગમે તેવા કઠણ કામમાં કોઈપણ સંશય વિના ઝંપલાવતા અને સફળ પણ થતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુર એભલ ખાચરના દરબારગઢમાં પધાર્યાને થોડો સમય થયો હતો. ગઢપુરવાસીઓના પ્રેમના તાંતણે મહારાજ બંધાઈ ગયા હતા. મહારાજની સાથે મોટી સંખ્યામાં રહેતા સંતોની સર્વે સગવડતા સાચવવી ભારે શ્રદ્ધા અને ભક્તિનું કામ હતું અને એમાં દરબારગઢમાં રહેનારાએ કોઈ ઉણપ પણ રાખી ન હતી. છતાં આટલી મોટી સંખ્યામાં સંતો તથા દર્શનાર્થી ભક્તોને સાચવવા કોઈ પણ માટે અઘરું તો રહે જ.

એભલ ખાચરના પરિવારને વધારે ઘસારો વેઠવો ન પડે તથા સાથે સાથે સત્સંગ પણ વૃદ્ધિ પામે, તેવા હેતુથી મહારાજ સંતોના મંડળોને વિવિધ પ્રદેશોમાં ફરવા મોકલતા.

એક વખત મહારાજે સાંખ્યાનંદ સ્વામી તથા ધ્યાનાનંદ સ્વામીને બોલાવ્યા અને કહ્યું, "સંતો ! તમે બોટાદ જાઓ અને ત્યાં સત્સંગ કરાવો."

મહારાજની વાત સાંભળી સંતો કહે, "મહારાજ ! બોટાદમાં મોટા ભાગની વસ્તી વણિકોની અને કાઠીઓની છે. વાણિયાઓ ઉપર જૈનોનું પ્રભુત્વ મોટું છે અને કાઠી દરબારો માથાભારે છે. એ સમાજને સત્સંગ કરાવવો એ અમારા જેવા નાના અને અભણ સાધુઓનું કામ નહીં. માટે તમે કોઈ વિદ્વાન સંતોને બોટાદ મોકલો, તો વધારે ભાર પડે અને સત્સંગ પણ સારો થાય. અને વળી અમને અભણ સાધુને પૂરી વાતો કરતાં પણ ન આવડે, તે ત્યાં જઈને અમે શો સમાસ કરાવીએ ?"

મહારાજ કહે, "સંતો ! તમારે વાતો નહીં કરવી પડે, તમારું વર્તન વાતો કરશે. તમે ત્યાં જઈને ધ્યાન-ભજન કરજો અને કોઈ મુમુક્ષુઓ પાસે આવે, તો જેવી આવડે એવી વાતો કરજો."

મહારાજની આજ્ઞા માથે ચડાવી બન્ને સંતો બોટાદ આવ્યા. ગામની ભાગોળે બાવાઓની જમાતો ધામા નાખીને પડી હતી. તેથી બન્ને સંતોએ તેઓથી થોડે દૂર

એકાંતમાં એક વૃક્ષ નીચે આસન પાથરી ઉતારો કર્યો.

બન્ને સંતો દિવસમાં એકવાર ગામમાં ભિક્ષા માગવા જતા. ભિક્ષામાં જે કંઈ ટાઢા રોટલાના ટૂકડા કે કાચું-પાકું અન્ન મળતું તે જમી લેતા અને બાકીના સમયમાં મહારાજની મૂર્તિને હૃદયમાં ધારી ધ્યાન-ભજન કર્યે રાખતા.

આમને આમ ઘણા દિવસો વીતી ગયા. કોઈ પણ પ્રકારની માથાકૂટ વિના એક જ સ્થાને બેસી અખંડ ધ્યાન-ભજનમાં રત રહેતા સંતોને જોઈ રસ્તે આવતા-જતા લોકોના મન આકર્ષાયા. આ નિર્દોષ અને નિર્માની સાધુઓને જોઈ ગામલોકોના હૃદયમાં કોઈ અલગ પ્રકારની અનુભૂતિ થવા લાગી.

તેઓ અરસપરસ વાતો કરતા કે, 'આપણા ગામમાં બાવાઓ તો ઘણા આવે છે, પણ આ રીતે મૌન રહી કાયમ ધ્યાન-ભજન કર્યા કરે અને કોઈ પાસે કંઈ પણ માગે નહિ એવા તો આજ દીઠા !'

ત્યાં કોઈ કહે, 'સાચી વાત છે હોં... આમ જૂઓને... આ સાધુઓથી થોડે દૂર ઊતરેલી પેલી જમાત આખો દિવસ ગાંજો-ભાંગ ને તમાકુનું સેવન કર્યા કરે છે, ગામગપાટા મારે છે, અંદરોઅંદર લડે છે અને ભિક્ષા માટે કેવી કેવી ધમાલ કરી આખા ગામને હેરાન કરે છે ! જ્યારે આ સાધુઓને નથી કોઈ જરુરિયાત કે નથી કોઈ પંચાત. આખો દિવસ કેવું ભજન કરે છે ! આવા ગુરુઓ જ શિષ્યોનો ઉદ્ધાર કરી શકે, પેલાની જેવા ગંજેરી, ભંગેરી અને અડધા ઉઘાડા ફરનારા નહીં !'

આમ સમય જતા આ બન્ને સંતોના ગુણ આખા બોટાદમાં ગવાવા લાગ્યા. ક્યારેય ન જોયા હોય એવા સાધુઓની વાત સાંભળી બોટાદના નગરજનો 'એ સાધુઓ કેવા હશે ?' એવી પોતાની જિજ્ઞાસાને સંતોષવા દર્શને આવવા લાગ્યા. ધ્યાનમાં બેઠેલા સંતોનાં દર્શન કરી સહુના હૃદય શાતા અનુભવવા લાગ્યા.

જોતજોતામાં આ અનોખા સાધુઓની અનોખી સુવાસ આખા ગામમાં ફરતી થઈ. બોટાદના ધનાઢ્ય શેઠ શ્રી ભાઈચંદ દોશીના સુપુત્ર ભગા દોશીએ પણ આવેલા સાધુઓ વિશે સાંભળ્યું. સાધુઓની રીત-ભાતનું વર્ણન સાંભળી એમના મનમાં વિચાર ઊઠ્યો કે, 'ગામમાં સાધુ-સંતો તો ઘણા આવે છે, પણ આવી સુવાસ કોઈની પ્રસરી નથી. માટે આપણે પણ દર્શને જઈએ.' એમ વિચારી ભગા દોશી સંતો પાસે આવે છે.

બપોરના ત્રણેક વાગ્યાનો સમય હતો. સાંખ્યાનંદ સ્વામી અને ધ્યાનાનંદ

સ્વામી વૃક્ષનાં છાંયે ધ્યાનાવસ્થામાં બેસી ઉત્થાપનની માનસીપૂજા કરી રહ્યા હતા. ભગા દોશીએ થોડે દૂરથી પ્રણામ કર્યા અને ત્યાં જ બેસી ગયા. અગ્નિના સંસર્ગથી થીજેલું ઘી પીગળે એમ ધ્યાનાવસ્થામાં બેઠેલા સંતોના પ્રભાવને કારણે ભગા દોશીના મુમુક્ષુ હૃદયમાં ચોંટેલા માયાના પડળો પીગળવા લાગ્યા. કેવળ દર્શન માત્રથી એમનું અંતર ટાઢક અનુભવવા લાગ્યું.

થોડીવાર થઈ, ત્યાં બીજા બે-ચાર ગામના માણસો આવ્યા. સંતોની માનસીપૂજા પૂરી થઈ. આંખો ખોલી તો સામે પાંચ-સાત જણાને બેઠેલા જોયા. સંતોએ તેઓને નજીક બોલાવ્યા અને જેવી આવડે એવી કથાવાર્તા શરૂ કરી. પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાવનકારી ચરિત્રો તથા માયિક જગતની નાશવંતતાની વાતોના શ્રવણથી ભગાશેઠને સંતો પ્રત્યે વધારે આકર્ષણ થયું.

એક વખત ચાખેલા અમૃતનો ઘૂંટડો શેઠના હૃદયમાં કોઈ અલૌકિક ભાવો પ્રગટાવતા હતા. વારંવાર શેઠનું મન સંતો પાસે આવવાની તાણ અનુભવતું હતું. પછી તો ભગા દોશી રોજ સંતો માટે સીધુ લાવે અને કથા સાંભળે. આમ થોડા જ સમયમાં ભગા દોશી સત્સગંના રંગે રંગાઈ ગયા.

માથા સાટે સત્સંગ રાખ્યો

ચૂસ્ત જૈન પરિવારમાં ઉછરેલા ભગા દોશી સ્વામિનારાયણના સત્સંગી થયા. પોતાના વડવાઓએ જે ધર્મમાં રહી પોતાની શાખ વધારી હતી, તે શાખ ભગાએ પળવારમાં ધૂળમાં મેળવી દીધી. સમાજમાં તરેહ તરેહની વાતો થવા લાગી, તેથી પિતા ભાઈચંદ દોશી ભગા ઉપર ખૂબ આકરા થયા.

આખા પરિવારે ભેગા મળી ભગા દોશીને ઘણું સમજાવ્યા, પરંતુ સમજણથી થયેલા સત્સંગ અને ભગવાન શ્રી સ્વામિનારાયણના નિશ્ચયમાંથી તેઓ જરા પણ ડગ્યા નહીં. જેમ જેમ ભગાને સમજાવે, તેમ તેમ ભગાની દૃઢતા વધારે દૃઢ થવા લાગી.

આખરે સમજાવવાની કોઈ રીત કામ ન કરતા તેમના પરિવારે બીજું પગલું ભર્યું અને એ હતું ધાક-ધમકીનું. ભાઈચંદ શેઠને ભાવનગર દરબાર સાથે સારા સંબંધો હોવાથી તેમની બીક બતાવી ઘણી ધાક-ધમકીઓ આપી. પોતાના વારસામાંથી ફૂટી કોડી પણ ન દેવાની બીક બતાવી, પણ ભગા શેઠ કોઈ પ્રકારનો ડર રાખ્યા

વિના પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા.

આમ બધા જ પ્રયાસો વ્યર્થ જતાં ભાઈચંદ શેઠ ખૂબ અકળાયા. મારા જેવા ગામના અગ્રગણ્ય અને ધનાઢ્ય શેઠનો દીકરો થઈને મારું જ માને નહીં, તો હું બીજાને કઈ રીતે સમજાવીશ અને એના ઉપર મારો શો ભાર પડશે ? આવી ચિંતા તેમને કોરી ખાવા લાગી. વળી વિચાર કર્યો કે ભગાને ભાવનગર દરબાર પાસે લઈ જઉં. જો દરબાર પોતે જ ખૂબ ડરાવી-ધમકાવીને આકરો ઠપકો આપે, તો એમના ભય અને શરમથી જરુર સ્વામિનારાયણનો સત્સંગ છોડી દેશે.

આવા વિચાર સાથે કોઈ કામકાજનું બહાનું કાઢી ભાઈચંદ શેઠ ભગા શેઠને લઈ ભાવનગર આવ્યા. ભાઈચંદ શેઠે ભાવનગર નરેશ પાસે ભગાની ફરિયાદ રજૂ કરી, પરંતુ બન્યું એવું કે ભાવનગર નરેશ પોતે જ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રભાવથી આકર્ષાયા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણના ઐશ્વર્ય અને સામર્થીના ગુણલાં સાંભળી તેઓને ભારે ગુણ આવ્યો હતો અને તેથી જ તે સત્સંગીઓને આદર આપતા હતા.

જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણની વાત સાંભળી, ત્યારે મુમુક્ષુ દરબારના હૃદયમાંથી ન્યાયભરી વાત નીકળી. દરબાર કહે, ‘‘શેઠ ! હું ભગાને કંઈજ ઠપકો નહીં આપી શકું કારણ કે ભગવાન શ્રી સ્વામિનારાયણ, તેમના સંતો અને સત્સંગીઓની રીતભાત ઘણી ઉત્તમ છે. અમારાં રાજ્યમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની પધરામણી થવાથી ચોર-ડાકુ, ભૂવા-ભારાડી જેવા લોકો અમને વશ નહોતા થતા, તેઓને સ્વામિનારાયણે વશ કર્યા છે. ન કેવળ વશ કર્યા છે, પરંતુ તેઓને ઉત્તમ ભક્ત બનાવી સમાજના રક્ષણહાર બનાવ્યા છે. આજે એમના સાધુઓના સંગને કારણે લોકોમાં ખોટા ફેલ-ફિતુર, લૂંટફાટ, અંધશ્રદ્ધા, વ્યસનો દૂર થયા છે. એમના પ્રતાપે અમારાં રાજ્યમાં જાણે રામરાજ્યની સ્થાપના થઈ હોય તેવું જણાય છે. જે કામ રાજ્યે કરવાનું હોય તે કામ સ્વામિનારાયણ અને એમના સાધુઓએ કર્યું છે, તેથી હું ભગવાન શ્રી સ્વામિનારાયણનો ભારે આદર કરું છું.’’

દરબારની વાત સાંભળી ભાઈચંદ શેઠ મૂંઝવણમાં મૂકાણા. પણ દરબાર સાથેનો ગાઢ નાતો હોવાથી શેઠે ફરીથી વિનંતી કરતા કહ્યું, ‘‘દરબાર ! આપ જાણો છો કે અમારો વિશાળ સમાજ જૈનધર્મી છે, જેથી અમારી પ્રજા પણ જૈનધર્મી હોય

તો જ અમને શાંતિ થાય અને સમાજમાં અમારો મોભો જળવાઈ રહે. માટે આપ કોઈપણ ઉપાયે ભગાને સ્વામિનારાયણના પંથેથી પાછો વાળો !''

શેઠને કાકલૂદી કરતા જોઈ દરબાર કહે, ''શેઠ ! જો તમારાં સંતાન તમારો ધર્મ પાળે એવું ઈચ્છતા હો, તો તમે બીજી સ્ત્રી પરણો. એના જે છોકરા થશે તે તમારો ધર્મ પાળી તમારી સેવા કરશે. બાકી તમારો આ પુત્ર ભગો સત્સંગી થયો છે, તેને હું કંઈપણ કહીશ નહીં.''

દરબારની આ રીતની વાત સાંભળી ભાઈચંદ શેઠ નિરાશ થઈ ઘરે આવ્યા. ભગાને સત્સંગ છોડાવવાનો બીજો કોઈ ઉપાય ન મળતા તે બીજી સ્ત્રી પરણ્યા. ભગા શેઠ સાથે પિતાએ બોલવા-ચાલવાના તમામ સંબંધો તોડી નાખ્યા. હવે ભગા શેઠ કોઈપણ ફિકર રાખ્યા વિના આઠોપહોર આનંદમાં રહી ભજન-સ્મરણ કરવા લાગ્યા.

ભાઇચંદ શેઠનું હૃદય પરિવર્તન

શ્રીજી મહારાજ ભગાદોશી ઉપર તેમની સમજણ અને નિશ્ચયભરી ભક્તિથી ખૂબ જ પ્રસન્ન હતા. મહારાજ સભામાં નિશ્ચયની વાતો કરતા ત્યારે ભગા દોશીની વાત કરી કહેતા, ''આ જગતમાં જ્યાં સુધી સુખ જેવું જણાતું હોય ત્યાં સુધી ભગવાનનો નિશ્ચય રહે અને ભક્તિ પણ થાય, પરંતુ ખરા નિશ્ચયની પરીક્ષા તો વિપત્તિમાં જ થાય છે. વિપત્તિમાં ભગવાનની દૃઢ નિષ્ઠા રાખવી, એ કામ તો ભગા દોશી જેવા શૂરવીર ભક્તનું છે.''

એક વખત શ્રીજી મહારાજ કારિયાણી બિરાજતા હતા. બોટાદના હમીર ખાચર આદિ ભક્તોએ મહારાજને બોટાદ પધારવા આમંત્રણ પાઠવ્યું.

મહારાજ આમંત્રણ સ્વીકારી સંતો-ભક્તોના સંઘ સાથે બોટાદ પધાર્યા. બોટાદ નિવાસી ભક્તોએ ધામધૂમથી મહારાજનું સ્વાગત કર્યું. મહારાજનો ઉતારો હમીર ખાચરના દરબારગઢમાં રાખવામાં આવ્યો હતો, તેથી મહારાજ સંતો-ભક્તો સાથે દરબારગઢમાં પધાર્યા.

મહારાજ જે જે ગામમાં પધારે, ત્યારે તે ગામના ભક્તજનો પોતે પરસેવો પાડી અર્જિત કરેલું ધાન ભગવાનના ઉપયોગમાં આવે એવી ભાવનાથી મહારાજ તથા સંતો-ભક્તોને રસોઈ આપે. ભક્તો આગેવાન ભક્તો કે સંતો સાથે મળી

પોતાની રસોઈની નોંધ કરાવે. એ મુજબ સાંજે નક્કી થયું કે આવતીકાલની બપોરની રસોઈ હમીર ખાચરની રહેશે.

આ બાજુ મહારાજ બોટાદ પધાર્યા ત્યારથી ભગા દોશીના અંતરમાં આનંદ મા'તો નહોતો. તેઓના અંતરમાં પણ મહારાજને જમાડવાનો ભાવ જાગ્યો. તેઓએ રાત્રે સીધા-પાણીની વ્યવસ્થા કરી, વહેલી સવારે ટોપલાઓ ભરી સીધુ હમીર ખાચરના ઘરે પહોંચાડ્યું અને મહારાજને વિનંતી કરતા કહ્યું, "મહારાજ ! આજે તમારો થાળ તથા સંતો-ભક્તોની રસોઈ અમારા સીધાની બનાવજો."

હમીર ખાચર સીધુ જોઈને કહે, "ભગાશેઠ ! આજે અમારી રસોઈ પહેલાથી જ નક્કી થઈ ગઈ છે, માટે આજે રસોઈમાં અમારું સીધુ જ વપરાશે."

હમીર ખાચરની વાતને કાને ન ધરતા ભગા દોશીએ જીદ પકડી કે, "ના મહારાજ ! બપોરની રસોઈ તો મારી જ કરો."

આમ ઘણી રકઝક ચાલી પણ ભગા દોશી ન માન્યા, ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીને ભગા દોશીને સમજાવવા કહ્યું. મુક્તાનંદ સ્વામીએ પણ ભગા દોશીને સમજાવ્યા, પરંતુ ભગા દોશીનું પ્રેમી હૃદય કોઈ રીતે માનવા તૈયાર ન હતું. એમણે તો સતત પોતાની રસોઈનો જ આગ્રહ રાખ્યો.

ભગા દોશી કોઈ રીતે ન માન્યા, એટલે મહારાજે એમની કસોટી કરવાનો સંકલ્પ કર્યો. જે કસોટીએ એમના જીવનમાં નવો વળાંક આપ્યો.

મહારાજે ભગા દોશીને કહ્યું, "ભગા દોશી ! તમે અમારા માટે જે સીધુ લઈ આવ્યા છો, એ તમારા પિતાજીને પૂછીને લાવ્યો છો ?"

મહારાજના આ અચાનક થયેલા પ્રશ્નને લીધે ભગા દોશીના હૃદયમાં થડકો પડ્યો. નીચું મોંઢું રાખી થોડીવાર મૂંગા રહ્યા અને પછી અચકાતી વાણીએ બોલ્યા, "ના...મહારાજ ! એમને... નથી...."

ભગા દોશી આગળ બોલે એ પહેલા મહારાજે ઉગ્ર સ્વરે કહ્યું, "તમે અમારી રસોઈ માટે જે સીધુ લઈ આવ્યા છો એ તમારા પિતાજીને પૂછ્યા વિના લાવ્યા છો, માટે એ અન્ન ચોરીનું કહેવાય. અમને જમાડવા તમે ચોરીનું અન્ન લઈ આવ્યા ? લઈ જાઓ પાછા આ ટોપલા. આવું અણહક્કનું અમને ન ખપે."

મહારાજની ઉગ્ર વાણી સાંભળી ભગા દોશી દુઃખી થઈ ગયા. સીધાના ટોપલાઓ લઈ ઘરે આવ્યા. પોતાના પિતા ભગવાન સ્વામિનારાયણને જમાડવા

માટે રાજી-ખુશીથી સીધુ આપે એવી તો કોઈ આશા હતી જ નહીં. તેથી ઉદાસ થયેલા ભગા દોશી ઘરના ખૂણામાં બેસી ગયા. પોતાનું અન્ન મહારાજના ઉપયોગમાં ન આવ્યું એ પસ્તાવાને કારણે આંખોમાંથી આંસુડાઓની ધારાઓ વહેવા માંડી.

એ સમયે બહાર ગયેલા ભાઈચંદ શેઠ ઘરે આવ્યા. ઓસરીની કોરે માલ-સામાનના ટોપલા ભરેલા જોયા અને ખૂણામાં ભગાને રડતો જોયો.

આ દૃશ્ય જોઈ ભાઈચંદ શેઠને થયું, ગમે તેવી મુશ્કેલીમાં પણ પાછો ન પડનારો ભગો આજે ખૂણામાં બેસી રડે છે કેમ ? ગમે તેમ તોય બાપનું હૃદય, એટલે તેઓ ભગા પાસે ગયા અને માથે હાથ ફેરવી પ્રેમથી પૂછ્યું, ‘‘ભગા ! આમ કેમ ઉદાસ થઈને બેઠો છો ?’’

આજે ઘણા સમય પછી પોતાના બાપે પ્રેમથી બોલાવ્યા હતા, તેથી ભગા શેઠથી વધારે રડાઈ ગયું. રડતાં રડતાં તેમણે કહ્યું, ‘‘પિતાજી ! આજે મારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન બોટાદ પધાર્યા છે. હું આ સીધુ-સામગ્રી લઈ એમને રસોઈ આપવા ગયો હતો, પણ તેમણે સીધુ લેવાની ના પાડી અને કહ્યું કે ‘તું તમારા પિતાશ્રીને પૂછ્યા વિના સીધુ લાવ્યો છો, માટે એ અમે નહીં લઈએ.’ પિતાજી ! મારા ફૂટેલા ભાગ્ય કે સ્વયં ભગવાન ગામમાં પધાર્યા અને આપણું સીધુ એમના ઉપયોગમાં ન આવ્યું !’’

ભગાની આ રીતની વાત સાંભળી ભાઈચંદ શેઠનું મન ચકરાવે ચડ્યું. થોડીવાર તો તેમને શું બોલવું એ કાંઈ સૂઝ્યું નહીં. બીજી જ ક્ષણે ભીની આંખે પોતાના પુત્રના માથે હાથ મૂકી બોલ્યા, ‘‘બેટા ! આ તો ખૂબ નવાઈની વાત છે. અરે ! ભોજન માટે તો સાધુ-બાવાઓ કેવી કેવી ધમાલ કરતા હોય છે અને પરાણે સીધા-સામાન પડાવતા હોય છે, જ્યારે તારા ભગવાને સામેથી મળેલા સીધાનો અસ્વીકાર કર્યો ! અરે બેટા ! ભાગ્ય તો મારા ફૂટેલા છે, હું તારી નિષ્ઠાપૂર્વકની ભક્તિ અને સ્વામિનારાયણ જેવા યુગપુરુષને ઓળખી ન શક્યો. માટે ચાલ હું તારી સાથે આવું.’’ આમ કહી ભાઈચંદ શેઠે માણસોને બોલાવી સીધાના ટોપલાઓ ઉપડાવ્યા અને ભગાને સાથે લઈ હમીર ખાચરના દરબારગઢમાં આવ્યા. મહારાજ પાસે ટોપલાઓ મૂક્યા અને આ સીધાની રસોઈ બનાવવા મહારાજને વિનંતી કરી.

આ પ્રસંગ પછી ભાઈચંદ શેઠનું હૃદયપરિવર્તન થયું. એમને ભગવાન શ્રી

સ્વામિનારાયણનો ભારે ગુણ આવ્યો. હવે તેઓ ભગા દોશી પ્રત્યે લાગણીથી વર્તવા લાગ્યા. આ રીતે ભગા દોશીને ભજન કરવાની સર્વે સાનુકૂળતા થઈ.

પશુહિંસા રોકાવી

તત્કાલીન ભારતમાં શક્તિપંથી તેમજ વામાચારીઓ, ભૂવા-ભારાડી, તાંત્રિકોનો જબરો પ્રભાવ હતો. ગામોગામ દેવી-દેવતાઓને પ્રસન્ન કરવા પશુ-પંખીઓનાં બલિદાન અપાતાં. ધાર્મિક અંધશ્રદ્ધાએ એટલી હદ વાળી હતી કે જેને લીધે નરબલિ આપવાના પણ રિવાજો હતા.

રાગપ્રધાન ક્ષત્રિયો અને બ્રાહ્મણો પોતાના સારાં-નરસાં મનોરથોને પૂર્ણ કરવા તેમજ સ્વાદેન્દ્રિયને વશ થઈ હિંસાપ્રધાન યજ્ઞો કરતા અને કરાવતા. નવરાત્રિના દિવસોમાં માતાજી પાસે હજારો નિર્દોષ ઘેટાં-બકરાંઓનાં બલિદાન અપાતાં. ધર્મના નામે માંસભક્ષણ અને સુરાપાન છૂટથી થતાં. મરણ અને પરણનાં પ્રસંગોએ તેમજ છોકરાઓનાં જન્મ પ્રસંગે માતાના મઢમાં નારિયેલની જેમ પશુઓનો વધ થતો. વાર-તહેવારે ભૂવાઓ ધૂણતા, દાણા જોવાતા અને ગાંજા-અફીણની રેલમછેલ થતી. ભૂવો ધૂણે અને જે બોલે તે વેદવાક્ય મનાતું. સાક્ષાત્ મા બોલે છે, એવું માની અબુધ લોકો ગેરમાર્ગે દોરાતા.

આવા કપરા સમયમાં જો કોઈ રોગચાળો, પૂર-હોનારત કે દુષ્કાળ જેવી કુદરતી આપત્તિઓ આવતી, ત્યારે માતાનો કોપ થયો છે એવું માની ન કરવાના અધર્મભર્યા કાર્યો થતાં.

એક સમયે બોટાદમાં આવો જ કંઈક પ્રસંગ બન્યો. સંજોગવશાત્ મરકીના રોગે બોટાદના સમગ્ર વિસ્તારને ભરડો લીધો.

વૈદ્યોએ ઘણા ઉપચારો કર્યા, પોતે જાણતા તમામ વિદ્યાને અપનાવી પણ આ રોગ નાબૂદ થવાનું નામ નહોતો લેતો. બાળકો, યુવાનો અને વૃદ્ધો ટપોટપ મરવા લાગ્યા હતા. પશુ-પંખીઓનાં મૃતદેહો જ્યાં-ત્યાં રખડતા જોવા મળતાં હતાં.

કોઈ રીતે મરકીનો રોગ કાબુમાં ન આવતા ગામલોકો ભેગા થયા. સહુએ ભેગા મળી નક્કી કર્યું કે જો આ સમયે બલિદાન આપી માતાને પ્રસન્ન કરવામાં આવે, તો આ રોગ તત્કાળ નાશ પામે, માટે ઘેટાં-બકરા તથા પાડાઓનું બલિદાન દેવું. નક્કી થયા પ્રમાણે માતાજીના મંદિરે પશુઓને ભેગાં કર્યા. બલિ આપવા

માટેની તૈયારીઓ થઈ.

આ સમાચારની આખા ગામમાં ખબર હતી. ગામનો મોટો સમાજ અહિંસામાં માનનારો હતો, છતાં કોઈ કાંઈ બોલતું ન હતું. જ્યારે આ સમાચાર ભગા શેઠને મળ્યા ત્યારે તેમનું અંતર કકળી ઊઠ્યું.

મારતે ઘોડે તેઓ માતાનાં મઢે આવ્યા. પશુબલિ દેનારાઓ પશુઓને મારવાની તૈયારી કરતા હતા, એ જ સમયે તેઓએ ત્યાં પહોંચી તેમને રોક્યા.

ભગા શેઠનો ક્રોધિત ચહેરો જોઈ બલિ ચડાવનારા તથા ભૂવાઓ પાછા હટી ગયા. ભગા શેઠે પહેલા તો બાંધેલા પશુઓને છોડ્યા. ત્યારબાદ ભૂવાઓને પડકારતા કહ્યું, "ખબડદાર જો અમારા ગામમાં કોઈએ હિંસા કરી છે તો ! શું કોઈ માતા પોતાના બાળકોની બલિ સ્વીકારે ખરી ? માટે જો કોઈએ પશુવધ કર્યો છે, તો આ તલવાર કોઈની સગી નહીં થાય અને પશુના બદલે તમારી બલિ ચઢશે !"

ભગા શેઠની આકરી વાણી સાંભળી ભૂવાઓને હાથમાંથી બાજી સરી જતી હોય તેવું લાગ્યું. તેથી તેઓએ કહ્યું, "શેઠ ! આ બલીને રોકશો નહીં, નહીંતર માતા કોપાયમાન થશે અને તમારું ધનોત-પનોત કાઢી નાખશે ! તમને આ ભયંકર મરકીનો રોગ લાગુ પડશે અને તરફડીને મરી જશો."

શેઠ કહે, "ભલે તારી માતા મારું ધનોત-પનોત કાઢે, પણ મારાં ગામમાં પશુહિંસા તો નહીં જ થાય. અહીંથી ચાલ્યા જાઓ, નહીંતર આ તલવાર કોઈની સગી નહીં થાય ! અને હા... સાંભળો, તારી આવી હજારો માતાઓ મારા ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણોમાં આળોટે છે, એવા એ પુરુષોત્તમ નારાયણનો હું આશ્રિત છું. માટે મને કોઈની બીક નથી."

આમ ઉગ્રતા ધારણ કરેલા ભગા શેઠને જોઈ ભૂવાઓને ત્યાં ઊભા રહેવાની હિંમત ન થઈ. તેઓ બલિ ચઢાવવાનું પડતું મેલી ત્યાંથી ચાલતા થયા. આમ શૂરવીરપણે ભગા શેઠે પોતાના ઈષ્ટદેવના કેફે બોટાદમાં થતી પશુહિંસાને રોકી.

આવા સો-સો પલાણ ભગા ઉપર ઘોળ્યા

મહારાજની કૃપાથી ભગા શેઠ સર્વ રીતે સુખી થયા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન એમનું જીવન હતું. એમનો શ્વાસેશ્વાસ ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્મરણ સાથે વણાઈ ગયો હતો.

વહેવારે સુખી હતા, તેથી ઘરમાં સપંત્તિની કોઈ કમી ન હતી. પોતાને મળેલી સંપત્તિનો યોગ્ય વ્યય કરવાનું ઠેકાણું પણ તેઓ જાણતા હતા. ગઢપુર, વરતાલ જેવાં ધામોમાં ઉજવાતા ઉત્સવોમાં અચૂક હાજર રહેતા અને તન-મન-ધનથી સેવાઓ પણ કરતા.

ભગા શેઠને એક શોખ હતો. એ શોખ કોઈ મોજમજાનો નહીં, પણ પોતાના ઈષ્ટદેવ તથા તેમના ઉપાસકોને જમાડવાનો હતો. વારંવાર બોટાદથી સારી સારી વાનગીઓ બનાવડાવી ગઢપુર લઈ જતા અને સંતો-ભક્તોને ખૂબ પ્રેમથી જમાડતા. ક્યારેક બોટાદના કંદોઈઓને ગઢપુર લઈ જતા અને ઉત્તમ પકવાનો બનાવી સર્વને જમાડતા. આ ઉપરાંત તેમનો સ્વભાવ અત્યંત દયાળુ હતો. કોઈ ગરીબ સત્સંગી હોય, તો તેમને સર્વ રીતે મદદ પણ કરતા.

જે રીતે ભગા દોશી સત્સંગીઓનું ધ્યાન રાખતા, એ જ રીતે મહારાજ પણ પોતાના પ્રિય ભક્તનું ધ્યાન રાખતા.

એક સમયે ગઢપુરમાં મહારાજને સમાચાર મળ્યા, કે ભગા દોશી બહુ બિમાર છે. સમાચાર સાંભળતા જ ભક્તવત્સલ ભગવાન પોતાના ભક્તની ખબર લેવા તૈયાર થયા અને ભક્તોને કહ્યું, “ભગા દોશી બિમાર છે, તેથી એમને જોવા અમારે અત્યારે જ બોટાદ જવું છે.”

મહારાજની વાત સાંભળી સભામાં બેઠેલા જીવા ખાચરે કહ્યું, “મહારાજ ! હું પણ તમારી સાથે આવું.”

ત્યારે મહારાજ કહે, “તમે ઝડપથી તૈયાર થઈને આવો, અમે તમને તમારી ડેલીએ મળીએ છીએ.”

જીવા ખાચર તૈયાર થવા ઘરે ગયા. એ સમયે તેમની ડેલીએ કોઈ વાણિયો બોટાદથી આવેલો. જીવા ખાચરે તેને પૂછ્યું, “હવે ભગા દોશીને કેમ છે ?”

ત્યારે તે વાણિયો કહે, “દરબાર ! થોડા સમય પહેલા જ ભગા દોશીએ દેહ મૂક્યો.”

આમ વાત ચાલે છે, ત્યાં મહારાજ માણકી ઉપર સવાર થઈ જીવા ખાચરની ડેલીએ આવ્યા અને કહ્યું, “જીવા ખાચર ! કેટલી વાર છે ? ચાલો ! અમારે મોડું થાય છે.”

ત્યારે જીવા ખાચર કહે, “મહારાજ ! ભગા દોશીએ તો દેહ મેલી દીધો છે.

હવે ત્યાં જઈને શું કરીશુ ?''

મહારાજ કહે, ''તમને કોણે કહ્યું ?''

જીવા ખાચર કહે, ''મહારાજ ! આ વીશો વાણિયો હમણાં જ બોટાદથી આવ્યો અને એ આ સમાચાર લાવ્યો છે.''

ત્યારે મહારાજ કહે, ''દરબાર ! ભગા દોશીએ દેહ મેલ્યો હોય, તો તેની અમને ખબર ન હોય ? અમારા વગર એના જીવને કોણ લઈ જનાર છે ? માટે તમારે આવવું હોય તો ઝડપ રાખો.''

જીવા ખાચર જરા મોજ-મોજીલા ખરા, એટલે ઢીલા નાંગરા નાખીને કહે, ''મહારાજ ! હવે હું ત્યાં આવીને શું કરું ? પછી જઈ આવીશું, માટે તમ-તમારે જવું હોય તો જાવ.''

પછી મહારાજ નાજા જોગિયા અને દાદા ખાચર વગેરે ઘોડેસ્વારો સાથે રવાના થયા. રસ્તામાં વરસાદ બહુ પડ્યો. ઘોડાઓને આગળ ચલાવવા મુશ્કેલ થઈ પડ્યું. તેથી મહારાજે દાદા ખાચર આદિ ભક્તોને કહ્યું, ''ભક્તો ! તમે તમારી રીતે નિરાંતે ચાલ્યા આવો, અમે થોડા જલ્દી જઈએ છીએ.'' એમ કહી નાજા જોગિયાને સાથે લઈ મહારાજ આગળ ચાલી નીકળ્યા.

અનરાધાર વરસાદને કારણે મહારાજનાં વસ્ત્રો તથા માણકી ઘોડીનું કિમતી જરિયાની પલાણ વગેરે પલળી ગયા. એ જોઈ નાજા જોગિયા મહારાજને કહે, ''મહારાજ ! આ તો ભારે થઈ. આપણે કટાણે નીકળ્યા. વરસાદને કારણે તમારા કિમતી વસ્ત્રો તથા માણકીનું ભારેમાયલું પલાણ પણ પલળી ગયું !''

મહારાજ કહે, ''નાજા ! આવા તો સો-સો પલાણ અમારા ભગા ઉપર ઘોળ્યા !''

મહારાજ એમને એમ ભીના વસ્ત્રોમાં મારતી ઘોડીએ બોટાદ આવ્યા. હમીર ખાચરના દરબારમાં ઉતારો કરી, કોરાં વસ્ત્રો પહેરી, તૂરત જ ભગા દોશીને જોવા પધાર્યા.

મહારાજ જેવા ભગા દોશીની ખડકીમાં પ્રવેશ કરવા ગયા, ત્યાં નજીકમાં જ જૈનની બે સાધ્વીઓ ઊભેલી હતી. તેઓ મહારાજને જોઈને મર્મથી બોલીયું, ''જો આ સ્વામિનારાયણ આવ્યા. એ ભગાના ભગવાન કહેવાય છે, તે હમણાં એમાં જીવ ઘાલી દેશે !''

તે સાંભળી મહારાજ મંદ-મંદ હસતા બોલ્યા, “હું જીવ નહીં ઘાલું, તો શું તું ઘાલીશ ?” એમ કહી મહારાજે શેઠના ઘરમાં પ્રવેશ કર્યો. ભગા શેઠને એક ઓરડામાં સૂવડાવી રાખેલા. એમનો જીવ નેત્રોમાં ટકી રહ્યો હતો. બાકીના શરીરમાં કોઈ હલન-ચલન થતું ન હતું. મહારાજ ભગા શેઠના ખાટલાની બાજુમાં બેઠા અને એમની છાતી ઉપર હાથ મેલી ‘ભગા દોશી ! એ ભગા દોશી...!’ એમ બે-ત્રણ વાર ઊંચા અવાજે સાદ કર્યો.

મહારાજનાં શબ્દો કાને પડતાં જ જેમ સૂર્યોદય થાય અને કમળ ખીલે, એમ ભગા દોશીના નેત્ર ખૂલ્યાં. મહારાજની મનોહર મૂર્તિનાં દર્શન થતાં જ ભગા દોશીના શરીરમાં કોઈ અલૌકિક સંચાર થયો. અચેતન અવસ્થામાં પડેલાં શરીરમાં એકાએક ચેતન પ્રગટ્યું. ભગા દોશીએ બે હાથ જોડી મહારાજને નમસ્કાર કર્યા.

અચાનક ભગા દોશીના શરીરને હલતું જોઈ સર્વ પરિવારજનોના નેત્રોમાંથી હર્ષના આસુંઓ વહેવા માંડ્યાં. મહારાજે બાજુમાં ઊભેલા ભગા દોશીના કાકા પાસે દહીં ભરેલી તાંસળી મંગાવી. તેઓ દહીં લાવ્યા એટલે મહારાજ કહે, “હવે આમાં સાકર નાખો.”

ત્યારે એમના કાકા આશ્ચર્યથી કહે, “મહારાજ ! સાકરથી તો ઉલટાનો શ્વાસ વધે !”

મહારાજ કહે, “ભગા દોશીનો દેહ રહે તો તમે રાજી કે પછી દેહ ન રહે એમાં રાજી ?”

તેમના કાકા કહે, “મહારાજ ! દેહ રહે એમાં અમે રાજી.”

ત્યારે મહારાજ કહે, “તો અમારામાં વિશ્વાસ રાખી, અમે જે ઓહડ કરીએ તે કરવા દો.”

પછી મહારાજે દહીંમાં સાકર નાંખી, ઘોળવું બનાવી, પોતાના હાથે ભગા દોશીને પાયું.

થોડીવારમાં ભગા દોશીને શાતા વળી. પોતાની જાતે બેઠા થયા અને મહારાજને પગે લાગ્યા. મહારાજે તેમને પોતાના હાથે જમાડ્યા.

આ રીતે ભક્તવત્સલ ભગવાને પોતાના ઐશ્વર્યથી ભગા શેઠને મરણપથારીએથી બેઠા કર્યા.

કરુણતાથી નીતરતો પશ્ચાતાપ

એકવાર ભગા દોશી તથા બોટાદના અન્ય હરિભક્તો મહારાજના દર્શને ગઢપુર આવ્યા. તેઓએ મહારાજને આવતો ફૂલદોલોત્સવ બોટાદમાં કરવાની વિનંતી કરી.

મહારાજે ભક્તોની વિનંતીનો સ્વીકાર કર્યો. ભક્તોનો ભાવ પૂરો કરવા મહારાજ મોટી સંખ્યામાં સંતો તથા હજારો હરિભક્તોની સાથે બોટાદ પધાર્યા અને ભારે ધામધૂમથી ફૂલદોલોત્સવ કર્યો.

ઉત્સવમાં પધારેલા સંતો-ભક્તોને મહારાજે કથા-વાર્તા કરી પોષણ કર્યું. પાંચ દિવસના આ ઉત્સવમાં બોટાદના ભક્તોએ ઉત્સવમાં પધારેલા સંતો-ભક્તોને દરરોજ ભારે ભારે પકવાનો બનાવડાવી ખૂબ જમાડ્યા. ધુળેટીના દિવસે મહારાજે રંગના માટલાંઓ તથા અબીલ-ગુલાલના કોથળાઓ ભરી રંગ ઊડાડ્યો. બધાને ખૂબ રંગે રમાડ્યા અને જૂગતે જમાડ્યા.

ઉત્સવ પૂરો કરી મહારાજે બોટાદમાં સત્સંગીઓના તમામ ઘરે પધરામણીઓ કરી. ભક્તોએ ફૂલ-હાર, ચંદન, કુમકુમ, કીમતી વસ્ત્રો વગેરે અર્પણ કરી મહારાજની ખૂબ પ્રેમથી પૂજા કરી.

ઘરે ઘરે પધરામણીઓ કરતા કરતા મહારાજ ભગા દોશીના ઘરે પધાર્યા. અનંતનો આધાર પોતાનાં ઘરે પધાર્યા એટલે ભગા દોશીની આંખો ભાવથી નીતરવા લાગી. ભગા દોશીએ મહારાજની પૂજા કરી ત્યારે મહારાજે કહ્યું, ‘‘શેઠ ! તમે ઉત્સવમાં ખૂબ સેવાઓ કરી છે. તમારી સેવાથી અમે અત્યંત પ્રસન્ન થયા છીએ, માટે શેઠ ! માગો માગો, તમે આજે જે વર માગશો એ અમે આપીશું.’’

ત્યારે ભગા દોશી કહે, ‘‘મહારાજ ! તમારી કૃપાથી કોઠારો અભરે ભર્યા છે. અમારે આ લોકના કોઈ પદાર્થોની કમી નથી, પણ તમારે જો આપવું જ હોય તો મને એ વર આપો કે તમારી મૂર્તિમાં મારાં મનની વૃત્તિ અખંડ રહે અને અમારા વંશમાં કાયમ સત્સંગ રહે.’’

મહારાજ ભગા દોશીએ માગેલા વરદાનથી પ્રસન્ન થયા અને બોલ્યા, ‘‘શેઠ ! તમે ખરો વર માગ્યો !’’

આમ મહારાજે ભગા શેઠને વરદાન આપી ગઢપુર તરફ પ્રયાણ કર્યું.

આ રીતે અવારનવાર ભગા દોશી મહારાજની સેવા કરતા અને ઉત્સવ-સમૈયાઓમાં પોતાની રુચિ પ્રમાણે ખૂબ સારા ભોજન બનાવડાવી મહારાજ તથા સંતો-ભક્તોને જમાડતા.

ક્યારેક મહારાજ કહેતા, "ભગા શેઠ ! આજે તો અમે કહીએ તેમ રસોઈ કરો." ત્યારે ભગા શેઠ પોતાનાં મનમાં ધારેલા પ્રમાણે જ કરવાનો આગ્રહ રાખતા અને કહેતા, "ના મહારાજ ! મારે તો આ રીતે જ કરવું છે."

ત્યારે મહારાજ પ્રેમીભક્તને એમની રુચિ પ્રમાણે કરવા દેતા. પરંતુ શ્રીજી મહારાજ સ્વધામ પધાર્યા પછી શેઠને ગુણાતીતાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુઓના સમાગમથી સમજાયું કે 'પોતાના ઈષ્ટદેવ તથા ગુરુ પાસે પોતાના મનની ધારણાઓ છોડી, એ જે પ્રમાણે કહે એ પ્રમાણે વર્તવું, એ જ ઉત્તમ ભક્તનું લક્ષણ છે; અને જ્યારે એ પ્રમાણે સેવા થાય, ત્યારે જ અંતરના આશીર્વાદ મળે છે.'

સંતોની આ વાત ભગા દોશીના હૃદયમાં બરાબર ઠસી ગઈ અને મનમાં સતત ઘૂમરાવા લાગી. વિચારોના વમળોમાં પોતાને ખૂબ પશ્ચાત્તાપ થયો કે 'હું મહારાજની રુચિ જાણી ન શક્યો. મેં મહારાજ પાસે મરું ધાર્યું જ કરાવ્યું. હર વખત મેં મહારાજની રુચિ વિરુદ્ધનું વર્તન કર્યું. મહારાજની રુચિ પ્રમાણે એકવાર પણ જો હું વર્ત્યો હોત, તો મારું કામ થઈ જાત.' આમ ભગા દોશી દુઃખી હૃદયે સતત પશ્ચાત્તાપ કરતા રહેતા.

એવામાં એકવાર આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ ગઢડા પધાર્યા. સમાચાર મળ્યા એટલે ભગા દોશી મહારાજશ્રીના દર્શન કરવા ગઢપુર આવ્યા.

સાથે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી આદિ મોટા સંતો પણ હતા. તેઓ પાસે જઈ ભગા દોશીએ પોતાના દિલની વાત કરી. સંતોએ આશ્વાસન આપી જણાવ્યું કે "શેઠ ! તમે તો શ્રીજી મહારાજની ખૂબ સેવા કરી છે, માટે એ સંભારીને રાજી રહેવું. અને છતાં તમારા મનમાં અસંતોષ હોય, તો આ સમયે એ અસંતોષને દૂર કરવાનો ભારે યોગ છે. રઘુવીરજી મહારાજ સાક્ષાત્ ભગવાનના જ પુત્ર છે અને સદ્‌ગુરુ સંતો પણ સાથે છે, માટે કાલે તમારી રસોઈ રાખો. મહારાજ તમારી મૂંઝવણ અવશ્ય ટાળશે."

પછી ભગા દોશીએ મહારાજની જે રુચિ હતી તેને યાદ કરી, એ પ્રમાણે સર્વોત્તમ પકવાનો બનાવરાવ્યા. બીજે દિવસે પરમહંસોની પંક્તિમાં શ્રી રઘુવીરજી મહારાજ પીરસવા પધાર્યા. એ સમયે મહારાજ જરિયાની વસ્ત્રો ધારણ કરી મંદ-મંદ હસતા થકા સંતોની પંક્તિમાં ખૂબ આગ્રહ કરી પીરસી રહ્યા છે એવા ભગા દોશીને દર્શન થયાં. મહારાજની મંદ મંદ હાસ્ય કરતી મૂર્તિનાં દર્શન થયાં એટલે પોતે અત્યંત આનંદ પામી દંડવત્ કરવા લાગ્યા. જ્યાં સુધી સંતો જમ્યા, ત્યાં સુધી તેઓને મહારાજનાં દર્શન થયા. મહારાજના દર્શનની સાથે તેમના હૃદયની તમામ વ્યથાઓ દૂર થઈ.

આવી ઉત્તમ પ્રીતિવાળા, દઢનિષ્ઠ ભક્તરાજ ભગા દોશીના સુપુત્ર શિવલાલભાઈ પણ અતિ ગુણિયલ અને એકાંતિક ભક્ત થયા હતા.

૨૧ મૂળજી શેઠ (મેમકા)

ધર્મશાસ્ત્રોમાં પ્રમાણભૂત મનાયેલ મનુસ્મૃતિમાં 'ધર્મ કોને કહેવાય ?' તે સંબંધી વિવેચન કરતાં મહર્ષિ મનુએ ધૈર્યને પ્રથમ સ્થાન આપ્યું છે, કારણ કે ધૈર્ય (ધીરજ)થી જ બહુધા કાર્યની સફળતા પ્રાપ્ત થતી હોય છે. ધૈર્યવાળો પુરુષ મોટા-મોટા સંકટને પાર કરી સુખ-શાંતિ અનુભવી શકે છે. ધૈર્ય જ સત્ય અને ધર્મની રક્ષા કરી મનુષ્યને ઈષ્ટસિદ્ધિ પ્રાપ્ત કરાવે છે. ધૈર્ય ધર્મને ધારણ કરાવવામાં ખૂબ સહાયક બને છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં આધ્યાત્મિક અને વ્યાવહારિક ધૈર્ય ધારણ કરનારા ઘણા ભક્તો થઈ ગયા. એમાંના એક ભક્ત હતા ઝાલાવાડ પ્રદેશના મેમકા ગામના ભક્ત શાહ મૂળજી શેઠ, કે જેઓ સેવાભાવી, ધીરજવાળા, ઈષ્ટદેવમાં દૃઢ નિષ્ઠાવાળા અને બહુ જ વ્યવહારકુશળ હતા.

ધૈર્યતાભરી વ્યવહારકુશળતા

સુરેન્દ્રનગર જિલ્લાનું મેમકા નાનું અને રળિયામણું ગામ. ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોના પ્રસંગમાં આવવાથી આ ગામના ઘણા લોકો સત્સંગી થયેલા. આ જ ગામના મૂળજી શેઠ શ્રીજી મહારાજના અતિ કૃપાપાત્ર ભક્ત હતા. તેઓ ભારે વ્યવહારકુશળ હતા. કુશળતાપૂર્વક મૂળી રાજ્યનું કારભારું કરી એમણે લોકમાં ઘણી સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણને વિશે તેઓને અત્યંત પ્રીતિ હતી. અવારનવાર મહારાજનાં સાનિધ્યમાં આવતા અને ખૂબ શ્રદ્ધાથી તન-મન-ધનથી સેવાઓ કરતા. સુખ-દુઃખના પ્રસંગોમાં પણ તેઓ ખૂબ ધીરજ રાખી શ્રીજી મહારાજની ઈચ્છાને પોતાનું જીવન માની ભજન-સ્મરણ કરતા રહેતા.

મૂળી રાજ્યનું કારભારું કરેલું, એટલે એમને વ્યવહારમાં ખૂબ નજર પહોંચતી. મહારાજ જ્યાં જ્યાં મોટા મોટા સમૈયાઓ કરતા, ત્યાં પોતાનો તમામ વ્યવહાર છોડી સેવા કરવા પહોંચી જતા. આખા સમૈયાનો કારભાર પોતે સંભાળતા, કોઠારી તરીકે રહી જોઈતી સાધન-સામગ્રીની કરકસરપૂર્વક ખરીદી કામ કરતા. સમૈયો પૂરો થતા એક એક પૈસાનો હિસાબ મહારાજને સોંપી દેતા.

એક વખત મહારાજે એમને પૂછેલું, "શેઠ ! તમને કેટલી ગણતરી આવડે ?" ત્યારે શેઠે નિર્માનીભાવે કહેલું, "મહારાજ ! તમારી કૃપાથી એકડાની પાછળ સત્તર મીંડા ચડે, જેને શાસ્ત્રોમાં પરાર્ધ કહે છે, એટલી ગણતરી કરી શકું." શેઠનો જવાબ સાંભળી મહારાજે શેઠની બુદ્ધિમત્તા ઉપર પોતાની પ્રસન્નતા બતાવી અને કહ્યું, "આજે અમારું પ્રાગટ્ય આટલા જીવોનું કલ્યાણ કરવા જ થયું છે, તે જ્યાં જ્યાં મુમુક્ષુ હશે તેમને આ સત્સંગમાં જન્મ ધરાવીને કલ્યાણ કરીશ."

મૂળજી શેઠ આટલા બુદ્ધિશાળી હોવા છતાં, મોટા સમૈયાના બહોળા વ્યવહારમાં હજારો મનુષ્યો ભેળા થતા હોય, બધાના સ્વભાવ સરખા ન હોય, ઘણીવાર વિચારભેદને કારણે અથડામણના પણ ઘણા પ્રસંગો આવે, છતાં મૂળજી શેઠ જરા પણ આકરા થયા વિના ખૂબ ધીરજ રાખી શાંતિથી સેવાઓ કરતા. આવી એમની વ્યવહારકુશળતા જોઈને તેમના ઉપર શ્રીજી મહારાજ ખૂબ રાજીપો વરસાવતા અને કહેતા, "જેમ શિવજીનો ભંડારી કુબેર છે, એમ આ મૂળજી અમારો કોઠારી છે."

ભક્તની વ્હારે ભગવાન

વિ.સં. ૧૮૬૦ની સાલમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સૌ પ્રથમવાર કારિયાણી પધાર્યા. એ વખતે મૂળજી શેઠ ભગવાન શ્રી સ્વામિનારાયણને મેમકા તેડી લાવ્યા હતા. મહારાજની સાથે મુક્તાનંદ સ્વામી તથા બીજા સંતો પણ હતા.

આ સમયે મહારાજની ઉંમર બાવીસ-ત્રેવીસ વર્ષની હતી. મહારાજની

મનોહર અને ઐશ્વર્યથી ભરપૂર મૂર્તિ સૌ કોઈ નર-નરીઓને ભારે આકર્ષતી. જે કોઈ મહારાજનાં દર્શન કરતા, તે એ મૂર્તિમાં ખૂબ આકર્ષણ અનુભવતા. મહારાજ એ સમયે સમાધિપ્રકરણ ચલાવતા હતા. સમાધિનો અલૌકિક પ્રભાવ જોઈ હજારો લોકો મહારાજનાં સ્વરૂપમાં આકર્ષાતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણની મેમકામાં પધરામણી થતા આખું મેમકા હિલોળે ચડ્યું હતું. ગામના સર્વે લોકો મહારાજના સ્વાગત તથા દર્શને ઉમટ્યા હતા. મૂળજી શેઠે મહારાજનું સ્વાગત કરી પોતાનાં ઘરે ઉતારો કરાવ્યો. અહીં મહારાજે થોડા દિવસ રોકાઈ નિત્ય નવી નવી લીલાઓ કરી ભક્તોને અલૌકિક આનંદ આપ્યો હતો.

એ વખતે મેથાણના અજા પટેલ (જે પછીથી સાધુ થયા અને પૂર્ણાનંદ સ્વામી નામ રાખ્યું હતું) અને રામગરીના નરોનારાયણાનંદ સ્વામી તે બન્નેએ મૂળજી શેઠને કહી રાખ્યું હતું, કે જ્યારે તમારા ગામમાં ભગવાન સ્વામિનારાયણ આવે ત્યારે અમને ખબર આપજો. મૂળજી શેઠે બન્નેને ખબર આપ્યા અટલે એ પણ દર્શને આવ્યા હતા.

એ બન્ને જણા મેમકા આવ્યા ત્યારે મહારાજ સંતો તથા ભક્તો સાથે ભોગાવા નદીએ ના'વા પધાર્યા હતા. સંતો નદીના કાંઠે કૂવો છે, ત્યાં બેઠા હતા. બે-ત્રણ જણાને સમાધિ થયેલી, તેઓ પણ ત્યાં સૂતા હતા. મહારાજ બહિર્ભૂમિ ગયા હતા, તે પાછા આવતા હતા. આ સમયે મહારાજની ચાલ જોઈને અજા પટેલને નિશ્ચય થઈ ગયો, કે ભગવાન વિના આવી ચાલ કોઈની હોય નહીં. નરોનારાયણાનંદ સ્વામીને સમાધિમાં હતા, તેમને જોઈ નિશ્ચય થયો કે આ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. આવી રીતે મહારાજનાં પ્રથમ દર્શન માત્રથી જ બન્નેને ભગવાનની ઓળખાણ થઈ અને સંત્સગી થયેલા.

થોડા દિવસના રોકાણ બાદ જ્યારે મહારાજે મેમકાથી વિદાય લીધી, ત્યારે જે સત્સંગીઓ હતા તે મહારાજને વળાવવા ગામની ભાગોળ સુધી આવ્યા. તે વખતે મહારાજે મૂળજી શેઠ આદિક ભક્તોને કહ્યું, "ભક્તો ! અમારી આજ્ઞા પાળશો ?" ત્યારે સહુએ બે હાથ જોડી કહ્યું, "હા મહારાજ ! આપ જે આજ્ઞા કરશો તે અવશ્ય પાળીશું."

ત્યારે મહારાજે કહ્યું, ‘‘વીસ દિવસની અંદર વઢવાણ પરગણું છોડી, સાથે સર્વે ઘરસામગ્રી લઈ બીજા રાજ્યમાં રહેવા જતા રહેજો, કારણ કે વડોદરાના બાબા સાહેબનું લશ્કર લડાઈ કરી વઢવાણને ઉજ્જડ કરી દેશે અને મેમકાને પણ બાળી દેશે.’’

આમ આજ્ઞા કરી શ્રીજી મહારાજ બીજે ગામ જવા રવાના થયા. બધા ભક્તો આકુળ-વ્યાકુળ થવા લાગ્યા, પરંતુ મૂળજી શેઠ મહારાજનાં વચનમાં વિશ્વાસ રાખી તમામ ઘરવખરી સાથે લિંબલી ગામ રહેવા જતા રહ્યા. આ ઉપરાંત જેમને જેમને મહારાજનાં વચનમાં વિશ્વાસ હતો તે સર્વે ભક્તો પણ ખોલડિયાદ, ચાણપર વગેરે ગામોમાં રહેવા જતા રહ્યા. ત્યારબાદ થોડા સમયમાં જ બાબા સાહેબનું લશ્કર ચડી આવ્યું અને મેમકા ગામને લૂંટીને બાળી નાખ્યું. આમ મહારાજના વચનમાં વિશ્વાસ રાખી ગામ છોડીને જતા રહેનારાઓની મહારાજે રક્ષા કરી.

ત્યાર બાદ મૂળજી શેઠ લિંબલી (લીંમડી પાસે) ગામમાં જ રહેતા.

ભોમિયા બન્યા ભગવાન

મા જેમ બાળકની રક્ષા કરે, પાપણ જેમ આંખની રક્ષા કરે, હાથ જેમ શરીરની રક્ષા કરે, એ જ રીતે ભક્તવત્સલ ભગવાન હમેશા પોતાના ભક્તની રક્ષા કરવા તત્પર રહેતા હોય છે. ભક્તની રક્ષા એ જ ભગવાન માટે મહત્ત્વનું કાર્ય હોય છે.

મૂળજી શેઠ લિંબલી રહેવા આવ્યાને થોડા વર્ષો થયા હતા. સંતોના પ્રસંગમાં આવવાથી આ જ ગામના સગરામ વાઘરી સત્સંગી થયેલા. મૂળજી શેઠ અને સગરામા વચ્ચે સત્સંગના નાતે ભારે હેત બંધાયેલું. અવાર-નવાર બન્ને મળતા અને ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય લીલાઓનું ગાન કરતા. અરસ-પરસના સત્સંગે કરીને બન્નેની ભક્તિને વસંતના ફૂલ ખીલતા.

એક વખત મૂળજી શેઠ અને ભક્ત સગરામ વાઘરીએ મહારાજનાં દર્શને જવાનો વિચાર કર્યો. એ સમયે કોઈને મહારાજના સમાચાર પૂછતા જાણવા મળ્યું હતું કે મહારાજ અત્યારે કારિયાણીમાં બિરાજમાન છે. બન્ને જણ મહારાજના દર્શન કરવા કારિયાણીના રસ્તે આગળ વધ્યા. રસ્તામાં બન્ને ભક્તો મહારાજનાં ચરિત્રો સંભારતા સંભારતા માળા કર્યે જતા હતા.

ભજનના પ્રવાહમાં વહેતા બન્ને ભક્તો કારિયાણી તરફનો રસ્તો છોડી જૂદે રસ્તે ચાલવા લાગ્યા. તેઓ જે તરફ મૂળીના પરમાર બહારવટિયા રહેતા હતા, તે તરફ ચાલ્યા જતા હતા. ભજનમાં મશગૂલ ભક્તોને હવે રસ્તાની સૂઝ રહી નથી. જે રસ્તા તરફ લોકો જોતાં પણ ડરે, એવા રસ્તે બન્ને પોતાની મસ્તીમાં ચાલ્યા જાય છે. હવે જો થોડા પણ આગળ જાય તો બહારવટિયાનો ભેટો થઈ જાય એટલા નજીક પહોંચી ગયા હતા.

આ બાજુ ભગવાન શ્રી સ્વામિનારાયણને પોતાના ભક્તોની ચિંતા થઈ. જો થોડા આગળ વધશે તો મુશ્કેલીમાં મૂકાશે, એવું જાણી મહારાજ ભરવાડનો વેશ ધારણ કરી બન્ને ભક્તોની રક્ષામાં પહોંચી ગયા. મહારાજ ભરવાડના વેશે ભક્તોને સામે મળ્યા.

મૂળજી શેઠ અને સગરામા પોતાની મસ્તીમાં ચાલ્યા જતા હતા. તેઓને સામેથી ભરવાડ આવે છે એની પણ જાણ નથી. ભરવાડના વેશમાં સામેથી આવતા મહારાજે બન્ને ભક્તો નજીક આવ્યા એટલે પૂછ્યું, “ભાઈઓ ! જે નારાયણ !”

જે નારાયણનો અવાજ સાંભળી બન્ને ભક્તો ઊભા રહ્યા અને સામે ઊભેલા ભરવાડને જે નારાયણ કર્યા. ભરવાડે પૂછ્યું, “ગામતરે જતા હો એવું લાગે છે ?”

મૂળજી શેઠ કહે, “હા, કારિયાણી તરફ જાવું છે.”

ત્યારે ભરવાડ રૂપે રહેલા મહારાજ બોલ્યા, “અરે.. ભાઈઓ ! કારિયાણી તો આણી કોરે રહી ગયું. જરૂર તમે ભૂલા પડ્યા છો. તમે જે તરફ જાઓ છો એ બાજુ તો બહારવટિયાના પડાવ છે. થોડા આગળ જાશો તો લૂંટાઈ જશો. માટે મારા ભેળા હાલો, હું તમને કારિયાણીનો રસ્તો દેખાડી દઉં.”

“પણ ભાઈ તમે આમ કઈ બાજુ ?” જિજ્ઞાસાથી શેઠે ભરવાડને પૂછ્યું.

“અરે બાપા ! અમારાં ઢોરા આ બાજુ ચરવા મૂકેલા છે, તે ઈ બાજુ જાવ છું. હાલો હવે મોડું કરો મા.” એમ કહી ખંભે લાકડી નાખી ભરવાડ આગળ ને ભક્તો પાછળ ચાલતા થયા.

કાંટાળા અને પથરાળા માર્ગમાં ચાલવાથી હવે મૂળજી શેઠ થાકી ગયા હતા. તરસ ખૂબ લાગી હતી અને પગમાં કાંટા પણ વાગ્યા હતા. તેથી મૂળજી શેઠને હવે આગળ ચાલવાનું કઠણ પડતું હતું. ભરવાડ વેશે રહેલા મહારાજે રસ્તાના કાંઠે

એક ઝાડની નીચે ચોખ્ખું કર્યું, પોતાની ધાબળી પાથરી બન્ને ભક્તોને બેસાડ્યા. પોતાની પાસે ભંભલીમાં રહેલું ઠંડું પાણી પાયું. શેઠના પગમાંથી કાંટા વાગ્યા હતા તે કાઢી આપ્યા.

થોડીવાર આરામ કરી ફરી ચાલતા થયા. થોડે દૂર સુધી ચાલ્યા, કારિયાણીની સીમ આવી એટલે પેલા ભરવાડે કહ્યું, ''લ્યો આ કારિયાણી આવી ગયું, તમે ગામમાં જાવ ને હું મારા ઢોર પાસે જાવ.'' એમ કહી ભરવાડ ચાલતો થયો.

મૂળજી શેઠ અને સગરામો થોડાં ડગલાં ચાલ્યા એટલે શેઠને વિચાર આવ્યો કે 'આવા વગડામાં આ ભરવાડ કોણ હશે ? એનું નામ તો પૂછું !' એમ વિચાર કરી પાછું વળી જૂએ છે, ત્યાં કોઈ દેખાણું નહીં. તેથી મનમાં પ્રતીતિ થઈ કે જરૂર મહારાજે આપણી રક્ષા કરી.

પછી બન્ને ભક્તો ગામમાં આવ્યા. મહારાજ માંચા ખાચરના દરબારમાં બિરાજમાન હતા. ઢોલિયે બિરાજમાન મહારાજનાં દર્શન કરી બન્ને ભક્તોએ ભાવથી દંડવત્ કર્યા.

મહારાજ બન્ને ભક્તોની સામે જોઈ મરક મરક હસ્યા અને પૂછ્યું, ''કેમ મૂળજી શેઠ ! રસ્તામાં કાંઈ મુશ્કેલી તો નથી પડી ને ?''

મૂળજી શેઠે રસ્તાનો વૃત્તાંત મહારાજને કહી સંભળાવ્યો. ત્યારે મહારાજ કહે, ''ભક્તો ! જો અમે સમયસર ન આવ્યા હોત, તો બહારવટિયા તમને લૂંટી લેત અને પકડી જાત. માટે અમારે ભરવાડનો વેશ લઈ તમારી રક્ષા કરવા આવવું પડ્યું !''

મહારાજની વાત સાંભળી મૂળજી ભક્ત ગદ્ગદ્ થઈ ગયા. આ રીતે શ્રીહરિએ સ્વયં પધારી ભક્તની રક્ષા કરી.

પુરુષોત્તમ નારાયણની ઓળખ

એક સમયે મહારાજ કરમડ પધાર્યા હતા. કોઈ હરિભક્તના ઘરે મહારાજનો ઉતારો રાખ્યો હતો. સવારનો સમય હતો. મહારાજ ઓસરીમાં ઢોલિયા ઉપર આડે પડખે થયા હતા અને બાજુમાં મૂળજી શેઠ બેઠા હતા.

તેવામાં ગામ ચાસકાના દરબાર નારસિંગજી આવ્યા. એમણે ભગવાન શ્રી

સ્વામિનારાયણ વિશે તરેહ તરેહની વાતો સાંભળી હતી. પોતે રામ ઉપાસક હોવાને કારણે 'સ્વામિનારાયણ ભગવાન થઈને પૂજાય છે' એ વાત એમને ગળે ઊતરતી નહોતી, તેથી તેઓ પરીક્ષા કરવા આવ્યા હતા.

નારસિંગજી મહારાજ પાસે આવ્યા, નમસ્કાર કર્યા અને મૂળજી શેઠ બેઠા હતા ત્યાં બેસી ગયા. મહારાજે સૂતા સૂતા નારસિંગજી સામે જોયું અને મૂળજી શેઠને કહ્યું, "મૂળજી ! ચાસકાના દરબાર નારસિંગજી આવ્યા છે, એમને તમે થોડી વાતો કરો !"

મહારાજની આજ્ઞા થતા જેમના રુવાડે રુંવાડે ભગવાન શ્રી સ્વામિનારાયણનો કેફ ભર્યો હતો, એવા મૂળજી શેઠ તો મહારાજની સર્વોપરિપણાની વાતો કરવા માંડ્યા. મહારાજની બાળપણથી માંડી અત્યાર સુધીની અલૌકિક લીલાઓ વર્ણવવા લાગ્યા અને તેઓ સાક્ષાત્ ભગવાન છે, તેવું કહેવા લાગ્યા.

મૂળજી શેઠના વાક્પ્રવાહને અધવચ્ચેથી જ રોકી નારસિંગજી કહે, "સ્વામિનારાયણ જો ભગવાન હોય, તો જેતલપુરનો જગન અડધેથી જ કેમ પડતો મૂક્યો ? શું તેઓ જાણતા ન હતા કે સરકાર નહીં કરવા દે ?"

નારસિંગજીની વાત મહારાજે સૂતા સૂતા સાંભળી. તરત જ ઊભા થયા અને બોલ્યા, "નારસિંગજી ! તમે રામચંદ્રજીને કેવા જાણો છો ?"

"ભગવાન."

"રામચંદ્રજીને જ્યારે ગાદીએ બેસવાનું હતું, ત્યારે આખું અયોધ્યા શણગાર્યું હતું, સર્વે તૈયારીઓ થઈ ચૂકી હતી, મંગળ ગીતો ગવાઈ રહ્યાં હતાં, નગરજનો ઉત્સવ મનાવતા હતા. બીજા દિવસે માતાઓએ રામને વધાવવા હતા, તે પડ્યું રહ્યું, બ્રાહ્મણોને જમાડવાનું પડ્યું રહ્યું, તે શું રામચંદ્રજીને ખબર નો'તી કે સવારે વનમાં જવાનું થશે ?"

મહારાજનો ધારદાર પ્રશ્ન સાંભળી નારસિંગજી થોથવાતા કહે, "એ...તો ભગવાન હતા. એ બધી તો એમની લીલા કહેવાય...!"

નારસિંગજીનો જવાબ સાંભળી મૂળજી શેઠ કહે, "જો રામચંદ્રજી એવી લીલા કરે, તો મારો સ્વામિનારાયણ નો કરે ?"

મૂળજી શેઠનો તર્ક સાંભળી નારસિંગજી કંઈ બોલી શક્યા નહીં, પણ વાત બદલી નાખી અને મહારાજને કહે, "આ ટોપીવાળા (અંગ્રેજો) મહા અધર્મી છે.

તમે તો વર્તમાન ધરાવી ધર્મ પળાવો છો અને પુણ્ય કમાઓ છો, પણ જો આ ટોપીવાળાનું રાજ્ય બંધ કરાવો, તો તમને મહા પુણ્ય થશે !''

મહારાજ કહે, ''નારસિંગજી ! પૃથ્વી ભગવાનનાં ચરણમાં રહી છે, તમ જેવા રાજાઓ કાંટા જેવા થઈ ભગવાનના ચરણમાં વાગ્યા, તે નાના નાના કાંટાઓને કાઢવા ભગવાને ટોપીવાળારૂપી મોટી શૂળને બોલાવી છે.''

''તે ટોપીવાળાનું રાજ્ય ક્યાં સુધી રે'શે ?''

''ભગવાન પોતાનો પગ સંભાળશે. તે જ્યાં સુધી કાંટા નહીં નીકળે ત્યાં સુધી તો રાખશે, પણ હું અને તમે પૃથ્વી ઉપર છીએ, ત્યાં સુધી તો તે રહેશે જ. પછી જેવી ભગવાનની ઈચ્છા.''

આમ મહારાજે મૂળજી શેઠ દ્વારા નારસિંગજીને પોતાનું ભગવાનપણું જણાવ્યું.

શૂળીનું દુઃખ કાંટે મટાડ્યું

મૂળજી શેઠ જ્યારે મૂળીના પરમાર રાજાનું કારભારું સંભાળતા, તે સમયની વાત છે. એક દિવસ તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કરવા ગઢપુર જઈ રહ્યા હતા. શ્રીહરિનાં સ્મરણ સાથે રસ્તો કાપ્યે જતા હતા. અચાનક રસ્તામાં પડેલા ગાંડા બાવળનો લાંબો કાંટો મૂળજી શેઠના પગની સોંસરવો નીકળી ગયો.

કાંટો વાગવાથી મૂળજી શેઠના પગમાં ભારે દર્દ થવા લાગ્યું. હવે આગળ ચાલવું શક્ય ન રહ્યું એટલે ઘરે પાછા આવ્યા. પાટા-પીંડી કરી, પંદર દિવસનો ખાટલો આવ્યો. જ્યારે સંપૂર્ણ આરામ થયો ત્યારે ફરીથી શેઠ ગઢપુર જવા નીકળ્યા.

ગઢપુર પહોંચી મૂળજી શેઠે મહારાજનાં દર્શન કર્યાં. દર્શન કરી શેઠ સભામાં બેઠા ત્યારે મહારાજે પૂછ્યું, ''શેઠ ! તમે તો પંદર દિવસ પહેલા આવવાના હતા, તે આવતા વાર કેમ લાગી ?''

મૂળજી શેઠ કહે, ''મહારાજ ! હું અહીં આવવા નીકળ્યો હતો, પણ રસ્તામાં કાંટો વાગ્યો તેથી પાછું વળવું પડ્યું. પંદર દિવસનો ખાટલો આવ્યો હતો, હવે આરામ થયો એટલે દર્શને આવ્યો છું.''

મહારાજ હસતા હસતા કહે, ''શેઠ ! તમે જ્યારે ઘરેથી નીકળ્યા, ત્યારે

બહારવટિયા તમને મારવા માટે રસ્તામાં તૈયાર ઊભા હતા. જો તમે થોડા આગળ ચાલ્યા હોત, તો તમને એ લોકો જરૂર બરછીએ મારત. માટે અમે તમને બચાવવા કાંટાનું દુઃખ આપ્યું અને અહીં આવતા રોક્યા.''

મહારાજની વાત સાંભળી મૂળજી શેઠની આંખો ભીની થઈ ગઈ. ઈષ્ટદેવની કૃપાને ઝીલતા શેઠ નતમસ્તકે બોલ્યા, ''મહારાજ ! તમે મારું શૂળીનું દુઃખ કાંટે મટાડ્યું.''

હિન્દુ અને મિયાંના લગ્ન

ભગવાન શ્રી સ્વામિનારાયણ વિચરણ કરતા કરતા બોટાદ પધાર્યા હતા. હમીર ખાચરના દરબારમાં મહારાજ ઊતર્યા હતા. દાદા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર વગેરે ભક્તજનો મહારાજની સાથે હતા.

સવારના સમયે દરબારગઢના ફળિયામાં ઢોલિયો ઢળાવી મહારાજ બેઠા હતા. એ સમયે લિંબલી ગામના ભક્ત મૂળજી શેઠ મહારાજનાં દર્શન કરવા આવ્યા.

મૂળજી શેઠને સત્સંગ થયો ત્યારે તેઓ સાંખ્યયોગ પાળતા હતા. તેઓએ સંકલ્પ કર્યો હતો કે આખી જિંદગી લગ્ન ન કરવા અને મહારાજનું અખંડ ભજન કરવું. થોડા સમય પછી મહારાજે ગઢપુરથી સુરા ખાચર અને સોમલા ખાચરને મૂળજી શેઠ પાસે મોકલ્યા હતા અને કહેડાવ્યું હતું કે 'તમે સાંખ્યયોગ મૂકીને કર્મયોગી થાઓ.' પણ એ સમયે મૂળજી શેઠે મહારાજની આજ્ઞા ન પાળી અને લગ્ન ન કર્યાં.

થોડા વર્ષો પછી મૂળજી શેઠને પરણવાની ઈચ્છા થઈ અને પાછા બે સ્ત્રીઓ સાથે પરણી ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો. તેમને મહારાજનો નિશ્ચય દઢ હતો એટલે લગ્ન કરીને આજે મહારાજનાં દર્શન કરવા આવ્યા હતા.

મૂળજી શેઠે હમીર ખાચરના દરબારમાં પ્રવેશ કર્યો કે તરત જ રમૂજી સુરાખાચરે મહારાજને કહ્યું, ''મહારાજ ! જૂઓ, તમારા બ્રહ્મચારી ભગત આવ્યા !''

મહારાજ કહે, ''અમારા બ્રહ્મચારી ભગત ! એ વળી કોણ ?''

સુરા ખાચર કહે, ''મહારાજ ! ઓલા લિંબલી ગામના મૂળજી શેઠ !''

મહારાજ કહે, ''ઓહો... એ તો અમારા ખરા ભગત છે ! એમને અહીં

બોલાવો.''

સુરા ખાચરે મૂળજી શેઠને મહારાજની નજીક બોલાવ્યા એટલે શેઠ નજીક આવ્યા અને મહારાજનાં દર્શન કરી ઢોલિયા પાસે બેઠા. એમના મનમાં થોડા વર્ષો પહેલા મહારાજની આજ્ઞા ન પાળવાનો વસવસો હતો અને અત્યારે બે સ્ત્રીઓ સાથે પરણ્યા હતા, એટલે શરમ પણ આવતી હતી. તેથી તેઓ નીચું મોઢું રાખી ભોં ખોતરતા મહારાજ પાસે બેસી ગયા.

મૂળજી શેઠને આવતી શરમને મહારાજ જાણી ગયા. મહારાજે સુરા ખાચરની સામે આંખોના ઈશારે ખરો ખેલ કરવાનું નક્કી કરી લીધું અને પ્રારંભ થયો એક અદ્ભૂત નાટકનો...!

મહારાજે મૂળજી શેઠને પૂછ્યું, ''શેઠ ! કેટલી સ્ત્રીઓને પરણ્યા છો ?''

મૂળજી શેઠ નીચું જોઈને જ બોલ્યા, ''બે.''

મહારાજ કહે, ''શેઠ ! તમારે બે નહીં, ત્રીજી સ્ત્રી પણ જોઈએ.''

શેઠ કહે, ''ના, મહારાજ ! હવે વધારે નથી કરવી.''

મહારાજ કહે, ''ના શેઠ, અમારે તમને ત્રીજી સ્ત્રી સાથે પરણાવવા જ છે.'' એમ કહી મહારાજે પાસે બેઠેલા ગોંડલના શેખમિયાં સામે જોયું અને બોલ્યા, ''શેખમિયાં ! તમારે બે સ્ત્રીઓ છે, તેમાંથી મુમદીયાની મા છે, તે મૂળજીને આપો.''

મહારાજની વાત સાંભળી મૂળજી શેઠ ઊભા થઈ ગયા અને બે હાથ જોડી મહારાજને કહેવા લાગ્યા, ''અરે મહારાજ ! હું હિન્દુ અને એ મુસલમાન, તે કેમ બને ?''

મહારાજ કહે, ''મૂળજી ! જેમ તમે સાંખ્યયોગી હતા અને પછી ગૃહસ્થાશ્રમી બન્યા, એમ એ પણ બને. માટે શેખજી ! તમે એક સ્ત્રી આ મૂળજીને આપો જ.''

આ બાજુ અચાનક પોતાના તરફ આવેલ પાણીના રેલાને વાળતા શેખમિયાં કહે, ''મહારાજ ! મુમદીયાની મા તો ગોંડલ છે, એને અહીં લાવવી કેમ ?''

ત્યારે મહારાજ કહે, ''સુરા ખાચર ! તમારે અહીં પરણે ત્યારે કેવો વિધિ કરે છે ?''

સુરા ખાચરે કહ્યું, ''મહારાજ ! લગ્ન સમયે ફળિયામાં ચોરી બંધાય, અગ્નિ સળગાવે, છેડા બાંધે, ફેરા ફરે અને સાજન-માજન ગીતો ગાય.''

મહારાજ કહે, ''સુરા ખાચર ! તમે આ મૂળજી અને શેખજીના છેડા

બાંધો. સોમલા ખાચર ! તમે અગ્નિ પ્રગટાઓ અને સંતો ! તમે લગ્નનાં ગીતો ગાઓ !''

મહારાજની આજ્ઞા થતા બધા જ હોંશે હોંશે કામે લાગી ગયા. એકે બન્નેના છેડા બાંધ્યા, એકે અગ્નિ પ્રગટાવ્યો, કોઈએ ચોફાળના ચાર ખૂણા પકડી મંડપ તૈયાર કર્યો અને ગીતો પણ ગવાયા. એ ગીતોના શબ્દો હતા, 'ગણુંણું ગણુંણું ધૂપ જાવ, ગણુંણું ગણુંણું ધૂપ જાવ.'

આમ અનોખા વિવાહનો પ્રારંભ થયો. મહારાજ બન્નેને પરાણે ફેરા ફરવા કહે. મૂળજી અને શેખજી હાઠીકડાં સળગાવી પ્રગટાવેલા અગ્નિ ફરતે ફેરા ફરે. સોળ ફેરા પૂરા થયા એટલે મહારાજ કહે, ''હવે લગ્નવિધિ પૂરો થયો છે. શેખજી ! તમે જ્યારે ગોંડલ જાઓ, ત્યારે મુમદીયાની માને મૂળજી પાસે મોકલી દેજો.''

આ રીતે મહારાજે અલૌકિક લીલા કરી ઉપસ્થિત સંતો-ભક્તોને ભારે આનંદ કરાવ્યો અને મૂળજી શેઠના નિશ્ચયની પણ પરીક્ષા કરી. સામે મૂળજી શેઠ પણ પોતાની સાથે આટલી મોટી રમૂજ થઈ હોવા છતાં હસતા હતા, પણ શ્રીહરિ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે, એવા પોતાના નિશ્ચયમાં કોઈ ડગમગાટ ન થવા દીધો.

ધીરજતાની પરાકાષ્ઠા

શાસ્ત્રો કહે છે કે,

'विकार हेतौ सति विक्रियन्ते,
येषां न चेतांसि ते एव धीराः।'

મનુષ્યના મનને વિકૃત કરે એવા અનેક કારણો ચોતરફથી ઉપસ્થિત થાય, તો પણ જેનું ચિત્ત વિકારને ન પામે તે જ ધીરજવાળો પુરુષ કહેવાય અને આવા જ ખરા ધીરજવાન ભક્ત હતા મૂળજી શેઠ.

એક સમયે મૂળજી શેઠ ગઢડામાં દાદા ખાચરના કારભારી તરીકે રહી સેવા કરતા હતા. ઘરેથી આવ્યાને ઘણો વખત પસાર થઈ ચૂક્યો હતો. શેઠ તો દરબારગઢમાં મહારાજનાં દર્શન, કથાવાર્તા અને થોડો ઘણો વ્યવહાર, એમાં એટલા બધા ઊંડા ઊતરી ગયા હતા કે ઘરનો તો કોઈ વિચાર આવતો જ ન હતો.

એવામાં અચાનક એમનો દીકરો માંદો થયો. માંદગી ઘણી લાંબી ચાલી એટલે મૂળજી શેઠના પત્નીએ કાગળ લખ્યો અને સેવકને કાગળ લઈ શેઠને તેડવા

મોકલ્યો.

શેઠે કાગળ વાંચ્યો. દીકરાની બિમારીની વાત જાણી મૂળજી શેઠે મહારાજ પાસે જઈને વાત કરી કે, "મહારાજ ! મારો દીકરો માંદો છે, તે ઘરેથી મને તેડવા સારું કાગળ લઈને એક માણસ આવ્યો છે, જો તમારી રજા હોય તો હું ઘરે જાઉં ?"

શેઠની વાત સાંભળી મહારાજ કહે, "શેઠ ! દીકરો માંદો થયો છે તે ઘેર ગયા વિના કેમ ચાલે ? માટે તમે જાઓ અને દીકરાના સારા સમાચાર અમને વેળાસર મોકલજો."

પછી મૂળજી શેઠ મહારાજને પગે લાગીને ચાલતા થયા. હજુ શેઠે દસ-બાર ડગલાં માંડ્યા હશે, ત્યાં ફરી મહારાજ બોલ્યા, "મૂળજી શેઠ ! પાછા વળો."

ત્યારે મૂળજી શેઠ પાછા વળ્યા અને મહારાજ પાસે આવી બોલ્યા "કેમ મહારાજ ! કાંઈ કામ છે ?"

મહારાજ કહે, "શેઠ ! તમારો દીકરો દેહ મૂકી જાય તો તમને કાંઈ શોક થાય ?"

મહારાજનો આ રીતનો પ્રશ્ન સાંભળી મૂળજી શેઠને થોડીવાર તો કંઈ સમજાણું નહીં, પણ તરત મહારાજની વાતનો મર્મ સમજી જતા મન વિચલિત કર્યા વગર ધીરજતાથી બોલ્યા, "અરે મહારાજ ! મારા દીકરાને તમે ધામમાં તેડી જાવ તેનો મને શા માટે શોક થાય ? અમારા એવા કેવા મોટાં ભાગ્ય કે તમે સ્વયં એમને ધામમાં તેડી જાઓ ! મહારાજ ! મને જરા પણ દુઃખ નહીં થાય, માટે તમારી જે ઈચ્છા હોય તે કહો."

શ્રીજી મહારાજ કહે, "જુઓ મૂળજી શેઠ ! તમારો દીકરો પ્રથમ સાધુ હતો. તે એમને કંઈક વાસના રહી ગઈ હતી, તેથી તેનો જન્મ તમારા ઘેર થયો. હવે અમે તેમને ધામમાં તેડી ગયા છીએ, માટે તમે નદીએ જઈ નાહી આવો."

મહારાજની વાત સાંભળી મૂળજી શેઠના મુખની રેખા પણ ન બદલી. જરા પણ વિચલિત થયા વિના તેઓ ઘેલામાં સ્નાન કરી આવ્યા અને ફરી પોતાના રોજિંદા વ્યવહારમાં જોડાઈ ગયા !

ગૃહસ્થ માત્રને બે એષણાઓ હોય છે, એક પુત્રૈષણા અને બીજી વિત્તૈષણા. આ બન્નેની પ્રાપ્તિ એમના માટે સુખ ઉપજાવનારી હોય છે. એમાં પણ પુત્રૈષણા વધારે પ્રબળ હોય છે. ગૃહસ્થોને જ્યારે પુત્રને સદાને માટે વળાવવાનો થાય ત્યારે

સૌથી મોટો આઘાત લાગતો હોય છે, પરંતુ અહીં તો મૂળજી શેઠ મહારાજનો નિશ્ચય અને પોતાની સમજણના કારણે ખરા સમયે ધીરજ રાખી શક્યા.

જીવનમાં સર્વ પ્રકારે સાનુકૂળતા હોય ત્યારે તો સહુ કોઈથી સમજણની વાતો થાય, પરંતુ સંકટનો ખરો સમય આવે ત્યારે જે ધીરજ અને સમજણ રાખી શકે તેની મહત્તા વધારે છે. મૂળજી શેઠને મહારાજની કૃપાથી આવી જ જ્ઞાનની અતિ ઉચ્ચ કક્ષા અને સમજણ પ્રાપ્ત થયેલી.

મહારાજને હસાવ્યા

એક વખત મહારાજ ખૂબ ઉદાસ થઈ ગયા. કોઈની સામે જૂએ નહીં, કોઈની સાથે બોલે નહીં અને સૂનમૂન અક્ષર ઓરડીમાં બેઠા રહે. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે મહારાજને કારણ પૂછે, પણ મહારાજના મુખમાંથી એક શબ્દ પણ નીકળે નહીં.

એ વખતે મૂળજી શેઠ મહારાજનાં દર્શન કરવા આવ્યા. સંતો મહારાજને મનાવતા હતા, પણ મહારાજ કોઈ પ્રત્યુત્તર દેતા નહોતા. મૂળજી શેઠ પરિસ્થિતિ પામી ગયા. શેઠ કહે, ‘‘સંતો ! આજે તો મારે તમને એક વાત સંભળાવવી છે.’’

મુક્તાનંદ સ્વામી કહે, ‘‘શેઠ ! તમારે વળી શું કહેવું છે ?’’

શેઠ કહે, ‘‘સ્વામી ! અમારા ગામમાં વાણિયાનું એક ઘર. કમલો અને ધમલો એ બે વાણિયાના દીકરા હતા. એક દિવસ એમના ઘરમાં બન્ને સૂતા હતા. એમની મા બહાર ગઈ હતી, તે અચાનક આગ લાગી અને એમનું ઘર બળી ગયું. કમલો અને ધમલો માંડ માંડ બહાર નીકળ્યા, પણ પછી એમને સાંભર્યું કે અમારી મા તો અંદર જ રહી ગઈ ! આગ ઓલવાણી એટલે બન્ને ભાઈઓ પોતાની માના શરીરને ગોતવા લાગ્યા. તેમાં પાળેલી કૂતરી હતી તે બળી ગયેલી. કમલો અને ધમલો એ કૂતરીને ઝોળીમાં નાખી બાળવા લઈ ગયા.

તે રસ્તામાં કમલાએ ધમલાને પૂછ્યું, ‘હે ભાઈ ! આને તો પૂંછડું છે, માને તો પૂંછડું ન હતું !’ તે ધમલો કહે, ‘હં ! હવે હાચું... આપણો બાપો વારે વારે કે’તો હતો કે ‘તારી માનું પૂંછડું, તારી માનું પૂંછડું’ તે કદાચ આ જ હશે !’

આ વાત સાંભળી મહારાજ ખૂબ હસ્યા અને સંતો પણ ખૂબ હસ્યા. આમ બનાવટી વાત કરી મૂળજી શેઠે મહારાજની ઉદાસી ટાળી નાખી.

ડભાણનો મહાવિષ્ણુયાગ

ભગવાન શ્રી સ્વામિનારાયણ ઠેર ઠેર મોટા મોટા અહિંસાપ્રધાન યજ્ઞો કરાવતા અને સમાજમાં ઘૂસી ગયેલ દુરાચારોની સામે સદાચારની ધ્વજાઓ લહેરાવતા. જેતલપુર, ડભાણ જેવા ગામોમાં મહારાજે અનેક યજ્ઞો તથા મહોત્સવો કર્યા હતા, જેમાં મૂળજી શેઠ પહેલેથી જ સેવામાં લાગી જતા.

ડભાણના યજ્ઞ વખતે સીધા-સામગ્રી વગેરે સાધનો ખૂબ જ એકઠા કર્યા હતા. યજ્ઞ બહુ મોટા પ્રમાણમાં હતો. મહારાજે વ્યવહારકુશળ સંતો તથા ભક્તોને તેડાવી યજ્ઞની તમામ જવાબદારીઓ સોંપી હતી. તેમાં મૂળજી શેઠને મહારાજે કોઠારની સેવા સોંપેલી.

આ મહાયજ્ઞમાં મૂળજી શેઠે સારી અને સસ્તી સામગ્રી ખરીદવી, તેનો બરાબર હિસાબ રાખવો, બ્રાહ્મણોના ચોકા બનાવવા, ચોકા પ્રમાણે સીધુ આપવું, રૂપિયાની આવક-જાવકનો સર્વ હિસાબ રાખવો વગેરે જવાબદારીઓ ભારે કુનેહપૂર્વક સંભાળી હતી.

ખૂબ મોટા પ્રમાણમાં થતા યજ્ઞના સમાચાર સાંભળી, સારી દક્ષિણા મળશે એમ ધારી, ચારે બાજુથી અને દૂર દૂરથી બ્રાહ્મણો ઉમટી પડેલા.

તેમાં અચાનક એક દિવસ ઘી ખૂટ્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે દ્વેષ ધરાવતા બ્રાહ્મણો વિઘ્ન નાખવાનો મોકો શોધી રહ્યા હતા અને તે તમને મળી ગયો. વિઘ્ન કરવા ઈચ્છતા બ્રાહ્મણો ભેગા થયા અને વહેલી સવારે સીધુ લેવા પહોંચી ગયા. ઘી ખૂટી ગયું હોવાથી મૂળજી શેઠે થોડી રાહ જોવાનું કહ્યું, પણ બ્રાહ્મણોએ તરત કોલાહલ શરુ કરી દીધો. 'સીધુ લાવો... સીધુ લાવો...'ની બૂમાબૂમ કરી અને કોઈપણ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણનું ખોટું દેખાય એવું વર્તન કરવા લાગ્યા.

મૂળજી શેઠ કારભારી હોવાને નાતે ખૂબ ધીરજ રાખી કામ કરતા હતા. બ્રાહ્મણોને ઉતાવળા ન થવાનું સમજાવતા હતા, પણ બ્રાહ્મણો ઉપર એની કોઈ અસર થતી ન હતી. તેઓ વધારે ને વધારે વીફર્યે જતા હતા અને તોફાન કરવાની પેરવી ગોઠવ્યે જતા હતા. મૂળજી શેઠ બ્રાહ્મણોના બદઈરાદાને સમજી ગયા. હવે બ્રાહ્મણોએ અવળાઈ આદરી છે, માટે જરૂર લાજ લેશે, એમ વિચારી દોડતા મહારાજ પાસે આવ્યા.

મહારાજ સભામાં બિરાજમાન હતા. શેઠે મહારાજને એકાંતમાં બોલાવી બધી વાત કરી. મૂળજી શેઠની વાત સાંભળી મહારાજે હસતા હસતા કહ્યું, “શેઠ ! તમે ચિંતા કરશો નહિ, હવે અમે બાજી સંભાળી લઈશું.” એમ કહી મહારાજ કોઠાર પાસે આવ્યા અને કહ્યું, “શેઠ ! ઘીના વાસણ ક્યાં પડ્યા છે ?”

ત્યારે મૂળજી શેઠે બે કુંડલા બતાવતા કહ્યું, “મહારાજ ! આ એક કુંડલામાં સવા મણ અને બીજામાં અડધો મણ ઘી બાકી રહ્યું છે !”

મહારાજે કહે, “શેઠ ! તમે આ બન્ને કુંડલામાંથી ઘી દેવા માંડો, ખૂટશે નહિ. અને હા, અજાણ્યા માણસને આ બાજુ આવવા ન દેશો.” એમ કહી મહારાજ ફરી સભામાં આવી કથાવાર્તા કરવા લાગ્યા.

પછી મૂળજી શેઠે તથા બે-ત્રણ ભક્તોએ મહારાજની આજ્ઞા પ્રમાણે પાંચમણિયા બે મોટા કુંડલા લાવીને પેલા બે કુંડલામાંથી ઘી રેડવા લાગ્યા, થોડીવારમાં બન્ને પાંચમણિયા કુંડલા ભરાઈ ગયા. હવે શેઠને હિમંત આવી ગઈ. તેઓ બ્રાહ્મણો માગે એટલું સીધુ આપવા માંડ્યા. હજારો બ્રાહ્મણોને સીધુ આપવા છતાં ખૂટ્યું નહિ. બ્રાહ્મણો આશ્ચર્યથી એકબીજાને કહેવા લાગ્યા કે ‘ઘી હતું નહીં ને ઘડીકમાં કાઢ્યું ક્યાંથી ?’

ત્યારે કેટલાક કહેવા લાગ્યા, ‘ભાઈ ! સ્વામિનારાયણનું કામ તો બેવડે દોરે હોય, ઘી સંઘરી રાખ્યું હશે તે કાઢ્યું !’ ત્યાં કેટલાક કહે, ‘અરે ભૂદેવો ! સ્વામિનારાયણ તો તળાવનું પાણી લાવી ઘી કરે છે, તે ખૂટે ક્યાંથી ?’

આમ શ્રીજી મહારાજનાં ઐશ્વર્ય સામે બ્રાહ્મણો વામણા સાબિત થયા. તેઓની ઈર્ષાવૃત્તિ કોઈ કામમાં ન આવી અને યજ્ઞ નિર્વિઘ્ન સમાપ્ત થયો.

બ્રાહ્મણોને દક્ષિણા

ડભાણનો યજ્ઞ ધામધૂમથી સંપન્ન થયો. દેશ દેશથી પધારેલા સત્સંગીઓએ મહારાજના પ્રેમથી દર્શન કરી યથાશક્તિ ભેટ ધરી પૂજન કર્યું. મહારાજનાં ચરણે ધરાતી ભેટ-સામગ્રીની વ્યવસ્થા મૂળજી શેઠ કરતા હતા. ભેટમાં આવતા રૂપિયાનો તમામ હિસાબ શેઠ પાસે રહેતો.

યજ્ઞમાં જે સાધન-સામગ્રીની ખરીદી થઈ હતી, એની ચૂકવણી હજુ બાકી હતી. મૂળજી શેઠે મહારાજ પાસે આવતી ચરણભેટમાંથી ચૂકવણીના જે સોળ

હજાર રૂપિયા થતા હતા, તે અલગ કાઢી પટારામાં મૂકી રાખ્યા હતા.

યજ્ઞ પૂરો થયો એટલે બ્રાહ્મણો દક્ષિણા લેવા આવવા લાગ્યા. મહારાજે શેઠને કહ્યું, "પૈસા લાવો, બ્રાહ્મણોને દક્ષિણા આપવી છે." મૂળજી શેઠે ચૂકવણીના બાદ કરતા જે વધ્યા હતા તે મહારાજને આપ્યા. મહારાજ છૂટા હાથે ખોબા ભરી ભરી બ્રાહ્મણોને પૈસા આપવા લાગ્યા. થોડા બ્રાહ્મણોને દક્ષિણા આપી, ત્યાં પૈસા પૂરા થઈ ગયા.

મહારાજે ફરી શેઠ પાસે પૈસા માગ્યા એટલે મૂળજી શેઠ કહે, "મહારાજ ! હવે વધારે પૈસા નથી. જે છે એ પૈસા તો યજ્ઞની સાધન-સામગ્રીની ચૂકવણીના દેવાના છે."

મહારાજ કહે, "શેઠ ! નામા તો પછી ચૂકવાશે, પણ બ્રાહ્મણોને દક્ષિણા થોડી પછી અપાશે ? માટે એ રૂપિયા લાવો." પછી એ રૂપિયા મૂળજી શેઠ લાવ્યા ને મહારાજને આપ્યા.

મહારાજે બધા બ્રાહ્મણોને સારી એવી દક્ષિણા આપી. છેલ્લે થોડા બચ્યા, તે શેઠને આપ્યા. ત્યારે શેઠ કહે, "મહારાજ ! તમે તો બધા રૂપિયા આપી દીધા, હવે નામા શેનાથી ચૂકવશુ ?"

શ્રીજી મહારાજ હસતા હસતા કહે, "મૂળજી શેઠ ! વધેલા રૂપિયા તમે ગણ્યા છે ?"

શેઠ કહે, "ના મહારાજ ! પણ આશરે બસો જેટલા જ હશે !"

મહારાજ કહે, "ગણો તો ખરા ?"

મૂળજી શેઠે વધેલા પૈસા ગણ્યા, તો પૂરા સોળ હજાર રૂપિયા નીકળ્યા. એટલે શેઠ હરખતા હરખાતા મહારાજ પાસે આવ્યા અને બોલ્યા, "મહારાજ ! રૂપિયા તો મેં પ્રથમ જેટલા ગણીને મૂકેલા, એટલા જ છે ! આટલી દક્ષિણા આપવા છતાં ખૂટ્યા જ નથી !"

મહારાજ કહે, "શેઠ ! આપણે મોટા યજ્ઞો કર્યા તેનું બહુ પુણ્ય થયું, તે રૂપિયા ખૂટ્યા નહીં."

આ રીતે શ્રીજી મહારાજે બસો રૂપિયાના સોળ હજાર કરી પોતાનાં ઐશ્વર્યનો પ્રતાપ મૂળજી શેઠને બતાવ્યો અને મહારાજ મૂળજી શેઠની કુશળતાપૂર્વકની સેવાથી ખૂબ પ્રસન્ન થયા.

આંખે અજવાળા પ્રગટ્યાં

એક વખત મૂળજી શેઠ મહારાજનાં દર્શન કરવા ગઢપુર આવ્યા હતા. અહીં થોડા દિવસના રોકાણ દરમિયાન શેઠ મહારાજનો પત્રવ્યવહાર સંભાળતા.

એક વખત ઢળતી સંધ્યાએ મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા. મૂળજી શેઠ દર્શને આવ્યા એટલે મહારાજે શેઠને કાગળ-કલમ લાવવાનું કહ્યું. શેઠ કાગળ-કલમ લઈને બેઠા. મહારાજે લખવાનું કહ્યું એટલે શેઠ લખવા માંડ્યા. હજુ માંડ બે-ચાર શબ્દ લખાયા હશે, ત્યાં શેઠ લખતા અટકી ગયા.

મહારાજ કહે, ‘‘મૂળજી ! લખતો કેમ અટકી ગયો ?’’

મૂળજી શેઠ કહે, ‘‘મહારાજ ! ઓરડીમાં થોડું અંધારું છે અને પાછા ચશ્મા નથી પહેર્યા, તેથી દેખાતું નથી.’’

ત્યારે મહારાજે ચશ્મા પહેરાવ્યા ને કહ્યું, ‘‘લ્યો હવે લખો.’’

મૂળજી શેઠે ચશ્મા પહેર્યા અને ચારેબાજુ જોઈને બોલ્યા, ‘‘મહારાજ ! હવે તો બિલકુલ દેખાતું બંધ થઈ ગયું.’’

મહારાજે શેઠે પહેરેલા ચશ્મા લઈ લીધા અને પૂછ્યું, ‘‘હવે દેખાય છે ?’’

મૂળજી શેઠે બે હાથે આંખો ચોળી અને મહારાજ સામું જોયું, ત્યાં તો મૂળજી શેઠ આનંદથી નાચી ઊઠ્યા. શેઠને મહારાજના સ્પષ્ટ દર્શન થતાં હતાં. મૂળજી શેઠે ઊભા થઈ મહારાજના ચરણ પકડ્યા અને બોલ્યા, ‘‘અરે મહારાજ ! તમે ખૂબ કૃપા કરી, હવે મને દેખાવા મંડ્યું છે !’’

ત્યારે મહારાજે કહ્યું, ‘‘શેઠ ! હવે તમને જીવનપર્યંત આવું ને આવું દેખાશે.’’

આ રીતે મહાપ્રભુએ મૂળજી શેઠને અલૌકિક પ્રતાપ દેખાડ્યો.

....

એક વખત મહારાજ લિંબલી પધારેલા. મૂળજી શેઠના ઘરે મહારાજનો ઉતારો હતો. સાંજના સમયે મહારાજ ફળિયામાં ઢોલિયા ઉપર બિરાજમાન હતા.

એ વખતે ઘરના ઓરડામાંથી કોઈ સ્ત્રી દીવાલને પકડતી પકડતી પાણિયારે પાણી ભરવા આવી. મહારાજ એ સ્ત્રીની સામે જોઈ મૂળજી શેઠને પૂછ્યું, ‘‘આ સ્ત્રી કોણ છે ?’’

શેઠ કહે, ‘‘અરે મહારાજ ! એ તો અમારા ઘરનું માણસ છે.’’

મહારાજ કહે, "તે દેખતી નથી કે શું ?"

"હા, મહારાજ ! એ દેખતી નથી."

મહારાજ કરુણાભર્યા વચને કહે, "શેઠ ! સ્ત્રીનો દેહ અને આંખે ન દેખાય એ તો ભારે કઠિન, દેહની ક્રિયા કરવામાં ખૂબ મુશ્કેલી પડે."

શેઠ કહે, "હા, મહારાજ ! થાય તો એવું જ છે, પણ કર્મનાં દુઃખ તો ભોગવવા જ પડે ને ! જગતમાં ઘણા આંધળા છે, તેઓ પોતાની ક્રિયાઓ કરે જ છે ને !"

મહારાજ કહે, "શેઠ ! એમને દેખાતું થાય તો સારું કે નહિ ?"

શેઠ કહે, "હા મહારાજ ! તો તો ઘણું સારું."

મહારાજ અને શેઠનો આ સંવાદ સાંભળી બાઈ ઘરમાં જતા રહ્યા. થોડીવાર થઈ એટલે ઘરમાંથી તે બાઈ બોલ્યા, "સાંભળ્યું ! અહીં ઘરમાં આવો."

ઘરના મનુષ્યનો સાદ સાંભળી શેઠ ઓરડામાં ગયા એટલે એમના ઘરનાએ કહ્યું, "જૂઓ ! મહારાજની કૃપાથી હું પાછી દેખતી થઈ."

બાઈની વાત સાંભળી શેઠને આનંદ થયો. તેઓ તરત જ બહાર આવ્યા અને મહારાજને કહે, "મહારાજ ! એને બધું દેખાવા માંડ્યું !"

મહારાજ કહે, "શેઠ ! હવે એમને જીવનપર્યંત આવું જ દેખાશે."

આમ શ્રીજી મહારાજે મૂળજી શેઠ અને એમના ધર્મપત્નીનો અંધાપો પણ દૂર કરી સુખિયા કર્યા.

કઠિન કાળમાં રક્ષા

એક સમયે શ્રીજી મહારાજ લીંબલી મૂળજી શેઠને ત્યાં રાત્રિ રોકાણા હતા. ત્યારે મૂળજી શેઠના ઢોર સીમમાં ચરવા ગયેલા, તે સાંજે ઘેર આવ્યા એટલે મહારાજે મૂળજી શેઠને પૂછ્યું, "શેઠ ! આ ઢોર કોના છે ?"

મૂળજી શેઠ કહે, "મારા છે પ્રભુ !"

મહારાજ કહે, "સવારે બધા ઢોર વેચી નાખજો, પછી જ રોટલા જમજો."

મહારાજની વાત સાંભળી શેઠ બોલ્યા, "પણ મહારાજ ! દૂઝણાં હોય તો કોઈ લે, પણ આ તો પાંકડા. આને કોણ લે ?"

મહારાજ કહે, "સોંઘા-મોંઘા જેમ વેચાય તેમ વેચી નાખજો, પણ ઢોર

રાખશો નહીં.''

પછી મૂળજી શેઠે મહારાજના વચનમાં વિશ્વાસ રાખી સવારે જ ઢોર વેચી નાખ્યા. ત્યારબાદ એક વર્ષ પછી જ એકાશિયો કાળ પડ્યો. એ સમયે લોકોને ખાવાના સાંસા પડ્યા, ત્યારે ઢોર તો કેમ સચવાય ? લોકોને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી, પણ શેઠને કોઈ હરકત આવી નહીં.

આ રીતે ધૈર્યવાન ભક્ત મૂળજી શેઠની મહારાજે જીવનપર્યંત ખૂબ જ રક્ષા કરી અને અંતકાળે મોક્ષના અધિકારી પણ બનાવ્યા.

૨૨ દામોદરભક્ત (અમદાવાદ)

પોતાના ઈષ્ટદેવનો નિશ્ચય, આશ્રય અને ઉપાસના દૃઢ કરવી, જગતના માયિક ભાવોને હૃદયમાં પ્રવેશ ન થવા દેવો, ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વ અવતારના અવતારી છે અને જીવ-પ્રાણીમાત્રના કર્તા-હર્તા છે એવી ઉત્કૃષ્ટ ભાવના સાથે ઈષ્ટદેવની આરાધના કરવી, તેને સ્વરૂપનિષ્ઠા કહે છે.

ખરી સ્વરૂપનિષ્ઠા કેળવતા પહેલા ધર્મનિષ્ઠા, કહેતા પોતાના ઈષ્ટની આજ્ઞાનું સારધાર પાલન, અતિ આવશ્યક થઈ પડે છે. જ્યાં સુધી ધર્મનિષ્ઠા દૃઢ ન થાય ત્યાં સુધી સ્વરૂપનિષ્ઠાનું ખરું બળ પ્રાપ્ત થતું નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો અલૌકિક પ્રભાવ અને તેમના સંતો-ભક્તોના વાણી અને વર્તનના ઓજસને કારણે સંપ્રદાયમાં ધર્મનિષ્ઠાની દૃઢતાની સાથે સાથે સ્વરૂપનિષ્ઠાની ઉત્તમ સ્થિતિને પામેલા અનેક ભક્ત રત્નો થઈ ગયા. એમાંના એક હતા અમદાવાદના પાટીદાર દામોદરભક્ત.

સમય સૂચક સેવક

સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના વખતથી અમદાવાદમાં સત્સંગ સારો એવો વિકસ્યો હતો. સંતોના અવિરત વિચરણને કારણે અમદાવાદ તથા આજુબાજુના ગામોના લોકો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થઈ રહ્યા હતા.

અમદાવાદના દામોદર ભક્તને સંતોનો જોગ મળવાથી એકાંતિક ભક્ત

થયા હતા. સેવા એ એમનું મુખ્ય અંગ હતું. શ્રીજી મહારાજ તથા સંતો જ્યારે જ્યારે અમદાવાદ પધારતા, ત્યારે દામોદર ભક્ત પોતાનું બધું જ કામકાજ છોડી સેવામાં અખંડ હાજર રહેતા. પોતે મહિમાની સાક્ષાત્ મૂર્તિ હતા. મહારાજ, સંતો અને ભક્તોનો મહિમા તો એમને હતો જ, પરંતુ શ્રીહરિનો સંબંધ પામેલા જડ પદાર્થોનો પણ તેમને ભારે મહિમા હતો.

જ્યારથી મહારાજનાં દર્શન થયાં, ત્યારથી એમનો સત્સંગનો રંગ ચઢતોને ચઢતો હતો. મહારાજની નિષ્ઠાભરી તેમની વાતોથી સત્સંગમાંથી પાછા પડી ગયેલાના જીવનમાં પ્રાણ ફૂંકતી. મહારાજનાં સાનિધ્યમાં ઉજવાતા સમૈયા-ઉત્સવોમાં નીચામાં નીચી સેવા દામોદર ભક્ત સ્વીકારતા અને સંતો-ભક્તોના રાજીપાના અધિકારી બનતા.

એમના મહિમાનો સાક્ષાત્કાર કરાવતો એક દિવ્ય પ્રસંગ માણવા જેવો છે. એક વખત મહારાજ અમદાવાદ પધાર્યા હતા. સારોએ સત્સંગ સમાજ મહારાજનાં દર્શન તથા વચનામૃતનું પાન કરવા એકઠો થયો હતો. સિંહાસનની સામે એક બાજુ વિશાળ સંતોનો સમૂહ, બીજી બાજુ હરિભક્તોનું વૃન્દ તથા સભાની પાછળ સ્ત્રીભક્તો સભાને શોભાવતા હતા. ચકોર પક્ષી જેમ ચંદ્રની ચાંદનીનું પાન કરતું હોય, તેમ સારીએ સભા ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન રસમૂર્તિ સહજાનંદ સ્વામીનાં રસદર્શનમાં ડૂબી હતી.

મહારાજ હાથના વિવિધ પ્રકારના લટકા કરતા થકા મુખકમળમાંથી અલૌકિક સુધારસ વર્ષાવતા હતા. એ વખતે મહારાજને જરા ઉધરસ આવવાથી થૂંકવાની ઇચ્છા જણાઈ. એ જ સમયે સભાના આગળના ભાગમાં બેઠેલા મહારાજના સ્વરૂપમાં તલ્લીન એવા ભક્તરાજ દામોદર ભક્ત સમયસૂચકતા વાપરી તૂર્ત જ ઊભા થયા અને પોતાની પાઘડી માથેથી ઊતારી આગળ ધરતા કહ્યું, ‘‘મહારાજ ! આ સેવા મને આપો !’’

મહારાજે હાથની સાનથી ના પાડી, પરંતુ દામોદર ભક્તે મહારાજને પાટ ઉપરથી ઊઠવા દીધા નહિ. ત્યારે એ મહિમાવંત ભક્તને મહારાજે એ સેવા આપી અને એમનો ભાવ પૂર્ણ કર્યો.

આવા હતા અહોનિશ મહિમા અને નિષ્ઠાના કેફમાં રહેતા દામોદર ભક્ત.

દૃઢ નિશ્ચય

એક વખત મહારાજ પ્રબોધિનીનો સમૈયો કરવા ગઢપુરથી વડતાલ જઈ રહ્યા હતા. મહારાજની સાથે સંતો તથા હરિભક્તોનો મોટો સંઘ હતો. આ સંઘમાં અમદાવાદના દામોદર ભક્ત પણ હતા.

ગઢપુરથી સવારે નીકળેલો સંઘ સાંજના સમયે ભાલ પ્રદેશના નાની બોરુ નામનાં ગામે પહોંચ્યો. ગામની ભાગોળે મોટું તળાવ હોવાથી ત્યાં રાતવાસો કરવાનું નક્કી થયું. મહારાજ માટે એક વૃક્ષ નીચે આસન નંખાયું; સંતોએ પોતાની ઝોળીઓ વૃક્ષોની ડાળીઓએ લટકાવી; હરિભક્તોએ તળાવમાં ઘોડાઓને પાણી પાયું અને ઝાડના થડે બાંધ્યા અને તળાવના કાંઠે રાતવાસો કર્યો.

પરોઢનો સમય થયો. આકાશમાં સૂર્યોદયની લાલીમા પથરાણી. મહારાજ, સંતો તથા સાથેના સહુ ભક્તો એક સાથે તળાવમાં સ્નાન કરવા પધાર્યા.

તળાવના કેડ સમા પાણીમાં મહારાજ તથા સંતો-ભક્તો સ્નાન કરતા થકા એકબીજા ઉપર ખોબે ખોબે જળ ઉછાળવા લાગ્યા. મહારાજ અને સૌ ભક્તો પરસ્પર જળ ઉછાળી નિર્દોષ અલૌકિક આનંદની મોજ માણતા હતા. એ સમયે દામોદર ભક્તને તળાવના કાંઠે હજારોની સંખ્યામાં માણસોનો મહેરામણ ઉમટ્યો દેખાયો.

આટલા મોટા સમૂહમાં લોકોને આવેલા જોઈ દામોદર ભક્તે મહારાજને કહ્યું, "મહારાજ ! આપણો સામાન ઝાડવા નીચે પડ્યો છે, આ અજાણ્યા લોકો ઉપાડી જશે તો ? માટે હું સામાન સાચવવા જાઉં ?"

મહારાજ કહે, "દામોદર ! જરા ધ્યાનથી જૂઓ, એ આપણા જેવા નથી, એ તો મોટા મોટા દેવતાઓ અને અવતારો છે. એ સર્વે અમારા દર્શન કરવા આવ્યા છે, તે હમણાં દર્શન કરી ચાલ્યા જશે. માટે સામાનની કોઈ ફિકર ન કરશો."

મહારાજની વાત સાંભળી દામોદર ભક્ત આંખે નેજવા માડી ધારી ધારીને જોવા લાગ્યા. આવેલા એ સૌ દિવ્ય દેહધારી લોકો હાથ જોડી મહારાજની સ્તુતિ કરતા હતા. થોડી વાર થઈ ત્યાં સહુ મહારાજને દૂરથી જ નમસ્કાર કરી પુષ્પે વધાવતા થકા આકાશ માર્ગે અંતર્ધાન થઈ ગયા. આ દૃશ્ય જોઈ દામોદર ભક્તને ખૂબ આશ્ચર્ય થયું.

મહારાજ તથા સહુ સંતો-ભક્તોએ સ્નાન કરી વસ્ત્રો પરિધાન કર્યાં. મહારાજે તળાવના કિનારે સભા કરી. સભામાં વાત કરતા થકા મહારાજ કહેવા લાગ્યા, “અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય અમારી ઈચ્છાથી થાય છે. અમારી ઈચ્છા વિના એક તણખલું પણ હલવાને સમર્થ નથી. બ્રહ્માંડોના સંચાલક બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ અમારી શક્તિથી જ તમામ કાર્ય કરે છે. આ પૃથ્વી ઉપર પૂર્વે જે જે અવતારો થયા તે સર્વે અવતારો અમે જ ધર્યા હતા અને અમે તો એ સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છીએ. સર્વે દેવતાઓ તથા અવતારોના અમે સ્વામી છીએ, નિયંતા છીએ પણ અમારા કોઈ સ્વામી નથી કે કોઈ નિયંતા નથી. દામોદર ! તમે અમારા અનન્ય ભક્ત છો, તેથી તમારી નિષ્ઠાને દૃઢ કરાવવા અમે આજે તમને આ દૃશ્ય દેખાડ્યું તથા આ વાત કરી છે.”

મહારાજની આ વાત દામોદર ભક્તના હૃદયમાં બરાબર દૃઢ થઈ ગઈ અને સભામાં ઊભા થઈ બોલ્યા, “મહારાજ ! આજે તમે તમારો જેવા છે તેવો મહિમા બતાવી મારી ઉપર અનહદ કૃપા કરી છે, આજે હું કૃતાર્થ થયો છું !”

આમ મહારાજે દામોદરભક્તને પોતાની ખરી સ્વરૂપનિષ્ઠા કરાવી અને વડતાલના માર્ગે આગળ વધ્યા.

ખરી આત્મબુદ્ધિ

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે દૃઢ વિશ્વાસ તથા અતિશય દીનભાવથી સેવા કરવાની અખૂટ શ્રદ્ધાને કારણે દામોદર ભક્ત મહારાજની પ્રસન્નતાના ખરા અધિકારી બન્યા હતા.

એવા જ એક અમદાવાદના હરિભક્ત વિપ્ર નથુ ભટ્ટ મુક્તાનંદ સ્વામીના સંસર્ગમાં આવવાથી સત્સંગી થયા હતા. નથુ ભટ્ટ પોતાની પરંપરાથી ચાલ્યા આવતા વૈષ્ણવ સંપ્રદાયના આશ્રયનો ત્યાગ કરી, ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા.

નથુ ભટ્ટ સારા વિદ્વાન તથા ભાગવતના કથાકાર હતા. પરંપરાથી તેઓ હવેલીમાં કથા કરતા અને પોતાનું ગુજરાન ચલાવતા. સત્સંગી થયા પછી પણ તેઓ નિત્ય હવેલીમાં ભાગવતની કથા કરતા, પણ મુખમાં સ્વામિનારાયણ નામનું રટણ અને કપાળમાં ભભકાદાર તિલક અને ચાંદલો સહુને આશ્ચર્ય પમાડતા.

નથુ ભટ્ટનું આ વર્તન કેટલાક વૈષ્ણવોને આંખમાં પડેલા કણાંની માફક ખટકતું. પોતાની પરંપરાથી ચાલ્યો આવતો ધર્મ છોડી બીજા પંથમાં ભળી જાય, એ તેઓને માટે અસહ્ય હતું. એથી થોડા વૈષ્ણવોએ મળી નથુ ભટ્ટને મળવાનું નક્કી કર્યું. ધારેલા સમયે સહુ હવેલીમાં એકઠા થયા. કથા પૂરી થયા બાદ સહુ નથુ ભટ્ટને મળ્યા અને કહ્યું, "ભટ્ટજી ! તમારા વડવાઓ આ હવેલીમાં કથા કરતા અને આજે તમે પણ કથા કરો છો. તમે સારા વિદ્વાન છો અને કથા પણ સારી કરો છો. પરંતુ હમણાંથી તમે કપાળમાં આ નવું ટીલું કરો છો અને સ્વામિનારાયણનું ભજન કરો છો એ અમને ગમતું નથી. માટે આજથી તમે સ્વામિનારાયણ ધર્મનો ત્યાગ કરો, કંઠી-તિલક-પૂજા વગેરે મૂકી દ્યો, તો જ તમારી કથા આ હવેલીમાં થશે !"

નથુ ભટ્ટ એ લોકોની આંખમાં જાગેલી ઈર્ષા અને અદેખાઈની આગને જાણી ગયા. તેઓ તરત જ વ્યાસાસનેથી નીચે ઊતર્યા અને કહ્યું, "ભાગવતની કથા મારા જીવનગુજારા માટે કરું છું અને સ્વામિનારાયણની આ કંઠી જીવના કલ્યાણ માટે પહેરી છે. હવે આ દેહમાંથી પ્રાણ જાય પણ સ્વામિનારાયણનો આશ્રય તો નહીં જ છૂટે. જો તમને યોગ્ય લાગે તો કાલે કથા કરવા બોલાવજો, નહીંતર આજથી આ પોથી બંધ." એમ કહી નથુ ભટ્ટ સડસડાટ પોથી લઈ હવેલીમાંથી બહાર નીકળી ગયા અને પેલા વૈષ્ણવો ફાટી આંખે જોતા રહી ગયા.

શિર સાટે સત્સંગ રાખનારા ભક્ત નથુ ભટ્ટ અને દામોદર ભક્ત બન્નેને અરસપરસ ખૂબ સ્નેહભાવ હતો. ઘણીવાર તેઓ એકાંતમાં બેસી કલાકો સુધી સત્સંગની વાતો કરતા અને મહારાજની લીલાઓનું ગાન કરતા.

વારંવાર થતી વાતચીત ઉપરથી દામોદર ભક્તને જણાયું કે ભટ્ટજી છે વિદ્વાન, પરંતુ તેમને મહારાજનો જેવો જોઈએ તેવો સર્વોપરી નિશ્ચય નથી. પરંતુ દામોદર ભક્તને મૂંઝવણ એ હતી, કે પોતે અભણ અને ભટ્ટજી ભણેલા. એમને કહેવું કેમ કે તમારી સમજણમાં ખામી છે.

પરંતુ મનમાં વિચાર થયો કે હિતની વાત દુઃખ લગાડી ને પણ કહેવી જોઈએ. એ ન્યાયે એક વખત વિનમ્રભાવે બે હાથ જોડી દામોદર ભક્તે નથુ ભટ્ટને કહ્યું, "ભટ્ટ બાપા ! તમે વિદ્વાન અને પાછા મારાથી મોટા છો. હું તમને કંઈ કહું એવી મારામાં લાયકાત નથી, છતાં સત્સંગી છો અને મારી સાથે હેત છે, એ નાતે એક

હિતની વાત કહેવા માગું છું.''

દામોદર ભક્તની આવી દીનવાણી સાંભળી નથુ ભટ્ટ કહે, ''બોલો બોલો દામોદર ! શું કહેવા માગો છો ?''

દામોદર ભક્ત કહે, ''જૂઓ ભટ્ટજી ! આપ સત્સંગી છો અને ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરો છો, પરંતુ જો સમજણમાં થોડી પણ ખામી રહી જાય તો જે મહાસુખના અધિકારી છીએ એ સુખ છેટું રહી જાય. માટે આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વના નિયંતા, સર્વનાં કારણ અને ઈશ્વરના પણ ઈશ્વર છે. અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થતિ અને પ્રલય એમની ઈચ્છાથી થાય છે. એમની મરજી વિના એક પાંદડું પણ ફરકવાને સમર્થ નથી. આજ સુધી આ ધરા ઉપર થયેલા રામકૃષ્ણાદિક અવતારોના અવતારી પણ આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ છે. આ પ્રમાણે આપણી સ્વરૂપનિષ્ઠાની દૃઢ સમજણ નહીં હોય, તો અક્ષરધામમાં નહી પહોંચાય.''

દામોદર ભક્તની વાત સાંભળી નથુ ભટ્ટ એકદમ ગુસ્સે થઈ ગયા અને આવેશમાં આવી જઈ કહે, ''એલા કણબા ! તું શું સમજે શાસ્ત્રોની વાતો ? તું ભણેલો છો કે હું ? તું શું મને સમજાવીશ ?'' એમ કહી દામોદર ભક્તના ગાલ ઉપર જોરથી તમાચો લગાવી દીધો.

નિર્માનીપણાની મૂર્તિ એવા દામોદર ભક્ત નથુ ભટ્ટના આવા વ્યવહારથી સ્તબ્ધ થઈ ગયા. એ વિનંતિ સાથે કંઈક કહેવા જાય ત્યાં તો નથુ ભટ્ટે બાવડું પકડ્યું અને કહે, ''ચાલ કણબા ! મહારાજ પાસે. તારો આ બકવાસ મારે મહારાજને કહેવો પડશે.'' એમ કહી ગાડું જોડાવ્યું, તેમાં દામોદર ભક્તને બેસાડ્યા અને ઉપડ્યા વડતાલ તરફ.

વડતાલ પહોંચતા સભામાં બિરાજમાન મહારાજના દર્શન કરી નથુ ભટ્ટે કહ્યું, ''મહારાજ ! આ દામોદર તો શાસ્ત્રોમાં ન મળે એવી વાતો કરે છે. એ તમને સર્વોપરી અને અવતારોના અવતારી કહે છે; તો એ કેમ સમજવું ?''

નથુ ભટ્ટની વાત સાંભળી મહારાજ મંદ મંદ હસતા કહે, ''ભટ્ટજી ! એ દામોદરને વળી શાસ્ત્રોમાં શી સમજણ પડે ? ખરી સમજણ તો તમારી છે. અમે આ બ્રહ્માંડમાં પહેલી જ વાર આવ્યા છીએ, ત્યારે અમારી વાતો શાસ્ત્રોમાં થોડી હોય ?''

મહારાજના બોલવાનો રણકો કંઈક અલગ જ હતો, પરંતુ વિદ્વાન ભટ્ટજીને કંઈ સમજાણું નહીં !

મહારાજનાં વચનોનો તાગ મેળવવા મથતા નથુ ભટ્ટની આંખોમાં મહારાજે આંખો પરોવી એટલે ભટ્ટજી ઊપડ્યા સમાધિની વાટે અનંતની યાત્રાએ.

નથુ ભટ્ટની સમાધિનો માર્ગ અનંત ઐશ્વર્યોથી ભરપૂર જૂદા જૂદા લોકમાંથી પસાર થતો હતો. એ લોકના અપાર વૈભવોનાં દર્શન કરતાં કરતાં ભટ્ટજી પહોંચ્યા મુકામ અક્ષરધામ. ત્યાં અનંત કોટિ મુક્તમંડળના મધ્યમાં દિવ્ય સિંહાસન ઉપર બિરાજેલા અને રામકૃષ્ણાદિક અવતારો જેમની સ્તુતિ કરતા હતા, તેવા સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કર્યાં.

આ અલૌકિક દર્શન કરતાંની સાથે નથુ ભટ્ટના હૃદયમાં પડેલી માયાની ગાંઠો ઓગળી ગઈ. ખરી સમજણ થતાં આંખમાંથી આંસુની ધારાઓ વહેવા માંડી. દામોદર ભક્ત જેવા ઉત્તમ ભક્તનો પોતે કરેલો અપરાધ ડંખ દેવા લાગ્યો.

સમાધિમાંથી જાગતા જ મહારાજના ચરણોમાં દંડવત પ્રણામ કર્યા અને સભામાં બેઠેલા દામોદર ભક્તની પોતે કરેલા અપરાધ બદલ માફી માગી.

આ રીતે દામોદર ભક્તે નિશ્ચયની અડગ દઢતાથી નથુ ભટ્ટને સર્વોપરીપણાની નિષ્ઠા કરાવી.

આવો જ પ્રસંગ એક સંત સાથે બનેલો. દામોદર ભક્ત અને સંત આધ્યાત્મિક ચર્ચા કરતા હતા. જ્ઞાનની વાતવાતમાં તે સંતે દામોદર ભક્તને ધોલ મારી દીધેલી. એ સમયે પણ દામોદર ભક્ત એક પણ શબ્દ બોલ્યા નહીં અને ગુસ્સે પણ થયા નહીં.

આ વાત જ્યારે મહારાજે જાણી, ત્યારે મહારાજે એ સાધુને ખૂબ ઠપકો આપ્યો. એ સમયે દામોદર ભક્ત નિર્માનીપણે કહે, “પ્રભુ ! એ સાધુ તો મારા પિતા તુલ્ય છે. પિતા હોય તે દીકરાને ક્યારેક ડારો આપે અને ક્યારેક મારેય ખરા ! એ તો એમનો હક્ક છે. કોઈ ધખે-વઢે-ટોકે અગર મારે તો જ આ જીવ સરખો ચાલે. સાધુ વિના અમને કોણ શુદ્ધ કરી શકે તેમ છે ? અમારા સાચા હિતેષી તો આ સાધુઓ છે !”

આ પ્રમાણે દામોદર ભક્તની સંતો અને સત્સંગીઓને વિષે આત્મબુદ્ધિ જોઈને શ્રી હરિ ખૂબ જ પ્રસન્ન થયા.

લાવો હું ગાંઠ છોડી દઉં !

એક વખત શ્રીજી મહારાજ સંતો-ભક્તો સહિત ગુજરાત પ્રદેશના ગામડાંઓમાં વિચરણ કરી રહ્યા હતા. વિચરણમાં દામોદર ભક્ત પણ સાથે હતા.

ઢળતો દિવસ હતો. માણેકવરણી માણકી ઉપર બિરાજમાન થયેલા મહારાજ સંતો-ભક્તો સાથે વાતો કરતા કરતા પંથ કાપી રહ્યા હતા. સોનેરી તારવાળા વસ્ત્રો ઉપર પડતા સૂર્યના સોનેરી કિરણોને લીધે મહારાજની મૂર્તિ ઝગમગાટ કરતી હતી.

એ સમયે મહારાજે અલૌકિક લીલા શરૂ કરી. વાતોનો દોર શાંત થયો. મહારાજે અચાનક માણકીની લગામ ખેંચી. માણકી ઊભી રહી. મહારાજ માણકીએથી નીચે ઊતર્યા અને એક બાજુ જઈ નાડીની ગાંઠ છોડવા લાગ્યા.

ત્યાં કોઈ સંતે પૂછ્યું, ‘‘મહારાજ ! શું થયું ?’’

મહારાજ નાડી છોડવાનો પ્રયત્ન કરતા બોલ્યા, ‘‘અમને લઘુ કરવાનો તીવ્ર સંકલ્પ થયો છે, પણ નાડીની ગાંઠ છૂટતી નથી.’’

ઘણીવાર સુધી મહારાજે નાડી છોડવાનો પ્રયત્ન કર્યો પણ નાડી છૂટી નહી, એટલે મહારાજ મનુષ્યભાવ દર્શાવી વિશેષ અકળામણ બતાવી રહ્યા હતા.

મહારાજની અકળામણ જોઈ એક-બે હરિભક્તોએ નાડી છોડવાનો પ્રયત્ન કર્યો, પણ સફળતા ન મળી. એકબાજુ હીરની નાડી અને એમાં પણ ગાંઠ બરાબરની બેસી ગઈ હોવાથી છૂટતી નહોતી અને બીજી બાજુ મહારાજની અકળામણ વધતી જતી હતી.

અધમમાં અધમ જીવની ઉપર એક નજર કરવા માત્રથી માયાના સર્વ બંધનોથી મુક્ત કરનારા મહારાજ આજે નાડીના બંધનથી અકળાતા હતા. મહારાજને અકળાતા જોઈ સંતો-ભક્તોને હસવું પણ આવતું હતું અને ચિંતા પણ થતી હતી !

મોટો જંગ જીતવા જતું સૈન્ય પહેલા ચિંતન કરે એમ આજે સંતો-ભક્તો સાથે મળી નાડી કઈ રીતે છોડવી એના ઉપાયો શોધતા હતા ! ત્યાં અચાનક દામોદર ભક્ત આગળ આવ્યા અને કહે, ‘‘લાવો ગાંઠ હું છોડી દઉં !’’ એમ કહી બહુ ઝડપથી પોતાના દાંતથી નાડી તોડી નાખી અને મહારાજની અકળામણ દૂર કરી.

આ રીતે દામોદર ભક્તની સમયસૂચકતાએ એમને સહુના રાજીપાના અધિકારી બનાવ્યા.

ભગવાનનું દુઃખ ભક્તે માગ્યું

ઉનાળાનો સમય હતો. મહારાજ અમદાવાદ પધાર્યા હતા. ખૂબ ગરમીને લીધે મહારાજના હોઠ ઉપર નાની ફોડલી થયેલી. ફોડલીમાં પાણી ભરાયું હોવાથી તે સફેદ મોતી જેવી લાગતી હતી. બરાબર હોઠની મધ્યમાં ફોડલી થઈ હતી, તેથી મહારાજને પીડા પણ થતી હતી. જ્યારે મહારાજ બોલવાનો પ્રયત્ન કરતા ત્યારે તેની પીડાને લીધે મોંઢામાંથી સીસકારો નીકળી જતો.

મંદિરના ચોકમાં સભા ભરાઈને બેઠી હતી. સંતો ભાગવતનો ગ્રંથ વાંચી રહ્યા હતા. એવામાં દામોદર ભક્ત મહારાજનાં દર્શન કરવા આવ્યા. મહારાજનાં દર્શન કરી દામોદર ભક્ત સભામાં બેઠા. ઘણીવાર સુધી વાચન થયું, પણ મહારાજ કંઈ બોલ્યા નહીં તેથી, દામોદર ભક્તે બાજુમાં બેઠેલા કોઈ ભક્તને કારણ પૂછ્યું. ત્યારે જાણવા મળ્યું કે મહારાજના હોઠે ફોડલી થઈ છે, તેથી કંઈ બોલી શકતા નથી.

દામોદર ભક્તે બારીકાઈથી જોયું. મહારાજના હોઠે થયેલી ફોડલીને જોઈ તેમને ખૂબ જ દુઃખ થયું. બે હાથ જોડી દામોદર ભક્ત મહારાજ પાસે આવ્યા અને કહ્યું, “મહારાજ ! તમને થતી આ પીડા મારાથી જોવાતી નથી અને ફોડલીને લીધે તમે કાંઈ બોલી શકતા નથી, તેથી આ દેશદેશના ઉપસ્થિત ભક્તોને તમારી અમૃતવાણીનો લાભ પણ મળતો નથી. માટે હે મહારાજ ! તમારે હોઠે જે શ્વેત બિંદુ છે, તે મને આપો અને તમને એ મટી જાઓ.”

દામોદર ભક્તની પ્રેમભરી માગણી મહારાજે સ્વીકારી. થોડીવાર થઈ ત્યાં મહારાજના હોઠે જેવી ફોડલી હતી, તે દામોદર ભક્તને થઈ અને મહારાજને તે મટી ગઈ. આમ પ્રેમીભક્તે ભગવાનનું દુઃખ પોતે માગી લીધું.

જગત અભડાય પણ પરબ્રહ્મ થોડા અભડાય ?

જેમના હૃદયમાં સેવકપણાના ગુણ કંડારાયા હોય તેમને દરેક જગ્યાએ કોઈને કોઈ સેવા દેખાઈ આવે છે. દામોદર ભક્ત શુદ્ધ હૃદયના સેવક હતા, તેથી તે અવારનવાર મહારાજને રાજી કરવા સેવાની તક ઝડપી લેતા.

એક વખત શ્રીજી મહારાજ ગઢપુરમાં સભા ભરીને બેઠા હતા. એ સમયે અચાનક પવનની એક લહેરખી આવવાથી દરબારગઢના ચોકની ધૂળ ઊડી, જેમાંનો એકાદ કણ ઊડીને મહારાજની આંખમાં પડ્યો.

આંખમાં પડેલું કણું ખૂબ ખટકવા લાગ્યું. મહારાજે આંખો પટપટાવી પણ કણું નીકળ્યું નહીં, તેથી એક-બે ભક્તોએ કણું કાઢવાની કોશિશ કરી, છતાં નીકળ્યું નહીં.

હવે મહારાજે મનુષ્ય લીલા આદરી અને માંડ્યા બોલવા, "આંખમાં કણું ખૂબ જ ખટકે છે. કોઈ કણું કાઢવાનો જાણકાર હોય એમને બોલાવો, હવે અમારાથી બળતરા સહન થતી નથી !"

મહારાજને પીડા થતી જોઈ સભામાંથી દામોદર ભક્ત ઊભા થયા અને બોલ્યા, "મહારાજ ! હું કણું કાઢી દઉં ?"

મહારાજ કહે, "તમને આવડે છે ?"

"હા મહારાજ ! હું કણું કાઢવામાં નિષ્ણાત છું. તમે કહો તો એક ક્ષણવારમાં જ કાઢી દઉં. જરાય તકલીફ નહિ થાય."

મહારાજ કહે, "તો તો બહુ સારું, જલ્દી કણું કાઢો, હવે અમારાથી રહેવાતું નથી."

દામોદર ભક્તે મહારાજની આંખની પાંપણો હળવેકથી ઊંચી કરી પોતાની જીભનું ટેરવું આંખમાં ફેરવ્યું અને ચતુરાઈપૂર્વક કણું કાઢી લીધું.

શ્રીજી મહારાજની આંખ તૂર્ત જ હળવી ફૂલ જેવી થઈ ગઈ એટલે મહારાજ હસીને કહે, "દામોદર ભક્ત ! તમે કામ તો બહુ સારું કર્યું, પણ અમારી આંખ અભડાવી !"

ત્યારે દામોદર ભક્ત પ્રેમભરી વાણી બોલ્યા, "મહારાજ ! કણું આંખમાં ખૂંચી ગયું હતું. જો તેને જીભ વડે કાઢ્યું ન હોત તો તમને એવો આકરો ખટકો ઉપડત કે દિવસ-રાત નીંદર પણ ન આવત, માટે મારે જીભેથી કણું કાઢવું પડ્યું. અને હા મહારાજ ! જગત અભડાય પણ પરબ્રહ્મ થોડા અભડાય !"

પછી દામોદર ભક્તે સખાભાવથી કહ્યું, "મહારાજ ! લોકમાં કોઈ સારું કામ કરે તો તેના વખાણ થાય અને ઈનામ પણ મળે અને તમે તો ઉલટા સારાં કામમાં ખોટ કાઢો છો ! તે ફરીથી તમારું કામ કરશે કોણ ?"

દામોદર ભક્તની પ્રેમપૂર્ણ મર્મભરી વાણી સાંભળીને મહારાજ રાજી થયા અને સ્વહસ્તે પ્રસાદ આપી રાજીપો વર્ષાવ્યો.

મહારાજને રાજી થતાં જોઈ સમયને પારખી દામોદર ભક્તે કહ્યું, "મહારાજ ! ખાલી પ્રસાદ આપીને કામ પતાવી દ્યો એ નહીં ચાલે. જેમ મેં તમારું કામ કર્યું તેમ તમારે પણ મારું કામ કરી આપવું પડશે !"

મહારાજ કહે, "દામોદર ! આજે અમે તમારા ઉપર ખૂબ પ્રસન્ન છીએ, તમે અમને જે કામ બતાવશો તે અમે ચોક્કસ કરી આપશું, બોલો તમારે શું કામ છે ?"

ત્યારે દામોદર ભક્ત કહે, "મહારાજ ! મારી હૃદયરૂપી આંખમાં માયારૂપી મોટું કણું પડ્યું છે. અહમ્-મમત્વરૂપી એ કણું ખૂબ જ ખટકે છે અને આંધળા બનાવી ભવાટવીમાં ગોથાં ખવડાવે છે. હૃદયમાં અતિ ઊંડુ પેસી ગયેલું એ માયારુપી કણું આપની કૃપા વિના કેવળ અમારા દાખડાથી નીકળે તેવું નથી, માટે એ કણું તમે કાઢી આપો એવી મારી માગણી છે."

ભક્તની સમજણભરી પ્રાર્થના સાંભળીને શ્રીજી દામોદર ભક્ત ઉપર ખૂબ જ પ્રસન્ન થયા.

નિર્માની ભક્તપણું

મહારાજ સ્વધામ પધારી ચૂક્યા હતા. મહારાજની ગેરહાજરીમાં દામોદર ભક્તને રોજનું એવું નિયમ હતું કે નરનારાયણ દેવ તથા રામપ્રતાપભાઈના દર્શન કર્યા પછી જ વ્યવહાર કાર્યમાં જોડાવું. એમના નિયમ પ્રમાણે તે રોજ દર્શને પધારતા.

એકવાર એમના પત્નીનું કોઈ રોગ થવાને કારણે અકાળે મૃત્યુ થયું. થોડા સમય પછી દામોદર ભક્તે બીજા લગ્ન કર્યા. આ સમાચાર રામપ્રતાપભાઈને મળ્યા ત્યારે તેમને આ રુચ્યું નહીં.

ત્યાર પછી જ્યારે જ્યારે દામોદર ભક્ત નરનારાયણ દેવનાં દર્શન કરી રામપ્રતાપભાઈના દર્શન કરવા આવે, ત્યારે રામપ્રતાપભાઈ લાકડી લઈને ઊભા થાય અને દામોદર ભક્તને લાકડી ઉગામી કહે, "દામોદર ! તમો વર્તમાન ધારીને સત્સંગી થયા ત્યારે બ્રહ્માંડમાં જેટલી સ્ત્રીઓ છે તેમને મા-બેન-દીકરી સમાન ગણી હતી, ત્યારે આ પરણીને બેઠા તે કયા બ્રહ્માંડની લાવ્યા ? તમે વર્તમાન

લોપ્યા છે, માટે તમારે મને મુખ દેખાડવું નહીં અને મારી પાસે આવવું પણ નહીં.''

આ રીતે રામપ્રતાપભાઈ રોજ દામોદર ભક્તને ઠપકો આપતા અને અપમાન કરતા, પણ દામોદર ભક્ત બે હાથ જોડી 'જી બાપજી ! ભૂલ થઈ ગઈ' 'જી બાપજી ! ભૂલ થઈ ગઈ' એમ કરગરતા દર્શન કરી નીકળી જતા.

આ ક્રમ ઘણા સમય સુધી રોજ ચાલ્યો, પરંતુ દામોદર ભક્તને સત્સંગનો કે રામપ્રતાપભાઈનો અવગુણ આવ્યો નહીં અને નરનારાયણ દેવ તથા રામપ્રતાપભાઈના દર્શન કરવાના નિયમમાં કોઈ ઓટ પણ આવી નહીં.

આમ દામોદર ભક્તની આવી નિષ્ઠાને વખાણ કરતા મહારાજ વચનામૃત ગ. મ. ૫૯માં દામોદર ભક્તનો ઉલ્લેખ કરતા કહે છે કે : ''સંતની ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે, તો પણ કોઈકને એમ ડમગમાટ રહે છે જે 'મારું કલ્યાણ થશે કે નહિ થાય ?' તેનું શું કારણ છે ? તો એ જીવને પૂર્વ જન્મને વિષે ભગવાન કે ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ નથી ને તેમની સેવા પણ તેણે કરી નથી. એને તો આ જન્મમાં જ નવો આદર છે, તે આગલ્યા જન્મમાં ફળશે. અને જેને પૂર્વ જન્મમાં ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તથા તેમની સેવા કરી હશે, તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ અને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહિ અને કામ, ક્રોધ, લોભ સંબંધી ઘાટ તો કદાચિત્ રહે, પણ ભગવાનનો નિશ્ચય તો કોઈ રીતે મટે નહિ, તે કોઈકને વચને કરીને ન મટે એમાં શું કહેવું ? એને તો જો પોતાનું મન ડગમગાટ કરાવે તો પણ ડગમગાટ થાય નહિ. અને તેની દઢતા તો જેવી ...દામોદરને છે એવી દઢતા હોય, ત્યારે જાણવું જે આ પૂર્વજન્મનો ભગવાનનો ભક્ત છે.''

૨૩ વિષ્ણુદાસ (ડભાણ)

આસક્તિ મોહનું મૂળ છે, એટલે જ તો ભગવાનના ભક્તને હિંમત રાખી ધીરે ધીરે મોહનું મૂળ ઉખાડી અનાસક્ત થવાનો આદર રાખવો. દરેક મુમુક્ષુએ જો કલ્યાણને અર્થે યત્ન કરવો હોય, તો તેને વિષયમાંથી આસક્તિ જરૂર ટાળવી. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં અનાસક્તભાવ કેળવવાનો ઉપાય બતાવતા કહે છે કે, 'જે પુરુષ સર્વ પ્રકારની આસક્તિઓનો ત્યાગ કરી કર્મ કરે છે, તે જળમાં કમળની પેઠે રહી નિર્લેપ રહે છે.'

ત્યાગાશ્રમ અથવા ગૃહસ્થાશ્રમમાં રહી સર્વ કાર્યો કરવા છતાં સુખ-દુઃખના પ્રસંગોમાં મનની સ્થિતિ નિર્વિકાર તથા નિર્લેપ રહે, તેમજ ત્રિવિધ તાપના ગમે તેવા કપરા કષ્ટો આવે તો પણ અંતરમાં ધૈર્ય, શાંતિ, સંતોષ અને આનંદ રહે, ધર્મ-નિયમના પાલનમાં રતિભાર પણ ગૌણતા આવે નહીં, આવી સ્થિતિને અનાસક્ત સ્થિતિ કહેવાય. આવા જ એક અનાસક્ત સ્વરૂપ ભક્ત હતા ડભાણના પટેલ વિષ્ણુદાસ.

સુખ-દુઃખના દ્વંદ્વોમાં સમબુદ્ધિ

ડભાણની ભૂમિ એટલે યજ્ઞની ભૂમિ. અહીં શ્રીજી મહારાજે ઘણીવાર પધારી મોટા મોટા યજ્ઞો કર્યા છે, સત્સંગીઓને અભયદાન દીધાં છે, અનેક બ્રાહ્મણોને જમાડ્યા છે અને ભક્તોના મનોરથ પૂર્ણ કર્યા છે. મહારાજ સ્વયં ડભાણની વાત

કરતા કહેતા, "ડભાણિયો આંબો, ડભાણિયા શુકસ્વામી તથા ડભાણિયો બળદ અમારા ઉપયોગમાં ખૂબ આવ્યા છે."

ડભાણ ગામના પાટીદારોનો સત્સંગ ખૂબ વખણાતો. અહીંના ભક્તો શ્રીજી મહારાજ પ્રત્યે ભારે પ્રેમી અને નિષ્ઠાવાળા હતા. એમાં પણ વિષ્ણુદાસ અત્યંત દૃઢ સ્વરૂપનિષ્ઠાવાળા એકાંતિક ભક્ત હતા.

વિષ્ણુદાસના કુટુંબમાં એમના માતા-પિતા વગેરે કોઈ સત્સંગી નહોતા. કુટુંબનો સખત વિરોધ હોવા છતાં વિષ્ણુદાસ તથા તેમના વિધવા બહેને સત્સંગ સ્વીકાર્યો હતો. શ્રીજી મહારાજ જ્યારે જ્યારે ડભાણ પધારતા, ત્યારે બન્ને ભાઈ-બહેન અત્યંત પ્રેમથી સેવા કરતાં.

તેઓના માતા-પિતા ધામમાં ગયા પછી વિષ્ણુદાસ પોતાનો બધો ઘરવ્યવહાર અતિશય કરકસરથી ચલાવતા. એમાંથી જે કંઈ ધન વધે, એ બધું જ શ્રીજીની સેવામાં ને ઉત્સવ-સમૈયામાં વાપરી નાંખતા અથવા કોઈ સત્સંગી વ્યવહારે દુઃખી હોય, વ્યવહારમાં મુશ્કેલી હોય અને તેની જાણ વિષ્ણુદાસને થાય તો અન્ન-વસ્ત્રે કરીને તેમની સહાય કરતા.

વિષ્ણુદાસની આ ઉદાર મતિ, સેવા કરવાની ધગશ તથા શ્રીજી મહારાજની ભક્તિ તેમના કાકાને ગમતી નહીં. તે પ્રસંગોપાત વિષ્ણુદાસને ખૂબ હેરાન કરતા અને મુશ્કેલીમાં મૂકતા. અતિશય લોભી, ઈર્ષાળુ, આખાબોલા અને ક્રૂર સ્વભાવના કાકાનો ત્રાસ વિષ્ણુદાસને જીવનભર સહન કરવો પડ્યો હતો. એટલું જ નહીં, વિષ્ણુદાસના ભાગમાં આવેલી બાપદાદાની કેટલીક મિલ્કત પણ એમના કાકાએ ઈર્ષાથી દબાવી દીધી હતી.

સ્વભાવથી ગરીબ વિષ્ણુદાસ સાથે એના કાકાએ કરેલો અન્યાય જોઈ ગામના ન્યાયવાળા પ્રતિષ્ઠિત લોકોએ એમને સમજાવ્યા કે, "આવા દયાળુ ભક્ત સાથે શા માટે અન્યાય કરો છો ? એમનો જે હક્ક હોય તે તેમને સોંપી દો."

ત્યારે કપટી કાકો કહે, "અમારા ઘરની વાતોમાં તમે શું જાણો ? વિષ્ણુદાસ ધર્મઘેલો ને સાવ ગમ વિનાનો માણસ છે. થોડા દિવસમાં બધું ઉડાડી દેશે. પછી શું કરશે ?"

લોકો કહે, "તમારી દૃષ્ટિએ વિષ્ણુદાસ જે હોય તે, પણ અમારી દૃષ્ટિએ એ ખૂબ સજ્જન અને ભગવદીય માણસ છે. માટે તમારે એનું જે હોય તે

આપી દેવું જોઈએ.''

કાકો ગુસ્સાથી કહે, ''એટલે તમે એમ કહો છો કે મેં એનું બધું પચાવી લીધું છે ? તમે કહેતા હો તો આ ઘડિયે તેનું જે છે તે આપી દઉં, પણ એના ઘરમાં એક દિવસ પણ નહીં રહે, પછી અમને કહેતા નહીં. આ તો મારી પાસે હશે તો સચવાશે અને ખરે વખતે એમને જ કામ આવશે. મારે થોડું ખાઈ જાવું છે ? ખરે ટાણે અમે એના આંસુ લૂછશું, ગામના લોકો થોડા આવશે ?''

ગામ લોકો કહે, ''તમે એમની ખોટી ચિંતા કરો છો, એ વ્યવહારની બધી જ રીતભાત જાણે છે ! માટે તમારે એમના ભાગની મિલ્કત તેને સોંપી દેવી જોઈએ. પછી એને જ્યાં ઉપયોગ કરવો હશે તે કરશે.''

ગામ લોકોની વાત સાંભળી કાકો વધારે અકળાયો અને માંડ્યો ઊંચે સાદે બોલવા, ''તો તમે બધા સાંભળી લો, જ્યાં સુધી એ સ્વામિનારાયણની પાછળ-પાછળ ફરે છે ને તેને માને-પૂજે છે, ત્યાં સુધી હું વિષ્ણુદાસને કાંઈ પણ નહિ આપું. આ અમારા ઘરની વાતમાં પારકાને માથું મારવાની જરૂર નથી.''

''અને હા, તમે કહો છો કે એ વ્યવહારુ છે, તો જૂઓ ભાઈ ! એક દોકડાભાર પણ અક્કલ એનામાં નથી. બહેન તથા બાયડીના ઘરેણા પણ એણે સ્વામિનારાયણની સેવામાં વાપરી નાખ્યાં છે. અરે એનું ચાલે તો એ ઘર બાળીને તીર્થ કરે એવો છે.''

આ રીતે વિષ્ણુદાસના કાકા હોશિયારીથી અનેક કાવા-દાવા કરી સહુને મીઠો જવાબ આપી વળાવી દેતા અને વિષ્ણુદાસને પરેશાન કરવાનું ચાલુ જ રાખતા.

છતાં વિષ્ણુદાસ તેની બિલકુલ પરવા કર્યા વગર શ્રીહરિનાં સ્વરૂપમાં દૃઢ નિષ્ઠા રાખી હાનિ, લાભ, હર્ષ, શોક તથા માન-અપમાન વગેરે સુખ-દુ:ખના દ્વંદ્વોમાં સમબુદ્ધિથી વર્તી સદાય ભગવત્ પરાયણ જીવન જીવતા.

એટલે જ તો શ્રીજી મહારાજે ગ.મ.ના ૫૯મા વચનામૃતમાં સ્વમુખે વિષ્ણુદાસની પ્રશંસા કરતા કહ્યું છે, ''પૂર્વ જન્મમાં જેને ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહીં, અને નિશ્ચયમાં ડગમગાટ થાય નહીં. એવી દૃઢતા તો વિષ્ણુદાસની છે.''

આર્તસ્વરની પ્રાર્થના

ભગવાન શ્રી સ્વામિનારાયણે મુમુક્ષુ જીવોને સર્વ પ્રકારનું પોષણ મળી રહે એ માટે અનેક ઉપાયો કર્યા. અનેક સંતોને તૈયાર કર્યા, હજારો ભક્તોને તૈયાર કર્યા, મોટા મોટા મંદિરો બનાવ્યા. પરંતુ આ અનેક કાર્યોમાં દેશદેશાંતરમાં રહેતા મુમુક્ષુ જીવોને ખેંચી લાવવાનું કામ ઉત્સવ-સમૈયાઓમાં થયું. શ્રીજીએ જૂદા જૂદા પ્રદેશોમાં જૂદા જૂદા ઉત્સવો અને તે પણ વારંવાર કર્યા, જેમાં લાખો મુમુક્ષુઓમાં માનવતાના ઉચ્ચ સંસ્કારો રેડાયા અને એ મુમુક્ષુઓ કલ્પી ન શકાય એવી ઉચ્ચ સ્થિતિને પામ્યા.

ઠેર ઠેર ઉજવાતા રંગોત્સવ, દીપોત્સવ, શાકોત્સવ, શરદોત્સવ, વસંતોત્સવ જેવા માંગલિક મહોત્સવોમાં શ્રીહરિમાં અત્યંત પ્રીતિવાળા વિષ્ણુદાસ પહોંચી જતા અને શ્રદ્ધા અને ભક્તિભીના હૃદયે તન, મન, અને ધનથી ખૂબ સેવાઓ કરતા.

એક દિવસ વિષ્ણુદાસ રાત્રિને વિષે સૂતા સૂતા મહારાજની મૂર્તિ સંભારતા હતા. એ સમયે પોતાનાં મનમાં એક વિચાર ઊઠ્યો કે, ‘મહારાજ અનેક ગામોમાં પધારી ઉત્સવો કરે છે. એ ઉત્સવોમાં હજારો મુમુક્ષુઓ દર્શને આવે છે, મહારાજ તથા સંતો-ભક્તોના દર્શન, સમાગમ કરી પોતાના જીવનું રૂડું કરે છે, પણ જો આવા મહોત્સવ આપણા ગામમાં (ડભાણમાં) ઉજવાય તો ગામના ઘણા લોકો સત્સંગી થાય અને એમનો જન્મારો સુધરી જાય.’

ઉત્સવમાં મહારાજ પધારે, સંતો પધારે, દેશ દેશના ભક્તો પધારે. એમના દર્શન થાય અને આ અમૂલ્ય મનુષ્ય શરીર દ્વારા સંતો-ભક્તોની સેવા થાય, સમાગમ થાય તો આપણો જન્મારો સફળ થાય. પરંતુ એ જ ક્ષણે બીજો વિચાર પણ આવે છે કે, ‘અરે ! આપણા એવા ભાગ્ય ક્યાંથી કે પ્રભુ આપણે ઘેર પધારે ? અને વળી હું વ્યવહારે પણ ગરીબ છું. એકલો કંઈ કરી શકું તેમ નથી. ડભાણ ગામમાં પણ એવા કોઈ ધનવાન સત્સંગી નથી કે જે મહોત્સવ કરાવી શકે. પણ...જો શ્રીજી મહારાજ પોતે કૃપા કરે તો જ ડભાણ ગામને આંગણે મહોત્સવ ઉજવાય. પરંતુ એવી કૃપા શ્રીજી મહારાજ ક્યારે કરશે ?’ આ રીતે વિષ્ણુદાસ વિચાર કરતા કરતા સૂઈ ગયા. ત્યારબાદ પણ મનમાં વારંવાર શ્રીહરિને આર્તસ્વરે ડભાણમાં

ઉત્સવ કરવાની પ્રાર્થના કરતા.

એવામાં વિ.સં. ૧૮૬૫ના પોષ માસમાં શ્રીજી મહારાજે જેતલપુર ગામમાં ૧૮ દિવસનો બહુ મોટો યજ્ઞ કર્યો. એ યજ્ઞમાં વિષ્ણુદાસ પોતાનાં ગામના કેટલાક સત્સંગીઓને સાથે લઈ સેવા કરવા આવેલા અને ખૂબ જ પ્રેમથી સેવા કરેલી.

યજ્ઞ પૂરો થતા વિષ્ણુદાસે શ્રીજી મહારાજને પ્રાર્થના કરતા કહ્યું, " મહારાજ ! આપ ડભાણ પધારો અને ત્યાં પણ આવો યજ્ઞ થાય તેવી કૃપા કરો."

વિષ્ણુદાસના હૃદયનો વિશુદ્ધ પ્રેમ, તીવ્ર શ્રદ્ધા અને અતિ દીનભાવે કરેલી સ્તુતિએ ભક્તવત્સલ ભગવાનને પણ બંધનમાં નાખી દીધા. અંતર્યામી પ્રભુ ભક્તના હૃદયની ભાવનાને જાણી ગયા. લાંબા સમયની તેમની તીવ્ર ઈચ્છા પૂર્ણ કરવા શ્રીજી મહારાજ બોલ્યા, "વિષ્ણુદાસ ! અમે ડભાણમાં પણ આવો જ ભવ્ય મહોત્સવ કરી તમારા ભાવને પૂર્ણ કરીશું."

આ રીતે વિષ્ણુદાસની આર્તસ્વરની પ્રાર્થના શ્રીહરિએ સાંભળી.

ડભાણનો મહાવિષ્ણુયાગ

જેતલપુરનો યજ્ઞ પૂર્ણ થયાને ચાર મહિના વીતી ગયા. મહારાજે વિષ્ણુદાસને ડભાણમાં યજ્ઞ કરવાનું વચન આપ્યું હતું, પરંતુ એ યજ્ઞ થવાના કોઈ એંધાણ દેખાતા નહોતા. વિષ્ણુદાસ દરરોજ વાટ જૂવે કે આજે મહારાજના ખબર આવે ને કાલે આવે, પણ યજ્ઞ કરવાના કોઈ ખબર આવતા નહોતા.

બન્યું હતું એવું કે મહારાજે જેતલપુરમાં મહાયજ્ઞ કર્યો અને એ પણ સાત્ત્વિક અને અહિંસક. એટલે જે દ્વેષી લોકો હતા તેમના પેટમાં પાણી રેડાયું. ઈર્ષા અને રાગ-દ્વેષને લીધે ભગવાન સ્વામિનારાયણ અને તેમના સાધુઓને હેરાન કરવા માંડ્યા. જેથી થોડો સમય શાંતિ જળવાઈ રહે અને એ લોકો વધારે ન વીફરે, તે માટે મહારાજે હમણાં ડભાણમાં યજ્ઞ નથી કરવો એવું વિચાર્યું હતું.

ત્યારબાદ મહારાજ કચ્છ બાજુ વિચરણમાં પધાર્યા. અહીં મહારાજે ઘણો સમય જૂદા જૂદા ગામોમાં વિચરણ કરી અનેક મુમુક્ષુઓને અક્ષરધામના અધિકારી બનાવ્યા. એક દિવસ મહારાજે મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને બોલાવી કહ્યું, "સંતો ! હવે ગુજરાતમાં દ્વેષીઓનો વિરોધ ઓછો

થયો છે. અમે ડભાણમાં વિષ્ણુદાસને યજ્ઞ કરવાનું વચન આપ્યું છે, માટે તમે બન્ને સંતો ડભાણ જાઓ અને યજ્ઞની તૈયારી કરો. અમે થોડા સમયમાં ગુજરાત પધારશું. અને હા સંતો ! યજ્ઞની તૈયારીમાં સાધન-સામગ્રીની કોઈ ખામી રાખશો મા. આપણે ડભાણમાં ક્યારેય ન થયો હોય એવો મહાયજ્ઞ કરવો છે, માટે જે જોઈએ તે સર્વ સામગ્રી મગાવી લેજો.''

મહારાજની આજ્ઞા પ્રમાણે સંતો ડભાણ પધાર્યા. વિષ્ણુદાસને મહારાજે કરેલી આજ્ઞાની વાત કહી. યજ્ઞની વાત સાંભળી વિષ્ણુદાસ આનંદમાં આવી ગયા અને જેમ બને તેમ જલ્દી યજ્ઞની તૈયારીઓ કેમ થાય, તે માટેના પ્રયત્નોમાં લાગી ગયા.

વિષ્ણુદાસ તો વ્યવહારે બહુ જ નાના માણસ હતા, પરંતુ મહારાજમાં તેમની ભક્તિ અને શ્રદ્ધા અપાર હોવાથી વ્યવહારની ચિંતા તેમને નહોતી. માટે જ તન, મન અને ધનથી સંતોની આજ્ઞા પ્રમાણે પોતાનું સર્વસ્વ અર્પણ કરી સેવામાં લાગી ગયા છે.

મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીના માર્ગદર્શન પ્રમાણે યજ્ઞની તૈયારીઓ થવા લાગી. મહારાજની આજ્ઞા પ્રમાણે હજારો માણસો સારી રીતે સચવાય તે માટે ઉતારા, ભોજન વગેરેની વ્યવસ્થામાં કોઈ કસર રખાતી નહોતી.

આ બાજુ મહારાજે કચ્છમાંથી ગુજરાત, કાઠિયાવાડ, ઝાલાવાડ, ખાખરિયા વગેરે પ્રદેશોમાં વિચરણ કરતા સંતો તથા ભક્તોને ડભાણમાં થનારા યજ્ઞની આમંત્રણ પત્રિકાઓ પહોંચાડી. થોડા સમય પછી પોતે પણ વિચરણ કરતા કરતા ડભાણ પધાર્યા. યજ્ઞની તૈયારીઓનું નિરિક્ષણ કરી યોગ્ય સૂચન કરી મહારાજ ઘોડાસર ગયા.

ઘોડાસરના દરબાર જાલમસિંહજીએ મહારાજની ભાવથી પૂજા કરી દરબારગઢમાં પધરાવ્યા અને પ્રાર્થના કરતા કહ્યું, ''મહારાજ ! અમારા લાયક કંઈ સેવા હોય તો કહેજો.''

ત્યારે મહારાજે કહ્યું, ''દરબાર ! અમે થોડા સમય પછી ડભાણમાં મહાયજ્ઞ કરીએ છીએ. પરંતુ વામમાર્ગીઓ અને વૈરાગી બાવાઓનો ત્રાસ ખૂબ છે. માટે યજ્ઞ વખતે તે લોકો કોઈ વિક્ષેપ ન કરે તેની કાળજી રાખવાની છે.''

જાલમસિંહજી મહારાજની વાત સાંભળી મનમાં હસે છે કે 'જરૂર, મહારાજ આ કાર્યમાં મને નિમિત્ત બનાવવા માગે છે.' પછી ભીલના ભૂપતિ જાલમસિંહજી મહારાજને કહે, "મહારાજ ! તમારી કૃપાથી એ અનાડીઓનો બિલકુલ ભાર કે ડર મને નથી. તમે કેવળ આજ્ઞા કરો પ્રભુ ! આપ હા કહો એટલીવારમાં તો લાખ ભીલોને ઊભા રાખી દઉં. માણસ તો શું એક ચકલુંય ડભાણની હદમાં ન પેસે !"

જાલમસિંહજીની વાત સાંભળી મહારાજ કહે, "દરબાર ! આપણે એટલા બધાની જરૂર નથી, થોડાઘણા સાથે લ્યો, બાકી અમારી સાથે કાઠી દરબારો અને બીજા સત્સંગી લડવૈયા છે."

ત્યારબાદ મહારાજે ડભાણ જવાની તૈયારી કરી એટલે જાલમસિંહજીએ નોબત વગડાવી. નોબતનો અવાજ સાંભળી દસ હાજાર ભીલો તીર-કામઠા લઈ આવી પહોંચ્યા. જેમ લશ્કરના સૈનિકો કેળવેલા હોય, એ રીતે આ ભીલો પણ કેળવેલા હતા. તેઓ મહારાજની આગળ વ્યવસ્થિત રીતે લાઈનમાં ગોઠવાઈ ગયા. દેશદેશમાં જ્યાં જ્યાં સમાચાર મળ્યા હતા એ હરિભક્તો પણ મહારાજ ઘોડાસરમાં છે એવી વાત સાંભળી આવી પહોંચ્યા હતા. તેઓ પણ મહારાજ સાથે જોડાઈ ગયા.

મહારાજની સાથે અગણિત સંતો, હરિભક્તો તથા ભીલોની એ સવારી નોબત, શરણાઈઓ, ઢોલ, ત્રાસા વગેરે વાજિંત્રોના ગગનભેદી અવાજો તથા શણગારેલા ઘોડાઓ, ઊંટો, હાથીઓ, ગાડાંઓ સાથે ડભાણ તરફ રવાના થઈ. શ્રીજીની આ સવારી દેવતાઓને પણ ઈર્ષા આવે એવી હતી.

થોડા જ સમયમાં શ્રીજી મહારાજની વિજયસવારી મંગલ ધ્વનિથી ભૂમંડલના પ્રાણીઓને પાવન કરતી થકી ડભાણ આવી પહોંચી. ચકોર પક્ષીની રાહે રાહ જોતા ભક્ત વિષ્ણુદાસ તથા ડભાણના અન્ય હરિભક્તો સામૈયું લઈ શ્રીહરિની સામે ગયા. અતિ હર્ષ સાથે મહારાજને વાજતે-ગાજતે ગામમાં તેડી લાવ્યા. મહારાજની સાથે આવેલા હજારો ભક્તોને યોગ્ય ઉતારા આપવામાં આવ્યા.

થોડીવાર પછી મહારાજ મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી સાથે યજ્ઞશાળા, પાકશાળા તથા ઉતારાની વ્યવસ્થાનું નિરીક્ષણ કરવા નીકળ્યા. તૈયારી

કરનાર બન્ને સંતોએ મહારાજને બધું બતાવ્યું. ગામથી પશ્ચિમ તરફ બનાવેલી ભવ્ય યજ્ઞશાળા તથા ગામથી પૂર્વમાં તળાવને કિનારે ગોઠવેલી વિશાળ પાકશાળા અને ઉતારા-પાણી વગેરેની ઉત્તમ સગવડ જોઈને શ્રીજી મહારાજ ખૂબ સંતોષ પામ્યા.

ત્યારબાદ મહારાજે બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું, "સ્વામી ! આ બધી યજ્ઞની સામગ્રી, સીધાપાણી વગેરે ક્યાંથી લાવ્યા ? એમના પૈસા ચૂકવાઈ ગયા કે બાકી છે ?"

સ્વામી કહે, "મહારાજ ! તમે સર્વ જાણો જ છો, છતાં પૂછો છો એટલે કહું છું. મુક્તાનંદ સ્વામીએ અણિયાળીના પૂંજા શેઠને ખંભાત જઈ ત્યાંથી સીધા-સામગ્રી લઈ આવવાનું કહ્યું. સ્વામીની આજ્ઞાથી પૂંજા શેઠ ૫૦ ગાડાં લઈ ખંભાત પહોંચ્યા. ખંભાતની ભાગોળે પહોંચ્યા, ત્યાં તેમને એક શેઠ મળ્યા. તેમણે પૂછ્યું, 'ભાઈઓ ! આ ગાડાં કોનાં છે ?'

પૂંજા શેઠ કહે, "ગાડાં ભગવાન સ્વામિનારાયણનાં છે, શેઠ !"

શેઠ કહે, "પરંતુ આટલા બધા ગાડાં લઈ ક્યાં જઈ રહ્યા છો ?"

"શેઠ ! ભગવાન સ્વામિનારાયણ ડભાણમાં મોટો યજ્ઞ કરે છે, તે સામાન લેવા આવ્યા છીએ."

શેઠ મરક મરક હસતા બોલ્યા, "એ...મ, તો તો પછી ચાલો અમારી મોટી વખાર ગામ બહાર છે. ત્યાંથી તમને સારોય સામાન મળી જશે."

વખારે જઈ શેઠે ઘી-ગોળ, અનાજ વગેરે પુષ્કળ સામગ્રીના ગાડાં ભરી દીધાં.

પૂંજા શેઠે પૂછ્યું, "શેઠ ! કેટલો હિસાબ થયો ?"

શેઠ કહે, "ભાઈઓ ! અત્યારે અંધારું થઈ ગયું છે, વળી તમારે રાતવાસો તો કરવો જ પડશે, કારણ કે ડાકુ-લૂંટારાનો બહુ ભય છે. રાત્રિ રોકાઈ જાવ, સવારે નિરાંતે હિસાબ કરીશું."

પૂંજા શેઠ કહે, "પણ શેઠ ! અમે અજાણ્યા માનવી અને તમે અમારા ઉપર આટલો ભરોસો મૂકો છો !"

શેઠ કહે, "તમે સ્વામિનારાયણના છો, માટે પ્રામાણિક હો, સવારે પૈસા આપી જજો. ચિંતા કરો મા."

પછી ગામને પાદરે રાત વિતાવી. સવારમાં પૈસા ચૂકવવા જાય છે તો ત્યાં ન તો કોઈ વખાર જોવા મળી કે ન કોઈ શેઠ મળ્યા.

તેથી પૂંજા શેઠ ગાંડા લઈ ડભાણ આવ્યા. અમને વાત કરી. અમે સમજી ગયા કે દાનેશ્વરી શેઠ અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ ભગવાન સ્વામિનારાયણ તમે પોતે જ હતા, બીજા કોઈ નહીં. આ રીતે તમારી કૃપાથી ગુપ્તદાન દ્વારા ચારે તરફથી પુષ્કળ સામગ્રી આવવા લાગી છે.''

“શાક દાળ ને દળાવ્યા ઘઉં, લીધા ઘી-ગોળ મિસરી બહુ
છોયે રસના ભર્યા કોઠાર, તેનો કહેતા તે ન આવે પાર.”

આ રીતે મહારાજે યજ્ઞન સર્વ તૈયારી ખૂબ સરસ રીતે થઈ છે, તે જોઈ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી ઉતારે પધાર્યા.

★ ★ ★ ★ ★

યજ્ઞનો પ્રારંભ થયો. લાખો માણસો મહારાજ તથા યજ્ઞના દર્શને ઉમટી પડ્યા. આખા ડભાણ ગામમાં જ્યાં જૂઓ ત્યાં માણસો જ દેખાતા હતા. દેશદેશાંતરથી આવેલા ભક્તો મહારાજનાં દર્શન કરી, યજ્ઞનાં દર્શન કરી પોતાનાં જીવનને ધન્ય બનાવતા હતા. સંતોના મુખેથી કથાવાર્તા સાંભળી અંતર ટાઢુ કરતા હતા અને સાથે સાથે ભોજનશાળામાં પ્રસાદ ગ્રહણ કરી દેહનુંય કલ્યાણ કરતા હતા.

આખો દિવસ યજ્ઞ, દર્શન, કથાવાર્તા અને ભોજન એ જ કરવાનું હતું. સંતોની આગવી સૂઝના કારણે હજારો ભક્તજનો આવેલા હોવા છતાં ક્યાંય કોઈ અડચણ નહોતી પડતી. આમ શાંતિપૂર્વક યજ્ઞ થતો હતો.

એક દિવસ ગુજરાતનો ભયંકર ડાકુ જોબનપગી મહારાજની માણકીના વખાણ સાંભળી ચોરવા માટે આવ્યો, પણ સફળ ન થયો. ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ પ્રયત્નો કર્યા છતાં સફળ ન થયો, તેથી હાર સ્વીકારી મહારાજનો આશ્રિત થયો.

શાંતિપૂર્વક ચાલી રહેલા યજ્ઞમાં દ્વેષી લોકોએ અડચણ કરવાના ઘણા પ્રયત્નો કર્યા, પણ કોઈને સફળતા ન મળી. જાલમસિંહજીનું લશ્કર જોઈ કોઈ બાવાઓ ફરક્યા નહીં. યજ્ઞ પૂર્ણ થયો, ત્યાં સુધી જાલમસિંહજી તથા તેના લશ્કરે ખડે પગે સેવા કરી.

આમ ૧૮ દિવસનો આ મહાવિષ્ણુયાગ ભારે સફળ થયો, જેનું વિસ્તારપૂર્વક વર્ણન ભક્તચિંતામણી, હરિલીલામૃત વગેરે ગ્રંથોમાં વિસ્તારથી કરેલું છે.

આ રીતે અતિ ઉત્તમ દૃઢ નિષ્ઠાને વરેલા અનાસક્તિનિષ્ઠ આદર્શ ભક્ત વિષ્ણુદાસના ભક્તિભાવ અને અતૂટ શ્રદ્ધાને કારણે આ પૃથ્વી ઉપર ક્યારેય ન થયો હોય, એવો મહાયજ્ઞ ડભાણમાં પૂર્ણ થયો.

૨૪ કાશીદાસ (બોચાસણ)

દુઃખોથી ભરેલા આ સંસારસાગરમાંથી છૂટવા અનેક મુમુક્ષુઓ પોતપોતાની રીતે જપ, તપ, વ્રત, કથાશ્રવણ, શાસ્ત્ર ચિંતન, પૂજા-પાઠ, દેવ-દર્શન આદિક અનુષ્ઠાન કરતા રહે છે. પોતાની શક્તિ પ્રમાણે કરેલા ઉપાયો મુજબ એ જીવ ઊર્ધ્વગતિને પામે છે. પરંતુ પોતાની સાથે બીજા અનેક મુમુક્ષુઓ પણ આ ભવસાગર તરે એવા ઉપાયો ખૂબ ઓછા લોકો કરતા હોય છે.

પોતાના આત્માને આ દુઃખાલયમાંથી તારવો સરળ છે, પરંતુ પોતાની સાથે સાથે બીજા અનેક મુમુક્ષુઓને પણ તારવા એ થોડું કઠણ છે, કારણ કે આ કાર્ય તો અતિ દૃઢતાને વરેલું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં અનેક સંતો, ભક્તો તથા બહેનો એવા થઈ ગયા કે જે પોતે તો તર્યા પણ પોતાની સાથે એનેક મુમુક્ષુઓને પણ તારતા ગયા. સત્સંગમાં આવી અચળ દૃઢતાવાળા ઘણા ભક્તો થઈ ગયા છે. મધ્યના ૫૯મા વચનામૃતમાં સ્વયં શ્રીજી મહારાજે તેવા છ ભક્તોના નામ ગણાવ્યાં છે. તેમાંથી એક હતા બોચાસણના ભક્ત કાશીદાસ.

ચરોતર પ્રદેશમાં રળિયામણું બોચાસણ નામે ગામ આવેલું છે. આ ગામમાં પાટીદાર કાનદાસ પટેલ રહેતા હતા. તેમના ઘરે એક મુમુક્ષુ પુત્રનો જન્મ થયો, જે કાશીદાસના નામથી ઓળખાયા. ગુજરાત પ્રદેશના અગ્રગણ્ય ભક્તોમાં કાશીદાસની ગણના થતી હતી. કાશીદાસે મહારાજને પ્રિય એવું

સત્સંગપ્રચારનું કાર્ય ભારે ખંતથી કરેલું, તેથી એમના ઉપર શ્રીજી મહારાજ અને સંતો ખૂબ પ્રસન્ન થયેલા.

વર્ણી વેશે પ્રથમ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ વર્ણીવેશે તીર્થાટન કરતા કરતા બોચાસણ પધાર્યા. ગામથી બહાર એક રળિયામણું તળાવ હતું. એ તળાવની પાસે જ નાનકડી ઝૂંપડી હતી.એ ઝૂંપડીમાં એક બાવાજી રહેતા હતા. વર્ણીએ આજની રાત્રિ આ સુંદર જગ્યામાં જ વિતાવવી એવું નક્કી કર્યું.

બીજા દિવસે સવારના સમયે કાશીદાસના પિતાજી કાનદાસભાઈએ પોતાને ઘરે બ્રાહ્મણોની ચોરાશી કરેલી, એટલે તળાવના કિનારે રહેતા બાવાજીને જમવાનું નોતરું આપવા માટે પોતાના પુત્ર કાશીદાસને મોકલ્યા.

કાશીદાસ તળાવે આવ્યા, ત્યાં એમની નજર બાવાજીની સાથે ધ્યાનાવસ્થામાં બેઠેલા બટુક બ્રહ્મચારી ઉપર પડી. મૃગચર્મ ઉપર ધ્યાનાવસ્થામાં બેઠેલા વર્ણીનું સ્વરૂપ જોઈ કાશીદાસ થોડીવાર ત્યાં જ ઊભા રહી ગયા. વર્ણીનાં દર્શન કરતાં જ અંતરમાં કંઈક અલૌકિક અનુભવ થવા લાગ્યો.

નાનકડા બટુક બ્રહ્મચારી પણ આપણા ઘરે જમવા પધારે, એવા વિચાર સાથે કાશીદાસે બાવાજીની સાથે સાથે નીલકંઠવર્ણીને પણ નોતરું આપ્યું. જમવાના સમયે બાવાજી અને નીલકંઠવર્ણી કાશીદાસને ઘરે પધાર્યા.

કાશીદાસના માતુશ્રી નાનીબાઈ સારા મુમુક્ષુ હતા. એમની નજર નાનકડા બ્રહ્મચારી ઉપર પડી. બ્રહ્મચારીના દર્શન માત્રથી જ એમનું ચિત્ત આકર્ષિત થઈ પરમ શાંતિને પામ્યું. મનમાં થયું, આ કોઈ સાધારણ બ્રહ્મચારી નથી, કોઈ અલૌકિક મહાપુરુષ છે.

પછી સૌની સાથે વર્ણી જમવા બેઠા. બ્રાહ્મણોએ લાડુ, શાક, દાળ-ભાત વગેરે ભોજન પીરસ્યું. ભોજનમાં લસણની ગંધ આવવાથી વર્ણી કંઈ જમ્યા નહીં, ફક્ત ભાતના બે ગ્રાસ લઈ ઊભા થઈ ગયા.

નાનીબાઈ કારણ જાણી ગયા તેથી ઘરમાંથી દૂધ લેવા ગયા, પરંતુ દૂધ ન હતું તેથી ખાલી હાથે બહાર આવ્યા. ત્યાં નીલકંઠ બોલ્યા, ''મા ! તાજું દૂધ દોહીને આપો.''

નાનીબાઈ કહે, “પણ, કવેળાએ ભેંસ થોડું દૂધ આપે ?”

વર્ણી કહે, “તમે વાસણ લઈને જાઓ, ભેંસ જરૂર દો'વા દેશે.”

વર્ણીના વિશ્વાસે નાનીબાઈ ભેંસ દોહવા ગયા. આંચળ પકડી જ્યાં ખેંચ્યા ત્યાંતો દૂધની શેડ્યો ફૂટી. થોડીવારમાં આખી તપેલી ભરાઈ ગઈ. આશ્ચર્ય સાથે નાનીબાઈએ તાંસળીમાં દૂધ ગાળી નીલકંઠને આપ્યું. નીલકંઠ દૂધ અને ભાત જમ્યા અને વિદાય લીધી.

નીલકંઠ તો કાશીદાસના ઘરેથી નીકળી ગયા, પણ સાથે સાથે ઘરના સભ્યોનું ચિત્ત પણ લેતા ગયા. કાનદાસ, કાશીદાસ તથા નાનબાઈના મનમાં સતત એ ભૂરી જટાનો માથે અંબોડો, અણિયાળી આંખો, આજાન ભૂજાઓ, મુખ ઉપરના આછા આછા હાસ્યવાળી એ મૂર્તિ જ રમ્યા કરે છે. ખાવું- પીવું- સૂવું સર્વ ક્રિયામાં એ વર્ણીની મૂર્તિ જ દેખાયા કરે છે. અહર્નિશ એમને એક જ રટના લાગી હતી કે “એ બ્રહ્મચારીનાં દર્શન ફરીથી ક્યારે થશે ? આટલી નાની બાલ્યાવસ્થામાં આવા તેજસ્વી તપસ્વી કોઈ પણ સ્થળે જાણ્યા-જોયા નથી.

મહારાજનાં સ્વરૂપમાં દૃઢનિશ્ચય

સમય જતાં ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો વિચરણ કરતા બોચાસણ પધાર્યા. સંતોની ક્રિયાઓ જોઈ કાશીદાસને ગુણ આવ્યો. બીજા બાવાઓ કરતાં આ સાધુઓ સારા છે, એવું માની કાશીદાસ સંતોની વાતો સાંભળવા સભામાં આવ્યા. સંતોના મુખે થતી પ્રગટ ભગવાનની વાત સાંભળી કાશીદાસના અંતરમાં અજવાળા થવા લાગ્યા.

સંતો પાસે વર્તમાન ધરાવી સત્સંગ સ્વીકાર્યો. થોડા દિવસ રહી સંતો નીકળી ગયા, પણ કાશીદાસના અંતરમાં એ પ્રગટ પુરુષોત્તમનાં દર્શનની ઝંખના લાગી. તેથી બોચાસણના થોડા ભક્તોને સાથે લઈ કાશીદાસ મહારાજનાં દર્શને ઉપડ્યા. રસ્તામાં જાણ્યું કે ભગવાન શ્રી સ્વામિનારાયણ અત્યારે લોયામાં બિરાજે છે, તેથી કાશીદાસ લોયા આવ્યા.

એ સમયે લોયામાં શાકોત્સવ ચાલી રહ્યો હતો.

મહારાજ પોતાના હાથે રીંગણાનું શાક બનાવતા હતા. મોટા મોટા તપેલામાં વઘાર લેવાતો હતો. મહારાજ વઘાર દેતા જાય, હલદર-મરચું નાંખતા જાય અને

હાથ વસ્ત્રોએ લૂછતા જાય. આ પ્રમાણે કોઈ રસોઈયો હોય તેવી સ્થિતિમાં મહારાજનાં દર્શન કરતાં કાશીદાસને વિચાર થયો કે, આમને ભગવાન કેમ કહેવાય ? મારો ફેરો નિષ્ફળ ગયો. આવા સંકલ્પના તરંગો મનમાં ઉછળવા લાગ્યા.

અંતર્યામી પ્રભુ કાશીદાસના સંકલ્પને પારખી ગયા. થોડીવાર પછી મહારાજ સભામાં પાટ ઉપર બિરાજમાન થયા. દેશ-દેશાતંરના ભક્તો મહારાજનાં દર્શને આવે છે, દર્શન કરી સભામાં બેસી રહ્યા છે. એ વખતે કાશીદાસ સભામાં આવ્યા.

કાશીદાસને જોઈ મહારાજે તેમનું નામ લઈ બોલાવ્યા, પાસે બેસાર્યા અને વાત કરવા લાગ્યા, "ભક્તો ! કોઈક માણસ પગે ચાલી માર્ગમાં અનેક દુઃખો સહન કરતો હજાર ગાઉનું અંતર કાપી કાશીની યાત્રાએ ગયો હોય, ત્યાં ગંગાજીનું પાણી ડોળાયેલું જોઈને તેમાં સ્નાન ન કરે, પાણી પીએ નહીં અને પાછો ઘેર ચાલ્યો આવે, તેને કેવો જાણવો ?"

મહારાજની આ રીતની વાત સાંભળીને કાશીદાસના મનમાં આશ્ચર્ય થયું. આ તો મારાં અંતરની વાત જાણી ગયા. માટે આ સ્વામિનારાયણ પોતે જ સાક્ષાત્ ભગવાન છે, મારો સંશય દૂર કરવા જ આ વાત કરી છે. જો આટલી વાત મેં ન સાંભળી હોત, તો હું મોટો મૂર્ખ ગણાત.

એ જ વખતે મહારાજનાં શરીરમાંથી દિવ્ય પ્રકાશ નીકળવા લાગ્યો. મહારાજનાં દિવ્ય તેજસ્વી રૂપનાં દર્શન કરીને ભક્તજનો ધન્ય થઈ ગયા અને ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા.

પછી કાશીદાસ મહારાજના દૃઢ નિશ્ચય સાથે ઘરે ગયા. પોતાનાં માત-પિતા વગેરે સગા-સંબંધીઓને મહારાજના પ્રતાપની બધી વાતો કરી અને તેમને પણ શ્રીજી મહારાજનાં સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરાવ્યો.

બાર ગામમાં સત્સંગ

કાશીદાસ મહારાજના એકાંતિક ભક્ત બન્યા. હવે તેઓ વધારે ને વધારે મહારાજ તથા સંતોના દર્શન-સમાગમમાં પોતાનો સમય વિતાવવા લાગ્યા. અવારનવાર પોતે મહારાજનાં દર્શને જાય અથવા સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી જેવા મોટા મોટા સંતોને બોચાસણ તેડાવે અને પોતે

સત્સંગ કરે તથા ગામના લોકોને પણ સત્સંગ કરાવે.

આમ કાશીદાસ પોતે તો સત્સંગે રંગાયા, પરંતુ શ્રીજી મહારાજ તથા સંતોના રાજીપાથી પોતાનાં દિલમાં સત્સંગ ઉત્કર્ષની અદ્‌ભૂત ભાવના જાગી. આ જગતમાં જે સજ્જન-ધનવાન મનુષ્યો હોય એ હમેશા પોતાને પ્રાપ્ત થયેલી સંપત્તિનો ઉદાર મને સદ્‌વ્યય કરી, જે રીતે લોકોનું હિત થાય તેમ કરતા રહે છે. એ જ રીતે પ્રભુના સાચા ભક્તો પણ આ દુઃખાલયમાં ખદબદતા સાંસારિક જીવોને ભગવાન સન્મુખ કરવાનું સાચું માર્ગદર્શન આપી, સર્વદુઃખનાં મૂળ રૂપ માયિક બંધનો તથા આસક્તિ તોડાવી શાશ્વત સુખના અધિકારી બનાવે છે. એ ન્યાયે ભક્ત કાશીદાસે પણ અનેક જીવોને ભગવત્ સન્મુખ કરવા લોકોને સત્સંગનો મહિમા સમજાવી સત્સંગપ્રચાર કરતા રહેતા.

ઘરકામ, ખેતીકામ વગેરે વ્યવહારના જે કાંઈ કામ હોય તે ઝડપથી આટોપી, પોતાનો એકો લઈ ચરોતરનાં ગામોમાં સાધુની માફક ફરતા. અજાણ્યા, સગાં-સંબંધી કે મિત્રો, જે મળે તેને મહારાજના પ્રગટપણાની વાતો કરતા, મહારાજનો મહિમા સમજાવતા અને મનુષ્યદેહની દુર્લભતા કહી દેખાડતા.

બળભરી અને નિષ્ઠાપૂર્વકની વાતો કરી કાશીદાસે બાર ગામમાં મહારાજની પધરામણી કરાવી સત્સંગ કરાવ્યો હતો અને મહારાજના રાજીપાના અધિકારી બન્યા હતા.

મહામંત્રની જ્યોત

ચરોતર વિસ્તારમાં એક બહુ પ્રતિષ્ઠિત હરિદાસ નામે બાવો હતો. મંત્ર-તંત્ર-જંત્ર-કામણ-ટુમણ જાણનારો આ બાવો ભારે ઠાઠ-માઠ સાથે ગુજરાતમાં ફરતો. તેની જમાતના ૬૦ ગાડાં સાથે રહેતા. ઊંટગાડી અને ઘોડાગાડીની સવારી કરતો, સાથે મોટી ફોજ રાખતો અને ગામડે-ગામડે વિચરણ કરતો. ગામડાંના અભણ અને અજ્ઞાની લોકોને મંત્ર-તંત્રના પ્રયોગો કરી હેરાન કરતો. મેલી સાધનાના મેલા પ્રયોગો કરી, લોકોને ડરાવી એમણે અનેક લોકોને વશ કર્યા હતા.

એ હરિદાસ બાવો ફરતો ફરતો જમાત સાથે બોચાસણ આવ્યો. કાશીદાસના સત્સંગપ્રચારના આવા વિશાળ કાર્યના સમાચાર સાંભળી હરિદાસ બાવાને થયું, ‘કાશીદાસની સમાજમાં સારી પ્રતિષ્ઠા છે. જો એ મારો શિષ્ય બને, તો કાશીદાસને

માનનારા લોકો પણ મારા શિષ્ય બને અને સમાજમાં મારી પ્રતિષ્ઠા વધે.'

પોતાની પાસે રહેલી મેલી વિદ્યાનો એને ગર્વ હતો. એના મનમાં એમ કે કાશીદાસને બોલાવી મંત્ર-તંત્ર વડે વશ કરી લઉં અને મારા ટોળામાં ભેળવી દઉં. એવા વિચાર સાથે એમણે કાશીદાસને બોલાવ્યા. કાશીદાસે આવી સાધુ જાણી નમસ્કાર કર્યા. બાવાએ કાશીદાસને પાસે બેસાડ્યા અને મંત્રના પ્રયોગ કરવા માંડ્યો.

મેલી વિદ્યાના પ્રયોગો કરતો બાવો કાશીદાસ ઉપર મંત્રેલા દાણા નાખે છે, પણ કાશીદાસને કશું થતું નથી. પોતાની પાસે જે અવિદ્યા હતી તે તમામનો પ્રયોગ કરી જોયો, પણ મહારાજની કૃપાથી કાશીદાસને કશું થયું નહીં. તેથી હરિદાસ બાવાને અત્યંત ક્રોધ ચડ્યો. ક્રોધના આવેશમાં તેણે પોતાની સૌથી શ્રેષ્ઠ જીવલેણ મેલીવિદ્યાનો પ્રયોગ કરી કાશીદાસ ઉપર દાણા નાખ્યા અને ધૂધકારી મારી જોરથી પોતાની જટા ધુણાવી 'મહાકાળી કાલી કમલી વાલી, તારાં વચન ન જાય ખાલી' આમ મહાકાળી શક્તિના મંત્રો ભણ્યો, ત્યાં તો મેલી શક્તિ નાની બાળકીનું ભયંકર રૂપ ધરી બાવા સામે હાજર થઈ.

બાવે ભ્રકુટી ચઢાવી હાકલ મારી કહ્યું, 'શું જોઈ રહી છો, આ કાશીદાસને આખે આખો ભરખી જા.'

બાવાની આજ્ઞા થતા તે શક્તિ કાશીદાસ પાસે દોડીને ગઈ. કાશીદાસ તો બાવાના ખેલને જોતા જોતા, મનમાં મહારાજને સંભારતા સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરતા હતા. એ મંત્રના જપથી કોઈ અલૌકિક તેજ કાશીદાસના શરીરમાંથી પ્રગટી રહ્યું હતું. એ તેજના સામર્થ્ય સામે શક્તિને પોતાનું સામર્થ્ય સાવ ફિક્કું લાગ્યું. કાશીદાસની રક્ષામાં રહેલા અલૌકિક તેજને જોઈ તે શક્તિ ડરી ગઈ અને દોટ મૂકી હરિદાસ બાવા ઉપર પડી. પોતાની વિદ્યા વડે બોલાવેલી શક્તિ પોતાના ઉપર જ પડી, તેથી તે બાવો બળીને ખાખ થઈ ગયો. પોતાના ગુરુને આમ ભડ ભડ સળગતો જોઈ તેની આખી જમાત જીવ બચાવીને ભાગવા લાગી. થોડીવારમાં બાવાનું ટોળું વેરવિખેર થઈ ગયું.

આ રીતે મંત્ર-જંત્ર ને કામણ-ટુમણ જાણનાર બાવા થકી મહારાજે કાશીદાસની રક્ષા કરી.

ભૂલની ઓળખાણ

કાશીદાસને શ્રીજી અને સંતો ઉપર અત્યંત પ્રેમભાવ હતો. જો થોડા દિવસ મહારાજ તથા સંતોનાં દર્શન ન થયા હોય તો કાશીદાસને દર્શનની તડપ લાગે. તેથી કોઈને કોઈ ઉત્સવમાં કે ધંધાને નામે ગઢડા પહોંચી જતા અને થોડા દિવસો રોકાઈ સેવા-સમાગમ કરતા.

કાશીદાસ તમાકુનો વેપાર કરતા હતા. એક દિવસ તમાકુના ગાડાં ભરી વેપાર કરવા ગઢડા આવેલા. ગઢડાની બજારમાં તમાકુ વેચે અને સમય મળે ત્યારે મહારાજનાં દર્શન-સમાગમ કરે. આ વખતે કાશીદાસને આવ્યાના ઝાઝા દિવસ થઈ ગયા એટલે શ્રીજી મહારાજે પૂછ્યું, “કેમ કાશીદાસ ! તમાકુ વેચાઈ ગઈ ?”

કાશીદાસ કહે, “હા મહારાજ ! સાથે લાવ્યો હતો તે બધી તમાકુ વેચાઈ ગઈ.”

મહારાજ કહે, “તો પછી હવે ઘરે જાઓ.”

કાશીદાસ કહે, “મહારાજ ! તમાકુ તો વેચાઈ ગઈ છે, પરંતુ હજુ ઉઘરાણી બાકી છે.” આમ બહાના કાઢીને કાશીદાસ મહારાજનાં દર્શને બે-ચાર દિવસ વધારે રોકાયા.

એક વખત મહારાજ વડતાલ પધારેલા. અહીં મહારાજે વીસ દિવસ રહી મોટો ઉત્સવ કર્યો. ઉત્સવમાં દેશદેશાંતરથી અનેક ભક્તો પધારેલા. ઉત્સવ પૂરો થયો, પણ કાશીદાસ દેખાણા નહીં. વીશ દિવસ વિત્યા પછી કાશીદાસ બોચાસણથી વડતાલ દર્શન કરવા આવ્યા ને મહારાજને કહેવા લાગ્યા, “મહારાજ ! આપ ઘણા સમયથી બોચાસણ પધાર્યા નથી, માટે આ વખતે તો તમારે જરૂર પધારવું પડશે.”

મહારાજ મીઠો ઠપકો આપતા કહે, “તમે તો ચોર કોટવાલને ડાંટે એવી વાત કરો છો. અમે અહીં વીશ દિવસથી આવ્યા છીએ. અહીં મોટો સમૈયો પણ કર્યો, પરંતુ તમે તો અહીંથી નજીક રહો છો છતાં ઉત્સવમાં આવી શક્યા નહીં. અને હવે અમને બોચાસણ તેડાવો છો ?”

કાશીદાસને પોતાની ભૂલ સમજાણી એટલે તે કહે, “માફ કરજો મહારાજ ! પણ...”

મહારાજ કહે, “હવે પણ ને બણ નહીં ચાલે. તમે સમૈયામાં જેટલા ભક્તો આવ્યા હતા તેનાં દર્શન ગામડે ગામડે જઈને કરી આવો.”

કાશીદાસ હસીને કહે, “મહારાજ ! કોઈ કચ્છના તો કોઈ કાઠિયાવાડના એમ દેશદેશના સત્સંગીઓ હોય, એ દૂર દૂરના ગામોમાં હું ક્યાંથી જઈ શકું !”

મહારાજ કહે, “કાશીદાસ ! તમને ખબર છે, કે તમારે કેટલી ખોટ ગઈ ? સમૈયામાં આવ્યા હોત તો અનેક એકાંતિક સંતો-ભક્તોના સહેજે દર્શન થાત !”

કાશીદાસે બે હાથ જોડી નમ્રતાથી મહારાજ પાસે માફી માગતા કહ્યું, “કૃપાનાથ ! તમે બહુ કૃપા કરીને મારી ભૂલ ઓળખાવી. હવે આવી ભૂલ ક્યારેય નહિ થાય.”

આ રીતે મહારાજે કાશીદાસની ભૂલ ઓળખાવી.

ખેડાથી ગઢડા

કાશીદાસ ભાગીદારીમાં તમાકુનો વેપાર કરતા. એકવાર ભાગીદાર સાથે પૈસા બાબત મોટો વાંધો પડ્યો. કહેવાય છે ને કે ‘ભગતને ને જગતને ફાવે નહીં.’ ભગત વ્યવહારે ભોળા અને સામેનો વ્યાપારી થોડો માથાભારે. તેણે ખેડા પોલીસમાં કાશીદાસ વિરુદ્ધ ખોટી ફરિયાદ કરી. કાશીદાસને કોર્ટનું તેડું આવ્યું અને અંતે એમને જેલની સજા થઈ.

કાશીદાસ જેલમાં પૂરાયા. ધર્મ-નિયમની અચળ દૃઢતાવાળા એકાંતિક ભક્તને ભક્તિમાં વિઘ્ન થવા લાગ્યું. જેલમાં ના’વાની અસુવિધાને કારણે પૂજા-પાઠ થયા નહીં. પૂજાપાઠ વિના સાત દિવસ પસાર થઈ ગયા. પૂજા વગર તેમણે અન્ન-જળ પણ લીધું નહીં.

એ વખતે ગઢપુરમાં સમૈયો હતો. કાશીદાસ વારંવાર શ્રીહરિનું સ્મરણ કરી આર્તસ્વરે પ્રાર્થના કરતા હતા. ‘હે મહારાજ ! મને આપનાં દર્શનનો લાભ નહિ મળે ? અરે વ્યવહારની ચુંગાલે મને કેદમાં ધકેલ્યો. અહો...પ્રભુ ! તમારી મનોહર મૂર્તિનાં હવે મને ક્યારે દર્શન થશે ? જો આ જેલમાં ન પૂરાણો હોત તો સંતો-ભક્તોનાં દર્શન થાત, આપની અમૃતવાણીનું શ્રવણ થાત. એ દિવ્ય સુખનો અલૌકિક અદ્‌ભૂત આનંદ આજે મારા ભાગ્યમાં નથી.’ આ રીતે કાશીદાસ એકાગ્રવૃત્તિથી મહારાજની મૂર્તિમાં જોડાઈ પ્રાર્થના કરતા રહેતા.

પોતાના ભક્તની પ્રાર્થના સાંભળી ભક્તવત્સલ ભગવાને જેલના અધિકારીઓના હૃદયમાં પ્રેરણા પૂરી. અધિકારીને એમ થયું કે, કાશીદાસે સાત સાત દિવસથી અન્ન-જળ લીધાં નથી. આમ ભૂખ્યા અને તરસ્યા ક્યાંક મરી જશે તો કોર્ટમાં શું જવાબ દેશું ?

એમ વિચારી અધિકારીઓએ બે પોલીસની સાથે કાશીદાસને ખેડી નદીમાં નાહવા મોકલ્યા. પોલીસો કાંઠે બેઠા અને કાશીદાસ નદીના ધરામાં નાહવા લાગ્યા. પોતાની મનોવૃત્તિ તો શ્રીહરિની મૂર્તિમાં જોડાયેલી હતી. પાણીમાં ડૂબકી મારીને જેવા બહાર નીકળી આંખો ખોલી, ત્યાં તો સામે ગઢડું શહેર અને પોતે ઘેલાના ધરામાં ઊભા હતા. આ દૃશ્ય જોઈ કાશીદાસને આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો. પછી કાશીદાસ દાદાના દરબાર તરફ જવા નીકળ્યા.

આ બાજુ દાદા ખાચરના દરબારમાં સમૈયો ચાલી રહ્યો છે. દેશદેશના હરિભક્તો મહારાજના દર્શને આવે છે. એમાં કાશીદાસના માતા-પિતા પણ મહારાજનાં દર્શન કરવા આવ્યાં. અંતર્યામી મહારાજ કાનદાસ અને નાનીબાઈને જોઈ બોલ્યા, “ભક્તો ! કાશીદાસ કેમ દેખાતા નથી ! એ તમારી સાથે નથી આવ્યા ?”

માતા-પિતા દુઃખી હૃદયે બોલ્યા, “મહારાજ ! કાશીદાસ માથે મોટી આફત આવી છે અને અત્યારે એ જેલમાં છે.”

આ વાત ચાલે છે, ત્યાં કાશીદાસ સભામાં આવી મહારાજને દંડવત્ કરવા લાગ્યા. કાશીદાસને જોઈ તેમના માત-પિતા ખૂબ રાજી થયા. કાશીદાસે પોતે કઈ રીતે અહીં પહોંચ્યા તેની વાત કરી.

થોડા દિવસ કાશીદાસ અહીં જ રોકાયા. સમૈયો પૂરો થયો. સર્વ સત્સંગીઓ પોતપોતાને ગામ જવા લાગ્યા. પણ કાશીદાસ પાછા જાય નહીં.

મહારાજ કહે, “કાશીદાસ ! હવે તો સમૈયો પૂરો થયો, તમારા માત-પિતા સાથે ઘરે જાવ.”

“નહિ મહારાજ ! હું બોચાસણ જઈશ, તો તુર્ત જ પોલીસ પકડીને પાછો મને જેલમાં પૂરી દેશે.”

મહારાજ કહે, “તમે ઘરે જાવ, અમે તમારી રક્ષા કરીશું.”

કાશીદાસ મહારાજની આજ્ઞાથી ઘેર ગયા. અધિકારીઓને ખબર પડતા,

તેમને પકડીને સીધા ખેડા લઈ ગયા. ત્યાં અમલદારોએ પૂછ્યું, ''કાશીદાસ ! જે હોય તે સાચી વાત કહેજો. તમે નદીમાં ડૂબકી મારી પછી દેખાણા જ નહીં ને ભાગી ગયા. તે ક્યાં ગયા હતા ?''

કાશીદાસ નમ્રભાવે બોલ્યા, ''સાહેબ ! હું ભાગી ગયો નહોતો, પણ સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી ખેડી નદીમાં ડૂબકી મારી અને નીકળ્યો ગઢડા ઘેલા નદીમાં. આ વાત સાચી છે. આપને મનાય કે ન મનાય, પરંતુ આ તો મારા ઉપર ભગવાનની કૃપા થઈ. અને જો હું ભાગી જ ગયો હોત, તો પાછો શા માટે આવું ?''

અમલદારોએ કાશીદાસની વાત ઉપર પૂરેપૂરો વિશ્વાસ રાખી સામાવાળાને કહી દીધું કે, ''કાશીદાસ પાસે તમે લેણું માગતા હતા, તે હવે ભૂલી જાવ.''

વ્યપારી કહે, ''એમ કેમ ભૂલાય ! કાશીદાસ પાસેથી વસૂલ કરાવો.''

અમલદાર કહે, ''કાશીદાસ ભગવાનનો સાચો ભક્ત છે, માટે ભગવાન સ્વામિનારાયણે તેની રક્ષા કરી. અને હા, જે કાશીદાસ પાસે તમે પૈસા માગો છો તે તો ખેડી નદીમાં ડૂબીને મરી ગયો એમ માનો. આવો માણસ ક્યારેય ખોટો વ્યવહાર કરે નહીં. તમે લોકો જ પ્રપંચી છો, માટે આ કેસ કાઢી નાખવામાં આવે છે.''

આ રીતે શ્રીહરિની કૃપાથી કાશીદાસની આબરૂ જળવાઈ રહી અને વિપત્તિ દૂર થઈ.

દિવ્યરૂપે આગ ઓલાણી

મહારાજની કૃપાથી કાશીદાસ વ્યવહારે સુખી થયા હતા. એમણે પોતાને રહેવાની ત્રણ માળની લાકડાની સુંદર હવેલી બનાવી હતી. એક દિવસ કોઈ કારણવશાત્ કાશીદાસની એ હવેલી ભડભડ સળગવા લાગી. હવેલી લાકડાની, તેથી અગ્નિ એટલો ઝડપથી વધી ગયો કે આખી હવેલીને ઝપટમાં લઈ લીધી. કાશીદાસ અને તેમના પરિવારના સર્વ સભ્યો તો બહાર નીકળી ગયા, પણ એ લોકોએ હવે આ હવેલી બચશે એવી આશા છોડી દીધી.

એ સમયે કાશીદાસ મહારાજનું આર્તસ્વરે કરીને ભજન કરવા માંડ્યા અને અગ્નિ ઠારવાના જે કાંઈ ઉપાય સૂઝે એ કરવા લાગ્યા. ગામના માણસો પણ હાથમાં જે વાસણ આવ્યું તે લઈ પાણી ભરી ભરીને આગ ઓલવવા દોડ્યા, પણ

આ લાકડાની આગ એમ થોડી ઓલવાય !

ગામલોકોએ પણ હવેલીને બચવાની આશા છોડી દીધી અને કાશીદાસ તથા એમના પરિવારને આશ્વાસન આપવા લાગ્યા. પરંતુ આ બાજુ કાશીદાસ તો આર્તસ્વરે મહારાજની પ્રાર્થના કરે છે.

એ જ વખતે સર્વ ગામ લોકો જૂએ એમ આકાશમાંથી પાણીના ધોધ વછૂટ્યા. બધા લોકો ઉપર જોવા માંડ્યા કે આ પાણીના ધોધ આવે છે ક્યાંથી ? ત્યાં સર્વ લોકોને આકાશમાં સેંકડો સાધુઓ તથા ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતે મોટા મોટા તુંબડામાંથી પાણી રેડીને દિવ્ય રૂપે આગ ઓલવતા હોય એવાં દર્શન થયાં. લોકોને તો અતિ આશ્ચર્ય થયું કે, આટલા બધા સંતો આવ્યા ક્યાંથી ?

થોડીવારમાં આગ ઓલવાઈ ગઈ. કાશીદાસની હવેલીની રક્ષા થઈ. આ પ્રસંગ પ્રત્યક્ષ નિહાળ્યા બાદ ગામલોકોને કાશીદાસ પ્રત્યે અધિક પ્રેમભાવ પ્રગટ થયો. આવી રીતે શ્રીજી મહારાજે કાશીદાસની અનેક વખત રક્ષા કરી હતી.

૨૫ જીવા જોશી (જેતપુર)

સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રસ્થાપિત ઉદ્ધવ સંપ્રદાયે સમાજમાં પોતાની આગવી પ્રસિદ્ધિ મેળવી છે. તેનાં કોઈ કારણો હોય, તો તેમાં એક એ છે કે સંપ્રદાયના અનુયાયીઓનું શુદ્ધ અને સદાચારયુક્ત આચરણ અને બીજું અંતકાળે ભગવાન સ્વયં પોતાના અશ્રિતોને તેડવા પધારે છે તે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં આજ્ઞા અને ઉપાસના બે મુખ્ય પાસાઓ છે. તેમાં પણ આજ્ઞાનું મહત્ત્વ ખૂબ જ છે. શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે કે, ‘‘જેને પરમેશ્વરનાં વચનની ખટક રહે અને નાનું-મોટું વચન લોપી શકે નહિ એવી રીતનો જેનો સ્વભાવ હોય તેને ગમે તેવો આપત્કાળ આવે તોયે એ ધર્મ થકી પડે નહિ. માટે જેને વચનમાં (આજ્ઞામાં) દૃઢતા છે તેનો જ ધર્મ દૃઢ રહે અને તેનો જ સત્સંગ પણ દૃઢ રહે’’ (વ.પ્ર. ૧૪)

આ વચનામૃતને પોતાનાં હૃદયમાં ધારી શ્રીજી મહારાજે આપેલી શિક્ષાપત્રીની આજ્ઞાઓ પ્રમાણે અણીશુદ્ધ આજ્ઞાપાલન કરનારા આદર્શ ભક્તોની નામાવલિ સંપ્રદાયના ઈતિહાસમાં નાની નથી.

ગામ-ગરાસ અને કુટુંબનો ત્યાગ કરીને માથા સાટે આજ્ઞા પાળનારા એકાંતિક ભક્તોના જ્વલંત દાખલાઓ સત્સંગના ઈતિહાસની સાક્ષી પૂરે છે. એમાંનાં એક ભક્તરત્ન હતા જેતપુરના જીવા જોશી.

સૌરાષ્ટ્રમાં જેતપુર નામે ગામમાં જીવા જોષી નામે સદાચારી અને પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા. આર્થિક સ્થિતિ ઘણી નબળી હોવા છતાં, ખૂબ સંતોષપૂર્વક જીવન જીવી ભગવાનનું ભજન કર્યે રાખતા. તેઓને 'મારાથી મહારાજની કોઈ આજ્ઞા લોપાતી તો નથી ને !' તેવું અનુસંધાન હમેશા રહેતું. તેઓએ તેમના પરિવારમાં પણ ખૂબ જ ખંતથી સત્સંગના સંસ્કારોનું સીંચન કર્યું હતું.

જીવા જોષીના પત્ની પૂતળીબાઈ, ગોવર્ધન જોષી અને શીવા જોષી એ બે પુત્રો, પુત્રી કડવીબાઈ આ ચારેયમાં સત્સંગની સમજણ એકબીજાથી ઉતરોત્તર વધારે હતી.

ભક્તાધીન પ્રભુ સ્વામિનારાયણ

એક વખત શ્રીજી મહારાજ જેતપુર પધાર્યા હતા. ઉનડ ખાચરના દરબારગઢમાં મહારાજનો ઉતારો હતો. અનેક હરિભક્તો મહારાજનાં દર્શન કરવા પધારતા હતા. પ્રાંગણમાં મોટી સભા ભરાઈને બેઠી હતી. મહારાજ પોતાની અમૃતવાણીથી કથાવાર્તાનો લાભ આપતા હતા.

એવા સમયે જીવા જોષી મહારાજનાં દર્શને આવ્યા. ગોવર્ધન અને શીવો એ પોતાના બન્ને દીકરાઓ સાથે હતા. ત્રણેના સૌમ્ય મુખ, કપાળે ઝગારા કરતો તિલક-ચાંદલો, ધોળું ધોતીયું અને માથે ધોળો ખેસ, માથે મોટી શિખા. આવા સાત્ત્વિક વેશે આવેલા પરિવારને જોઈ મહારાજ ખૂબ રાજી થયા.

પ્રથમ જીવા જોષી મહારાજને પગે લાગ્યા, પછી બન્ને છોકરાઓ નજીક આવ્યા એટલે મહારાજે પોતાના હાથ લાંબા કરી બન્નેના માથે હેતથી હાથ મેલ્યા.

સાથે લાવેલી પૂજનસામગ્રી વડે મહારાજનું પૂજન કરી જીવા જોષી સભામાં બેઠા. થોડીવાર થઈ ત્યાં મહારાજની નજર છોકરાઓના શરીર ઉપર પડી. ખેસ ઓઢેલા અડધા ખુલ્લા ડિલને જોઈ મહારાજે પૂછ્યું, "જીવા જોષી ! આ તમારા દીકરા મોટા થઈ ગયા છે, છતાં હજુ જનોઈ કેમ નથી આપી ?"

"મહારાજ ! આપની કૃપાથી સર્વે વાતે સુખ છે. બીજું તો કાંઈ કારણ નથી, પરંતુ હમણાં વ્યવહાર થોડો નબળો છે. અને વળી અત્યારે દેશકાળ પણ અનુકૂળ નથી." દુઃખભર્યા હૃદયે જોષી બોલ્યા.

જીવા જોષીની વાત સાંભળી મહારાજ મર્માળુ હસતા હસતા બોલ્યા, "જોષી ! જનોઈ આપવામાં કેટલો ખર્ચ થાય ?"

જીવા જોશી કહે, ‘‘પ્રભુ ! ખર્ચનું તો પ્રસંગ ઉપર આધાર રાખે. જો સાધારણ રીતે અને સાદાઈથી પ્રસંગ ઊજવીએ તો બસો કોરી ખર્ચ થાય અને થોડું સારું કરીએ તો પાંચસો કોરી ખર્ચ થાય.’’

આમ વાત ચાલતી હતી, ત્યાં એક વેપારી ભક્ત મહારાજનાં દર્શને આવ્યા. મહારાજે તેમને કહ્યું, ‘‘શેઠ ! આ જીવા જોષી ખૂબ સારા ભક્ત છે, એમના દીકરાઓને જનોઇ આપવી છે. અમારા ખાતે લખી એમને જે માલ-સામાન જોઈએ તે આપજો.’’

શેઠ કહે, ‘‘સારું મહારાજ. એમને જે જોઈતું હશે તે હું તેમના ઘરે પહોંચાડી દઈશ.’’

શેઠનો સહયોગ મળ્યો એટલે જીવા જોષીએ મહારાજની ઉપસ્થિતિમાં જ દીકરાઓને જનોઈ આપવાનાં મંડાણ માંડ્યા.

જનોઈની વિધિ પ્રમાણે બન્ને ભાઈઓનું ફૂલેકું નીકળવાનું હતું. સાંજનો સમય હતો. ફૂલેકાની તૈયારીઓ થઈ ગઈ એટલે જીવા જોશી મહારાજ પાસે આવ્યા અને પ્રાર્થના કરતા કહ્યું, ‘‘કૃપાનાથ ! આપની કૃપાથી મારા ઘરે આજે આ શુભ પ્રસંગ યોજાયો છે, તો આપ પણ મારા બન્ને દીકરાઓની સાથે માણકીએ ચઢી ફૂલેકામાં પધારો અને અમોને પાવન કરો.’’

ભક્તનો પ્રેમભીનો ભાવ જોઈ ભક્તાધીન મહારાજ ફૂલેકે ચઢી આખા ગામમાં ફર્યા અને ભક્તનો પ્રસંગ દીપાવ્યો. બીજે દિવસે મહારાજે બન્ને ભાઈઓને વિધિપૂર્વક જનોઈ અપાવી અને જીવા જોષીના પરિવારને ધન્ય કર્યો.

માથું જાય પણ ટેક ન જાય

ઈશ્વરની સૃષ્ટિમાં મૃગલાઓ કાયમ ઘાસ ખાઈને જીવે છે, માછલાંઓ ફક્ત પાણીથી પોતાનું જીવન ચલાવે છે, છતાં લોકો કારણ વિના તેઓને મારે છે. તેમ આ સંસારમાં સજ્જન મનુષ્યો કોઈને નડ્યા વિના હરિઈચ્છાથી જે મળ્યું તેમાં સંતોષ રાખી જીવન જીવે છે, છતાં દુર્જનો વિના કારણે સજ્જનોને હેરાન કરતા હોય છે.

જીવા જોષીનાં જીવનમાં પણ આવી જ મુશ્કેલીઓ હતી. ડુંગળી, લસણ, તમાકુ વગેરે તામસી વસ્તુઓ ખાય નહીં એટલે નાત-જાતનાં જમણ પ્રસંગોમાં

સગાં-સ્નેહીઓ અને નાત-જાતની ઘણી ઉપાધિઓ જોશી કુટુંબને સહન કરવી પડતી.

મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, "જેમાં ત્રણ વાનાં હોય તે પાકો સત્સંગી કહેવાય. તે ત્રણ વાનાં ક્યાં તો એક તો પોતાના ઈષ્ટદેવે જે નિયમો આપ્યા હોય તે પોતાનાં શિર સાટે દૃઢ કરીને પાળે પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે."

શ્રીજી મહારાજના આ શબ્દોનું યથાર્થ મહત્ત્વ સમજી, જીવા જોશી અનેક લૌકિક લાભો જતા કરી, મુશ્કેલીઓ તથા તિરસ્કારો સહન કરીને પણ અત્યંત આનંદપૂર્વક સત્સંગ રાખી રહ્યા હતા.

એક વખત ગામધણી દરબારે જેતપુરમાં બ્રાહ્મણોની ચોરાશી કરી હતી. આખા ગામના બ્રાહ્મણો એ પ્રસંગે એકત્રિત થયા હતા. તેમાં કેટલાય જીવા જોષી પ્રત્યે વૈરવૃત્તિવાળા હતા. એમણે વિચાર કર્યો કે, 'જીવા જોશી લસણ, ડુંગળી ખાતા નથી ને હું ધર્મવાળો છું એવો દેખાવ કરી આપણું અપમાન કરે છે. પણ આજે આપણે એને બરાબર ભીડામાં લેવા છે.'

'હા...હા આજ તો સૌની સાથે બેસાડીને એને બધી જ વસ્તુ જમાડવી છે. જો ન જમે તો છેવટે દરબારને કહી એને ગામમાંથી કાઢી મૂકવાની ધમકી આપીને પણ જમાડવો છે. પછી નહીં જમે તો જાશે ક્યાં ?'

આ રીતે ઈર્ષાનું આંધણ મૂકી બ્રાહ્મણોએ દાળ, શાક વગેરેમાં સારી પેઠે લસણ નાંખ્યું. લાડુને પણ અમુક અંશે લસણનો યોગ થાય એવું કર્યું, આથી જીવા જોષી જમી શકે એવી એક પણ વસ્તુ ન રહી.

ભોજન તૈયાર થયું એટલે ગામના દરબાર આવ્યા. બ્રાહ્મણોને પૂછ્યું, "ભોજન તૈયાર થઈ ગયું ભૂદેવો ?"

બ્રાહ્મણોને જોઈતો મોકો મળ્યો એટલે વાતમાં મીઠું ભભરાવતા કહ્યું, "દરબાર ! ભોજન તો તૈયાર છે, પણ એક ધર્મસંકટ આવ્યું છે !"

"ધર્મસંકટ ? એવું તે શું છે ભૂદેવો ?"

બ્રાહ્મણો કહે, "આજે આખા ગામના બ્રાહ્મણો આપને ઘેર જમશે, પણ એક બ્રાહ્મણ એવો છે જે નહીં જમે."

"શું કહ્યું ?"

ત્યાં એક બ્રાહ્મણ બોલ્યો, "હા દરબાર ! એ આપનું પણ માને એવો નથી. આપને ઘેર એક બ્રાહ્મણ ભૂખ્યો રહે અને બીજા બધા જમે એ તો આપનું અને

અમારું પણ ખોટું દેખાય.''

બીજો બ્રાહ્મણ કહે, ''ખોટું દેખાય એટલું જ નહીં, ચોરાશી અધૂરી રહે દરબાર !''

બ્રાહ્મણોના ગળ્યા-ખાટા શબ્દો સાંભળી દરબાર આવેશમાં આવી ગયા અને કહે, ''મારી ચોરાશી અધૂરી રહે ? શું વાત કરો છો બ્રાહ્મણો ? અરે હું ગામધણી, મારા ઘરે જમવાની કોણ ના પાડે ?''

''બાપુ ઓલ્યા જીવા જોષી.''

''જીવા જોષી ? બોલાવો જોષીને. એવું તે શું છે કે મારે ત્યાં જમે નહીં ?'' દરબારે પસાયતાને કહ્યું.

જીવા જોષીને બોલાવવામાં આવ્યા. જીવા જોષીએ આવી દરબારને જય સ્વામિનારાયણ કહ્યા અને વિનમ્રભાવે પૂછ્યું, ''બોલો બાપુ ! આ ગરીબ બ્રાહ્મણનું શું કામ પડ્યું ?''

દરબાર બોલ્યા, ''એલ્યા ભૂદેવ ! આજે તમે અમારે ઘેર જમવાના નથી એવું સાંભળ્યું છે.,તો શું વાંધો છે તમને ?''

જીવા જોષી બે હાથ જોડી કહે, ''દરબાર ! આપનાં ઘરે જમવામાં મને કોઈ વાંધો નથી. તમે તો અમારા અન્નદાતા છો, પણ હું ડુંગળી, લસણ, હિંગ વગેરે તામસી વસ્તુ ખાતો નથી અને તે બધું આજની રસોઈમાં નાખવામાં આવ્યું છે. બાપુ જેથી...''

''તો એમાં શું થઈ ગયું જીવા જોષી ? આ બ્રાહ્મણો અને અમે બધા જમવાના જ છીએ.''

''દરબાર ! આપ બધા પ્રેમથી જમો, પણ આ વસ્તુ ન ખાવી એવી મારા ભગવાનની આજ્ઞા છે. મારો ધર્મ લોપાય, બાપ !''

ત્યાં વચ્ચે એક બ્રાહ્મણ બોલ્યો, ''જોયું બાપુ ! આને ધર્મની આડ લઈ તમારી ચોરાશી બગાડવી છે. શું આ બધા વિદ્વાન બ્રાહ્મણો ધર્મવાળા નથી ? આ એક જ ધર્મવાળો ને શાસ્ત્રોને જાણનારો છે એમ ને !''

બીજા બ્રાહ્મણો બોલ્યા, ''હા-હા બાપુ ! હવે તમે જ નક્કી કરો. જો જીવા જોષી જમ્યા વગર જશે, તો અમે કોઈ નહીં જમીએ.''

દરબારનું મોઢું રાતું થઈ ગયું. આક્રોશમાં આવી બોલ્યા, ''જીવા જોષી !

હવે હું તમને છેલ્લીવાર આદેશ કરું છું, કે તમે ચોરાશીમાં જમશો.''

જીવા જોષી કહે, ''દરબાર ! તમારો બહુ જ આગ્રહ હોય, તો પછી મારે હાથે જૂદી રસોઈ કરી જમી લઉં.''

''જૂદી રસોઈ નહીં થાય, આ બ્રાહ્મણો સાથે જમવું છે કે નહીં ?''

''ના બાપુ ! ભલે માથું જાય, પણ મારી ટેક ન જાય.''

''તો પછી આજે જ પહેરેલે લૂગડે ગામ છોડીને ચાલ્યા જાવ, આ મારો હુકમ છે.''

''જેવી આજ્ઞા બાપુ.'' એમ કહી જીવા જોષી ચાલતા થઈ ગયા.

જીવા જોષી પરિવાર સાથે જેતપુરથી જૂનાગઢ આવ્યા. યોગાનુયોગ મહારાજ જૂનાગઢમાં હતાં. મહારાજનાં દર્શન કરી બધી વાત કરી. મહારાજે જીવા જોષીએ કરેલા સમર્પણ બદલ ધન્યવાદ આપ્યા અને ભક્તોએ અર્પણ કરેલા કિમતી વસ્ત્રાલંકાર જીવા જોષીને અર્પણ કર્યાં. મહારાજે એક ભલામણપત્ર લખી જીવા જોષીને આપ્યો અને પીઠવડી જવા કહ્યું.

મહારાજની આજ્ઞાથી પીઠવડીના ભગા, મુળા વગેરે ભક્તોએ જીવા જોષીનાં કુટુંબને બધી જ વ્યવસ્થા કરી દીધી. જીવા જોષી પીઠવડીમાં રહી સુખેથી ભજન કરવા લાગ્યા.

કડવીબાઇની મીઠી ભક્તિ

આ જીવા જોષીના પરિવારને ભક્તિ ભાવી ગઈ હતી. એમનાં મનને સુખ-દુ:ખની ગણતરી જ ન રહી. બસ મનથી એ જ રટણા, ભગવાન કરે તે સારા માટે કરે, એમાં આપણે દુભાવું કે હરખાવું શું ?

જીવા જોષીની દીકરી કડવીબાઈના લગ્ન જેતપુરના જ એક વિપ્ર સાથે થયેલા. કડવીબાઈના સાસરિયામાં સત્સંગ નહોતો. વળી સ્વામિનારાયણના અનુયાયી પ્રત્યે તે વેર રાખતા. સાસરિયે આવેલ કડવીબાઈના ધર્મ-નિયમ જોઈ, કડવીબાઈને સાસુ-નણંદ-સાસરો-પતિ તેના ધર્મ-નિયમ છોડાવવા ત્રાસ આપતા અને માર પણ મારતા. છતાં કડવીબાઈ પોતે લીધેલો માર્ગ છોડતા નહીં.

એક વખત કડવીબાઈ લાકડાં-છાણાં વીણવા સીમમાં ગયા હતા. બળતણ વીણતાં વીણતાં એ કીર્તન બોલતા હતા. તેના કીર્તનની હલક અને કંઠની

મધુરતાની શ્રીહરિને મીઠપ લાગી અને તે દિવ્ય સ્વરૂપે દર્શન દેતા બોલ્યા, "કડવીબાઈ ! બહુ સારાં કીર્તન બોલો છો. તમારો ભજન-ભાવ, શ્રદ્ધાથી અમે પ્રસન્ન થયા છીએ. આ સંસારમાં શું ફસાઈ બેઠા છો ! ભગવાન ભજવાની ઈચ્છા છે ને ?..."

"હા મહારાજ !"

"તો પછી આટલી બધી બંગડીઓ અને આ વસ્ત્રો-ઘરેણાનો ઠાઠ બધું છોડવું પડશે."

"ભલે મહારાજ !" એમ કહી કડવીબાઈએ હાથની બંગડીઓ કાઢીને મહારાજને આપી દીધી.

"લ્યો, આ એક બંગડી પહેરી રાખો, નહિ તો સાસરિયાઓથી દુઃખ પડશે." કહી મહારાજે એક બંગડી પાછી પહેરાવી, બીજી લઈ ત્યાંથી અદૃશ્ય થઈ ગઢડા આવી એ બંગડી જીવુબાને આપતા કહ્યું; 'લ્યો ! આ જેતપુરના કડવીબાઈની બંગડીયું સાચવજો.'

મહારાજની વાત કડવીબાઈ સમજી ગયા હતા. શ્રીહરિની ઈચ્છા પ્રમાણે સાદાઈથી રહેવા લાગ્યા. સાસુ-નણંદ-પતિ મેણાં-ટોણાં મારે તો પણ દુઃખ સહન કરી લ્યે ! તે સૌને થયું કે એમને ગમે તેટલું દુઃખ આપીશું, તોય આ વહુ તેનો ધર્મ-નિયમ નહિ મૂકે.

એક વખત તેનો પતિ ક્રોધથી બોલ્યો; "તું સ્વામિનારાયણના નિયમ-ધરમ મેલે છે કે નહિ ? જો એ નહિ મેલે તો આજથી તું મારી પત્ની નહીં. મારે ને તારે બહેન-ભાઈનો સંબંધ."

કડવીબાઈને તો જોઈતું જ હતું ને પ્રસંગ સર્જાઈ ગયો એમ માની કહ્યું, "મારા માટે પણ તું ભાઈ સમાન." પછી તો કડવીબાઈએ પોતાનાં સૌભાગ્યચિહ્નો ચાંદલો-ચૂંક-હાથની બંગડી વગેરે કાઢી પતિની સામે મેલી દીધાં અને માથાના વાળ પણ કાપી નાંખ્યા.

કડવીબાઈનું આવું વિચિત્ર રૂપ જોઈ સાસુ-સસરા-નણંદનો ક્રોધ સળગી ઊઠ્યો. તેણે કડવીબાઈને ખૂબ માર માર્યો, અને બરાડા પાડતા કહ્યું; "મૂઈ ! અભાગણી. તેં તો અમારા ખોરડાની આબરૂના ધજાગરા કર્યા !! અમારે નાત્ય કે ગામમાં ક્યાંય મોંઢું દેખાડવા જેવું રહ્યું નહિ."

અંતે સૌ ઘરનાઓએ મળી નિર્ણય લીધો કે તેને ગમે તેમ કરી મારી નાખવી.

આ વાતની જાણ જેતપુરના દરબાર ઉન્નડ ખાચરને થઈ. તેનું મન ફફડી ઊઠ્યું. “અરે! મારા રાજ્યમાં એક વિપ્રબાળની હત્યા થાય ? કોઈ પણ ઉપાયે મારે આ કૃત્ય અટકાવવું જોઈએ, નહિ તો બ્રહ્મહત્યાનું પાપ મને પણ લાગે. કડવીબાઈના પિતા જીવા જોષી તો નરસિંહ મહેતા જેવા છે, એની દીકરીય ભક્તિવાળી છે. એના પર આવું અધમ કૃત્ય આચરે તો રાજધણી ચૂપ કેમ રહે ?” એ જ પળે દરબારે માણસ મોકલી કડવીબાઈના સસરાને તેડાવી ડારો દેતા કહ્યું; “ગોર ! તમારું પવિત્ર બ્રાહ્મણનું ખોળિયું છે, નહીં તો અત્યારે જ તમને દંડ દેત ! ખબરદાર ! જો મારા રાજ્યમાં તમે બાઈ-માણસને મારવાનું પાપ કર્યું છે તો ! અને તેવું થશે તો તમારી ખેર નથી. આખા પરિવારને હું એવી શિક્ષા કરીશ કે જન્મારા સુધી નહિ ભૂલાય. એ ભક્તિ-ભાવનાવાળી રહી. તમારા પુત્રને પરણાવતી વખતે વિચાર નો’તો કર્યો ? હવે શા માટે દુઃખી કરો છો ?”

“બાપુ ! પણ, આ સંસારે તેણે તો તેની રીતભાત પ્રમાણે રહેવું જોઈએ ને ! જૂઓ તો ખરા ! એણે તો અમને જગતમાં જીવવા જેવું રહેવા દીધું નથી.”

“ગોર, એવી શી વાત છે ?” દરબારે પૂછ્યું.

“એ સ્વામિનારાયણના નિયમ-ધરમ મેલતી નથી, એટલે એના ધણીએ ઠપકો આપ્યો ! એટલે એ બાઈ તાડૂકી બોલી, ‘હવે મારે ને તારે ભાઈ-બહેનનો સંબંધ છે.” ઘરેણાં, બંગડી-ચૂંક એ બધું ઊતારીને વાળનો અંબોડોય કાપીને મારા દીકરા સામે ઢગલો કરી દીધો. લ્યો હવે તમે જ ન્યાય કરો બાપુ ! આ તે કોઈ સંસારની રીત-ભાત છે ? મલકમાં મારે મોઢું બતાવવા જેવું રહ્યું નહિ.” એમ કહી કડવીબાઈનો સાસરો પોક મૂકી રડી પડ્યો.

ઉન્નડ ખાચરનું મન ઘડીભર અચંબામાં પડી ગયું. વિચારવમળમાં અટવાઈ ગયું. તેણે કડવીબાઈને બોલાવ્યા અને કહ્યું; “કાં ! દીકરી, તું’તો બ્રાહ્મણની દીકરી. જે દી’ આ સંસારના નિયમ-ધર્મ છોડાશે તે દિ’ માનવીની સંસ્કૃતીય છૂટી જાશે. સંસાર માંડ્યો છે તો નિભાવી લેવાય. આવેશમાં આવું શોભે ?’

“બાપુ ! મને તો સપનેય સંસાર ગમતો નથી, પણ પૂરવના લેણદેણ

સમજીને પડી છું અને મને ધણીએ જ બહેન કહી દીધી. પછી શું કરવું ? મારો તો મારગ મોકળ્યો થયો માન્યો, એટલે આ દેહની રે'ણી બદલી નાખી.''

''હા દીકરી, તારું મન સંસારમાં નથી, એ મેં પણ વાત જાણી. તને સાસરિયાઓ બહુ દુઃખ આપે છે અને તું સહન કરે છે. લોકો બધાય પણ જાણે છે, હવે તારી શી ઈચ્છા છે ?''

''બાપુ ! મને તો ભગવાન ભજવા સિવાય કંઈ સૂઝતું નથી. આ સંસારના સુખ-દુઃખની મારા મનમાં કાંઈ પીડાય નથી લાગતી. જે ભગવાને ધાર્યું હોય તેમ થાય, એમ સમજી ભજન કરું છું.''

દરબાર કડવીબાઈની વાત સાંભળી બોલી પડ્યા, ''વાહ દીકરી ! તું આ ધરતી પર અવતાર ધરી આવી, અમને તારાં દર્શન થયાં તેય અમારાં ભાગ્ય સારા. અમારો તો જન્મારો સુધરી ગયો. અમે તમારા સસરાને હવેથી દુઃખ ન આપવા કહ્યું છે. હવે જો કંઈ દુઃખ થાય, તો અમને ખબર આપજો.'' એમ કહી કડવીબાઈને ઘેર પાછા મોકલ્યા.

એ જ રાત્રે શ્રીહરિએ દુભાએલા કડવીબાઈને દિવ્ય સ્વરૂપે દર્શન દઈ કહ્યું; ''કડવીબાઈ ! હવે સંસારમાં ગમતું નથી ને ! કાલે સવારે નદીએ આવજો. નદીમાં દેહને તરતો મેલી દેજો. સામે કાંઠે તમને અમારા બે પાર્ષદો મળશે. તેની સાથે તમે ગઢપુર આવજો.'

સવારમાં કપડાં ધોવાના બહાને કડવીબાઈ ભાદર નદીએ આવ્યા. ચોમાસાના દિવસો હતા. નદીમાં રાત્રિના વરસાદથી પૂર ઉમટેલું. એ જોઈ કડવીબાઈ મનોમન હતાશ થતા ઊભા રહ્યા અને વિચારવા લાગ્યા, 'હે શ્રીહરિ ! આ પુરમાં સામે કાંઠે કેમ જવાશે ?'

એ જ સમયે શ્રીહરિનાં ફરી દર્શન થયાં. કડવીબાઈ તેમની મૂર્તિ પાછળ ચાલ્યા. કડવીબાઈ નદી વળોટી સામે કાંઠે આવ્યા અને શ્રીહરિની મૂર્તિ અદશ્ય થઈ ગઈ. સામે જ બે પાર્ષદો ઊભેલા જોઈ, તેમની સાથે ગઢડા જવા રવાના થયા.

ગઢડા આવતાં મહારાજનાં દર્શન કર્યાં ત્યારે મહારાજે આવકારતા કહ્યું, ''આવી ગયા તમે કડવીબાઈ...!'' અને જીવુબાની સામે જોઈ બોલ્યા, ''લ્યો ! આ જેતપુરના જીવા જોષીના દીકરી કડવીબાઈ, જેણે ઓલી બંગડી ઊતારી

અમને આપેલ તે તમે સાચવી છે ને ! હવે તે પણ અહીં જ રહેશે. તેની બધી વ્યવસ્થા તમારે કરવાની છે, હવે તે સાસરે જવાના નથી. અને હા કડવીબાઈ ! હવે તમને કોઈ તમારું નામ પૂછે તો તમે રામબાઈ નામ કહેશો.'' એમ કહી મહારાજ અક્ષર ઓરડીએ ગયા.

જેતપુરે સવારનો સૂરજ માથે આવ્યો, ત્યાં સુધી કડવીબાઈના સસરાના પરિવારે કડવીબાઈને શોધી. અંતે ન મળતાં, તેઓ થાકીને બોલવા લાગ્યા, 'જે થયું તે સારું થયું, 'આપણે તો એનું પહેલાથી જ નાહી નાખ્યું હતું.'

'હાશ એનાથી તો છૂટ્યો ! વગર પાણીએ ખસ ગઈ.' ધણી બોલ્યો.

'એ તો ભાદરના પૂરમાં તણાઈ ગઈ હશે, 'આપણે વગર મહેનતે પાપ ટળ્યું.' સાસુએ પણ કહ્યું.

સંદર્ભ ગ્રંથસૂચિ

૦૧. આદર્શ ભક્તગાથા
૦૨. શ્રીહરિચરિત્રચિંતામણિ
૦૩. સદ્‌ગુરુ બ્રહ્મચારી અક્ષરાનંદસ્વામીની વાતો
૦૪. સદ્‌ગુરુ તદ્રુપાનંદસ્વામીની વાતો
૦૫. સદ્‌ગુરુ અદ્‌ભૂતાનંદસ્વામીની વાતો
૦૬. અમદાવાદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ
૦૭. કચ્છલીલા
૦૮. નારીરત્નો
૦૯. ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા
૧૦. ભગવાન શ્રી સ્વામિનારાયણ (બી.એ.પી.એસ)
૧૧. સહજાનંદસ્વામી ચરિત્ર
૧૨. સત્સંગની શુભવાર્તા
૧૩. સદ્‌ગુરુ ગાથા
૧૪. વચનામૃત
૧૫. સ્વામીની વાતો
૧૬. ભક્તચિંતામણિ
૧૮. નિષ્કુળાનંદ કાવ્ય
૧૯. શ્રી હરિલીલામૃત
૨૦. સત્સંગિજીવન
૨૧. ભાયાત્માનંદસ્વામીની વાતો

SGVP દ્વારા પ્રકાશિત પુસ્તકોની યાદી

વચનામૃત (ત્રણ સાઈઝમાં)
સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાતો
ભક્તચિંતામણિ
કીર્તનાવલી
મહાપુજા
શિક્ષાપત્રી (અંગ્રેજી તથા અંગ્રેજી)

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી દ્વારા લખાયેલ પુસ્તકો

ઈઝરાયેલની ધર્મયાત્રા
કીર્તનની કુંજગલી
જોગી ચલો આપણે ગામ
જોગીસ્વામીની જીવનગાથા (ગુજરાતી તથા અંગ્રેજી)
પુલહાશ્રમની પાવનયાત્રા
હનુમંત ચરીત્ર
સદ્‌ગુરુ ગાથા (ભાગ-૧,૨)
સ્વામિનારાયણ સંપ્રદાયમાં બહેનોનું સ્થાન (ગુજરાતી તથા અંગ્રેજી)
ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા

પરમ પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી દ્વારા લખાયેલ પુસ્તકો

અમૃતકુંભ
સત્સંગ સંસ્કાર સિંચન
વચનામૃત સાર સંગ્રહ
સહસ્ર સુત્રાવલી
સહસ્ર સુપદ્યાવલી

વિણેલા મોતી ભાગ :૧-૨
અમૃત રસાયણ
વચનામૃત રસાયણ

પરમ પૂજ્ય પુરાણી શ્રી હરિસ્વરુપદાસજી સ્વામી દ્વારા વ્યાખ્યાયિત પુસ્તકો

અન્ન તેવું મન
વ્યસન મુક્તિ
જીવન શા માટે ?
મૃત્યુ ચિંતન
સહજાનંદસ્વામી એટલે શું ?
પંચવર્તમાન
મારી પાસે સમય નથી
ઉપાસાનાનું અમૃત
નિત્ય પૂજા
જીવન શીલ્પ
જીવન સંગીત
શું આપણે ધાર્મિક છીએ ?
ભજ ગોવિંદમ્ (ભાગ-૧-૨-૩-૪)

અન્ય પુસ્તકો

માધવપ્રિયસ્વામી એક મુલાકાત(ગુજરાતી તથા અંગેજી)
નારી રત્નો ભાગ : ૧-૨
સદ્ગુરુ વૈભવ
ભાગવત્ સ્તુતિ સંગ્રહ
વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીના પ્રશ્નો
અધ્યાત્મ દ્વારા એકતા અને સમરસતા
નિત્ય પ્રાર્થના
પંચસ્ત્રોતમ્
નિત્યવિધિ
ભક્ત ચરિતમ્
સોળ સંસ્કાર
ઘનશ્યામ ચરિત્ર
સત્સંગ કથા

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)ની

સર્વજીવહિતાવહ પ્રવૃત્તિઓ

- કે.જી.થી ધોરણ ૧૨ સુધી અંગ્રેજી માધ્યમની આંતરરાષ્ટ્રીય વિદ્યાલય તથા છાત્રાલયની સુવિધા.
- સંસ્કૃતિના રક્ષણાર્થે 'દર્શનમ્ સંસ્કૃત વિદ્યાલય' દ્વારા ૧૫૦ જેટલા સંતો-ઋષિકુમારોની વિનામૂલ્ય અભ્યાસની વ્યવસ્થા.
- સામાન્ય વર્ગના બાળકો માટે ધો. ૧૧ થી બી.કોમ. સુધીની છાત્રાલયની સુવિધા.
- રૂરલ વિસ્તારના બાળકો માટે ધો. ૮ થી ૧૦ માટે માત્ર દૈનિક રૂા. ૧/- લવાજમમાં છાત્રાલયનું આયોજન.
- બાળકોમાં અનેક કૌશલ્ય વિકસે તેવા હેતુથી વિવિધ રમતના મેદાનો તથા ઈન્ડોર ગેમ્સની સુવિધા.
- સ્વાસ્થ્યના હેતુ અર્થે વિશાળ એમ્યુઝમેન્ટ પાર્ક, હેલ્થ સેન્ટર તથા સ્વીમીંગ પુલ.
- ફૂડ નિષ્ણાતો દ્વારા તૈયાર કરવામાં આવેલ સ્વાથ્યપ્રદ તથા પૌષ્ટિક આહારની વ્યવસ્થા.
- કામધેનુ ગૌશાળા દ્વારા ૨૫૦ જેટલી ગીરની ગાયોનું પાલન, પોષણ તથા જતન.
- 'નિરામયમ્' વિભાગમાં નિષ્ણાત વૈદ્યોના માર્ગદર્શન પ્રમાણે ગૌમૂત્ર તથા વિવિધ ઔષધિઓ દ્વારા આયુર્વેદિક ઔષધિઓનું નિર્માણ.
- યુવા સત્સંગ મંડળ, સત્સંગ શિબિર, કથા-પારાયણ, ઉત્સવ-સમૈયા તથા જ્ઞાનસત્ર જેવા અનેકવિધ ધાર્મિક આયોજનો દ્વારા આધ્યાત્મિક પોષણ.
- સત્સંગ વિચરણના આયોજનો દ્વારા દેશ-વિદેશમાં ભારતીય સંસ્કૃતિ તથા હિંદુ ધર્મનું જતન તથા પ્રવર્તન.

કુદરતી આપત્તિઓમાં સહાય

- દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ૧૦૦૦ ચેકડેમોનું નિર્માણ.
- ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં ૫૫ જેટલી શાળાઓનું નિર્માણ.
- અતિવૃષ્ટિ જેવા આપત્કાલિન સમયે ફૂડ પેકેટ તથા વસ્ત્ર વિતરણ.
- દુષ્કાળ સમયે પશુઓની રક્ષા માટે કેટલ કેમ્પનું આયોજન.
- ગ્રામ્ય વિસ્તારોમાં શાળાનિર્માણ જેવાં અનેક કાર્યો દ્વારા ગામડાઓનું જતન.
- વૃક્ષારોપણ અભિયાન દ્વારા પર્યાવરણનું જતન.

આરોગ્ય ક્ષેત્રે અનેકવિધ સેવા-પ્રવૃત્તિઓ

- હોસ્પિટલ દ્વારા દર્દીઓનું રાહતદરે નિદાન તથા સારવાર.
- ગ્રામ્ય વિસ્તારમાં વિનામૂલ્ય ચક્ષુરોગ નિદાન તથા સારવાર કેમ્પ.
- અનેકવાર યોજાએલા રક્તદાન કેમ્પ દ્વારા વિક્રમસર્જક રક્તદાન.
- ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં વ્યસનમુક્તિ અભિયાન.
- વિવિધ ગામડાઓમાં પશુઓનાં જતન માટે પશુરોગ નિદાન કેમ્પ.